पुस्तक
७३-७४

विविध ग्रन्थमाला

वर्ष ७ मुं.
सं. १९९३

स्वामी विवेकानंद

भाग त्रीजो.

अनुवादक:-
वसनजी दयाळजी गणात्रा.

प्रकाशक:-सस्तुं साहित्य वर्धक कार्यालय.

સ્થળ-
મુંબઇ, ૨

અને
અમદાવાદ.



स्वामी श्री विवेकानंद

Mukund Art Ahmedabad

विविधग्रन्थमाला : अंक ७३-७४: वर्ष सातमुं:-सं १९७३.

स्वामी विवेकानंद

एमना सदुपदेश-भाग २ जो.

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे

અનુવાદક:-શ્રીયુત વસનજી દયાળજી ગણાત્રા, અમદાવાદ.

સંપાદક અને પ્રકાશક:-ભિક્ષુ-અખંડાનંદ

કાલબાદેવી રોડ—મુંબઇ.

આવૃત્તિ ૧ લી-પ્રત ૪૫૦૦. ઈ. સ. ૧૯૧૭.

મૂલ્ય-વાર્ષિક ગ્રાહકો માટે ૦ાના આખું પૂઠું ૦ાા પો૦ માફ.

અમદાવાદ—સલાપોસ રોડ,
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

છૂટક મૂલ્ય ૦ાા પાકું ૦ાાા પો. જુદું.

નિવેદન

આ પુસ્તક સાથે "વિવિધગ્રંથમાળા" નું સાતમું વર્ષ શરૂ થાય છે. સ્વામી વિવેકાનંદજીના સદુપદેશના બે ભાગ આ માળાદ્વારા અગાઉ પ્રસિદ્ધ થઇ ચૂકેલા હોઇને આ તેનો ત્રીજો ભાગ છે.

અમેરિકાની સર્વ ધર્મ પરિષદને તથા ત્યાંનાં જુદાં જુદાં શહેરોને ભારતની સર્વોત્કૃષ્ટ બ્રહ્મવિદ્યાનો મહિમા સિંહગર્જનાથી સમજાવીને સ્વામીજી જન્મભૂમિ તરફ પાછા ફર્યા હતા. પ્રથમ તેઓ સિંહલદ્વીપ-લંકામાં ઉતરી ત્યાંથી રામેશ્વર થઇને ભારતનાં અનેક સ્થળોમાં વિચરતા વિચરતા હિમાલયના આલ્મોરા સ્થાને પહોંચ્યા હતા. એ પ્રવાસ-દરમ્યાન જુદાં જુદાં સ્થળોમાં તેમને અપાયેલાં માનપત્રો તથા તેના તેમણે આપેલા પ્રભાવપૂર્ણ પ્રત્યુત્તરોમાંનો, સ્વામીજીએ મદ્રાસ પહોંચીને ત્યાં બે વ્યાખ્યાન આપ્યાં ત્યાં સુધીનો ભાગ આ પુસ્તકમાં છે.

સ્વામીજીને અપાયલાં માનપત્રોમાં ધર્મપ્રિય હિંદુ સંતાનોની તેમનાપ્રત્યે વખાણ તથા આભારની લાગણીઓ ઉભરાઇ જતી જણાઈ આવે છે. સ્વામીજી તેના પ્રત્યુત્તરો પણ તેટલીજ નમ્રતા અને નિરાભિમાનતાથી આપે છે. એ ઉત્તરોમાં તેઓ ભારતવર્ષના પ્રાચીન ગૌરવનું, ધર્મપ્રધાન ઉચ્ચ આદર્શનું તથા સર્વશ્રેષ્ઠ બ્રહ્મવિદ્યાના માહાત્મ્યનું શ્રોતાઓને ભાન કરાવવા સાથે, ભારતની વર્તમાન દુર્દશા, તેનાં ઉંડાં કારણો અને તેને દૂર કરવા માટે આર્યસંતાનોએ જે જે ભાવનાઓ તથા સદ્દગુણોને ખીલવી આચારમાં મૂકવાની જરૂર છે, તે બાબતો પણ તેઓ સારી રીતે દર્શાવતા ચાલે છે. તેઓ ઉપદેશે છે કે, ધાર્મિક બાબતોમાં તો પાશ્ચાત્યો ભારતવાસીઓના ગુરુ બની શકે તેમ નથી; ઉલટું તેમણેજ અહીંની બ્રહ્મવિદ્યાના શિષ્ય થવું

જોઇશે; છતાં ભારતવાસીઓએ પોતાની ગુમાઈ ગયેલી ઉચ્ચ વ્યાવહારિકતા પ્રાપ્ત કરવા માટે તેઓ પાસેથી કંઇએક સદ્‌ગુણો અવશ્ય શીખવા જોઇએ, અને પોતા ઉપર અમલ ચલાવી રહેલા નિકૃષ્ટ વ્યવહાર, ખરાબ રૂઢીઓ, તથા નુકસાનકારક અવગુણોને તેમણે દૂર કરવા જોઇએ.

જુદે જુદે સ્થળેથી સ્વામીજીને અપાયેલાં માનપત્રોમાં કેટલીક બાબતો એકની એક મતલબની આવે એ સ્વાભાવિક હોવાથી તેવી બાબતો કેટલેક સ્થળે ટુંકમાં આપી છે. સ્વામીજીએ તેના પ્રત્યુત્તરોમાં જુદે જુદે સ્થળે આપેલાં વ્યાખ્યાનો એક પછી એક વંચાતાં ચાલે છે તેમ તેમ વિષયોમાં વિવિધતા આવવા સાથે તેમના આદેશોનો પ્રભાવ પણ ખીલતો ચાલે છે. વળતો આભાર માનવો, ભારતની ધર્મપ્રિયતા, ઇત્યાદિ શરૂઆતની થોડી ઘણી હકીકત તેઓશ્રીનાં ભિન્ન ભિન્ન સ્થળનાં વ્યાખ્યાનોમાં એક મતલબની આવે એ સ્વાભાવિકજ છે. વાંચકોને કોઇ કોઇ પ્રસંગે કોઇ કોઇ બાબતમાં શંકા કે મતભેદ જેવું લાગે એ પણ સ્વાભાવિક છે; પરંતુ વિષયને આગળ વાંચતાં તરતમાં અથવા છેવટ સુધીમાં ઘણેભાગે એવી બાબતોનું સ્પષ્ટીકરણ કે સમાધાન પણ મળી જતું જણાશે. એકંદરે સ્વામીજીના કથનમાં દેશની દુર્દશાવિષે સ્થળે સ્થળે જે લાગણી ઉભરાઇ જાય છે, અને ખરો વિવેક, ખરી ધાર્મિકતા તથા શુદ્ધ વ્યાવહારિકતા તરફ ભારતવાસીઓનું જે હૃદયગ્રાહી ભાષામાં તેઓ ધ્યાન ખેંચે છે, તેની શુભ અસરો ગ્રહણ કરીને ઉન્નતિના વિચારો તથા આચારોમાં આગળ વધવું એજ આવાં પુસ્તકોનો ખરો ઉપયોગ છે.

હિમાલયના આલ્મોરા સ્થાનમાં સ્વામીજીએ સ્થાપેલા આશ્રમ તરફથી તેમનાં તમામ વ્યાખ્યાનો તથા પત્રો ઇત્યાદિનો સંગ્રહ જુદા જુદા ભાગોરૂપે અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતો ચાલે છે, તેમાંનો એક ભાગ કે જે ''કોલંબો ટુ આલ્મોરા'' એ નામથી ઓળખાય છે તે ઉપરથી,

તેમજ તેજ વિષયના બંગાળીમાં પ્રસિદ્ધ થયેલા "ભારતે વિવેકાનંદ" એ પુસ્તકો ઉપરથી અનુવાદરૂપે આ પુસ્તક તૈયાર થયેલું છે; જેથી એ ગ્રંથોના યોજક, તેમજ પ્રકાશક સજ્જનો પ્રત્યે હૃદયપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવામાં આવે છે.

આ ગ્રંથનું ભાષાન્તર ગુજરાતના સુપ્રસિદ્ધ લેખક અને વક્તા શ્રીયુત્ વસનજી દયાળજી ગણાત્રા પાસે તૈયાર કરાવવામાં આવ્યું છે. આ કાર્ય કરવા સમયે તેમની શરીરપ્રકૃતિ જોઇએ તેવી નહિ છતાં શ્રમ લઇને તેમણે આ ભાગ તૈયાર કરી આપ્યો તેને માટે તેઓને સપ્રેમ ધન્યવાદ આપવામાં આવે છે.

મદ્રાસથી આલ્મોરા સુધીનાં સર્વ વ્યાખ્યાનો હવે પછીના ભાગમાં પ્રસિદ્ધ થશે. સ્વામીજીનાં વ્યાખ્યાનોનો ઉત્તરોત્તર વધતો જતો પ્રભાવ હજી એ ભાગમાં પાઠકો વિશેષ અનુભવશે.

સ્વામીજીના સુશિક્ષિત સંન્યાસી શિષ્યો તથા ગુરુભાઇઓએ સ્થાપેલાં સેવાશ્રમો પૈકી 'કનખલ-હરદ્વાર' ના સેવાશ્રમને અંગે અતિ પીડિત લોકોને રહેવાનો આશ્રય આપવાના હેતુથી કેટલાક ઓરડાઓ બંધાવવાના છે, જે વિષે આ પુસ્તકની છેવટે અપાયલી હકીકત તરફ પ્રત્યેક ઉદાર વાચકનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે.

ગયા વર્ષનું છેલ્લું પુસ્તક આ વર્ષના માગશર વદમાંજ રવાના કરી શકાવાથી ૧૯૭૩ નું આ પહેલું પુસ્તક પોષ માસમાંજ ગ્રાહકોને વી. પી. થી મળી શકશે, તે જોતાં હવે પછીનું પુસ્તક "અમેરિકાનો પ્રવાસ" ફાગણ આખરમાં રવાના થઇ શકવા સંભવ છે.

"ચરિત્રમાળા" ૧૯૭૩ માટે બંધ રહેલી હોવાથી આ વર્ષમાં તેના વી. પી. ની વાટ જોવાની નથી.

માગશર વદી ૧૧ સં. ૧૯૭૩.
ડીસેમ્બર ૧૯૧૬. } મંત્રી

ગ્રંથ સ્વીકાર

નીચેનાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારી વાંચકવર્ગની જાણ માટે તેનું મૂલ્ય, કદ ઇત્યાદિ નીચે આપવામાં આવે છેઃ તેને ખરીદવા ઇચ્છનારે આ સંસ્થાપર ન લખતાં પ્રસિદ્ધ કર્ત્તાનેજ લખવું.

મંત્રી–સ. સા.

સૂત સંહિતા (પ્રથમ પુસ્તક)—પ્રયોજક દુર્ગેશ્વર નટવરજી ત્રિવેદી બી. એ. હજુર ડેપ્યુટી કલેક્ટર સુરત. પ્રસિદ્ધ કર્ત્તાઃ–પ્રભુશંકર નરભેરામ વ્યાસ. ચંદ્રપ્રકાશ ઑફીસ, ખપાટીઆ ચકલા, સુરત. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૪૦૦, ગ્લેજ કાગળ, પાકું પૂઠું, મૂલ્ય બે રૂપીઆ.

યુરોપનો પ્રવાસ—(યૂરોપનો નકશો અને બીજાં ૩૪ ચિત્રો સહિત.) લેખક દતાત્રય ચિંતામણ મુજમુદાર બી. એ. એલ. એલ. બી. વડોદરા. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૩૪, ગ્લેજ કાગળ, મૂલ્ય રૂ. ૨.

કર્ત્તવ્ય કૌમુદી—(પ્રથમ ગ્રંથ) રચનાર–શતાવધાની પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજી, પ્રકાશક ઝવેરી જેઠાભાઈ ઝવેરચંદનાં ધર્મપત્ની બાઇ મીઠીબાઇ, ઠે. દોશીશેરી–ધોરાજી (કાઠિયાવાડ). રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૧૮૪, મૂલ્ય–સદુપયોગ.

સસ્તી વાર્તામાળાનાં પુસ્તકો.

(દર વર્ષે સુપરરોયલ ૧૬ પેજી ૧૫૦૦ પૃષ્ઠનાં પુસ્તકોના રૂ. ૨॥ પાકાં પૂઠાં સાથે રૂ. ૩॥ પો૦ માફ).

સુધરેલી સીતા—(વર્ષ ૩ જું. પુસ્તક ૧૦–૧૧–૧૨) લેખકઃ ચીમનલાલ રતનલાલ દેશાઇ ભરૂચ. પ્રકાશક–ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા. વ્યવસ્થાપક–સસ્તી વાર્તામાળા–અમદાવાદ. પૃષ્ઠ ૩૭૪ પૂઠું પાકું રૂ. ૧॥=

આનંદ મંદિર—(વર્ષ ૪ થું પુસ્તક ૧–૨–૩) લેખક અને પ્રકાશક ડાહ્યાભાઇ રામચંદ્ર મહેતા. પૃષ્ઠ ૩૧૦ પાકું પૂઠું મૂલ્ય રૂ. ૧॥.

ન્હાનાં પુસ્તકો.

ગાંડી ગુજરાત—કર્તાઃ બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. રોયલ આઠ પેજી પૃષ્ઠ ૧૬ કિં. ૦)≈.

રેલ્વે કાયદા—લેખક જીવરાજ ગોકળદાસ નેણશી નં. ૨૯૧-૨૯૩ બોરા બજાર સ્ટ્રીટ કોટ મુંબઇ. પૃષ્ઠ ૪૦ કિં. ૦)−ll

કોળી સ્ત્રીઓનો અસભ્ય પહેરવેશ—પ્ર૦ ભાણાભાઇ ગોવિંદજી પટેલ કરાડી તા. જલાલપોર, પૃષ્ઠ ૨૦, કિં. ૦)૦ll.

સુબોધ ગરબી સંગ્રહ—પંડિત વિજયશંકર જયશંકર શર્મા, એડીગેઇટ રાજકોટ. રોયલ સોળ પેજી, ૨૬ કાગળ, પૃષ્ઠ ૬૦. કિં. ૦)−l

બંસીમાં પ્રભુએ શું ગાયું ?—લખનારઃ અમૃતલાલ સુંદરજી પઢીયાર, કાલબાદેવી રોડ-મુંબઇ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૪૮, ૦)−.

પ્રમદા પ્રાણાર્પણ—માણેકલાલ મહાદેવ વોરા, હળવદ (કાઠીઆવાડ) રોયલ સોળ પેજી, પૃષ્ઠ ૪૮ કિં. ૦l.

નાનાં બાળકોની ગૃહકેળવણી—લેખક તથા પ્રકાશક ભોગીલાલ કેશવલાલ પટવા. બી. એ.; એસ. ટી. સી. ડી. આસિસ્ટંટ માસ્તર મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ. રોયલ સોળ પેજી પૃષ્ઠ ૩૨, કિં. ૦)−.

તત્ત્વવિદ્યાનો મહિમા—લેખક—સ્વામી ભૂમાનંદજી. પ્રકાશકઃ દ્વારકાદાસ પરમાનંદદાસ મુની, મંત્રી—તત્ત્વદર્શન પુસ્તકાલય. સેન્ડહર્સ્ટ રોડ-મુંબઇ. પૃષ્ઠ ૩૨, કિં. ૦)−.

સુખનો મહામંત્ર અથવા **નિરાશામાં શુભાશા**—પ્ર૦ પ્રભુશંકર નરભેરામ વ્યાસ. ખપાટીઆ ચકલા-સુરત. પૃષ્ઠ ૩૨ કિં. ૦)≈

બાકીના ગ્રંથો માટે હવે પછી.

અનુક્રમણિકા

ॐ

स्वामी विवेकानंद

एमना सदुपदेश

भाग २ जो.

પૂર્વના પ્રદેશોમાં પ્રથમ વ્યાખ્યાન.

સિંહલદ્વીપ-લંકાનું પાટનગર કોલમ્બો.

સ્વામી વિવેકાનંદ, યૂરોપ અને અમેરિકામાં સાડાત્રણ વર્ષપર્યંત વેદધર્મ અને વેદાન્તપ્રચારના ચિરસ્મરણીય પુરૂષાર્થ પછી ઇ. સ. ૧૮૯૭ના જાન્યુઆરી માસની ૧૫મી તારીખે પુનઃ સ્વદેશ તરફ પધાર્યા; અને નૉર્થ જર્મન લૉઇડ લાઇનરની "પ્રિન્સ રિજન્ટ લિયોપોલ્ડ" નામક સ્ટીમરમાંથી લંકાના પાટનગર કોલમ્બો શહેરમાં તેમણે પદાર્પણ કર્યું.

કૅપ્ટન સેવિયર અને મી. ગુડવિન નામક બે અંગ્રેજ ગૃહસ્થો અને કૅપ્ટનની સહધર્મિણી મિસીસ સેવિયર એ ત્રણે જણ સ્વામીજીની સાથેજ આવેલાં હતાં. સેવિયર દમ્પતી આગળ પણ એકવાર ભારતમાં

ઘણો સમય નિવાસ કરી ગયાં હતાં. તેઓ બન્ને વયોવૃદ્ધ હતાં. તેમને કંઇ સંતાન નહોતું. ઇંગ્લાંડમાં સ્વામીજીનાં હૃદય—સ્પર્શી વ્યાખ્યાનો સાંભળીને તેઓએ વેદાન્તના અદ્વૈતવાદનો સ્વીકાર કર્યો હતો. પુણ્ય—ભૂમિ ભારતના કોઇ પણ એકાન્ત શાન્ત સ્થળમાં એકાદ આશ્રમ સ્થાપન કરીને ત્યાં પોતાના નિવૃત્તિપરાયણ જીવનનો અવશેષ કાળ અધ્યાત્મચિંતન અને આત્માનંદમાં ગાળવાની, તેમજ પોતાને સર્વોત્તમ જણાયેલા અદ્વૈતવાદના પ્રચારને માટે પોતાનાં તન—મન—ધન—સર્વસ્વનું સમર્પણ કરવાની તેમની શુભાકાંક્ષા હતી. તેમની એ મંગલ કામના યથા સમયે સફળ થઇ છે. હિમાલયના તલપ્રદેશમાં આલમોરાની નજીક આવેલ "માયાવતી" માંનો 'અદ્વૈતાશ્રમ' તેમનીજ અર્થ સહાય-વડે સ્થાપિત કરવામાં આવ્યો છે.

મી. ગુડવિન ઉત્સાહી, નિઃસ્વાર્થી, પ્રબલ કર્ત્તવ્યનિષ્ઠ, ખંતીલો અને ઉદ્યોગી હતો. સાંકેતિક લેખનવિદ્યામાં (Stenography) તે પરમકુશળ અને સુવિખ્યાત હતો. સ્વામીજી અમેરિકામાં વ્યાખ્યાનો આપતા ત્યારે તેમનાં ભાષણોનો ઉતાવળથી રિપોર્ટ લેવા માટે આવા એક મનુષ્યની આવશ્યક્તા હોવાથી તેને માટે વર્ત્તમાનપત્રમાં ટુંકી જાહેરખબર છપાવીને માગણી કરવામાં આવી હતી. મી. ગુડવિન પ્રથમ તો પગાર લઇને એ કાર્ય કરતા હતા, પરંતુ પાછળથી સ્વામીજીના પ્રબલ સદ્‌ગુણોપર મુગ્ધ બનીને તેમણે સ્વામીજીની પાસે દીક્ષા લઇ શિષ્યત્વ સ્વીકાર્યું. એ સમયથી સર્વદા તેઓ સ્વામીજીની સાથેજ ભ્રમણ કરવા લાગ્યા. તેમનાજ પરિશ્રમના પ્રતાપે સ્વામીજીનાં વ્યાખ્યાનો વાંચવા—સંગ્રહ કરવાનું આપણને સર્વને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ભારતમાં આવ્યા પછીથી થોડાજ સમયમાં ઉટાકામન્દખાતે તેમનો દેહાન્ત થયો, એ ઘણો દુઃખનો વિષય છે.

કોલમ્બોના હિન્દુ વર્ગે સ્વામીજીને સન્માન આપવાને એક "સન્માન-

કારિણી સભા " નીમી હતી, એ સભાના બે સભાસદો-એક સ્વામીજીના ગુરૂભાઇ અને બીજા હેરિસન નામક કોલમ્બો નિવાસી બૌદ્ધ-ધર્માવલંબી એક યૂરોપિયન સ્વામીજીના સન્માનાર્થે સ્ટીમરપર તેમને લેવાને ગયા હતા.

સ્ટીમલૉંચ તેઓ સર્વને લઇને કિનારા સમીપ આવી પહોંચી ત્યારે કોલમ્બોના વિશાળ સમુદ્રતટપર સ્વામીજીનાં દર્શનનિમિત્ત એકત્ર થયેલાં હજારો લોકોની ભીડ જામી રહી હતી. એ પછી સ્વામીજીને સન્માન આપવા માટે ખાસ નક્કી કરેલા વાર્નેસ સ્ટ્રીટમાં આવેલા એક વિશાળ સુસજ્જિત બંગલામાં તેડી જવામાં આવ્યા. એ રસ્તો કોલમ્બો શહેરની ભાગળપરજ આવેલો હતો. રસ્તો જ્યાંથી શરૂ થાય છે ત્યાં આગળ એક વિશાળ તોરણોથી પરિવેષ્ઠિત દરવાજો ખાસ સ્વામીજીના સન્માનાર્થે ઉભો કરવામાં આવ્યો હતો અને નારિકેલની શાખાઓ, પત્રો તેમજ પુષ્પોવડે " Wel Come " (સ્વાગત) ના અભિનંદનસૂચક અક્ષરો ગુંથવામાં આવ્યા હતા. એ રસ્તાના આરંભથી છેક ઉતારાના બંગલાનાં દ્વાર સુધી પંક્તિબંધ પતાકાઓ અને તાલપત્રો સ્વામીજીનાં શ્રી ચરણને સત્કારતાં, સનાતન આર્યધર્મની વિજયધ્વજા ફરકાવતાં શોભી રહ્યાં હતાં. બંગલાના દરવાજાપર પણ એક વિશાળ અર્ધ ચંદ્રાકાર સુશોભિત તોરણ સ્વામીજીના શુભાગમનનું સ્વાગત કરતું દીપી રહ્યું હતું. એ વિશાળ બંગલામાં સિંહલદ્વીપનિવાસી હિન્દુઓની એક ગંજાવર સભા એકત્ર થઇ, બૌદ્ધાદિ અન્યાન્ય ધર્માવલંબી અનેક ગૃહસ્થો પણ એ સમયે સ્વામીજીનાં દર્શનનિમિત્ત ત્યાં એકઠા થયા હતા. સ્વામીજીને માટે ખાસ તૈયાર કરવામાં આવેલા આસનપર સત્કારપૂર્વક તેમને પધરાવ્યા પછી એ વિશાળ જનસમુદાયની સમક્ષ ત્યાંની વ્યવસ્થાપક સભાના મુખ્ય સભાસદ, માનનીય કુમારસ્વામી નામના વિખ્યાત વિદ્વાન્ સદ્ગૃહસ્થે,

સ્વામીજીને માટે ખાસ તૈયાર કરવામાં આવેલું નીચે પ્રમાણેનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું:—

પૂજ્યપાદ મહાત્મન્ !

કોલંબો શહેરનિવાસી સમગ્ર હિન્દુવર્ગની એક જાહેર સભાદ્વારા પાસ કરવામાં આવેલા ઠરાવ અનુસાર આપને આ સિંહલદ્વીપમાં પ્રથમ પદાર્પણ સમયે હૃદયપૂર્વક અભિનંદન આપવાની આજ્ઞા લઇએ છીએ.

પશ્ચિમના પ્રદેશોમાં મહત્કાર્યની સિદ્ધિ કર્યા પછી સ્વદેશમાં પ્રત્યાગમન કરતી વખતે, આપનું સર્વથી પ્રથમ સ્વાગત કરવાનો અમને સદ્ભાગી સુયોગ પ્રાપ્ત થયો છે.

પરમાત્માના આશીર્વાદથી આપના દીર્ઘ પ્રવાસ, પુણ્ય પ્રયાસ અને મહત્કાર્યને સફલતાનો જે ઉજ્વલ કીર્તિમુકટ પ્રાપ્ત થયો છે, તે અવલોકી અમારાં હૃદય આભારસૂચક આનંદસાગરમાં લીન થઈ જાય છે. યૂરોપ અને અમેરિકાની સભ્યાભિમાની પ્રજાઓનાં નેત્રો સમક્ષ તમે હિંદુજાતિના વિશ્વવ્યાપી સાર્વભૌમ એક ધર્મનો ઉચ્ચ આદર્શ ખડો કરીને, સૃષ્ટિના સઘળા મત–સંપ્રદાયો સાથે સમાનતા સાધવાનો, તેમજ પ્રત્યેક આત્માને તેની આવશ્યકતાના પ્રમાણમાં આધ્યાત્મિક ખોરાક પ્રસાદ પૂરો પાડી તેને પ્રભુના પ્રદેશમાં આકર્ષવાનો જયઘોષ કર્યો છે.

જે મહાન ગુરૂઓ અને આચાર્યોનાં પવિત્ર પગલાંવડે આ પુરાણપ્રસિદ્ધ ભારતભૂમિ પાવન થઇ છે, તેમજ જેમના આવિર્ભાવ અને જેમની દિવ્ય પ્રેરણાવડે, એજ ભારતભૂમિ, ઉન્નતિ–અવનતિની સઘળી પરિસ્થિતિઓમાં પોતાનું ગૌરવ જાળવી રહી છે, તે મહાત્માઓ અતિ પ્રાચીન કાલથી જે મહાન સત્યો અને દિવ્ય માર્ગનો ઉપદેશ કરી ગયા છે તેજ સત્ય અને તેજ માર્ગનો તમે પશ્ચિમમાં પ્રકાશ પાડ્યો છે.

ભારતની આધ્યાત્મિક પ્રતિભાની સાક્ષાત્ ઝાંખી કરવાના મહાન સદ્ભાગ્ય માટે પાશ્ચાત્ય પ્રજાઓ, આપના નિઃસ્વાર્થ ઉત્સાહ અને

શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવ જેવા મહા પુરૂષની પ્રેરણાની ઋણી છે. આપણા પૂર્વજો તરફથી મળેલા આધ્યાત્મિક મહાન વારસાનું મૂલ્ય, પાશ્ચાત્ય સુધારાના ઝળકાટદ્વારા આપણા અનેક સ્વદેશી બંધુઓને પણ દૃષ્ટિગોચર થવા લાગ્યું છે એ બધો આપના પુણ્ય પ્રયાસનોજ પ્રતાપ છે.

ઉત્કૃષ્ટ કાર્ય કરીને અને ઉજ્જવલ દૃષ્ટાન્ત દર્શાવીને તમે સમગ્ર માનવજાતિને કદિ પણ વાળી ન શકાય એવા આભાર તળે મૂકી છે, અને આપણી વ્હાલી માતૃભૂમિ ઉપર દિવ્ય પ્રકાશ રેડયો છે. એ આપના પુનીત પ્રયાસ માટે અમને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. કૃપાળુ પરમાત્માને અમે પ્રાર્થના કરીએ છીએ કે આપને અને આપના પવિત્ર કાર્યને પ્રભુ ચિરાયુ કરો.

આપના ચિર વિશ્વાસપાત્ર
કોલમ્બોનિવાસી સમગ્ર હિન્દુવર્ગ તરફથી
પી. કુમાર સ્વામી.
સીલોનની લૅજીસ્લેટિવ કાઉન્સીલના સભાસદ
તે આ સભાના પ્રમુખ,
એ કુલવીર સિંઘમ્
સૅક્રેટરી

કોલમ્બો,
જાન્યુઆરી. ૧૮૯૭

સંધ્યા સમય થઇ જવાથી સ્વામીજી આ માનપત્રનો વિસ્તારથી ઉત્તર આપી શકયા નહોતા. પ્રેમપુર્વક કરવામાં આવેલા તેમના આંતરિક સ્વાગત પ્રત્યે પોતાનો પરમ સંતોષ અને આનંદ પ્રદર્શિત કરીને સ્વામીજીએ સંક્ષેપમાં જણાવ્યું કેઃ—“ તમે આજે મારો જે અપૂર્વ સત્કાર કર્યો છે તેને હું મારાં વ્યકિતગત કાર્યની પ્રશંસા સમજતો નથી, પરંતુ તેને હિંદુઓની પ્રબલ ધર્મપ્રીતિનું ફલ સમજું છું. એથીજ મને વિશેષ આનંદ પ્રાપ્ત થાય છે. હિંદુઓ પોતાના ધર્મનેજ સર્વથી મૂલ્યવાન વસ્તુ ગણે છે. આપ સર્વ અહીં કોઇ રાજા મહારાજાને, કોઈ વિખ્યાત રાજનૈતિકને, મોટા વીરનરને—લડવૈયાને—કે

મોટા લક્ષાધિપતિને માન આપવા એકઠા થયા નથી, પણ મારા જેવા એક મધુકરી માગી ખાનારા ભિક્ષુક સંન્યાસીને માન આપવા માટેજ મળ્યા છો. તમે આટલા બધા પ્રેમથી પરિશ્રમ ઉઠાવ્યો છે–ધામધૂમ કરી છે, એ બધું શું સૂચવે છે? હિંદુઓની ધર્મપ્રીતિ! હિંદુઓની ધર્મપ્રાણતા! હિન્દુજાતિની મતિ–ગતિ કયી દિશામાં છે, તે આ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવે છે. અનાદિ કાલથી ધર્મજ હિન્દુઓના પ્રાણસ્વરૂપ છે. તેમના સમગ્ર વ્યવહારમાં ધર્મ એકસરખો વ્યાપી રહેલો છે. એથીજ હિન્દ અને હિન્દુજાતિ આજ સુધી ધરાતલપર ટકી રહ્યાં છે, એવીજ રીતે જો હિંદુજાતિ સદાને માટે પોતાનું અસ્તિત્વ કાયમ રાખવા માગતી હોય–આ પ્રચંડ જીવનસંગ્રામમાં જીવિત રહેવા ચાહતી હોય તો તેણે પોતાના ધર્મનેજ અચલ મેરૂની પેઠે ધારણ કરી રાખવો જોઈએ. આવાં ભવ્ય સન્માન કે સ્વાગત મેળવવા જેટલી યોગ્યતા હું ધરાવતો નથી, પરંતુ એ માત્ર હિંદુઓની સ્વાભાવિક ધર્મપ્રીતિ અને પરાપૂર્વથી ચાલતી આવેલી ધર્મપ્રથાનું પરિણામ માનું છું. ઇત્યાદિ.”

વળતે દિવસે શનિવાર હતો, એ દિવસે પણ એજ બંગલામાં સ્વામીજીનાં દર્શન નિમિત્ત નિર્ધન, ધનવાન, વૃદ્ધ, યુવાન, વિવિધ જાતિના અને વિવિધ ધર્મના સેંકડો લોકોનો ત્યાં સમાગમ થવા લાગ્યો. સ્વામીજી એ સર્વની સાથે પ્રેમથી સંભાષણ કરીને, તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપીને, સર્વના ચિત્તનું સમાધાન કરતા હતા. એ મનુષ્યોમાં એક ગરીબ સ્ત્રી, જેનો સ્વામી સંસાર ત્યાગીને સંન્યાસી થઇ ગયો હતો, તે ફલ–ફૂલાદિ ઉપહાર લાવીને સ્વામીજીનાં શ્રીચરણમાં ધરી, પ્રણામ કરી દીનતાથી ઇશ્વરપ્રાપ્તિનો ઉપાય પૂછવા લાગી. સ્વામીજીએ તેને નિત્યપ્રતિ ભગવદ્ગીતાનો પાઠ કરવાનો તેમજ ગૃહસંસારનાં સમગ્ર કર્ત્તવ્યો યથોચિત પાલન કરવાનો ઉપદેશ કર્યો. તે ગરીબ સ્ત્રીએ કહ્યું કેઃ–“ મહારાજ! ગીતાપાઠ ભલે આઠે પહોર કર-

વામાં આવે, પણ જ્યાં સુધી પરમસત્યની ઉપલબ્ધિ ન થાય ત્યાં સુધી બધું વૃથા છે."

સ્વામીજીએ તેના ચિત્તનું સમાધાન કરીને સમજાવ્યું કે, "પઠન અને ચિંતનવડે પરમ સત્યની સમીપ જવાય છે, પછી નિદિધ્યાસનવડે તેની ઉપલબ્ધિ કરી શકાય છે, માટે ઇશ્વરપ્રાપ્તિની ઇચ્છા હોય તો નિત્ય-નૈમિત્તક કર્મોની સાથે શ્રવણ–મનન–નિદિધ્યાસનની પણ એટલીજ અપેક્ષા છે. જે વસ્તુનો ધ્યાનપૂર્વક વારંવાર વિચાર કરવામાં આવે છે તેનો યથાકાલે અવશ્ય સાક્ષાત્કાર થાય છે."

ઉત્તર–પશ્ચિમમાંથી આવેલા એક ગરીબ ભકતે સ્વામીજીને આગ્રહ-સહિત પોતાને ત્યાં પ્રસાદ લેવાનું આમંત્રણ કર્યું. સ્વામીજી તેને ત્યાં પ્રસાદ લેવા ગયા ત્યારે સ્વામીજીએ તેમજ અનુસંગી જનોએ ઘણો ઘણો આગ્રહ કરવા છતાં પણ એ ભકત સ્વામીજીની સંમુખ આસન-પર ન બેઠો ! જ્યાં સુધી સ્વામીજી તેને ઘેર રહ્યા ત્યાં સુધી વિનીત ભાવે તે હાથ જોડીને ઉભોજ રહ્યો ! એ સમયે સ્વામીજીની સાથે આવેલા પાશ્ચાત્ય શિષ્યો, આ દીન–દરિદ્ર–ગરીબ હિંદુની, સાત્વિક સાધુ-ભક્તિ અને પ્રભુપ્રાપ્તિની પ્રબળ ઉત્કંઠા જોઇને વિસ્મિત થવા લાગ્યા.

સ્વામીજીના સન્માનાર્થે જે બંગલાને સુસજ્જિત કરવામાં આવ્યો હતો તેનું નામ એ સમયથી **"વિવેકાનંદ મંદિર"** રાખવામાં આવ્યું છે. શનિવારની સાંજે **"ફ્લૉરલહૉલ"** નામના વિશાળ સ્થાનમાં સ્વામીજીનું વ્યાખ્યાન થવાનું હતું. યથાર્થ સમયની પૂર્વેજ ઘણાં લોકો ત્યાં એકત્ર થવા લાગ્યાં. જે વખતે સ્વામીજી વ્યાખ્યાન આપવાને આવ્યા ત્યારે એ વિશાળ હૉલમાં તિલમાત્ર પણ જગ્યા ખાલી નહોતી. અમે-રિકાથી પાછા આવ્યા પછી સ્વામીજીનું આ પહેલ–વ્હેલુંજ વ્યાખ્યાન હતું.

સ્વામીજીનું પ્રથમ વ્યાખ્યાન.

"દૂરના વિદેશોમાં જે સામાન્ય કાર્ય હું સિદ્ધ કરી શક્યો છું

તે મારી પોતાની શક્તિના બળથી નથી કરી શક્યો; પરંતુ હું ખાત્રીથી માનું છું કે પશ્ચિમ તરફ પ્રવાસ કરવા જતી વખતે આ મારી પરમ પવિત્ર પ્રિયતમ માતૃભૂમિ તરફથી જે અનંત આશીર્વાદો, ઉત્સાહવાક્યો, શુભેચ્છાઓ અને આનંદધ્વનિ પ્રાપ્ત થયા હતા, તે સર્વના પ્રતાપેજ હું કંઇક કરી શક્યો છું. અવશ્ય પાશ્ચાત્ય પ્રદેશોમાં કંઇક થોડું ઘણું શુભ કાર્ય સંપાદન થયું છે, પણ તે મારા પોતાનાજ લાભનું છે, કેમકે પ્રથમ જે આત્મવિશ્વાસ માત્ર હૃદયના આવેગનાજ પરિણામરૂપ હતો, તે હવે મારે પોતાને માટે એક પ્રમાણસિદ્ધ સત્યરૂપે સિદ્ધ થયો છે; અને બીજાને પણ તે સમજાવીને સિદ્ધ કરી શકાય એટલું બળ પ્રાપ્ત થયું છે. પૂર્વે પ્રત્યેક હિન્દુ માને છે તેમ હું પણ માનતો કે આપણી ભારતભૂમિ તે પુણ્યભૂમિ છે—કર્મભૂમિ છે. માનનીય અધ્યક્ષ પણ હમણાં અહીં એજ સૂચવી ગયા છે. આજે હું આ સભાની સમક્ષ ઉભો રહીને, જાતિપરિચય તેમજ સંપૂર્ણ નિશ્ચયપૂર્વક દૃઢતાથી કહું છું કે એ કથન સર્વથા સત્યજ છે. જો આ વિશાળ પૃથ્વીમાં કોઇ પણ એવો દેશ હોય કે જેને “પુણ્યભૂમિ”નું પવિત્ર નામ આપી શકાય, જો એવું કોઇ પણ સ્થાન હોય કે જ્યાં પૃથ્વીના સઘળા જીવોને પોતાનાં કર્મફલ ભોગવવાને આવવું પડે, જો એવું કોઇ પણ સ્થળ હોય કે જે પ્રભુપ્રાપ્તિની ઇચ્છાવાળા જીવમાત્રને પોતાના અંતિમ સ્થાનરૂપે ગ્રહણ કરવું પડે, જો એવું કોઇ પણ સ્થાન હોય કે જ્યાં માનવજાતિમાં સર્વથી અધિક સહન શક્તિ, નમ્રતા, ઉદારતા, પવિત્રતા અને દયા તેમજ વૃત્તિ વગેરે સર્વ સદ્‌ગુણો સંપૂર્ણ વિકાસ પામ્યા હોય, જો કોઇ પણ એવો દેશ હોય કે જ્યાં અધ્યાત્મવાદ અને આંતરદૃષ્ટિ સ્થાયીરૂપે ચિરનિવાસ કરતાં હોય, તો તે પુણ્ય દેશ આપણી ભારતભૂમિજ છે. અતિ પ્રાચીનકાળથીજ વિવિધ ધર્મના સ્થાપકો, આ દેશમાં આવિર્ભાવ પામીને, સમગ્ર જગતને વારં-

વાર આધ્યાત્મિક સત્યનાં પવિત્ર તેમજ પરમ શાન્તિકર જલવડે તરબોળ કરી ગયા છે. દાર્શનિક જ્ઞાન અને અધ્યાત્મવિદ્યાના પ્રબળ તરંગો અહીંથીજ આગળ વધીને સમગ્ર પૃથ્વીની ચારેમેર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણમાં રેલાઇ રહ્યા છે. ફરી પણ એજ સ્થળેથી—અહીંથીજ પ્રબળ તરંગ ઉત્પન્ન થઇને જગતના જડવાદી સુધારાને આધ્યાત્મિક જીવન પ્રદાન કરશે. પૃથ્વીના અનેક દેશોમાં જડવાદના સળગી રહેલા પ્રચંડ અગ્નિવડે જે લક્ષાવધિ લોકોનાં હૃદય દગ્ધ થયાં કરે છે, તેમને શીતલ કરનારૂં, જડવાદની આગ બુઝાવનારૂં અમૃત અહીંજ ઉત્પન્ન થાય છે. બંધુઓ, ખાત્રીથી માનજો કે હિન્દુસ્તાનજ જગતને આધ્યાત્મક તરંગોવડે શીતલ કરશે.

સમગ્ર જગતમાં પરિભ્રમણ કરીને મારો આ સિદ્ધાંત દૃઢ થયો છે. તમારામાં જેઓ વિવિધ પ્રજાઓના ઇતિહાસથી પરિચિત હશે તેઓ પણ આ સત્સિદ્ધાંત સારી રીતે જાણે છે. આ જગત જેટલું આપણી માતૃભૂમિનું કરજદાર છે, એટલું બીજા કોઇ દેશનું નથી. વિવિધ દેશોની એક બીજા સાથે તુલના કરી જુઓ, એક પછી એક બધા દેશોના ઇતિહાસ તપાસી જુઓ, તો તરત જણાશે કે સહનશીલ ગરીબ હિંદુજાતિનું જગત જેટલું ઋણી છે તેટલું બીજી કોઇ પણ જાતિ અને ભૂમિનું ઋણી નથી. નમ્ર હિંદુ, સહનશીલ હિંદુ, એ શબ્દો કેટલીક વખત તિરસ્કાર અથવા મ્હેણાંરૂપે વપરાય છે; પણ કોઇ પણ તિરસ્કાર—કોઇ પણ મહેણું જો આશ્ચર્યકારક સત્યથી ભરેલું હોય તો તે ઉપરના શબ્દો છે. નમ્ર હિંદુ હમ્મેશાં પરમાત્માનો પ્રિય સંતાન છે. જગતના બીજા વિભાગોમાં સુધારાની ધ્વજાઓ વારંવાર ફરકી છે, એક બળવાન પ્રજાના આશ્ચર્યકારક વિચારો અને અદ્દભૂત તત્ત્વો બીજી પ્રજામાં પ્રચાર પામ્યાં છે, મહાન શક્તિ અને મહાન સત્યનાં બીજ રાષ્ટ્રીય જીવનના આગળ વધતા પ્રવાહવડે અર્વાચીન તેમજ

પ્રાચીન કાળમાં સ્થળે સ્થળે વેરાયેલાં છે, પરંતુ લક્ષપૂર્વક નજર કરતાં જણાય છે કે, એ બધો પ્રચાર રણશીંગાના અવાજ સાથે અને રણુરંગથી મસ્ત થયેલા સૈનિકોનાં પગલાં સાથેજ થયેલો છે. એ બીજો લોહીની નીકોમાં વેરાયેલાં છે, અને વવાયેલાં છે. પ્રત્યેક વિચાર—પ્રત્યેક તત્ત્વ—પ્રત્યેક સત્ય—માનવહૃદયના લોહીમાં ભીંજાયા પછીજ અંકુર પામ્યાં છે. તેમના પ્રત્યેક સત્યને લાખો માનવબંધુઓના લોહીમાંથી પોતાનો માર્ગ કરવો પડયો છે. પ્રત્યેક પ્રબળ વિચાર અનેક નિર્દોષ જીવોના મૃત્યુમાંથી ઉડયો છે. તેની પાછળ અસંખ્ય લોકોનો હાહાકાર, અનેક અનાથોનાં રૂદન અને નિશ્વાસ, અનેક વિધવાઓના અશ્રુપાતની અજસ્ત્ર ધારાઓ વહી રહી છે. પ્રાયઃ આવા સખ્ત ઉપાયોથીજ બીજી સઘળી પ્રજાઓએ પોતાનાં સત્ય તત્ત્વનો જગતને ઉપદેશ આપ્યો છે; પરંતુ ભારતવર્ષ પોતાના મહાન સત્યનો સમગ્ર જગતમાં નિર્દોષ રીતે પ્રચાર કરતું રહે છે તેમજ કરશે. એ ઉપાયનો લેશમાત્ર આધાર લીધા વિના આજે હજારો વર્ષ થયાં આર્યતત્ત્વો શાન્ત અને દિવ્ય જીવન ભોગવે છે; પૃથ્વીની સપાટીપર જ્યારે ગ્રીસનું અસ્તિત્વ પણ નહોતું, જ્યારે રોમ મહારાજ્યનો જગતને સ્વપ્નમાં વિચાર પણ નહોતો અને જ્યારે આધુનિક સુધરેલા યૂરોપવાસીઓના પૂર્વજો જર્મનીનાં ગાઢ જંગલોમાં વસતા—જંગલી જીંદગી ભોગવતા હોઇને નીલવર્ણથી પોતાનાં શરીર રંગતા હતા, એવા અતિ પ્રાચીન જમાનામાં પણ ભારત અને તેનો ધર્મ પોતાનો તીવ્ર પ્રકાશ પૃથ્વીમાં પાથરી રહ્યા હતો. પોતાનો ઇતિહાસ જગતની આંખ સામે એ પ્રાચીન કાળથી ધરી રહ્યા છે.

ઇતિહાસ જે પ્રાચીન યુગની કશી ખબર બતાવી શકતો નથી, અને દંતકથાઓ જે દૂર દૂરના પ્રાચીન કાળના ગાઢ અંધકારમાં દૃષ્ટિપાત પણ કરી શકતી નથી, તે પ્રાચીનતમ યુગથી આરંભીને છેક આજ સુધી એક ઉપર એક અનંત વિચારતરંગો ભારતમાંથી

૬૯૯૩

ઉત્પન્ન થઈને સમગ્ર જગતમાં વિસ્તાર પામ્યા છે. તે પ્રત્યેક વિચારોની આગળ શાન્તિજ પથરાયેલી નજરે પડે છે; અને તેની પાછળ આશીર્વાદના મધુર શબ્દોજ સંભળાય છે. જગતની બધી જાતિઓમાં માત્ર આપણી એકજ જાતિએ, બીજી કોઈ પણ પ્રજાનો યુદ્ધ–સંગ્રામથી કોઈ પણ યુગમાં જય કર્યો નથી; પોતાના વિચાર વિસ્તારવાના અથવા ધર્મ પ્રચાર કરવાના હેતુથી હિંદુઓએ કદિપણ માનવ જાતિના લોહીની નીકો વહેવડાવી નથી. માનવ જાતિનો એ મહાન આશીર્વાદ હિંદુજાતિને ફલીભૂત થયો છે, તેથીજ અનેક આપત્તિઓના વર્ષાદ વચ્ચે પણ હિંદુ જાતિ આજ સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રહી છે. પૃથ્વીની સપાટીપર પોતાનું મસ્તક ઉંચું રાખીને ટકી શકી છે. જગતના ઇતિહાસનું અવલોકન કરતાં એક સમય એવો નજરે પડે છે કે મહાન ગ્રીક સેનાના વીરત્વભર્યા ગર્વવડે દેવી વસુંધરા કંપાયમાન બની રહી હતી; પરન્તુ તેમનો એ ગર્વ–તેમનું એ અભિમાન–આજે ક્યાં છે? સૃષ્ટિની સપાટીપરથી ગ્રીક જાતિનો એ અસીમ પ્રભાવ સદાને માટે વિલુપ્ત થઇ ગયો છે; તેનું ચિહ્ન સરખું પણ આજે દૃષ્ટિએ પડતું નથી!

એવીજ રીતે એક સમયે રોમન લોકોનો શ્યેન પક્ષીના ચિત્રવાળો વાવટો જગતની સમગ્ર સ્પૃહણીય વસ્તુઓ ઉપર ફરકી રહ્યો હતો. સર્વત્ર રોમનો શક્તિપ્રભાવ પોતાની અસર કરતો અને માનવ જાતિ ઉપર પોતાનો અધિકાર જમાવતો હતો; પરંતુ તેની સપ્ત પવતની ટેકરી આજે માત્ર એક ખંડેરનું રૂપ ધારણ કરીને ઉભી છે; અને જ્યાં મહાન સીઝર રાજાઓ પોતાના અસીમ પ્રભાવવડે રાજ્ય કરતા ત્યાં આજે કરોળીયા પોતાની જાળો ગુંથવા લાગ્યા છે!

એજ પ્રમાણે બીજી અનેક જાતિઓ પણ એક વખત ગૌરવસહિત પ્રકાશમાં આવી છે; અને પાછી પોતાના ક્ષીણ પ્રકાશસહિત

અંધકારમાં ડૂબી ગઈ છે. તે બધી કિંચિતકાળ આનંદ અને અભિમાનસહિત પોતાનો અધિકાર વિસ્તારીને, પોતાનું ક્ષણિક પરપીડાદૂષિત દુષ્ટ જીવન ભોગવીને પાણીના પરપોટાની પેઠે સંસારસાગરમાં વિલીન થઇ ગઇ છે!

એ બધી પ્રજાઓ માનવસમાજના હૃદય ઉપર પોતાનાં કઠોર પદચિહ્નો આંકીને સ્વલ્પ કાળમાંજ હતી ન હતી થઇ ગઈ છે; પરંતુ આપણે હજુ જગતની આંખ સામે જીવન ભોગવીએ છીએ અને હિંદનો પ્રકાશ સમગ્ર જગતમાં પ્રસરતો નીહાળીએ છીએ. કદાચ મનુ ભગવાન આકાશમાંથી ભૂતલપર ઉતરી આવે તો તેમને પણ કશું આશ્ચર્ય ન લાગે અથવા કોઈ વિદેશી ભૂમિમાં આવી પડ્યા છે, એવું નહિ લાગે તેમાં કંઈ સંશય નથી. હજારો વર્ષોનાં ચિંતન, વિચાર અને પરીક્ષણને પરિણામે તેમણે જે ધારા–ધોરણ અને બંધારણો બાંધ્યાં હતાં, તે બધાં તેવાજ રૂપમાં આજ સુધી અહીં ચાલુ છે. જે રીતિ-રીવાજો અને આચારો, અનેક વીતી ગયેલી શતાબ્દીઓમાં અનુભવના કર્કશ પત્થર ઉપર ઘડાઈને ભારતમાં પ્રચાર પામ્યાં હતાં તેઓ જાણે શાશ્વત ન હોય, એવી રીતે એજ સ્વરૂપમાં આજ સુધી ચાલ્યાં કરે છે. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ દુર્ભાગ્યના એક પછી એક કઠોર આઘાતો તેમના ઉપર આવી પડ્યા, તેમ છતાં તેઓ વધારે દ્દઢ વધારે સ્થાયી અને વધારે મજબૂતજ બનતા રહ્યા છે. એ સર્વ આચાર–વિચાર અને વિધાનોનું કેંદ્ર ક્યાં છે? કયા હૃદયમાંથી વહેતું લોહી તેમને પરિપુષ્ટ કરે છે? અને આપણાં અચલ રાષ્ટ્રીય જીવનનું મૂળ ઝરણું ક્યાંથી વહે છે? એ જાણવાની જો ઇચ્છા હોય તો વિશ્વાસ રાખીને સાંભળો. હું આખી દુનિયાનો અનુભવ લીધા પછી તમને કહું છું કે તે અહીંજ છે. જગતની અન્ય પ્રજાઓની દ્રષ્ટિએ ધર્મ પણ બીજા વ્યાપારોની સાથે એક વ્યાપારની વસ્તુ થઈ પડયો છે. એ પ્રજાઓને રાજનીતિ છે, સામાજિક જીવનનાં સાંસારિક સુખો છે, દ્રવ્ય અને

બળ મેળવવાના સર્વ પ્રયત્નો ચાલુ છે. ઇંદ્રિયોના આનંદ-ઉપભોગની સામગ્રી ત્યાં મોજૂદ છે અને દિન દિન વધતી જાય છે, જીવનના આ સમગ્ર વ્યાપારોમાં વિષયભોગથી કંટાળેલી ઇંદ્રિયોને વિશેષ આનંદ આપે અને સ્નિગ્ધ બનાવે એવી વસ્તુઓની શોધ-ખોળો પાછળ ધમપછાડ કરવામાંજ તેમનાં જીવન વ્યતીત થાય છે. કદાચ ધર્મનો એકાદ અંશ વચ્ચે વચ્ચે દ્રષ્ટિગોચર થાય છે, પણ અહીં ભારતમાં તો એક ધર્મજ સમગ્ર જીવનનો એકમાત્ર હેતુ છે; જન્મને સાર્થક કરનારો એજ મુખ્ય વ્યાપાર છે. ચીન અને જાપાન વચ્ચે એક મહા યુદ્ધ થયું છે, એવું તમારામાંથી કેટલા જણાઓ જાણે છે? ભાગ્યે કોઇકજ જાણતું હશે.

પાશ્ચાત્ય સમાજમાં જે વિવિધ રાજનૈતિક અને સાંસારિક મહાન ફેરફારો ચાલી રહ્યા છે, પશ્ચિમની સમાજનીતિને જે નવો આકાર-નવું સ્વરૂપ આપવાની કોશિષો દિન રાત ચાલ્યા કરે છે, તેની તમારામાંથી કેટલા મનુષ્યો ખબર રાખે છે? બહુજ થોડા. પરંતુ અમેરિકામાં એક મોટી ધર્મપરિષદ્ ભરાઈ હતી અને તેમાં ભાગ લેવા માટે એક હિંદુ સંન્યાસીને પણ મોકલવામાં આવ્યો હતો, એ વાત અહીંનો એક સામાન્ય મજૂર પણ જાણે છે! કેટલું બધું આશ્ચર્ય? આ સામાન્ય દૃષ્ટાંત ઉપરથીજ સ્પષ્ટ જાણી શકાય છે કે આ દેશની હવા કયી દિશા તરફ વહે છે? હિંદના રાષ્ટ્રીય જીવનનું મૂળ કયાં છે? ધર્મજ ભારતનો આત્મા છે; ધર્મજ ભારતનું કેંદ્ર છે. પૃથ્વીપ્રદક્ષિણા કરનારા મુસાફરોનાં, તેમાં પણ વિશેષ કરીને વિદેશી પ્રવાસીઓનાં પુસ્તકો વાંચવાનો મને બહુ શોખ છે. એ પુસ્તકોમાં પૂર્વ તરફના લોકોની સંપૂર્ણ અજ્ઞાનતા વિષે સ્થળે સ્થળે શોક દર્શાવવાના યત્નો થયા છે; પરંતુ હવે મારા જાતિઅનુભવ ઉપરથી હું જાણી શકું છું કે તેમનું કથન કંઇક અંશે જો કે સત્ય હતું-છતાં ઘણે અંશે તો

અસત્યજ હતું. ઇંગ્લાંડ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની અથવા બીજા કોઈ પણ પાશ્ચાત્ય દેશના એકાદ સામાન્ય ખેડુતને પૂછવામાં આવે કે તમે કયા રાજનૈતિક પક્ષમાં છે? તો તે તરતજ તમને કહી દેશે કે તે વિનીત વિચારનો છે, ઉદ્દામ વિચારનો છે, કે રક્ષણશીલ વિચારનો છે. તે તરત પોતાની પસંદગીવાળા પક્ષનો તમને મત આપશે. અમેરિકામાં એવીજ રીતે કોઇ પણ ખેડુત તમને તરતજ કહેશે કે તે ડીમોક્રેટ છે કે રિપબ્લિક છે, એટલુંજ નહિ પણ ચાંદીના બજાર માટે પણ પોતાનો મત તે દર્શાવી શકશે; પણ જો કદી તમે તેને ધર્મ સંબંધી પ્રશ્ન કરશો તો, તે માત્ર એટલુંજ કહેશે કે—"હું પ્રાર્થના કરવા દેવળમાં જાઉં છું, એથી વિશેષ કંઈ જાણતો નથી." બહુ વિશેષ તો તે કહેશે કે—"મારો પિતા ખ્રિસ્તી ધર્મની અમુક શાખાનો સભાસદ છે." દેવળમાં જવું એજ તેના મત પ્રમાણે ધર્મનું પરમ લક્ષ છે. એથી વિશેષ જાણવાની કદિ તેણે અપેક્ષાજ રાખી નથી.

હવે બીજા હાથપર આપણે હિંદુસ્તાન તરફ નજર કરીએ. અહીંના કોઈ ખેડુતને પૂછવામાં આવે કે રાજનીતિ સંબંધી તમે કંઇ જાણો છો કે? તો તરત તે તમારા પ્રશ્નથી વિસ્મિત થઇને સામો તમને પૂછશે કે—"રાજનીતિ એટલે શું?" સમાજચર્ચા, રાજ્યચર્ચા વગેરે બાબતોનાં તેણે નામ પણ ભાગ્યેજ સાંભળ્યાં હશે. મૂડી અને મહેનત, તેમજ એવા બીજા અર્થશાસ્ત્રના, અન્યાન્ય સામાજિક શાસ્ત્રના કોઇ પણ વિષયથી તે તમને તદ્દન અજ્ઞાનજ જણાશે. તેણે પોતાના સમગ્ર જીવનમાં એ વિષયોનાં નામ પણ ભાગ્યેજ સાંભળ્યાં હશે. પેટપૂરતી રોટલી મેળવવા માટે—પ્રમાણિકપણે જીવનનિર્વાહ ચલાવવા માટેજ—તેને આખો દિવસ પ્રબળ પુરૂષાર્થ કરવો પડે છે. રાજનીતિ અથવા સમાજનીતિના સવાલો સમજવાનો તેને સમય પણ નથી પરંતુ જો તેને પૂછવામાં આવે કે—"તમારો ધર્મ શું છે?"

તો તરત તે પોતાના કપાળ તરફ આંગળી કરીને તમને કહેશે કે—"ભાઇ જુઓ! મારા કપાલમાંજ લખેલો છે." એ સિવાય ધર્મની બાબત તેને કંઈ સવાલો પૂછવાથી તે જરૂર બે ચાર વાતો તો એવી જણાવશેજ કે જે સાંભળીને તમને પણ તેની ધર્મબુદ્ધિને માટે સારો મત બંધાયા વગર રહેશે નહિ. આ હું મારા પોતાના જાતિઅનુભવ ઉપરથી કહું છું, અર્થાત્ મારૂં કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મજ આપણી પ્રજાનું જીવન છે; પ્રજાકીય જીવનનો તે મૂળ સ્તંભ છે.

વ્યક્તિ માત્રનું કોઇ નહિ ને કોઇ વિષયમાં જરૂર વિશેષત્વ હોય છે. દરેક મનુષ્યની ઉન્નતિની દિશા, તેની પોતાની સ્થિતિ અનુસાર સ્વતંત્રજ હોય છે. પોતાનું જીવન, તે પોતાના નિર્દિષ્ટ કરેલા માર્ગેજ ગાળવાને તત્પર હોય છે. આપણે હિંદુઓ માનીએ છીએ કે આપણા જીવનનો કેટલોક ભાગ અનંત પૂર્વજન્મોનાં કર્મોવડે બંધાયેલાં પ્રારબ્ધ અનુસારજ આપણાંમાંના દરેકને ભોગવવાનો છે. અનંત ભૂતકાલનાં કર્મોના પરિપાકમાંથી આપણી વર્તમાન પરિસ્થિતિ પ્રકટ થાય છે, અને આપણે વર્તમાનમાં જેવો વ્યવહાર કરીએ છીએ, તેવુંજ આપણું ભાવિ બંધાય છે. આ પ્રકારની કાર્ય–કારણની સાંકળ એકસરખી રીતે જીવમાત્રના જીવન સાથે જડાયેલી છે. પૃથ્વીમાં જન્મ લેનાર એજ સાંકળ સાથે સુખ–દુઃખ ભોગવવાને બંધાયેલો છે; અને એ કાર્ય–કારણની સાંકળને લીધેજ પ્રત્યેક જીવ કોઇ નહિ ને કોઇ એકજ દિશામાં પોતાના કર્માનુસાર વિશેષ વળેલો હોય છે, કેમકે તેને માટે એજ માર્ગ નિર્માણ થયેલો હોય છે. જેવું પ્રત્યેક વ્યક્તિસંબંધે તેવુંજ સમગ્ર જાતિ સંબંધે પણ જાણવું; અર્થાત્ દરેક જાતિ પણ એવીજ રીતે પૂર્વ કર્માનુસાર અમુક એક દિશામાંજ વિશેષ વળેલી હોય છે. પ્રત્યેક જાતિના જીવનનો ઉદ્દેશ બીજી જાતિઓ કરતાં કંઇક નવીનતા અને ભિન્નતાવાળો હોય છે. પ્રત્યેક પ્રજા–પ્રત્યેક જાતિ, એ

વિશાળ માનવજાતિનું એક અંગ છે. સમગ્ર માનવજાતિના જીવનને સર્વાંગે સંપૂર્ણ કરવા માટે તેના અંગરૂપ પ્રત્યેક જાતિનું કંઇક વ્રતવિશેષ હોય છે, કંઇક કાર્યવિશેષ હોય છે. પ્રત્યેક વ્યક્તિની પેઠે જાતિને પણ આ જગતમાં પોતાનો ખાસ હેતુ પરિપૂર્ણ કરવાનો હોય છે. પોતાને હાથેજ પોતાના કાર્યની પરિસીમા અને ભાવી પરિણામ નિર્માણ કરવાનું હોય છે. એથીજ પ્રત્યેકની દિશા જુદી જુદી હોય છે. પ્રત્યેકનું કાર્યક્ષેત્ર જુદું હોય છે. રાજનૈતિક મહત્તા અથવા સમરશ્રેષ્ઠતા 'લશ્કરી બળ' જેવી ઐહિક બાબતોજ આપણી જાતિનું લક્ષ અથવા દૃષ્ટિબિંદુ નથી. માત્ર વ્યાવહારિક વિકાસ અથવા આ લોકની ઉન્નતિમાંજ હિંદુ જાતિનો પરમ ઉદ્દેશ સમાયેલો નથી. વ્યવહાર તેમનું ભૂતકાળમાં પણ નિશાન નહોતું અને ભવિષ્યકાળમાં પણ બની શકશે નહિ, એ તમે ખાત્રીથી માનજો. હિંદુજાતિના જીવનનો તો ખાસ બીજોજ ઉદ્દેશ છે. એ ઉદ્દેશ તે આપણી જાતિને પ્રભુ તરફથી પ્રાપ્ત થયેલી આધ્યાત્મિક શક્તિરૂપ સંપત્તિને નષ્ટ નહિ થવા દેતાં તેનું રક્ષણ કરવાનો અને જ્યારે સુયોગ પ્રાપ્ત થાય ત્યારે એ સઘળી એકઠી કરેલી—સાચવી રાખેલી—સંપત્તિના પ્રવાહવડે સમગ્ર જગતને તરબોળ બનાવી દેવાનો છે. ઇરાનીઓને, ગ્રીકોને, રોમન લોકોને, આરબોને અથવા યૂરોપિયનોને તેમની પ્રબળ સેનાઓ આગળ વધારવા દો; તેમને જગતના વિવિધ દેશો ઉપર વિજય મેળવવા દો. જુદી જુદી પ્રજાઓને એક સાથે જોડી દેવાનો તેમને અવકાશ આપીને, ભારતની આત્મવિદ્યા અને ભારતનાં દર્શન શાસ્ત્રો તેમના એ બધા નવા માર્ગોમાં થઇને પૃથ્વીની વિવિધ પ્રજાઓની નસોમાં પોતાનો ચેતનમય વિદ્યુત્ પ્રવાહ નિરંતર વહેવરાવતાંજ રહે છે. સમગ્ર માનવજાતિના ઉન્નતિકોશમાં—જનસમાજની સાર્વત્રિક પ્રગતિમાં—શાન્તિપ્રિય હિંદુપણું મુંગે મ્હોડે પોતાનો ફાળો આદિકાળથી

ભરતું આવે છે. આધ્યાત્મિક પ્રકાશ, તત્ત્વચિંતન, ઉદાર ધર્મભાવના એજ સમગ્ર જગતને ભારતની બક્ષિસ છે—લ્હાણી છે.

આ પ્રમાણે ભૂતકાળના ઈતિહાસનું અવલોકન કરવાથી આપણે જોઇ શકીએ છીએ કે જ્યારે જ્યારે કોઇ પ્રબળ દિગ્વિજયી જાતિ નીકળી આવીને પૃથ્વીની ભિન્ન ભિન્ન જાતિઓને જીતી, પરસ્પર જોડીને તેમને એકત્ર બનાવવા લાગે છે; ત્યારે એ પ્રબળ જાતિ ભારતને પણ તેની એકાન્તિક નિવૃત્તિમાંથી બહાર ખેંચી કહાડીને જગત સાથેના તેના તટસ્થ ભાવનો ઉચ્છેદ કરી બીજી પ્રજાઓના સંબંધમાં લાવી મૂકે છે. ગમે તે વખતે—ગમે તે યુગમાં એવો પ્રસંગ આવ્યો હશે ત્યારે આવા પરસ્પર સંબંધવડે એજ પરિણામ આવેલું જણાય છે કે ભારતના આધ્યાત્મિક અને દાર્શનિક વિચારોના પૂરમાં સમગ્ર જગત સ્નાન કરી તરબોળ બની રહે છે. આ શતાબ્દીની શરૂઆતમાં, મહાન જર્મન તત્વવિદ્ શોપનહોર, વેદના ફારસી ભાષામાં થયેલા એક અસપષ્ટ ભાષાન્તર ઉપરથી—એક યુવાન ફ્રેન્ચે લાટિન ભાષામાં તૈયાર કરેલું રૂપાંતર—વાંચીને વિસ્મિત બનીને કહે છે કેઃ—“ સમગ્ર જગતમાં ઉપનિષદ્‌ના અભ્યાસ જેવો બીજો કોઈ હિતાવહ અથવા આત્માની ઉન્નતિ કરનારો અભ્યાસ નથી. મારા જીવનનો તે આરામ છે. મારા મૃત્યુનો પણ એજ આરામ થશે.” એ જર્મન ઋષિએ એજ વખતે ભવિષ્યવાણી કહી હતી કે, “ગ્રીક સાહિત્યના જીર્ણોદ્ધારવડે જગતના વિચારોમાં જે મહાન ફેરફાર થયો હતો, તેના કરતાં પણ વિશાળ ફેરફાર—ઘણા વિસ્તારવાળો અને ઘણો બળવાન ફેરફાર જગતની દ્રષ્ટિ સમક્ષ થોડાજ વખતમાં ઉભો થશે.” આજે તેની ભવિષ્યવાણી સફળ થવા લાગી છે. જેમની આંખો ઉઘડેલી છે, જેઓ જુદી જુદી પ્રજાનાં હૃદયક્ષેત્રમાં ચાલી રહેલા કાર્યવ્યાપારને સમજી શકે છે, જેઓ પાશ્ચાત્ય જગતની આધુનિક ગતિને જોઈ શકે છે, અને જેઓ વિચાર-

શીલ હોઇને જુદી જુદી પ્રજાઓના ખાસ અભ્યાસી છે, તેઓ સ્પષ્ટ જોઈ શકે છે કે હિંદના વિચારોનો આ ઠંડો, ધીરો પણ અવિરામ પ્રવાહ, ક્રમે ક્રમે જગતના વિશાળ વિચારક્ષેત્રમાં, માનવજાતિની ચાલચલણમાં, રીતભાતમાં તેમજ જગતના સાર્વભૌમ સાહિત્યમાં કેવું વિશાળ પરિવર્તન કરવા લાગ્યો છે !

હિંદના આધ્યાત્મિક વિચારોમાં એક બીજી પણ વિશેષતા છે. તેના સંબંધમાં મેં હમણાંજ સહજ ઇશારો કર્યો હતો. હિંદુઓએ કદી પણ તીર, તલવાર અથવા બંદુકોની સહાયવડે પોતાના વિચારોનો પ્રચાર કર્યો નથી; એ પ્રચાર તેમણે જુદાજ પ્રકારે કર્યો છે. એ પ્રકાર સમજાવવા માટે ઇંગ્રેજી ભાષામાં જો કોઇ યોગ્ય શબ્દ હોય, કે જેનાવડે ભારતવર્ષે જગતને આપેલા વારસાનું મહત્ત્વ દર્શાવી શકાય–જેનાવડે ભારતનાં સાહિત્યનો માનવજાતિના હૃદયપર પડેલો પ્રભાવ પ્રકટ કરી શકાય–તો તે માત્ર એકજ શબ્દ છે. એ શબ્દ “ Fascination ” સંગ્રાહક શક્તિ–છે. માત્ર સ્થૂલ દૃશ્ય આકારોના પ્રલોભનવડેજ એકાએક મોહ ઉપજાવનારી એ શક્તિ નથી; એ દિવ્ય મોહક શક્તિ તો ક્રમે ક્રમે મનુષ્ય જાણી પણ ન શકે એવી રીતે તેના હૃદયમાં પોતાનો પ્રભાવ જમાવે છે–પોતાનાં ઓજસની ભુરકી નાખે છે. એવા ઘણા વિદેશી મનુષ્યો છે કે જેમને હિંદના વિચાર, હિંદની રીતભાત, હિંદના આચાર, હિંદની તત્ત્વવિદ્યા, હિંદનું સાહિત્ય, એ બધું પહેલી નજરે જોતાં છેકજ નિર્માલ્ય અથવા તિરસ્કારભરેલું જણાય છે; પરંતુ તેમને ખંતથી યત્ન કરવા દો, હિંદી સાહિત્ય વાંચવા દો, અને અહીંના વિચારોમાં અદૃશ્યરૂપે રહેલા જે મહાન દિવ્ય તથા હિતાવહ સિદ્ધાંતો ઓતપ્રોત ભરેલા છે તેનો રસ એ લોકોના હૃદયમાં ઠરવા દો. જ્યારે બરાબર એ વિચારો સમજે અને હિંદી પ્રજાના આચાર–વિચારના મૂળમાં જે ઉંડાં રહસ્યો સમાયેલાં છે તેનો તેમને વિશેષ પરિચય થાય

ત્યારે જરૂર તેઓ સોએ નવ્વાણુના પ્રમાણુમાં હિંદી વિચારોની મહત્તાથી મુગ્ધ બની જશે. એ સ્થાયી જાદુ તેમના હૃદયરાજ્યપર પોતાનો અધિકાર જમાવશે. ભારતીય શાસ્ત્ર અને હિંદુ ધર્મનું ઉચ્ચ સિંહાસન તેમના હૃદયક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થશે. ધીમે ધીમે મુંગે મ્હોડે પ્રભાતમાં ગુપચુપ પુષ્પપત્રોપર પડતાં ઝાકળનાં બિંદુઓની પેઠે દૃષ્ટિએ પડ્યા વિનાજ, શ્રવણ ગોચર થયા વિનાજ, આપણી શાન્ત, સહનશીલ, ધીર, ધર્મપ્રાણ, નિવૃત્તિપરાયણ હિંદુ જાતિ જગતના વિશાળ વિચારક્ષેત્રમાં મહાન ફેરફાર—મહાન પરિણામ—ઉપજાવતી રહી છે.

વળી પાછો ઇતિહાસના ચક્રનો આંટો બદલાવા લાગ્યો છે, કારણ કે આજે હાલની શાસ્ત્રીય વિદ્યા અને વિજ્ઞાનની પ્રબળ જાગૃતિના ઝપાટામાં જ્યારે જુના અને દેખીતી રીતે અડગ જણાતા ધાર્મિક મતપંથો અને સંપ્રદાયો તેમના મૂળમાંથી ઉખડી જઈને ચૂર્ણ-વિચૂર્ણ થવા લાગ્યા છે; જ્યારે ચાલતા વિવિધ સંપ્રદાયોનો સમગ્ર માનવ જાતિને પોતાના મતમાં મેળવવાનો દાવો માટીમાં મળી જવા કે હવામાં ઉડી જવા લાગ્યો છે; જ્યારે આધુનિક પ્રાચીન વિદ્યાની શોધખોળોના તીવ્ર હથોડાના ચાલુ ફટકાઓ, બધા જુના જમાનાના વિચારોને ખોખરાં કાચનાં વાસણોની પેઠે ભાગીને ચૂરેચૂરા કરી નાખે છે; જ્યારે પશ્ચિમના સુધરેલા દેશોમાં ધર્મને માત્ર અજ્ઞાની લોકોના હૃદયમાંજ સ્થાન મળે છે, અર્થાત્ વિદ્વાનોમાંથી ધાર્મિક શ્રદ્ધા સમૂળગી જતી રહી છે; અને જ્યારે જ્ઞાની ગણાતા જનો ધર્મ સાથે સંબંધ ધરાવનારી બધી બાબતો તરફ તિરસ્કાર અને ઉપહાસની નજરે જોવા લાગ્યા છે; એજ વખતે ભારતની અધ્યાત્મવિદ્યા આગળ વધીને જગતના કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરે છે, અને ભારતના ધાર્મિક બુદ્ધિવાળા ઉંચામાં ઉંચા ભાવો જગતની આંખો સામે પ્રકાશિત થાય છે! જે દેશના રહેવાસીઓનું ધર્મજીવન અને તેમની વ્યવહારિક આધ્યાત્મિકતા

પણ સર્વોત્તમ દાર્શનિક અને આધ્યાત્મિક સત્વોવડેજ ચાલી રહી છે, તે દેશની વ્યવહાર પરમાર્થને એકજ દૃષ્ટિથી સમજાવનારી અધ્યાત્મવિદ્યા આજના વ્યાવહારિક અને જડવાદી જગતને માટે મહાન ધર્મગુરૂનું કાર્ય સાધી શકે તેમ છે. એથીજ આજકાલ ભારતની અધ્યાત્મ વિદ્યાનાં મહાન સત્યો, સમગ્ર જગતની એકતા, ચૈતન્યશક્તિની અસીમ અનંતતા, નિર્ગુણ બ્રહ્મવાદ અને આત્માના અનંતપણાના આશ્ચર્યકારક વિચારો સુધરેલા પાશ્ચાત્ય જગતને શુષ્ક વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય જડવાદના હાથમાંથી બચાવી લેવા માટે આગળ વધે છે. પ્રાચીન ઘણા સંપ્રદાયો, તેમાં પણ પશ્ચિમના પંથો, આ જગતને એક તુચ્છ માટીના પિંડ જેવુંજ માનતા આવ્યા હતા. જગતનો આરંભ પણ તેઓને મતે બહુ થોડાજ સમય અગાઉ થયો હતો. દેશ, કાળ તેમજ નિમિત્ત અનંત છે, એવો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. મનુષ્યના અમર આત્માનો મહિમા અને પ્રભાવ ગ્રીસના ગણ્યા ગાંઠ્યા પ્રાચીન આધ્યાત્મવાદીઓ સિવાય બીજા કોઇના જાણવામાં નહોતો, અને ગ્રીસે પણ એ વિચારો અલેકઝાંડરના સમયથી ભારત પાસેથીજ મેળવ્યા હતા. સાયન્સ અને રસાયન વિદ્યા જોરશોરથી પોતાનો પ્રભાવ પ્રકાશતાં ચાલે છે, પરંતુ આર્યોની અસામાન્ય તત્ત્વવિદ્યા આગળ એ એવાં તો સામાન્ય અને બાળક જેવાં દેખાય છે કે તેમને ધર્મની સંજ્ઞા અથવા તો ક્ષેત્રમાં સમાવી શકાય તેમ નથી.

આપણાં ધર્મશાસ્ત્રોમાં સત્યના સિદ્ધાંતોનો બે વર્ગમાં નિર્દેશ કરવામાં આવ્યો છે, અને તે બન્ને વર્ગના સ્પષ્ટ જુદા ભાગો પાડેલા છે. પહેલા વર્ગનાં સત્યો સદાને માટે એકસરખાંજ રહે છે, અને તે હમ્મેશાં સર્વને એકસરખી રીતેજ લાગુ પાડી શકાય એવાં શાશ્વત અથવા સનાતન સત્યો છે. એ સત્યોમાં મનુષ્યનો સ્વભાવ, આત્માનું સ્વરૂપ, પરમાત્મા સાથે આત્માનો સંબંધ, ઇશ્વરનું સ્વરૂપ, આધ્યાત્મિક

વિકાસ, તેની પરિપૂર્ણતા અને એવાજ બધા આધ્યાત્મિક સિદ્ધાંતો સમાયેલા છે. એ સિવાય આ સૃષ્ટિની અનન્તતા એટલે કે સૃષ્ટિ શૂન્યમાંથી પેદા નહિ થએલી હોઇને તેનો આવિર્ભાવ પરમાત્મામાંથી છે અથવા તો પૂર્વસ્થિત કોઈ વસ્તુના પરિણામ રૂપજ તે છે એવું દર્શાવનારો મતવાદ, તથા યુગોના અને વસ્તુ માત્રના અનંત વર્તુલમાં વહેતા પ્રવાહના અદ્‌ભુત નિયમો, તેમજ એવા એવા બીજા આધ્યાત્મિક વિચારો અને સિદ્ધાંતોનો એ પહેલા વર્ગમાં સમાવેશ થાય છે. એ બધા સિદ્ધાંતો, કુદરતના વિશ્વવ્યાપી નિયમોને આધારે ઘડાએલા અને સિદ્ધ થએલા અખંડ, અચલ અને અનંત સિદ્ધાંતો છે. બીજા વર્ગનાં સત્યોના સમુદાયમાં આપણી હંમેશની વ્યાવહારિક જીંદગીને દોરનારા અને અમુક દેશ–કાળનેજ લક્ષમાં રાખીને ઘડાએલા પહેલા વર્ગ કરતાં ઉતરતા પ્રકારના નિયમો, વિધાનો અને સિદ્ધાંતો છે. એ બીજા વર્ગનાં સત્યો બહુ ભાગે સ્મૃતિ અને પુરાણ ગ્રંથોમાં મળી આવે છે. શ્રુતિમાં તેમનો ઉલ્લેખ નથી; શ્રુતિ તો માત્ર પહેલા વર્ગના અનંત સિદ્ધાંતોજ પ્રકટ કરે છે. બીજા વર્ગનાં આચાર–વિચારમિશ્રિત સત્યોને પહેલા વર્ગના આધ્યાત્મિક અને અનંત સિદ્ધાંતો સાથે કશો સંબંધ નથી. એ બીજા વર્ગનાં સત્યો પ્રાયઃ અમુક દેશ–કાળને માટે ઘડાયાં હોવાથી સમયની સાથે તેઓ પણ આપણી પોતાની પ્રજામાં અને આપણા વ્યવહારમાં વારંવાર બદલાયા કરે છે. એક સમયના અથવા એક યુગના આચાર–વિચાર, વિધિઓ અને નિયમો બીજા યુગમાં એજ રૂપે રહી શકતા નથી. યુગ પછી યુગ આવતા જાય છે તેમ તેઓ પરિસ્થિતિની જરૂરીઆત પ્રમાણે આજ સુધી બદલાતા રહ્યા છે, અને ભવિષ્યમાં પણ સદા બદલાતાજ રહેશે. યુગ યુગના મહાન ઋષિઓ આગળ પ્રકટ થયા છે, તેમજ પ્રકટ થઇને દર્શન દેશે અને બદલાતા સમયની નવી પરિસ્થિતિને અનુસરતા લાભકારક

આચાર-વિચાર, વિધિ અને નિયમોનો આપણને ઉપદેશ આપી ભવિષ્યના માર્ગમાં આગળ દોરશે.

આત્મા, પરમાત્મા અને જગત સંબંધી, એ સઘળા અદ્ભુત, અનંત, અપૂર્વ અને હૃદયનો વિકાસ કરી તેને ઉન્નત બનાવનારા આધ્યાત્મિક વિચારોવડે ઘડાએલા અને ઉંડી વિચારદૃષ્ટિ તેમજ બુદ્ધિશક્તિના પાયા ઉપર રચાએલા મહાન સિદ્ધાંતો ભારતમાંજ ઉત્પન્ન થયા છે. એક નાનાસરખા કે પરિસીમાવાળા ઇશ્વરની કલ્પના કરી 'મારો ઇશ્વર સાચો છે, અને તમારો ઇશ્વર ખોટો છે,' તથા 'આવો, આપણે પરસ્પર યુદ્ધ કરીને એ બાબતનો નિર્ણય કરીએ-લડાઇનાં હથિયારોથી ઇશ્વરની સીમા બાંધીએ!' એવું કહીને કોઈ પણ દેશના મનુષ્યો જો એક બીજા સાથે આજ સુધી લડવા ઉભા થયા ન હોય તો તે માત્ર આ પરમ પવિત્ર ભારતનાજ સમજવા. નાના ક્ષુદ્ર દેવતાઓને માટે પરસ્પર લડાઈઓ અને મારામારી કરવાના વિચારો માત્ર આ સાત્વિક ભારત દેશમાંજ કોઇ વખત ઉત્પન્ન થયા નથી. એ સઘળા આંતરિક-આધ્યાત્મિક મહાન સિદ્ધાંતો મનુષ્યના શાશ્વત સ્વભાવના સજ્જડ પાયા ઉપરજ ઉભા થએલા હોવાથી માનવજાતિના કલ્યાણ માટે તેઓ આજથી હજારો વર્ષ પૂર્વે જેવા અસરકારક અને ઉપયોગી હતા તેવાજ હાલ પણ છે; અને તેમની એ હિતકારક શક્તિ પણ જ્યાં સુધી આ પૃથ્વી અને કર્મનો અચલ કાયદો ટકી રહેશે તથા જ્યાં સુધી જીવાત્મારૂપે જન્મ ગ્રહણ કરીને આપણી પોતાની કર્મશક્તિથી આપણું ભાગ્ય પોતાનેજ હાથે ઘડી લેવાનું કાર્ય આ જગતમાં ચાલુ રહેશે ત્યાં સુધી એવીજ રીતે અચલ ટકી રહેશે. હવે એ બધી વાતો કરતાં એક મહત્ત્વની વાત હું જણાવું છું. ભારત જગતને શું આપશે? જુદી જુદી જાતિ અને પ્રજાઓના ધર્મોના વિકાસ અને પરિપૂર્ણતાનો ઇતિહાસ તપાસીએ તો આપણને સહજ

જણાશે કે જગતની પ્રત્યેક જાતિને ધાર્મિક વિચારોના પ્રારંભમાં પોતપોતાના સ્વતંત્ર અને જુદા જુદા ઈશ્વરો હતા! એમાંની કેટલીક જાતિઓ જ્યારે એક બીજા સાથે જોડાઈ જતી ત્યારે તેમની વચ્ચે તેમના ઈશ્વર કે દેવતાઓ પણ મળી જઈને એક સાધારણ નામ ધારણ કરતા! બેબિલોનિઆના દેવતાઓ એવા એક પ્રસંગના ઉદાહરણરૂપ છે. બેબિલોનિઅન પ્રજા ઘણી જુદી જુદી જાતિઓમાં વહેંચાઈ ગએલી હતી, ત્યારે તેમના દેવસમૂહનું સામાન્ય નામ બાલ (Baal) હતું અને એવીજ રીતે જુદા જુદા ભાગમાં વહેંચાએલી યાહુદી જાતિના દેવતાઓનું પણ સામાન્ય નામ 'મોલક' (Moloch) હતું. એવી પરસ્પર સંબંધવાળી જાતિઓમાંની એકાદ જાતિ બલવાન અને શ્રેષ્ઠ બની જતી ત્યારે તે જેમ પોતાના રાજાને બાકીની જાતિઓનો રાજા સિદ્ધ કરવાનો દાવો ધરાવતી તેમ તે જાતિ પોતાના દેવતાને એ બધી જાતિઓના દેવતા તરીકે મનાવવાનો પણ હક્ક ધરાવતી. બાલ મેરૉડેક (Baal Marodeck) સર્વથી મોટા દેવતા છે અને બીજા બધા દેવતા અથવા ઈશ્વર તેનાથી ઉતરતી પદવીના છે, એમ બેબિલોનિઅન લોકો કહેતા; અને એ પોતાના ઈશ્વર કે દેવની શ્રેષ્ઠતાનું નિરાકરણ જાહેર યુદ્ધના પરિણામથી નક્કી કરવામાં આવતું. એજ પ્રકારનો કલહ અહીં પણ કંઈક અંશે ચાલુ હતો. ભારતમાં પણ એવા એક બીજાની સ્પર્ધા અને હરિફાઈ કરનારા દેવતાઓ એક બીજા સાથે પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાને રમખાણ મચાવી રહ્યા હતા; પરન્તુ આ ભૂમિના અને સમગ્ર જગતના મહાન સદ્‌ભાગ્યે એ બધા કલહ કંકાસના કોલાહલ અને ઘોંઘાટ વચ્ચે એક દિવ્ય બલવાન અવાજ જાગી ઉઠયો. તેણે જાહેર કર્યું કેઃ—"**एकं सद्विप्रा बहुधा वदन्ति**" "સત્ય માત્ર એકજ છે, અથવા સત્તાધારી—અસ્તિત્વ ધરાવનારી શક્તિ એકજ છે. ઋષિઓ અને વિદ્વાનો દેશ, કાલ,

સ્થિતિ પ્રમાણે તેને જુદાં જુદાં નામો આપે છે.” વિષ્ણુ કરતાં શિવ મોટા નથી, તેમ જે કંઇ છે તે સર્વ વિષ્ણુમાંજ છે અને શિવમાં કંઇ નથી એવું પણ નથી; પરંતુ ગમે તો તમે શિવ કહો કે વિષ્ણુ કહો, અને ગમે તો સેંકડો બીજાં નામ આપો; પણ તે સર્વ એકજ ભગવાનનાં જુદાં જુદાં નામો છે. નામો જુદાં જુદાં છે પણ શક્તિ એકજ છે. ભારતનો સમગ્ર ધાર્મિક ઇતિહાસ તમે આ થોડા શબ્દોના સિદ્ધાંતમાંજ સમજી શકો તેમ છો. ભારતનો અને તેના ધર્મનો સમગ્ર ઇતિહાસ વિસ્તારવાળી ભાષામાં, ઓજસ્વી પ્રભાવ સહિત એ મૂળ સિદ્ધાંતની વારંવાર કરેલી પુનરાવૃત્તિ સ્વરૂપજ છે. એ મૂળ સિદ્ધાંત જ્યાં સુધી પ્રજાના રક્તમાં પ્રવેશ કરીને તેની પ્રત્યેક નસ અને નાડીમાં વહેવા લાગ્યો હતો અને જે લોહી તેની નસોમાં વહેતું હતું તેના પ્રત્યેક બિન્દુ સાથે મળી જવા ઉપરાંત ત્યાંથી આગળ વધીને પ્રજાના જીવનની સાથે તે એક થઇ ગયો હતો. જે તત્ત્વો અને જે સાહિત્યોમાંથી સમગ્ર પ્રજા ઉત્પન્ન થઇ હતી તેનામાં મળીને તે એકરસ બની ગયો ત્યાં સુધી તેની પુનરાવૃત્તિ થતીજ રહેતી. આ પ્રકારે આ પુણ્યભૂમિ પરધર્મ તરફ પણ સંપૂર્ણ સહિષ્ણુતા બતાવનારી સમભાવનાની સાત્વિક ભૂમિ બની રહી છે! સર્વ ધર્મને આદરથી પોતાના અંકમાં બેસાડનારૂં લીલાક્ષેત્ર બની રહી છે! અને તેનાજ પ્રભાવે આપણી આ પુરાણી માતૃભૂમિમાં જુદા જુદા સઘળા ધર્મોને, સંપ્રદાયોને અને જાતિઓને આપણે આદરથી સ્થાન આપીએ છીએ.

દેખીતી રીતે પરસ્પર વિરોધી વિચારોવાળી તથા એક બીજાથી ઉલટી દિશામાં જનારી અનેક જુદી જુદી જાતિઓ અને એવા અગણિત મત પંથો, એકજ સ્થાને એક સાથે હળી મળીને સંપશાન્તિમાં રહેવાના આપણા દેશમાં દૃષ્ટિએ પડતા સર્વથી ચમત્કારિક પ્રસંગનો સંપૂર્ણ ખુલાસો ઉપરની હકીકતથી મળે છે. એપરથી સહજ

જણાશે કે હિન્દુ જાતિ પરધર્મ પ્રતિ દ્વેષરહિત અને સહિષ્ણુ છે. તમે ભલે દ્વૈતવાદી હો અને હું ભલે અદ્વૈતવાદી હોઉં, તમે ભલે એમ માનતા હો કે અમે "ભગવાનના સદા દાસાનુદાસ છીએ," અને બીજો ભલે પોતાનેજ ભગવાન સ્વરૂપ માને, એટલો બધો ધાર્મિક મતભેદ હોવા છતાં તેઓમાં સંપ–શાન્તિ એક સરખીજ જળવાઇ રહે છે! ધાર્મિક દૃષ્ટિએ જોતાં એ બન્ને પૂરેપૂરા અને સારા હિન્દુ છે. એમ કેમ બની શકે? એ કેમ બની શકે એ જાણવું હોય તો લક્ષથી વાંચોઃ–"**एकं सद्विप्रा बहुधा वदन्ति**" સત્ય શક્તિ એકજ છે. વિદ્વાનો તેને જુદાં જુદાં નામો આપે છે. પ્રિય દેશ બન્ધુઓ! બીજાં બધાં સત્યો કરતાં આ એક અતિ ભવ્ય અને ઘણું મહાન સત્ય છે; અને એ સત્ય જગતને શીખવીને આપણે જગતની સપાટી ઉપર સાત્વિક શાન્તિ પાથરેલી છે. બીજા દેશના શિક્ષિત પુરુષો અને વિદ્વાનો પોતાનાં નાક મરડીને પચીશ ડીગ્રીનો ખૂણો બનાવી મદથી આપણા ધર્મને "મૂર્તિપૂજા" કહીને નિંદે છે! મેં તેમનો એ મરડાટ બહુ વાર જોયો છે, તેમજ એ પણ જોયું છે કે તેમના પોતાના મગજમાં વહેમ અને કુસંસ્કારોનો કેટલો બધો ભૂસો ભરાઇ રહ્યો છે તેનો વિચાર કરવાને તેઓ થોભતા નથી! મનનું સાંકડાપણું એમાં સ્પષ્ટ દેખાઇ આવે છે. એવા મનુષ્યો પોતાની પાસે જે કંઇ હોય છે તેજ આખા જગતમાં સૌથી કિંમતી વસ્તુ છે, અને એજ વસ્તુ સૌએ મેળવવા લાયક છે; એવા ભ્રમમાં પડેલા હોય છે. એવા સાંકડા વિચારના માણસને પોતાની તુચ્છ જીંદગીજ સર્વને માટે અનુકરણ કરવા યોગ્ય જણાય છે, કે જે જીંદગી પાઉંડ પૂજા, ડૉલર પૂજા અને સેતાન પૂજામાંજ સમાઇ રહેલી હોય છે! પેસાની દિન રાત પૂજા કરવી એજ તેમના મતથી જીવનનો સદ્-ઉપયોગ છે. તેમને મતે જે કંઇ થોડું ઘણું તેમના સમજવામાં આવેલું છે તેજ સર્વોપરી છે. એ સિવાય બીજાઓની પાસે જે કંઇ છે

તે બધું નકામું છે. જો તે પોતે એકાદ નાનું માટીનું સાર કે હેતુ-વગરતું કંઇ રમકડું બનાવે અથવા તે કોઇ યંત્રની શોધ કરે તો તે મોટામાં મોટી મિલ્કત કરતાં પણ અધિક મૂલ્યવાન પદાર્થ ગણાવો જોઈએ અને ઠામ ઠામ તે વખણાવાંજ જોઇએ. કેળવણી અને જ્ઞાન આટલાં બધાં વૃદ્ધિ પામ્યાં હોવા છતાં આખા જગતમાં હજી સુધી સર્વત્ર એજ પ્રકાર જોવામાં આવે છે; પરન્તુ વાસ્તવિક રીતે જગતને ખરી કેળવણી હવેજ મળવાની છે, અને સુધારો-ખરો સુધારો—હજુ કોઇ ઠેકાણે શરૂજ થયો નથી. માનવ જાતિનો સેંકડે (૯૯.૯) નવાણું પૂર્ણાંક નવ દશાંશ ભાગ હજી સુધી થોડી કે વધારે જંગલી હાલત-માંજ છે. આપણે સુધારાની, શિક્ષણની અને વિચારોની ઉદારતા જેવી ઘણી સારી સારી વાતો પુસ્તકોમાં ભલે વાંચ્યા કરીએ; પરધર્મ પ્રત્યે દ્વેષરહિત ઉદારતા, નિષ્પક્ષપાત, સદ્‌ભાવ અને પરસ્પર એકતા કે ભ્રાતૃ-ભાવની આપણે ગમે તેટલી વાતો ભલે મ્હોડેથી કે ભાષણોમાં સાંભ-ળ્યા કરીએ; પણ આ જગતના વ્યાવહારિક બજારમાં તો એ સર્વ વસ્તુઓ બહુજ થોડા પ્રમાણમાં મળી આવે છે. આ હું મારા જાતિ અનુભવ ઉપરથી કહું છું. સેંકડે નવ્વાણું મનુષ્યોને તો હજુ તેનો વિચાર પણ નથી. દુનિયાના જે જે દેશોમાં હું ગયો છું ત્યાં સર્વત્ર પરધર્મિપર આજ સુધી એક સરખો પ્રબલ અત્યાચારજ ચાલી રહેલો મને જણાયો છે, અને કંઇ પણ નવી વસ્તુ શીખવાને માટે કે નવા વિચારોના સ્વીકારને માટે આગળ જે અડચણો ઉભી કરવામાં આવતી તેજ જુની અડચણો અને જુના વાંધાઓ આજ સુધી એવીજ રીતે ઉન્નતિનો રસ્તો રોકીને બેઠા છે. જગતમાં જો ક્યાંય પણ ધર્મસહિષ્ણુતા હોય, જો કોઇ ઠેકાણે પરધર્મ તરફ દ્વેષરહિત સમ-દૃષ્ટિથી જોવામાં આવતું હોય, અને કોઈ પણ ઠેકાણે ધર્મભાવ તરફ સહાનુભૂતિ અને લાગણી ધરાવવામાં આવતી હોય તો તે વ્યાવહા-

રિક રીતે માત્ર અહીંજ—આ આર્યોની ભૂમિમાંજ—વિદ્યમાન છે. બીજે કોઇ ઠેકાણે નથી. માત્ર અહીં—આ દેશમાંજ ભારતવાસીઓએ વિધર્મી મુસલમાનોને માટે મસ્જીદો અને ખ્રિસ્તીઓને માટે દેવળો બાંધી દીધાં છે. દુનિયામાં બીજા કોઇ લોકોએ વિધર્મીઓને માટે એટલી ઉદારતા બતાવી નથી. તમે બીજા દેશોમાં જાઓ અને મુસલમાનોને અથવા બીજા કોઇ ધર્મના લોકોને તમારે માટે એક મંદિર નિર્માણ કરવાનુ કહો, પછી જુઓ, તેઓ તમને કેવી મદદ કરે છે ?! મંદિર બાંધી આપવાને બદલે તેમનાથી બનશે તો તમારાં મંદિરને અને તમને પણ—આ તમારાં દેહમંદિરને પણ—ભાંગી નાખવાનોજ પ્રયત્ન કરશે ! આ જગતને હાલ જે મોટામાં મોટા શિક્ષણની જરૂર છે, તે માત્ર સહિષ્ણુતા અથવા પરધર્મ પ્રત્યે ઉદારભાવનીજ નહિ, પણ તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની પણ છે. આપણાં પરમ પવિત્ર સ્તોત્રોમાંના એક મહિમ્નસ્તોત્રમાં કેવા સુંદર ઉદાર ભાવો દર્શાવેલા છે ? *"જેમ જુદી જુદી નદીઓ જુદા જુદા પર્વતોમાંથી નીકળીને સીધી અથવા વાંકી ગમે તેવી ગતિએ ચાલતી, છેવટ સમુદ્રમાંજ આવી મળે છે, તેવીજ રીતે હે પ્રભો ! પોતપોતાની જુદી જુદી રૂચિને અનુસરતા જે માર્ગો, પંથો અને ધર્મો મનુષ્યો ધારણ કરે છે, તે બધા દેખીતી રીતે જુદા જુદા જણાવા છતાં સીધા કે વાંકા ચુંકા વળીને છેવટે તમારામાંજ આવી મળે છે. તમેજ એ સર્વનું એક માત્ર ગમ્યસ્થાન છો !" કેવા ઉદાર વિચારો ! કેટલાક ધર્મો ભલે વાંકા

* त्रयी सांख्यं योगः पशुपातिमतं वैष्णवमिति ।
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ॥
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषाम् ।
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥
श्री पुष्पदंताचार्य.

ચુંકા ચાલતા હશે, કેટલાક વળી સીધે રસ્તે પણ ચાલતા હશે, પરન્તુ છેવટ તો તેઓ બધા પરમાત્મામાંજ આવી મળશે, એકજ કેન્દ્રમાં એકઠા થશે. જો તમે ખરેખરા શિવના ઉપાસક હશો તો આ વાત જાણતાજ હશો કે ખરેખરો સાધુ અને મહાત્મા તથા ભક્ત તેજ છે કે જે સર્વત્ર સર્વમાં પોતાના ઉપાસ્ય દેવને જોઇ શકે છે. તમારી ભક્તિ અને તમારૂં શિવદર્શન—કલ્યાણકારક દર્શન ત્યારેજ સંપૂર્ણ થશે કે જ્યારે તમે શિવને માત્ર તેમની લિંગ—મૂર્તિમાંજ નહિ, પણ જગતમાં સર્વત્ર—સર્વ પ્રાણી પદાર્થોમાં—એક સરખી રીતે વ્યાપી રહેલા જોઈ શકશો. તમારે લક્ષમાં રાખવું કે ગમે તે નામથી અથવા ગમે તે રૂપે, ગમે તેવા વિધિથી ને ગમે તેવા પ્રકારે તેમની પૂજા કરવામાં આવે પણ તે સર્વ પ્રભુનીજ પૂજા છે. કાબાની દિશામાં મુખ ફેરવીને જેઓ ઘુંટણીએ પડી નિમાજ પઢે છે, ખ્રિસ્તીના દેવળમાં જઇને જેઓ પ્રાર્થના કરે છે, બૌદ્ધના મંદિરમાં જઇને જેઓ ઉપાસના કરે છે, તે બધા મનુષ્યો પણ તમારીજ પેઠે, જાણતાં કે અજાણતાં, એજ એક અમારા, તમારા અને સર્વના પ્રભુનીજ પૂજા—ઉપાસના કરે છે. ગમે તે પ્રકારે, ગમે તેનું નામ લઇને, મનુષ્યો જે જે ફૂલો ચઢાવે છે, તે બધાં પ્રભુનાજ શ્રી ચરણમાં સમર્પણ થાય છે; કારણ કે તેજ એક સર્વનો સ્વામી છે. મનુષ્ય અને પ્રાણી માત્રનો ઇશ્વર એકજ છે. તેજ એક સર્વ જીવોના આધારરૂપ, સર્વવ્યાપક અને સર્વથી પર છે. હું અથવા તમે જાણી શકીએ તેના કરતાં ઘણી સારી રીતે તે જાણતો હોય છે કે આ જગતને કયી વસ્તુની ખાસ જરૂર છે? બધા મતભેદોને દૂર કરવાનું અને સર્વત્ર એકજ ધર્મ ચલાવવાનું કામ તદ્દન અસંભવિતજ છે. મતભેદો તો જ્યાં સુધી જગત છે ત્યાં સુધી કાયમજ રહેશે; કેમકે વિવિધતા—વૈચિત્ર્ય—વિના જીવનજ ટકી શકશે નહિ. વિચારોના આ પરસ્પરના સંઘટ્ટન, એક બીજા સાથેના અથડાટ તથા પરસ્પરના

મતભેદોને લીધેજ જગત પ્રકાશમાં, ગતિમાં, પ્રગતિમાં અને સર્વ પ્રકારની ઉન્નતિમાં આગળ વધે છે. એક બીજાની સાથે અનંતકાલ પર્યંત વિરોધ બતાવનારા મતભેદો ભલે ટકી રહે, તેથી કાંઈ હાનિ નથી; પરન્તુ એનો કંઇ એવો અર્થ નથી થતો કે તેને લીધે આપણે એકબીજાનો તિરસ્કાર કરવો, અથવા એક બીજા સાથે કલહ કંકાસ કરવો. એટલા માટેજ આપણી માતૃભૂમિમાં એક વખત જે મહામંત્રનો પ્રબલ રીતે પ્રચાર કરવામાં આવ્યો હતો અને જે મૂલ મંત્રનો ફરી એકવાર આ ભારતમાંથીજ પાછો એવીજ રીતે પ્રચાર થવાનો છે, એજ મંત્ર આપણે પણ પાછો લક્ષપૂર્વક શીખી લેવાનો છે. આ અમારે શા માટે કહેવું પડે છે ? કારણ કે એ મહાન સિદ્ધાન્ત, એ વેદાન્તનો મૂલ મંત્ર, માત્ર આપણા શાસ્ત્ર-ગ્રંથોમાંજ લખેલો છે એમ નથી; પરન્તુ તે આપણા ભારતના સાહિત્યમાં વાક્યે વાક્યે અને આપણા પ્રજાકીય જીવનની પ્રત્યેક નસેનસમાં—અણુ અણુમાં પણ એકસરખો વહન થઈ રહ્યો છે. અહીં આ દેશમાંજ માત્ર તેનું હમ્મેશના જીવનમાં વ્યાવહારિક રીતે પાલન થાય છે; અને જેમને આંખો છે, જેઓ અંધ નથી, તેઓ જોઇ શકે છે કે ફક્ત આજ દેશમાં તેનું યથાર્થ પાલન કરવામાં આવે છે. જગતમાં બીજે કોઈ પણ સ્થાને એ એકતાના મૂલ મંત્રનું પાલન થતું નથી. આપણે જગતને એજ મંત્રનું શિક્ષણ આપવાનું છે. ભારતવર્ષ એ મંત્ર કરતાં પણ બીજા ઉંચા પ્રકારના મંત્રો આ જગતને શીખવી શકે તેમ છે; પરન્તુ તે બાબત વિદ્વાનો અને સુશિક્ષિત જનોને માટે છે; અને આ મહામંત્ર તો પંડિત, મૂર્ખ, જ્ઞાની, અજ્ઞાની સર્વને એકસરખી રીતે શીખવવા જેવો છે. હૃદયની નમ્રતા, તિતિક્ષા, સહિષ્ણુતા, ક્ષમા, સહાનુભૂતિ, બીજાની લાગણી તરફ તથા પરધર્મો તરફ દ્વેષરહિત સમભાવ અને વિશ્વવ્યાપી ભ્રાતૃભાવના મહામંત્રો—એ સીધા અને સરલ પણ પરમ ઉપ-

યોગી જીવનમંત્રો તો આ જગતમાં દરેક મનુષ્યે શીખવા યોગ્ય છે. પુરુષ, સ્ત્રી, બાલક, વૃદ્ધ, સુશિક્ષિત, અશિક્ષિત સર્વ દેશના સર્વ મનુષ્યોએ, મત પંથ કે ન્યાત જાતના કશા પણ જાત ભેદ વિના, સર્વ જાતિના, સર્વ દેશના અને સર્વ ધર્મ પંથોના સઘળા મનુષ્યોએ–એ મહામંત્ર એક સરખી રીતે ગ્રહણ કરવો જોઇએ કે "**एकं सद्विप्रा बहुधा वदन्ति**" **ॐ तत्सत्.**

કોલમ્બોના દેવમંદિરમાં.

બીજે દિવસે રવિવાર હતો. એ દિવસે પણ અનેક મનુષ્યો સ્વામીજીનાં દર્શન માટે ધમાલ મચાવી રહ્યાં હતાં. સ્વામીજી પણ મધુર શબ્દોમાં ઉપદેશ આપી સર્વને સંતુષ્ટ કરતા હતા. સાંજને વખતે કોલમ્બોના દેવમંદિરમાં જવા માટે સ્વામીજી બહાર નીકળ્યા હતા. એ વખતે અગણિત મનુષ્યો તેમની ગાડીની સાથે સાથે ચાલતા હતા; અને રસ્તામાં ભાવિક જનો ઠામ ઠામ ગાડી ઉભી રખાવીને અત્તર–ગુલાબજળ વગેરે સુગન્ધિત પદાર્થોથી તેમજ ફૂલના હાર તોરાથી સ્વામીજીનો પૂજ્યભાવે સત્કાર કરતા હતા, તથા તેમના ચરણમાં ફલ–ફૂલના ઉપહાર ધરતા હતા. સ્વામીજીના સન્માનાર્થે એ દેશના રિવાજ પ્રમાણે તેમની ગાડી જે માર્ગમાં થઇને જતી હતી, તે માર્ગપર આવેલા પ્રત્યેક હિંદુના ગૃહદ્વારપર–તેમાં પણ વિશેષ કરીને કોલમ્બોની તામિલ પલ્લીના મધ્ય ભાગમાં આવેલા ચેકુસ્ટ્રીટના પ્રત્યેક ગૃહ-દ્વાર ઉપર–તેજસ્વી દીપમાળાઓ દીપી રહી હતી, અને ફળ–ફૂલનાં તોરણો શોભી રહ્યાં હતાં. સ્વામીજીની ગાડી મંદિર આગળ પહોંચી કે તરતજ ત્યાં એકઠા થએલા લોકોએ 'જય મહાદેવ'ના મહા ધ્વનિથી ગગનમંડળ ગજાવીને સ્વામીજીનો સત્કાર કર્યો. મંદિરના પૂજારી તેમજ એકઠા થએલા બીજા પ્રતિષ્ઠિત પુરૂષો સાથે બેસીને થોડો સમય ધાર્મિક કથા–વાર્તા કર્યા પછી સ્વામીજી પોતાના ઉતારાના બંગલા તરફ

પાછા ફર્યા. બંગલે આવતાંજ તેમણે જોયું કે ત્યાં પંડિતો અને બ્રાહ્મણો તેમની સાથે ધર્મચર્ચા કરવાને માટે આગળથીજ આવીને તેમની રાહ જોતા બેઠા હતા. લંકાના એ વિદ્વાનો અને પંડિતોની સાથે રાત્રિના આશરે અઢી વાગ્યા સુધી ધર્મની ચર્ચા અને કથા–વાર્તા ચાલી હતી. ત્યાર પછી વળતે દિવસે સોમવારની સાંજે પણ કોલમ્બોમાં સ્વામીજીનું એક બીજું વ્યાખ્યાન થયું હતું.

કાન્ડિ

કોલમ્બોથી સ્ટીમરદ્વારા સીધા મદ્રાસ આવવાનો સ્વામીજીનો સંકલ્પ હતો; પરન્તુ લંકાનાં તેમજ દક્ષિણ કિનારાનાં જુદાં જુદાં શહેરોમાંથી રોજ રોજ આમંત્રણના તારો આવવા લાગ્યા. એ બધા તારોનો મુખ્ય ભાવ એજ હતો કે "માત્ર એક વાર અમારે ત્યાં પગલાં કરીને અમને પાવન કરો." આવા અનેક તરેહના આગ્રહથી સ્વામીજી પોતાનો આગળનો ઇરાદો ફેરવીને પગ રસ્તેજ ભ્રમણ કરતા કરતા મદ્રાસ જવાના વિચારપર આવ્યા. તેમણે મંગળવાર–ઓગણીસમી તારીખના પ્રભાતમાં કાન્ડિ તરફ પ્રયાણ કર્યું. કાન્ડિ શહેર લંકાનું એક પ્રસિદ્ધ હવા ખાવાનું પર્વતની ટેકરીપર આવેલું મથક છે. કાન્ડિ-નિવાસી લોકોએ દેવમંદિરનાં ચિત્રોવાળી ધ્વજા–પતાકાઓ સાથે વાજતે ગાજતે સ્વામીજીને સામૈયું કરીને એક સુંદર બંગલામાં ઉતારો આપ્યો. જાહેરસભા ભરી સ્વામીજીને તેમના પુણ્યપ્રયાસ માટે એક મનોહર ભાષામાં લખાએલું અભિનંદનપત્ર આપવામાં આવ્યું.

એ અભિનંદન (માનપત્ર)નો સંક્ષેપમાં ઉત્તર આપીને થોડો સમય વિશ્રાન્તિ લીધા પછી શહેરની મુખ્ય મુખ્ય જોવા લાયક વસ્તુઓ અને સ્થળો તેઓ જોવા નીકળ્યા. એજ દિવસે સંધ્યાકાળે ત્યાંથી રવાના થઇને લંકાના માતાલે નામના સ્થાનમાં તેઓ આવી પહોંચ્યા અને ત્યાં તેમણે રાત્રિ ગાળી.

જાફના તરફ જતાં—અનુરાધાપુર.

બુધવારને દિવસે સવારના પહોરમાંજ ત્યાંથી લગભગ બસો માઈલ દૂર આવેલા જાફના શહેરને માર્ગે પ્રવાસ શરૂ થયો. રસ્તાની બન્ને બાજુએ લીલાં કુંજાર જેવાં ધાન્ય તરૂઓથી શોભી રહેલી હરિતવર્ણી ભૂમિનું મોહક સૃષ્ટિસૌંદર્ય જોઇને, પ્રવાસી જનોને ઘણો આનંદ પ્રાપ્ત થતો હતો. સ્વામીજીનો નાનો સરખો સંઘ ચારે તરફ છવાઇ રહેલી પ્રાકૃતિક શોભાનાં મનોહર ચિત્રનું નિરીક્ષણ કરતો આનંદથી માર્ગક્રમણ કરવા લાગ્યો. એટલામાં દુર્ભાગ્યવશાત્ દામ્બુલ નામક ગામથી થોડે આગળ જતાંજ રસ્તામાં સ્વામીજીવાળી ગાડીનું એક પૈડું ભાગી ગયું, એથી રસ્તામાં એ સ્થાને તેમને લગભગ ત્રણ કલાક ખોટી થવું પડયું. ત્યાર પછી બળદની ગાડીમાં બેસીને કાનાહારિ અને તિનયાતિ થઇને ધીરે ધીરે તેઓ અનુરાધાપુર આવી પહોંચ્યા. અનુરાધાપુર ઘણું પ્રાચીન શહેર છે. તેની આસપાસ ચોમેર અનેક પ્રાચીન ખંડેરો આવેલાં છે. એ સઘળાં પ્રાચીન ખંડેરોના દેખાવપરથી જણાય છે કે ત્યાં લગભગ બે હજાર વર્ષો પૂર્વેનું પૃથ્વીનાં મોટાં શહેરોમાંનું એક મહાન શહેર હોવું જોઇએ. બૌદ્ધ લોકોનાં પણ અહીં અનેક પ્રાચીન કીર્તિસ્તંભો અને બીજાં ચિહ્નો મળી આવે છે. બુદ્ધગયાના મહાબોધિ વૃક્ષની શાખામાંથી ઉત્પન્ન થએલા પ્રાચીન પીપળાના ઝાડનો જેવો મહિમા છે, તેવોજ મહિમા પ્રાચીન યુગના બાંધકામના નમુનારૂપ ત્યાં આવેલા એક સુંદર સરોવરનો છે. વળી ત્યાં 'દાગોબા' નામક એક સુવિખ્યાત પ્રાચીન સ્તંભોનો સમૂહ પણ છે. પ્રાચીન તત્ત્વોની શોધખોળ કરનારાઓએ અનેક પ્રયત્નોથી આજ સુધી જે જે તપાસ કરી છે, તે ઉપરથી તેઓ એવા અનુમાન ઉપર આવ્યા છે કે તામિલ લોકોએ સિંહલદ્વીપ ઉપર આક્રમણ કર્યું, એ વખતે એ 'દાગોબા'ના સ્તંભોમાં પ્રાચીન બૌદ્ધ લોકોએ પોતાના હીરા

ઝવેર અને મણિ-મુક્તાના ભંડારો છુપાવી રાખ્યા હતા!

એ સરોવરના કિનારાપર આવેલા વિશાળ વૃક્ષોની ઘાટી છાયા-નીચે બેસીને લગભગ બે ત્રણ હજાર શ્રોતાજનોની સમક્ષ 'ઉપાસના'ના વિષય ઉપર સ્વામીજીએ એક નાનું સરખું પણ ઘણું અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. તેઓ પોતાનું વ્યાખ્યાન અંગ્રેજી ભાષામાં કરતા હતા અને ત્યાં તૈયાર રાખેલા દુભાષિયાઓ તેનો તામિલ અને સિંહલી ભાષામાં અનુવાદ કરીને ત્યાં એકઠા મળેલા અંગ્રેજી ભાષાથી અપરિચિત મનુષ્યોને તેમની સ્વભાષામાં સ્વામીજીના ઉપદેશામૃતનો લાભ આપતા હતા. સ્વામીજીએ એ પ્રસંગે પોતાના સિંહલી શ્રોતાઓને પૂજાનો અસાર બાહ્યાડંબર છોડી દઇ, વેદના દિવ્ય ઉપદેશોનો જીવનના પ્રત્યેક કાર્યમાં ઉપયોગ કરવાના સંબંધમાં એક અસરકારક ભાષણ સંભળાવ્યું. એ સિવાય ધર્મની વિશાળતા અને વ્યાપકતા સમજાવી, બૌદ્ધ ધર્મના એ મુખ્ય સ્થાનમાં વસનારા લોકોને પરસ્પર વૈર-વિરોધ તજી દેવાનો, તેમજ સમભાવ અને એકતા રાખવાનો ઉપદેશ પણ કર્યો હતો. વળી કહ્યું હતું કે શિવ, વિષ્ણુ, બૌદ્ધ અથવા ગમે તે નામે ભગવાનને ભજવામાં આવે તે બધી સર્વ દેશ વ્યાપી એકજ ઇશ્વરની ઉપાસના છે, માટે સર્વત્ર સમભાવ રાખવો. વળી બીજા ધર્મો-પ્રત્યે માત્ર દ્વેષરહિત વૃત્તિ રાખવાથીજ સંતોષ માનીને બેસી ન રહેતાં સર્વ ધર્મપ્રત્યે અને પ્રાણીમાત્ર ઉપર હૃદયપૂર્વક લાગણી રાખીને યથાશક્તિ સર્વને સહાય કરવામાંજ સ્વધર્મની, જન્મ અને જીવનની સફળતા છે; એવું તેમના હૃદયમાં સચોટ ઠસાવી દીધું હતું. ત્યાંના લોકોએ પણ ઘણા પૂજ્યભાવથી સ્વામીજીનો આદરસત્કાર કર્યો હતો. ત્યાર પછી:—

જાફનાને માર્ગે-વાન્હોનિયા.

અનુરાધાપુરથી જાફના એકસો વીશ માઇલ દૂર છે. એક તરફથી

રસ્તો જ્યારે પત્થરવાળો, ટેકરા ટેકરીઓવાળો અને ઘણો કઠિન હતો, ત્યારે બીજી તરફ ઘોડાઓ પણ એવાજ—બાલાજીના રથમાં જોડવા લાયક અને એક માઇલમાં અઢાર વખત બેસી જાય તેવા હતા. એથી સ્વામીજીની એ મુસાફરી કંઇક કષ્ટરૂપ થઈ પડી હતી; પરંતુ રસ્તાની અપૂર્વ શોભાને લીધે અને આસપાસના સૃષ્ટિસૌંદર્યની છટાને લીધે એ રસ્તાનું કષ્ટ તેમના મન ઉપર વધારે અસર કરી શક્યું નહિ. રસ્તાનાં ફળ ફૂલથી સુંદર જણાતાં વિશાળ વૃક્ષો, ટેકરા-ટેકરીમાંથી વહેતાં નિર્મળ નીરનાં નાનાં નાનાં ઝરણાં અને રસ્તામાં આમ તેમ દોડા દોડી કરતાં હરણાં—સસલાં જેવાં વિવિધ પ્રાણીઓના દેખાવથી માર્ગનું ચિત્ર બહુજ રમણીય બની રહ્યું હતું. દિવસના એ સઘળી શોભા વિલોકતા અને રાત્રિએ વિશ્રામથી મુસાફરીના થાકને સમાવતા સ્વામીજીના સંઘના મનુષ્યોને જાફના જતાં જતાં રસ્તામાં બે રાત્રિઓ ગાળવી પડી. એ બે દિવસે રાત્રિના સમયમાં કોઇ પણ નિદ્રા કરી શકયું નહિ. એજ રસ્તામાં 'વાવ્હોનિયા' નામના ગામમાં રહેનારા હિંદુઓએ સ્વામીજીને એક સુંદર માનપત્ર આપ્યું હતું. તેઓ સ્વામીજીના દર્શનથી ઘણો હર્ષ પામીને પોતાને સૌભાગ્યશાળી સમજવા લાગ્યા. તેમણે માનપત્રમાં જણાવ્યું હતું, કે—'સ્વામીજી મહારાજના મધુર સ્વભાવ, ઉદાર વિચાર અને નિઃસ્વાર્થ ધર્મપ્રચારના મહદ્ ગુણોથી તેમનાં મન મુગ્ધ બની ગયાં છે.' તેમનાં પ્રેમભર્યાં માનપત્રનો સંતોષકારક ઉત્તર આપીને, સ્વામીજી સિંહલદ્વીપના શોભાયમાન જંગલોમાં થઇને જાફના તરફ પ્રયાણ કરવા લાગ્યા. બીજે દિવસે સવારના સિંહલ અને જાફનાના દ્વીપોને જોડનારા સેતુ હસ્તિગિરિવર્ત્મમાં પણ સ્વામીજીનો સારી રીતે સત્કાર કરવામાં આવ્યો હતો. જાફના શહેરથી બાર માઇલ સુધી ત્યાંના પ્રતિષ્ઠિત લોકો સ્વામીજીને સત્કારથી તેડી જવાને માટે સામે આવેલા હતા. ત્યાંથી

ગાડીઓ કરીને બધા સ્વામીજીની સાથે સાથે જાફ્ના તરફ પાછા ફર્યા. એ વખતે સ્વામીજીના સ્નેહ–સત્કાર માટે જાફ્ના શહેરના પ્રત્યેક રસ્તાના પ્રત્યેક ગૃહને વિવિધ પ્રકારનાં ધ્વજા–પતાકા અને તોરણોથી શોભાવવામાં આવ્યું હતું. સાયંકાલની ભુરી તીવ્ર છાયા નીચે ઝળહળતી મશાલોના પ્રકાશમાં હિન્દુ કૉલેજના વિશાળ ચોગાનમાં ઘણા ઠાઠમાઠથી વાજતે ગાજતે સ્વામીજીને તેડી લાવવામાં આવ્યા. એ વખતનો દેખાવ ઘણોજ મનોહર, હૃદયગ્રાહી અને દબદબાભરેલો બની રહ્યો હતો. એ સ્થળે ખાસ ઉભા કરવામાં આવેલા એક વિશાળ સમિયાનામાં ચારેમેર ગોઠવેલાં સુન્દર આસનો અને સુસજ્જિત પુષ્પમાળાઓનાં તોરણોથી શોભતા સુંદર સ્થાનમાં સ્વામીજીનો સત્કાર કરવામાં આવ્યો હતો. એ પ્રસંગે સૂર્યનો અસ્ત થયો હોવા છતાં સ્વામીજીના દર્શન માટે એકઠા થએલા ઉત્સાહી લોકોની સંખ્યા લગભગ દશથી પંદર હજારની હતી. જાફ્નાવાસી જનોએ ઘણા ભક્તિભાવથી સ્વામીજીનો સત્કાર કર્યા પછી તેમને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલું એક ઉત્તમ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું; તેનો અનુવાદ અહીં આપવામાં આવે છે.

જાફ્નાવાસીઓનું સ્વામીજીને અભિનન્દનપત્ર.

શ્રીમદ્ વિવેકાનન્દ સ્વામીજી મહારાજનાં શ્રી ચરણમાં:–

શ્રી પૂજ્યપાદ મહાનુભાવ !

અમે જાફ્નાવાસી હિન્દુ ધર્માવલંબી લોકો, સિંહલદ્વીપના હિન્દુ ધર્મના મુખ્ય કેન્દ્રસ્વરૂપ અમારા આ શહેરમાં આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. લંકાદ્વીપના આ વિભાગમાં અમારે આંગણે આપનાં પુનીત પગલાં પાડવાનું અમેજ આપને આમંત્રણ મોકલ્યું હતું, તે સ્વીકારવાનો અનુગ્રહ કરીને આપે અમને ઘણા આભારી બનાવ્યા છે.

આજથી લગભગ બે હજાર વર્ષો પૂર્વે હિન્દના દક્ષિણ પ્રાન્તમાંથી અમારા પૂર્વજોએ અહીં આવીને પહેલવહેલો વાસ કરેલો હતો. એ વખતે જાફનામાં તામિલ રાજાઓ રાજ્ય કરતા હતા. તેમણે ઉદારભાવે અમારા પૂર્વજોના ધર્મનું સારી રીતે રક્ષણ અને પોષણ કર્યું હતું. તેમની પછી જ્યારે દૈવયોગે પોર્ટુગીઝ અને વલંદા લોકોનો રાજ્યાધિકાર થયો, ત્યારે તેમની વિદેશી રાજ્યસત્તા, અમારી ધર્મની ક્રિયાઓમાં વચ્ચે પડીને હાથ નાખવા લાગી. પૂજા—પાઠ, દેવ—દર્શન વગેરે અમારી સર્વ ધાર્મિક ક્રિયાઓ પ્રકટ રીતે અમારાથી કરી શકાતી નહોતી; કેમકે રાજ્યસત્તાથી તેનો નિષેધ કરવામાં આવ્યો હતો. તેમજ અમારાં પવિત્ર મંદિરો, જેમાં બે મહાન મંદિરોનો યશ તો બહુ દૂર દૂર સુધી વિસ્તાર પામ્યો હતો, તે સર્વનો એ અત્યાચારી લોકોના ક્રૂર હાથે વિનાશ થયો છે. એ લોકોએ અમારા પૂર્વજોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવા માટે ઘણા લાંબા સમય સુધી પ્રબળ પ્રયત્નો કર્યા હતા; પરન્તુ અમારા એ ધર્મપ્રાણ પૂર્વજો પોતાના પ્રાચીન સ્વધર્મને તેમનો પ્રબળ ત્રાસ વેઠીને પણ દૃઢતાથી વળગી રહ્યા, અને તેમનેજ પ્રતાપે આજે અમારા પ્રાણથી પ્રિય સનાતન આર્યધર્મનો મહામૂલ્યવાન વારસો અમને મળ્યો છે. હવે ઉદાર અને દયાળુ અંગ્રેજ સરકારના ન્યાયી રાજ્યકાર્યભારમાં અમારા ધર્મની ફરીથી ઉન્નતિ થવા લાગી છે; એટલુંજ નહિ પણ અમારાં પવિત્ર ધર્મમંદિરોનો પણ પુનરૂદ્ધાર થવા લાગ્યો છે. તેમાંનાં કેટલાંક પાછાં તૈયાર થયાં છે, અને બાકીનાં કેટલાંકનું કામ હજુ ચાલી રહ્યું છે.

આપશ્રી વેદોના તેજસ્વી સિદ્ધાંતોનો પ્રકાશ, અત્યંત દૂરના અમેરિકા ખંડમાં આવેલા ચિકાગો શહેરની ધર્મપરિષદમાં પ્રભાવપૂર્વક પ્રસારીને અને પુણ્યભૂમિ ભારતની બ્રહ્મવિદ્યાનો ઈંગ્લાંડ અને અમેરિકામાં પ્રબળભાવે પ્રચાર કરીને, સમગ્ર પશ્ચિમવાસી પ્રજાને હિન્દુ

ધર્મના મહાન સિદ્ધાંતો સમજાવીને, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે નિકટ સંબંધની ગાંઠ બાંધવામાં સફળ થયા છો. એ પ્રકારે અમારા ધર્મને માટે આપશ્રીએ નિઃસ્વાર્થ–નિષ્કામ વૃત્તિથી જે ઉત્તમ પુરૂષાર્થ ઉઠાવ્યો છે, તેને માટે આજનો સુયોગ મળતાં અમે સર્વે હૃદયપૂર્વક આપની કૃતજ્ઞતા દર્શાવીએ છીએ. આજના પ્રબલ જડવાદી યુગમાં જ્યારે સર્વત્ર શ્રદ્ધા અને ધર્મબુદ્ધિનો નાશ થવા લાગ્યો છે, અને આધ્યાત્મિક સત્યોની શોધમાં લોકોને અરૂચિ ઉત્પન્ન થવા લાગી છે, ત્યારે–આવા ભયંકર નાસ્તિકતાથી છવાએલા દિવસોમાં આપ અમારા પ્રાચીન ધર્મના અભ્યુદય માટે જે પરિશ્રમ ઉઠાવી રહ્યા છો, અને દેશ તેમજ વિદેશમાં તેનું જે પ્રબલ આન્દોલન કરી રહ્યા છો, તેને માટે આપને અમે અનેક ધન્યવાદ આપીએ છીએ.

પાશ્ચાત્ય પ્રજાઓને આપણા ધર્મના ઉદાર વિચારો સમજાવીને ત્યાંના વિદ્વાનોની આપે સંપૂર્ણ ખાત્રી કરી આપી છે, કે–‘ પાશ્ચાત્ય દાર્શનિક અને વિદ્વાન પુરુષો જે જે મહાન સત્યોનો સ્વપ્નમાં પણ વિચાર કરી શક્યા નથી, એવા સર્વ ઉજ્જવલ અને ગહન વિષયોનો હિન્દુઓનાં દર્શનશાસ્ત્ર અને હિન્દુઓની તત્ત્વવિદ્યામાં એક અખંડ ભંડાર ભરેલો છે.’ એ આપના ઉપકાર અમે યોગ્ય શબ્દોને અભાવે અમારી દીન વાણીદ્વારા પૂરો પ્રકટ પણ કરી શકતા નથી.

આપ જ્યારે દૂરના પાશ્ચાત્ય પ્રદેશોમાં આપણા ધર્મનો સતેજ રીતે પ્રચાર કરતા હતા, ત્યારે અમે અહીં દૂર બેઠા બેઠા પણ ઉત્સુકતા-પૂર્વક આપના કીર્તિયુક્ત કાર્યકલાપનું સંવાદપત્રોદ્વારા નિરીક્ષણ કરી હર્ષિત બની રહ્યા હતા. આપને પ્રભાવપૂર્વક પ્રચાર કરતા અને પવિત્ર કાર્યમાં સર્વથા સફલ થતા જાણીને અમારા અંતરમાં આનંદની પ્રબળ લહરીઓ ઉછળી રહી હતી ! પાશ્ચાત્ય દેશોમાં ધર્મચર્ચાને માટે અને જ્ઞાનચર્ચાને માટે જે જે સર્વોત્તમ સ્થાનો મનાય છે, ત્યાંનાં સર્વ

સંવાદપત્રોમાં આપનાં તેમજ આપના અમૂલ્ય ગ્રંથોનાં ગુણગાન વાંચીને અમે હર્ષપૂર્વક જોઈ શક્યા છીએ, કે આપના દિવ્ય જીવનનું મહાન વ્રત આપે ઘણી સફળતાપૂર્વક ઉજ્જ્વલ યશોરેખાની છાયામાંજ ઉજવ્યું છે.

આપ અનુગ્રહ કરીને અમારા દેશમાં પધાર્યા, આપનાં પુનીત પગલાંવડે અમારૂં આંગણું પાવન કર્યું, એથી અમે આજે કૃતાર્થ થયા છીએ. એ અમારાપરની અપાર કૃપા માટે અમે આપના ઘણા આભારી થયા છીએ. વેદને આપ જેવી રીતે સર્વ પ્રકારના આધ્યાત્મિક જ્ઞાનના ભંડારરૂપ માનો છો, તેવીજ રીતે અમે પણ આપણા શ્રુતિ ગ્રંથોમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીએ છીએ. આપ અનેકવાર અમારે આંગણે પધારી, અમને દર્શનનો લાભ આપશો, એવી અમે આશા રાખીએ છીએ.

આપના શુભ કાર્યમાં જે દયામય ઈશ્વરે સંપૂર્ણ સહાય કરીને સફલતા આપેલી છે, તે ઈશ્વરને અમે પ્રાર્થના કરીએ છીએ, કે—'તેઓ આપને લાંબુ આયુષ્ય, આરોગ્ય અને યથાયોગ્ય બળ આપીને દીર્ઘકાળ સુધી આપને ધર્મોદ્ધારના પવિત્ર મહા વ્રતમાં આગળ વધારી સંપૂર્ણ સફલતા આપે.'

આપ પૂજ્યશ્રીના શ્રદ્ધાળુ સેવકો,

સમગ્ર જાફનાવાસી હિન્દુવર્ગના સવિનય પ્રણામ.

સ્વામીજીએ આ હૃદયની લાગણી અને પૂજ્યભાવથી ભરેલા અભિનન્દનપત્રનો એક બહુજ અસરકારક વ્યાખ્યાનથી ઉત્તર આપ્યો હતો અને વળતે દિવસે રવિવારની સાંજે એજ સ્થાને 'વેદાન્ત વાદ' ના આધ્યાત્મિક વિષય ઉપર એક રસિક તેમજ અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું; તેનો સંપૂર્ણ અનુવાદ હવે પછી આપવામાં આવે છે.

વેદાન્તવાદ.

(સ્વામીજીએ જાફનામાં આપેલા ઇંગ્રેજી વ્યાખ્યાનનો અનુવાદ.)

આજનો વિષય ઘણો વિશાળ છે; અને સમય બહુ ટુંકો છે. માત્ર એકજ વ્યાખ્યાનમાં વિશાળ હિન્દુ ધર્મનું સંપૂર્ણ મીમાંસાપૂર્વક પૃથક્કરણ કરી બતાવવું તે ગાગરમાં સાગર ભરવા જેવું અસંભવિત છે; જેથી મારી શક્તિ અનુસાર આપણા ધર્મનાં મુખ્ય મુખ્ય તત્ત્વો સંક્ષેપમાં રજુ કરીશ. આપણુને આપણે જે હિન્દુ શબ્દથી ઓળખાવીએ છીએ તે શબ્દનો મૂળ અર્થ તેના વ્યાવહારિક ઉપયોગમાંથી હાલ અદૃશ્ય થયો જણાય છે, પરંતુ એ શબ્દ સિન્ધુ નદીની આ તરફ રહેનારા સઘળા મનુષ્યવર્ગને સૂચવે છે. પૂર્વે સિન્ધુની આ તરફ બધી હિન્દુનીજ વસ્તી હતી, અને હિન્દુ શબ્દ પણ સિંધુનુંજ રૂપાન્તર છે. પ્રાચીન પારસી લોકોમાં જે વખતે પ્રાચીન ઝંદ ભાષા પ્રચલિત હતી, તે વખતે તેઓ 'સ'ને બદલે 'હ' વાપરતા હોવાથી સિન્ધુ નદીને પણ તેઓ 'હિન્દુ' કહેતા; અને તે નદીની બીજી બાજુ ઉપર વસનારી સઘળી પ્રજાને પણ તેઓ હિન્દુ કહેતા. આ પ્રમાણે એ શબ્દનો મુસલમાની રાજ્યના વખતથી આપણે પોતે પણ આપણે માટે પ્રયોગ કરવા લાગ્યા. એ શબ્દનો ઉપયોગ કરવામાં હાનિ નથી, પરન્તુ મેં ઉપર જણાવ્યું તેમ તેનો આદિભાવ આજે લુપ્ત થયો છે; કેમકે સિન્ધુ નદીની આ તરફ પંજાબથી આરંભીને છેક કન્યાકુમારી સુધીના વિશાળ હિન્દુસ્તાન દેશમાં જે મોટો જનસમુદાય આજકાલ વસે છે, તેમાંના સર્વ મનુષ્યો આગળની પેઠે કંઈ એકજ વૈદિક ધર્મને માનતા નથી. તેના મૂળ અર્થ પ્રમાણે જોતાં તો એ શબ્દમાં જે વાસ્તવિક હિન્દુ શબ્દ સૂચવેલો છે, તે હિંદુસ્તાનમાં હાલ

વસનારા મુસલમાનો, ખ્રિસ્તીઓ, પારસીઓ, જૈનો વગેરે સર્વ લોકોને લાગુ પડે છે. (આ પ્રમાણે હિન્દુ શબ્દનો ઉપયોગ કરવાથી ન્યાયના અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ આદિ દોષો આવી જાય છે.) એટલા માટે હું મારા વ્યાખ્યાનમાં આપણે માટે 'હિન્દુ' શબ્દનો ઉપયોગ નહિ કરૂં. ત્યારે આપણે કયા શબ્દનો ઉપયોગ કરશું? આપણા ધર્મપ્રત્યે લક્ષ રાખીને, એ શબ્દનો ઉપયોગ કરવા જતાં, 'હિન્દુ' શબ્દને સ્થાને એટલોજ વિશાળ અર્થ બતાવનારા જે શબ્દોનો આપણે ઉપયોગ કરી શકીએ, તે 'વૈદિક' (અર્થાત્ વેદના મતને અનુસરનારા) અથવા તેના કરતાં પણ વધારે સારો 'વેદાન્તી' (વેદના શ્રુતિ સિદ્ધ વિચારોને માનનારા) શબ્દ છે. જગતના મુખ્ય મુખ્ય મહાન ધર્મો અમુક પુસ્તકો અથવા ધર્મગ્રન્થોને પ્રમાણરૂપ માને છે, કે જે ગ્રન્થો તેમના મત પ્રમાણે ઇશ્વિરીવચનો અથવા એવાજ અલૌકિક મહા પુરૂષોનાં વચનો તરીકે હોય છે; અને એ વચનો તેમજ પુસ્તકો તેમના ધર્મોના મુખ્ય પાયારૂપ હોય છે. આ પ્રકારના સર્વ પ્રાચીન ધર્મગ્રંથોમાં પશ્ચિમના આધુનિક મહાન પંડિતોને મતે હિન્દુઓના વેદગ્રન્થો સર્વથી જુના જમાનાના એટલે કે પ્રાચીનતમ છે, એટલા માટે વેદોના સંબંધમાં કંઇક ખુલાસો કરવાની અને જાણવાની આવશ્યકતા છે.

જે વચનો અને ઉલ્લેખોને વેદનું નામ આપવામાં આવે છે તે કંઇ મનુષ્યોના મુખમાંથી ઉચ્ચારાયલાં વાક્યો નથી. તેમની રચનાનો સમય કદિ પણ નિશ્ચિત થઈ શકયો નથી, અને નિશ્ચિત થઇ શકે તેમ નથી. આપણા મત પ્રમાણે તો એ ઇશ્વિરપ્રણીત વેદો અનાદિ અનંત છે. અહીં એક વાત ખાસ લક્ષમાં રાખવાની હું તમને ભલામણ કરૂં છું કે જગતના બીજા બધા ધર્મો તેમના માનેલા અવતારધારી કે સાકાર ઇશ્વિરના અથવા તો દિવ્ય સાકાર પુરૂષોના, દેવદૂતોના કે ઇશ્વિરના મોકલેલા ખાસ સંદેશો લાવનારા

આત્માઓ (પેગંબરો) નાં વચનોરૂપે પોતાને માટે મળેલી દેવવાણી તરીકે પોતપોતાના મૂળ ધર્મગ્રંથોને માને છે; પરન્તુ હિન્દુઓનો દાવો કંઈક જુદીજ રીતનો છે. તેઓ ખાસ વેદનેજ સ્વતઃપ્રમાણ માને છે. જેથી તેને પ્રમાણરૂપ ઠરાવનાર બીજો કોઈ પ્રમાતા નથી. ઈશ્વર પણ વેદોનું પ્રમાણ નથી. ઉલટા વેદોજ ઈશ્વરના પ્રમાણસ્વરૂપ છે, કેમકે વેદ અનાદિ અનંત અને ઈશ્વરના જ્ઞાનસ્વરૂપ છે. તેઓ કદિ પણ રચાયા નથી. અનાદિ કાળની સાથે તેનું અસ્તિત્વ પણ અનાદિ છે. જેવી રીતે આ જડ–ચેતનાત્મક સૃષ્ટિ અનાદિ અને અનન્ત છે, તેવીજ રીતે ઈશ્વરનું જ્ઞાન પણ અનાદિ અને અનન્ત છે. એ ઈશ્વરીય જ્ઞાનનેજ વેદ કહે છે. (**विद्** ધાતુનો અર્થ જાણવું થાય છે.) વેદાન્ત નામનો જ્ઞાનરાશિ ઋષિ તરીકે ઓળખાતા મહાન પુરૂષોએ શોધી–સંગ્રહી જગતને અર્પણ કર્યો છે. એ ઋષિ શબ્દનો અર્થ મંત્રદ્રષ્ટા થાય છે; અર્થાત્ પ્રથમથીજ જે જ્ઞાન વિદ્યમાન હતું તેના તેઓ માત્ર પ્રત્યક્ષ કરનાર અથવા દર્શાવનારજ છે. એ જ્ઞાન કાંઈ તેમના પોતાનાજ મૂળ વિચારોનું પરિણામ નથી. જ્યારે જ્યારે તમારા સાંભળવામાં આવે કે વેદના અમુક મંત્રોના અમુક ઋષિ છે, ત્યારે એ-પરથી તમારે એમ ન સમજવું કે એ મંત્ર એ ઋષિનોજ રચેલો છે, કારણ કે તે તો માત્ર જે વિચાર અને જ્ઞાન આગળથીજ અવસ્થિત હતું તેના દ્રષ્ટા, જોનાર, હૃદયમાં અનુભવનારજ છે. એ જ્ઞાન અનન્ત કાળથીજ આ વિશ્વમાં વિદ્યમાન હતું. વિશ્વની સાથેજ વિશ્વ નિયમ રૂપે તે અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવતું હતું. આ પ્રમાણે ઋષિઓ શાશ્વત વેદસિદ્ધાંતોના શોધકજ હતા.

વેદોનો વિશાળ વાક્યસમૂહ મુખ્ય બે ભાગોમાં વહેંચાયેલો છે. એ બે ભાગ કર્મકાંડ અને જ્ઞાનકાંડના નામથી ઓળખાય છે. યજ્ઞ-યાગાદિ ક્રિયા અને અનુષ્ઠાનોની પદ્ધતિ દર્શાવનારો વિભાગ તે કર્મકાંડ

અને આત્મજ્ઞાનનું નિરૂપણ કરનારો વિભાગ તે જ્ઞાનકાંડ છે. કર્મકાંડના વિભાગમાં જે અનેક યજ્ઞ—યાગોનાં અનુષ્ઠાન જણાવ્યાં છે, તેમાંનો મોટો ભાગ તો વર્તમાનયુગને માટે અનુપયોગી સમજીને હાલ છોડી દેવામાં આવ્યો છે. કેટલાક યજ્ઞો વિશાળ ખર્ચ અને પરિશ્રમથી સિદ્ધ થાય એવા, તેમજ અનેક કઠિન ક્રિયાઓથી ભરેલા હોવાથી આજના દેશ-કાળની સ્થિતિમાં વ્યાવહારિક રીતે પણ તેમનું અનુષ્ઠાન થવું અસંભ-વિત છે. બાકીના કેટલાક એજ રૂપમાં અથવા દેશ—કાળ પ્રમાણે કંઇક ફેરફાર સહિત આજ સુધી ચાલુ છે. કર્મકાંડના જે વિચારો સામાન્ય અને હિતકર છે, તે બધાનું મનુષ્યના કર્ત્તવ્યરૂપે એટલે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી, એ જુદા જુદા આશ્રમીઓના જુદા જુદા કર્ત્તવ્યરૂપે થોડાક વિશેષ પ્રમાણમાં વેદના સમયથી આજ સુધી પાલન થતું આવ્યું છે. આપણા ધર્મનો આધ્યાત્મિક વિભાગ જ્ઞાનકાંડ અથવા ખરૂં વેદાન્તશાસ્ત્ર છે. વેદાન્ત એટલે વેદનો અન્ત, વેદની ટોચ, સાર, સત્વ અથવા તેનું પરમ લક્ષ્ય. જ્ઞાનરૂપ એ સત્વને વેદાન્ત અથવા ઉપનિષદ્ કહેવામાં આવે છે, અને ભારતના સઘળા સપ્રદાયો જેવા કે દ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતવાદી, અદ્વૈતવાદી તેમજ સાંપ્રદાયિક દૃષ્ટિથી સૌર, શાક્ત, ગાણપત્ય, શૈવ, વૈષ્ણવ વગેરે વગેરે સર્વ, એ વેદાન્ત અથવા ઉપનિષદ્‌ને પ્રમાણરૂપ માને છે. હિન્દુ ધર્મની મર્યાદામાં જે કોઇ સંપ્ર-દાય રહેવા માગતો હોય તેનો વેદના આ જ્ઞાનભાગને માન્યા વગર છુટકોજ થતો નથી. તેઓ ભલે એ વિભાગના મંત્રો અને વાક્યોની પોતપોતાના મતને અનુસરતી વ્યાખ્યા અને ટીકાઓ કરે. શબ્દાર્થોની ગમે તેટલી ઉલટપાલટ કરીને પણ વેદના એ જ્ઞાનભાગના પ્રત્યેક વાક્ય અથવા મંત્રને તેણે પ્રમાણરૂપે સ્વીકારવોજ પડશે. એજ કારણથી હિન્દુ ધર્મને માનનારા માટે હિન્દુ શબ્દને બદલે વેદાન્તી શબ્દનો વ્ય-વહાર કરવાની મેં જરૂર દર્શાવી છે. ભારતના સઘળા પ્રાચીન અને

ચુસ્ત દાર્શનિકો તેમજ અધ્યાત્મવાદીઓને એ ભાગનું—વેદાન્તનું પ્રામાણ્ય સ્વીકારવુંજ પડયું છે.

આજકાલ હિન્દુધર્મની જેટલી શાખા પ્રશાખાઓ છે તેમાંની કેટલીક બહુજ વિચિત્ર છે, પરંતુ તેમનો યથાસ્થિત અભ્યાસ કરીને જો તેને બરાબર સમજનારો મનુષ્ય હોય તો તે તરતજ જોઇ શકે છે કે તેમના વિચારો, મુખ્ય સદ્ધાંતો અને આધાર, વેદના એ જ્ઞાન-વિભાગ ઉપરજ છે. એ જ્ઞાનતત્ત્વ અને ઉપનિષદના વિચારોનો આ-પણી પ્રજાની નસેનસમાં એટલો બધો પ્રવેશ થઇ ગયો છે કે કોઇ પણ મનુષ્ય હિન્દુ ધર્મના કોઈ વિચિત્રમાં વિચિત્ર પન્થના રૂપકનો અભ્યાસ કરે તો તેમાં ઉપનિષદના કોઇ વિચારને અલંકારથી શણ-ગારીને સારી ભાષામાં અથવા તો દેશ—કાળ પ્રમાણે ફેરફાર કરીને મૂકેલો જણાશે. આ પ્રમાણે કેટલાક સમય પછી ઉપનિષદના વિચારો રૂપક અને આખ્યાયિકાનું રૂપ ધારણ કરે છે અને તે પ્રકારે પણ જુદા જુદા હિન્દુ સંપ્રદાયોના પાયારૂપ બની રહે છે. આ પ્રમાણે ઉપનિ-ષદના આધ્યાત્મિક વિચારો આપણામાં રૂપકરૂપે સ્થૂલભાવ ધારણ કરીને આપણા ગૃહવ્યવહારમાં પણ ઓતપ્રોત થઇ પડયા છે. મૂર્તિ, મંત્ર, તંત્ર વગેરે જે અનેક સંજ્ઞાઓ આપણા વ્યાવહારિક ઉપયોગમાં પ્રચલિત છે, તે સર્વ ઉપનિષદમાંથીજ આવેલી છે. ક્રમે ક્રમે તે રૂપકરૂપે સ્થૂલભાવ ધારણ કરીને કોઇ પણ સંજ્ઞા અથવા ધાર્મિક ક્રિયારૂપે સમગ્ર પ્રજામાં વ્યાપીને હમ્મેશના જીવનના એક અંગરૂપ બની જાય છે.

વેદાન્ત પછી ઉતરતું પ્રમાણ સ્મૃતિનું ગણાય છે; એ સ્મૃતિ-ગ્રન્થો પણ પ્રાચીન ઋષિયોનાજ લખેલા છે, પરન્તુ તેમનું પ્રામાણ્ય વેદને આધીન છે. જો કોઇ સ્મૃતિનો ઉલ્લેખ વેદના વિચારોથી વિરોધ ધરાવતો હોય તો તેનો ત્યાગ કરીને વેદના સિદ્ધાંતને પ્રમાણરૂપે સ્વી-કારવામાં આવે છે. વળી એ સ્મૃતિઓ જુદા જુદા યુગને માટે જુદી

જુદી છે. આપણે શાસ્ત્રમાં વાંચીએ છીએ કે અમુક અમુક સ્મૃતિઓ સત્યયુગમાં, અમુક ત્રેતાયુગમાં, અમુક દ્વાપરયુગમાં અને અમુક કલિયુગમાં પ્રમાણરૂપ ગણવી. દેશ, કાળ, પાત્ર અને પરિસ્થિતિના ફેરફારને અનુસરીને પ્રજાના આચાર-વિચારમાં પણ ફેરફાર થાય છે; અને સ્મૃતિઓ મુખ્ય કરીને વ્યાવહારિક આચાર-વિચારનીજ નિયામક હોવાથી આચાર-વિચારના ફેરફારોની સાથે વખતો વખત તે પણ ફેરવાય છે; આ વાત હું તમને લક્ષમાં રાખવાની ખાસ ભલામણ કરૂં છું. આપણા ધર્મના જે જે મુખ્ય સિદ્ધાંતો વેદાન્તમાં દર્શાવેલા છે તેમાં કદિ પણ ફેરફાર કે પરિવર્તન થતું નથી તેનું કારણ એ છે કે મનુષ્ય અને પ્રકૃતિના સ્વભાવમાં સદાકાળ વ્યાપી રહેલાં અને રહેનારાં સત્યો અનુસારજ તે સિદ્ધાંતોનું બંધારણ કરવામાં આવ્યું છે. વિશ્વપ્રકૃતિના તેમજ માનવપ્રકૃતિના નિયમો પણ જેવી રીતે અનાદિ, અનંત અને અચલ છે, તેવી રીતે એ સિદ્ધાંતો પણ શાશ્વત અને અચલ છે. સ્વર્ગ સંબંધી, આત્મા-પરમાત્મા સંબંધી, મોક્ષ સંબંધી જે જે નિત્ય વિચારો છે તેમનું કદિ પણ પરિવર્તન થતું નથી. હજારો વર્ષ પૂર્વે તે જે રૂપમાં હતા તેવાજ રૂપમાં તે આજે પણ છે, અને લાખો વર્ષ પછી પણ તેઓ એવાજ રહેશે; પરન્તુ જે ધર્મક્રિયાઓ અને પદ્ધતિઓ આપણી સામાજિક સ્થિતિ અને તેના સંબંધ ઉપર આધાર રાખે છે તે સર્વમાં તો સમાજસ્થિતિના ફેરફાર સાથે ફેરફાર થવોજ જોઇએ. અમુક સમયે કહેવાયલો અમુક આચાર અથવા અમુક વિધિ, અમુક સમય સુધીજ લાભકારક રહી શકે છે; પરન્તુ બીજે સમયે તે લાભકારક અને વાજબી ન હોઇ શકે એ દેખીતુંજ છે. આપણે જોઇ શકીએ છીએ કે અમુક ખોરાકની અમુક સમયમાં રજા આપવામાં આવી છે, અને બીજા સમયને માટે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. જે સમયમાં તે ખોરાક લાભકારક અને આવશ્યક હતો તે સમયને માટે તેની વિધિ છે, અને

જે સમયને માટે તે નુકસાનકારક અને અનાવશ્યક હતો તે સમયને-માટે તેનો નિષેધ છે. જગતમાં હવા, પાણી અને પ્રકૃતિના બીજા ફેરફારો કાલાન્તરે થયાજ કરે છે. વળી બીજી પણ કેટલીક પરિસ્થિતિઓને અનુસરવું પડે છે. એથીજ સ્મૃતિઓએ પણ તે જુદી જુદી સ્થિતિઓને લક્ષમાં રાખી ભક્ષ્યાભક્ષ્ય તેમજ બીજા આચાર–વિચારમાં સમયભેદે ફેરફારો સૂચવેલા છે. આ વખતે ધારો કે આપણી સમાજને અમુક ફેરફારોની જરૂર છે તો તેવા ફેરફારો સ્વાભાવિક રીતે આપણે કરવાજ પડશે. સ્મૃતિઓ પણ તે ધોરણને અનુસરીનેજ ઉપદેશ આપી ગઇ છે, અને એ ફેરફારો કેવી રીતે કરવા તેના સચોટ ઉપાય ઋષિઓએ આપણને બતાવ્યા છે.

સ્મૃતિઓ પછી પુરાણો આવે છે. પુરાણોમાં ઇતિહાસ, સૃષ્ટિતત્ત્વ, વિવિધ રૂપકો અથવા દૃષ્ટાંતોવડે એજ વૈદિક વિચારોનું વિસ્તૃત વિવેચન વગેરે વિષયો આવેલા છે. એ પુરાણો વેદધર્મને વધારે લોકપ્રિય અને સરલ બનાવવા માટેજ લખાયાં છે. વેદો જે ભાષામાં લખાયા છે તે અતિ પ્રાચીન ભાષા છે. મહાન વિદ્વાનો પણ એ પ્રાચીન ગ્રન્થોનો સમય નિર્ણય કરવાને શક્તિમાન નથી. પુરાણો તે તે સમયના લોકોની ચાલુ ભાષામાં લખાયાં હતાં. એ ભાષાને આપણે અર્વાચીન સંસ્કૃત ભાષા કહીએ છીએ. એ પુરાણો કંઇ વિદ્વાનોને માટે લખવામાં નથી આવ્યાં; પરન્તુ સ્થૂલબુદ્ધિના સામાન્ય લોકોને-માટે તે લખાયાં છે. સામાન્યબુદ્ધિના વ્યાવહારિક લોકો, અધ્યાત્મવિદ્યાની ઉંડી વાતો સમજી શકતા નથી અને તેનાં મહાન સત્યોને હૃદયમાં ઉતારી શકતા નથી; જેથી એ બધી ફિલસુફીની ઉંડી વાતો, સામાન્ય લોકોને સમજાવવાને, તેમને સમજાય તેવી ચાલુ ભાષામાં મહાત્માઓ, રાજાઓ અને પરાક્રમી પુરૂષોનાં જીવન ચરિત્રોનાં આખ્યાન–ઉપાખ્યાનોરૂપે પુરાણોમાં સમજાવેલી છે. જે જે

ઐતિહાસિક બનાવો આર્યપ્રજામાં એ વખતે બનતા હતા તેમનાં રસિક વૃત્તાન્તો પણ પુરાણોમાં ગોઠવીને, આપણા ધર્મના શાશ્વત સિદ્ધાંતોનું, રસિક દૃષ્ટાંત સિદ્ધાંત સહિત લોકોને શિક્ષણ આપવાનો પ્રશંસાપાત્ર પ્રયત્ન પુરાણોદ્વારા કરાયો છે.

એ ઉપરાંત તંત્રગ્રંથો પણ એક અંગરૂપ છે. કેટલાક વિષયોમાં તંત્રો પુરાણોને મળતાંજ છે, અને કેટલાંક તંત્રોમાં કર્મકાંડમાં સૂચવેલા યજ્ઞ—યાગાદિને પુનઃ ચાલુ કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ઉપર વર્ણવ્યાં તે સઘળાં શાસ્ત્રોનો હિન્દુઓના ધર્મશાસ્ત્રમાં સમાવેશ થાય છે. એકજ પ્રજા અને એકજ જાતિમાં જ્યારે આટલી મોટી સંખ્યામાં ધર્મગ્રન્થો થયા હોય અને હજારો વર્ષ સુધી જે પ્રજાએ આવી રીતે અધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રોમાં તેમજ તેની ચર્ચામાં પોતાની શક્તિનો મોટો ભાગ ખર્ચ્યો હોય, તે પ્રજામાં ક્રમે ક્રમે મતભેદ ઉત્પન્ન થતા જાય તેમ અનેક સંપ્રદાયો ઉત્પન્ન થયાનો બનાવ તદ્દન સ્વાભાવિક છે. હજીએ બીજી હજારોની સંખ્યા ચાલુ સંપ્રદાયોમાં ઉમેરાઇ હોત તો તે પણ આશ્ચર્યકારક નથી. એ બધા સંપ્રદાયો કેટલીક બાબતોમાં પરસ્પર બહુ જુદા પડે છે. એ બધા પન્થો અને સંપ્રદાયોના જે જે મતભેદ છે તેમનાં કારણો સમજવાનો અને તેમના સંબંધી આધ્યાત્મિક નાની મોટી બાબતોને વિસ્તારથી તપાસવાનો આપણી પાસે સમય નથી; માટે એ બધા મત—સંપ્રદાયોના જે જે મુખ્ય સિદ્ધાંતોને બધા હિન્દુઓ એક સરખી રીતે માને છે, અને સામાન્ય ધર્મરૂપે જે સિદ્ધાંતો બધા મત સંપ્રદાયોને એક સરખી રીતે લાગુ પડે છે, તેમના સંબંધમાંજ હું મારા વિચારો બતાવીશ.

પહેલ વહેલો પ્રશ્ન આ સૃષ્ટિની ઉત્પત્તિનો હાથ લઇએ. સઘળા હિન્દુ સંપ્રદાયોનો એજ મત છે કે આ સૃષ્ટિ, પ્રકૃતિ અથવા માયા

અનાદિ છે; કોઇ અમુક સમયેજ જગત ઉત્પન્ન થયું હતું એમ નથી. હિન્દુ શાસ્ત્રો માને છે કે જગત પરાપૂર્વથી એવુંજ ચાલ્યું આવે છે. કોઇ એક ઈશ્વરે જાગૃત થઇને આ દુનિયા બનાવી અને ત્યાર પછી પાછો તે થાકીને સૂઇ ગયો, એવું બની શકેજ નહિ. સૃષ્ટિને ઉત્પન્ન કરનારી શક્તિ હજી પણ પોતાનું કામ કર્યાજ કરે છે; તે શાન્તિથી ઉંઘી નથી રહી. એ સંબંધમાં શ્રીકૃષ્ણ પોતાની ગીતામાં કહે છે કે:– "*જો હું કર્મ ન કરતો રહું અને આરામથી બેસી રહું તો આ સઘળી પ્રજાઓ સહિત બ્રહ્માંડ એક પળવારમાં વિનાશ પામી જાય." જગતની એ જનનશક્તિ–સૃષ્ટિ ઉત્પન્ન કરનારી શક્તિ દિવસ અને રાત એક પળવાર પણ આરામ લીધા વિના આપણી ચારેમેર કાર્ય કરી રહી છે. જો એક પળવાર પણ તે ઉભી રહે તો સમગ્ર જગત તત્કાળ ચૂર્ણ–વિચૂર્ણ થઇ જાય! એવો કોઇ પણ સમય નથી જણાતો કે જે વખતે એ શક્તિ આ સમગ્ર વિશ્વમાં કાર્ય કરી ન રહી હોય! છતાં પણ યુગને અન્તે પ્રલય થાય છે. આપણો સૃષ્ટિ શબ્દ અને ઇંગ્રેજી "Creation" શબ્દ વ્યુત્પત્તિના અર્થ પ્રમાણે એક નથી. ઇંગ્રેજી ભાષાના Creation શબ્દ ઉપરથી એવોજ અર્થ ગ્રહણ કરી શકાય છે કે કંઇ ન હોય તેમાંથી કંઇક ઉત્પન્ન થવું, એટલે કે જગત નહોતું અને તે પહેલ વહેલું ઈશ્વરે બનાવ્યું અથવા અસત્‌માંથી સત્‌નો ઉદ્ભવ થયો. સંસ્કૃત 'સૃષ્ટિ' શબ્દનો અર્થ પ્રથમ બીજરૂપે હતું તેનો વિકાસ થયો એમ સૂચવે છે, કંઇજ ન હોય તેમાંથી નવું ઉત્પન્ન કરવાનો ભાવ સૂચવતો નથી. ઇંગ્રેજી ભાષાના એ 'ક્રીએશન' શબ્દનો ભયંકર ભાવ–કંઇ પણ ન હોય–તેમાંથી બધું જગત ઉત્પન્ન થવાનો ભાવ–શૂન્ય-માંથી બ્રહ્માંડ ઉભું કરવાનો વિચાર–જેનું નામ નિશાન ન હોય તેની

---

* " यदिह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः
× × × उपहन्यामिमाः प्रजाः ॥ "

ચિરસ્થિતિ માનવી, એવા બુદ્ધિ કબૂલ ન કરે તેવા અસંગત વિચારો કબૂલ રાખવાના આગ્રહવડે હું તમારૂં અપમાન નહિ કરૂં. તેની સામે આપણા સૃષ્ટિ શબ્દનો અર્થ કેટલો બધો સ્વાભાવિક અને યુક્તિસંગત છે! બીજમાંથી વિકાસ, જે છે તેનોજ બહાર આવિર્ભાવ, એજ સૃષ્ટિનો ખરો ક્રમ છે. સમગ્ર પ્રકૃતિ અસ્તિત્વ ભોગવે છે, પ્રલય-સમયે તે ક્રમે ક્રમે સૂક્ષ્મ થતી જાય છે, અને અવ્યક્તભાવ ધારણ કરીને બ્રહ્મમાં લીન થાય છે. પ્રલયની ટુંકી રાત્રિ પછી પાછો સૃષ્ટિના ઉદયનો દિવસ આવે છે. ફરીથી બીજરૂપે રહેલી પ્રકૃતિ વિકાસ પામે છે. જાણે કોઇ તેને અંદરથી ઠેલીને બહાર કહાડતું હોયને! એ વખતે પાછો આગળની પેઠેજ યોગ—સંયોગ, એજ ઉન્નતિક્રમ અને ધીરે ધીરે બધી વસ્તુઓ પ્રકટ થવા લાગે છે. આ અજબ ખેલ કેટલોક વખત ચાલતો રહે છે. વળી પાછો તેના અંગે અંગનો વિચ્છેદ થાય છે, અને પછી તે સૂક્ષ્મ તથા વધારે સૂક્ષ્મ થઇને બ્રહ્મમાં સંપૂર્ણ વિલીન થઇ જાય ત્યાં સુધી સૂક્ષ્મ બની જાય છે એટલે પ્રલય થાય છે. પ્રલય પછી વળી પાછો નવો યુગ આરંભાય છે. અનંતકાળ સુધી એજ પ્રમાણે સૃષ્ટિનો ઉદય અને પ્રલય, દિવસ રાત્રિની પેઠે થયાજ કરે છે. બ્રહ્મસાગરમાંથી પ્રબળ પ્રકૃતિતરંગ એકવાર પ્રકટ થઇને આગળ ધસે છે, અને પાછો હઠી જઇને સમાઇ જાય છે. દેશ, કાલ અને કાર્ય—કારણભાવ એ સર્વ પ્રકૃતિમાં પ્રથમ-થીજ વિદ્યમાન છે, માટે અમુક સમયે તેનો આરંભ થયો છે એમ કહેવું તે સંપૂર્ણ બુદ્ધિહીનતાનું કામ છે. સૃષ્ટિના આરંભ અથવા અંત વિષે કશો પ્રશ્નજ થઇ શકે નહિ, માટે આપણા શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સૃષ્ટિના ઉદય અથવા પ્રલયનો ઉલ્લેખ નજરે પડે ત્યાં ત્યાં એ આરંભ અથવા અન્ત અમુક યુગનોજ સમજવો; સૃષ્ટિનો આદિ કે અન્ત નથી કહ્યો એ ખાસ લક્ષમાં રાખવાનું છે.

કોણ આ સૃષ્ટિ કરે છે? તેનો જવાબ એ છે કે, ઇશ્વર. આજના ઇંગ્રેજી વ્યાખ્યાનમાં ઇશ્વરને માટે જે હું ઈંગ્રેજી ગોડ શબ્દનો ઉપયોગ કરૂં છું, તેનો મારી માન્યતા પ્રમાણેનો અર્થ જણાવવાની જરૂર છે. ઈંગ્રેજીમાં સાધારણ રીતે જે સાંકડા અર્થમાં તેનો ઉપયોગ થાય છે તેવી રીતે ન કરતાં હું બહુ જુદાજ ભાવથી એ શબ્દનો વ્યવહાર કરૂં છું. ઇંગ્રેજીમાં ઇશ્વર સંબંધી મારા ભાવને સૂચવનારો બીજો કોઇ સારો શબ્દ નહિ હોવાથીજ મારે એ શબ્દ નિરૂપાયે વાપરવો પડે છે. એ ઇંગ્રેજી ગોડ શબ્દને બદલે સંસ્કૃત બ્રહ્મ શબ્દનોજ ભાવ સમજવાનો છે. મારો કહેવાનો ભાવ પૂરેપુરો એ શબ્દથીજ દર્શાવી શકાય તેમ છે. એ બ્રહ્મજ આ જગતના સાધારણ કારણ સ્વરૂપ છે. જગતનું અભિન્નનિમિત્તોપાદાન કારણ એક અદ્વિતીય બ્રહ્મજ છે. એ બ્રહ્મનું સ્વરૂપ શું? એ બ્રહ્મ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, દયામય, પ્રેમમય, સર્વવ્યાપી, નિરાકાર અને અખંડ છે. જો એ બ્રહ્મજ સૃષ્ટિના કારણ અને અધિષ્ઠાનરૂપ હોય તો ત્યાં બે મુશ્કેલીઓ ઉભી થાય છે. આપણે જોઇએ છીએ કે જગતમાં સર્વત્ર વિષમતા અને પક્ષપાત વ્યાપી રહેલાં છે. એક મનુષ્ય જન્મથીજ સુખી છે અને બીજો દુઃખી છે. એક ધનવાન અને બીજો નિર્ધન છે. એક અમીર છે, બીજો ફકિર છે. આ એક પ્રકારનો પક્ષપાત નહિ તો બીજું શું? વળી આ જગતમાં નિર્દયતાનું પણ સંપૂર્ણ દર્શન થાય છે, કેમકે જગતમાં એકનું જીવન બીજાના મૃત્યુ ઉપર આધાર રાખે છે. પ્રાણીઓને મૃત્યુનો ભય શાન્તિ ભોગવવા દેતો નથી. વળી બીજી તરફ એક જંગલી પ્રાણી બીજા પ્રાણીને મારીને ખાઇ જાય છે. મનુષ્યો પણ એવીજ રીતે પોતાના જાતભાઇઓની ગરદન રહેંસવા આતુર જણાય છે. આ પ્રમાણે દ્વેષ, ક્લેષ, ચડસાચડસી, ક્રૂરતા, કલહ–કંકાસ, ભય અને

દિવસ રાત હૃદયભેદક નિશ્વાસોમાં જગત ડૂબી રહ્યું છે! સૃષ્ટિની આ અવસ્થા છે. જો આવી સૃષ્ટિ કોઇ પણ ઇશ્વરનું કાર્ય હોય તો તે ઇશ્વર ક્રૂર પ્રાણી કરતાં પણ વધારે ખરાબ અને મનુષ્ય કલ્પી શકે તેના કરતાં પણ વધારે મોટો રાક્ષસ છે! પરન્તુ એવી ભ્રમજાળને ભેદીને વેદાન્ત કેસરી તરતજ ગાજી ઉઠે છે કે–જગતના એ બધા દ્વેષ, ક્લેષ, પક્ષપાત અને અધઃપાતનું કારણ ઇશ્વર નથી. ઇશ્વરને તેમની સાથે કાંઇ સંબંધ પણ નથી. ત્યારે એ બધું કોણ ઉત્પન્ન કરે છે? વેદાન્ત કહે છે કે–"મનુષ્ય પોતેજ." વર્ષાદ તો સર્વે ખેતરોમાં એક સરખીજ રીતે જળવૃષ્ટિ કરે છે; પરન્તુ જે ખેતર સારી રીતે ખેડાયેલું હશે તેનેજ એ વૃષ્ટિનો પુરતો લાભ મળશે અને તેમાંજ પાક વધારે ફળશે. જે ખેતર ખેડીને તૈયાર કરવામાં આવ્યાં નથી તેમને એ વૃષ્ટિથી તેટલો લાભ થવાનો નથી. આમાં કાંઇ વાદળાંનો કે વર્ષાદનો દોષ નથી. એવીજ રીતે ઇશ્વરની દયા પણ સર્વત્ર સંપૂર્ણ અને એક સમાન છે, શાશ્વત અને અવિકૃત છે. વિકાર ઉપજાવી વિરોધ અને વેર ઝેર આપણેજ વધારીએ છીએ; પક્ષપાત આપણેજ પેદા કરીએ છીએ. આપણે એ પક્ષપાત અને વિષમતા કેવી રીતે ઉત્પન્ન કરીએ છીએ? એક મનુષ્ય શ્રીમાન અને સુખી સ્થિતિમાં જન્મ્યો અને બીજો મનુષ્ય છેકજ દુઃખી અને નિર્ધન હાલતમાં ઉત્પન્ન થયો તેમાં તેણે પોતે તો એ દુઃખી સ્થિતિ પસંદજ નહોતી કરી; ત્યારે તેમની બન્નેની સ્થિતિ વચ્ચે આટલો બધો અંતર કોણે ઉત્પન્ન કર્યો? એ વિષમતા તેમણે પોતે તો કરી નથી ત્યારે તે ક્યાંથી આવી? વેદાન્ત કહે છે કે તેણે પોતેજ વિષમતા કરી છે. આ જન્મમાં નહિ પણ પૂર્વજન્મોનાં કર્મોદ્વારા તેણે પક્ષપાતનું બીજ વાવીને તેને કારણ આપ્યું છે. આગલા જન્મનાં સારાં માઠાં કર્મો પ્રમાણેજ આ જન્મમાં તેને સારી માઠી દશા પ્રાપ્ત થઇ છે. પૂર્વજન્મમાં કર્મોના કર્ત્તારૂપે

તેણે પોતેજ આ જન્મની પોતાની સ્થિતિ ઉપજાવી છે. ઇશ્વરને એ વિષયમાં કંઈ લેવા દેવા નથી.

આપણે હવે એક બીજા સિદ્ધાંતવિષે વિચાર કરીશું. એ સિદ્ધાંત આપણે સર્વે એક સરખી રીતે સ્વીકારીએ છીએ. આપણે સર્વે એટલે માત્ર હિન્દુજ નહિ; પરન્તુ બૌદ્ધ અને જૈનો પણ એ વિષયમાં એકમત છે. આપણે સઘળા એજ સિદ્ધાંત ધરાવીએ છીએ. સૃષ્ટિની પેઠે જીવનપણ અનંત છે. શૂન્યમાંથી જીવનની ઉત્પત્તિ થતી નથી, કારણ કે અસતમાંથી સત્ ઉત્પન્ન થઇ શકેજ નહિ. જો થતું હોય તો એવા જીવનનું કંઇ પ્રયોજન પણ નથી. સમયની મર્યાદામાં જેનો આરંભ થાય છે તેનો અંત પણ સમયની મર્યાદામાંજ આવે છે. જો કોઇ સમયે જીંદગી શરૂ થઇ હોય તો કોઇ સમયે તેનો અંત પણ આવવોજ જોઇએ. અને તે પ્રમાણે જો તેનો સંપૂર્ણવિનાશ થાય તો પછી જીવનને અભાવે જીવાત્મા રહીજ કેમ શકે? માટે આપાણું જીવન અવિનાશીજ હોવું જોઇએ. પૂર્વે તે વર્તમાન હોવું જોઈએ અને ભવિષ્યમાં પણ રહેવુંજ જોઈએ. આ વાત હવે ભાર મૂકીને કહેવાની જરૂર નથી, કારણ કે દિવસે દિવસે આગળ વધતી શાસ્ત્રીય શોધખોળો અને વિજ્ઞાનશાસ્ત્ર, આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં જે સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે તેમનેજ જડ જગતનાં દૃષ્ટાંતોથી સિદ્ધ કરીને તેઓ આપણને મદદ આપવા લાગ્યાં છે. તમે સઘળા પ્રથમથીજ જાણો છો કે આપણામાંનો પ્રત્યેક મનુષ્ય આ જન્મમાં પોતાનાં આગલાં કર્મના ફલસ્વરૂપ જીવન ભોગવે છે. કવિઓ રંગમાં આવીને જેવી રીતે વર્ણન કરે છે તેવી રીતે એકાદ ફૂલના ગોટાની પેઠે કાંઇ કુદરતી હાથમાં એક બાળક અદ્ધરથી આવી પડતું નથી, પણ લાંબા સમયની મુસાફરી કરતું પોતાના ખભાંપર પૂર્વજીવનનાં અનંતકર્મોનો બોજો લઇને જગતના જુના અનુભવી તરીકે તે જન્મ

ધારણ કરે છે. સારા કે માઠા પોતાના પૂર્વકર્મોનાં ફળ ભોગવવા માટેજ જગતમાં તે આવે છે. બધા જીવોનાં જુદાં જુદાં કર્મો પ્રમાણે જન્મથીજ તેમની જુદી જુદી સ્થિતિ થાય છે. એને લીધેજ વિષમતા ઉપજે છે, અને એને લીધેજ જગતમાં પક્ષપાત દેખાય છે. એ પક્ષપાત નથી પણ કર્મનો અચલ કાયદો છે. આપણામાંનો દરેક મનુષ્ય પોતેજ પોતાનો ભાગ્યવિધાતા છે. આપણાં આગલાં કર્મોવડે આપણે હાથેજ આપણું પ્રારબ્ધ આપણે ઘડી રાખ્યું છે. જે વૃક્ષ વાવી રાખ્યું છે તેનાં ફળ લેવા અહીં આવીએ છીએ. એ કર્મનો કાયદો સર્વત્ર સમાન અને અચલ છે. કર્મનો એ કાયદો, એ અચલ નિયમજ નસીબ અને ભાવી તથા દૈવ અને અદૃષ્ટ સંબંધી સઘળા મતો અને વિચારોના માથાપર પ્રબળ આઘાત કરી તેમને નિર્મૂળ કરી નાખે છે. આ રીતે ઇશ્વરમાં ભાસતા પક્ષપાત, નિર્દયતા અને વિષમતાના દોષો એકાએક દૂર થઇ જાય છે. એ કર્મના કાયદાવડેજ મનુષ્ય ઇશ્વરના ઉદાર અને પવિત્ર સ્વરૂપને જાણી શકે છે, અને એ દયાસિન્ધુ–પ્રેમસિન્ધુના પ્રેમ પારાવારમાં ડૂબી જાય છે; તથા જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનું ઐક્ય સિદ્ધ થાય છે. આપણે જે જે સુખ–દુઃખ ભોગવીએ છીએ, તે બધાના કારણરૂપ આપણે પોતેજ છીએ. સારા–માઠાની સઘળી જવાબદારી આપણે પોતાનેજ શિર છે. આપણેજ બીજ વાવીએ છીએ અને આપણેજ ફળ ભોગવીએ છીએ. આપણેજ કારણ છીએ અને આપણેજ કાર્ય છીએ. બહારથી કોઇ આવીને અકારણ સુખ–દુઃખ ભોગવવાની આપણને ફરજ પાડતું નથી. આપણા સુખ–દુઃખના કર્તા આપણે પોતેજ છીએ. જો હું દુઃખી છું તો મારે સમજવું જોઈએ કે મેં પોતેજ મને દુઃખી કર્યો છે, કેમકે મારા કર્મમાં બીજું કોઇ વચ્ચે પડનાર નથી. એ પરથી તરત સમજાય છે કે મને સુખી કરવાની સત્તા પણ એવીજ રીતે

મારા પોતાનાજ હાથમાં છે. જો હું અપવિત્ર છું તો મેં પોતેજ મને અપવિત્ર કર્યો છે, અને તેજ બતાવી આપે છે કે મારી ઇચ્છા હોય તો પાછો પવિત્ર પણ થઇ શકું એમ છું. દરેક વિષયમાં, દરેક હાલતમાં અને દરેક સુખ–દુઃખમાં આમજ સમજી લેવું. મનુષ્યની ઇચ્છા બધા સંયોગો અને પદાર્થોની ઉપર છે. મનુષ્યની એ પ્રબળ, અસામાન્ય, અનંત, દિગ્વિજયી ઇચ્છાશક્તિ તેમજ આત્માની સ્વતંત્રતા આગળ જગતની અથવા પ્રકૃતિની બીજી બધી શક્તિઓને મસ્તક નમાવી તેનું દાસત્વ સ્વીકારી સેવા ઉઠાવવી પડે છે. કર્મના કાયદાનું, કર્મના અચલ નિયમનું આવું અદ્‌ભુત સામર્થ્ય છે.

ત્યારપછી બીજો પ્રશ્ન સ્વાભાવિક રીતે એ ઉઠે છે કે, આત્મા શું છે? અને તેનો ઇશ્વર તેમજ જગત સાથે શું સંબંધ છે? આત્માને જાણ્યા વિના આપણા શાસ્ત્રમાં દર્શાવેલા ઇશ્વરને આપણાથી જાણી શકાય તેમ નથી. હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનની બહારના દેશોમાં પણ બહારના જગતનો અભ્યાસ કરવાદ્વારા, અતિ દૂર અને સર્વાતીત પરમસત્તાનો આભાસ મેળવવાના અનેક યત્નો થયા છે; અને તેનું બહુ ભયંકર તેમજ નિષ્ફળતા ભરેલું પરિણામ આવ્યું છે, તે આપણે સૌ જાણીએ છીએ. બહારના જડ જગતનો જેમ જેમ આપણે વધારે અભ્યાસ કરતા જઇએ છીએ, તેમ તેમ ઇશ્વરીસત્તાના આભાસને બદલે આપણે અધિકાધિક જડવાદી બનતા જઇએ છીએ. આપણામાં થોડો ઘણો ધર્મશ્રદ્ધાનો આધ્યાત્મિકભાવ કુદરતી રીતે રહેલો હોય છે તે પણ જડ જગતના–બહારની પ્રકૃતિના–ચાલુ અભ્યાસ અને સંસર્ગને લીધે અદૃશ્ય થઇ જાય છે. આત્મભાવના અને પરમપુરૂષનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ખરો રસ્તો બહારના જગતનો અભ્યાસ કરવો એ નથી, પણ હૃદયમાં ઉતરીને શોધવાથીજ તેનો પત્તો મળી શકે છે. બહારનું જગત અને જગતની ક્રિયાઓ આપણને

એ સર્વાતીત અનંતશક્તિનો સાક્ષાત્કાર કરાવી શકે તેમ નથી; માત્ર આંતર જગતની ક્રિયાઓજ આપણને તેનો સંવાદ આપી શકે તેમ છે. આત્માનું અન્વેશણ કરવાથી–આપણા આંતરિક જગતનું પ્રથકરણ કરવાથીજ આપણે પરમાત્માને ઓળખી શકીએ છીએ. હવે આપણે આત્માનું સ્વરૂપ તપાસીએ. જીવાત્માના સ્વભાવ અને સ્વરૂપ વિષે હિન્દુસ્તાનના જુદા જુદા ધર્મસંપ્રદાયોના જુદા જુદા મત છે. તેમ છતાં કેટલીક બાબતોમાં તેઓ બધા એકમત છે. કોઇ પણ મત અથવા સંપ્રદાય માનનાર પ્રત્યેક હિન્દુ એટલું તો કબુલ કરે છે કે સઘળા આત્મા અનાદિ અને અનંત છે, અને સ્વભાવથીજ તે અવિનાશી છે. વળી પ્રત્યેક આત્મામાં અનેક પ્રબળશક્તિઓ ભરેલી છે. શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક શક્તિનું કેન્દ્ર પણ એ આત્માજ છે. અવિચ્છિન્ન આનંદ, સુખ, શુદ્ધિ, શાન્તિ, સર્વવ્યાપકપણું અને સર્વજ્ઞપણું પણ જ્યાં સુધી તેમનો વિકાસ કરીને તેમને પ્રકટ કરવામાં ન આવે ત્યાં સુધી–અજ્ઞાત રીતે એ આત્મામાંજ દટાઇ રહેલું છે. આ એક ભવ્ય વિચાર છે. તેને આપણે સર્વદા સ્મરણમાં રાખવો જોઇએ. પ્રત્યેક મનુષ્ય અને પ્રત્યેક પ્રાણીમાં–પછી તે પ્રાણી નીચ હોય કે નિર્બળ હોય, નાનું હોય કે મોટું હોય તેમાં પણ એજ સર્વજ્ઞ અને સર્વવ્યાપી આત્મા સમભાવેજ રહેલો છે. આત્માની દૃષ્ટિએ તેના સ્વરૂપ કે સ્વભાવમાં કશોજ ભેદ નથી, પરન્તુ તેની શક્તિનો પ્રકાશ કરવાના ઉપાયો અને સાધનોમાંજ ભેદ છે. એને લીધેજ જુદા જુદા પ્રાણીઓમાં ન્યૂનાધિક શક્તિ અને ગુણોનું આપણને દર્શન થાય છે. મનુષ્યમાં અને એક નાનામાં નાના તુચ્છ જંતુમાં પણ એ આત્મા તો એક સરખોજ રહેલો છે. તફાવત માત્ર તેનો પ્રકાશ કરવાની રીતિમાંજ છે. સ્વાભાવિક રીતે એ જંતુ પણ મારો આત્મબંધુ છે; કેમકે તેનામાં જે આત્મા છે તેજ આત્મા મારામાં છે. એવીજ રીતે

સઘળા પ્રાણી–પદાર્થોને પરમ આત્મભંડારમાંથી આત્મતત્ત્વનો એકસરખોજ વારસો મળેલો છે. ભારતવર્ષે જગતમાં જે મહાન સિદ્ધાંતોનો પ્રચાર કર્યો છે, તેમાં આ સિદ્ધાંત સર્વથી મોટો છે. માનવજાતિની ભ્રાતૃભાવ અને સમભાવની વાર્તા અન્ય દેશોમાં માત્ર મનુષ્ય વર્ગની હદમાંજ સમાઇ રહી છે; પરન્તુ ભારતમાં ભ્રાતૃભાવ અને અભેદભાવ જગતના પ્રાણીમાત્ર સુધી વિસ્તાર પામેલો છે. નાની સરખી કીડીથી આરંભીને મોટામાં મોટા પ્રાણી સુધી સર્વત્ર એકતા અને બંધુભાવ ફેલાયો છે. સઘળાં પ્રાણીઓ આપણાં ભાઇ છે, આપણા પોતાના આત્માનાંજ શરીરો છે. આપણાં શાસ્ત્રો વારંવાર એજ ઉપદેશ આપી આપણા ભ્રાતૃભાવને દૃઢ અને વ્યાવહારિક બનાવતાં રહ્યાં છે. તેઓ કહે છે કે–“જ્ઞાની અને પંડિત, પ્રત્યેક પ્રાણીના શરીરમાં સાક્ષાત પરમાત્માજ વસે છે, એમ જાણીને તે પ્રાણીમાત્રની પ્રેમથી પૂજન કરશે.” આ પ્રબળ ભ્રાતૃભાવની ભારતમાં વ્યાપી રહેલી ભાવનાને લીધેજ દીન–દુઃખીજનો માટે પ્રાણીમાત્ર માટે–પ્રત્યેક જીવ જંતુ અને પ્રત્યેક વસ્તુ માટે–આ દેશમાં ઘણો દયાભાવ જોવામાં આવે છે. જીવદયા એ ધર્મના મોટા અંગરૂપ ગણાય છે અને એથીજ અહિંસાને પરમ ધર્મ કહેલો છે. આત્મા સંબંધી આટલો અભિપ્રાય ભારતના સઘળા સંપ્રદાયો કબૂલ રાખે છે.

સ્વાભાવિક રીતે અહીં આપણે ઇશ્વરના વિચાર ઉપર આવી પહોંચીએ છીએ; પરન્તુ એ વિચાર ધારણ કરીએ તે અગાઉ આત્માના સંબંધમાં એક બીજી બાબત જણાવું છું. જેઓ ઇંગ્રેજી ભાષા શીખે છે, તેમને મન (Mind) અને આત્મા (Soul) એ બે શબ્દોના અર્થમાં ઘણો ગુંચવાડો ઉભો થાય છે. આપણે જેને આત્મા કહીએ છીએ તે, અને ઇંગ્રેજ લોકો જેને ‘આત્મા’ (Soul) કહે છે તે બન્ને તદ્દન જુદીજ વસ્તુઓ છે. આપણે જેને મન કહીએ

છીએ એજ પશ્ચિમના લોકોનો આત્મા છે! સંસ્કૃત દર્શન શાસ્ત્રોદ્વારા તેમને પહેલવહેલો ખરો આત્માનો (Self) નો વિચાર સમજાયો ત્યાં સુધી તેમને આત્માના ખરા સ્વરૂપનો ખ્યાલ પણ નહોતો. એ લોકો આત્માનો ભાવ અને તેનું સ્વરૂપ જાણવા લાગ્યા તેને ફક્ત વીશજ વર્ષ થયાં છે. આ જે દેખાય છે, તે તો મનુષ્યનું સ્થૂલ શરીરજ છે, એ શરીરમાં મન રહેલું છે; પરન્તુ એ મન પણ કંઈ આત્મા નથી, એ તો જીવાત્માનું સૂક્ષ્મ શરીર છે; અને તે પંચભૂત પંચ તન્માત્રાઓવડે બન્યું છે. એજ સૂક્ષ્મ શરીર જન્મ જન્માંતરદ્વારા જુદાં જુદાં શરીરો ધારણ કરે છે. એ મન અથવા સૂક્ષ્મ શરીરની પાછળ સોલ (Soul) વાસ્તવિક રીતે 'Self' અર્થાત્ મનુષ્યનો આત્મા રહેલો છે. એ 'આત્મા' શબ્દનો અર્થ ઇંગ્રેજીના 'સોલ' અથવા 'માઇન્ડ' શબ્દવડે પૂરેપૂરો સમજાવી શકાતો નથી, એટલા માટે આ વ્યાખ્યાનમાં મૂળ 'આત્મા' શબ્દનોજ ઉપયોગ કરવામાં આવશે. અથવા આજકાલના પાશ્ચાત્ય પંડિતોએ અને દાર્શનિકોએ આત્માનો ભાવ સમજાવવા માટે યોજેલા "Self" શબ્દનો હવે પછી વ્યવહાર કરવામાં આવશે. તમે ગમે તે શબ્દનો ઉપયોગ કરો પણ તમારા મનમાં એટલો સ્પષ્ટ ખ્યાલ રાખવો કે એ 'આત્મા' મનથી જુદો છે, અને શરીરથી ભિન્ન છે. તે મન અથવા સૂક્ષ્મ શરીરની સાથે જન્મ જન્માંતરમાં ભ્રમણ કરે છે, એક શરીર તજીને બીજું શરીર ધારણ કરે છે, અને એમ કરતાં જ્યારે જીવાત્માને પોતાના સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન થાય છે અને પૂર્ણતા પ્રાપ્ત કરે છે, ત્યારે તેના જન્મ જન્માંતરનો અંત આવી જાય છે, તેના જન્મ મૃત્યુના પ્રદેશનો પ્રવાસ પૂરો થાય છે, તેનાં જન્મ અને મરણ અટકી જાય છે. એ વખતે તે સ્વતંત્ર બની જાય છે. પોતાની ઇચ્છાનુસાર મન અથવા સૂક્ષ્મ શરીરને તે ધારણ કરી શકે છે; અથવા સદાને માટે તેનો ત્યાગ કરી અનંતકાલ પર્યંત

સ્વતંત્ર અને મુક્ત બની રહે છે. આત્માનું મુખ્ય નિશાન—તેનું પરમ લક્ષ સંપૂર્ણ સ્વતંત્રતા છે. આપણા ધર્મની એજ ખાસ વિશેષતા છે. બીજા ધર્મોની પેઠે આપણા ધર્મવિચારોમાં પણ સ્વર્ગ અને નરક બન્ને છે, છતાં તે શાશ્વત નહિ પરંતુ અંતવાળાં છે. સ્વર્ગ અને નરકના સ્વરૂપનો વિચાર કરતાં સહજ સમજાય છે કે તેઓ નિત્ય, શાશ્વત અથવા ચિરસ્થાયી બની શકેજ નહિ. આ જગતથી ભિન્ન જો બીજાં કોઇ સ્વર્ગ હોય તો તેઓ પણ આપણા જગતની માત્ર પુનરાવૃત્તિજ છે. આપણા જગત કરતાં એ સ્વર્ગ વધારે મોટું અને વધારે સારૂં છે, એમાં અહીં કરતાં થોડું વધારે સુખ અને થોડા વધારે વૈભવ તથા ભોગવિલાસ છે; પરન્તુ એથી જીવાત્માના કલ્યાણને બદલે ઉલટું તેનું અકલ્યાણજ થાય છે. આપણા શાસ્ત્રના મત પ્રમાણે આવાં સ્વર્ગો અનેક છે. જે લોકો બદલો મેળવવાની ઇચ્છાથી એટલે ફળની આકાંક્ષાથી આ લોકમાં દાન—પુણ્યાદિ સત્કર્મો કરે છે, તેઓ પોતાના મૃત્યુ પછી એ સ્વર્ગોમાંના એકાદમાં દેવતા રૂપે જન્મ ધારણ કરેછે, અને ઉપાર્જન કરેલાં પુણ્યોની પુંજીના પ્રમાણમાં ત્યાં સુખો ભોગવે છે. ઇન્દ્ર અને બીજા દેવતાઓની પેઠે તે પણ સ્વર્ગમાં પરિમિતકાળ સુધી દેવતાઇ સુખ અને અવતાર ભોગવે છે. દેવતા એ જીવની અમુક સ્થિતિ અથવા પદનું નામ છે, અને એ બધા દેવતાઓ પણ એક સમય કનિષ્ઠ કોટીના જીવ અથવા મનુષ્યજ હતા. સારાં કર્મો કરીને ધર્મબળવડેજ સ્વર્ગલોકમાં આવીને તેઓ દેવતા બન્યા છે. ઇન્દ્ર, વરૂણાદિ દેવતાઓનાં નામો તે કોઇ અમુક સ્થાયી દેવ પુરૂષોનાં નામ નથી, પણ જે કોઈ જીવાત્મા સત્કર્મના પ્રભાવે સ્વર્ગ પ્રાપ્તિ કરે છે તેઓને એવા અધિકાર મળે છે. તેમનો સમય પૂરો થતાં પોતાનું પદ છોડી તેમને બીજો જન્મ ધારણ કરવો પડેછે. એવા હજારો ઇન્દ્રો થયા છે, અને ભવિષ્યમાં હજારો થશે. નહુષ

નામનો આગળ એક મોટો રાજા થઇ ગયો, તે પણ પોતાના પુણ્ય-પ્રભાવથી મૃત્યુ પછી ઇન્દ્ર થયો હતો અને પાછો સમય પૂરો થતાં પદચ્યૂત થયો હતો. આ પ્રમાણે ઇંદ્રાદિ દેવો કંઈ કોઇ અમુકજ નથી; ઇન્દ્રત્વ અને દેવત્વ એતો માત્ર એક પ્રકારની પદવી અથવા ઇલ્કાબ છે.

કોઇ પણ જીવાત્મા સત્કર્મવડે ઉન્નત થઇને ઇંદ્રની પદવી ધારણ કરી શકે છે. પોતાનાં સત્કર્મોના પ્રમાણમાં અમુક સમય એ પદપર તે કાયમ રહે છે, અને પછી પુણ્ય ક્ષીણ થવાથી મૃત્યુલોકમાં આવીને પાછો તેને મનુષ્યનો જન્મ ધારણ કરવો પડે છે. સ્વર્ગ ગમે તેટલું સારૂં હોય, દેવતાઓને ગમે તેટલો સુખ વૈભવ હોય, પણ તે બધું મનુષ્ય જન્મની મહત્તાને પહોંચી શકે તેમ નથી. મનુષ્ય જન્મ સર્વોત્તમ કહ્યો છે. માનવદેહ આર્યશાસ્ત્રોના મત પ્રમાણે દેવ દુર્લભ છે! અસ્તુઃ સ્વર્ગના કોઇ કોઇ દેવતા પણ સ્વર્ગનાં મર્યાદિત સુખોની વાસના તજીને ઉંચે ચડવાનો યત્ન કરે છે—મુક્તિ મેળવવાને માટે મંથન કરે છે; પરન્તુ જેવી રીતે આ આપણા મૃત્યુલોકમાં મનુષ્યોના મોટા ભાગને કંચન, કામિની, કીર્તિ, પદવી અને સુખ વૈભવની પ્રબળ લાલચો ભાન ભૂલાવી દે છે તથા મન લોભાવીને આગળ વધવા નથી દેતી, એવીજ રીતે સ્વર્ગના દેવતાઓ પણ ઐશ્વર્ય અને સુખ વૈભવના મદમાં ભાન ભૂલીને આગળ વધવાનો કે મુક્તિ મેળવવાનો યત્ન કરી શકતા નથી. તેમનાં શુભકર્મોનાં ફલ એ પ્રમાણે જ્યારે પૂરેપૂરાં ખવાઇ ચવાઇ રહે છે ત્યારે પાછો આ પૃથ્વીમાં તેમને મનુષ્યજન્મ ધારણ કરવો પડે છે. ખાસ એજ હેતુથી આપણાં શાસ્ત્રોએ આ પૃથ્વીને કર્મભૂમિ કહી છે. મનુષ્યજન્મ ધારણ કરીને આ પૃથ્વીરૂપી કર્મભૂમિમાંજ આપણે સંપૂર્ણ સ્વતંત્રતા તેમજ મુક્તિની પ્રાપ્તિ કરી શકીએ છીએ. આ પ્રમાણે સ્વર્ગપ્રાપ્તિથી કંઇ વિશેષ લાભ નથી. ત્યારે કઇ વસ્તુ પ્રાપ્ત કરવાને વિશેષ પ્રયત્ન કરવો જોઇએ? માત્ર એકજ અને તે એ કે સ્વતંત્રતા

અથવા મુક્તિ. આપણાં શાસ્ત્રો કહે છે કે–"ઉંચામાં ઉંચા સ્વર્ગમાં પણ તમે ગુલામ છો. પ્રકૃતિના, સમયના, ઇંદ્રિયોના, મનના, વાસનાના અને તૃષ્ણાના ગુલામ છો." વીશ હજાર વર્ષ સુધી તમે રાજા બની રહો તેથી શું થયું ? જ્યાં સુધી તમને શરીરનું બન્ધન છે, જ્યાં સુધી તમે વાસનાના ગુલામ છો, જ્યાં સુધી દેશ અને કાલ પોતાનો અધિકાર તમારા ઉપર જમાવી બેઠાં છે ત્યાં સુધી તમે ખરેખર ગુલામજ છો. એજ કારણથી, એજ ગુલામગીરીનું બંધન તોડવાને માટે, બહારના જગત અને આંતર જગત ઉપર જય મેળવી સ્વતંત્ર–મુક્ત થવાની જરૂર છે. પ્રકૃતિ તમારે આધીન બનીને તમારા પગમાં પડી રહે, અને તમે તેને પગ નીચે કચડી તેની સત્તાની મર્યાદામાંથી બહાર નીકળી સ્વતંત્ર બનીને તમારા પોતાના મહિમાવડે મુક્તિનો આનંદ સર્વદા અખંડ ભાવે ભોગવી શકો તે માટેજ તમે સર્જાયા છો ! એ અવસ્થાએ પહોંચ્યા પછી તમારે જન્મ નથી, મૃત્યુ નથી, અને જગતનાં ક્ષણિક સુખો તેમજ હૃદય વિદારનારાં દુઃખ પણ નથી. એમાં જે નિત્ય સુખનો અને બ્રહ્માનંદનો આનંદ છે, તે સર્વથા અનિર્વચનીય છે. શબ્દોમાં એ શાશ્વત, સર્વાતીત, અવ્યક્ત આનંદનું કદિ પણ વર્ણન થઇ શકે તેમ નથી. એજ અખંડાનંદના તમે અધિકારી બનો છો. આ જગતમાં આપણને જે કંઇ સુખ જણાય છે, તે તો એ આનંદના માત્ર એક રજકણ જેટલુંજ છે. એ નિત્ય સુખજ–આત્માનો એ અનંત આનંદજ આપણું પરમલક્ષ છે.

આત્મા આનંદરૂપ છે, સર્વ ભેદોથી રહિત છે. તે સ્ત્રી પણ નથી કે પુરૂષ પણ નથી. સ્ત્રી પુરૂષનો ભેદ તો માત્ર શરીરમાંજ છે. તેનામાં કોઇ કાળે કશોજ ફેરફાર ન થતાં સર્વદા એકરૂપજ રહે છે. ત્યારે એ આત્મા કર્મબંધનમાં બંધાઇને શા માટે આ જગતમાં જન્મ લે છે ? આપણા શાસ્ત્રમાં માત્ર એકજ જવાબ છેઃ—આ બધાં બંધનોનું કારણ

અજ્ઞાન છે. એ અજ્ઞાને આપણને બાંધી લીધા છે. જ્ઞાન એ બંધનની લોહ બેડીયો તોડી નાખે છે, અને આપણને સામે પાર ઇશ્વરના અમૃત પ્રદેશમાં લઈ જાય છે. એ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ઉપાય શું છે ? પ્રેમભક્તિદ્વારા એ અનંત જ્ઞાનના દરવાજા ઉઘડી જાય છે. ઇશ્વરની ઉપાસનાથી અને પ્રાણીમાત્રને પ્રભુ મૂર્તિનાં મંદિરસ્વરૂપ માનીને તેમના-પર પોતાના જેવો પ્રેમ રાખવાથી જરૂર એ જ્ઞાન પ્રાપ્ત થાય છે; કેમકે પરમાત્મા સર્વ પ્રાણીઓમાં એક સરખી રીતે વસી રહ્યા છે.

આપણાં શાસ્ત્રોમાં ઇશ્વરનાં બે પ્રકારનાં સ્વરૂપો વર્ણવેલાં છે. પહેલું સાકાર અને બીજું નિરાકાર. સાકાર ઇશ્વરના સંબંધમાં આપણા શાસ્ત્રનો એવો મત છે કે તે આ જગતના સર્વવ્યાપી સૃષ્ટિકર્ત્તા છે. તેનું પાલનકર્ત્તા છે અને સંહારકર્ત્તા પણ તેઓજ છે. તેઓજ આ જગતના અનાદિ અનંત માતા—પિતા છે, અને તે છતાં પણ તેઓ આપણાથી તથા જગતથી પર છે. મુકિતનો અર્થ એ કે તેમની સમિપ જવું અને તેમનામાંજ રહેવું; તેથીજ તેને સામીપ અને સાલો-કય મુક્તિ કહી છે.

નિરાકાર નિર્ગુણબ્રહ્મનું વર્ણન કરતી વખતે ઇશ્વર પ્રત્યે લગાડ-વામાં આવતાં વિશેષણો અનાવશ્યક અને યુકિતહીન સમજીને પડયાં મૂકવાં જોઇએ. એ સર્વવ્યાપી નિર્ગુણ પુરૂષને જ્ઞાની કહી શકાય નહિ; કારણ કે જ્ઞાનનો સંબંધ તો મનુષ્યના મનની સાથે છે. તેમને વિચારશીલ કહી શકાય નહિ; કારણ કે વિચાર તો સીમામાં બંધા-યલા જીવને જ્ઞાન મેળવવાના ઉપાયરૂપજ છે. તેમને સંકલ્પ વિકલ્પ કરનારા કહી શકાય નહિ; કેમકે તર્ક પણ સીમાથી બંધાયલા અને દુર્બળતાના ચિહ્નરૂપ છે. તેને સૃષ્ટિકર્ત્તા પણ કહી શકાય નહિ; કારણ કે જાતે બંધન સ્વીકાર્યા વગર કશું પણ ઉત્પન્ન કરી શકાતું નથી. ત્યારે તેમને શું બંધન હોય? સ્વેચ્છાની સફલતા સિવાય તેમને કંઈ બંધ-

નજ નથી. ત્યારે તેને ઇચ્છા શાની છે? કોઇ પણ જાતનો અભાવ દૂર કરવા અને અમુક જરૂર પુરી પાડવા માટેજ કોઇ પણ કાર્ય કરવામાં આવે છે, ત્યારે તેમને અભાવ અથવા જરૂર શું હોઈ શકે? વેદમાં તેમને માટે 'તત્'ના નપુંસક લિંગનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનો હેતુ એ છે કે વેદ તેને નિર્ગુણ–નિરાકાર દર્શાવવા માગે છે. જો પુલ્લિંગ "સઃ" શબ્દનો વ્યવહાર કરવામાં આવ્યો હોત તો, તેમને વ્યક્તિ વિશેષરૂપે, અથવા કોઇ સાકાર શરીરધારી ઇશ્વરરૂપે સમજીને મનુષ્યો ભ્રમમાં પડે; માટેજ 'તત્' શબ્દનો ઉપયોગ કરીને જીવ જગતથી તેમનું સંપૂર્ણ પૃથક્ત્વ દર્શાવેલું છે. એ 'તત્' શબ્દનો વેદમાં જ્યાં જ્યાં પ્રયોગ કરવામાં આવ્યો છે, ત્યાં ત્યાં નિર્ગુણ પરમાત્માનેજ સંબોધન કરેલો છે. એ મતને અદ્વૈતવાદ કહે છે.

એ નિર્ગુણ–નિરાકાર પુરૂપ સાથે આપણો શું સંબંધ છે? તેની સાથે સંબંધ હોવાથીજ આપણે અસ્તિત્વ ભોગવીએ છીએ. આપણે સર્વથા તેનાથી અભિન્ન છીએ. આપણે પ્રત્યેક પ્રાણીમાત્ર તેના સ્થૂલ વિકાસરૂપજ છીએ. સર્વ પ્રાણી–પદાર્થોના અધિષ્ઠાનરૂપ તેજ છે. જેટલા પ્રમાણમાં આપણે નિર્ગુણ–નિરાકાર અનંત પરમાત્માથી આપણને પોતાને દૂર અથવા ભિન્ન માનીએ છીએ તેટલાજ પ્રમાણમાં આપણને દુઃખ ભોગવવું પડે છે. એ અદ્ભુત નિર્ગુણ સત્તાની સાથે આપણે જ્યારે એક થઇ શકીએ છીએ–તેની સાથેનું અભેદજ્ઞાન જ્યારે આપણને પ્રાપ્ત થાય છે, ત્યારે આપણે સર્વ દુઃખોથી મુક્ત થઇને સ્વતંત્ર બનીએ છીએ. એજ મુક્તિનું સ્વરૂપ છે. આ વાત પર અહીં ખાસ ધ્યાન આપવા જેવું છે કે નિર્ગુણ બ્રહ્મવાદ ઉપરજ નૈતિક સિદ્ધાંતોનો પાયો બાંધી શકાય તેમ છે. ઉંચામાં ઉંચું નીતિશાસ્ત્ર અભેદવાદવડેજ ફેલાવી શકાય છે. જગતની પ્રત્યેક પ્રજામાં અતિ પ્રાચીનકાળથી એજ મહાન સિદ્ધાંતનો ઉપદેશ આપવામાં આવે

છે કે, તમારા જાતિબંધુઓને, સઘળા મનુષ્યબંધુઓને તમારી પોતાની પેઠેજ ચાહો; પરન્તુ ભારતવર્ષમાં એવો ઉપદેશ અપાતો આવ્યો છે કે, માત્ર મનુષ્યજ નહિ પણ સર્વ પ્રાણીઓ ઉપર તમારા પોતાના જેવોજ પ્રેમ રાખો. આપણા ધર્મમાં મનુષ્ય અને ઇતર પ્રાણીઓ વચ્ચે કશો પણ ભેદ રાખવાનો ઉપદેશ કરવામાં આવ્યો નથી. સકળ જીવ—જંતુ ઉપર આત્મવત્ પ્રેમ રાખવાનો સ્થળે સ્થળે ઉપદેશ આપવામાં આવ્યો છે. આ પ્રમાણે સર્વ પ્રાણીપ્રત્યે પોતાના જેવો પ્રેમ રાખવાથી શું ફળ થવાનું છે? એક માત્ર વેદાન્તની તત્ત્વવિદ્યા—નિર્ગુણ બ્રહ્મવાદજ તેનું કારણ સમજાવવાની શક્તિ ધરાવે છે. તમે હિન્દવાસીઓ એ બરાબર સમજી શકો છો કે આ સમગ્ર બ્રહ્માંડ અખંડ એકરૂપ છે, સર્વત્ર એકજ આત્મતત્ત્વ વ્યાપી રહ્યું છે, અને પદાર્થમાત્રના જીવનનું ઝરણું એ અનંત આત્મભંડારમાંથીજ વહે છે. આમ જાણવાથી ભાન થાય છે કે કોઇને પણ આપણાથી પૃથક્ સમજી નુકસાન કરવાથી આપણું પોતાનુંજ નુકસાન થાય છે; અને સર્વને પોતાના આત્મારૂપ સમજી તેમનાપર પ્રેમ કરવાથી આપણે પોતાના આત્મા અને આપણા પોતાના સર્વવ્યાપી વિરાટ સ્વરૂપ ઉપરજ પ્રેમ કરીએ છીએ. આવા એકાત્મભાવમાંથી અને નિર્ગુણ બ્રહ્મવાદના ઉંચા આદર્શમાંથીજ નીતિશાસ્ત્રના ઉજ્જવલ સિદ્ધાંતો—મૂળતત્ત્વરૂપ વિચારો આપણને મળી આવે છે. નીતિસિદ્ધાંતોની ભવ્ય ઇમારત એ એક મૂળમંત્ર ઉપરથીજ બાંધી શકાય છે. બીજા કોઇનું અહિત કરવું તે મારૂં પોતાનુંજ અહિત અને બીજાનું હિત કરવું, બીજાની સેવા ઉઠાવવી, બીજાના ઉપર પ્રેમ રાખવો એ મારૂંજ કલ્યાણ છે; કારણ કે એ બધામાં હું પોતેજ બેઠો છું, મારોજ આત્મા એ સર્વમાં વ્યાપી રહ્યો છે. આવી દૃઢ ભાવના બંધાયા પછી મનુષ્ય કોને નુકસાન કરી શકે છે? ઉજ્જવલ નીતિસિદ્ધાંતોનો આથી મજબૂત પાયો બીજો ક્યો હોઇ શકે?

અદ્વૈતવાદનો પ્રસંગ નીકળતાં બીજી અનેક વાતો વચ્ચે આવે છે. અહીં સાકાર ઇશ્વરનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઇશ્વરના સાકાર વાદવડે સગુણ ઇશ્વરમાં વિશ્વાસ રાખવાથી પવિત્ર અને અપૂર્વ પ્રેમનો કેવો અદ્દ્ભુત પ્રવાહ વહેવા લાગે છે તે હું બરાબર સમજું છું. જુદા જુદા સમયની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભક્તિનો પ્રવાહ અને તેની શક્તિ મનુષ્યના હૃદય ઉપર કેટલું બધું કાર્ય કરી શકે છે તે હું સંપૂર્ણ રીતે સમજી શકું છું. તેમ છતાં પણ આપણા દેશમાં હાલની દેશ–કાળ સ્થિતિને લક્ષમાં રાખીને હાલ કઇ વસ્તુની મુખ્ય જરૂર છે? હદ બહાર પ્રેમમાં ઉન્મત બનીને એકબીજાને ગળે બાઝી રડતા બેસી રહેવામાં અથવા પ્રભુના વિરહની હૃદયદ્રાવક કલ્પના કરી ગોપીઓની પેઠે દિન–રાત ઝુરી મરવા કરતાં કંઇક વિશેષ બળ મેળવવાની જરૂર છે. **કોમળ હૃદયથી રડવાનો સમય નથી, પણ પગલું પડતાં ધરતી ધ્રૂજે એવા વીર્યની આવશ્યકતા છે.** અદ્વૈતવાદના નિર્ગુણ બ્રહ્મમાં સંપૂર્ણ વિશ્વાસ ઉત્પન્ન થવાથી અને સર્વ મારૂં સ્વરૂપ છે એવો પ્રબલ ઉદારભાવ જાગૃત થવાથી પોતાની શક્તિને માટે મનુષ્યનું હૃદય કેટલું બધું ગૌરવ ધારણ કરી શકે છે તેનું માપજ થઇ શકે તેમ નથી. એ અદ્વૈતવાદને યોગેજ મનુષ્યનું મન અતુલબલ મેળવી શકે છે; તથા બધા વહેમો, ભય અને કુસંસ્કારોને લાત મારી દૂર ફેંકી દે છે. પોતાની દીનતા અને હીનતાનો ખ્યાલજ તેને ઘૃણા ઉપજાવે છે, અને મનુષ્ય ચૈતન્યવાન બનીને નિડરતાથી પોતાનાજ પગપર ઉભો રહે છે. 'સમગ્ર જગતના આત્માસ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ હું પોતેજ છું' એ વિચારથી જાગૃત થયેલા બળવડે તેની છાતી ફૂલાઈ જાય છે. ભય અને ભીરૂતાના વિચારોજ તેની સામેથી ભય પામીને ધ્રૂજતા અદૃશ્ય થઇ જાય છે. એ વખતે તે બોલી ઉઠે છે કેઃ–" હું અવિનાશી આત્મા છું, અનાદિ અને અનંત છું, મને કોણ ભય પમાડી શકે તેમ છે? મને

આ ત્રિભુવનમાં કોનો ભય છે ? કુદરતી નિયમોની પણ હું દરકાર કરતો નથીઃ મૃત્યુ તો મારી નજરમાં એક હસવાની વસ્તુ છે." આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી આવી રીતે મનુષ્ય પોતાનાજ મહિમામાં મસ્ત બનીને પોતાની આત્મશક્તિ ઉપર મેરૂની પેઠે અડગભાવે અચળ ઉભો રહે છે. જે આત્મા અનાદિ અનંત છે, જે જરા, મૃત્યુ અને દુઃખથી રહિત છે, જેને જગતનું કોઇ પણ હથિયાર વિંધી શકતું નથી, જેને બીજી કોઇ પણ સત્તા સ્પર્શી શકતી નથી, જેને પ્રબળવાયુ સૂકવી શકતો નથી, અગ્નિ બાળી શકતો નથી કે પાણી પલાળી કે પીગળાવી શકતું નથી; એવા અન્ત રહિત, જન્મ, જરા અને મૃત્યુ રહિત અજરામર આત્માને આ બ્રહ્માંડમાં કોણ બીવરાવી શકે તેમ છે ? વળી જે આત્માના પ્રભાવ અને વિસ્તાર આગળ અનેક સૂર્યમંડળ અને ચંદ્રમંડળો માત્ર સમુદ્રની સામે ધરેલા બિન્દુ જેવાં જણાય છે, જે આત્માના મહિમા આગળ અનંત જણાતી દશે દિશાઓ પીગળીને અદૃશ્ય થઇ જાય છે, અનંત જણાતો કાળ પણ જેના આગળ અન્તવાન બનીને અંતર્હિત થઇ જાય છે, જે આત્મા આદિ તેમજ અંત રહિત છે, તે અજરામર આત્માને કોણ ભય પમાડી શકે ? માટે આપણે આત્મજ્ઞાન મેળવીને આપણા પોતાના સર્વથી અધિક ગૌરવવાળા આત્મામાંજ દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ. એ આત્મવિશ્વાસ અને આત્મવિચારમાંથીજ બલ, વીર્ય અને પ્રભાવના પ્રબળ પ્રવાહો વહે છે, તથા અપરિમિત આત્મશક્તિ જાગ્રત થાય છે. માત્ર **ઇચ્છાશક્તિજ એ આત્મશક્તિના ભંડારની ચાવી છે.** જેવી ઇચ્છા તમે કરશો અને જેવા વિચારો તમે રાખશો તેવાજ તમે જરૂર થશો. જો તમે પોતે નબળા છો એવો વિચાર કરશો તો જરૂર તમે નિર્માલ્ય અને નબળા બની જશો, અને જો તમે વિચારશો કે તમે સંપૂર્ણ બલવાન છો, તો જરૂર તમે બલવાન અને

તેજસ્વી બની શકશો. જો તમે પોતાને અપવિત્ર વિચારશો તો પરિણામે તમે અપવિત્રજ થશો અને પરમપવિત્ર વિચારશો તો પવિત્રજ નિવડશો. સંકલ્પસિદ્ધિનો આ મંત્ર—આત્મજ્ઞાનનો આ મહાન સિદ્ધાંત—આપણને સ્પષ્ટ રીતે શીખવે છે કે પોતાને માટે કદી પણ આપણે હલકા વિચારો કરવા ન જોઇએ, આપણને પોતાને દુર્બળ અને નિર્માલ્ય સમજવા ન જોઇએ; પરન્તુ હમેશાં દૃઢ વિચારથી આપણે એમજ સમજવું જોઇએ કે આપણે બલવાન, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છીએ. મારા પોતાના આત્મામાંજ તમામ શક્તિઓ ભરેલી છે, હજી સુધી તેઓ કદાચ વિકાસ પામી ન હોય, તેનો બહાર પ્રકાશ પડતો ન હોય તો તેની કંઈ ફિકર નહિ; પરન્તુ તેઓ મારા હૃદય અને આત્મામાં ભરેલી છે તેમાં તો કંઇ પણ શંકા નથી. મારા પોતાના અંતરાત્મામાં સઘળું જ્ઞાન, સઘળું વીર્ય, સર્વ શક્તિ, સંપૂર્ણ પવિત્રતા અને સંપૂર્ણ સ્વતંત્રતા વિરાજી રહી છે. હું એ બધા જ્ઞાન અને બળનો પ્રકાશ શા માટે નથી કરી શકતો ? કારણ કે મને તેનામાં પૂરો વિશ્વાસ નથી; જો પૂરેપૂરો આત્મવિશ્વાસ હોય તો તેનો આત્મપ્રકાશ થયા વગર રહેજ નહિ. આત્મવિશ્વાસના વિશાળ તથા ઉદાર દ્વારમાંથી પ્રકટ થતા પ્રભાવસૂર્યનો કોઇ પણ અવરોધ કરી શકે તેમ નથી, માટે આવો આપણે આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીએ. અને નિશ્ચય રાખો કે તેમ કરવાથી તે જરૂર પ્રકાશીને ઝળહળી રહેશે. આત્મજ્ઞાન તેમજ નિર્ગુણ પરમાત્માનો વિચાર આપણને આ પ્રકારનું શિક્ષણ આપે છે. બન્ધુઓ! **એ દિવ્ય શિક્ષણનાં બીજ તમારાં બાળકોની હૃદયભૂમિમાં છેક બાલ્યાવસ્થાથીજ વાવીને તેમને મજબૂત બનાવો. તેમને તેજસ્વી અને ઉદાર વિચારનાં બનાવો. આત્માનો પ્રકાશ તેમના હૃદયાકાશમાં રેલાવો. નબળા અને બાયલા વિચારો તેમના હૃદયને અડકી પણ ન શકે તેની પુરી**

સંભાળ રાખો. બહારની નકામી ક્રિયાઓ અને વખત તથા વિત્તનો વ્યર્થ વ્યય કરાવનારાં નિરૂપયોગી અનુષ્ઠાનોનું તેમને શિક્ષણ ન આપો. તેમને બહાદૂર અને બળવાન બનાવો. તેઓ પોતાનાજ પગ-પર ઉભા રહે તથા પારકી લાચારી અને ભિક્ષાવૃત્તિ ભૂલી જાય એવો તેજસ્વી આત્મરસ તેમની નસેનસમાં સીંચો; જેથી તેઓ નિર્ભય, સાહસિક, દૃઢ મનના સર્વના ઉપર જય કરનારા અને સઘળું સહન કરનારા ખરેખરા આર્યરત્નો નિવડી શકે. એવી રીતે તેમને તૈયાર કરવા માટે પહેલવહેલો આત્માના મહિમાનો મહા મંત્ર તેમને શીખવી દો. એ મંત્ર માત્ર વેદાન્તમાંજ મળી શકે તેમ છે. વેદાન્તજ તેનું સ્થાન છે. એજ વેદાન્તશાસ્ત્રોમાં બીજા ધર્મોમાં હોય છે તેવા પ્રેમ, ભક્તિ, ઉપાસના વગેરે ધાર્મિક વિચારોનો પણ ઠેક ઠેકાણે ઉપદેશ કરેલો છે, વખતે બીજા ધર્મો કરતાં વિશેષ પણ હશે, પરન્તુ એ સર્વમાં સર્વથી ઉપયોગી તો આત્મજ્ઞાનજ છે. આત્મશક્તિનો એ વિચારજ નવું જીવન આપનારો, અતુલ શક્તિ પ્રેરનારો તથા અપૂર્વ અને અતિ અદ્‌ભુત છે. ફક્ત એક વેદાન્તવાદમાંજ એવા મહાન અને પ્રબલ વિચારો ભરેલા છે કે જે સમગ્ર જગતના વિચારોમાં મહાન ફેરફારો કરી દેશે; અને જડવાદી જગતના વિજ્ઞાનશાસ્ત્રની સાથે ધાર્મિક વિચારોનું સામંજસ્ય સ્પષ્ટ રીતે સિદ્ધ કરી બતાવશે.

બંધુઓ! તમારી સમક્ષ આપણા ધર્મના મુખ્ય મુખ્ય વિચારો—આપણા ધર્મની મુખ્ય મુખ્ય બાબતો—રજુ કરવાનો અને વેદાન્ત-સિદ્ધાંતોને ટાંકી બતાવવાનો મેં યત્ન કર્યો છે. હવે તેમને આપણા જીવનમાં વ્યાવહારિક રીતે ઉપયોગી કરવા માટે આપણે શું કરવું જોઇએ? તેના સંબંધમાં મારે તમને થોડા શબ્દો કહેવાના છે. આપણે જોયું તે પ્રમાણે હિન્દુસ્તાનની હાલની પરિસ્થિતિમાં અહીં ઘણા મત–સમ્પ્રદાયો ઉભા થાય એ તદ્દન સ્વાભાવિક છે. આપણે

જોઇએ છીએ કે ઘણા પન્થો થયા પણ છે; અને આશ્ચર્ય સહિત આપણે એ પણ જોઇ શકીએ છીએ કે એ બધા મત–પન્થો પરસ્પર કલહ કે વિરોધ કર્યા વિના વેદાન્તને છાજતી ગંભીર શાન્તિ જાળવી રહ્યા છે. શૈવો એમ નથી કહેતા કે "વૈષ્ણવો બધા ખોટા છે અને તેમનો અધઃપાત થવાનો છે." એવીજ રીતે વૈષ્ણવો પણ નથી કહેતા કે "દરેક શૈવોની આખરે અધોગતિ થવાની છે." તેઓ એક બીજાને કહે છે કે "અમે અમારો ધર્મ માનીએ છીએ, તમે તમારો ધર્મ માનો; અમે અમારે માર્ગે ચાલીએ છીએ, તમે તમારે માર્ગે ચાલો." પરિણામે પરમાત્માના ધામમાં આપણે એકજ સ્થાને એકઠા થઇશું. ભારતના સઘળા મત–સંપ્રદાયો આ વાત સારી રીતે સમજે છે, સ્વીકારે છે અને અનુસરે છે. આવી ઉદાર ધર્મપદ્ધતિનું નામજ ઇષ્ટા અને ઉત્તમ પદ્ધતિ છે. અતિ પ્રાચીન કાળથીજ આપણા લોકોના સમજવામાં આવ્યું છે કે ઇશ્વિરોપાસનાની વિવિધ પ્રણાલીઓ છે, તેમજ એ પણ સમજવામાં આવ્યું છે કે રૂચિભેદે જુદા જુદા સ્વભાવને માટે જુદી જુદી પ્રણાલી અને પદ્ધતિની જરૂર છે. ઇશ્વિરની પ્રાપ્તિ માટે તમે સ્વીકારેલી પ્રણાલી કદાચ મને પસંદ નહિ પડે, વખતે ઉલટી મને તે નુકસાનકારક પણ નિવડે; માટે સર્વને પોતાની રૂચિ-અનુસાર ધર્મ પાળવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. સઘળા લોકોને માટે માત્ર એકજ માર્ગ છે અને એકજ પ્રણાલી બધાએ સ્વીકારવી જોઈએ, એવો વિચાર ઘણોજ નુકસાનકારક, છેકજ અર્થહીન, કદિ પણ ન પાળી શકાય તેવો અને તદ્દન તજી દેવા યોગ્ય છે. જો જગત-ના સઘળા લોકો એકજ પ્રકારના ધાર્મિક વિચારો રાખે, એકજ ધર્મને માને અને એ એકજ માર્ગમાં સાથે ચાલવા જાય તો જગતના અને લોકોના કમનશીબ તથા દુઃખોનો કંઇ પારજ નહિ રહે. એમ થવાથી તો લોકોની સ્વતંત્ર વિચારશક્તિ અને ખરો ધર્મભાવ ભયં-

કર રીતે નાશ પામશે; કેમકે 'વિવિધતા,' વિચારોનું બહુપણું એજ આપણી જીંદગીનો આધાર છે, અને એજ આપણા જીવનનો આત્મા છે. એ 'વિવિધતા' અને બહુપણાના લોપની સાથે તો આ સૃષ્ટિનો પણ લોપ થશે. જ્યાં સુધી વિચારોની એ 'વિવિધતા' અને વિભિન્નતા ટકી રહેશે, ત્યાં સુધીજ આપણે હયાત રહીશું. માટે વિચારભેદ કે મતભેદને લીધે આપણે વિરોધ કરવાની કે લડી મરવાની કંઇ પણ જરૂર નથી. તમારો માર્ગ તમારે માટે ઘણો સારો છે પણ તે મારે માટે સારો નથી. મારો માર્ગ મારે બહુ સારો છે અને તે તમારે માટે સારો નથી. લક્ષમાં રાખો કે આ જગતમાં કોઈ પણ ધર્મ સાથે આપણને કશો વિરોધ કે વાંધો નથી. આપણામાંના દરેકને પોતપોતાનો 'ઇષ્ટ માર્ગ' છે, એ બરાબર ધ્યાનમાં રાખજો. આપણે જોઇએ છીએ તેમ બહારના માણસો ભારતમાં આવીને ડહાપણથી કહેવા લાગે છેઃ—"આ અમારો માર્ગજ ખરો છે," અને વળી એટલું કહીનેજ બેસી ન રહેતાં ભારત જેવા ઉદાર ધર્મવિચારવાળા દેશમાં શિરજોરીથી પોતાના ધર્મ વિચારો આપણા ગળામાં ખોસવા લાગે છે ત્યારે મને બહુજ હસવું આવે છે! એ ડાહ્યા પુરૂષોને માટે મારે એકબે શબ્દ કહેવાની જરૂર છે. જે હૃદયહીન લોકો પોતાનાજ માનવબંધુઓનો—તેઓ ઇશ્વરપ્રાપ્તિને જુદે માર્ગે જતા જણાય છે એટલાજ માટે—વિનાશ કરવા ચાહે છે, તેમને મ્હોડે પ્રેમ, ભ્રાતૃભાવ અને ઉદાર લાગણીની વાતો છેક હાસ્યપાત્રજ લાગે છે—બિલકુલ શોભતી નથી. તેમના એ મ્હોડાના પ્રેમની જરા પણ કિંમતજ નથી. જે મનુષ્ય પોતાનાથી જુદે માર્ગે જતા બીજા માનવબંધુનો વિચારભેદ પણ સહી શકતા નથી, તેઓ પ્રેમનો પ્રચાર શું કરશે? જો એવાજ ઇર્ષ્યાભાવને પ્રેમ કહેવામાં આવે તો પછી ધિક્કાર કોને કહેવો? છતાં તેઓ પોતાના ઉદાર પ્રેમની વાતો કરે છે, એ પણ આ નવાયુગનું

એક નવું આશ્ચર્ય છે ! અસ્તુ: પણ આપણે તો આ જગતના કોઈ પણ ધર્મ સાથે તકરાર કે વિરોધ નથી. કોઈ ધર્મ ભલે ખ્રીસ્તને અવતાર ગણીને તેને પૂજવાનો ઉપદેશ આપે, કોઈ બુદ્ધને, કોઇ મહમદને અને એવીજ રીતે જેને જે યોગ્ય જણાય તે અવતાર, મહાત્મા કે આચાર્યને પૂજવાની ભલે તે પોતાની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે. હિન્દુ તો તેમાંના દરેકને કહે છે કે, “પધારો ભાઇ, હું તમને તમારા માર્ગમાં મદદ કરવા ચાહું છું; પણ મને તો કૃપા કરીને મારે પોતાનેજ માર્ગે જવા દેજો; કેમકે ઇશ્વરને ઘેરથી નિર્માણ થયેલું એજ મારૂં ‘ इष्टम् ’ છે. તમારો માર્ગ ઘણો સારો છે એમાં કંઇ શક નથી; પણ તે તમારેજ માટે. મારે માટે વખતે તે નુકસાનકારકજ નિવડે ! કયો ખોરાક મને ફાયદાકારક છે તેનો મત હું મારા પોતાનાજ અનુભવને પૂછીશ અને મારો અનુભવ એ બાબતમાં જે કહેશે તેટલું વૈદ્ય અને ડોકટરોની એક મોટી સેના પણ કહી શકવાની નથી. એવીજ રીતે મારે માટે કયો માર્ગ અને કયો પંથ ઉત્તમ છે તે હું મારા પોતાના અનુભવથીજ સારી રીતે જાણી શકું છું. આજ ખરી પદ્ધતિ છે, એજ ઉત્તમ ધોરણ છે. એથીજ આપણે કહીએ છીએ કે કોઇ પણ મંદિર, કોઇ પણ દેવળ, કોઇ પણ સંજ્ઞા, કોઇ પણ મહાત્મા કે કોઇ પણ મૂર્તિ તમારા અંતરમાં વસતા ભગવાનનો સાક્ષાત્કાર કરવામાં મદદગાર થતાં હોય તો તમે ઘણી ખુશીથી સંપૂર્ણ હૃદયથી તેની ઉપાસના કરો. જો જરૂર હોય અને તમારી ઇચ્છા હોય તો ભલે બસો પ્રતિમાઓ એક સાથે સ્થાપિત કરો. જો અમુક આચાર વિચાર, અમુક રીતિ–રિવાજ કે અમુક ક્રિયા–પદ્ધતિ હૃદયદેવતાનો સાક્ષાત્કાર કરવામાં તમને સહાયક થતી હોય તો તમે ખુશીથી તેનું અનુસરણ કરો. પરમાત્મા તમને તેમાં સહાય આપીને સફળ કરો. જે કાંઇ ક્રિયા અથવા અનુષ્ઠાનપદ્ધતિ, જે જે વિચારો અને જે જે સિદ્ધાંતો

તમને ઇશ્વરની સમીપ લાવતા હોય તેમનું તમે ખુશીથી અવલંબન કરો. જે દેવમંદિર અથવા આશ્રમમાં જવાથી તમારા ઇશ્વરપ્રાપ્તિના મંગલ કાર્યને વિશેષ અનુકૂળતા અને સહાયતા મળતી હોય ત્યાં જઇને આનંદથી પૂજા—ઉપાસના કરો; પરંતુ તેને માટે નકામા ઝગડા-ટંટા ન કરો. તમારા ધર્મ કે તમારી માન્યતાનું પોટલું બીજાની ગરદનપર નાખવાનો યત્ન કરીને વિનાકારણ વેર ઝેર ના વધારો. કલહ-કંકાસથી ઇશ્વરના મંદિર જેવા આ સંસારને ભ્રષ્ટ કરી નરકાગાર ના બનાવો. લક્ષમાં રાખજો કે જે ક્ષણે તમે બીજા સાથે તકરાર કે વિરોધ કરવા જાઓ છો, તેજ ક્ષણે તમે ઇશ્વર તરફ ન જતાં પાછા ફરીને શયતાન અને હેવાન તરફ જાઓ છો; માટે એ મહાપાપના કાર્યથી દૂર રહો.

આપણા ધર્મના થોડા મુખ્ય મુખ્ય વિચારો મેં તમને કહી બતાવ્યા. તમે જોઇ શકો છો કે આપણો ધર્મ કોઇને તિરસ્કાર કરીને બહાર કહાડી મૂકતો નથી, પણ દરેકને પ્રેમથી બોલાવીને પોતાના ખોળામાં ખેંચી લે છે. જો કે આપણી વિવિધ જાતિઓ અને જુદી જુદી સંસ્થાઓ દેખીતી રીતે આપણા ધર્મ સાથે જોડાયેલી—ધર્મના અંગરૂપજ જણાય છે; પરંતુ વાસ્તવિક રીતે એમ નથી. એ બધી સંસ્થાઓ—એ નિયમાવલીઓ—આપણું એક પ્રજા તરીકે રક્ષણ કરવામાં બહુ જરૂરની છે, અને એ આત્મરક્ષાની આવશ્યકતા જ્યારે પૂરી થશે ત્યારે તેઓ પણ પોતાની મેળે કુદરતી રીતેજ અહીંથી ચાલી જશે; કેમકે અમુક દેશ—કાળ અને સ્થિતિના ધર્મો તેમજ આચાર—વિચાર તે તે દેશ—કાળની સ્થિતિની સાથેજ આવે છે અને તે જતાં તે પણ તેમની પાછળજ ચાલ્યા જાય છે. મારૂં કહેવાનું એ છે કે, જેમ જેમ મારી વય અને મારો અનુભવ વધતાં જાય છે, તેમ તેમ એ બધી ભારતની પ્રાચીન સંસ્થા અને પ્રથાઓ મને વધારે સારી, વધારે હિતકારક

અને વધારે આવશ્યક સમજાય છે. એવો પણ એક સમય હતો કે જ્યારે તેમાંના ઘણા આચાર–વિચાર અને પૃથાઓને હું નિર્માલ્ય, નિરૂપયોગી અને નકામાં સમજતો હતો; પણ જેમ જેમ હું મોટો થતો જાઉં છું તેમ તેમ મારા વિચારો બદલાતા જાય છે, અને કોઇ પણ પ્રાચીન પૃથા કે આચાર વિચારનો દોષ ક્હાડી તેની નિંદા કરવાનું દૂષિત કાર્ય કરવાથી મારૂં મન પાછું હઠે છે. મારા અનુભવ પરથી હું જોઇ શકું છું કે તેમાંની પ્રત્યેક સંસ્થા અથવા પૃથા અનેક સૈકાના અનુભવરૂપેજ પ્રચલિત થયેલી છે અને ધર્મ તથા પ્રજાને ટકાવી રાખવાનું બલ તેમાં ઉંડા રહસ્યરૂપે રહેલું છે. ગઇ કાલનું જન્મેલું અને આવતી કાલેજ મરવાને માટે નિર્માણ થયેલું બાળક મારી પાસે આવીને મારી બધી યોજનાઓ બદલી નાખવાનું મને કહે, અને હું એ નિર્બોધ બાળકની સલાહ સ્વીકારીને તેના નાદાન વિચારો પ્રમાણે મારી બધી કાર્યપ્રણાલી એકાએક બદલી નાખવાને હું તૈયાર થાઉં, તો એથી હું પોતેજ મૂર્ખ બનું, બીજું કોઇ નહિ બને. બહારના જુદા જુદા દેશોમાંથી આપણે માટે જે બધા ઉપદેશોનાં અને શિખામણોનાં પારસલો આવે છે તેમાંનો મોટો ભાગ એજ પ્રકારનો છે. પગ નીચે બળતું હોલવ્યા વિનાજ લંકાની આગ બુઝાવવા નીકળેલા એ બધા દોઢ ડાહ્યાઓને કહો કેઃ—“ભાઇ, પ્રથમ તમે જરા તમારી પોતાનીજ સમાજને બરાબર દઢ અને શુદ્ધ કરી લો, પછી હું તમારી શિખામણ સાંભળીશ. તમે માંહોમાંહેજ એક બીજાના વિચારને સહન કરી શકતા નથી, અંદર અંદર લડો છો, નિષ્ફળ જાઓ છો અને પ્રેમના વિચારને દરિયાના પાણીમાં વહેતો કરો છો ! પહેલાં તો અમારી સમાજ જેવું તમારૂં પોતાનું દઢ બંધન કરો, પહેલાં તો એવા ધારા, ધોરણ, સંસ્થા, પૃથા અને નિયમોની સ્થાપના કરો કે જેના ઉપર સેંકડો સૈકાના અત્યાચાર અને ઝંઝાવાત પસાર થઇ જાય છતાં પણ તે ટકી રહે. પછીજ આ વિષય ઉપર અમારી સાથે વાતચિત કરવાનો તમને અધિકાર મળશે.

જ્યાં સુધી એમ ન થાય ત્યાં સુધી તો અમારી નજરમાં તમે માત્ર નાદાન બાળકજ છો ! તમારો પોકળ ઉપદેશ સાંભળીને અમે માત્ર હસીએ છીએ, પણ તેને ગ્રહણ કરી શકતા નથી.

આપણા ધર્મ વિષે મારે તમને જે કંઇ કહેવાનું હતું તે કહી દીધું છે. છેવટે હવે આજના જમાનાને જે વિષયની બહુજ અગત્ય છે, તેજ વિષયની તમને યાદ આપીને હું મારૂં કથન સમાપ્ત કરીશ. મહાભારતપ્રણેતા ભગવાન વેદવ્યાસનું ભલું થાઓ કે તેમણે આ કલિયુગમાં દાન જેવા મહાન પુણ્યને ધર્મના એક માત્ર બાકી રહેલા પાદરૂપે જણાવ્યું છે. આગલા યુગોમાં કઠોર તપસ્યા અને જે જે કઠિન યોગસાધનાઓ ચાલુ હતી તેનું આ યુગમાં કંઈ પ્રયોજન રહ્યું નથી. આ યુગની મોટામાં મોટી જરૂર અને આ યુગમાં મોટામાં મોટો ધર્મ ‘ દાન ’ છે. સ્વાર્થ વગર બીજાને દેવું, હૃદયની લાગણીથી બીજાને મદદ કરવી, એજ મહાન ધર્મ છે. દાન શબ્દનો યથાર્થ શું અર્થ થાય છે? સર્વથી મોટામાં મોટું દાન તે ‘ધર્મદાન’ છે. જેથી આત્માનું શાશ્વત કલ્યાણ થાય એવી અધ્યાત્મવિદ્યા અને ધાર્મિકશિક્ષાનું દાનજ સર્વોત્કૃષ્ટ છે. ત્યાર પછી બીજે નંબરે વ્યાવહારિક વિદ્યાનું દાન છે. ત્યાર પછી પ્રાણદાન, અભયદાન અર્થાત્ જીવદયાનો નંબર છે; અને અન્ન, જળ, વસ્ત્રાદિનું દાન સર્વથી છેલ્લા નંબરનું છે. જેઓ ધર્મ અને આત્મજ્ઞાનનું દાન આપે છે, તે દાન લેનાર જીવાત્માને અનેક જન્મનાં દુઃખ અને મૃત્યુમાંથી બચાવી લઈ તેના આત્માનો ઉંડો આશીર્વાદ મેળવે છે. જેઓ વ્યાવહારિક વિદ્યા અને વ્યાવહારિક જ્ઞાનનું દાન આપે છે, તેઓ દાન લેનારને જીવન ચલાવવાનાં અનેક સાધનો પ્રાપ્ત કરવાની શક્તિ આપે છે, અને ધર્મજ્ઞાન મેળવવાને તેની આંખો ઉઘાડે છે. આનું પુણ્ય પણ ઘણું વિશેષ છે. બાકી બીજાં બધાં દાનો આથી ઉતરતાં છે. પ્રાણદાન પણ તેમાંજ આવી જાય છે, અર્થાત્ કોઇના પ્રાણ બચાવવા કરતાં પણ તેને ધર્મ-

જ્ઞાન અને વિદ્યા આપી તેના આત્માનો ઉદ્ધાર કરવાનું કાર્ય મહાન પુણ્યરૂપ છે. માટે તમારે એજ જાણવાની જરૂર છે કે તમારે આત્મજ્ઞાન મેળવવું તેમજ ફેલાવવું; અને આત્મવિદ્યાના દાન કરતાં બીજાં બધાં કામ અને બીજી બધી પ્રવૃત્તિ ઉતરતી તથા બહુજ થોડી કિંમતની છે. આધ્યાત્મિક જ્ઞાનનો બને તેટલો વિસ્તાર કરવાથી મનુષ્યજાતિને મોટામાં મોટી મદદ આપી છે એમ સમજવું. આપણાં પવિત્ર પ્રાચીન શાસ્ત્રોમાં આધ્યાત્મિક વિચારોનો અનંત ઝરો ભરેલો છે. પૃથ્વીની સપાટીઉપર આ આત્મત્યાગની પ્રબળ ભાવનાવાળા દેશ સિવાય બીજા કોઈ પણ દેશમાં વ્યાવહારિક વેદાંત, બ્રહ્મવિદ્યા અને ધર્મની અપરોક્ષ વિભૂતિનાં ઉમદાં દૃષ્ટાંતો મળી શકતાં નથી. મારાં વચનોમાં વિશ્વાસ રાખો. બીજા બધા દેશોમાં વાતો બહુ મોટી મોટી થાય છે, પણ ધર્મનો વ્યાવહારિક ઉપયોગ કરનારા માણસો તો અહીંજ પાકે છે. જેણે ધર્મને પોતાની નસેનસમાં વહેવડાવી મૂકયો છે અને ધર્મનેજ પોતાનું જીવનસર્વસ્વ સમર્પણ કર્યું છે એવા ઉદાર પુરુષો તો ફક્ત આ એક પુરાણપ્રસિદ્ધ, પવિત્ર ભારતભૂમિમાંજ મળી આવે છે. મ્હોડાની જલ્પના અને મોટી મોટી વાતોથી કંઇ ધર્મ સિદ્ધ નથી થતો. પાળેલા પોપટ બહુએ સારૂં સારૂં બોલે છે, અને આ નવા જમાનામાં તો જડયંત્રો પણ ઘણું સારૂં સારૂં બોલતાં શીખ્યાં છે; પરન્તુ ઉગ્ર આત્મત્યાગનો, પ્રત્યક્ષ વેદાન્તનો પ્રભાવ, તથા સહનશીલતાથી સઘળાં સંકટો ઉઠાવીને પણ ધર્મને વળગી રહેનારૂં અને સ્વાર્થરહિત પ્રેમયુક્ત ઉજ્જવલ દિવ્ય જીવન ક્યાં છે? બતાવો, મને બતાવો! એ પ્રકારનું જીવનજ અધ્યાત્મજ્ઞાની પુરૂષનું ખાસ લક્ષણ છે. આવા ઉદાર વિચારો અને આવા વ્યાવહારિક ઉમદા દાખલાઓનો આપણો પવિત્ર દેશ એક અખૂટ ભંડાર હોવા છતાં, જો એ મહાયોગી પુરૂષોનાં પવિત્ર હૃદય અને મગજના ખજાના લુંટાવવામાં ન આવે; જો જગતમાં ઘેર ઘેર તેનાં લ્હાણાં ન પહોંચાડવામાં આવે; હિન્દુસ્તાન તેમજ બહારના વિશાળ જગતમાં એ

બધાં અમૂલ્ય રત્નોને છૂટે હાથે વહેંચીને ધનિક કે ગરીબ, ઉંચ કે નીચ, અમીર કે ફકિર, બાળ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, ગમે તે સ્થિતિ, ગમે તે ધર્મ અને ગમે તે કોમના દરેકે દરેક મનુષ્યને માટે જો આપણી એ પ્રાચીન મિલ્કતને વહેંચી દઇને સમગ્ર માનવજાતિની સામાન્ય મિલ્કત-રૂપ તેને ન બનાવી દેવામાં આવે તો મોટા અફસોસની વાત છે! મોટી શરમની વાત છે! આ આપણી એક મોટામાં મોટી ફરજ છે. તે ફરજ તમારામાંના પ્રત્યેકે પ્રતિજ્ઞાપૂર્વક પાલન કરવી જોઇએ, અને તે પાળતા જશો તેમ તેમ તમને જણાશે કે તમે જેટલી બીજાને વધારે મદદ કરતા જાઓ છો તેટલુંજ તમે પોતાનું વધારે કલ્યાણ કરતા જાઓ છો. જો તમે તમારા સ્વધર્મ અને સ્વદેશને હૃદયપૂર્વક ચહાતા હો તો તમારે માથે રહેલી મોટામાં મોટી ફરજ એ છે કે હવે વધારે વખત આળસમાં ઉંઘી ન રહેતાં, તમારે ધાર્મિક જગતમાં જાગૃત થઇને ઉત્સાહથી કાર્યમાં જોડાવું જોઇએ; અને તે કાર્ય કરતી વખતે તમારી અંધારા ખુણામાં પડી રહેલી જુની પોથીઓમાં જે અમૂલ્ય સિદ્ધાંત—રત્નોના ખજાનાની થેલી છે તેને જગતના ક્ષેત્રમાં અને સૂર્યના પ્રકાશમાં બહાર ખેંચી લાવવાનો તેમજ તેના ખરા હકદાર સર્વ મનુ-બાળોમાં તેને સમભાગે વહેંચી આપવાનો મહાન ઉદાર વિચાર કદિ પણ તમારા મગજમાંથી દૂર કરવો જોઇએ નહિ. એ બધા ઉપરાંત બીજી પણ એક વાત વધારે જરૂરની છે. આજે અનેક વર્ષો થયાં, અરે યુગો થયાં ભયંકર ઇર્ષ્યાગ્નિમાં આપણે સળગ્યા કરીએ છીએ. આપણે અંદર અંદર સદા એક બીજાને માટે ઇર્ષ્યાનું ભયંકર વિષ ઘુંટ-તાજ રહીએ છીએ. અમુક માણસ મારા કરતાં આગળ કેમ વધી ગયો અને હું શા માટે પાછળ રહી ગયો? ઇશ્વરની પૂજા—ઉપાસનામાં પણ આપણે સર્વથી આગળ આવવાનો દાવો કરી દ્વેષ અને ઇર્ષ્યાથી લડી મરીએ છીએ! આ ઇર્ષ્યારૂપી વિષનો આપણે ત્યાગ કરવો જોઇએ; પરસ્પરના પવિત્ર પ્રેમથી એ ઝેર ઉતારીને ધોઇ નાખવું જોઇએ.

જો આ વખતે હિન્દુસ્તાનમાં કોઈ મોટામાં મોટા પાપનો અધિકાર ચાલી રહ્યો હોય તો તે માત્ર માંહોમાંહેના દ્વેષ અને ઈર્ષ્યાની ગુલામગીરી છે. દરેક મનુષ્ય હુકમ ચલાવવા માગે છે, પણ કોઈ આજ્ઞા પાલન કરવા તૈયાર નથી. આવી ભયંકર સ્થિતિ થવાનું મુખ્ય કારણ આપણા પ્રાચીન અદ્‌ભુત પ્રભાવ આપનારા 'બ્રહ્મચર્ય વ્રતની ગેરહાજરી છે.' બન્ધુઓ ! પહેલાં તો હુકમ ઉઠાવતાં શીખો, અને પછીજ હુકમ કરવાની ખરી યોગ્યતા એની મેળે આવશે. પહેલાં તો સેવક થતાંજ શીખો, એ પછીથીજ તમે સ્વામી થવાને લાયક બનશો. આ મહા પિશાચિની ઈર્ષ્યા રાક્ષસીનો ત્યાગ કરો અને પ્રેમથી કર્તવ્ય-ક્ષેત્રમાં આગળ વધો. જે જે મહાન કાર્યો કરવાનાં બાકી રહ્યાં છે તે એમ કરવાથીજ તમે સિદ્ધ કરી શકશો. આપણા પવિત્ર પૂર્વજોએ એવીજ રીતે પ્રેમ, ઉત્સાહ, ધર્મબુદ્ધિ અને અડગ નિશ્ચયથી ઘણાં અદ્‌ભુત કામો કર્યાં છે, તથા મહાન પરાક્રમો કરી બતાવેલાં છે. આપણે એ ભૂતકાળની ભવ્યતા તરફ નજર કરીને ઘણા અભિમાન અને સન્માન સહિત તેમનાં સફળ કર્તવ્યોનો યશ નિરખીને આનંદ પામીએ છીએ; પરન્તુ હવે માત્ર આપણે તે યશને જોઈ-જાણીને બેસીજ રહેવાનું નથી, આપણે પણ એવીજ રીતે એવાં મહાન કાર્ય દૃઢ સંકલ્પથી સિદ્ધ કરીને સમગ્ર જગતને ચકિત બનાવી દઈશું, અને ભવિષ્યમાં બીજાઓ પણ આપણા તરફ અભિમાન અને સન્માનથી આશીર્વાદ વરસાવશે. મારી અંતિમ યાચના એ છે કે, પરમાત્માની પૂર્ણ કૃપા અને શુભાશિષથી તમારામાંનો દરેક જણ એવાં અદ્‌ભુત કાર્યો કરવાને શક્તિમાન થાઓ કે જેના તેજસ્વી પ્રભાવ આગળ, તમારા પુનીત પૂર્વજોનાં એ બધાં પ્રાચીન પરાક્રમો તેમજ મહાન મહિમાન્વિત કામો પણ ઝાંખાં દેખાય ! પ્રભુ તમને એ પ્રકારની સફલતામાં સર્વથા સહાયક થાઓ. ॐ तत् सत्.

ભારતમાં પદાર્પણ

સિંહલદ્વીપમાંના સ્વામીજીના સત્કાર તેમજ સન્માનના પ્રસંગોનું સંક્ષેપમાં વર્ણન પૂરૂં થયું. કોલમ્બોથી જાફના સુધીમાં સર્વત્ર હિંદુ વર્ગના તેમજ અન્યાન્ય લોકોએ હૃદયના ઉત્સાહપૂર્વક એકવાક્યે અને મુક્તકંઠે સ્વામીજીને સન્માન આપ્યું. સિંહલદ્વીપમાં પૂર્વે કોઇ પણ સ્વામીજીને ઓળખતું નહોતું, એ દેશ કાંઇ સ્વામીજીની જન્મભૂમિ નહોતી, તેમ ત્યાં કોઇ તેમનું પરિચિત પણ નહોતું. કોઇ તેમનો આગળનો સહવાસી તો શું પણ એ વખતે ત્યાં કોઈ બંગાલી પણ નહોતો કે જેથી એક દેશવાસી તરીકેનું પણ કંઇક આશ્વાસન મળી શકે! એ ઉપરાંત લંકાદ્વીપનાં મોટાં મોટાં શહેરોમાં એક સ્થાનેથી બીજે સ્થાને જવાની જોઇએ તેવી સગવડ કે લોકોની બહુ આવજાવ પણ નહોતી કે જેથી સ્વામીજીના આગમનના સમાચાર સામાન્ય જન-સમાજને સરલતાથી મળતા રહે, છતાં પણ તેમનો જે ભવ્ય સમારોહ-સહિત સર્વત્ર સત્કાર થયો, એ ખરેખર એક આશ્ચર્યકારક બનાવજ ગણી શકાય. સિંહલપ્રવાસના થોડાજ દિવસોમાં પોતાના સરલ સ્નેહી સ્વભાવથી અને જ્ઞાનપ્રભાવથી ત્યાંના લોકોમાં સ્વામીજીની એવી ઉત્તમ છાપ પડી ચૂકી હતી કે ત્યારપછી થોડા સમયને અંતરે ' શ્રીરામકૃષ્ણ મિશન"ના સ્વામી શિવાનંદજીએ એ દેશમાં જઇને થોડા દિવસો સુધી ધર્મપ્રચારનું કાર્ય કર્યું, ત્યારે લોકોના સ્વામીજી પ્રત્યેના પૂજ્યભાવને યોગે એક 'વિવેકાનન્દસભા'ની પણ ત્યાં સ્થાપના થઈ ચૂકી છે.

જાફનાનું વ્યાખ્યાન સમાપ્ત થયા પછી સ્વામીજી હિન્દુસ્તાનમાં આવવાની તૈયારીઓ કરવા લાગ્યા. જાફનાથી જલમાર્ગે જતાં પચાશ માઇલનો રસ્તો છે. એ જલપ્રવાસને માટે એક દેશી વહાણ ભાડે

ઠરાવવામાં આવ્યું; અને એજ દિવસે રાત્રિના બાર વાગ્યા પછી સ્વામીજીએ અને તેમના અનુષંગી જનોએ વહાણપર આરોહણ કરીને લોકોના જયઘોષ વચ્ચે ભારતની દિશામાં પ્રયાણ કર્યું. વાયુ અનુકૂલ હોવાથી વહાણ નાચતું કૂદતું ત્વરાથી ચાલવા લાગ્યું અને પ્રવાસી જનો આનંદથી પોતાની જન્મભૂમિ તરફ આગળ વધવા લાગ્યા. વળતે દિવસે મધ્યાહ્ન પૂર્વેજ વહાણ પામ્બાનને બંદરે આવી પહોંચ્યું. પાછલે પહોરે એક મછવો તૈયાર કરાવીને સ્વામીજી પોતાના અનુષંગીઓ સહિત કિનારાપર ઉતર્યા. સમુદ્રતીરે સુંદર ફુરજા ઉપર રામનાદ (સેતુબંધ રામેશ્વર) ના શ્રીમાન મહારાજા સાહેબ જાતે સ્વામીજીને સન્માન આપવાને પધાર્યા હતા. ડક્કાની નીચેજ વિવિધ પ્રકારનાં પુષ્પપત્રોવડે એક સુંદર મંડપ તૈયાર કરીને તેને વિવિધ ધ્વજાપતાકાઓવડે અલંકારિક રીતે સુશોભિત બનાવવામાં આવ્યો હતો. એ ચન્દ્રાતપ (મંડપ)-નીચે એકઠી મળેલી એક મોટી સભામાં પામ્બાનવાસીઓ તરફથી શ્રીમાન નાગલિંગમ્ પિલે નામના એક પ્રખ્યાત સદ્‌ગૃહસ્થે એક અસરકારક સન્માનપત્ર સ્વામીજીને વાંચી સંભળાવીને સમર્પણ કર્યું.

અભિનન્દનપત્રમાં સ્વામીજીને પોતાના ધર્માચાર્ય રૂપે સંબોધીને જણાવ્યું હતું કે—“ પાશ્ચાત્ય દેશોમાં આપના ધર્મપ્રચારનું યથેચ્છ સુફલ પ્રાપ્ત થયું છે. હવે આપ કૃપા કરીને દીર્ઘકાલથી નિદ્રિત ભારતને તેની લાંબા સમયની અજ્ઞાન—મોહનિદ્રામાંથી જગાડવાને આપનો પ્રબલ જ્ઞાનદંડ ઘૂમાવી અમારા" આ હતભાગી હિંદ દેશનો સમુદ્ધાર કરો. વગેરે.” રામનાદના રાજાસાહેબે પણ હૃદયના આવેગપૂર્વક સ્વામીજીનો ઘણી સારી રીતે સત્કાર કરીને પોતાના તરફથી એક જુદુંજ માનપત્ર પ્રદાન કર્યું; જેના પ્રત્યુત્તરમાં સ્વામીજી તરફથી નીચે પ્રમાણે એક ટુંકું વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

પામ્બાનના માનપત્રનો પ્રત્યુત્તર

આપણી પવિત્ર માતૃભૂમિ તે ધર્મ અને તત્ત્વવિદ્યાની પણ માતૃભૂમિ છે. મહાન ધર્મવીર અને અસામાન્ય બળવાળા તત્ત્વચિંતકોની તે જન્મભૂમિ છે. એજ એક આત્મત્યાગની જ્વલંત સાધના જગાવનારી દિવ્ય ભૂમિ છે. એજ ભૂમિમાં અતિ પ્રાચીન કાલથી તે છેક વર્તમાન-કાલ પર્યંત મનુષ્યની દૃષ્ટિ સામે દિવ્ય જીવનના ઉંચામાં ઉંચા આદર્શ પ્રકટ થતા રહ્યા છે. હું પાશ્ચાત્ય દેશોમાં અનેક સ્થળે ભ્રમણ કરી આવ્યો છું, ત્યાંના ઘણા દેશોમાં મેં પર્યટન કર્યું છે અને ઘણી પ્રજા તેમજ જાતિઓના પરિચયમાં આવ્યો છું. તેમાં મારા જોવામાં આવ્યું કે પૃથ્વીની પ્રત્યેક પ્રજા અને પ્રત્યેક જાતિને પોતપોતાના ખાસ સ્વતંત્ર આદર્શ હોય છે. એ આદર્શજ તેમના રાષ્ટ્રીય જીવનના મુખ્ય આધારરૂપ હોય છે, અને તે તે પ્રજાના જીવનની નસેનસમાં એજ આદર્શનો મહિમા વ્યાપી રહેલો જોવામાં આવે છે. રાજનીતિ, સૈન્યબળ, યુદ્ધ, વ્યાપાર, હુન્નર ઉદ્યોગ, વિજ્ઞાન કે મંત્રશક્તિ જેવો પાશ્ચાત્ય છાયારૂપ કોઈ પણ આદર્શ, ભારતના મૂલ આધારરૂપે રહેલો નથી; પણ માત્ર ધર્મ—એક ધર્મજ તેના આધાર અને આદર્શરૂપે રહેલો છે. ધર્મજ ભારતવાસીઓનું સર્વસ્વ છે. ભારતની ભૂત, વર્તમાન અને ભાવી સર્વોત્તમ સંપત્તિ એ ધર્મ અને તેમાં સમાએલી આધ્યાત્મિકતાજ છે; કેમકે આધ્યાત્મિક જીવન એજ ભારતનું ખરૂં જીવન છે. શારીરિક શક્તિને યોગે અનેક અદ્‌ભુત કાર્યો કરી શકાય છે એ સત્ય છે, તેમજ વિજ્ઞાનશાસ્ત્રની સહાયવડે યંત્ર વગેરેની રચના કરીને બુદ્ધિ-બળવડે એથી વિશેષ કાર્યો પણ કરી શકાય છે એ સત્ય છે; પરન્તુ એ શરીર અને બુદ્ધિની શક્તિ, આત્માની શક્તિ આગળ કંઇજ હિસા-

એમાં નથી; કેમકે આધ્યાત્મિકશક્તિ આ જગતમાં જેટલો પોતાનો પ્રભાવ બતાવી શકે છે, તેટલો બીજી શક્તિ અથવા બીજું કોઇ બળ બતાવી શકતું નથી.

આપણી હિન્દુ જાતિનો ઇતિહાસ બતાવી આપે છે કે, હિન્દુસ્તાન હમેશાં કાર્યકુશળ દેશ છે. આજે બહારના જે મનુષ્યો તરફથી 'આપણે હમેશાં હીનવીર્ય, ગરીબ અને આળસુ છીએ' એવું આપણને શિક્ષણ આપવામાં આવે છે, તેમને આપણા સંબંધમાં વિશેષ જાણવાની ઘણી જરૂર છે. તેમની ભૂલભરેલી શિક્ષાનું એજ ફળ આવ્યું છે કે બીજા દેશોના લોકોમાં પણ હિન્દુઓ વીર્યહીન, બલહીન, ગરીબ, આળસુ અને સુસ્ત છે, એવી સામાન્ય કહેવત થઇ પડી છે. ભારત કોઇ પણ સમયે સુસ્ત અને નિષ્ક્રિય પડી રહ્યું હોય એ વિચારનો હું કોઇ પણ રીતે સ્વીકાર કરી શકતો નથી. સ્ફૂર્તિ, ક્રિયાશક્તિ અથવા કામ કરવાની ચંચળતા જેટલા પ્રમાણમાં આપણી પવિત્ર જન્મભૂમિમાં નજરે પડે છે, તેટલી આ જગતના બીજા કોઇ પણ દેશમાં જણાતી નથી. એ કર્મપરાયણતા તેમજ સ્ફૂર્તિનો સર્વથી મોટો પુરાવો એ છે કે આપણી પ્રાચીન અને ભવ્ય હિન્દુ જાતિ હજારો વર્ષના પ્રબળ ઝંઝાવાત સહન કરવા છતાં પણ હજી સુધી પૃથ્વીની સપાટી ઉપર જેવી ને તેવી ટકી રહી છે. પોતાની ગૌરવભરેલી કારકિર્દિમાં જ્યારે જ્યારે તેને યોગ પ્રાપ્ત થયો છે ત્યારે દર વખત તે કદિ પણ ક્ષય કે વિનાશ ન પામે એવું નવું યૌવન, નવું ચેતન અને નવું જીવન પ્રાપ્ત કરે છે. એ કાર્યશક્તિ હિન્દુસ્તાનના ધર્મક્ષેત્રમાં સ્પષ્ટ ઝળહળી રહી છે. પણ માનવજાતિનો સ્વભાવજ એવો છે કે બીજાની ક્રિયા અથવા પ્રવૃત્તિને, તેઓ પોતાનીજ ખાસ-માની લીધેલી ક્રિયાશક્તિવડે નક્કી કરે છે. માનવપ્રકૃતિની એ ખાસિયતજ છે. પોતે જે કાર્ય કરે છે અને સારૂં સમજે છે તેજ કાર્ય

બસ સમગ્ર જગતમાં વાસ્તવિક કાર્યરૂપે ગણાવું જોઇએ, એવી ભ્રમિત માન્યતાને લીધે બીજાની ક્રિયાના અથવા સ્ફૂર્તિના મહત્ત્વ તરફ તેનું લક્ષજ જતું નથી.

દાખલા તરીકે એક મોચી તરફ નજર કરો. તે માત્ર જોડાજ સીવી જાણે છે. તેની સઘળી ક્રિયા–કુશળતા એ જોડાની કારીગીરીમાંજ સમાઇ રહી છે. તે સમજે છે કે જોડા બનાવવા સિવાય આ જગતમાં બીજું કંઇ કામજ નથી અથવા એના જેવી ઉંચી કારીગીરીનું બીજું કામ નથી. એવીજ રીતે એક કડીયો પત્થર, ઇંટ અને ચૂનાથી ઘર ચણવાનું કામજ આખી જીંદગી સુધી કરે છે. તેની સઘળી ક્રિયાશક્તિ એજ કાર્યમાં રોકાઇ રહી છે. જગતમાં બીજું કંઇ સમજવા જેવું છે કે કરવા જેવું છે, એ વાતનો વિચાર કરવા જેટલો તેને વખત મળતો નથી. આવી રીતે દરેક કામ કરનાર પોતાના કામની કાર્યકુશળતાથીજ મનુષ્ય માત્રની જીંદગી અને ક્રિયાશક્તિનું માપ કરે છે. વળી હિન્દુસ્તાનને માટે ખોટો મત બાંધી બેસવાનું બીજું પણ એક કારણ છે. જ્યારે પ્રકાશનાં આન્દોલન બહુજ તીવ્ર હોય છે ત્યારે તેમને આપણે જોઇ શકતા નથી, કેમકે આપણી દૃષ્ટિના સામર્થ્યની પણ એક સીમા છે, એ સીમાથી બહારની અતિ સૂક્ષ્મ વસ્તુને આપણે જોઇ શકતા નથી. આવીજ રીતે એ ખોટો મત બાંધનારાઓની ઓછી સમજશક્તિ પણ અહીંની વિશેષતા ન સમજી શકીને તેને કનિષ્ઠતારૂપે માની લે છે.

પણ હવે સમય આવી પહોંચ્યો છે, દુનિયાની આંખો વધારે જાગ્રત થઇ છે, અને આધ્યાત્મિક ખોરાક મેળવવા માટે અધ્યાત્મવિદ્યાના ભંડારરૂપ આ ભારતભૂમિ તરફ સમગ્ર જગત જોઇ રહ્યું છે. જગતની બધી પ્રજાઓને એ આધ્યાત્મિક ખોરાક આપણે ભારતવાસીઓએજ પૂરો પાડવાનો છે. માનવજાતિના ઉંચામાં ઉંચા આદર્શો આ

દેશમાંજ વિદ્યમાન છે, અને પશ્ચિમના પંડિતો આજકાલ આપણા સંસ્કૃત સાહિત્ય અને અધ્યાત્મવિદ્યાનાં ક્ષેત્રમાં ચળકી રહેલા તેમજ યુગયુગાન્તરમાં ખાસ લક્ષણરૂપ બની રહેલા સનાતન આદર્શોને સમજવાનો પ્રબળ પ્રયત્ન કરી રહ્યા છે.

આજનું સુધરેલું જગત જેને ઇતિહાસ કહે છે, એ ઇતિહાસના (એટલે કે હિંદની પડતીના) સમયથી તે આજ સુધીમાં હિન્દુસ્તાનનો કોઇ પણ ધર્મપ્રચારક હિન્દુધર્મના મત–સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે હિન્દુસ્તાનની હદ છોડીને બહાર ગયો નથી, પણ હવે એક અદ્ભુત ફેરફાર આપણને ઘેરી લેવા લાગ્યો છે. શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે, જ્યારે જ્યારે ધર્મની શક્તિ દબાઇ જાય છે અને અધર્મ–અનીતિ ચોતરફ વ્યાપીને પ્રબળ થઇ પડે છે, ત્યારે હું આ જગતને મદદ કરવાને વારંવાર અવતીર્ણ થાઉં છું; અને ધર્મનું પરિત્રાણ તથા અધર્મનો વિનાશ કરીને ધાર્મિક જગતનું કલ્યાણ કરૂં છું. ધાર્મિક ચર્ચા અને શોધખોળ ઉપરથી સિદ્ધ થઇ ચૂક્યું છે કે જગતના જે કોઇ દેશમાં નીતિના ઉત્તમ સિદ્ધાંતો નજરે પડે છે, તે બધા આપણી પાસેથીજ ઉછીના લીધેલા છે; તેમજ જગતના કોઇ પણ ધર્મમાં આત્માની અમરતા વિષે જે જે સારા વિચારો નજરે પડે છે તે પણ બધા સીધી અથવા આડકતરી રીતે આપણા દેશ પાસેથીજ ગ્રહણ કરવામાં આવ્યા છે.

છેલ્લી ઓગણીસમી સદીના પાછલા ભાગમાં નબળા અને ગરીબની ઉપર કઠોર તેમજ મજબુત લોકોનો જેવો મજબુત જૂલ્મ ચાલી રહ્યો હતો, અને બિલકુલ બેપરવાઇથી બળવાન લોકો નિર્બળ જનો ઉપર જેવી ભયંકર લૂંટફાટ ચલાવી રહ્યા હતા, તેવી જગતના ઇતિહાસમાં બીજે કોઇ પણ ઠેકાણે નજરે પડતી નથી. દરેક માણસે જાણવું જોઇએ કે પોતાની ઇચ્છા અને વાસના વશ કર્યા વિના

કદિ પણ મોક્ષ મળવાનો નથી. જડ માયાના બંધનમાં જે લોકો ફસી પડયા છે તેમનો કદિ પણ એ વજ્રબન્ધનમાંથી ઉદ્ધાર થવાનો નથી. પ્રવૃત્તિના જેઓ દાસાનુદાસ છે તેઓ કદિ પણ સ્વતંત્ર કે મુકત બની શકતા નથી. આ મહાન સત્ય ધીમે ધીમે બધી પ્રજાઓ સમજવા લાગી છે, અને એ મૂલ્યવાન વસ્તુની કદર કરવા લાગી છે. શિષ્ય એ સત્યને ગ્રહણ કરવાનો અધિકાર મેળવે છે કે તરતજ તેના ઉપર ગુરૂકૃપા થાય છે, અને તેને સફલતા આપનારો ગુરૂમન્ત્ર મળે છે. પરમાત્મા સર્વ ધર્મના લોકો ઉપર અનંત દયા દર્શાવીને પોતાનાં માનવ બાળકોને હમેશાં સહાય કરે છે. એ દયાનો ઝરો કદિ પણ અટકયા વિના બધા દેશોમાં અને બધા ધર્મોમાં એકસરખો વહ્યા કરે છે. આપણો ઇશ્વર જગતના સઘળા ધર્મોનો ઇશ્વર છે. આ ઉદાર વિચાર સમગ્ર જગતમાં ભારતનો પોતાનોજ છે. હું ખાત્રીથી કહું છું કે જગતનાં બીજાં કોઇ પણ ધર્મશાસ્ત્રમાં એ ઉદાર વિચાર તમે કદિપણ મેળવી શકશો નહિ.

વિધાતાના વિચિત્ર વિધાન અનુસાર આજકાલ આપણે હિન્દુઓ એક અતિ કઠિન અને જોખમભરેલી અવસ્થામાં આવી પડયા છીએ. પશ્ચિમની પ્રજાઓ આધ્યાત્મિક સહાય મેળવવાને માટે આપણે આંગણે આવવા લાગી છે. ભારતના સુપુત્રો ઉપર એક મહાન ધાર્મિક કર્તવ્ય આવી પડયું છે. એ કર્તવ્ય, મનુષ્યજીવનનાં ઉંડા રહસ્યો જગતને શીખવીને જગતની સઘળી પ્રજાઓને આત્મજ્ઞાનથી પ્રકાશિત બનાવવાના મહાન કાર્યને માટે પોતાને સંપૂર્ણ રીતે તૈયાર કરવાનું છે. ન્યાય અને ધર્મની નજરે સમગ્ર જગતને ધર્મનું દાન અને જ્ઞાન આપવાને તેઓ બંધાએલા છે. એક બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. બીજા બધા દેશોના સભ્ય અને મહાન પુરૂષો પોતાના પૂર્વજ તરીકે, પર્વતના દુર્ભેદ્ય કિલ્લામાં રહેનારા અને તક મળે ત્યારે તેમાંથી વખતે

વખતે બહાર નીકળીને રસ્તે જનારા મુસાફરોને લૂંટી ખાનારા લૂંટારા અમીરોના વંશમાંથી પોતાને ઉતરી આવેલા જણાવવામાં ઘણું અભિમાન સમજે છે; ત્યારે બીજી તરફ આપણે ભારતવાસી હિન્દુઓ, પ્રાચીન ઋષિ–મુનિ અને મહાત્માઓ કે જેઓ પર્વતની ગુફા અથવા જંગલની ઝાડીઓમાં રહી વલ્કલનાં વસ્ત્રો પહેરી ફલ-મૂલ ઉપર ગુજારો કરીને સચ્ચિદાનન્દ બ્રહ્મના ધ્યાનમાં નિરન્તર મગ્ન રહેતા હતા, તેમના વંશમાં ઉત્પન્ન થવામાં ગૌરવ માનીએ છીએ. કાળબળે આપણી અધોગતિ થઇ છે અને પૂર્વનું વીર્ય–પરાક્રમ આપણે ગુમાવી બેઠા છીએ; પરન્તુ ગમે તેવો અધઃપાત થયો હોવા છતાં પણ જો આપણે ધર્મને માટે ખરા અંતઃકરણથી કાર્ય કરવા લાગીએ તો પાછા થોડાજ સમયમાં આગળના જેવા મહાન અને પ્રબળ પ્રતાપી થઇ શકીએ તેમ છે. માટે હૃદયપૂર્વક ધર્મનું અવલંબન કરો. એ ધર્મજ ભારતનો ત્રાતા છે.

તમે હૃદયના પ્રેમ અને ભાવપૂર્વક મને જે માન આપ્યું છે, તેને માટે હું પણ હૃદયપૂર્વક આભાર દર્શાવું છું; અને તમને અનેક આશીર્વાદપૂર્વક ધન્યવાદ આપું છું. રામનાદના શ્રીમાન રાજા સાહેબે મારા જેવા એક ભિક્ષુ ઉપર જે પ્રેમ બતાવ્યો છે, તેને માટે તેમનો આભાર મારાથી શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. જો મારાથી કંઇ પણ સારૂં કામ બની શક્યું હોય તો તે બધો એ સત્પુરૂષનો પ્રતાપ હોઇને તેને માટે ભારતવાસી જનો એમના સદાના ઋણી છે. મને ચિકાગો મોકલવાનો વિચાર પહેલો તેમનાજ મગજમાં ઉત્પન્ન થયો હતો અને તેમણેજ અમેરિકા જઇને ધર્મસેવાનું કાર્ય બજાવવા માટે આગ્રહ અને ઉત્તેજનપૂર્વક મને અમેરિકા જવાની સગવડ કરી આપી હતી. મારી પાસે ઉભા રહીને આજે પણ તેઓ પોતાના હંમેશના ઉત્સાહ અને સદ્ભાવપૂર્વક વધારે ને વધારે કામ

કરવાના રૂડા ઉત્સાહથી મને ઉત્તેજિત કરી રહ્યા છે. હું ઇચ્છું છું કે આપણી પ્રિય માતૃભૂમિના હિતને માટે ખરી કાળજીથી કામ કરનારા અને આપણા દેશની વ્યાવહારિક તેમજ આધ્યાત્મિક ઉન્નતિને માટે આગ્રહ-ભરેલો ઉત્સાહ રાખનારા, આપણા દેશના બીજા જો અર્ધો ડઝન રાજા તૈયાર થાય તો આપણા ભવ્ય મનોરથ સફળ થવામાં વિલંબ ન લાગે. ॐ **तत्सत्.**

સ્વામીજીનું ભાષણ પૂરૂં થયા પછી તેઓ ગાડીમાં બેસીને રાજા સાહેબના બંગલા તરફ વિદાય થયા. ગાડી ચાલવાની તૈયારી થતી હતી તેવામાંજ રાજા સાહેબની ઇચ્છા અને ઇશારાથી લોકોએ ધસી આવીને ગાડીના ઘોડા છોડી નાખ્યા, અને સર્વ મળીને સ્વામીજીની ગાડી શહેરમાં ખેંચી ગયા ! લોકોની સાથે રાજા સાહેબ પણ સ્વામી-જીની ગાડી ખેંચવાના કાર્યમાં જોડાયા હતા ! ધન્ય છે એવા ધર્મવીર રાજાઓને કે જેઓ સત્તા, સંપત્તિ અને રાજ્યાધિકારની શ્રેષ્ઠતાને પણ ધર્મના પવિત્ર ચરણમાં ઝુકાવી દઇને નિરંતર ધર્મસેવાને માટે નિર-ભિમાન વૃત્તિથી તત્પર રહે છે ! એવા રાજાઓને શરીરધારી મનુષ્યો નહિ પણ અવતારધારી દેવતાજ કહેવા જોઇએ. રામનાદમાં સ્વામીજીને ત્રણ દિવસ રોકવામાં આવ્યા. એ ત્રણે દિવસ એ નાના સરખા પણ શ્રદ્ધાળુ શહેરમાં આનન્દોત્સવ ઉજવાઇ રહ્યો. નજીકના પામ્બાન, રામેશ્વર વગેરે શહેરના હિન્દુ રહેવાસીઓ નિરન્તર સ્વામીજીનાં દર્શન કરવાને ટોળાંબંધ આવતા હતા અને દર્શન તેમજ વેદવચનનો પ્રસાદ મેળવી પોતાને કૃતાર્થ થયા સમજતા હતા. એ સમયમાંજ એક દિવસ સ્વામીજી સુવિખ્યાત રામેશ્વર મંદિરમાં દર્શન કરવાને ગયા. એ વખતથી આશરે પાંચ વર્ષ અગાઉ સ્વામીજી એકવાર પગે ચાલતા યાત્રાપ્રસંગે અહીં આવ્યા હતા, પરન્તુ એ વખતે ત્યાંના લોકોમાં બિલકુલ પરિચિત નહોતા. આજે તેમનાં દર્શનને માટે ત્યાં હજારો

માણસોની ભીડ જામી હતી. સ્વામીજીની ગાડી મંદિર નજીક આવી પહોંચી ત્યારે ચારે મેર મનુષ્યોની એક મોટી મેદની જામેલી નજરે પડી. હાથી, ઊંટો, ઘોડા, મંદિરના ચિત્રવાળી પતાકાઓ અને ત્રાસાં નગારાં વગેરે દેશી વાજીંત્રોની ચારેમેર ધુમ મચી રહી હતી. ભગવાન રામેશ્વરની કૃપાથી રામેશ્વરના લોકોને આજે સ્વામીજીનાં દર્શન થયાં છે, એમ સમજીને આસપાસના બધા લોકો સ્વામીજીનો હૃદયપૂર્વક સત્કાર કરવાને એકઠા મળ્યા હતા. મંદિરમાં પ્રવેશ કર્યા પછી યોગ્ય આસનપર બેસાડીને મંદિરના હીરા, રત્ન, મણિ, માણેક, મોતી વગેરે ઝવેરાતના અલંકારો સ્વામીજીને તેમજ તેમના શિષ્યોને બતાવવામાં આવ્યા. મંદિરમાં ચારેમેર ફરીને તેની અદ્ભુત કારીગીરી દેખાડવામાં આવી. મંદિરના હજારો સ્તંભ ઉપર સ્થાપિત કરેલી સુંદર કોતરકામની મૂર્તિઓ જોઇને સ્વામીજીનું મન પ્રસન્ન થયું. બધી તરફ ફરીને સમગ્ર મંદિરનું નિરીક્ષણ કરી લીધા પછી મંદિરના વિશાળ ચોગાનમાં તેમને માટે ખાસ તૈયાર કરવામાં આવેલા વિશાળ આસનપર તેમને બેસાડવામાં આવ્યા અને એકઠા થયેલા લોકોને વચનામૃતનું પાન કરાવવાની તેમને પ્રાર્થના કરવામાં આવી. સ્વામીજી પોતાનું ભાષણ ઇંગ્રેજીમાં આપતા હતા અને મહાશય નાગલિંગમ્ તામિલ ભાષામાં તરજુમો કરીને, પોતાના દેશવાસી શ્રદ્ધાળુ શ્રોતાઓને સ્વામીજીના ઉપદેશનો અર્થ સમજાવતા હતા.

ભક્તિનું ખરૂં સ્વરૂપ

(શ્રી રામેશ્વરના મંદિરમાં આપેલું વ્યાખ્યાન.)

ખરો ધર્મભાવ હૃદયના પ્રેમમાં રહેલો છે; બહારની ક્રિયાઓ અથવા અનુષ્ઠાનમાં નહિ. હૃદયના પવિત્ર, નિઃસ્વાર્થ અને નિષ્કપટ પ્રેમભાવમાંજ ધર્મનો નિત્ય નિવાસ છે. જ્યાં સુધી શરીર અને મન તદ્દન નિર્મલ અને પવિત્ર ન થાય ત્યાં સુધી મંદિરમાં આવીને શિવનાં દર્શન કે શિવની પૂજા કરવાથી કંઈ પણ ફળ મળતું નથી. જેમનાં શરીર અને મન વિશુદ્ધ હોય છે તેમનીજ પ્રાર્થના શિવજી સાંભળે છે, અને તેમનીજ સેવા-પૂજા સ્વીકારે છે. વળી જેઓ પોતે તન-મનથી અપવિત્ર હોવા છતાં બીજાને ધર્મનું શિક્ષણ આપવા જાય છે, પોતે વિકારી હોવા છતાં બીજાના ધર્મગુરૂ થવા ચહાય છે, તેમનો સઘળો પ્રયાસ વ્યર્થ જાય છે, અને અંતે તેમની દુર્ગતિ થાય છે. બહારની પૂજા-ઉપાસના તો માત્ર માનસિકપૂજાની સંજ્ઞારૂપજ હોઇને, શુદ્ધ માનસપૂજા અને તન-મનની પવિત્રતાજ ખરી દેવપૂજા છે. એજ ખરી વસ્તુ છે. તેના વિના બહારની પૂજા અને બહારનો આડંબર વૃથા છે. એ બધી ઉપયોગી વાતો તમારે સર્વદા સ્મરણમાં રાખવી. ત્યારેજ પૂજા-ઉપાસના અને ધર્માચરણ સફળ થાય છે. આ કરાલ કલિકાલમાં લોકોના વિચારો એટલા બધા હલકા થઈ ગયા છે કે પોતાની મરજી પ્રમાણે ફાવે તેમ વર્તીને, પછી એક વખત તીર્થના પવિત્ર જળમાં નાહી લેવાથી તેમનાં સઘળાં પાપ ધોવાઈ જતાં હોય એમજ તેઓ માને છે; પરંતુ પાપ કંઈ એમ ધોવાતાં નથી. જો કોઇ મનુષ્ય અપવિત્ર મન સહિત તીર્થ-મંદિરમાં જાય તો તેણે કરેલાં પાપોમાં ઉલટી વૃદ્ધિ થાય છે, અને ત્યાં બીજા માણસોનાં જે પાપ

હોય તેમનો બોજો પણ તેમની ગરદનપર આવી પડે છે. આમ થવાથી ઘર છોડતી વખતે જેટલાં પાપોનો તેના શિરપર પોટલો હતો, તેના કરતાં તીર્થયાત્રા કરીને વધારે પાપોનો બોજો લઇને તેઓ ઘેર પાછા ફરે છે. તીર્થસ્થળોમાં પવિત્ર સાધુપુરૂષો વાસ કરે છે, તેમજ બીજી બધી પવિત્ર વસ્તુઓજ હોય છે. એ સર્વ તરફની પવિત્રતા હોવાથીજ તીર્થનો મહિમા છે. કોઇ અમુક સ્થળે પવિત્ર સાધુ–સંતો રહેતા હોય અને ત્યાં મંદિર ન હોય તોપણ તેને તીર્થસ્થળજ સમજવું જોઇએ. જગતમાં તીર્થસ્થળ ગણાતા કોઇ અમુક સ્થાનમાં સેંકડો મંદિરો હોવા છતાં, જો ત્યાં અપવિત્ર મનુષ્યોજ રહેતાં હોય તો તે સ્થળનો મહિમા તેનું 'તીર્થત્વ'–જતું રહે છે. તીર્થસ્થળમાં નિવાસ કરવો એ પણ ઘણું કઠિન અને સાવચેતી રાખવાનું કામ છે; કેમકે +અન્યત્ર કરેલાં પાપોનો તીર્થક્ષેત્રમાં ક્ષય થાય છે, પણ તીર્થમાં કરેલાં પાપો તો વજ્રમય બની જાય છે. સઘળા પ્રકારની પૂજા–ઉપાસના અને તીર્થયાત્રાનો એજ સાર અને એજ હેતુ છે કે શુદ્ધચિત્ત બનીને બીજાનું કલ્યાણ કરવું. જે પુરૂષ ગરીબોમાં, નિર્બલમાં, રોગી અને અનાથ લોકોમાં સાક્ષાત્ શિવમૂર્તિનાં દર્શન કરી શકે છે, એજ શિવનો ખરો પૂજારી છે. એજ સાચો ભક્ત છે. તેની પૂજા–ઉપાસના સર્વથા સફલ થાય છે. જે મનુષ્ય માત્ર લિંગ કે પ્રતિમામાંજ શિવની મૂર્તિ કલ્પીને તેની પૂજા કરે છે તે માત્ર પ્રાથમિક ઉપાસકજ છે, તેની ભક્તિ અને પૂજાની હજુ શરૂઆતજ છે. જે મનુષ્ય જાતિ, ધર્મ, કોમ કે દેશના ભેદનો લેશ પણ વિચાર ન કરતાં દરેક ગરીબ અને દુઃખી મનુષ્યમાં શિવને સાક્ષાત્ બેઠેલા જોઇને તેને હૃદયપૂર્વક સહાય કરે છે,

---

+ " अन्यक्षेत्रेकृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ॥
तीर्थक्षेत्रेकृतं पापं वज्रलेपो भविष्यति ॥ "

તેના ઉપર શિવજી, માત્ર તેમને મંદિરની મૂર્તિમાંજ જોઇ શકનારા મનુષ્ય કરતાં વિશેષ પ્રસન્ન થાય છે.

એક શ્રીમાન મનુષ્યનો એક બાગ હતો અને તે બાગની સંભાળ રાખનારા બે માળી હતા. એ બે માળીમાંનો એક ઘણો આળસુ અને હરામખોર હતો. તે કંઇ કામ કરતો નહોતો, પણ જ્યારે જ્યારે તેનો શેઠ બાગમાં આવે ત્યારે એ પ્રમાદી માણસ તરતજ તેમની પાસે જઇ હાથ જોડી વિનયથી ખુશામત કરતો કે—વાહ, મારા શેઠ સાહેબનો ચહેરો કેવો સુંદર છે?! તેમનો કેવો ગુણપ્રભાવ છે?! વગેરે પ્રશંસાવાક્યો ઉચ્ચારી પોતાના શેઠની સામે આનંદથી નાચવા લાગતો! બીજો માળી એવી કશી ખુશામત—બકબક નહોતો કરતો. એ તો માત્ર પોતાના સ્વામીના બગીચામાં સખ્ત મહેનત કરીને વિવિધ પ્રકારનાં ફલ—ફૂલ, શાક—પાન ઉત્પન્ન કરતો અને એ સ્વાદિષ્ટ તથા સુંદર ફલ—મૂલ તેમજ શાક—ભાજી પોતાને માથે ઉંચકીને ઘણે દૂર આવેલા પોતાના શેઠના ઘર સુધી જાતે જઇને પહોંચાડી આવતો. આ બે માળીઓમાં કોના ઉપર તેનો શેઠ વિશેષ પ્રસન્ન થશે? કહો જોઇએ! બે એમાં કયો માળી પોતાના પ્રભુની અધિક પ્રીતિ સંપાદન કરશે? શિવ બગીચાના માલીક છે, અને આ જગત તેમનો બાગ છે. આ બાગમાં પણ એવાજ બે પ્રકારના માળી કામ કરે છે. એક પ્રકારના માળી આળસુ, ઢોંગી, બહારના પોકળ આડંબરવાળા અને માત્ર મોંની વાતો કરનારા છે. તે કંઇ સંગીન કામ કરતા નથી. તેઓ માત્ર પ્રતિમાની સામે અથવા શિવલિંગની સામે હાથ જોડીને નાચ—કૂદ કરી મૂકે છે. શિવનાં સુંદર નેત્રો, છટાદાર નાસિકા અને બીજાં અંગ પ્રત્યંગોનાં ગુણગાન કરે છે; ફકત મ્હોડાનાં લુખાં વખાણો કરે છે; પણ બીજા પ્રકારના પ્રમાણિક માળીઓ પોતાના હૃદયનાં ભાવ—પુષ્પો ચૂંટીને સત્કર્મરૂપી ફલ—મૂલ એકઠાં કરીને જગતની મંગલ કામનારૂપી શાક—પાનનો

ટોપલો ભરીને પોતાના સ્વામીના આ વિશાળ વિશ્વમંદિરમાં જાતે પહોંચાડી આવે છે, તેમજ પોતાના શિવ સ્વામીના બધા ગરીબ બાળકોની–દુઃખી અને નિર્બળ બાળકોની–પ્રાણિમાત્રની અને સમગ્ર સૃષ્ટિની સ્નેહપૂર્વક સેવા ઉઠાવે છે. દિવસ ને રાત તેમની સંભાળ લે છે. ત્યારે કહો જોઇએ, એ બે વર્ગના માળીઓમાં શિવજીના સ્નેહભાગી–પોતાના સ્વામીના વિશેષ પ્રેમના અધિકારી–કયા વર્ગના લોકો થઇ શકશે? અવશ્ય એજ લોકો પ્રભુને પ્રિય થઇ પડશે, કે જેઓ પ્રાણતોડ પરિશ્રમ ઉઠાવીને તથા પ્રભુનાં બાળકોની હૃદયપૂર્વક તન, મન અને ધનથી સંગીન અને વ્યાવહારિક સેવા બજાવે છે. જેઓ પિતાને પ્રસન્ન કરવા ચહાતા હોય તેમણે તેનાં અન્ય સંતાનોની સેવા પ્રથમ કરવી જોઇએ; તેમ જેઓ શુદ્ધભાવથી શિવની સાચી પૂજા કરવા ચહાતા હોય તેમણે એજ શિવજીની સંતતિરૂપ આ સૃષ્ટિના સહાયપાત્ર પ્રાણિમાત્રની પ્રેમથી સેવા ઉઠાવવી જોઇએ. સાક્ષાત્ શિવની સેવાની પણ અગાઉ શિવના સાક્ષાત્ સંતાનરૂપ આ જગતના દીન, દરિદ્રી અને દુઃખી જીવોની તન, મન, ધનથી સેવા કરવી જોઇએ. માટે તમે આ વાત ખાસ લક્ષમાં રાખજો. હું તમને એજ તત્ત્વ પુનઃ પુનઃ કહી સંભળાવું છું કે, જો તમારે શિવના ખરા ઉપાસક થવું હોય, જો તમારે પ્રભુનો પ્રેમ અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાં હોય, તો મનસા, વાચા, કર્મણા પવિત્ર બનીને જે કોઇ દુઃખી મનુષ્ય તમારી પાસે સહાય કે આશરો ઇચ્છે તેને કશા પણ સંકોચ વિના મદદ કરો. આજ સાચી સેવા છે, અને આજ સત્કર્મ છે. એ પવિત્ર કર્મના પ્રભાવે પ્રભુની સમીપ જવા માટેનું મુખ્ય સાધન અવશ્ય સિદ્ધ થશે, અને તેમ થતાં પ્રત્યેક પ્રાણીમાં વસી રહેલી સાક્ષાત્ શિવમૂર્તિનાં તમને દર્શન થશે–ઘટઘટમાં જાગી રહેલી પરમજ્યોતિનો તમને સાક્ષાત્કાર થશે. પરમાત્મા કંઇ દૂર દેશમાં રહેલો નથી, તે તો પ્રાણિમાત્રના

હૃદયસિંહાસન ઉપર વિરાજી રહ્યા છે. જીવમાત્રનું હૃદય શિવજીનું કૈલાસ—મંદિર છે. માટે શિવના મંદિરરૂપ આપણા હૃદયને પવિત્ર રાખી જીવમાત્રના હૃદયમાં બિરાજેલી સાક્ષાત્ શિવમૂર્તિની શ્રદ્ધા અને સદ્ભાવવડે સેવા કરવી જોઈએ. જો દર્પણના કાચ ઉપર ધૂળ અને કાદવ ચોંટેલાં હશે તો તેમાં આપણે સ્પષ્ટ રીતે આપણી છબિ જોઈ શકીશું નહિ. એવીજ રીતે આપણા હૃદયદર્પણ ઉપર અજ્ઞાન, પાપ અને પશુવૃત્તિના થર જામેલા છે, એ કાદવ—કચરાની પ્રબલ આડને-લીધે હૃદયમંદિરમાં બિરાજેલી પ્રભુમૂર્તિનાં દર્શન આપણે કરી શકતા નથી. સર્વથી મોટું પાપ—સર્વથી અધમ દોષ અથવા કચરો તે આપણો તુચ્છ સ્વાર્થ છે. આપણો પોતાનોજ હંમેશા વિચાર કરીને-જાણે આખું જગત આપણે માટેજ સર્જાયું હોય એમ સમજીને, જે મનુષ્ય ધારે છે કે સર્વ પહેલો હુંજ પેટ ભરી લઉં; બીજાના કરતાં હુંજ પૈસા એકઠા કરી લઉં; જે કંઈ નજરે પડે તે બધુંજ ઝાડી ઝાપટી, ઝૂંટવી ખૂંચવીને મારા ઘરના ખૂણામાં ભરી દઉં; આથી તે નીચ વિચાર અને અધમ બુદ્ધિ બીજી કયી હોઈ શકે? વળી જે ધારે છે કે બીજાના કરતાં હું વહેલો વહેલો સ્વર્ગમાં ચાલ્યો જાઉં અને બીજા બધાથી આગળ હું વહેલો વહેલો મુક્તિ મેળવી લઉં, તે માણસ પણ એટલોજ સ્વાર્થી અને હલકો છે. જે ખરો સ્વાર્થરહિત મનુષ્ય છે, તે તો પ્રસન્નતાપૂર્વક બીજાને પોતાની આગળ રસ્તો કરી આપીને કહે છે કે—" ચાલો, આનંદથી આગળ ચાલો, હું તમારી બધાની પછવાડે રહીશ. જો સ્વર્ગનો ત્યાગ કરવાથી અથવા ઘોર નરકમાં જવાથી પણ મારા ભાઈઓની મારાથી કંઈ પણ સેવા કરી શકાય તો હું ઘણી ખુશીથી પ્રબલ નરકયાતના પણ ભોગવીશ. હું સ્વર્ગની લેશ પણ દરકાર કરતો નથી." આવી ઉદાર નિઃસ્વાર્થ વૃત્તિજ વિશાળ માનવહૃદયના ધર્મની કસોટી છે. એવી નિઃસ્વાર્થ વૃત્તિ જેનામાં જેટલે

અંશે વિશેષ હશે, તેટલે અંશે તે વિશેષ આધ્યાત્મિક છે; અને તેટલે અંશે તે શિવની વધારે સમીપ જઇ પહોંચે છે. તે વિદ્વાન હોય કે મૂર્ખ હોય, તે શ્રીમાન હોય કે સામાન્ય હોય, અને તે પોતે જાણતો હોય કે ન જાણતો હોય; તોપણ બીજા બધા કરતાં તે શિવની વધારે સમીપ પહોંચી જાય છે. બીજા બધાની અગાઉ તે પ્રભુપ્રાપ્તિ કરી શકે છે. પોતાના અધમ સ્વાર્થમાંજ રચ્યો પચ્યો રહેનારો મનુષ્ય કદાચ દુનિયાનાં બધાંજ દેવમંદિરોને જોઇ આવ્યો હોય, તીર્થયાત્રાનાં બધાં સ્થળોમાં ભટકી આવ્યો હોય, અને ટીલાં-ટપકાંથી પોતાના શરીરને ભલે એક વાઘ કે ચિત્તા જેવું અટાપટાવાળું બનાવતો હોય, તોપણ નક્કી સમજવું કે તે શિવના પ્રદેશથી ઘણો દૂર છે. શિવના ખરા મંદિરની હજી તેને જરાપણ ઝાંખી થઇ નથી! માટે યથાર્થ શિવપૂજા કરીને કૃતાર્થ થાઓ. ૐ **शान्तिः**



સ્વામીજીનો સ્મરણસ્તંભ

પાશ્ચાત્ય પ્રદેશોમાં ધર્મપ્રચારનું કામ પરિસમાપ્ત કર્યા પછી પોતાની જન્મભૂમિ ભારતમાં પુનરાગમન કરતી વખતે પહેલવહેલું તેમણે પામ્બાનમાં પદાર્પણ કર્યું હતું. એ પ્રસંગના સ્મરણ માટે રામનાદના રાજા સાહેબે એક સુંદર સ્મરણસ્તંભ ઉભો કરાવ્યો છે. એ સ્તંભમાં જે હકીકત કોતરવામાં આવી છે તેનો અત્ર અનુવાદ આપવામાં આવે છે.

“પાશ્ચાત્ય પ્રદેશમાં વેદાન્ત ધર્મનો પ્રચાર કરવાના પોતાના પવિત્ર કાર્યમાં અપૂર્વ સફલતા મેળવ્યા પછી સ્વામી વિવેકાનંદ પોતાના ઇંગ્રેજ શિષ્યો સહવર્તમાન પાછા ભારતમાં પધાર્યા, એ વખતે તેમણે પહેલવહેલાં જે સ્થાને પગલાં કર્યાં, તે પવિત્ર સ્થાનમાં રામનાદના રાજા શ્રી ભાસ્કર સેતુપતિએ આ સ્મરણસ્તંભ બંધાવેલો છે.”

વાંચક વર્ગને એ જણાવવાની જરૂર છે કે પામ્બાન હિન્દુસ્તાનની નજીકનો નાનો સરખો એક બેટ છે. ત્યાંથી વહાણની મુસાફરી દ્વારા સ્વામીજી હિન્દુસ્તાનના કિનારાપર ઉતર્યા. ત્યાં રામનાદના રાજા સાહેબના અન્નક્ષેત્રમાં ભોજનાદિથી પરવાર્યા પછી તિરૂપિલાની નામક સ્થાને પહોંચતાં ત્યાંના રહીશોએ સ્વામીજીને થોડો સમય રોકીને તેમનો સત્કાર કર્યો. પાછો પ્રવાસ શરૂ થયો. સંધ્યા થતાં થતાંમાં તો રામનાદ નજરે પડવા લાગ્યું. કિનારે ઉતર્યા પછી સ્વામીજી બેલગાડીમાં બેસીને મુસાફરી કરતા હતા; પરન્તુ રામનાદની નજીક પહોંચ્યા પછી તેમને એક મછવામાં બેસીને મોટા તળાવને સામે પાર જવું પડયું. દક્ષિણ છેડાના પ્રદેશોમાં એવાં મોટાં તળાવો ઠામ ઠામ આવેલાં છે. રામનાદના એ મોટા તળાવને કાંઠે સ્વામીજીનો સત્કાર કરવા માટે

લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. એ વિશાળ જનસમુદાયના અગ્રેસર રામનાદના રાજા સાહેબ પોતે હતા, તેમણે સ્વામીજીનો ઘણા માનસહિત સત્કાર કરીને રામનાદના પ્રતિષ્ઠિત પુરૂષો સાથે પરિચય કરાવ્યો, ત્યાંથી તેઓ બધા સ્વામીજીની સાથે શહેર તરફ વળ્યા. શહેરની નજીક આવતાંજ સ્વામીજીના માનમાં તોપોના ગગનભેદી ધડાકા થવા લાગ્યા. એ વખતે સ્વામીજીને તેમના મુસાફરીના વાહનપરથી ઉતારી રાજા સાહેબની ગાડીમાં બેસાડવામાં આવ્યા હતા.

સ્વામીજીની આસપાસ રાજાના ભાઇ વગેરે રાજાના અંગરક્ષકો ગોળવર્તુળમાં બિરાજ્યા હતા. ગામમાં આવ્યા પછી બધાએ નીચે ઉતરીને પગે ચાલવા લાગ્યા. રાજા સાહેબ પણ એકઠા થયેલા લોકોના નેતારૂપે સ્વામીજીની પાછળ પાછળ ચાલવા લાગ્યા. રસ્તાની બન્ને બાજુએ તેજસ્વી મશાલો પ્રકટી રહી હતી અને દેશી તેમજ વિલાયતી બન્ને પ્રકારનાં વાજંત્રો જોરશોરથી વાગી રહ્યાં હતાં. તેઓએ મછવા-માંથી ઉતર્યા પછી નગરમાં પ્રવેશ કર્યો ત્યાં સુધી બેન્ડ વાજું વાગતું હતું, અને તેમાં–" જુઓ, વગડાવીને ડંકા, વિજેતા વીર આવે છે!" (See the conquering hero comes) એ ગાયન મુખ્ય ગાવામાં આવ્યું હતું. અર્ધા રસ્તા સુધી એ પ્રમાણે ચાલ્યા પછી રાજા સાહેબના અત્યાગ્રહથી તેમને એક સુંદર પાલખીમાં બેસાડવામાં આવ્યા. એ પ્રમાણે તેઓ રાજાના શંકરવીલા નામના મોટા મહેલમાં આવી પહોંચ્યા. થોડો સમય એ સુંદર સ્થળમાં વિશ્રામ લીધા પછી રામનાદના વિશાળ વ્યાખ્યાનમંદિર તરફ બધા લોકોની સાથે વિદાય થયા. સ્વામીજીના આગમન અગાઉજ એ સ્થળે લોકોની બહુ મોટી ભીડ જામી રહી હતી. સ્વામીજીને નજરે દેખતાંજ તેઓ મોટે અવાજે જય બોલાવવા લાગ્યા. ત્યાર પછી યથારીતિ યોજેલા સુંદર આસન-પર સ્વામીજીને પધરાવી રાજા સાહેબે સ્વામીજીના ગુણાનુવાદ અને

હૃદયના ભાવપૂર્વક પ્રશંસાવાદ કર્યા પછી પોતાના ભાઇ શ્રીમાન રાજા દિનકર સેતુને સ્વામીજીને માટે તૈયાર કરવામાં આવેલું માનપત્ર વાંચી સંભળાવવાની આજ્ઞા કરી. માનપત્ર પૂરૂં વંચાઈ રહ્યા પછી તેને એક સુંદર કારીગીરીવાળા ચાંદીના દાબડામાં મૂકીને તે સન્માનપૂર્વક સ્વામીજીને સમર્પણ કરવામાં આવ્યું. એ માનપત્રનો અનુવાદ હવે પછી આપવામાં આવે છે.

રામનાદનું માનપત્ર અને તેનો ઉત્તર.

શ્રીમત્ પરમહંસ યતિરાજ દિગ્વિજય કોલાહલ, સર્વમત સંપ્રતિપન્ન પરમ યોગીશ્વર શ્રીમદ્ ભગવચ્છ્રી રામકૃષ્ણ પરમહંસ કરકમલ સંજાત, રાજાધિરાજ સેવિત શ્રી વિવેકાનંદ સ્વામિ પૂજ્યપાદેષુઃ—

સ્વામિન્ !

આ અતિ પ્રાચીન અને ઐતિહાસિક સંસ્થાન શ્રી સેતુબંધ રામેશ્વર જેને રામનાથપુર અથવા રામનાદ તરીકે ઓળખવામાં આવે છે, ત્યાંના અમે સર્વ અધિવાસી જનો આ પવિત્ર માતૃભૂમિમાં આપનું સાદર સ્વાગત કરીએ છીએ. જે સ્થાનને મહાન ધર્મવીર, અમારા પરમભક્તિભાજન, રઘુકુળતિલક પ્રબલ પ્રતાપી પ્રભુ શ્રી રામચંદ્રે, પોતાના પવિત્ર પદાર્પણથી પ્રાચીન કાળમાં પાવન કરેલું છે, એજ સ્થાને આપને આ ભારતભૂમિમાં પ્રથમ પદાર્પણ કરતી વખતે અમારા હૃદયની શ્રદ્ધા–ભક્તિ સમર્પણ કરવાને અને સમર્થ થયા છીએ; એથી અમને પોતાને અમે પરમ સૌભાગ્યશાળી સમજીએ છીએ.

આપણા પુરાણપ્રસિદ્ધ મહાન સનાતનધર્મનું ખરેખરૂં મહત્ત્વ અને તેની ઉત્તમતાની દૃઢ છાપ પશ્ચિમના સર્વશ્રેષ્ઠ પંડિતોના હૃદયોમાં અંકિત કરવા માટે આપે જે ભગીરથ પ્રયત્ન કર્યો છે, તેની શતમુખે પણ પ્રશંસા થઇ શકે તેમ નથી. એ પવિત્ર પ્રયત્નોમાં આપને સંપૂર્ણ સફલતા મળેલી હોવાથી અમારા હૃદયને નૈસર્ગિક અભિમાન અને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. આપે અપ્રતિમ છટાથી સ્વચ્છ અને સરલ ભાષામાં યૂરોપ અને અમેરિકાના વિદ્વાન શ્રોતાઓને ડંકો વગાડીને જાહેર કર્યું છે, તેમજ તેમની ખાત્રી કરી આપી છે કે, હિન્દુધર્મજ વિશ્વના એક સામાન્ય ધર્મના આદર્શરૂપ છે. સમગ્ર જગતના એક

સામાન્ય ધર્મનું પદ પ્રાપ્ત કરવા માટે જે ઉદાર વિચારો અને મહાન તત્ત્વોની જરૂર છે, તે બધાં ભારતના મહાન ધર્મમાંજ વિદ્યમાન છે, તેમજ એ હિન્દુધર્મજ જગતની બધી જાતિ અને બધા ધર્મોના આબાલવૃદ્ધ સર્વ સ્ત્રી પુરૂષોને પરમ ઉપયોગી છે. તેમના સ્વભાવને અનુસરતી રીતે તેમની સઘળી જરૂરિયાતોને એજ ધર્મ પૂરી પાડી શકે તેમ છે. સ્વાર્થરહિત ધર્મવૃત્તિની પવિત્ર પ્રેરણાથી ઉત્તેજિત થઇને ઉંચા અને ઉદાર હેતુઓપૂર્વક પ્રબલ સ્વાર્થત્યાગ દર્શાવીને આપે સાત સમુદ્ર અને સીત્તેર નદીઓની પેલી પાર આવેલા ઐશ્વર્યશાલી યુરોપ અને અમેરિકાની પ્રજાઓને મહાન સત્ય અને શાન્તિનો સંદેશો પહોંચાડયો છે, અને એ મહાન દેશોમાં ભારતના આધ્યાત્મિક વિજયમહિમાનો પ્રચંડ ધ્વજ સ્થાપિત કર્યો છે. આપ શ્રીએ ઉપદેશ અને પ્રયોગથી ઉભય રીતે સમગ્ર વિશ્વમાં ભ્રાતૃભાવ રાખવાની આવશ્યકતા અને સરલતાભરેલી અનુકૂલતા સિદ્ધ કરી આપી છે. એ ઉપરાંત પશ્ચિમમાં આપના પ્રબલ પુરૂષાર્થથી આડકતરી રીતે હિન્દના અર્વાચીન ઉદાસ અને બેદરકાર પુત્રો તેમજ પુત્રીઓના હૃદયમાં પોતાના પૂર્વજોના ધર્મનું મહત્ત્વ અને તેનો પ્રભાવ પ્રબલ ભાવે આપે જાગૃત કર્યો છે, તેમજ તેમના કર્મહીન જીવનમાં પોતાના પ્રિય અને અમૂલ્ય ધર્મના નિરીક્ષણ તથા અભ્યાસની રુચિ અને પ્રીતિ પ્રકટ કરી છે.

આ પ્રકારે પૂર્વ અને પશ્ચિમ બન્ને બાજુના દેશોમાં ધર્મના પુનરુત્થાન માટે સ્વાર્થરહિત વૃત્તિથી જે પ્રબલ મહેનત આપે લીધેલી છે, તેને માટે અમારો આભાર અને અમારી લાગણી દર્શાવવા માટે અમને ભાષામાં પૂરતા શબ્દો પણ મળતા નથી. અમારા માન્યવર રાજા સાહેબ જે આપના એક ચુસ્ત શિષ્ય છે, તેમના ઉપર આપ જે અપૂર્વ પ્રેમ અને મમતા દર્શાવતા રહ્યા છો તેનો પણ અત્ર ઉલ્લેખ કર્યા વિના આ માનપત્ર અપૂર્ણ રહી જાય તેમ છે. આપે અનુગ્રહ

કરીને ભારતમાં આવીને પહેલવહેલાં પગલાં તેમના રાજ્યમાં કર્યાં એથી અમારા નરેશ પોતાને અતુલ માન અને ગૌરવ મળેલું સમજે છે, તેમજ પોતાને કૃતાર્થ થયા માને છે.

ઉપસંહાર કરતી વખતે અમે સર્વશક્તિમાન પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે, જે કલ્યાણ કાર્ય આવી સુંદર રીતે આપે આરંભ્યું છે, તેને ચાલુ રાખવા માટે તેઓ આપને લાંબુ આયુષ્ય, સ્વસ્થ શરીરપ્રકૃતિ અને અતુલ બળ આપે. આપના પરમભક્ત અને આજ્ઞાકારી શિષ્યો સંપૂર્ણ શ્રદ્ધા અને પ્રેમસહિત આપને આ માનપત્ર સમર્પણ કરે છે.

રામનાદ, તા. ૨૫ મી જાનેવારી, ૧૮૯૭.

આ માનપત્રનો સ્વામીજીએ જે સવિસ્તર ઉત્તર આપેલો છે, તેનો અનુવાદ નીચે પ્રમાણે છે:–

ભારતભૂમિપર આવી પડેલી લાંબી રાત્રિ પૂરી થતી જણાય છે. મોટી મુસ્કેલી અને મહાન દુઃખોનો અન્ત આવતો હોય એમ લાગે છે. મોહાધીન મુડદું જાણે ફરીથી જીવન મેળવીને જાગૃત થતું હોય એમ જણાય છે! ઇતિહાસની વાત તો દૂર રહી, પરન્તુ દંતકથાઓ પણ જેના ગાઢ અંધકારને ભેદી શકે એમ નથી, એવા અતિ પ્રાચીન કાલમાંથી આવતી દિવ્ય વાણી સંભળાવા લાગી છે. જ્ઞાન, ભક્તિ અને કર્મના એક અનંત હિમાલયસ્વરૂપ આપણી જન્મભૂમિ ભારતના દરેક શિખરમાં પડઘા પાડતી એ પવિત્ર વાણી, મૃદુ, દૃઢ તેમજ સ્પષ્ટ ભાષામાં પોતાનું વક્તૃત્વ સંભળાવે છે. જેમ જેમ દિવસો જતા જાય છે તેમ તેમ એ વાણી વધારે સ્પષ્ટ, વધારે ગંભીર અને વિશાળ રૂપ ધારણ કરતી જણાય છે. જાણે હિમાલયના જીવનપ્રદ વાયુના સ્પર્શ-વડે એ મુડદાના હાડપિંજરમાં પણ પાછો પ્રાણસંચાર થયો હોયને! એવો ભાસ કરાવતું તે શબ જાગૃત થાય છે. બેભાનપણાની જડતા ક્રમે ક્રમે દૂર થાય છે. માત્ર જેઓ અંધ છે તેઓજ અથવા તો

જેનું મસ્તક ઠેકાણે નથી તેઓજ આ પ્રકાર જોઈ શકતા નથી; બાકી સમગ્ર જગત આંખો ઉઘાડીને જોઈ રહ્યું છે કે આપણી આ પ્રાચીન માતૃભૂમિ પોતાની લાંબા સમયની ગાઢ નિદ્રાનો ત્યાગ કરીને જાગૃત થાય છે. તેની ગતિને હવે કોઇ અટકાવી શકે તેમ નથી. નિદ્રા તેના-ઉપર હવે અધિકાર જમાવી શકવાની નથી. કોઈ બહારની શક્તિ હવે તેને થોભાવી શકે તેમ નથી. કુંભકર્ણની નિદ્રા ભાગી ગઈ છે, અને વિશ્વવ્યાપી અનંત શક્તિ ભારતની નસે નસમાંથી ઉભી થવા લાગી છે.

રામનાદના નરેશ અને રહીશ સદ્‌ગૃહસ્થો ! તમે હૃદયપૂર્વક દયા અને પ્રેમસહિત મને સન્માન આપ્યું છે તેને માટે હું મારો ખરા અંતઃકરણનો આભાર જાહેર કરૂં છું અને ધન્યવાદ આપું છું. તમે મને ખરેખરા હૃદયના ભાવથી માન આપો છો અને મારા પર તમારી માત્ર બહારની નહિ પણ આન્તરિક પૂરેપૂરી મમતા હું જાણી શકું છું; કારણ કે મ્હોડાના શબ્દો કરતાં હૃદયની વાતો હૃદય સારી રીતે સમજી શકે છે. આત્મા કશા પણ શબ્દોચ્ચાર વિના મૂંગે મ્હોડે છતાં જરા પણ ભૂલ વિના બીજા આત્માની સાથે સ્પષ્ટ વાર્તાલાપ કરી શકે છે. શ્રીમાન રામનાદનરેશ ! પશ્ચિમના દેશોમાં જે આપણી માતૃ-ભૂમિ અને આપણા ધર્મદેવતાની સેવામાં મારા જેવા અલ્પ શક્તિ-માનથી જે કંઇ પણ બની શક્યું છે; જે અમૂલ્ય ખજાનો આપણા પોતાના ઘરમાં વર્ષો થયાં દટાયેલો છતાં જેમને પોતાને તેની કશી ખબરજ નથી, તે તરફ આપણા સ્વદેશી બંધુઓનું ધ્યાન ખેંચી તેમની લાગણી જાગૃત કરવાનું મારાથી જે અલ્પ કાર્ય બની શક્યું છે; અ-જ્ઞાનના અંધારામાં તૃષાથી તરફડી મરવા કરતાં અને પારકે ઘેર ગટ-રમાં વહેતું ગંદુ પાણી પીવા કરતાં તેમના પોતાનાજ ઘરમાં અનંત પ્રવાહમાં વહેતા અમૃતના નિર્મળ ઝરામાંથી ઇચ્છાનુસાર સુધાપાન કરીને પોતાની તૃષા નિવારવા માટે જે કંઇ પણ યત્નથી તેમને બોલા-

વવામાં આવ્યા છે; કર્તવ્યપરાયણ થવાને માટે આપણા લોકોને જાગૃત કરવાનું જે કંઇ અલ્પ સ્વલ્પ કામ બન્યું છે; દરેક કાર્યમાં, દરેક વસ્તુમાં એક માત્ર ધર્મજ ભારતના જીવનરૂપ છે, અને એ જ્યારે જતો રહેશે ત્યારે ભારત પણ તેની સાથેજ નાશ પામશે; સામાજિક સુધારા, રાજનીતિ, આન્દોલન અને વ્યાવહારિક વિજ્ઞાન એ વખતે ગમે એટલું વધારવામાં આવે તેમજ કુબેરનો અનંત ભંડાર તેના પ્રત્યેક બાળકના મસ્તક ઉપર રેડી દેવામાં આવે તોપણ ધર્મ વિના ભારત કદિ પણ ટકી શકશે નહિ, એવું તેમને જે કંઇક સમજાવવામાં આવ્યું છે; અને આ હેતુ સિદ્ધ કરવાને માટે મારાથી જે કંઇ અલ્પ-સ્વલ્પ બની શક્યું હોય તથા તેને માટે ભારત અને બીજા જે જે દેશમાં કંઈ પણ કાર્ય થયું હોય તો તેને માટે એ બધા દેશો, હે રાજન્! મુખ્ય કરીને તમારાજ આભારી છે.

કારણ કે મારા મગજમાં એ વિચારની પ્રેરણા પહેલ વહેલી તમેજ કરી છે; અને પુનઃ પુનઃ એ કાર્ય સિદ્ધ કરવાને તમેજ મને આગ્રહપૂર્વક ઉત્તેજિત કર્યો છે. જાણે તમે અંતરદૃષ્ટિવડે શું થવાનું હતું તે આગળથીજ જાણીને એ કાર્યને માટે મારો હાથ પકડી બધો વખત એક સરખી રીતે સહાય કરતા રહ્યા છો. મારા હૃદયમાં ઉત્સાહ સીંચ-વાથી એ કાર્યમાં કદિ પણ તમે અટક્યા નથી. એથી મારી સફલતા વડે આપ પ્રથમજ આનંદ દર્શાવો છો અને ભારતમાં પગ મૂક્યા પછી હું પહેલ વહેલો આપનાજ રાજ્યમાં આવી પહોંચ્યો છું એ યોગ્યજ થયું છે. આપ સાહેબે હમણાંજ કહ્યું તે પ્રમાણે મહાન કાર્યો આપણે કરવાનાં છે. ભારતની અદ્ભુત શક્તિનો વિકાસ આપણે બતાવવાનો છે, અને બીજી પ્રજાઓ તેમજ જાતિયોને ઘણી બાબતો આપણે શીખવ-વાની છે. દર્શનશાસ્ત્ર, અધ્યાત્મવિદ્યા, મધુરતા, નમ્રતા અને નિઃસ્વાર્થ પ્રેમ જેવા ઉંચા સદ્ગુણો અને ઉત્તમ નૈતિક સિદ્ધાંતોની ભારત માતૃ-

ભૂમિ છે. માનવજાતિના ઉદાર વિચારોનાં બીજ પહેલ વહેલાં આપણી પુણ્યભૂમિમાંજ રોપાયાં છે. એ બધા મહદ્ ગુણો ભારતમાં હજુ સુધી ઉજ્જ્વળરૂપે વિદ્યમાન છે, અને મારો સમગ્ર જગતનો અનુભવ મને દૃઢતા તેમજ સાહસપૂર્વક બોલવાની ફરજ પાડે છે કે, હિન્દુસ્તાન હાલ પણ એ બધી બાબતોમાં પૃથ્વીની બધી પ્રજાઓ કરતાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ છે. એક આ નાના સરખા ચમત્કાર તરફ નજર કરો. છેલ્લાં ચાર પાંચ વર્ષમાં જગતમાં અનેક રાજનૈતિક ફેરફારો થયા છે. પશ્ચિમના બધા દેશોમાં નવા મહાન સંપ્રદાયો ઉત્પન્ન થઇને યુરોપના જુદા જુદા બધા દેશોમાં ચાલતી આવેલી બધી સંસ્થાઓ અને આચાર-વિચારોને ફેરવી નાખવાને મહાન પ્રયત્નો કરી રહ્યા છે, અને અમુક અંશે તેમને સફલતા પણ મળી છે. આપણા દેશવાસીઓને પૂછો કે તેઓ એ બાબતમાં કંઈ જાણે છે? એ વિષે તેમણે કંઈ વાંચ્યું કે સાંભળ્યું છે? ના, એ સંબંધમાં તેઓ કશું જાણતા નથી. પણ અમેરિકાના ચિકાગો શહેરમાં એક મહાન ધાર્મિક પરિષદ્ મળી હતી અને અહીં હિન્દમાંથી એક સંન્યાસીને એ ધર્મસભામાં ભારતનો સંદેશો પહોંચાડવા મોકલવામાં આવ્યો હતો, અને તેનો એ જડવાદી સુધરેલા દેશમાં પણ ઘણો સારો સત્કાર કરવામાં આવ્યો હતો, એ વખતથી એ સંન્યાસી પાશ્ચાત્ય દેશોમાં એજ કાર્ય કરતો રહ્યો છે, એ વાત અહીંનો એક ભિક્ષુક અથવા ગરીબ મજુર પણ જાણે છે! લોકો કહે છે કે—"હિન્દુ બહુ સ્થૂલ અને જડબુદ્ધિવાળા છે," તેઓ કોઈ પ્રકારના સુધારા કે કેળવણીમાં આગળ વધવા ચાહતાજ નથી. આ વિશાળ દુનિયામાં શું ચાલે છે, તેનું તેમને ભાનજ નથી; અને એ બધી ખબર મેળવવાને તેમને કશી દરકાર નથી." પહેલાં મારૂં પણ એજ મત તરફ અનુભવની ખામીને લીધે વલણ હતું; પણ હવે મને જણાય છે કે અનુભવનું શિક્ષણ કોથળાબંધ કલ્પિત વિચારો કરતાં અથવા ઉતાવળથી જગતનો પ્રવાસ કરી ઉપર ઉપરની તપાસ કરનારા તરફથી લખાયેલાં

અનેક પુસ્તકો કરતાં ઘણું સંગીન અને વસ્તુના ખરા સ્વરૂપને બતાવનારૂં છે. એ અનુભવ ગુરૂએ મને શિખવ્યો છે કે, આપણા લોકો જડ કે સ્થૂલ બુદ્ધિના નથી. તેઓ ઠંડા, ધીમા કે આળસુ પણ નથી. પૃથ્વી ઉપરની કોઇ પણ બીજી પ્રજાના જેટલાજ તેઓ ચારે તરફની ખબર મેળવવાને હમેશાં આતુર છે, પરંતુ તેમની પસંદગી અને તેમનો ક્રમ જુદો છે. આ જગતના મહાન યંત્રમાં નાના ચક્ર જેવી પ્રત્યેક પ્રજાએ પોતપોતાનો પાઠ ભજવવાનો છે. સ્વાભાવિક રીતેજ પ્રત્યેક જાતિનો ખાસ ઉદ્દેશ હોય છે, તેનું ખાસ દૃષ્ટિબિન્દુ અને તેનું વ્યક્તિત્વ બીજી બધી પ્રજાઓથી વિશેષતાવાળું અને કંઇક જુદુંજ હોય છે. દરેક પ્રજા અથવા જાતિ વાજીંત્રના એકેક ખાસ સૂર જેવી હોય છે. બધી પ્રજાઓના સૂર આ વિશ્વસંગીતમાં અનુક્રમે યોજાયલા છે. એ બધી જાતિના બધા સૂર મળીને એકતાનું વાજીંત્ર બનાવી દે છે. એજ પ્રત્યેક જાતિની જીવનશક્તિ છે; એજ ખાસ સ્વભાવ તેના પ્રજાકીય જીવનના મૂળ આધારરૂપ છે. એજ નિયમ પ્રમાણે આ પવિત્ર દેવભૂમિમાં, તેના પાયારૂપ, તેના મૂળ આધાર સ્વરૂપ, તેના જીવનના મધ્યબિંદુ સ્વરૂપ, ધર્મ—એક માત્ર ધર્મજ છે. બીજી પ્રજાઓને રાજનીતિની વાતો કરવા દો, ધંધા—રોજગારથી રેલાતા ધનના ઢગલાઓ એકઠા કરવા દો, વ્યાપારના વિસ્તારથી શક્તિ અને સંપત્તિનો વિસ્તાર કરવા દો, અને શારીરિક સ્વતંત્રતાની પ્રાપ્તિ કરવા દો; પણ એ બધો વ્યાવહારિક કોલાહલ હિન્દુહૃદય બિલકુલ સમજી શકતું નથી અને સમજવા ચહાતું પણ નથી. ધર્મ, અધ્યાત્મવિદ્યા, ઇશ્વર, આત્મા, પરમાત્મા, મુક્તિ અથવા આધ્યાત્મિક સ્વતંત્રતાના વિષયને જરા સરખો પણ સ્પર્શ કરો તો તમને ખાત્રી થશે કે, આ દેશનો એક હલકામાં હલકો અજ્ઞાન ખેડુત પણ આ બધી બાબતોમાં બીજા દેશોના કહેવાતા ફિલસુફો અને પંડિતો કરતાં વિશેષ માહિતી ધરાવે છે. એ બધા વિષ-

યોમાં તેમને સારૂં જ્ઞાન છે; અને એજ વિષય સંબંધી વિશેષ જાણવાને તે સર્વદા આતુર રહે છે. ભદ્ર પુરૂષો ! એથીજ મેં તમને કહ્યું છે કે, આપણે હજી પણ જગતને કંઇક મહત્ત્વની ચીજો શીખવવાની છે; અને એવી પ્રબલ ધર્મભાવના હિન્દની નસે નસમાં વ્યાપી રહી છે તેથીજ સેંકડો વર્ષોના જોરજુલમને અને લગભગ હજાર વર્ષના વિદેશી રાજ્ય કારભારનાં દુઃખોને આ પ્રાચીન જાતિ મુંગે મ્હોડે અને હસતે ચહેરે સહન કરતી જાણે અમર હોય તેમ જીવતી ઉભેલી છે.

પ્રિય બન્ધુઓ ! હજારોવર્ષવ્યાપી તોફાની વંટોળીયા માથાપરથી વહી ગયા છતાં આપણી હિન્દુજાતિ જેવી ને તેવી જીવિતદશા ભોગવી રહી છે; તેનું કારણ માત્ર એજ છે કે તેણે આજ સુધી ઇશ્વિરનો કદિ પણ ત્યાગ કર્યો નથી. પોતાના મૃતસંજીવની શકિતવાળા ધર્મ અને આધ્યાત્મિક વિદ્યાવાળા અમૂલ્ય રત્નને તે જીવથી વિશેષ સમજીને સાચવી રહી છે.

આપણી એ પુરાણી પવિત્ર માતૃભૂમિમાં જે ધર્મ અને અધ્યાત્મવિદ્યાના અખંડ ઝરાઓ વહે છે, તેમાંથી મહા પ્રવાહો છૂટીને નજીકના ભવિષ્યમાં સમગ્ર જગતને પોતાના દિવ્યરસમાં ડૂબાવી દેશે. નવજીવન અને નવું ચેતન પશ્ચિમના તેમજ બીજા દેશોની જે જે પ્રજાઓ રાજદ્વારી મહત્વાકાંક્ષા, રાજલોભ, સામાજિક યોજના અને તુચ્છ સાંસારિક ચીજોમાં લુબ્ધ બનીને અર્ધ મરેલી હીનદશામાં આવી પડી છે; તેવી બધી પ્રજા અને જાતિઓને નવું જીવન, નવી દ્રષ્ટિ, અને નવું ચેતન આપશે. વિવિધ મત—સંપ્રદાયોના અગણિત જુદા જુદા સૂરથી ભારતનું વાતાવરણ ગાજી રહ્યું છે, તેમાંનો કોઇ સૂર બરાબર તાલમાં છે, અને કોઈ તાલથી બહાર ઝણઝણી ઉઠતો જણાય છે; પરન્તુ એ બધામાં સ્પષ્ટ રીતે એક પ્રબલ અને મુખ્ય સૂર—સમગ્ર જગતને ગજાવી મૂકતો, રગે રગમાં નવું કમ્પન ઉઠાવતો, મધુર ભૈર-

વીના પંચમ તાન જેવો–બ્રહ્માંડભેદી તાનથી ગાજી રહ્યો છે. બીજા બધા સૂરો એ સૂરમાં લય પામતા તેની સાથે મળી જાય છે. એ નિશાભેદી મધુર ભૈરવીનો સ્વર 'ત્યાગભાવના' છે. ત્યાગના ભૈરવી તાન પાસે જાણે બીજી બધી નાની મોટી વિવિધ ભાવનારૂપ રાગણીઓ લાભ અને સંકોચથી મુખ છૂપાવી દેતી હોય તેમ એકાએક વિલીન થઇ જાય છે. **'विषयान् विषवत् त्यज'** વિરાગભાવનાથી બધાનો ત્યાગ કર, છોડ છોડ, આ જુઠા જગતને શું પકડી બેઠો છે? ભારતના બધા ધર્મોનો આ મહામંત્ર છે. ભારતનાં બધાં શાસ્ત્રોનો આ મુદ્રાલેખ છે. દુનિયા બે દિવસનું સ્વપ્નું છે, આ જગતની સકલ લીલા માયારૂપ છે, જીંદગીનો ક્ષણનો પણ ભરુસો નથી, પાણીના પરપોટા જેવી કાચી કાયા અને મિથ્યા પદાર્થોથી ભરેલી આ સંસારરૂપી માયા, વૃક્ષની સંધ્યા સમયની છાયાની પેઠે જોતજોતામાં જતી રહેનારી છે, માટે મોહને વશ થઈ એ પળવારના સ્વપ્નમાં ડૂબી ન જા. છોડ, છોડ, જગતની જુઠી માયાને છોડી દે; અને જે અનંત છે, અજરામર છે, ખરા સુખ અને શાન્તિના ભંડારરૂપ છે, અનંતકાળ ટકી રહેનારા આનંદને આપનાર છે, તે અપાર અને અનંત બ્રહ્મરાજ્ય, જે આ જગતની માયાજાળની પેલી પાર આવેલ છે તેની પ્રાપ્તિને માટે તૈયાર થા. તેને શોધી કહાડવાને માટે દૃઢ પગલે આગળ વધ. જગતના આપણા ખંડમાં જે સ્થાને એ મહા રાજ્ય આવેલું છે ત્યાં પહોંચીને અનેક અલૌકિક બુદ્ધિશાળી નિર્ભય અને બહાદૂર વીરપુરૂષોએ પોતાની દિવ્ય હૃદયજ્યોતિઓને ઝગઝગાવી દીધી છે, જે પરાક્રમી વીર પુરૂષો આ અનંત કહેવાતા વિશાળ વિશ્વને પણ એક કાદવના ખાબોચીઆ જેવું સમજે છે, તેઓજ અદ્વિતીય બ્રહ્મપ્રાપ્તિને માટે આત્મપ્રદેશ તરફ આગળ વધી શકે છે. બધાની મર્યાદા બાંધનારો અનંતકાળ પણ તેમની દૃષ્ટિમાં હયાતી ધરાવતો નથી અને એ કાળની સીમા કૂદી

જઈને તેઓ હસતા હસતા આગળ ને આગળ વધ્યે જાય છે. અનંત દેશ પણ તેમની દૃષ્ટિમાં કંઈ વિસાતમાં નથી. એ દેશની પણ હદ કૂદાવીને તેઓ અનંતધામને કિનારે પહોંચવાને આગળ વધે છે. મહાન ધર્મનું એજ ગૂઢ રહસ્ય છે. મનુષ્યના મહત્ત્વનો એજ ખરો ભેદ છે. આ માયાને ભેદીને સકળ બ્રહ્માંડની પેલી પાર જ્યાં અનંત જાગતી જ્યોતિ સર્વદા ઝળહળી રહી છે, અને અનંત અમૃતધારાના પ્રવાહો વહી રહ્યા છે, ત્યાં દૃઢ પગલે આગળ વધી પહોંચીને આત્મ-સ્વરૂપના અમૃતપાનથી અમરપદ પ્રાપ્ત કરી લેવું એજ આપણા ઉદાર ધર્મનો ઉંચામા ઉંચો ઉદ્દેશ છે, અને એજ ધર્મ માત્રનો ખરો આત્મા છે. માયાજાળને ભેદવાના અને પ્રકૃતિના બળનું ઉલ્લંઘન કરી જવાના પવિત્ર પ્રયત્નો જે રીતે કરી શકાય, જેટલી હાનિ અને જેટલાં દુઃખો વેઠીને તે પ્રયત્નો સાધી શકાય તે પ્રકારે સાધવાનો આપણો દૃઢ જાતિ-સ્વભાવ છે. કોઇ પણ પ્રકારે પ્રકૃતિના મુખ ઉપરનો ઘૂમટો દૂર ખસેડી નાખી છેવટ એક વાર પણ—ગમે તે જોખમો વેઠીને ગમે તેટલા ભોગો આપીને પણ—પરમજ્યોતિનાં દર્શન કરવાં એજ આપણી પવિત્ર પ્રજાની ખાસ પ્રકૃતિ છે. એજ આપણો ઉચ્ચ આદર્શ છે. આ દેશના બધાજ માણસો એવા સંપૂર્ણ પ્રબલ આત્મત્યાગ નહિ કરી શકતા હોય છતાં પણ તમે એમ નહિ કહી શકો કે, 'આત્મત્યાગ' એ આપણી પ્રજાનો તેના હૃદય અને આત્મા સાથે મળી ગયેલો ખાસ સ્વભાવ નથી. જો તમે અમારી જાતિને ઉત્સાહથી ઉદ્દીપ્ત કરીને મસ્ત બના-વવા ચહાતા હો તો તેને ફક્ત એ ત્યાગના અનંત રાજ્યનો સંવાદ પહોંચાડો; અને પછી જુઓ તે કેવા મતવાળા બની જાય છે! તમારી રાજનીતિની સૂકી વાતો, તમારા સમાજ—સુધારાના હવાઇ વિચારો, ચંચલ લક્ષ્મીને કેદ પૂરી રાખવાના તમારા ક્ષણિક ખ્યાલો અને તમારા વેપાર—રોજગારની મોટી મોટી વાતો તેઓ એક કાને સાંભળી બીજે

કાને કાઢી નાખશે. ઘડાની પીઠપર પડતા પાણીની પેઠે તમારી એ બધી પાર્થિવ પ્રવૃત્તિ તેમના ત્યાગની પીઠપરથી પળવારમાં ઢળી જશે. માત્ર તેમના હૃદયભંડારમાં ઉજ્જવલ ધર્મનો અમૂલ્ય રત્નભંડારજ સચવાઈ રહેશે. બન્ધુઓ ! ધર્મ એજ તમારી મહાન સંપત્તિ છે. એ અમૂલ્ય ધર્મ અને તત્ત્વવિદ્યાનું તમારે સમગ્ર જગતને શિક્ષણ આપવાનું છે.

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જગત પાસેથી આપણે પણ કંઇ શીખવાનું છે કે નહિ? હા. જે વ્યાવહારિક જગતની આજ સુધી આપણે ઉપેક્ષા કરતા આવ્યા છીએ તેને કંઇક સ્વચ્છ બનાવવા માટે આપણા અધ્યાત્મ માર્ગની અનુકૂળતા પૂરતું વિજ્ઞાન અને ભૌતિક જ્ઞાન આપણે બીજી જાતિઓ પાસેથી શીખવાનું છે. સમાજના બંધારણ માટે વ્યાવહારિક નિયમોનુ બળ, વિવિધ શક્તિઓનો ઉપયોગ કરવાને માટે સ્થૂલ શરીર અને મનનું બળ, તેમજ થોડા પ્રયત્નથી યાંત્રિક કળાની પેઠે ઉત્તમ પરિણામ કેવી રીતે લાવવાં તથા આપણા પુરૂષાર્થમાં લક્ષ લગાવી સિદ્ધિ ન મળે ત્યાં સુધી દૃઢ કેવી રીતે રહેવું, એવી કેટલીક બાબતો પશ્ચિમની પ્રજા પાસેથી આપણે જરૂર શીખી લેવાની છે. છતાં એમાં એટલું યાદ રાખજો કે, આ પવિત્ર ભારતમાં જો કોઇ પણ મનુષ્ય ખાન–પાન અને મોજ–મજાના સુખભોગનોજ પરમ પુરૂષાર્થરૂપે પ્રચાર કરવા જાય અથવા આ જડ જગતની જડ શક્તિનેજ આદર્શ બતાવી તેની ઉપાસના કરવાનું ભારતને શિક્ષણ આપવા જાય તો જરૂર તે મોટો મિથ્યાવાદી છે એમ જાણવું. જગતનેજ સર્વસ્વ સમજનારા એવા વિષયકારનું આ પરમ પવિત્ર ભારતભૂમિમાં સ્થાનજ નથી. ભારતનું હૃદય તેમનો એક શબ્દ સરખો પણ સાંભળવા રાજી નથી; કેમકે ત્યાગ અને મુક્તિની ઉદાર ભાવનાજ ભારતનો ઉચ્ચ આદર્શ છે. પશ્ચિમના સુધારાનો ગમે તેટલો પ્રભાવ અને દેખીતો ચળકાટ હોય અને સારી રીતે પૉલીશ કરીને ઐહિક

શક્તિનો ગમે તેટલો અદ્‌ભુત પ્રકાશ ફેલાવવાનો તેઓ દાવો કરતા હોય, પણ હું તેમને આ સભાના ઉચ્ચ આસન પર ઉભો રહીને તેમના મ્હોંપર કહું છું કે, તેમનું એ બધું બળ મિથ્યા છે; કેમકે જગતનો સઘળો વૈભવ ક્ષણિક અને ભ્રાન્તિરૂપ છે. તેમની બધી શક્તિ અને સંપત્તિ ઝાકળના બિન્દુ જેવી ક્ષણસ્થાયી છે. આ બધી વિશ્વલીલા એક પ્રકારની ભ્રાન્તિજ છે. તેનું ખરી રીતે અસ્તિત્વજ નથી. માત્ર તે ઇશ્વર—તે સત્ય—તે આત્માજ સત્ય છે. તેના સાક્ષાત્‌ સાધનરૂપ ફક્ત તત્ત્વચિંતનજ છે. એજ સત્યને તમારા પૂર્વજો હજારો વર્ષ સુધી ધારણ કરી રહ્યા છે. તમે પણ એજ સત્યને દૃઢતાથી વળગી રહો. તુચ્છ જગત અને તેના સુખ—વૈભવોને નિરૂપયોગી છાલાં જેવાં સમજીને ત્યાગની પ્રબલ ફૂંકથી દૂર ઉડાવી દો.

સદ્‌ગૃહસ્થો ! એ ખરૂં છે કે જડ તત્ત્વોનું થોડું ઘણું જ્ઞાન, જે આધ્યાત્મિક મહાન સત્યોને ગ્રહણ કરવા જેટલી પરિપકવ સ્થિતિને નથી પામી શકયા એવા આપણા કેટલાક બંધુઓને માટે આશીર્વાદરૂપ થઈ પડે અને આપણી સામાન્ય વ્યાવહારિક જરૂરિયાતોને પૂરૂં પડી શકે તેવું છે, અને તે પશ્ચિમની પ્રજાઓ પાસેથી ગ્રહણ કરવું જોઇએ.

સમગ્ર દેશોની સઘળી પ્રજાઓમાં એક મોટી ભૂલ હમેશાં ચાલી રહેલી જણાય છે; અને વિશેષ દુઃખની વાત એ છે કે આ વિચારપ્રધાન ભારતમાં, જ્યાં આગળ એ ભ્રમની છાયા પણ નહોતી, ત્યાં પણ કેટલોક સમય થયાં કોણ જાણે ક્યાંથી એ ભયંકર ભૂલ ઘૂસી ગઇ છે ! એ ભૂલ તે આધ્યાત્મિક મહાન સત્યોને ગ્રહણ કરવાને હજી તૈયાર ન થઇ શકયા હોય, એવા અનધિકારી—અપકવ—મનુષ્યોના ઉપર પણ શિરજોરીથી એ સત્યોનો બોજો મૂકવાની છે. બધાનો માર્ગ એકસરખો અને એકજ ન હોઇ શકે. નાના બાળકનું અને વિશ્વ વિદ્યાલયના સંસ્કારી વિદ્યાર્થીનું શિક્ષણ એકજ ન હોઇ શકે. મારી શિક્ષણ-

પદ્ધતિ તેમજ મારા અભ્યાસનાં સાધનો એક સરખી રીતે તમને પણ ઉપયોગી નજ બની શકે. તમે સઘળા સારી રીતે જાણો છો કે, હિંદુજીવનનું પરમ લક્ષ અને તેનો ઉત્તમ આદર્શ સંન્યાસાશ્રમજ છે; અને આપણી શાસ્ત્રાજ્ઞા પ્રમાણે દરેક હિન્દુ પોતાની છેલ્લી અવસ્થામાં વ્યવહારના ત્યાગપૂર્વક સન્યાસ લેવાને બંધાયલો છે. દરેક હિન્દુ આ સંસાર તરૂનાં કટુ ફળ ચાખ્યા પછી જીવનના પાછલા ભાગમાં ત્યાગ સ્વીકારવાને બંધાયો છે. જો તે આશ્રમનું યથાર્થ પાલન ન કરે અને યથા સમયે સંન્યસ્ત ન લે તો તેનું હિન્દુપણું નષ્ટ થાય છે, પોતાને હિન્દુ તરીકે ઓળખાવવાનો તેનો હક તે ગુમાવી બેસે છે, કેમકે તેણે શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કર્યો છે. જગતને જોઇ તેના નાશવંત પ્રાણી–પદાર્થોનો અનુભવ મેળવી પછી તેનો ત્યાગ કરીને સત્ય શાશ્વત વસ્તુને માટે પોતાનું શેષ જીવન સમર્પણ કરવું, એ આર્યધર્મનો આદર્શ તમારા જાણવામાં છે. જ્યારે અનુભવ અને ઉપભોગવડે હૃદયમાં ખાત્રી થાય કે આ સંસાર છેક અસાર છે, જડતત્ત્વના ગોળામાં વચ્ચે બધું પોકળજ છે, અને માત્ર ધૂળ–માટીમાંથી બનેલા જગતમાં ધૂળ–માટી સિવાય બીજું કંઇજ નથી; ત્યારેજ સંસાર છોડીને પોતાના મૂળ દેશ તરફ મનુષ્યોનો આત્મા પાછો વળે છે. ત્યારેજ ભ્રમથી રત્ન સમજી ગ્રહણ કરેલા કાચના ખોટા કકડાને દૂર ફેંકી અમૂલ્ય આત્મરત્નની શોધને માટે તે અરણ્યની એકાન્ત જગ્યામાં ચાલ્યો જાય છે. એ વખતે સંસારની મોહમાયા ગમે તેટલી પ્રબળ હોવા છતાં ધર્મપ્રાણ હિન્દુના દૃઢ હૃદયને બાંધી શકતી નથી. હિન્દુધર્મનો એજ આદર્શ છે. એ વખતે મન કે જે પ્રથમ સ્વાર્થના વર્તુલમાં ફર્યા કરતું તથા વિષય અને ઇંદ્રિયોની દિશામાં જતું, તેજ મન હવે પોતાની ગતિ ઉલટાવીને ઉલટા આંટા ફરતું પરમજ્યોતિના પ્રદેશ તરફ ગતિ કરે છે. પ્રવૃત્તિ હવે શાન્ત થાય છે, અને નિવૃત્તિનો આરંભ થાય છે.

કોલાહલ, અશાન્તિ, દોડાદોડી અને દુઃખના તરંગો શમી જાય છે; અને તેને સ્થાને અવિચ્છિન્ન આનંદ, શાન્તિ અને નિત્યસુખના ઉભરા વહેવા લાગે છે. હિન્દુઓના આદર્શની ત્યાંજ સફળતા છે. પરન્તુ કંઇક સાધના અને કંઇક દુઃખભોગ વિના એ આદર્શને સહજમાં સફલ કરી શકાતો નથી. ત્યાગ જો કે મહાન સત્ય છે; પરન્તુ એ સત્ય આપણે બાળકને શિખવી શકીએ તેમ નથી. જન્મે ત્યારથી બાળક સંસારને સર્વસ્વ તેમજ સુખરૂપ સમજે છે; તેનું સઘળું જીવન ઇંદ્રિયોમાં વ્યાપી રહ્યું છે. દિવસ પછી દિવસ જાય છે તેમ તેના જીવનનો પ્રવાસ વિષયસુખ તરફ વધતો જાય છે. આવા છેક બાળક જેવાજ મનુષ્યો દરેક સમાજ અને દરેક જાતિમાં અનેક મળી આવે છે; તેમને આ જગતના મિથ્યા સુખોના થોડા ઘણા અનુભવની ખાસ જરૂર છે. જ્યારે જગતના સ્વાર્થી મિથ્યાપણાનો તેમને પુરેપુરો કડવો અનુભવ મળશે ત્યારે ત્યાગની જ્યોતિ તેના હૃદયમાં આપોઆપજ જાગી ઉઠશે. એ વખતે તે વનમાં વૈરાગ્યને શોધતો નહિ જાય, પણ વૈરાગ્યજ તેને શોધતું આવશે. આપણાં શાસ્ત્રોમાં તેને માટે યોગ્ય વ્યવસ્થા સૂચવેલી છે; પરન્તુ કમનશીબે પાછળના સમયમાં સંન્યાસીને લાયકના વેદાન્તના સિદ્ધાંતો અને નિયમોવડે હિન્દુજાતિના પામર તેમજ સામાન્ય સઘળા મનુષ્યોને હાંકવાનો યત્ન કરવામાં આવ્યો છે. ભારતવાસીઓની એ મોટી ભૂલ થઇ છે. ભારતમાં આજે દુઃખ, દારિદ્ર અને દીનતાનાં જે દર્શન થાય છે તે એજ ભૂલના પરિણામે ઉત્પન્ન થયાં છે. ગરીબ અને નિર્બલ મનના છેકજ છેલ્લા દરજ્જાના મનુષ્યની જીંદગી પણ એવા પ્રબલ આધ્યાત્મિક અને નૈતિક નિયમોથી બાંધવાનો યત્ન થયો છે, કે જેનું એ બિચારા બાળક જેવા મનુષ્યોથી કદિ પણ પાલન થઇ શકતું નથી, અને જેનો તે ઉપયોગ પણ કરી શકે તેમ નથી. તે વસ્તુ ઉલટી તેના હકમાં નુકસાનરૂપ થઇ પડે છે. ઘણે ઠેકાણે વેદાન્તના

દિવ્ય સિદ્ધાંતો એજ કારણથી માત્ર મ્હોંની વાતોમાંજ સમાઇ રહેલા જણાય છે. દૂર કરો, એ બધાં હાથીને બાંધવાનાં દોરડાં કીડીઓની કમરોપરથી દૂર કરો! ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં તીવ્ર બંધનોથી સામાન્ય લોકોને મુક્ત કરો. એ દીન, દુર્બલ, પામર મનુષ્યોને સંસારસુખનો છૂટથી ઉપભોગ લેવા દો. જ્યારે સંસારમાર્ગના તીક્ષ્ણ કાંટા અનુભવકાળે તેના કાળજામાં કટારની માફક ભોંકાવા લાગશે કે તે આપોઆપજ રસ્તો બદલીને ઉપર ચડવા લાગશે. નીચેના રસ્તાને મિથ્યા અને દુઃખરૂપ સમજીને આપોઆપજ તે તેનાથી દૂર ભાગશે. એ વખતે વૈરાગ્ય અને ત્યાગ કે જે શિરજોરીથી આપવા જતાં તેઓ ફેંકી દેતા હતા તેને પ્રેમથી છાતીએ દાબશે. એ કુદરતી ત્યાગ તેમને આધ્યાત્મિક ક્ષેત્રમાં બહુ ઉપયોગી થઇ પડશે. સંસારના અનુભવની એવી સામાન્ય સાધનાઓમાં પશ્ચિમ આપણું ગુરૂ થઇ શકશે. સુખભોગના યત્નો કેવી રીતે સફળ થાય, તે આપણે પાશ્ચાત્ય જાતિ પાસેથી કંઇક શીખી શકીએ તેમ છીએ. એ સાંસારિક કુશળતા તેમની પાસેથી શીખતી વખતે આપણે બહુ સાવચેત રહેવાની જરૂર છે; કેમકે બકરૂં કાઢતાં ઉંટ પેસી જવાનો પણ એ શિક્ષણ લેતી વખતે બહુ ભય રહે છે. મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, આજના જમાનામાં પશ્ચિમની પદ્ધતિસર શિક્ષણ લેનારા અને પાશ્ચાત્ય વિચારોને ગ્રહણ કરનારા મનુષ્યોનું જીવન ઘણા દાખલાઓમાં થોડું કે વિશેષ નિષ્ફળ થયેલું જણાય છે. ભારતમાં આપણા રસ્તાની (ધર્માનુષ્ઠાન) ની બન્ને બાજુએ બે મોટી આપત્તિઓ ઉભેલી છે. એક તરફ ચાલતી આવેલી રૂઢી અને અમુક વહેમોને મકોડાની પેઠે વળગી રહેનારો જુના વિચારવાળો વર્ગ પોતાના કલ્પિત કર્મ-ધર્મની કરોળીઆની જાળ પાથરીને આસપાસ ઉડતી અનેક મન મક્ષિકાઓને ગુંગળાવી મારે છે; ત્યારે બીજી બાજુ આ જમાનાની ઉપરની ટાપટીપ અને પૉલીશવાળો

નવો સુધારો મોટા ગ્રાહની પેઠે મોં વિકાસીને પડ્યો છે. આપણે એ બન્નેની વચ્ચેથી આપણો માર્ગ શોધી કહાડવાનો છે. પણ ચાલુ સ્થિતિમાં તો જો કોઇ પક્ષ તરફ નજર ઢળતી હોય તો હું તો જુના વિચારના પક્ષ તરફજ અભિપ્રાય આપી શકું તેમ છું. હિન્દુસ્તાનને યુરોપ બનાવી દેવાની નવી સુધારા પદ્ધતિથી હું તમને દૂર રહેવાનીજ ભલામણ કરૂં છું, કેમકે જુના વિચારનો માણસ વખતે અજ્ઞાની અને વહેમી હશે અને વખતે તેની રીતભાત કંઇક વિચિત્ર અને હાસ્યપાત્ર જણાશે, પરંતુ એ સામાન્ય દોષો હોવા છતાં પણ તે એક માણસજ છે, છેક પશુ નથી; કેમકે તેનામાં શ્રદ્ધા છે. દેવ, ગુરૂ અને શાસ્ત્રમાં તેને વિશ્વાસ છે, તેનામાં અચલ મનોબલ છે અને તે હમ્મેશાં પોતાના પગપરજ ઉભો રહેવાનો યત્ન કરે છે; પરન્તુ છેકજ સાહેબ લોક બની જઇ નવા સુધારાની ધ્વજા ફરકાવનારા મનુષ્યને કશો આધારજ નથી. તે આ લોકને પણ સિદ્ધ કરી શકતો નથી, તેમ પરલોકને પણ સિદ્ધ કરી શકતો નથી; કેમકે ચારે મેરથી કેટલાક ઢંગ ધડા વગરના ભેળ-સેળ વિચારોનું ભૂસું તેના મગજમાં ભરાઇ ગએલું હોય છે. તે વિચારો તેના આચારમાં પણ જેમ તેમ દોડાદોડી કરે છે. તે કોઇ નિયમ કે ધોરણસર નથી, પંક્તિમાં ગોઠવાયા નથી. દેશ—કાળ ભેદે પાચન થઇ શકતા નથી અને જગતના કે પોતાના દેશના સૂર સાથે પોતાનો સૂર મેળવી શકતા નથી. તે પોતાના પગપર ઉભા રહી શકતા નથી, અને તેનું મગજ દિન—રાત આમતેમ ઘૂમતું રહે છે. તેના એ બધા વિચિત્ર કાવ્યકલાપનું ગૂઢ કારણ શું છે, તે તમે જાણો છો? તેને ચક્રપર ચડાવીને ઉલગબરડીઓ ખવરાવીને કોની પ્રેરણા ઘુમાવે છે એ તમે કલ્પી શકો છો? બન્ધુઓ! આપણા કર્તા હર્તા અને ભાગ્યવિધાતા સાહેબ લોકોમાંના થોડા ગૌરાંગ દેવો તેની વખતે વખતે પીઠ ઠોકીને—વાહ વાહ બોલાવીને તેમની પાસે એ બધી વિચિત્ર

લીલાઓ કરાવે છે. તેમની વિચિત્ર કાર્યકળાનું એજ એક મજબૂત મૂળ છે. એવા વાહિયાત સુધારકો સંસાર સુધારાના ક્ષેત્રમાં અણઘટતા અને તરંગી ખ્યાલોના ઘોડાપર સ્વાર થઇને આગળ વધે છે, અને સારાસાર વિચાર્યા વિના આપણી પરાપૂર્વની ચાલતી આવેલી શુભ પૃથાઓ ઉપર ઉન્મત્તની પેઠે પગ મૂકીને તેની વિરૂદ્ધમાં તીવ્ર આક્ષેપો કરે છે. તે બધું વિદેશી સાહેબોના પીઠ ઠોકીને અપાતા ઉત્તેજનના પ્રતાપેજ. આપણા કેટલાક રીતિ–રિવાજો અને આચાર–વિચારોને દુષ્ટ અને ખરાબ કહેવામાં આવે છે. શા માટે? તેનું પરિણામ ખરાબ જોઇને, તેની પુરી તપાસ કરીને કે અન્ય કોઇ કારણથી? નહિ, કાર્ય–કારણ જોવાની કે પરિણામ તપાસવાની ખટપટ કોણ કરે? યુરોપના અમુક પંડિતે મત આપ્યો કે તે ખરાબ છે, તો તે ખરાબ છે; એવા ઉસ્તાદ ગુરૂનો મત મળ્યા પછી બીજી તપાસની જરૂરજ શી છે! આપણા રિવાજ અને આચાર વિચારો ખરાબ હોવાનું મુખ્ય એજ પ્રમાણ અને કારણ તેઓ બતાવે છે. અફસોસ છે કે તેમના એવા પ્રમાણ અને કારણને હું ગ્રહણ કરી શકતો નથી. જે કંઈ તમારૂં પોતાનું છે, તેના ઉપરજ આધાર રાખીને–તમારા પોતાનાજ પગપર મરતાં સુધી ઉભા રહો. **જો જગતમાં કોઇ મોટામાં મોટું પાપ હોય તો તે મનની નબળાઇ છે.** નબળા બનીને આત્મવિશ્વાસ ન ગુમાવો, ઘરના ઋષિઓને છોડી બહારના ગુરૂઓ ગોતવા ન જાઓ. સર્વ પ્રકારની નિર્બળતાનો ત્યાગ કરો; કારણ કે **નબળાઈ એ માત્ર પાપજ નથી; પાપથી પણ તે વધારે ખરાબ છે, સાક્ષાત્ મૃત્યુ-જ છે!** સમગ્ર જાતિના વિનાશનું મૂળ છે! પ્રાચીન વિચારના માણસો આત્મ શ્રદ્ધાવાળા, દૃઢ મનના ખરા મનુષ્ય હતા; પરન્તુ વિદેશી વિચારોના વિમોહથી જેમનાં મગજ વિકૃત બની ગયાં છે તેમને શું વિશેષણ આપવું, એ મને કંઇ સૂઝતું નથી! તેમના આચાર વિચારનો કંઇજ

ઢંગધડો નથી. તેમને હું મરદ, ઓરત, નાદાન, બાળક, પશુ કે શું કહું ? સદ્‌ગૃહસ્થો, મારૂં કહેવું એમ નથી કે પાશ્ચાત્ય વિચારો ગ્રહણ કરનારા બધા મનુષ્યો છેક આવાજ થઈ જાય છે; તેમાંના કેટલાક દાખલા લેવા લાયક શ્રેષ્ઠ પુરૂષોના ઉદાહરણરૂપ છે. અને દેશી વિચારોનું શિક્ષણ ગ્રહણ કરવાની આપણી હિન્દુજાતિને જો જરૂર હોય તો તે આ પ્રકારનુંજ હોવું જોઇએ. સમગ્ર ભારતમાં તેમના જેવા પરમ નિષ્ઠાવાન અને આગ્રહી, આસ્તિક હિન્દુ જવલ્લેજ મળી આવશે. તેમજ ગ્રામ્ય પાશ્ચાત્ય સઘળા વિષયનો એક સાથે યોગ્યતાથી ભાવ ગ્રહણ કરનારા તેના જેવા રાજા પણ આ ભારતમાં વિરલજ હશે. તેમણે સંપૂર્ણ વિવેકબુદ્ધિ વાપરીને પૃથ્વીના પૂર્વ—પશ્ચિમરૂપ બન્ને છેડાની સાર સાર વસ્તુ સાચવી રાખી છે. ભૂસો—કચરો વહેતા પવનમાં ઉડી જવા દીધો છે, અને પૂર્વ પશ્ચિમની ઉભય પ્રજાઓમાંથી જે હિતકાર અને સાત્વિક જણાયું તેજ બધું ભ્રમરની પેઠે તેમણે ગ્રહણ કરી લીધું છે.* "હાલમાં હલકી જાતિના મનુષ્ય પાસેથી પણ તેની સંપૂર્ણ ભક્તિ કરીને સારૂં જ્ઞાન મેળવી લો, એક ચાંડાલ અથવા પારિયા પાસેથી તેની સેવા કરીને પણ મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરી લો, અને ખરાબ કુલ અથવા હલકી જાતિમાંથી પણ જો ઉત્તમ સ્ત્રીરત્ન મળી શકતું હોય તો તેની સાથે પાણિગ્રહણ કરી લો." આ વચનો આપણા મહાન્ મનુમહારાજે પોતાની ઉત્તમ અને શિષ્યપાત સ્મૃતિમાં લખેલાં છે. ભગવાન મનુનાં એ વચનો સાક્ષાત્ સત્યસ્વરૂપ છે. તેને હૃદયમાં કોતરી આત્મવિશ્વાસથી તમારા પોતાના પગપર ઉભા રહીને જ્યાંથી

* "श्रद्दधानो शुभां विद्यामाददीतावरादपि ।
अन्त्यादपि परोधर्मः स्त्रीरत्नं दुष्कुलादपि ॥" શ્રી મનુ.
"अमेध्यादपि कांचनं ग्राह्यं सद्वाक्यं बालकादपि ।
सर्वतः सारमादद्यात्स्त्रीरत्नं दुष्कुलादपि ॥" વિદુરનીતિ.

મળે ત્યાંથી જ્ઞાન ગ્રહણ કરો. દરેક પ્રજા અને દરેક જાતિ પાસેથી જેટલું બને તેટલું શિક્ષણ લો. જે કંઈ તમને યોગ્ય જણાય તે બધું ગ્રહણ કરો. છતાં એ વખતે એટલું યાદ રાખજો કે હિન્દુની બીજી બધી ચીજો અને તેના બીજા બધા વિચારો તેના પોતાના પ્રજાકીય વિચારોના તાબામાં છે, માટે તમે બીજા પાસેથી જે કંઇ શિક્ષણ ગ્રહણ કરો તેને સર્વદા આપણા પ્રજાજીવનના મૂળમંત્રસ્વરૂપ ધર્મને આધીન રાખો. દરેક મનુષ્યને ખાસ કર્તવ્ય હોય છે. ઈશ્વરી સંકેત અનુસાર તેમજ પોતાનાં આગલાં કર્મોના પરિણામરૂપ દરેક મનુષ્યને અમુક કાર્ય સિદ્ધ કરવાનું હોય છે. ગમે તે સ્થિતિમાં પોતાના જન્મના એ દૃષ્ટિબિન્દુ-ઉપરથી નજર ખસેડવી ન જોઇએ. રામનાદવાસી સદ્‌ગૃહસ્થો! તમા-રામાંના પ્રત્યેક મનુષ્યે પણ ખાસ કાર્ય સિદ્ધ કરવા માટે વિશેષ વ્રત-સાધનને માટે જન્મ ગ્રહણ કર્યો છે. જન્મ ગ્રહણ કરતી વખતે તમારા મહાન પૂર્વજોના અનંત ભવ્ય જીવનનો અમૂલ્ય વારસો તમને મળેલો છે. ઉજ્જ્વલ ધર્મપાલનથી તેને સફળ કરી બતાવો. તમારા લક્ષ્યા-વધિ પવિત્ર પૂર્વજો તમારાં પ્રત્યેક કાર્ય તરફ તાકીને જોઈ રહ્યા છે, તમારા રજેરજ પુરૂષાર્થની તેઓ તપાસ રાખી રહ્યા છે, માટે સાવચેત થાઓ અને પ્રાણ જાય તોપણ કર્ત્તવ્યમાર્ગમાંથી પાછા ન હઠો. પ્રત્યેક હિન્દુ બાળકનો જન્મ કયું કાર્ય સિદ્ધ કરવાને માટે થાય છે, તે તમો જાણો છો? મનુ મહારાજે બ્રાહ્મણને માટે કેવી સ્પર્ધા અને કેવા અભિમાનથી તેનાં કર્તવ્યવચનો લખેલાં છે તે તમે વાંચ્યાં છે? ભગવાન મનુ કહે છે કે,* "ધર્મરૂપ રત્નભંડારના રક્ષણ માટે જ બ્રાહ્મણનો જન્મ છે." હું કહું છું કે એ કાર્ય અને એ ફરજ કંઈ એકલા બ્રાહ્મણોની નથી, પણ દરેક ભારતસંતાન, પછી તે પુત્ર

* "ब्राह्मणो जायमानोहि पृथिव्यामधिजायते ।
ईश्वरः सर्वभूतानां धर्मकोषस्य गुप्तये ॥ મનુસ્મૃતિ.

હોય કે પુત્રી હોય પણ જેણે આ પુણ્યભૂમિમાં જન્મ ધર્યો છે, તે દરેકની છે. પ્રત્યેક બાલક ધર્મભંડારના રક્ષણુ માટેજ ઉત્પન્ન થાય છે. બીજી બધી બાબતને આપણા જીવનના એ મૂળ ઉદ્દેશનેજ આધીન રાખવાની છે. કોઈ સારા સંગીતમાં એક મુખ્ય સૂર હોય છે અને બીજા બધા સૂર તેને આધીન રહી કામ કરે છે. એ બધા સૂરો મુખ્ય સૂરને બરાબર જ્યાં સુધી અનુસરતા રહે છે ત્યાં સુધીજ એ સંગીતના લય અને તાલ જળવાઈ રહે છે. આપણા જીવનસંગીતમાં પણ ધર્મ મુખ્ય સૂર છે, અને બીજા બધા વિષયો ગૌણ સૂરરૂપે તેને અનુગત રહેવા જોઈએ. કોઇ બીજી જાતિના જીવનનો મુખ્ય મંત્ર રાજનૈતિક ઉન્નતિ હોય તો તે જાતિને માટે ધર્મ અને બીજા બધા વિષયો ગૌણ રહેવા જોઇએ; પરન્તુ આપણી જાતિ બીજા બધાથી જુદી છે, આપણી પ્રજાનું જીવન ધર્મ, ત્યાગ, અને તત્ત્વવિદ્યામાં સમાઈ રહ્યું છે, આપણી જાતિનો મુદ્રાલેખ અધ્યાત્મવિચાર છે, અને મૂલ મંત્ર સંસારની અસારતા છે. આ જગત્ બધું મિથ્યા–માત્ર ત્રણ દિવસનું સ્વપ્ન–છે, એમ માનનારી જાતિને માટે રસાયન શાસ્ત્ર કે વિજ્ઞાન, સાંસારિક સુખ, ભોગ, ઐશ્વર્ય, નામ, યશ, ધન, દોલત એ બધું તેના મુખ્ય સૂરરૂપ તેના ધર્મના અધિકારમાંજ રહેવું જોઇએ. એક ખરા હિન્દુના વર્તનનું મહત્વ પોતાના બધા વિદેશી જ્ઞાન–વિજ્ઞાન અને શિક્ષણને અને પોતાના ધન–માન તથા પદવીને–દરેક હિન્દુ બાળકમાં જે ધર્મભાવ જન્મથીજ ઉતરે છે તે–ધર્મભાવ એટલે કે તે તત્ત્વચિંતન અને પ્રજાશુદ્ધિના મહદ્ભાવને આધીન રાખવામાંજ સમાયેલું છે. આપણામાંનો દરેક મનુષ્ય, જુના વિચારનું જીવન કે જેની અંદર પ્રજાના જીવનરૂપ અધ્યાત્મવિદ્યાનું ઝરણુ વહે છે, તેને સ્વીકારી શુદ્ધ સ્ફટિક જેવા રહેનારા મનુષ્યનેજ પસંદ કરશે. જેની દરેક આંગળીએ ટટના હીરા જેવા પશ્ચિમની નકલના ખોટા હીરા માત્ર ઝાંખા ઝાંખા દેખાય

છે, અને જેણે ધર્મ અને અધ્યાત્મવિદ્યાનાં નવું જીવન પ્રેરનારાં સત્યોવડે પોતાનું હૃદય શોભાવ્યું નથી તેને તે સર્વથા નાપસંદ કરશે; કેમકે પહેલા પ્રકારના આધ્યાત્મિક જીવનથીજ આપણી ઉન્નતિની કંઇક આશા રાખી શકાય તેમ છે, આધારભૂત શક્તિ એજ જીવનમાં રહેલી છે, પ્રજાનો મૂળ મંત્ર તેના હૃદયમાં જાગૃત છે, માટે પ્રજામાંનો એ પ્રકારનો વર્ગ અવશ્ય ટકી રહેશે; પરન્તુ બીજો ત્રિશંકુની ગતિ ભોગવતો આધાર વગરનો વર્ગ અવશ્ય વિનાશ પામશે. જેમ અમુક વ્યક્તિના સંબંધમાં જો તેને મર્મ સ્થાનમાં કોઇ ઘા ન લાગ્યો હોય તો—અર્થાત્ હૃદય કે મગજના પ્રાણાધારરૂપ સ્થળમાં આઘાત થયો ન હોય તો બીજાં સામાન્ય અંગોમાં ગમે તેટલો પ્રબળ આઘાત લાગ્યો હોય તો-પણ તે પ્રાણઘાતક નિવડતો નથી, તેમ **આપણી પ્રજાના ધર્મ અને આધ્યાત્મિક મર્મસ્થાનમાં જ્યાં સુધી ઘા નથી લાગ્યો ત્યાં સુધી તેના વિનાશનો કશો ભય નથી.** પરન્તુ તેની સાથે આ વાત પણ ખાસ લક્ષ્યમાં રાખજો કે જો તમે ધર્મ અને આધ્યાત્મિકતાને ત્યજી દઇને પશ્ચિમના ઉપર ઉપરથી ચળકતા સુધારા પાછળ દોડવા લાગશો તો હિન્દુજાતિનો આધાર—તમારા જીવનનો મુખ્ય મંત્ર ગુમાવીને તમારી ત્રીજી પેઢી આવતાં સુધીમાં આ પૃથ્વીની સપાટી ઉપરથી તમારો લોપ થશે; કેમકે ધર્મજ આપણી પ્રજાનો પ્રાણ અને આત્મા છે. ધર્મ છોડવાથી આપણી પ્રજાની બરડાની કરોડજ તૂટી જશે. જે મજબૂત પાયા ઉપર હજારો વર્ષના પરિશ્રમથી હિન્દુજાતિની પ્રજાકીય ઇમારત ઉભી કરવામાં આવી છે, તે પાયો મૂળમાંથી ઉખડી જશે અને પરિણામે હિન્દુજાતિનો સંપૂર્ણ નાશ થશે.

પ્રિય બંધુઓ! એ વિનાશમાંથી આપણું રક્ષણ કરવાનો એજ માર્ગ છે કે આપણા પ્રાચીન પૂર્વજોએ આપણને પોતાના ધર્મધન અને તત્ત્વદર્શનનો જે અખૂટ અને અમૂલ્ય વારસો આપ્યો છે, તેને

આપણે જીંદગીના ભોગે પણ દૃઢતાથી વળગી રહેવું જોઇએ. તમે આજ સુધી એવો કોઈ પણ દેશ જોયો કે જે દેશના મહાન રાજાઓ પણ પોતાને અર્ધનગ્ન અવસ્થામાં વનની ઝુંપડીઓમાં રહેનારા ઋષિ–મુનીના વંશમાંથી ઉતરી આવેલા ગણાવવામાં માન સમજતા હોય ? તમે એવી કોઇ સાત્વિક ભૂમિ વિશે સાંભળ્યું છે ? એક આજ એવી પવિત્ર ભૂમિ છે. બીજા સુધરેલા કહેવાતા દેશોમાં મોટા ધર્માચાર્યો પણ રાજાના વંશમાંથી ઉતરી આવેલા જણાવવામાં માન સમજે છે, ત્યારે અહીંના મોટા ચક્રવર્તિ રાજાઓ પણ પોતાને કોઇ ઋષિ અથવા ધર્માત્માના વંશના ગણાવવામાં માન સમજે છે ! તમે ધર્મ અને તત્ત્વદર્શનમાં વિશ્વાસ રાખતા હો કે ન રાખતા હો, તો પણ પ્રજાકીય જીવન માટે પણ તમારે એ ધર્મભાવનાને દ્રઢતાથી વળગી રહેવું પડશે અને તેની આજ્ઞા તેમજ નિયમોને અનુસરવું પડશે. ત્યાર પછીજ તમારી આન્તરશક્તિનો બીજો હાથ લંબાવો અને જે જે ઉપયોગી હોય તે બીજી પ્રજામાંથી ગ્રહણ કરો. બહારની એ દરેક ચીજને તમારા જીવનના મુખ્ય આદર્શરૂપ ધર્મના અધિકારમાંજ રાખવાનું ભૂલતા નહિ. જો તમે એટલું કરી શકશો તો એક અદ્‌ભુત નવું ભારત અપૂર્વ મહિમાવાન બનીને જગતને આશ્ચર્યચકિત કરતું થોડાજ સમયમાં આવિર્ભાવ પામશે. મારી દૃઢ ધારણા છે કે એવો સુંદર ફેરફાર થવા લાગ્યો છે, અને એ શુભ દિવસ થોડાજ સમયમાં તેજસ્વી ઉદય કિરણથી ચળકી રહેશે. મારી દૃઢ ધારણા છે કે તે વખતે કોઇ પણ **સમય નહોતી એવી શ્રેષ્ઠતા અને ભવ્યતાથી આ ભારતભૂમિ શોભી રહેશે; અને પ્રાચીન ઋષિ–મહર્ષિ તથા મહાત્માઓ કરતાં પણ મોટા મહાપુરુષો ઉત્પન્ન થશે.** તમારા સ્વર્ગવાસી પિતૃદેવતાઓ પોતાના વંશજને ગૌરવ ભરેલી ઉચ્ચ સ્થિતિમાં જોઇને સંપૂર્ણ સંતોષની સાથે તમારે માટે મગરૂર થશે. એ તેજસ્વી

દિવસ નજીક આવે છે. તેને માટે તૈયાર થાઓ. બન્ધુઓ, એવા ઉજળા દિવસો લાવવાને માટે ભગીરથ પુરુષાર્થ કરો. દિવસ અને રાત સત્કાર્ય કરો. સમગ્ર જગતમાં વેદાન્તનો સૂર્યોદય થયો છે. હવે આ કંઇ સૂઈ રહેવાનો વખત નથી. વળી એ પણ સાથે લક્ષમાં રાખો કે **નજીક આવતું ભારતનું ભવિષ્ય પ્રાયઃ આપણા કાર્ય ઉપરજ આધાર રાખે છે.** નજર કરો, આપણી પવિત્ર ભારતમાતા ધીમે ધીમે આંખો ઉઘાડે છે. તમારા પુરુષાર્થની રાહ જોતી તે નજીક આવે છે. જાગ્રત થાઓ, ઉદ્યમી થાઓ, માતાને પણ જાગ્રત કરો અને નવી જાગૃતિથી નવા પ્રાણ અને નવા જીવનસત્વથી તેને આગળ કરતાં પણ વધારે ગૌરવશાળી બનાવી અહીં તેના હમ્મેશના સિંહાસનપર પધરાવો. પરમાત્મા કે જે સર્વ પ્રજાના વિરાટ પ્રભુ છે, શિવ ધર્મીઓના શિવ છે, વૈષ્ણવોના વૈષ્ણવ છે, કર્મમાર્ગીના કર્મદેવતા છે, બૌદ્ધોના બુદ્ધ છે, જૈનોના જિનરાય છે, ખ્રીસ્તીઓના ગૉડ છે, યાહુદીઓના યહોવાહ છે, મુસલમાનોના અલ્લા છે, અને વેદાન્તીઓના બ્રહ્મ છે; સર્વ ધર્મના, સર્વ પ્રજાના અને સર્વ સંપ્રદાયનાજ પ્રભુ છે; તે સર્વવ્યાપી અદ્વિતીય પરમપુરુષ કે જેનો સંપૂર્ણ મહિમા માત્ર આપણા ભારતમાંજ સોળે કળામાં વિકાસ પામ્યો છે; એ દયામય પરમાત્મા આપણને આશીર્વાદ આપો. એ પ્રભુ આપણને અભયવર આપો. સર્વથા સહાય કરીને સર્વ પ્રકારની આપણને શક્તિ આપો, કે જેથી આપણે આપણા ઉચ્ચ ઉદ્દેશને આપણા જીવન અને કાર્યમાં પ્રેરી પ્રભુનો સંકેત પાર ઉતારી આપણા જીવનને સફલ કરી શકીએ.

ખરૂં ઇશ્વરજ્ઞાન માત્ર ભારતનેજ પ્રાપ્ત થયું છે, બીજી કોઇ જાતિ ખરૂં ઇશ્વરત્વ પ્રાપ્ત કરી શકી નથી. તમે કદાચ મારાં આ વચનો સાંભળીને આશ્ચર્ય પામતા હશો; પરંતુ બીજા કોઇ પણ ધર્મના શાસ્ત્ર-ગ્રન્થો ખોલીને તેમાં બતાવેલા ઇશ્વર તરફ નજર કરો. બીજી બધી

પ્રજાઓ અને બીજા બધા ધર્મોને પોતપોતાની જાતિનોજ એકેક ઇશ્વર અથવા દેવતા છે. યાહુદીને મતે યાહુદીનો ઇશ્વર જુદો, આરબ લોકોને મતે તેમનો ઇશ્વર જુદો, ઇત્યાદિ. વળી તેમનો ઇશ્વર બીજી જાતિ અથવા ઇશ્વર સાથે નિરંતર યુદ્ધ કરતો જણાશે. એવી રીતે એ વિવિધ પ્રજાઓના પરસ્પર વિરોધનો પણ અન્તજ નથી. પરન્તુ ભારતનો ઇશ્વર કેવો છે ? સંપૂર્ણ દયામય, કૃપાનિધાન, આપણા પિતારૂપ, માતારૂપ, મિત્રરૂપ, મિત્રોના પણ મિત્રરૂપ અને આત્માના પણ આત્મારૂપ છે. હિન્દુશાસ્ત્રને મતે એ ઇશ્વર માત્ર હિન્દુઓનો નહિ પણ સમગ્ર દુનિયાનો છે. દેશ, ધર્મ કે સમયનો તેમને લેશ પણ ભેદ કે પક્ષપાત નથી. એ પરમાત્મા આપણા ભવ્ય મનોરથ સફલ કરો.

આપણે જે કંઇ આજ સુધી શ્રવણ કર્યું છે અને જે જે આપણે અભ્યાસ કર્યો છે, તે સર્વ આપણા પાચન થયેલા ખોરાકની માફક આપણા હૃદયને પુષ્ટિકારક થાઓ. દિવ્યશક્તિરૂપે તે આપણામાં પ્રકટ થાઓ. ઉદ્યોગી શક્તિ અને વીર્યને પ્રેરનાર થાઓ કે જેથી આપણા ભવ્ય વિચારને આપણે સફલ કરી શકીએ. વળી આપણે ગુરૂ અને શિષ્યો પરસ્પર સદ્‌ભાવથી વર્તીએ અને ઇર્ષા કે દ્વેષની છાયા પણ આપણો સ્પર્શ ન કરે. શ્રી હરિ. ૐ **शान्तिः शान्तिः**

“ ॐ सहनाववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥ ”

ॐ शान्तिः

સભાનું કાર્ય સમાપ્ત થયા પૂર્વે રામનાદના રાજા સાહેબે પ્રસ્તાવ કર્યો કે, ‘સ્વામીજી મહારાજનાં પવિત્ર પગલાં આ વખતે રામનાદમાં થયાં તેના સ્મરણચિહ્નન તરીકે આ સભામાંજ એક ફંડ એકઠું કરીને, મદ્રાસના દુષ્કાળ ફંડમાં એ રકમ મોકલવાનો મારો અભિપ્રાય છે.’

સર્વની સંમતિથી એજ વખતે દુષ્કાળ નિવારણ ફંડ ચાલુ કર-

વામાં આવ્યું હતું તેમાં રાજા સાહેબે મોટી રકમ ભરી હતી. ત્યાર પછી જયઘોષ ગજાવી સભા વિસર્જન કરવામાં આવી હતી.

એ દિવસ પછી થોડા દિવસ રામનાદનરેશના આગ્રહથી સ્વામીજી ત્યાં રહ્યા હતા. એ વખતે દરરોજ અનેક લોકો તેમનાં દર્શન-માટે તેમજ શંકા–સમાધાન અને ધાર્મિક કથા–વાર્તા માટે સ્વામીજી-પાસે આવતા હતા. એક દિવસ ત્યાંની ખ્રિસ્તીશાળામાં સ્વામીજીએ એક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું; અને વળતે દિવસે સ્વામીજીના માનાર્થે રામ-નાદના રાજમહેલમાં એક દબદબાભરેલો દરબાર ભરવામાં આવ્યો હતો. તેમાં પણ તામિલ અને સંસ્કૃતમાં જુદી જુદી સંસ્થાઓ તરફથી સ્વામીજીને અનેક માનપત્રો આપવામાં આવ્યાં હતા. એ દરબારમાં પણ સ્વામીજીએ એક નાનું સરખું સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું હતું કે,–"શ્રીમાન રામનાદનરેશની, સંસારની દૃષ્ટિએ ઘણી ઉંચી પદવી છે; રાજ્યાધિકારના પ્રમાણમાં તેમનાં માન–મર્યાદા પણ બહુ ઉંચી કોટિનાં છે; તથાપિ તેઓ ધર્મ–સેવાના કાર્યમાં સર્વદા સ્વાર્થરહિત સદ્‌ભાવથી તત્પર રહે છે, અને તેમનું મન નિરંતર ઇશ્વરના ભજન–પૂજનમાંજ જોડાયેલું રહે છે; માટે તેમને રાજા કે મહારાજા કહેવા કરતાં રાજર્ષિનું ઉપનામ વધારે યોગ્ય થઇ પડશે." વગેરે.

ત્યાર પછી પણ એક સમય સ્વામીજીએ બીજું એક નાનું ભાષણ આપ્યું હતું. તે ફોનોગ્રાફમાં ઉતારી લેવામાં આવ્યું હતું. એ ભાષણમાં સ્વામીજીએ ભારતમાં શક્તિપૂજાની વિશેષ આવશ્યકતા સિદ્ધ કરી હતી. સ્વામીજીના માનમાં છેલ્લો દરબાર રવિવારની સાંજે ભરવામાં આવ્યો હતો, અને એજ દિવસની શાન્ત રાત્રીએ તેઓ પોતાના અનુષંગીઓ સાથે રામનાદથી વિદાય થયા હતા.

પરમકુડિનું માનપત્ર

રામનાદથી ઉત્તરદિશામાં પ્રયાણ કરતાં રસ્તામાં પરમકુડિ નામક સ્થાને સ્વામીજી જ્યારે આવી પહોંચ્યા ત્યારે ત્યાંના રહીશોએ ઘણી ધામધૂમ સહિત સ્વામીજીનો સત્કાર કર્યો હતો અને તેમના માનમાં એક મોટી સભા ભરીને ભાવભરેલું માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. તેમાં પ્રાયઃ એવો ઉલ્લેખ કરેલો હતો કે:—

શ્રીમત્ વિવેકાનંદ સ્વામી !

અમે પરમકુડિનિવાસી જનો આપના પશ્ચિમ જગતના ચાલુ ચાર વર્ષના ધાર્મિક રણરંગ પછી, આપના પવિત્ર કાર્યની સફળતાપૂર્વક જ્યારે આપ આ દેશમાં પાછા પધારો છો એ પ્રસંગે શુદ્ધ હૃદયપૂર્વક અપૂર્વ આનંદ સહિત આપનું સ્વાગત કરીએ છીએ.

ચિકાગોની મહા ધર્મસભામાં આપણા ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરી બતાવવા માટે પરોપકાર વૃત્તિથી તમે જે પ્રબળ પ્રયાસ કર્યો છે, અને ધાર્મિક જગતના અગણિત પ્રતિનિધિઓને આપણી પ્રાચીન ભૂમિના પવિત્ર ગુપ્ત ખજાનાથી પરિચિત કર્યા છે, તેને માટે અમારા સર્વ હિન્દવાસી બન્ધુઓની સાથે અમે પણ આનંદપૂર્વક ગૌરવ માનીએ છીએ. વૈદિક સાહિત્યનાં પવિત્ર સત્યો સ્પષ્ટ રીતે દર્શાવી આપીને આપણી પુરાણપ્રસિદ્ધ ભારતભૂમિ તરફ પશ્ચિમની પ્રજાના જે હલકા વિચારો હતા તે સર્વ દૂર કરી, બધી વયના અને બધી સ્થિતિના બુદ્ધિશાળી મનુષ્યોને માટે આપણો ધર્મ સર્વ રીતે ગ્રહણ કરવા યોગ્ય અને સૃષ્ટિના સામાન્ય ધર્મ તરીકે ઉચ્ચપદ લેવા લાયક છે, એવું આપે પ્રબલ રીતે પૂરવાર કરી આપ્યું છે.

આપની સાથે આપના ઉદાર વિચારોથી મુગ્ધ બનેલા અને

આપની સાથે આપની ધર્મસેવામાં જોડાયેલા પાશ્ચાત્ય શિષ્યો પણ પ્રવાસનાં અનેક સંકટ વેઠી આપની સાથેજ રહે છે, એ પરથી સ્પષ્ટ પ્રમાણિત થાય છે કે પશ્ચિમના લોકો આપનો ઉપદેશ સાંભળીને તેમજ સમજીને બેસી રહ્યા નથી; પરન્તુ તેનાં વ્યાવહારિક ફળો તેઓ મેળવવા લાગ્યા છે. આપના ઉદાર પ્રભાવથી તેમના જીવનનું પણ પરિવર્તન થવા લાગ્યું છે. આપની અદ્‌ભૂત શક્તિ જોઇને અમને આપણા પ્રતાપી પ્રાચીન ઋષિ-મુનિઓનું સ્મરણ થઈ આવે છે, એ ઋષિ-મુનિઓ જેવી રીતે ઉગ્ર તપસ્યા અને પ્રબલ આત્મસંયમવડે પરમાત્માની પ્રાપ્તિ કરી માનવ-જાતિના સત્યમાર્ગદર્શક આચાર્યો અને નેતા બની ગયા છે એવોજ ચારિત્રપ્રભાવ આપના પરોપકારી દિવ્ય જીવનમાં અવલોકીને અમે અતીવ આનંદ પામીએ છીએ.

છેવટ કૃપાસિંધુ પરમાત્માને અમો પ્રાર્થના કરીએ છીએ કે સમગ્ર માનવજાતિને પવિત્ર, ધાર્મિક અને આધ્યાત્મિક બનાવવા માટે એ દયાસિંધુ આપને દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ સ્વાસ્થ્યનું પ્રદાન કરો.

આપના આજ્ઞાધીન અને પરમ આસ્તિક પરમકુડિનિવાસીઓના સાષ્ટાંગ પ્રણામ.

પરમકુડિના માનપત્રનો પ્રત્યુત્તર

એ માનપત્રના ઉત્તરમાં સ્વામીજીએ જે લાગણી ભરેલા ઉચ્ચાર દર્શાવ્યા હતા, તેનો કેટલોક ભાગ અહીં આપવામાં આવે છે.

પ્રિયબંધુઓ !

આપ સજ્જનોએ જેવા આદર–યત્નપૂર્વક ખરા હૃદયથી મને માન આપ્યું છે, તેનો કયા શબ્દોમાં મારે આભાર માનવો? તેને માટે યોગ્ય શબ્દો પણ મને મળતા નથી. છતાં જો મને બોલવા દેવામાં આવે તો હું માત્ર એટલુંજ ઉમેરીશ કે મારી જન્મભૂમિ અને મારા સ્વધર્મી બંધુઓને માટે મને એટલો બધો પ્રેમ છે કે તેઓ કદાચ મને પરમ પ્રેમથી માન આપે અથવા તિરસ્કારપૂર્વક મને દેશ બહાર કહાડી મૂકે તોપણ માતૃભૂમિ અને માડીજાયા બંધુઓના પ્રેમમાં એક રજ માત્ર પણ ઓછો થાય એમ નથી; કારણ કે ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ-ભગવાને જણાવ્યું છે કે–" સઘળાં કર્મ નિષ્કામ ભાવેજ કરવાં જોઇએ." તે પ્રમાણે પ્રેમ પણ માત્ર પ્રેમને માટેજ રાખવો જોઇએ. પશ્ચિમના દેશોમાં જે કંઇ કાર્ય હું કરી શક્યો છું તે બહુ અલ્પ છે. તમારામાંનો કોઈ વિશેષ યોગ્ય મનુષ્ય મારા કરતાં સોગણું સરસ કામ કરી શક્યો હોત. હું આતુરતાથી એ દિવસની રાહ જોઈ રહ્યો છું કે જે પવિત્ર દિવસે જે અધ્યાત્મવિદ્યા અને આત્મત્યાગના દિવ્ય વિચારો ભારતનાં પ્રાચીન અરણ્યોમાં ઉત્પન્ન થયા છે અને માત્ર ભારતનીજ મિલ્કત બની રહ્યા છે, તે અમૂલ્ય સામગ્રીની જગતના એક છેડાથી બીજા છેડા સુધી આવેલા સમગ્ર દેશોમાં છુટે હાથે લ્હાણી કરવાને અલૌકિક આધ્યાત્મિક શક્તિવાળા અને પ્રબળ બુદ્ધિબળવાળા ભારતસંતાનો તત્પર થઇને ઉત્સાહથી એ પવિત્ર કાર્યમાં આગળ વધે.

માનવજાતિના ઇતિહાસમાં એવા અનેક પ્રસંગો મળી આવે છે કે જ્યારે જગતના સુખ–વૈભવથી ઘેરાઇ રહેલી દુનિયાની મહાન પ્રજાઓનો હાથ ઉદાસીનતાને એકાએક પકડી લે છે. જગતની ધાંધલ અને તેના કોલાહલના એ વખતે બધી પ્રજાઓને પૂરેપૂરો કંટાળો આવે છે. તેઓ જુએ છે કે તેમની બધી યુક્તિ–પ્રયુક્તિયો રદ જવા લાગી છે. તેમણે ઘણા લાડથી ઉછેરેલી સંસ્થાઓ અને પ્રમાણભૂત માનેલી પૃથાઓ ચૂર્ણ–વિચૂર્ણ થઈ માટીમાં મળી જવા લાગી છે. તેમના આશાના દીપક બુઝાઇ જવા લાગ્યા છે, અને તેમના જીવનના વ્યાવહારિક સાંધાઓ જોતજોતામાં છૂટા થવા લાગ્યા છે. એ વખતે તેમને આ ક્ષણિક સ્થૂલ વ્યાપાર કરતાં કોઈ ઉંચા આત્મવ્યાપારની તૃષા જાગે છે. જગતમાં બે પ્રકારના જુદા જુદા પાયા ઉપર સામાજિક જીવનની ઇમારત ઉભી કરવાના યત્નો દૃષ્ટિગોચર થાય છે. તેમાંનો એક ધર્મના પાયા-ઉપર અને બીજો સામાજિક જરૂરિયાતોને પૂરી પાડનારી વ્યવહાર-નીતિ ઉપર આધાર રાખે છે. એકનો પાયો આધ્યાત્મિકતા છે, અને બીજાનો પાયો જડવાદ છે. એકનો પાયો ઇંદ્રિયોથી અગોચર એવા આત્મવાદ ઉપર છે અને બીજાનો પાયો ભૂતતત્ત્વોના પ્રત્યક્ષવાદ ઉપર છે. પહેલો પ્રકાર આ જડ જગતની મર્યાદા કૂદી જઇને તેની પેલી પાર આવેલા દૂરના અનંત પ્રદેશમાં દૃષ્ટિપાત કરે છે, તે એટલે સુધી કે બીજા પ્રકારની સાથે કશો પણ સંબંધ ન રાખતાં માત્ર આધ્યાત્મિકભાવ ઉપરજ નિર્વાહ ચલાવવાનું સાહસ કરે છે, ત્યારે બીજો પ્રકાર પોતાની ચોપાસ પથરાઈ રહેલી જગતની નાશવંત ચીજોમાંજ સંતોષ પામીને બેસી રહે છે અને મનમાં આશા રાખે છે કે, એ ભૌતિક જગતના પાયા ઉપરજ તેઓ સમાજ અને જીવનની દૃઢ ઇમારત કાયમને માટે બાંધી શકશે. વખતો વખત આમાંનો કોઇ અધ્યાત્મવાદવાળો પક્ષ પ્રબળ થઇ પડે છે, અને થોડા સમય પછી પાછી

તેની ઉપર જડવાદની ગતિ એક ઉપર એક ધસી આવતા તરંગોની પેઠે પોતાની જડતા રેલાવી રહે છે. એકજ દેશમાં જુદે જુદે વખતે આ બન્ને પ્રકારના જુદા જુદા તરંગો અનુક્રમે આવતા જતા જણાય છે. જડવાદના પ્રબળ વિચારોની ભરતી આવે છે ત્યારે ધન—સંપત્તિ અને મોજ—મજા આપનારી કેળવણી તેમજ જેથી ખાન—પાનના વિવિધ પદાર્થો વિશેષ પ્રમાણમાં મેળવી શકાય અને સાંસારિકસુખોની વિશેષ પ્રાપ્તિ થાય એવા શિક્ષણનો આદર અને પ્રચાર થવા લાગે છે, તથા વાસના-તૃપ્તિની ઐહિક ભાવનાઓ પોતાનો બહુજ પ્રભાવ જમાવે છે; અને થોડા સમય પછી વળી પાછી તેની અવનતિ થવા લાગે છે. ધન-સંપત્તિ અને સુખ વૈભવની વિશેષતા થવાની સાથેજ માનવજાતિના સાંકડા હૃદયમાં છુપાઈ રહેલાં ઇર્ષ્યા, દ્વેષ અને તિરસ્કાર પાછાં પ્રબળ રૂપ ધારણ કરે છે. એક બીજાની અદેખાઇ, હરિફાઇ, ક્રૂરતા અને નિર્દયતા એ સમયનાં મૂળમંત્રરૂપ બની જાય છે; વેર—ઝેર એ વખતનો યુગધર્મ થઈ પડે છે. “ સબ સબકી સમાલીયો મેં મેરી ફોડ લેતા હું ” એ તેમનો મુદ્રાલેખ બની જાય છે, અને ઘોર સ્વાર્થ તથા ભયંકર એકલપેટાપણું સ્થળે સ્થળે વ્યાપી રહે છે જ્યારે આવી અવદશામાં લોકો આવી પડે છે ત્યારેજ તેમને સમજાય છે કે તેમણે મહા મહેનતે તૈયાર કરેલી સુખીજીંદગીની યોજના છેકજ વ્યર્થ નિવડી છે. ધર્મની સહાયતા વિના સુખીજીવનની જે જે યોજનાઓ કરવામાં આવે તે બધી એવીજ રીતે નિષ્ફળ જાય છે. એ વખતે તત્ત્વવિદ્યા અને આધ્યાત્મિક ભાવના તેમના બચાવ માટે અવતાર લઇને ડૂબતા જગતનો હાથ ઝાલી તેને ઉપર ખેંચી લેવાનો યત્ન ન કરે તો સમગ્ર જગત વિનાશ પામ્યા વગર ન રહે; પરન્તુ ઇશ્વર દયાળુ છે, જેથી તેમની કૃપાથી એવે સમયે ધર્મવિચાર અને અધ્યાત્મવિદ્યા જગતની સહાય માટે અગ્રેસર થાય છે, અને જડવાદની ઉંડી ખાઇમાં ડૂબી

મરતા જગતને બચાવી લે છે. એ વખતે લોકો નવી આશાથી પ્રકાશિત થઇને, નવા ઉત્સાહથી અને નવનવા ભાવથી નવું ગૃહ તૈયાર કરવા માટે નવો પાયો નાખે છે. એ વખતે ધર્મ અને આધ્યાત્મિક જીવનની ભરતી પૂર જોશમાં ચડવા લાગે છે.

વળી થોડા સમય પછી ઓટ થાય છે. એ વખતે પાછાં જડવાદનાં મોજાં ચડવા લાગે છે. એક અચલ નિયમરૂપે પ્રથમ તો મનુષ્યોનો એક એવો વર્ગ ઉભો થાય છે કે જે જગતની ખાસ શક્તિઓઉપર માત્ર પોતાનોજ અધિકાર સ્થાપિત કરે છે. ધર્મભાવનાને આગળ રાખ્યા કરીને અને સ્થૂલ પદાર્થોના ઠાઠ અને સંગ્રહને વધારવા માંડે છે. આની તાત્કાલિક અસર એ થાય છે કે (यद्यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः ની પેઠે) ફરીથી જડવાદ તરફજ લોકો ગતિ કરે છે. એથી જુદા જુદા પ્રકારની શક્તિના સ્વતંત્ર હક્ક અને અધિકાર જાહેર કરનારાં સેંકડો દ્વાર ખુલી જાય છે. છેવટે પ્રજાની આધ્યાત્મિક શક્તિ ક્ષીણ થઈ જઇને તેમની વ્યાવહારિક જડ શક્તિ અને તેમના મનુષ્ય તરીકેના હક્ક ઉપર મનુષ્યોની એક ન્હાની સંખ્યા પોતાના અધિકારનો દાવો રજુ કરે છે. એ થોડા મનુષ્યો સામાન્ય જનસમાજની ગરદનપર ઉભા રહીને તેમનાપર અધિકાર ચલાવવા માગે છે. એ વખતે જનસમાજ આત્મરક્ષાને માટે યત્ન કરવા લાગે છે; અને જડવાદ એ વખતે વિશેષ સહાયકારક થઈ પડે છે. આપણી માતૃભૂમિ ભારતતરફ નજર કરશો તો તરત જણાશે કે આજકાલ અહીં એવોજ પ્રકાર ચાલી રહ્યો છે. યૂરોપમાં તમારા ધર્મ અને વેદાન્તનો પ્રચાર કરવાને માટે તમારામાંનો એક જણ ગયો હતો તેના કાર્યથી તમે સંતુષ્ટ થયા છો અને તેને માન આપવાને આજે તમે એકઠા થયા છો; પરન્તુ જો યૂરોપના જડવાદે તેને માટે માર્ગ ખુલ્લો કરી દીધો ન હોત તો એ કાર્ય કદિ બની શકત નહિ. જડવાદ આવી રીતે જનસમાજને અચાનક સહાય કરે છે.

પશ્ચિમનો જડવાદ પણ અમુક દૃષ્ટિએ ભારતનો બચાવ કરવાનેજ અહીં આવ્યો છે.તેણે અમુક દિશામાં ભારતના કલ્યાણનો માર્ગ ખુલ્લો કરી દીધો છે. ઉચ્ચ—નીચ સર્વને માટે ઉન્નતિનાં દ્વાર તેણે ઉઘાડી નાખ્યાં છે. બ્રાહ્મણાદિ ઉચ્ચ વર્ણોના ખાસ હક્કનો પક્ષપાતી દાવો તેણે નષ્ટ કરી નાખ્યો છે; અને જે થોડા માણસોએ પોતાના કાબુમાં છૂપાવી રાખેલા અમૂલ્ય રત્નોના ખજાનાનો પોતાને માટે પણ ઉપયોગ તજી દીધો હતો, તે મહાન સત્યો—વેદના દિવ્ય સિદ્ધાંતોને સર્વ જનોને માટે ખુલ્લા મૂકીને તેના ઉપર વિચાર, ચર્ચા તથા અભ્યાસ કરવાના સર્વને સમાન હક્કદાર બનાવ્યા છે. દુર્ભાગ્યે એ પ્રાચીન અમૂલ્ય ખજાનાનો અર્ધો ભાગ ચોરાઇ તેમજ ખોવાઇ ગયો છે; અને અર્ધો ભાગ ઘાસના બીડ પાસે રહેનારા શ્વાનના જેવા આપમતલબી લોકોના અધિકારમાં દટાયેલો પડી રહ્યો છે; તેનો તેઓ પોતે પણ ઉપયોગ કરતા નથી અને બીજાને પણ ઉપયોગ કરવા દેતા નથી.

બીજા હાથપર આજકાલ જે રાજનૈતિક યોજનાઓને માટે આપણે લડત ચલાવી રહ્યા છીએ અને પ્રાણતોડ મહેનત કરી રહ્યા છીએ; તે આજે અનેક વર્ષોથી યૂરોપમાં પ્રચલિત છે. સેંકડો વર્ષ સુધી તેમને અજમાવી જોવામાં આવી છે; અને સામાજિક જરૂરિયાતોને પહોંચી વળવાને માટે તે બધી ખામીવાળી તેમજ અપૂર્ણ જણાઇ છે. નવી નવી સંસ્થાઓ, નવી રાજ્યપદ્ધતિઓ, નવા રાજ્યનૈતિક સિદ્ધાંતો અને રાજ્યનૈતિક શાસન સાથે સંબંધ રાખનારી અનેક પ્રણાલીઓ ઉત્પન્ન થઈ છે અને અનુભવે તે દોષવાળી લાગી છે. યુરોપ હજી સુધી કોઇ નિશ્ચયઉપર આવી શક્યું નથી. શું પકડવું અને શું છોડી દેવું, તેમજ કયી તરફ વળવું તેના કશા પણ ધોરણ વિના આજનું સુધરેલું યૂરોપ અશાન્તિના સાગરમાં તણાયા કરે છે ! જડવાદી જીવનનો જુલ્મ ભયંકર થઇ પડયો છે. ધન—સંપત્તિનો અત્યાચાર અને વ્યભિચાર માનવ

જીવનની મર્યાદાને કૂદાવીને અતિમાત્રાએ જઈ પહોંચ્યો છે. દેશનું ધન, બલ અને શાસન ત્યાંના માત્ર થોડા ધનવાન માણસોજ દબાવી બેઠા છે; કે જેઓ જાતે કશો શ્રમ ન લેતાં બિચારાં ગરીબ લાખો મનુષ્યોની પાસે કામ કરાવી તેમના લોહીને ભોગે મિથ્યા મોજ-મજા માણી રહ્યા છે! એ શક્તિવડે તેઓ સમગ્ર પૃથ્વીને લોહીથી ડૂબાવી શકે તેમ છે. ધર્મ અને એવીજ બીજી બધી આધ્યાત્મિક ચર્ચા તેમના પગનાં તળીયાં નીચે દબાયેલી છે. તેઓજ સર્વોપરિ અને સર્વત્ર અધિકાર ચલાવનારા બની રહ્યા છે. ખરૂં જોતાં પશ્ચિમનું જગત એક મુઠીભર *શાઇલોકોના સખ્ત શાસનમાં ફસાયેલું છે. તમે વ્યવસ્થિત બંધારણવાળા શાસનની, સ્વતંત્રતાની, સમાન હક્કની, પ્રજાકીય સત્તાની અને પાર્લામેન્ટની મહાસભાની જે બધી મોટી વાતો દૂર બેઠા બેઠા સાંભળો છો; તે બધી ઠઠ્ઠા-મશ્કરીજ છે! ખરી રીતે તો પાશ્ચાત્ય દેશો જેમ યાહુદી "શાઇલોક" જેવા મહા લોભી શાસકના જૂલ્મથી ત્રાસ પામી રહ્યા છે, તેમ પૂર્વ તરફના દેશો આચાર્યો, પુરોહિતો અને ધર્મગુરૂઓના જૂલ્મથી ત્રાસ પામીને રૂદન કરતા બેઠા છે, અને પ્રત્યેક એક બીજાને દાબમાં રાખવાને કટિબદ્ધ થઇ રહ્યા છે.

તમે ધારતા નહિ કે માત્ર એકજ વર્ગ જગતનું કલ્યાણ કરી શકે. પક્ષપાતરહિત પ્રભુની ન્યાયી સૃષ્ટિમાં સર્વને એકસરખાજ હક્ક મળેલા છે. સર્વને તેમણે સમાનજ કરેલા છે. અતિ અધમ ભયંકર રાક્ષસ જેવા મનુષ્યમાં પણ ઈશ્વરે કોઇ એકાદ તો એવા સરસ ગુણ

* 'શાઇલોક' એટલે વિશ્વવિખ્યાત અંગ્રેજ કવિ શેક્સપિયરના "મર્ચન્ટ ઓફ વેનીસ" (વેનીસનો વેપારી) એ નામના નાટકમાંનો એક યાહુદી જાતિનો પક્કો મારવાડી; જેણે પૈસા કરજે આપતી વખતે કરેલી શર્તમાં જો નિયમસર પૈસા પાછા ન મળે તો કરજદારના શરીરનું માંસ કાપી લેવાનો ઠરાવ કર્યો હતો.

મૂકેલો હોય છે કે જે મોટા સંત અને મહાત્મામાં પણ નથી હોતો. નાનામાં નાના એક તુચ્છ કીડામાં પણ એકાદ એવી કોઇ ચીજ રહેલી હોય છે કે જે સર્વથી મહાન મનુષ્યોમાં પણ નથી હોતી. એક અભણ ગરીબ મજુરમાં કશા પણ સંસ્કાર નથી; જીંદગીના સુખ–વૈભવ કે મોજ–મજાનો સ્વાદ જેણે કદિ ચાખ્યોજ નથી; જેનામાં તમારા જેવી બુદ્ધિ નથી; જે તમારા વેદાન્તની દાર્શનિક ચર્ચાનો એક બ્રહ્માક્ષર પણ સમજી શકતો નથી; અને દરેક વાતમાં જેને તમે હલકો અને કમનશીબ માનો છો; છતાં પણ તેની પાસે પણ એક એવી ચીજ છે કે જે તમારી પાસે નથી. ખાત્રી કરવાને માટે તેનું શરીર તમારા શરીર સાથે સરખાવો. તમારા નાજુક શરીરની પેઠે તેનું કસાયલું મજબુત શરીર પરિશ્રમ કે દુઃખનું નામ સાંભળતાં ડરી જતું નથી, એટલુંજ નહિ પણ જો તેના શરીરમાં સખ્ત ઘા લાગ્યા હશે તો તે પણ તમારા શરીરમાં લાગેલા ઘા કરતાં બહુ જલદી રૂઝાઇને સૂકાઇ જશે. તેનું જીવન અને તેની ભાવનાઓ તેના શરીરના અવયવોમાં છે, અને એ જીવનનો આનંદ તે પૂર સંતોષ અને શાન્તિથી ભોગવે છે. તેનું જીવન ત્રાજવાના કાંટાની પેઠે સમાન વજનમાં રહ્યું છે, માટે મનમાં નક્કી સમજવું કે શારીરિક, માનસિક અથવા આધ્યાત્મિક શક્તિની વહેંચણીમાં પરમાત્માએ સર્વત્ર ન્યાય બુદ્ધિજ જાળવેલી છે. એકમાં જે વિશેષ છે તે બીજામાં ઓછું હશે તો તેનામાં જે વિશેષ હશે તે પહેલામાં ઓછું હશે. આમ એક ન્યૂનતાનો બદલો બીજી વિશેષતાથી વાળી આપ્યો છે. પોતાની શક્તિની પ્રભુએ બધામાં સરખી વહેંચણી કરી છે. આપણે એમ માની લેવું ન જોઇએ કે આપણેજ જગતના તારનારા છીએ. આપણે જગતને જેમ કેટલીક ચીજો શીખવવાની છે, તેમ બીજાઓ પાસેથી કેટલીક ચીજો શીખવાની પણ છે. જગત આ જમાનામાં જે દિવ્ય વસ્તુની–જે આધ્યાત્મિક ધર્મની–

જે પરમજ્યોતિની રાહ જોઇ રહ્યું છે તેનુંજ શિક્ષણ આપણે જગતને આપવાનું છે. જો ધર્મના આધ્યાત્મિક પાયા ઉપર પશ્ચિમના નાપાયાદાર સુધારાનું બંધારણ નહિ કરવામાં આવે તો ખાત્રી રાખજો કે આવતાં પચાસ વર્ષમાં પાશ્ચાત્ય જગત અને તેનો સુધારો જમીનપર પછડાઇને ચૂરેચૂરા થઇ જશે. માત્ર તલવારના જોરથી માનવ હૃદય ઉપર રાજ્ય ચલાવવાનો યત્ન કરવો એ છેકજ નિરાશાજનક અને નિરૂપયોગી છે. તમે જોઇ શકશો કે પશુબળવડે જગત ઉપર અધિકાર કરવાનો વિચાર જ્યાં જ્યાં ઉદ્ભવ પામે છે તે તે સર્વ સ્થળો પોતેજ અધમ સ્થિતિને પ્રાપ્ત કરી છેવટે વિનષ્ટ થઇને ચૂર્ણ–વિચૂર્ણ બની જાય છે. જડશક્તિનું લીલાક્ષેત્ર યૂરોપ–પ્રકૃતિના સ્થૂલ બલ ઉપર ઝૂઝનારૂં યૂરોપ, તે પોતાની સ્થિતિ નહિ બદલાવે અને પોતાના જીવનનો પાયો ધર્મના શાશ્વત પત્થરથી નહિ બાંધે તો યાદ રાખજો કે એ જડવાદી યૂરોપ માત્ર પચાશ વર્ષના સમયમાંજ ચૂર્ણ–વિચૂર્ણ થઇ માટીમાં મળી જશે.* યૂરોપને કોઇ પણ ચીજ જો બચાવી શકે તેમ હોય તો તે એકમાત્ર ઉપનિષદ્‌નો ધર્મજ છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર–વિચારોથી અલગ; જુદાં જુદાં ધર્મશાસ્ત્રો, તત્ત્વદર્શન અને ફિલસૂફીઓથી તદ્દન સ્વતંત્ર તથા સર્વમાં એક સરખો પ્રવર્તિ રહેલો એવો જે આત્મવાદનો–આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાનો સિદ્ધાંત, તે સિદ્ધાંતજ સર્વ સંપ્રદાયોને માટે સામાન્ય છે; અને તે સિદ્ધાંતજ સમગ્ર જગતના વિચાર પ્રવાહને બદલાવી શકે તેવો મહાન છે. ભારતમાં હિન્દુ, જૈન, બૌદ્ધ વગેરે સઘળા મતસંપ્રદાયો એકમતે સ્વીકાર કરે છે કે આત્મા સર્વશક્તિમાન છે, અને સઘળી શક્તિઓનો આધારરૂપ છે. તમે સારી રીતે જાણો છો કે

* હાલના સ્વાર્થજન્ય યૂરોપિ યુદ્ધે ૫૦ ને બદલે ૨૦ વર્ષમાંજ આ વચનની સત્યતા દર્શાવી આપી છે. મંત્રી સ. સા.

ભારતમાં એવો કોઇ પણ મતવાદ કે સંપ્રદાય નથી કે જેનું માનવું અથવા કહેવું એવું હોય કે શક્તિ, પવિત્રતા અને પૂર્ણતા તમને કોઇ બહારના પ્રદેશમાંથી મળી શકશે. તેઓ સર્વ એકમતે કહે છે કે-"સઘળી શક્તિ પોતાના આત્મામાંજ છે. જન્મથી મળેલો તે આપણો વારસો તથા હક્ક છે." સ્વાભાવિકરીતેજ આપણા આત્મામાં એ બધી શક્તિઓ ભરેલી છે. અપવિત્રતા અને અપૂર્ણતાનું કલ્પિત આવરણ છવાઈ રહ્યું હોવાથીજ તમારો ખરો સ્વભાવ, ખરો પ્રભાવ અને ખરૂં સ્વરૂપ ઢંકાઈ રહ્યાં છે. એ આવરણ દૂર થતાં તરતજ તમને જણાશે કે તમે પોતે પરિપૂર્ણ છો. મેરૂના જેવા અચલ અને ભીમના જેવા બલવાન છે! તમારા પોતાના ઉપર અધિકાર ચલાવવા માટે આત્મસંયમ માટે બહારની મદદની તમને કશીજ જરૂર નથી. જાણતાં કે અજાણતાં પણ અનાદિકાળથી તમે સંયમીજ છો. જે કંઇ છે તે **માત્ર જાણવાનું છે, મેળવવાનું નથી. તમે તમારૂં બળ અને સ્વરૂપ જાણો એટલે તે તમને મળીજ ચૂકયું છે.** શક્તિનો જે કંઈ તફાવત જોવામાં આવે છે તે માત્ર પોતાના સ્વરૂપને ન્યૂનાધિક જાણવાના પરિણામરૂપજ છે. જેને લીધે આપણે આપણું સ્વરૂપ નથી જાણી શકતા તે અવિદ્યા છે. આપણા શાસ્ત્રમાં એ અવિદ્યાનેજ સર્વ પ્રકારના અજ્ઞાનનું મૂળ કહેવામાં આવી છે. ભગવાનમાં અને મનુષ્યમાં, સાધુમાં અને સયતાનમાં, પવિત્ર અને પાપીમાં ભેદ શાને લીધે ભાસે છે? માત્ર અવિદ્યાને લીધે-અજ્ઞાનને લીધેજ. સર્વ પ્રાણીમાં શ્રેષ્ઠ એવા મનુષ્યોમાં અને તમારા પગનાં તળીઆં નીચે કષ્ટપૂર્વક ચાલતા ઝીણા જંતુઓમાં તફાવત શાથી? માત્ર અવિદ્યાથીજ. અજ્ઞાનવડેજ બધો ભેદ ભાસે છે. એ પગ નીચે ચાલતા અલ્પ જીવજંતુમાં પણ અનંતશક્તિ, જ્ઞાન, પવિત્રતા અને સાક્ષાત પરમ દેવતા પરમાત્મા વસે છે. માત્ર તેનામાં તે અવ્યક્તભાવે-અપ્રકટ-

ભાવે વસે છે અને તેનો પ્રકાશ હવે પછી થવાનો છે. ભારત પોતાનું આ મહાન સત્ય સકલ જગતને શીખવશે, કારણ કે તે સત્યનો બીજે કોઈ ઠેકાણે આવિષ્કાર થયો નથી. એજ આધ્યાત્મિક ધર્મ છે. એજ તત્ત્વદર્શન અથવા આત્મવિજ્ઞાન છે. મનુષ્ય કયા બળવડે પોતાના પગપર ઉભો થઇને કાર્ય કરવાને શક્તિમાન બને છે? આત્મશક્તિ વડેજ. જ્યાં જેટલો શક્તિનો વિશેષ પ્રકાશ જણાય ત્યાં આત્માનોજ તેટલો વિશેષ વિકાસ સમજવો. શક્તિ, બળ, વીર્ય એજ આત્માનું મુખ્ય બળ છે. શક્તિ એજ પુણ્ય છે, અને શક્તિ એજ સાધુત્વ છે. નબળાઈ અને દુર્બળતા એજ મહાપાપ છે. જો ઉપનિષદ્‌માંથી કાંઈ પણ એવો શબ્દ જોર સહિત બોમ્બની પેઠે બહાર નીકળી આવીને અજ્ઞાનના સમુદાય ઉપર ફૂટી તેને છિન્ન–ભિન્ન કરી નાખવાને શક્તિમાન હોય તો તે શબ્દ–વેદનો માનીતો અને ઇશ્વરનો પ્રેરિત શબ્દ ' अभी ' (અભયતા) છે. ' अभी ' એટલે નિડરતા. જો જગતને કોઇપણ મહાન ધર્મ શીખવવાની જરૂર હોય તો તે એક માત્ર अभी–નિર્ભયતાનોજ ધર્મ શીખવવાનો છે. આ વ્યાવહારિક જગતમાં કે ધર્મના આધ્યાત્મિક જગતમાં ' ભય ' એજ બધા પાપનું અને અધઃપાતનું મુખ્ય કારણ છે, એમાં જરા પણ સંદેહ નથી. બીક, ભય અને બાયલાપણામાંથીજ બધાં દુઃખોની ઉત્પત્તિ થાય છે. ભયને લીધેજ પડતી, ભયને લીધેજ મૃત્યુ અને ભયને લીધેજ સઘળા પ્રકારની અધોગતિ થાય છે. એ ભય ક્યાંથી ઉત્પન્ન થાય છે ? આપણા સ્વભાવ અને સ્વરૂપના અજ્ઞાનને લીધેજ ભય ઉત્પન્ન થાય છે. રાજા–મહારાજાઓના પણ જે ચક્ર ચુડામણી છે, સમગ્ર બ્રહ્માંડના જે ભૂપતિ છે, તેના તમે પાટવીકુમાર છો, તેના તમે વારસ છો, અરે એ સર્વ સત્તાધીશ પરમાત્માનાજ તમે પોતે અંશ સ્વરૂપ છો. હજુ તમારો ભય નથી ગયો ? ત્યારે સાંભળોઃ તમારી શક્તિ એથી પણ અધિક છે.

વિશ્વ વિજયી પ્રબલ અદ્વૈતવાદ કહે છે કે તમે પોતેજ સર્વશક્તિમાન ઇશ્વર છો. અજ્ઞાનને લીધે તમે પોતેજ તમારૂં સ્વરૂપ ભૂલીને તમે પોતાને નાના મનુષ્ય જેવા તુચ્છ સમજો છો. **અધ્યાત્મવિદ્યાના અરિસામાં તમારૂં પોતાનું સ્વરૂપ જુઓ, તમારી અગાધ-શક્તિનો વિચાર કરો, અને આ લોક તથા પરલોકના બધા ભયને સમુદ્રમાં ફેંકી દો.** આપણે આપણા સ્વરૂપથી ભ્રષ્ટ થયા છીએ, આપણી પોતાની શક્તિ અને આપણા પોતાના સ્વભાવનું જ્ઞાન ગુમાવી દીધું છે, તેથીજ આપણને ભેદબુદ્ધિ સૂઝે છે. હું તમારાથી સારો છું અથવા તમે મારાથી સારા છો, એ બધી ભેદબુદ્ધિ જ્યાં સુધી પોતાની વ્યાપકતા અને આત્માની અતુલ્ય સત્તા સમજવામાં નથી આવી ત્યાં સુધીજ ટકી શકે છે. જ્યારે એ ભેદબુદ્ધિને ખોળામાં લઇને અવિદ્યા અદૃશ્ય થાય છે ત્યારે નિર્ભય પ્રબલ આત્મસ્વરૂપ આપોઆપજ જાગી ઉઠે છે. એ અભેદનો મંત્ર વેદાન્ત સિવાય બીજો કોઇ પણ ધર્મ શીખવી શકે તેમ નથી. " પોતાના આત્મામાંજ સઘળી શક્તિઓ અવ્યક્ત રીતે સમાયલી છે. " એ મહાન સત્ય તેમજ અભે-દનો એ મહામંત્ર આપણું પવિત્ર ભારત સમગ્ર જગતને શીખવશે. જ્યારે એ અભેદવાદ અને આત્મસ્વરૂપ તમારા સમજવામાં આવશે, ત્યારે સ્મરણમાં રાખજો કે આ સકળ દ્રશ્યજ બદલાઇ જશે. સર્વમાં તમને આત્મસત્તા અને નિર્ભયતાનો ભાવ દેખાશે. તમે નર–નારી, પ્રાણી–પદાર્થમય આ સમગ્ર જગતને આજ સુધી જોતા હતા એથી જુદીજ આંખોએ જોવા લાગશો. એ વખતે તમને જણાશે કે આ જગત પરસ્પર વેર ઝેર વધારીને લડી મરવાનું કોઈ રણક્ષેત્ર નથી. જ્યાં એક જીવાત્મા–બીજા જીવાત્મા સાથે જીવતા સુધી લડયાજ કરે તથા નબળાનો નાશ થાય અને બળવાનનો વિજય થાય એવી આ કાંઇ અનંત યુદ્ધભૂમિ નથી. એ વખતે આ જગત આપણને એક રમતના મેદાન જેવું જણાશે.

આ ક્રિડાક્ષેત્રમાં સ્વયં ભગવાનજ હું, તમે અને બીજાં બધાં પ્રાણીઓરૂપે અનેક શરીર ધારણ કરીને બાળકની પેઠે રમે છે. આપણે સઘળા એ રમતના સોબતી છીએ. સાક્ષાત ભગવાનની સાથેજ દિનરાત રમીએ છીએ અને આ જગતરૂપ લીલા ક્ષેત્રમાં તેમના સહાયક છીએ. તમારામાંના કોઇને આ ખેલ—આ લીલા ગમે તેટલી ભયાનક, ગમે તેટલી જોખમકારક અને કુરૂપ જણાતી હોય તો પણ તે રમતજ છે. માત્ર રમતનેજ સાચી વસ્તુ તરીકે માની લેવાની નથી. આપણે તેનું ખરૂં સ્વરૂપ ભૂલી ગયા છીએ અને ભ્રાંતિવશ થઇને પ્રભુની આ વિચિત્ર લીલાને સત્ય વ્યાપાર સમજી બેઠા છીએ; પણ જ્યારે જ્ઞાન જ્યોતિ જાગે છે, અને જ્યારે આપણે પોતાનું સ્વરૂપ બરાબર જાણી લઇએ છીએ ત્યારે સર્વથી નબળા, હતભાગ્ય, પતિત અને મહાપાપી પુરૂષના હૃદયમાં પણ આશાનો સંચાર થાય છે. તમારાંજ શાસ્ત્રો તમને કહે છે કે કદિ પણ હતાશ ન થાઓ; કારણ કે તમે ઇષ્ટ અનિષ્ટ ગમે તે કરો પરન્તુ તમે તેના તેજ રહો છો. કાર્ય અથવા તેના ક્ષણિક પરિણામથી તમારૂં સ્વરૂપ કદિ બદલાવાનું નથી. કોઈ પણ દેશ—કાળ—સ્થિતિમાં તમે તમારા સ્વભાવનું પરિવર્તન કરી શકો તેમ નથી. સ્વભાવ પોતેજ સ્વભાવનું હનન કરી શકે નહિ. પ્રકૃતિ પોતેજ પ્રકૃતિનો વિનાશ કેવી રીતે કરી શકે? તમે સ્વભાવથીજ સિદ્ધ છો. લાખો વર્ષ સુધી તમારી શક્તિ અને તમારો સ્વભાવ અવિદ્યાના આવરણમાં ઢંકાઇને ભલે છુપાં રહે, પરન્તુ છેવટ તે સર્વે આવરણોને ભેદીને—સર્વનો વિજય કરીને પોતાના તેજસ્વી સ્વરૂપમાં પ્રકટ થશેજ. આવી રીતે વેદાન્ત સર્વને આશા આપીને તેજસ્વી બનાવે છે. કોઇને નિરાશ અને નિસ્તેજ કરતું નથી. વેદાન્તનું રક્ષણ નિર્ભયતાના ડંકામાં ગાજી ઉઠે છે. તે ભયના માર્ગમાં નથી. વેદાન્ત એમ નથી કહેતું કે સયતાન હમ્મેશાં બાજપક્ષિની પેઠે તમારાપર ટાંપી રહ્યો છે, અને

એક પગલું ભૂલ્યા તો તરત તમારી ગરદન ઉપર ચડી બેસશે. વેદાન્ત-વાદને સયતાન અથવા તેની ભયંકર સેના સાથે સંબંધજ નથી. વેદાન્તનું નામ સંભળાતું હોય ત્યાં સયતાન ઉભો પણ રહેતો નથી. વેદાન્ત તો ડંકો વગાડીને કહે છે કે:—" તમે નિડર થાઓ." વેદાન્ત કહે છે કે તમારૂં નશીબ તમારા પોતાનાજ હાથમાં છે. પૂર્વ જન્મનાં કર્મોવડે આ તમારૂં શરીર તમે પોતેજ ઘડયું છે, એમાં બીજા કોઇએ આંગળી પણ લગાડી નથી. સર્વવ્યાપક સર્વશક્તિમાન પરમાત્મા તમારી અવિદ્યાના પડદા પાછળ છૂપાઈ રહ્યા છે. અહંકારથી કરેલાં સર્વ કર્મોની જવાબદારી તમારી પોતાની છે. તમારા માથાપર રહેલી એ જવાબદારીજ તમને તમારા કર્મોનાં ફળ ભોગવાવે છે. તમારે એમ સમજવાનું નથી કે તમારી ઇચ્છા વિનાજ તમને આ જગતમાં લાવવામાં આવ્યા છે, અથવા તમને અહીં કોઇએ ફેંકી દીધા છે, અથવા આ ભયંકર સ્થાનમાં તમને શીરજોરીથી લાવી મૂકયા છે. તમારે ખાસ જાણવું જોઇએ કે તમે પોતેજ ક્રમે ક્રમે તમારૂં શરીર અને તમારો સંસાર વેચ્યો છે. વર્તમાન સ્થિતિમાં પણ તમે એજ કરતા રહ્યા છો. તમે પોતેજ ખાઓ છો, તમારે માટે બીજું કોઇ ખાતું નથી; અને ખાઓ છો તેનું સત્વ શોષીને તમે પોતેજ તમારૂં પોષણ કરો છો, બીજું કોઇ તમારે માટે સત્વ ગ્રહણ કરતું નથી. તમે પોતેજ ખાધેલા ખોરાકમાંથી તમારાં પોતાનાં લોહી, માંસ અને શરીરને ઉત્પન્ન કરો છો, બીજું કોઈ તમારે માટે કરતું નથી. તમારી બધી બાબતો એવીજ રીતે પરાપૂર્વથી તમે પોતેજ કરતા આવ્યા છો. એક સાંકળની કડીને બરાબર જાણી લેવાથી તે અનંત સાંકળને જાણી લેવાય છે. જો એ સત્ય હોય કે એક પહોર પણ તમે પોતેજ તમારૂં શરીર બનાવો છો તો તમારી બધા સમયની પ્રત્યેક પળ પણ તમે એમજ કરતા આવ્યા છો અને ભવિષ્યમાં પણ તમે એમજ કરતા રહેશો; અને તેથી ઇષ્ટ-

અનિષ્ટ, સારા—માઠાની સઘળી જવાબદારી તમારા પોતાનાજ માથાપર છે. આ સિદ્ધાંતમાંજ આપણી મહાન આશા સમાયેલી છે. "જે મેં કર્યું છે તેનો નાશ પણ હુંજ કરી શકું તેમ છું."

આપણાં શાસ્ત્રોમાં આવો કઠોર કર્મવાદ સમાયેલો હોવા છતાં આપણો ધર્મ ભગવતકૃપાનો અસ્વીકાર પણ કરતો નથી. માનવજાતિપર ઉતરતી ઇશ્વિરી કરૂણાને હિન્દુધર્મ લેશ પણ છીનાવી લેતો નથી. ઇશ્વિરની કૃપા તો સર્વદા આપણા કલ્યાણને માટે તૈયારજ છે. સર્વવ્યાપક પરમાત્મા શુભાશુભરૂપ આ ભયંકર સંસાર પ્રવાહથી પર હોવા છતાં એ બંધન રહિત, સંગ રહિત, પરમ કૃપાસિંધુ સંસારનાં આપણાં સુખ—દુઃખોમાં પણ આપણને સહાય કરીને સર્વદા પેલીપાર લઇ જવાને માટે આતુર છે; કારણ કે તેમની કરૂણા અપાર છે, અને તે જેઓ પવિત્ર હૃદયના હોય છે તેમનાપર નિત્ય વરસી રહી છે.

આ પરથી તમે જોઇ શકો છો કે આપણી પ્રાચીન પદ્ધતિ પ્રમાણે આપણી સમાજનો નવો પાયો નાખતી વખતે ધર્મ અને વેદાન્ત અમુક મર્યાદા સુધી મુખ્ય સહાયક થશે. જો મને વધારે વખત હોત તો હું તમને સ્પષ્ટ બતાવી શકત કે પાશ્ચાત્ય પ્રજાઓ અદ્વૈતવાદનાં કેટલાક સિદ્ધાંતોનું શિક્ષણ હજી પણ કેવી રીતે ગ્રહણ કરી શકે તેમ છે, કારણ કે આજના જડવાદ પ્રધાન રસાયન અને વિજ્ઞાનના યુગમાં વ્યક્તિ વિશેષ સગુણ ઇશ્વિર કોઈ પણ રીતે નિભી શકે તેમ નથી. આમ છતાં બધું બ્રહ્મમય હોવાથી કોઇ મનુષ્ય વિચિત્ર અને કુસંસ્કારપૂર્ણ ધર્મપદ્ધતિને અનુસરે તો તેને માટે પણ આપણા ઉદાર ધર્મમાં યથેષ્ઠ સ્થાન છે. જે મનુષ્યો અમુક મંદિરો અને મૂર્તિઓની ઉપાસનામાં પોતાનો ધર્મ માનતા હોય તેઓ પણ તેમની મરજી પડે તેની ઉપાસના કરી શકે તેમ છે. જો કોઇ મનુષ્ય સાકાર ઇશ્વિરની ઉપાસના ચાહતો હોય તો સાકાર ભક્તિના પણ ઉંચામાં ઉંચા વિચારો અને ઉદારમાં ઉદાર સગુ-

ક્તિક સિદ્ધાંતો જગતમાં બીજા કોઇ સ્થાને ન મળી શકે તેવા આ આર્ય ધર્મભૂમિ ભારતમાં તૈયારજ છે. જો કોઇ મનુષ્ય આજના વિચારયુગમાં તર્ક, વિચાર કે યુક્તિથી ધર્મને સ્વીકારવા માગતો હશે તો તેને પણ સાકાર કે નિરાકાર—કોઇ પણ પ્રકારની ઉપાસનાના ઉત્તમ યુક્તિવાદથી ભરેલા અપૂર્વ સિદ્ધાંતો આ અતિ પ્રાચીન સનાતન મંદિરરૂપ ભારતમાંજ પ્રાપ્ત થઇ શકશે. સમગ્ર જગતવાસી જનો આવો, આ અનંત ધર્મરાજ્યમાં તમારી ધાર્મિક તૃષા અને ક્ષુધા નિવારી તમારા હૃદયને પરિતૃપ્ત કરો. ॐ शान्तिः शान्तिः शान्तिः



શિવગંગા અને મનમાદુરાના માન-પત્રનો ઉત્તર.

પરમકુડિથી પ્રવાસ શરૂ કરીને ઉત્તર તરફ આવતાં મનમાદુરા મુકામે તેની નજીકના શિવગંગા ગામના શ્રીમાન જમીનદારો અને રહેવાસીઓએ સ્વામીજીને આગ્રહથી રોકી એક મોટી સભા એકઠી કરી એક લાગણી ભરેલું માનપત્ર આપ્યું હતું. જેના પ્રતિ ઉત્તરમાં સ્વામીજીએ નીચે પ્રમાણેનું ભાષણ કર્યું હતું.

સજ્જનો ! તમે શુદ્ધ હૃદયના સ્નેહપૂર્વક મારૂં જે અભિનંદન કર્યું છે, તેના ઉપકારના મહાન ઋણનો મારા ઉપર જે બોજો મૂક્યો છે, તેનો ભાષામાં પ્રકાશ કરવાને હું અશક્ત છું. પ્રબલ ઇચ્છા હોવા છતાં મારા શરીરની સ્વસ્થતા સારી ન હોવાથી હું લાંબુ વ્યાખ્યાન આપીને તમને સંતુષ્ટ કરી શકું તેમ નથી. એને માટે હું ઘણો દિલગીર છું. મારા સંસ્કૃતજ્ઞ મિત્રે મારાપર અનુગ્રહ કરીને મારે માટે સુંદર વિશેષણો વાપર્યાં છે, તથાપિ મને પણ આ સ્થૂલશરીરનો બોજો છે. એ બોજો અજ્ઞાનકાળનો રચેલો હોવા છતાં હાલ તો તેને ઉઠાવ્યા સિવાય ઉપાય નથી. સ્થૂલશરીર સદા જડતત્ત્વોના નિયમને અને પરિસ્થિતિને આધીન છે. એથી સ્વાભાવિક રીતે થાક અને વિષાદ જેવા તેના વિપરીત ધર્મો પણ તેની સાથેજ રહેલા છે. પશ્ચિમના દેશોમાં મારાથી જે કંઇ અલ્પ–સ્વલ્પ કાર્ય થયું છે તેને માટે સમગ્ર દેશમાં ઠામ ઠામ જે અપૂર્વ આનંદ અને સહાનુભૂતિ દર્શાવવામાં આવે છે તે દર્શાવી આપે છે કે ભારતવર્ષનું હૃદય કેવું ઉદાર અને પરિક્ષક છે. હું એ સદ્-ભાવ તરફ એવી દૃષ્ટિથી જોઉં છું કે ભવિષ્યમાં જે જે મહાન

આત્માઓ દેશ અને ધર્મની સેવા માટે ઉત્પન્ન થશે તેના માર્ગને તમારો આજનો ઉત્સાહ જરૂર સરલ બનાવશે. મેં જે યતકિંચિત સામાન્ય કાર્ય કર્યું છે તેને માટે સમગ્ર પ્રજા આટલી બધી પ્રસન્નતા બતાવીને મારી પ્રશંસા કરે છે, ત્યારે ભારતના ભાવી ધર્મવીર મહાત્માઓ–યુગપ્રવર્તક મહા પુરૂષો ઉત્પન્ન થશે તેઓ આ ઉદાર પ્રજા તરફથી કેટલું બધું માન અને પ્રશંસા પ્રાપ્ત કરશે? આપણો દેશ–ભારતભૂમિ તે ખરેખરી ધર્મભૂમિ છે. હિન્દુપ્રજા માત્ર એક ધર્મનેજ સારી રીતે સમજે છે. અનેક સૈકાંના શિક્ષણથી હિન્દુપ્રજાએ ધર્મના દૃઢ સંસ્કાર ગ્રહણ કર્યા છે; અને તમે જાણો છો તેમ એક માત્ર ધર્મજ સમગ્ર હિન્દુપ્રજાના જીવનનું મહાવ્રત છે. ઇશ્વરનો કંઇ એવો નિયમ નથી કે જગતમાં બધાએ દુકાનદાર–વેપારી થવું જોઇએ, અથવા બધાએ શાળા શિક્ષક થવું જોઇએ કે સારી રીતે લડનારા યોદ્ધા થવું જોઇએ. પરિણામની સમાનતા સાધવા માટે જગતમાં જુદી જુદી ભાવના અને જુદા જુદા લક્ષબિન્દુવાળી અનેક ભિન્ન ભિન્ન પ્રજાઓ ઉત્પન્ન થશે. જગતની સઘળી પ્રજાની સમાનતા જાળવી રાખવા માટે આપણા ગળામાં દિવ્ય પરમાત્માએ આધ્યાત્મિક સૂર વગાડીને એકતાનો પ્રચાર નિર્માણ કરેલો છે. આપણા મહાન ગૌરવશાળી પૂજ્ય પૂર્વજો કે જેના વંશજ તરીકે કોઇ પણ પ્રજા અભિમાન લઈ શકે, તેમની પાસેથી જે મહાન તત્ત્વવિચારો અને કથાઓનો આપણે વારસો મેળવ્યો છે, તે આપણે હજી સુધી છેક ગુમાવી નથી દીધો એ જોઇને મારા હૃદયને ઘણો આનંદ થાય છે. એ જોઇને આપણી પ્રજાની ભાવી ઉન્નતિ વિષે મારા હૃદયમાં આશા ઉત્પન્ન થાય છે. માત્ર આશાજ નહિ પણ મેરૂના જેવો અચળ વિશ્વાસ ઉપજે છે. મારા પ્રત્યે–અમુક એક વ્યક્તિ પ્રત્યે–પ્રેમ અને સદ્‌ભાવ બતાવવામાં આવે છે એટલા માટે નહિ પણ પ્રજાનું હૃદય ધર્મભાવનામાં દૃઢ ચોંટેલું રહ્યું છે, એ જોઇને મને આનંદ ઉપજે છે. ભારત પ્રજાનું

હૃદય આટલા બધા સૈકાના ફેરફારોમાં પણ પોતાના ધર્મરૂપ લક્ષને ચૂક્યું નથી. પવિત્ર પ્રાચીન ધર્મની ભૂમિ હજી સુધી જીવતી જાગતી છે. કોણ કહે છે તેનું મૃત્યુ થયું છે? પરન્તુ પાશ્ચાત્યપ્રજા આપણને ઉદ્યોગી અને ક્રિયા કુશળ જોવા ચાહે છે. જો તેઓ આપણને લડાઇના મેદાનમાં ઉદ્યોગી જોવા ચ્હાતી હોય તો જરૂર તે નિષ્ફળ થશે, કેમકે રણક્ષેત્ર તે આપણું ક્ષેત્ર નથી. તેમજ આપણે પણ કોઇ લડાયક જાતિને આધ્યાત્મિક ક્ષેત્રમાં ક્રિયાશીલ અને ઉદ્યોગી જોવા ચાહીએ તો આપણે પણ નિરાશા સિવાય બીજું કંઇ ન મેળવી શકીએ. ધર્મ સિવાય બીજા કોઇ વિષયમાં આપણી પ્રજાનું હૃદય લીન બની શકતું નથી, એથી તેઓ જે પ્રકારની ક્રિયા કુશળતા ચાહે છે તેવી આપણે દેખાડી શકતા નથી. છતાં આપણે ક્રિયાહીન છીએ અથવા અનુદ્યોગી છીએ એમ પણ કોઇ કહી શકે તેમ નથી. પશ્ચિમવાસી લોકોને અહીં આવીને આપણે તેમના જેવાજ ઉદ્યોગી છીએ તેમજ આપણી પ્રજા આગળની પેઠેજ ક્રિયાશીલ અને જીવતી જાગતી છે તે જોવા દો. આપણે આગળ કરતાં વધારે હીનદશામાં આવી પડયા છીએ. આપણી અધોગતિ થઇ છે એ ખોટો વિચાર આપણે દૂર કરી દેવો જોઇએ. એ વિષયમાં એટલુંજ પૂરતું છે. આપણા પ્રજાકીય જીવનનો મૂળ પાયો આજ સુધી એવોજ મજબૂત ટકી રહ્યો છે તેમાં કંઇ પણ સંશય નથી. તથાપિ અહીં મારે થોડા સખ્ત શબ્દો કહેવાના છે. આશા છે કે તેથી તમને ખરાબ નહિ લાગે. હમણાંજ આપણી સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે કે યુરોપનો જડવાદ આપણને માટીમાં મેળવી દેવાનો યત્ન કરી રહ્યો છે. એ સંબંધમાં હું કહું છું કે તેને માટે યૂરોપની પ્રજા કંઇ વિશેષ દોષપાત્ર નથી.

દોષ આપણો પોતાનોજ છે. વેદાન્તી તરીકે આપણે સર્વદા સર્વે વિષયોને આધ્યાત્મિક દૃષ્ટિથી—અંતર દૃષ્ટિથી જોવાનો વિચાર

કરવો જોઇએ. આપણે વેદાન્તી હોવાથી આપણો તો સામાન્ય સિદ્ધાંત છે કે "જો આપણે પોતેજ આપણું નુકસાન ન કરીએ તો ત્રિલોકમાં એવી કોઇ શક્તિ નથી કે આપણું નુકસાન કરી શકે." દૂરના ભૂતકાળમાં દૃષ્ટિપાત કરતાં દેખાય છે કે શંકરાચાર્યના ઉદય પહેલાં ભારતનો લગલગ એ તૃતિયાંશ ભાગ બૌદ્ધ બની ગયો હતો; અને એવીજ રીતે છેલ્લા ઇસ્લામી યુગ તરફ જોતાં જણાય છે કે ભારતની પ્રજાનો એક પંચમાંશ ભાગ મુસલમાન બની ગયો છે! થોડાજ સમયમાં ખ્રિસ્તીઓની સંખ્યા પણ આ દેશમાં દશ લાખથી અધિક થઇ ગઇ છે! આ કોનો દોષ છે? આપણા ઇતિહાસ લેખકોમાંનો એક પ્રખ્યાત લેખક પોતાની સ્મરણીય ભાષામાં કહે છે કેઃ—"જ્યારે અનંત જીવનનું ઝરણું આપણી બાજુમાંથીજ વહે છે, ત્યારે આ ગરીબ હતભાગ્ય મનુષ્યો શા માટે ક્ષુધા અને તૃષાથી તરફડતા મરી જવા જોઇએ? અહીં એજ પ્રશ્ન ઉઠે છે કે જે દુઃખી અને ગરીબ લોકો પોતાનો ધર્મ તજીને વટલી ગયા તેમને માટે આપણે શું કર્યું? તેઓ શા માટે મુસલમાન થયા હશે? તેઓ શા માટે પોતાનો ધર્મ છોડતા હશે?" મેં ઇંગ્લાંડમાં એક સરલ અને નમ્ર સ્વભાવની બાલિકા વિષે સાંભળ્યું છે. તે બાલિકાને વેશ્યાવૃત્તિ ધારણ કરવાની પૂર્વે એક આબરૂદાર સ્ત્રીએ એ પાપને રસ્તે ન જવાનું કહ્યું. તેના જવાબમાં એ બાલિકાએ ઉત્તર આપ્યો કેઃ—"લોકો આવી રીતનીજ લાગણી બતાવી રહ્યાં છે. એમાં મ્હોંડાના શબ્દો સિવાય એ લાગણીનું હું કંઇ વિશેષ પરિણામ જોઇ શકતી નથી. મને હાલ સહાય કરનાર કોઇ પણ મળતું નથી; પણ જ્યારે હું પાપાચાર કરવા લાગીશ ત્યારેજ દયાળુ સ્ત્રીઓ મને પોતાને ઘેર લઇ જશે; અને મારે માટે અનેક વાનાં કરશે." એવીજ રીતે એ બિચારા પામર મનુષ્યો વટલી ગયા ત્યાં સુધી કોઇને કશો વિચારજ ન થયો અને હવેજ આપણે તેમને માટે રડીએ છીએ તથા

આપણે હાનિનો વિચાર કરીને હાય મારીએ છીએ; પણ તેઓ જ્યારે દુઃખી અને લાચાર હતા ત્યારે આપણે તેમને માટે શું કર્યું હતું? આપણામાંનો પ્રત્યેક મનુષ્ય છાતીપર હાથ રાખી પોતાનેજ પૂછી જુએ. આપણે શું શિખ્યા છીએ? આપણા હાથમાં જ્ઞાનની મશાલ ધારણ કરીને કેટલે દૂર સુધી આપણે સત્યનો પ્રકાશ પાથરી તેમને સહાયતા કરેલી છે? આપણે તેમને બિલકુલ મદદ કરી નહોતી. આપણે તેમના દુઃખ અને દીનતા તરફ નજર પણ કરી નહોતી. એ આપણો પોતાનોજ દોષ છે. તે આપણા પોતાનાજ કર્મનું ફળ છે. બીજા કોઇને દોષ દેવાની જરૂર નથી. આપણા પોતાનાજ કર્મ અને અજ્ઞાનનો દોષ સમજવો જોઇએ. તમે પોતે જો તમારૂં હિત કરવા તત્પર હો તો પછી જગતમાં બીજો કોણ તમારૂં અહિત કરી શકે તેમ છે? જડવાદ, મુસલમાન કે ખ્રિસ્તીધર્મ અથવા જગતનો બીજો કોઇ પણ મત–પંથ, જો તમે જાતે તેને આવવા દીધો ન હોત તો, કદી પણ તે પોતાનો પ્રભાવ જમાવી શક્યો ન હોત. જો શરીરને ખરાબ ખોરાકથી, દુર્ગુણોથી, નિયમ ભંગથી, બીજા દોષોથી તેમજ બેદરકારીથી આપણે જાતેજ હીનવીર્ય, અસ્વચ્છ તેમજ બેહાલ ન બનાવી દઇએ તો જીવનને હાનિ કરનારા ઝીણા જંતુઓ કદી પણ શરીર ઉપર આક્રમણ કરી શકતા નથી. સંપૂર્ણ આરોગ્યવાળો મનુષ્ય ઢગલાબંધ ઝેરી જંતુઓની વચ્ચે પણ કોઇપણ જાતની હાનિ કે અસર વિના સ્વસ્થ રહી શકે છે. એવીજ રીતે આપણે પણ આપણા પ્રજારૂપી શરીરની સંભાળ લીધી હોત અને તેને દુર્ગુણી અને મલીન બનવા દીધું ન હોત તો બીજી કોઇ પણ પ્રજાનો ચેપ તેને લાગી શકતજ નહિ; પરન્તુ આપણે આપણી પ્રજાના ગરીબ અને દુઃખી અંગને પૂર્વે કશી પણ સહાય કરી નહોતી, માટે ખ્રિસ્તી અને મુસલમાન વગેરે બીજી પ્રજાના દોષ કહાડવા અગાઉ આપણે આપણા પોતાનાજ પર્વત જેવા દોષને

કહાડવો જોઇએ. હજી પણ આપણી એ રીતભાત બદલવાનો યોગ્ય સમય છે.

પ્રથમ તો જે નકામા વિષયોની અર્થહીન ચર્ચા છેક પ્રાચીન-કાળથી આપણે ચલાવતા આવ્યા છીએ અને કશાપણ ઉપયોગ વગ-રની તેમજ અંતવગરની બાબતો માટે જૂનાકાળથીજ લડતા આવ્યા છીએ એ સર્વનો ત્યાગ કરો. વાણીના એ ખોટા ઝગડામાં કંઇપણ અર્થ કે બુદ્ધિનું લક્ષણ નથી. છેલ્લા છ સાત સૈકામાં જે આપણી ઉત્તરોત્તર અધોગતિ થવા લાગી છે તેનાપર નજર કરો. પ્રૌઢ અને સમજુ ગણાતા માણસો સેંકડોની સંખ્યામાં આજે અનેક વર્ષો થયાં એવીજ નિર્માલ્ય ચર્ચા કરતા આવ્યા છે કે પાણીનો પ્યાલો ડાબા હાથમાં લઇને પાણી પીવું કે જમણા હાથમાં લઇને પીવું? હાથ ત્રણ વખત ધોવા જોઇએ કે ચાર વખત? કોગળા પાંચ વખત કરવા કે છ વખત? ટીલાં–ટપકાં આવી રીતે કરવાં કે તેવી રીતે? આવા આવા ઉત્તમ અને બારિક પ્રશ્નોની ચર્ચા કરવામાંજ જે મનુષ્યો પોતાની અમૂલ્ય જીંદગીનો મોટો ભાગ પસાર કરતા પશુજીવન ભોગવે છે, તેમની પાસેથી તમે શી આશા રાખી શકો? એવાજ પ્રશ્નો ઉપર મોટી પાંડિત્ય ભરેલી યુક્તિ–પ્રયુક્તિઓ તથા પ્રમાણોની લડત ચલ-વ્યા કરીને, એવા અસીમ મહત્વવાળા (!) વિષયો તથા દેવદુર્લભ ફિલસૂફીઓ (!) ડોહોળતા બેઠા છે, તેમને દેશહિત કે ધર્મસેવા જેવા સામાન્ય વિષયોને માટે વખત ક્યાંથી મળે? આપણો ધર્મ રસોડા-માંજ પૂરાઇ રહેશે એવો ભય ચાલુ પરિસ્થિતિ જોતાં રહે છે. આ વખતે આપણે કયા ધર્મના અને કઇ સ્થિતિના છીએ? સેંકડે એકાદ ટકા સિવાય બાકીનો આપણો મોટો ભાગ કયા ધર્મ કે પંથમાં છે? તમે તે જાણો છો? આપણે વેદાન્તી નથી, પૌરાણિક નથી અને તાંત્રિક પણ નથી. આપણે તો માત્ર અસ્પર્શ ધર્મીજ છીએ! અમુ-

કને અડવા ન અડવામાંજ આપણો ધર્મ સમાઇ રહેલો છે! પળે પળે આપણે છુપાઇ જઇએ છીએ! કોઈ મનુષ્યની તો શું પણ કોઇ પત્થરની છાયા પડી તો થઈ ચૂક્યું, ન્હાયા વગર તો છૂટકોજ નહિ! એ છાયા અને ન્હાયામાંજ આપણા ધર્મની કાયા કેદ પૂરાઇ રહી છે! રસોડું આપણું ધર્મક્ષેત્ર છે, ખીચડીનું હાંલ્લું આપણો ઇશ્વર છે, અને આપણી ધર્મદિક્ષાનો મંત્ર—મહામંત્ર "મને અડતા નહિ, હું અભડાઇશ" એ વાક્યમાંજ સમાઇ રહ્યો છે! જો આવું ને આવું એક સૈકો વધારે ચાલ્યું તો આપણામાંનો દરેક મનુષ્ય ગાંડાની ઇસ્પિતાલનોજ રહેવાશી થશે. મન જ્યારે જીવનનાં વધારે ઉંચાં તત્ત્વો અને વિચારોને ગ્રહણ નથી કરી શકતું ત્યારે તેને મગજની નબળાઇનો વ્યાધિ લાગુ પડ્યો છે એમજ જાણવું જોઇએ. એ અવસ્થામાં ગંભીર વિચારોની ચર્ચા કરવાને માટે મનુષ્ય છેકજ અશક્ત બની જાય છે. પોતાનું સમગ્ર તેજ, પ્રતિભા, કાર્યશક્તિ અને વિચારશક્તિ પણ તે ગુમાવી બેસે છે. પોતાનું બળ ગુમાવી બેઠેલું મન એ વખતે જે નાનામાં નાનો ખાડો તેને મળી આવે તેનીજ આસપાસ ઘૂમ્યા કરે છે. તરવાની ક્રિયા નહિ જાણનાર મનુષ્ય જેમ નદીના ઉંડા ધુનામાં ગોળ ફરતા પાણીમાં મરતાં સુધી ઘૂમ્યા કરે છે અને બહાર નીકળી શકતો નથી, તેમજ નબળા મગજવાળા મનુષ્યો પણ જે નાના સરખા ખાડામાં પૂરાઇ જાય છે તેમાંજ ગબડ્યા કરે છે, અને બહાર નીકળી શકતા નથી. માટે પહેલાં તો એ બધા ખાડાઓને ત્યજી દેવા જોઇએ. ઉદાર વિચારના વાતાવરણમાં આપણે બહાર આવવું જોઇએ, અને પછી પોતાના પગપર ઉભા રહીને મજબૂત મનોબળ સહિત કાર્ય કરવું જોઇએ. જે મહાન, અનંત અને અમૂલ્ય ખજાનો આપણા પવિત્ર પૂર્વજો આપણે માટે વારસામાં મૂકી ગયા છે અને જેની આજે જગતને બહુ જરૂર છે તેને

આપણે ત્યારેજ ઓળખી શકીશું; અને ત્યારેજ તેનું મૂલ્ય પણ બરાબર સમજી શકીને જગતમાં તેનો વિસ્તાર કરી શકીશું. એ આધ્યાત્મિક અમૂલ્ય સંપત્તિનો ભંડાર જો આ જગતની પ્રજાઓમાં વ્હેંચી આપવામાં નહિ આવે તો જરૂર આ સમગ્ર જગતનો નાશ થશે. માટે અજ્ઞાનનાં પડ ઉખેડીને એ અનંત ખજાનાને બહાર કહાડો અને જગતમાં ચારેમેર કશા પણ ભેદભાવ વિના સઘળી પ્રજાઓમાં ફેલાવી દો. મહાત્મા વેદવ્યાસ કહે છે કેઃ—"દાન એજ માત્ર કલિયુગનો મહાન ધર્મ છે, અને બધાં દાનોમાં બ્રહ્મવિદ્યાનું—આધ્યાત્મિક જીવનનું દાન સર્વથી ઉત્તમ છે. વ્યવહારિક વિદ્યાનું દાન તેનાથી ઉતરતું છે. અભયદાન અથવા પ્રાણદાન એ તેનાથી પણ ઉતરતું છે, અને અન્નદાન એ તો સૌથી છેલ્લું છે. ગામેગામ ચાલતાં અન્નક્ષેત્રોમાં અન્નનું દાન આ ઉદાર ભારતમાં ઠામ ઠામ અપાય છે. આપણી પ્રજાએ અન્નદાન બહુ આપ્યું છે. બીજી કોઇ પણ પ્રજા એટલી દાનશીલ અને ઉદાર નથી. અહીંના કોઇ ભિખારીની પાસે પણ એકાદ રોટલી હશે તો તેમાંથી અર્ધો ભાગ તે દાનમાં આપી દેશે. આવી ચમત્કારિક દાન પદ્ધતિ માત્ર ભારતમાંજ આપણી નજરે પડે છે. એ સર્વથી છેલ્લી પાયરીનું અન્નદાન આપણે બહુ આપ્યું છે, માટે હવે દાનધર્મની ઉપરની પાયરીએ ચડીને બીજાં બે પ્રકારનાં ચડીયાતાં દાનો—પરા અને અપરા વિદ્યાનાં દાન આપો. આપણે સાચા, શ્રદ્ધાળુ, બહાદુર, દૃઢ હૃદયના અને ઉત્સાહથી ધર્મસેવા કરનારા હોઇશું અને આપણા દેશની ગતિના ચક્રને સંપૂર્ણ નિખાલસ ભાવથી આપણા ખભા દઇને આગળ ધકેલશું તો માત્ર પચીશ વર્ષની અંદરજ આપણા જીવનની મહાન સમસ્યા સ્પષ્ટ રીતે ખુલ્લી થશે અને ત્યારે પછી કજીયા—ટંટા કરવાનું કે વેર—ઝેર વધારવાનું કંઇ કારણુજ નહિ રહે. ભારતની સમગ્ર પ્રજા ઉન્નત સ્થિતિ પ્રાપ્ત કરીને પાછી ખરેખરી આર્યપ્રજા બની રહેશે. આ વખતે મારે તમને

આટલુંજ કહેવાની જરૂર છે. કઇ યુક્તિ અને કયા ધોરણથી હું કામ લેવા માગું છું તે ઠામ ઠામ માત્ર મ્હોંડેથી બોલતા ફરવાની મારી ટેવ નથી. જે માર્ગ મેં નિરધારીત કરી રાખ્યો છે, તે માત્ર મ્હોડેથી ન કહી બતાવતાં જાતે કરી દેખાડવાનું હું વધારે પસંદ કરૂં છું. જો ઇશ્વિરની ઇચ્છા અને કૃપા હશે તેમજ મને એટલું આયુષ્ય અને વખત આપવામાં આવશે તો નજીકના ભવિષ્યમાંજ હું મારે ધારેલે માર્ગે કામ કરી બતાવીશ. એ મહાન કાર્યમાં સફળ થઇશ કે નહિ તે હું જાણતો નથી, તોપણ જીવનનો મહાન આદર્શ આંખ સામે રાખીને એ મહાન કાર્યને સિદ્ધ કરવા માટે જીવન સર્વસ્વ સમર્પણ કરવું એજ આપણા જીવનની ખરેખરી સફળતા છે. એજ ખરી પ્રાપ્તિ અને ખરો આનંદ છે. જો એવા કોઇ મહાનકાર્યને માટે ઉચ્ચહેતુપૂર્વક આત્મસમર્પણ કરવામાં ન આવે તો પછી મનુષ્યની હલકી, ટુંકી, ક્ષુદ્ર અને પશુ-તુલ્ય જીંદગીની કિંમતજ શી રહી? કોઇપણ મહાન કાર્યને કે આદર્શને માટે સમગ્ર જીવનની શક્તિ વાપરવી એજ તેની ખરી સાર્થકતા છે. ભારતમાં એજ મહાનકાર્ય આપણે કરવાનું છે. આજકાલ ધાર્મિક વિચારોને નવી સ્ફૂર્તિ અને પુનર્જીવન પ્રાપ્ત થવા લાગ્યાં છે, તે જોઇને હું ઘણો આનંદ પામું છું. ધર્મને માટે જ્યારે પ્રજાનાં હૃદય ઉત્સુક થયાં છે ત્યારે આવી સોનેરી તકનો લાભ હું ન લઇ શકું તો મારા જેવો બીજો કોઇ મૂર્ખ નથી એમ સમજવું. **ॐ शान्तिः शान्तिः**

મદુરાનું માનપત્ર

સ્વામીજીનો પ્રવાસ મનમાદુરાથી પાછો શરૂ થયો. મદુરાના શહેર પાસે તેઓ આવી પહોંચ્યા ત્યારે ત્યાંના હિન્દુ ગૃહસ્થોએ ઘણા જ પૂજ્યભાવ અને હૃદયંના પ્રેમપૂર્વક સ્વામીજીનું સ્વાગત કર્યું. શ્રીમાન રામનાદ નરેશના ભવ્ય અને સુંદર બંગલામાં તેમને ઉતારો આપવામાં આવ્યો; અને પાછલે પહોરે મદુરાના ગૃહસ્થોએ એક મોટી સભા ભરીને સુશોભિત મખમલની પરિપાટી ઉપર તૈયાર કરાવેલું માનપત્ર વાંચી સંભળાવીને સમર્પણ કર્યું. એ માનપત્રનો સાર નીચે પ્રમાણે છેઃ—

પરમજ્ઞાની પૂજ્યપાદ સ્વામીજી,

અમારાં આ અતિ પ્રાચીન અને પવિત્ર શહેરમાં આપનાં આજે પગલાં થયાં એથી અમારૂં અહોભાગ્ય સમજીને અમે હૃદય અને સન્માનપૂર્વક આપનું શ્રદ્ધાભાવે સ્વાગત કરીએ છીએ. આપ એક ખરેખરા હિન્દુ સંન્યાસીનાં ઉદાહરણરૂપ અને ઉચ્ચ આદર્શ છો. આપે સંસારનાં સઘળાં બન્ધન છોડી–તોડીને, સર્વ પ્રકારની આસક્તિ માત્રનો પરિત્યાગ કરીને, સાંસારિક સુખોપભોગનાં મિથ્યા પ્રલોભનોને સ્પર્શ પણ કરવા ન દેતાં પ્રબલ વૈરાગ્યવૃત્તિથી પરહિતમાં જીવન ગાળવાનું સર્વોત્તમ કર્તવ્ય સ્વીકાર્યું છે; અને સમગ્ર માનવજાતિને આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે આગળ વધારવાનું મહાકઠિન પરોપકાર વ્રત ધારણ કરી સમગ્ર જગતને અનંત ઉપકારના બોજામાં લાવી નાખ્યું છે. આપના પોતાના જીવન અને વ્યવહારથી ઉત્તમ ઉદાહરણ આપી જાતેજ સિદ્ધ કરી બતાવ્યું છે કે, હિન્દુધર્મ ઘણા ઉદાર આશયવાળો અને સમગ્ર જગતમાં સમતા પાથરનારો છે. બહારની ક્રિયાઓ, અનુષ્ઠાનો અને આચાર–વિચારના નિયમોના કાચા દોરડાથી તે બંધાઈ રહેલો નથી; પરન્તુ

તેનો સત્વભાગ એજ છે કે સર્વોત્તમ અધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્ર-વડે સંસારના તાપ–પાપથી દગ્ધ બનેલા દુઃખી જીવોને સંપૂર્ણ આશ્વાસન અને અખંડ શાન્તિ આપવી.

આપે અમેરિકા અને ઈંગ્લાંડને હિન્દુધર્મ તેમજ હિન્દુ ફિલસૂફીની યોગ્ય પ્રશંસા કરવાના તેમજ મનુષ્ય માત્રને તેની પોતાની સ્થિતિ અને શક્તિને અનુકૂળ પડે એવી સર્વોત્તમ રીતે ઉન્નતિ માર્ગમાં આગળ વધવાના ધાર્મિક વિચારો શિખવ્યા છે. છેલ્લાં ચાર વર્ષ થયાં આપ માત્ર પશ્ચિમવાસીઓનેજ દૂરના પ્રદેશોમાં ઉત્તમ ઉપદેશ આપતા રહ્યા છો; તોપણ આપનાં વિદેશમાં અપાયેલાં એ ભાષણો અને ઉપદેશો દૂરથી વાંચી સમજીને આ દેશના લોકો પણ આગ્રહ તેમજ ઉત્સાહ સહિત તેનો લાભ લેતા રહ્યા છે; અને જડવાદના જે પ્રબળ વિચારો વિદેશમાંથી આ તરફ આવીને ક્રમે ક્રમે વિકાસ પામવા લાગતા હતા, તેને રોકી અને પાછા ધકેલવા માટે આપની પ્રેરણાથીજ અહીંના લોકો તત્પર થઇ શક્યા છે, તેમજ અમુક અંશે સફળતા પણ મેળવી શક્યા છે.

ભારત આજસુધી જીવતું રહ્યું છે, તેનું મુખ્ય કારણ એજ છે કે સમગ્ર જગતને આધ્યાત્મિક આદેશો સંભળાવવાનું અને પ્રેમમૂર્તિ પ્રભુનો સંદેશો પહોંચાડવાનું તેનું મહાન કાર્ય હજી બાકી છે. એ મહાવ્રત આપણું પવિત્ર ભારત થોડાજ સમયમાં સફલ કરશે એવી આશાનાં ઉજ્જવલ કિરણો દિગન્તમાં ચમકવા લાગ્યાં છે. કલિયુગનાં છેલ્લા ચક્રના વિષમ આંટા ઉપર જગત જ્યારે આવી ઉભું છે, એજ વખતે આપના જેવા મહાપુરૂષોનો આવિર્ભાવ અમને સૂચવે છે કે થોડાજ સમયમાં નજીકનાજ ભાવી ગર્ભમાંથી અનેક તેજસ્વી મહાપુરૂષો પ્રકટ થઇને આપે ઉપાડી લીધેલું પવિત્ર મહાન કાર્ય તેઓ પરિપૂર્ણ કરશે.

વિદ્યાદેવીની પ્રાચીન લીલાભૂમિ, સુંદરેશ્વર ભગવાનની પ્રિય-

નિવાસ વાટીકા અને પ્રાચીન યોગી—મુનિજનોનું આ પવિત્ર દ્વાદશાન્ત-ક્ષેત્ર અમારૂં જન્મસ્થાન મદુરા, આપે ભારતનાં દર્શનશાસ્ત્ર અને તત્ત્વ-વિદ્યાનો જે મનોરમ્ય પ્રભાવ બતાવ્યો છે, તેને માટે પોતાના હૃદયનો પરમ આનંદ પ્રકટ કરવામાં તેમજ સમગ્ર મનુષ્યજાતિના ઉપર આપ અમૂલ્ય ઉપકારનું વર્ષણ કરી રહ્યા છો અને માનવજાતિના કલ્યાણને માટે સ્વધર્મની જે અમૂલ્ય સેવા ઉઠાવી રહ્યા છો તેથી હર્ષ પ્રફુલ્લીત થઇને કૃતજ્ઞ હૃદયે તમારા પવિત્ર પ્રયાસને વધાવી લેવામાં ભારતનાં બીજાં કોઇ પણ શહેરથી એક પગલું પણ પાછળ રહેવાનું નથી.

અમે હૃદયપૂર્વક ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને દયાળુ પરમાત્મા દીર્ઘજીવન, સંપૂર્ણશક્તિ, હૃદયબળ અને જગતને ઉપયોગી થઇ પડવાની પ્રબલ ધર્મભાવના પ્રદાન કરીને, આપને જગતના મહાન કલ્યાણયજ્ઞમાં સર્વદા સંયુક્ત કરી રાખે.

આપના આજ્ઞાકિંત દાસાનુદાસ,

મદુરાનિવાસી શ્રદ્ધાળુ શિષ્યોના સાષ્ટાંગ પ્રણામ.

આ માનપત્રનો સ્વામીજીએ જે વિસ્તારપૂર્વક જવાબ આપ્યો હતો તે હવે પછી આપવામાં આવે છે.

મદુરાના માનપત્રનો પ્રત્યુત્તર

મારી ઇચ્છા છે કે થોડો સમય હું અહીં તમારી સાથે રહીને તમારા સુયોગ્ય અધ્યક્ષે કહ્યું તે પ્રમાણે પાશ્ચાત્ય દેશોનો મારો સઘળો અનુભવ તેમજ છેલ્લાં ચાર વર્ષપર્યંતના ધર્મપ્રચારના મારા કાર્યનું પરિણામ વગેરે અનેક બાબતો કે જે આપણાં ભાવી કાર્ય સંબંધે બહુ ઉપયોગની થઈ પડે તેમ છે, એ બધી બાબતો તમારી સમક્ષ વિસ્તારથી નિવેદન કરૂં. પણ દુર્ભાગ્યે સ્વામી અને સંન્યાસીઓને પણ સ્થૂલ શરીરનો ભાર વહન કરવો પડે છે. જગતના બીજા અન્યાન્ય સર્વ પદાર્થનો ત્યાગ કરવા છતાં શરીરનો સંપૂર્ણ ત્યાગ કરી શકાતો નથી. ગયાં ત્રણ અઠવાડિયાં થયાં વિવિધ સ્થાને ચાલુ પ્રવાસ કરવાથી તેમજ ભાષણો આપવાથી હું એટલો બધો શ્રમીત થઇ ગયો છું કે આજે પણ આ આ રળિયામણી સંધ્યાની છાયામાં એકાદ વિસ્તૃત વ્યાખ્યાન આપી તમને સંતુષ્ટ કાર્ય મારે માટે પ્રાયઃ અસંભવિત થઈ પડયું છે. એ કારણથી આપ સજ્જનોએ મારા પ્રત્યે અનુગ્રહ દર્શાવીને મારો જે સત્કાર કર્યો છે, તેને માટે આભાર દર્શાવી ધન્યવાદ આપીને હું ટુંકેથીજ સંતોષ માનીશ. બાકીના બીજા બધા વિષયો ભવિષ્યના કોઇ સારા અવસર માટે મુલતવી રાખીશ. જે વખતે શરીરની પ્રકૃતિ સારી અને નિરોગી હશે અને બન્ને પક્ષને સંપૂર્ણ અવકાશ હશે એ વખતે ઘણા વિસ્તારપૂર્વક ઘણી અગત્યની બાબતો ઉપર વિચાર અને વાતચીત કરવાનો આપણને સારો સમય મળશે. આજે ટુંકા સમયમાં એ બધી મહત્વની વાતો જોઇએ તેટલા વિસ્તારથી કહી શકાશે નહિ, તેનું કારણ માત્ર શરીરની અસ્વસ્થતા અને સમયનો અભાવ છે. તમારા સ્વનામ ધન્ય સુપ્રસિદ્ધ સ્વધર્માભિમાની અને સ્વદેશવાસી ઉચ્ચકુલાતવંશ, ઉદારચિત શ્રી રામનાદ નરેશના અતિથી તરીકે આજે મદુરામાં

રહેવાનો અવસર આવ્યો છે ત્યારે એક ખાસ વાતનો મારા હૃદયમાં આવિર્ભાવ થાય છે. કદાચ તમારામાંના ઘણા ગૃહસ્થો જાણતા હશે કે એ ધર્માભિમાની રાજા સાહેબેજ ચિકાગોની ધર્મપરિષદમાં જવાનો વિચાર મારા મગજમાં મૂકયો હતો; અને આદિથી અંત સુધી સઘળો વખત હૃદયપૂર્વક તન–મન–ધનથી મને આશ્રય આપતા આવ્યા છે. તેમનીજ મહેનત અને લાગવગને પ્રતાપે મારા પશ્ચિમના પ્રવાસમાં હું કંઈક કરી શકયો છું, માટે માનપત્રમાં મારી જે કંઈ પ્રશંસા કરવામાં આવે છે, તે સર્વ એ દક્ષિણ ભારતના શ્રેષ્ઠ રાજપુરૂષનેજ ઘટે છે. હું માત્ર એટલુંજ ઇચ્છું છું કે, એક રાજા થવાને બદલે જો તેઓ એક સંન્યાસી થયા હોત તો તેનું ફળ આ જગતને મહાન મળી શકયું હોત; કેમકે તેમનું વર્તન, જીવન, આચાર–વિચાર સઘળું સંન્યાસનેજ લાયક છે. ખરી રીતે કહેતાં તેઓ એક ગૃહસ્થ સંન્યાસી છે. જ્યારે જગતના કોઈ અમુક દેશ કે ભાગમાં કોઇ અમુક વસ્તુની ખરેખરી જરૂર જણાય ત્યારે, જગતના બીજા વિભાગમાંથી તે વસ્તુ આવીને ન્યૂનતા દૂર કરી જગતના એ અંગને તરતજ નવું જીવન આપે છે. આ દૃશ્ય–ભૌતિક–જગતમાં તેમજ અધ્યાત્મિક જગતમાં એ નિયમ એકસરખોજ લાગુ પડે છે. જગતના કોઇ વિભાગમાં ધર્મભાવના અને અધ્યાત્મ-વિચારોની ન્યૂનતા હોય અને જગતના બીજા કોઇ ભાગમાં એ બન્ને વસ્તુ વિશેષ પ્રમાણમાં રહેતી હોય તો જાણતાં કે અજાણતાં–આપણે કર્ત્તવ્ય સમજીને યત્ન કરીએ કે ન કરીએ તોપણ–કુદરતના ક્રમથીજ અધ્યાત્મિકજીવન તેમજ ધર્મબુદ્ધિ એની મેળે રસ્તો કરીને જે વિભા-ગમાં તેની જરૂર અથવા ખામી રહેલી હશે ત્યાં પહોંચીને ન્યૂનતાનો ખાડો પૂરી દેશે અને બન્ને સ્થાનની સમતા બનાવી દેશે. જગતની ન્યાયતુલાનો આ એક સામાન્યજ નિયમ છે. માનવજાતિનો ઇતિહાસ ઉઘાડી જોતાં આપણુને જણાય છે કે માત્ર એક વાર નહિ, બે વાર

નહિ; પરન્તુ વારંવાર આ પવિત્ર પ્રાચીન ભારતને વિધાતાના અચલ નિયમને અનુસરી સમગ્ર જગતને આધ્યાત્મિક ભાવનાનો પ્રવાહ પૂરો પાડવો પડયો છે. આપણે જોઇ શકીએ છીએ કે પ્રબળ વિજયધ્વનિથી અથવા તો વ્યાપારની સર્વોત્તમત્તાથી જ્યારે જગતના જુદા જુદા ભાગના મનુષ્યો એક સૂત્રે ગુંથાઇ—પરસ્પર જોડાઇને એક મહાન પ્રજારૂપ બની જાય છે, ત્યારે એક થતી બધી જાતિઓની પરસ્પર આપ—લે ચાલે છે. એક જાતિ બીજી જાતિના નજીક આવતાં પોતાનું જે કંઇ ખાસ હોય તે આપવાનો યોગ પામે છે. એ વખતે એ જાતિઓ એક બીજાને રાજનૈતિક વિચારો, સામાજિક વિચારો અથવા પોતાની આધ્યાત્મિકભાવનાઓ તેમજ આચાર—વિચારની આપ—લે કરે છે. જેની પાસે જે કંઈ મહત્વનું હોય તે પોતાના પડોશીને આપે છે. જ્યારે પણ એવો યોગ મળ્યો ત્યારે હિન્દુસ્તાને સમગ્ર જગતને ધર્મશિક્ષા આપી છે. આધ્યાત્મવિદ્યા અને દર્શનશાસ્ત્રો શિખવ્યાં છે. ઇરાની સામ્રાજ્યનો ઉદય થયો તેના ઘણા સમય અગાઉ ભારતવર્ષે જગતને પોતાની આધ્યાત્મિક સંપત્તિ પ્રદાન કરીને માનવજાતિના જ્ઞાનસમૂહમાં તત્ત્વદર્શનરૂપી પોતાનો અમૂલ્ય ફાળો ભરી આપ્યો છે, અને ઇરાની સામ્રાજ્યના અભ્યુદય વખતે વળી પાછો બીજી વાર જગતની સંપત્તિમાં તેણે પોતાના અક્ષય આધ્યાત્મિક ધનનો ફાળો આપ્યો છે. ગ્રીકલોકોના ઉદય અને હિન્દ ઉપરની તેમની ચડાઇ વખતે ત્રીજી વાર પણ તેણે એજ ફાળો ભર્યો છે, અને હવે ચોથી વખત ઇંગ્રેજ રાજ્યના અભ્યુદય વખતે પણ વિધાતાએ નિર્માણ કરેલું પોતાના આધ્યાત્મિક દાનનું વ્રત ભારતમાતા પૂર્ણ રીતે સફળ કરવાને તૈયાર થાય છે. જેવી રીતે સમાજ બંધારણના અને બાહ્ય સુધારાના વિચારો વિશાળ અંતરને ભેદીને આપણા દેશમાં દાખલ થવા લાગ્યા છે, અને તેનો પ્રબલ પ્રવાહ ચારે મેર રેલાવા લાગ્યો છે,—પછી આપણને તેની જરૂર હોય કે ન

હોય તોપણ એ પ્રવાહ વહેતોજ રહ્યો છે—એવીજ રીતે ભારતનો ધર્મ અને ભારતની તત્ત્વવિદ્યા પણ પશ્ચિમના પ્રદેશોને આધ્યાત્મિક રસથી ભીંજાવવા લાગી છે. પ્રબળ અધ્યાત્મિક પ્રવાહ સાત સમુદ્ર અને સીત્તેર નદીઓને કૂદીને પેલે પાર આવેલા પાશ્ચાત્ય પ્રદેશોમાં ચોમેર રેલાવા લાગ્યો છે. કોઇ તેને રોકી કે પાછો વાળી શકે તેમ નથી; તેમજ પશ્ચિમના જડવાદ પ્રધાન સુધારાને આપણે પણ રોકી કે પાછો વાળી શકીએ તેમ નથી. એ વ્યાવહારિક સુધારો અમુક અંશે આપણને લાભકારક થાય તેમ છે. આપણી આધ્યાત્મિકતા પણ પાશ્ચાત્ય દેશોને ઉપકારક થઇ પડે તેમ છે. એમ થવાથી બન્ને દેશોમાં એક પ્રકારની સમાનતા જળવાઇ રહેશે. આપણને બધી બાબતમાં પશ્ચિમ પાસેથીજ શિક્ષણ લેવાનું છે એમ કંઇ નથી, તેમજ પાશ્ચાત્ય પ્રજાને પણ બધું આપણી પાસેથી જ શિખવાનું છે એમ પણ નથી; પરન્તુ સમગ્ર જગત આજે અનેક યુગ થયાં જે પ્રકારના આદર્શ જગતની કલ્પના કરતું આવ્યું છે, તેનો જલદીથી આવિર્ભાવ થાય તથા જગતની સઘળી પ્રજાઓમાં સમતા અને એકતાનો સૂર વાગી રહે એ પ્રકારનું જ્ઞાન અને એવાજ વિચારો દરેક મનુષ્યે પોતાની શક્તિ અનુસાર પૂરા પાડવા જોઇએ; અને ભવિષ્યની પ્રજાને આપી જવા જોઇએ. એવું આદર્શ જગત કદિ પણ પ્રત્યક્ષ થશે કે નહિ તે હું જાણતો નથી, સમગ્ર જગતની સામાજિક સંપૂર્ણતાના શિખરપર માનવજાતિ કદિ પણ પહોંચી શકશે કે નહિ એ વિષયમાં મને પોતાને શંકા છે, પરન્તુ એવો ઉજળો દિવસ આવે કે ન આવે છતાં પણ આપણામાંના પ્રત્યેક જણે તો જાણે એ દિવસ આવતી કાલેજ આવવાનો હોય અને આપણામાંના પ્રત્યેકના કામ ઉપરજ તેનો ખાસ આધાર હોય એમ સમજીને દરેકે તેને માટે નિરંતર પુરૂષાર્થ કરવોજ જોઇએ. આપણામાંના પ્રત્યેકે એમજ ધારવું જોઇએ કે દુનિયાના બીજા સઘળા

મનુષ્યો પોતાનું કર્ત્તવ્ય કરી ચૂક્યા છે, અને જગતને સંપૂર્ણ બનાવવા માટે માત્ર મારે કરવાનુંજ કામ બાકી રહેલું છે. આવું સમજીને આપણે કર્ત્તવ્યક્ષેત્રમાં ઉતરવાનું છે. આપણા પોતાના ઉપર આ પ્રકારની મહાન જોખમદારી રહેલી છે એમ સમજવું જોઇએ.

આધુનિક સમયે ભારતવર્ષમાં ધર્મની પુનર્જાગૃતિ પ્રબલભાવે થવા લાગી છે. એ મહાન આનંદનો પ્રસંગ હોવા છતાં તેમાં મહાન ભય પણ રહેલો છે, કારણકે ધાર્મિક જાગૃતિની સાથે અનેક વખત ઉન્મત્તતા પણ જાગી ઉઠે છે, અને તે કોઇ વખત મર્યાદા કૂદાવીને એટલી બધી આગળ વધી જાય છે કે એ જાગૃતિ કરનારના અંકુશમાં પણ તેની પ્રબલ ગતિ રહી શકતી નથી; માટે એ કાર્યમાં આગળથીજ સાવધાન રહેવાની જરૂર છે. આપણે એ વિશાળ માર્ગોની વચ્ચે થઇને રસ્તો કરવાનો છે. એક બાજુએ જૂના વહેમો, કુસંસ્કારો તેમજ ચાલતી આવેલી રૂઢીઓને વળગી રહેનારો જૂના વિચારનો મોટો જનસમુદાય છે, અને બીજી તરફ યૂરોપના આચાર–વિચાર યૂરોપનો જડવાદ, તેમના કહેવાતા સુધારાની આત્મા વગરની નાસ્તિક દશા, અને સૂકી વ્યવહાર બુદ્ધિ, કે જેમણે પાશ્ચાત્ય પ્રગતિના પાયાને પણ વિંધી નાખ્યો છે, એવી સભ્ય મનાતી પ્રબલ પાશ્ચાત્ય પ્રજા ઉભેલી છે. ધાર્મિક જગતમાં આપણો માર્ગ શોધતી વખતે એ બન્નેથી આપણે બહુજ સંભાળીને ચાલવાનું છે. પહેલવહેલાં તો આપણે એ નિશ્ચય કરવાનો છે કે આપણે કદિ પણ પાશ્ચાત્ય થવાના નથી. આપણે માટે પશ્ચિમની પ્રજાનું અનુકરણ કરવું વૃથા છે. માત્ર વૃથાજ નહિ પણ મહાન હાનિ કરનારૂં છે. તમે થોડે ઘણે અંશે પાશ્ચાત્ય પ્રજાનું અનુકરણ કરવાને પાત્ર છો ખરા, પરંતુ જો પૂરેપૂરૂં અનુકરણ કરવા જશો તો તેજ પળે તમારૂં મૃત્યુ થશે. તમારામાં જીવનનો કંઇ પણ અંશ રહેશે નહિ. ઉદાર આર્યજાતિ તરીકેનું તમારૂં હજારો વર્ષનું

જીવન એજ ક્ષણે નષ્ટ થશે! બીજી તરફથી જોતાં એમ થવું અસંભવિત છે. સૃષ્ટિ અને સમયનો આરંભ થયો ત્યારથીજ માનવ-જાતિના ઇતિહાસના લાખો વર્ષના વિશાળ અવકાશમાં વહેતો એક પ્રબલ અનંત પ્રવાહ હિમાલયના શિખરમાંથી છેક સમુદ્રના કિનારા સુધી એક સરખો ચાલી રહ્યો છે. શું તમે એ પ્રબલ પ્રવાહને પકડીને રોકી શકો તેમ છો? અથવા તેનાં ઝાકળમય શિખરો સુધી તેના મૂળ તરફ પાછો તેને ધકેલી શકો તેમ છો? જો કદિ એમ બની શકતું હોય તોપણ તમે ખાત્રીથી માનજો કે તમે યૂરોપીઅન તો નહિજ થઇ શકો! પાશ્ચાત્ય પ્રજાએ થોડાંક સૈકાં થયાં જે શિક્ષણ મેળવ્યું છે અને જે સંસ્કારોને પોષ્યા છે; તેમને દૂર ફેંકી દેવાનું કાર્ય જો તેમને માટે અસંભવિત હોય તો પછી અનેક યુગ થયાં સેંકડો સૈકાના વિશાળ અંતરાયમાં તમે જે પ્રબલ સંસ્કારો પ્રાપ્ત કર્યા છે તેનો તમે કેવી રીતે ત્યાગ કરી શકશો? તે કદિ પણ બની શકે તેમ નથી. આપણે એ પણ સ્મરણમાં રાખવું જોઇએ કે આપણે જેને આપણો ધર્મ, વિશ્વાસ અથવા સંપ્રદાય માનીએ છીએ તે માત્ર પોતાના નાના ગ્રામ્ય દેવતા અને રૂઢિ તેમજ વ્હેમથી પ્રચલિત થયેલા ક્ષુદ્ર દેશાચાર-માંજ સમાઇ રહ્યા છે. આ રૂઢીઓ અને દેશાચાર અગણિત છે અને પરસ્પર વિરોધી છે. તેમાંથી કોને આપણે આધીન થઇશું અને કોની અવગણના કરશું? ઉદાહરણ તરીકે દક્ષિણ હિન્દુસ્તાનનો બ્રાહ્મણ બીજા બ્રાહ્મણને માંસાહાર કરતો જોતાંજ ભયભિત થઇને સો હાથ પાછો ખસી જશે; ત્યારે ઉત્તર હિન્દુસ્થાનનો બ્રાહ્મણ માંસાહારને પરમ પવિત્ર મહા પ્રસાદ સમજે છે! માત્ર એટલુંજ નહિ પણ પૂજાના બલિદાનરૂપે સેંકડો પ્રાણીઓનું તે પોતાને હાથેજ બલિદાન આપે છે! તમે તમારા દેશાચાર અને લોકાચારને આગળ કરશો કે તરતજ તેઓ પોતાના આ-ચાર-વિચાર અને રૂઢીને આગળ કરશે! દરેક પક્ષ પોતાની રૂઢી અને

લોકાચારને પ્રમાણસિદ્ધ ઠરાવવા યત્ન કરશે. આવી રીતે ભારતના જુદા જુદા પેટા દેશોમાં અનેક જુદા જુદા દેશાચાર છે; પરન્તુ તે પોતપોતાના દેશમાંજ પ્રચલિત છે. અજ્ઞાન મનુષ્યોજ પોતપોતાના ગામ કે દેશમાં ચાલતા લોકાચારને ધર્મના સારરૂપે ગ્રહણ કરી બેસે છે, અને એથી ચઢીયાતો બીજો ધર્મ હોય એવું માની શકતા નથી; પરન્તુ એ તેમની મોટી ભૂલ છે.

એ સિવાય બીજી પણ કેટલીક પ્રબળ મુશ્કેલીઓ છે. આપણાં શાસ્ત્રોમાં બે પ્રકારના સત્ સિદ્ધાંતો જોવામાં આવે છે. એક પ્રકારના સિદ્ધાંતો મનુષ્યના નિત્ય સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે, તેમજ જીવ, શિવ અને પ્રકૃતિના પરસ્પર અનાદિ સંબંધ ઉપર રચાયા છે; અને બીજા પ્રકારના અમુક દેશ, કાલ અને સ્થિતિને લક્ષ્યમાં રાખી સામાજિક સંસ્થાઓને માટે દેશ-કાળ પ્રમાણે બદલાતી પરિસ્થિતિને અનુસરતા જુદે જુદે યુગે બદલાતા સિદ્ધાંતો છે. પહેલા પ્રકારના સિદ્ધાંતો મુખ્યત્વે આપણાં વેદશાસ્ત્રોમાં છે, અને બીજા પ્રકારના સિદ્ધાંતો સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરેમાં આપેલા છે. આપણે બરાબર લક્ષમાં રાખવું જોઇએ કે બધા વખતને માટે વેદોજ આપણું અંતિમસ્થાન, મુખ્યવિધાન અને સર્વોત્તમ પ્રમાણ છે. કોઇ સ્મૃતિ પ્રમાણનો ઉલ્લેખ જો વેદના સિદ્ધાંતથી કંઇ પણ મતભેદ કે વિરોધ બતાવતો હોય તો પુરાણ ઇતિહાસના એ ભાગનો કશી પણ દયા વિના ત્યાગ કરવો જોઇએ. બારીકીથી જોવા જઇએ તો સ્મૃતિ, પુરાણ જેવા બીજા ધર્મગ્રન્થોમાં ભિન્ન ભિન્ન ઉપદેશ આપેલો જણાય છે. દરેક વિષય ઉપર તેમનો એક મત જણાતો નથી. એક સ્મૃતિ કહે છે કે, અમુક રૂઢી અથવા અમુક દેશાચાર બરાબર છે; અને આ યુગમાં તેનુંજ પાલન થવું જોઇએ. ત્યારે બીજી સ્મૃતિ કોઇ જુદાજ દેશાચારનું સમર્થન કરે છે. કોઈ સ્મૃતિ સત્યયુગને માટે જુદા જુદા આચાર અને દ્વાપર,

કલિયુગ આદિ બીજા યુગોને માટે જુદાજ પ્રકારના આચાર અને રીતિ–રિવાજોનો ઉપદેશ આપે છે. અહીં જરા લક્ષ પહોંચાડો. તમારા ધર્મ-માર્ગ અને તમારાં શાસ્ત્રોનો મત કેવો ઉદાર અને મહાન છે. મનુષ્યના સ્વભાવને લક્ષમાં રાખીને બંધાયેલા શાશ્વત સત્ સિદ્ધાંતો મનુષ્યજાતિ જીવતી રહેશે ત્યાં સુધી ટકીજ રહેશે. એ સિદ્ધાંતો સર્વવ્યાપક રૂપે બધા દેશમાં અનંતકાલપર્યંત એકસરખા વિશ્વના સામાન્ય ધર્મરૂપે સર્વદા ટકી રહેશે. એ સિદ્ધાંતો મુખ્ય શ્રુતિ અને ઉપનિષદ્માંજ સમજાવેલા છે. પરન્તુ સ્મૃતિ પુરાણો અમુક પરિસ્થિતિમાં અમુક સ્થાનને માટે અમુક સંયોગોમાં ઉત્પન્ન થયેલાં કર્ત્તવ્યોનોજ ઉપદેશ આપે છે, અને દેશ, કાલ, સ્થિતિ બદલાય તેમ એ રીતિ–રિવાજ અને કર્ત્તવ્યોમાં પણ ફેરફાર થાય છે; માટે તમારે સર્વદા સ્મરણ રાખવું કે કોઇ સામાન્ય રીતિ-રિવાજ અથવા સામાજિક પ્રથાનું પરિવર્તન કરવાની જરૂર જણાય તો તે કશા પણ સંકોચ વિના કરવું જોઇએ. રીતિ–રિવાજ કે આચારમાં ફેરફાર કરવાથી કંઇ તમારો ધર્મ જવાનો નથી. આચાર કે રૂઢી બદલાતાં ધર્મને બિલકુલ બાધ આવતો નથી. રીતિ–રિવાજ, આચાર કે રૂઢીનું પરિવર્તન હમ્મેશાં ચાલ્યાજ કરે છે. દરેક સૈકામાં ઉપસ્થિત સમયની સગવડને માટે રૂઢી અને રિવાજો બદલાય છે. આ ભારતવર્ષમાં એક સમય એવો પણ હતો કે જ્યારે માંસાહાર બ્રાહ્મણોનું ગૌરવ ગણાતો હતો. વેદોનું પઠન કરવાથી તમને જણાશે કે કોઇ સંન્યાસી, રાજા અથવા મહાન પુરૂષ ઘેર આવે ત્યારે તેમને માટે અજ વગેરે પશુઓનો ભોગ અપાતો હતો. ક્રમે ક્રમે પ્રાચીન આર્યોના જાણવામાં આવ્યું કે આપણી જાતિ મુખ્યત્વે ખેતી ઉપર જીવનારી છે માટે સાંઢ, પાડા વગેરે પશુઓને મારવાથી એ પશુઓનો અંત આવી જશે તો સમગ્ર જાતિનો ધ્વંશ થશે, ખેતીથી પોષણ કરવાનું સાધન રહેશે નહિ, એ કારણથી મોટાં પશુઓ મારવાનો રિવાજ બંધ કર-

વામાં આવ્યો; અને ગૌ કે બળદની હત્યાને મહાપાતક રૂપ ગણવામાં આવ્યું. આવી રીતે પ્રાચીન શાસ્ત્રોના વાંચનથી આપણને જણાય છે કે આગળ કોઈ વખતે એવા એવા રીતિ-રિવાજો અને આચારો પ્રચલિત હતા કે જે આજે આપણી આંખે ઘણા ભયંકર અને તિરસ્કારપાત્ર જણાય છે. ક્રમે ક્રમે આચાર અને રૂઢીના નિયમો બદલાયા અને તેને અનુસરતા ધારા પણ બદલાઈ ગયા. એવી રીતે યુગે યુગે રૂઢી અને આચારોમાં ફેરફાર થતો આવીને તે વખતની ચાલુ સ્મૃતિઓ અર્થાત ધારાશાસ્ત્રોનો પ્રચાર બંધ થઈ નવી સ્મૃતિઓના દેશ-કાળને અનુસરતા નવા નિયમોનું અનુસરણ થતું આવ્યું છે. પણ એક ખરી હકીકત આપણે શિખવાની છે કે, સ્મૃતિ, રીતિ-રિવાજ અને આચાર, એ નિયમોના આવા ચાલુ ફેરફારોની વચ્ચે વેદના સિદ્ધાંતો તો સર્વકાળને માટે તથા સર્વ દેશ અને સર્વ સ્થિતિને માટે સર્વદા એકરૂપજ રહે છે, તેમાં કશો ફેરફાર કે સુધારો થતો નથી, તેમજ ભવિષ્યમાં કોઇ કાળે થવાનો પણ નથી; કારણકે વેદો ખાસ ઇશ્વરપ્રણીત ત્રિકાળાબાધીત સત્ય સિદ્ધાંતોનાજ ભંડારરૂપ છે. સ્મૃતિઓનું પ્રાધાન્ય પોતપોતાના યુગમાં પૂરૂં થાય છે. સમયનો પ્રવાહ જેમ જેમ આગળ વધતો જાય છે, તેની સાથે રીતિ-રિવાજ અને નિયમોના પ્રવાહરૂપ પ્રમાણભૂત મનાતી સ્મૃતિઓ પણ એક પછી એક બદલાતી જાય છે. બદલાતા સમયમાં નવા યુગના નવા ઋષિઓ ઉત્પન્ન થાય છે; તેઓ પ્રચલિત દેશકાળને અનુસરતા નિયમો ઘડીને સમયને અનુસરતી સ્મૃતિનો સમાજમાં પ્રચાર કરી જન સમાજની બદલાતી કમાનને વધારે સારા અને હિતકર માર્ગમાં વાળે છે. આવેલા યુગને માટે જે જે કર્ત્તવ્યો પરમ ઉપયોગી જણાય અને જે જે માર્ગો સમાજનું સર્વાંશે હિત સાધનારા હોય તેમજ જેના વિના પ્રજાનું જીવન પણ ટકી શકે એમ ન હોય એવા સુયોગ્ય આચારો, પ્રથા અને નિયમો દર્શાવી માનવજાતિની પ્રગતિનો માર્ગ તેઓ કરી

આપે છે. ઉપર જણાવ્યા પ્રમાણે આપણો માર્ગ બે પ્રબલ અને ભયંકર વિપત્તિઓ વચ્ચેથી આપણે સ્વચ્છ કરવાનો છે. આપણા માર્ગમાં આગળ વધતી વખતે એ બન્ને ભયથી બહુજ સાવધાન રહીને આત્મ-રક્ષા કરવાની છે. હું આશા રાખું છું કે આપણામાંના દરેકનું હૃદય અવશ્ય એટલું ઉદાર હશે તેમજ તેમને એટલો દઢ વિશ્વાસ હશેજ કે જેથી મારાં આ વચનોનો મર્મ પૂરેપૂરો તેઓ સમજી શકે. મારો ઉદ્દેશ જગતના સર્વ પ્રાણી-પદાર્થોને આપણા પોતાનાજ કરી લેવાનો છે, કોઇનો પણ ત્યાગ કરવાનો નથી. મારો એ આશય પણ બરાબર તમારા લક્ષમાં ઉતરશે. હું ધર્મઘેલા ગાંડા મનુષ્યોના જેવી દઢ નિષ્ઠા અને તેની સાથે જડવાદીના જેવા ઉદાર વિચારોને ચાહું છું. એ બન્ને પક્ષમાંથી એ બે તત્ત્વો ગ્રહણ કરવાની આપણા દેશને ખાસ જરૂર છે. આપણું હૃદય સમુદ્ર જેવું ઉંડું અને વિશાળ તથા આકાશના જેવું ઉદાર અને સર્વવ્યાપી થવું જોઇએ. એવા હૃદયની આપણને ખાસ જરૂર છે. જગતની સર્વથી આગળ વધનારી તથા ઉન્નતિના શિખર તરફ ધસનારી પ્રજા તરીકે આપણે સર્વથી મોખરે આવવાનું છે; છતાં એજ વખતે આપણી અતિ પ્રાચીન જમાનાથી ચાલતી આવેલી દંત કથાઓ અને ઉદાર ભાવનાઓ તથા તત્ત્વસિદ્ધાંતોને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી વળગી રહેવું જોઇએ. એ સર્વને પ્રાણપૂર્વક ચોટીને તેમને અનંતકાળ સુધી જીવન્ત રાખવાનું કાર્ય માત્ર હિન્દુઓજ બરાબર કરી શકે છે. સાદા શબ્દોમાં કહું તો દરેક વસ્તુના પ્રાધાન્યનો અને ગૌણતાનો બરાબર તફાવત આપણે શીખી લેવાનો છે, અર્થાત્ મુખ્ય સિદ્ધાંતરૂપ કયા નિયમો અચલ અને અવિકારી છે, અને કયા રીતિ-રિવાજો માત્ર વ્યવહાર ચલાવવા માટે અમુક દેશ-કાળને અનુસ-રીને પ્રચલિત થયા છે, એ આપણે યોગ્ય રીતે જાણી લેવાનું છે. તેમાંથી જેટલા સારરૂપ અને મુખ્ય નિયમો છે, એવા વેદાન્તના સિદ્ધાંત-

રૂપ નિયમો સર્વકાળને માટે એક સરખાજં છે. જેવા તેઓ અનાદિ છે તેવાજ તેઓ અનંત છે. બીજા હાથ પર વ્યવહારને યોગે ઉત્પન્ન થયેલા અમુક યુગના નિયમો ગૌણ હોવાથી અમુક સમયેજ તેઓ ઉપયોગના છે. તેમનો પોતાનો પરિમિત સમય પૂરો થયા પછી, બદલાયેલા સમયને અનુસરતા નવીન પૃથા અને નિયમોને જો તેમનું સ્થાન આપવામાં ન આવે તો તે અવશ્ય ભયંકર પરિણામ ઉપજાવે છે. સારાં ફળ અથવા ઘી-દૂધ જેવા પદાર્થો જેમ અમુક સમય સુધીજ સારા રહે છે, અને તે સડી કે બગડી જાય ત્યારે તેમનો ઉપયોગ કરવાથી તેમની અસર વિષરૂપ નિવડે છે; એવીજ રીતે એક સમયના ઉપકારક અને ઉપયોગી રીતિ-રિવાજો તેમજ નિયમો તેમની કાલમર્યાદા પૂરી થયા પછી જો ચાલુ રહે તો તેનું પરિણામ ઘણુંજ વિષમ નિવડવાનો ભય રહે છે; માટે સમયની સાથે રીતિ-રિવાજોનું પણ કંઈક સંશોધન કરવાની જરૂર છે. છતાં મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે તમારે જૂના આચાર-વિચારો અને જૂની પૃથાઓની સામે બંડ ઉઠાવીને તેમને છેકજ ઉતારી પાડી તેની ફાવે તેમ નિંદા કરવી. જૂના રીતિરિવાજ કે પૃથામાંનો જે સૌથી ખરાબ ભાગ હોય તેને પણ તુચ્છકારી કહાડવાની અથવા હલકો પાડવાની કશી જરૂર નથી. કોઈને પણ ધિક્કારીને ઉતારી પાડતા નહિ; કારણ કે જે રૂઢી અથવા પૃથા ચાલતા સમયમાં બહુજ નુકસાનકારક જણાય છે, એજ રૂઢી અથવા પૃથા અવસ્ય ભૂતકાળમાં એક વખતે ઘણીજ લાભકારક અને જીવનદાતા હતી. દેશ-કાળના પરિવર્તન સાથે જો તેમનું પણ પરિવર્તન કરવાની આપણને જરૂર જણાય તો તેમનો આભાર અને આશીર્વાદપૂર્વક ત્યાગ કરો; પરન્તુ નિન્દા, શાપ કે ગાલીપ્રદાનપૂર્વક તેને હાંકી કહાડતા નહિ; કેમકે બારીક નજરે જોશો તો જણાશે કે એજ નિરૂપયોગી જણાતા રીતિ-રિવાજ અને પૃથાઓએ આપણી હિન્દુ

જાતિને હજારો વર્ષ પર્યંત જાળવી રાખવાનું મહાન કાર્ય કીધું છે. એજ વખતે આપણે આ પણ યાદ રાખવું જોઇએ કે આપણી વિશાળ હિન્દુસમાજના દોરનારા, નેતા અને અગ્રણિ પુરૂષોનું સ્થાન કોઇ સેનાપતિ, યોદ્ધા કે રાજાએ લીધું નથી; માત્ર આપણા પવિત્ર ઋષિ-મુનિઓજ પરાપૂર્વથી નેતા છે. એ ઋષિઓ કોણ છે? ઉપનિષદ્‌માં જે મહાન પુરૂષોને માટે 'ઋષિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેઓ સામાન્ય મનુષ્યો નહિ, પરંતુ મહાજ્ઞાની, નિરાભિમાની, પ્રબલ કર્તવ્યનિષ્ઠ અને પવિત્ર વેદોના મંત્રદ્રષ્ટા છે. એ મહાન મનુષ્યો ધર્મને સાક્ષાત જોઇ શકયા હતા. તેમની નજરમાં ધાર્મિક સિદ્ધાંતો એ કાંઈ 'પોથીમાંનાં રીંગણાં' ન હતાં, કે તરંગી વિચારો અને હવાઈ ખ્યાલો ન હતા; તેમની ધાર્મિક ભાવના માત્ર મ્હોડાના બકવાદમાં કે થુંક ઉડાવવામાં નહિ પરન્તુ આત્મા પરમાત્માના સાક્ષાત્કારરૂપ છે; ઇંદ્રિયોના વિષયથી પર—અતિંદ્રિય પ્રદેશનાં મહાન સત્યોના સાક્ષાત્કારરૂપ છે. ઉપનિષદો કહે છે કે, એવા મહાત્માઓ સામાન્ય મનુષ્ય નથી, તેઓ દિવ્યશક્તિવાળા મન્ત્ર દૃષ્ટા છે; અને તેઓજ હિન્દુસમાજના હિતચિંતક અને નેતા છે. એજ ખરૂં ઋષિત્વ છે, અને એ ઋષિપદ કોઇ અમુક દેશ, કાળ, જાતિ કે સંપ્રદાયના ઉપર આધાર રાખતું નથી કે કોઈ એક ખુણામાં ભરાઈ રહેલું નથી; યોગ્ય અધિકાર મેળવનાર હરકોઈ દેશવાસી, હરકોઈ જાતિ, ધર્મ કે વયના મનુષ્યને માટે એ પદ પ્રાપ્ત કરવાનાં બારણાં હમ્મેશાં ખુલ્લાંજ છે. વાત્સાયન ઋષિ કહી ગયા છે કે—"આ જગતમાં મનુષ્યનું કર્તવ્ય પરમ સત્યનો સાક્ષાત્કાર કરવાનું છે." એ વચનો અનુસાર આપણે સ્મૃતિપટપર લખી રાખવું જોઇએ કે ક્રમે ક્રમે તમારે, મારે અને આપણામાંના દરેક મનુષ્યે આગળ વધીને ઋષિપદ પ્રાપ્ત કરવાનું છે. આપણી પોતાની શક્તિમાં આપણે સંપૂર્ણ ભરોંસો રાખવો જોઇએ. સંકલ્પ, સત્તા અને આત્મ-

વિશ્વાસને અચલ મેરૂના જેવાં બનાવવાં જોઇએ; કેમકે આપણે જગતને જાગૃત કરવાને, જગતની નસેનસમાં નવા જીવનનો સંચાર કરવા માટે જન્મ લીધો છે. જગતમાં મહાન વચારક્રાન્તિ કરનારી સર્વે શક્તિ આપણા પોતાના આત્મામાં ભરેલી છે. આપણે આપણા મહાન ધર્મનો સાક્ષાત્કાર કરવો જોઇએ, ધર્માનુભવદ્વારા આત્માનુભવ મેળવવો જોઇએ; અને ધાર્મિક ક્ષેત્રમાં ઉત્પન્ન થતી શંકાઓનું આપણે સબલ રીતે સમાધાન કરવું જોઇએ. એટલું થશે ત્યારેજ ઋષિપદની ગૌરવજ્યોતિમાં સ્નાન કરી ઉજ્જવલ પ્રકાશ પાથરી આપણે પ્રત્યેક મહાન શક્તિમાન પ્રબલ પુરૂષ બની શકીશું. એ વખતે આપણા મુખમાંથી જે જે વચનો નીકળશે તે બધાં અમોઘ, અનંત અને સફલ બની રહેશે. જે કંઈ અનિષ્ટ, મંદ અને હાનિકારક હશે તે બધું માત્ર આપણી છાયા જોઇનેજ પલાયન કરી જશે. માટે કોઈ પૃથા કે કોઈ વ્યક્તિને શાપ આપ્યા વિના, ગાલીપ્રદાન કર્યા વિના, નિંદા કે તિરસ્કાર કર્યા વિના અને જગતમાં કોઈની સાથે વાદ–વિવાદ, વિરોધ કે વિગ્રહ કર્યા વિનાજ બધાં હાનિકારક તત્ત્વોને દૂર ખસેડીને આપણે અવશ્ય ઇચ્છિત પ્રાપ્ત કરી શકીશું, પરમ લક્ષને મેળવી શકીશું. પરમાત્મા કૃપા કરીને આપણામાંના પ્રત્યેકને ઋષિપદ પ્રાપ્ત કરી પોતાનો તેમજ પારકો પણ ઉદ્ધાર કરવાની દિવ્ય શક્તિ આપો. ૐ શાન્તિ :

કુંભકોણમને માર્ગે—ત્રિચિનાપલ્લી અને તાંજોર.

સ્વામીજી મદુરામાં હતા તે સમયે એક દિવસ ત્યાંના સુવિખ્યાત મંદિરનાં દર્શન કરવા તેઓ ગયા હતા. એ મંદિર ભારતનાં મહાન મંદિરોનું શિરોમણિ છે. તેની બાંધણી અને આન્તરિક રચના પણ બહુ સુન્દર છે. એ પ્રાચીન અને ભવ્ય મન્દિરના દર્શનથી સ્વામીજીના શિષ્યસમુદાયનાં મન અતિ પ્રસન્ન થયાં. આ સ્થાનમાં પણ ધાર્મિક કથા-ચર્ચાથી હિન્દુસમાજનું મન પરમ સંતોષ અને હર્ષ પામ્યું હતું. થોડા દિવસ રહ્યા પછી સાઉથ ઇન્ડિયન રેલ્વેની સાંજની ગાડીમાં કુંભકોણમ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં જે સ્ટેશનો આવતાં ત્યાં સર્વત્ર સેંકડો મનુષ્યોનાં ટોળાં સ્વામીજીના દર્શન માટે એકઠાં થયેલાં જણાતાં હતાં. પ્રભાતના ચાર વાગે ગાડી ત્રિચિનાપલ્લીના સ્ટેશને આવી પહોંચી. ત્યાં સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આશરે એક હજાર મનુષ્યો સ્વામીજીની રાહ જોતા ઉભા હતા. સ્ટેશનપર ગાડી આવી પહોંચતાંજ તેમના વિજયધ્વનિથી વાતાવરણ ગાજી રહ્યું. સ્વામીજીને પ્રબલ પૂજ્યભાવ અને આગ્રહસહિત ગાડીપરથી ઉતારવામાં આવ્યા; અને સ્ટેશનપરજ તેમને માન આપવામાં આવ્યું. અભિનન્દનમાં તેમણે કહ્યું હતું કે— આપ છેવટ એક દિવસ પણ અમારા શહેરમાં પગલાં કરી અમને કૃતાર્થ કરશો એવી સંપૂર્ણ આશા અમને હતી; પરન્તુ આપની પ્રકૃતિ સ્વસ્થ નહિ હોવાથી અમે વિશેષ આગ્રહ કરી શકતા નથી. અમે નહિ પણ અમારા મદ્રાસવાસી બન્ધુઓ આપના દર્શનનો લાભ થોડાજ સમયમાં લઈ શકશે તેના વિચાર માત્રથી અમને પરમ આનન્દ

ઉપજે છે. વિદેશી ધર્મસભામાં વેદાન્તની વિજયપતાકા ફરકાવવા માટે ભારત આપનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. વગેરે.

ત્રિચિનાપલ્લીની રાષ્ટ્રિય હાઇસ્કુલની વ્યવસ્થા કરનારી સભા અને ઉચ્ચ શ્રેણીના વિદ્યાર્થીઓએ પણ પોતાના તરફથી જુદુંજ માનપત્ર અર્પણ કર્યું હતું. સ્વામીજીએ તેમના પ્રેમભાવ માટે હૃદયથી ઉપકાર માની સંક્ષેપમાં તેમના માનપત્રનો ઉત્તર આપ્યો હતો. ત્યાર પછી તરતજ ગાડી આગળ ચાલી. એવીજ રીતે તાંજોરના સ્ટેશનપર પણ સ્વામીજીનો સત્કાર કરવા માટે એક મોટી જનસંખ્યા એકત્ર થઈ હતી.

કુંભકોણમનું માનપત્ર

દક્ષિણ હિન્દુસ્તાનના પ્રસિદ્ધ સ્થાન કુંભકોણમમાં સ્વામીજીનો ઘણા ઠાઠમાઠથી સત્કાર કરવામાં આવ્યો હતો; અને ત્યાં તેમને અત્યાગ્રહપૂર્વક ત્રણ દિવસ રોકવામાં આવ્યા હતા. એ શહેરમાં સ્વામીજીને માટે ખાસ સભા ભરીને બે માનપત્ર આપવામાં આવ્યાં હતાં. એક કુંભકોણમનિવાસી સમગ્ર હિન્દુજાતિ તરફથી અને બીજું ત્યાંના હિન્દુ વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવ્યું હતું.

એ બન્ને માનપત્રોના પ્રત્યુતરમાં સ્વામીજીએ એક છટાદાર, આકર્ષક અને મહત્ત્વનું વ્યાખ્યાન કર્યું હતું; જેમાં વેદાન્તના સિદ્ધાંતો ઉપર ઘણું સારૂં અજવાળું પાડવામાં આવ્યું છે. તેનો સારાંશ હવે પછી આપવામાં આવે છે.

વેદાન્તનું મહાન કાર્ય

પ્રિય આત્મબંધુઓ !

ભગવાન ગીતાકાર કહે છે કે, "*માત્ર એક અલ્પ ધર્મ–કર્મનું પાલન કરવામાં આવે, તોપણ તેનું મહાન ફળ પ્રાપ્ત થાય છે." એ વાક્યમાં પ્રત્યક્ષ પ્રમાણની કંઇ પણ આવશ્યકતા હોય તો, હું સ્પષ્ટ કહું છુ કે, મારા સ્વલ્પ જીવનમાં પદે પદે હું એ મહાન વાક્યની સત્યતાનો જાતિ અનુભવ કરતો આવ્યો છું. સજ્જનો ! ધર્મસેવાનું મેં જે કંઈ કાર્ય કર્યું છે તે અતિ સામાન્ય જેવુંજ છે; પરંતુ એટલા અલ્પ–સ્વલ્પ કાર્ય માટે પણ હું કોલંબોના કિનારાપર ઉતર્યો ત્યારથી આજે અહીં સુધીના મારા પ્રવાસમાં હું જે જે સ્થાને ગયો છું, ત્યાં સર્વત્ર મને જે પ્રેમ, દયાભાવ અને ઉત્સાહપૂર્વક માન આપવામાં આવે છે, તેની ધારણા અથવા કલ્પના સ્વપ્નમાં પણ નહોતી. છતાં મારે એમ પણ કહેવું જોઇએ કે તમારૂં સર્વ ધર્મપ્રાણ સજ્જનોનું એ ઉદાર વર્તન, આપણા પરાપૂર્વના અતિથિધર્મને, આપણી જાતિના ધર્મભાવને અને આપણી જાતિગત ઉદાર હૃદયવૃત્તિને સંપૂર્ણ રીતે ઉપયુક્તજ છે; કારણકે આપણી હિંદુ જાતિની જીવનશક્તિ, આપણા જીવનનો મુખ્ય સિદ્ધાંત, આપણી પ્રજાનો સ્વયં આત્મા અને તેનો મૂલ મંત્ર એ એક 'ધર્મ'જ છે; માટે ધર્મસેવાનો ભારતમાં આટલો સત્કાર થાય તે સ્વાભાવિકજ છે.

*   *   *   *   *

---

* "स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्"

શ્રીમદ્ ભગવદ્ગીતા.

ધાર્મિક આદર્શમાંજ પ્રજાની જીવનશક્તિ રહેલી છે કે રાજનૈતિક આદર્શોમાં ખરી જીવનશક્તિ રહેલી છે, એ વિષયને ચર્ચવાનો અત્ર અવકાશ નથી; પણ આપણે એટલું તો સ્પષ્ટ સમજી શકીએ છીએ કે ભલા માટે કે બૂરા માટે, પણ આપણી જીવનશક્તિનું કેન્દ્ર તો એક માત્ર આપણો 'ધર્મ'જ છે. એ કેન્દ્ર સ્વાભાવિક અને પ્રકૃતિસિદ્ધ છે. તેને તમે ફેરવી શકો તેમ નથી અથવા તેને વિલુપ્ત કરી તેનું સ્થાન બીજી કોઈ વસ્તુને આપી શકો તેમ નથી. વિશાળ વિકાસ પામેલા એક મોટા વૃક્ષને એક સ્થાનેથી ઉખેડી—ખસેડી અને તરતજ બીજે સ્થાને તમે વાવી શકો તેમ નથી. વાવવાનો યત્ન કરશો તોપણ તેને મૂળિયાં બાઝી શકશે નહિ. શુભને માટે હો કે અશુભને માટે હો, પણ એટલું તો ચોક્કસ છે કે ભારતના વાતાવરણમાં આજે હજારો વર્ષ થયાં ધાર્મિક આદર્શોની તેજસ્વી ધ્વજાઓ ફરકયા કરે છે. ભલાને-માટે હો કે બૂરાને માટે હો, પણ એટલું તો નિશ્ચય છે કે અગણિત શતાબ્દીપર્યંત સતેજભાવે ધર્મના દિવ્ય આદર્શોથી ભારતનું આકાશ છવાઈ રહ્યું છે. કલ્યાણને માટે હો કે અકલ્યાણને માટે હો, પણ આપણે બધા ભારતવાસી જનોએ એ બધા ધાર્મિક આદર્શો વચ્ચેજ જન્મ ગ્રહણ કર્યો છે, અને તેમાંજ વિકાસ પામી પોષણ મેળવીને આપણા જીવનમાં આગળ વધીએ છીએ; અને તે એટલે સુધી કે આપણી આસ-પાસના એ બધા ધાર્મિક આદર્શોનો રંગ આપણા રક્તમાં પ્રવિષ્ટ થઇને આપણી શિરા અને ધમનીઓમાં વહેતા શોણિતના પ્રત્યેક બિન્દુ સાથે મળીને આપણા શરીરના બંધારણમાં એકરૂપ થઇ જાય છે, શરીરની નસેનસમાં ફેલાઇ જાય છે, અને ગાઢ સંબંધને યોગે આપણી જીંદગીનું જીવનતત્ત્વ બની રહે છે. ધર્મના આવા પ્રબલ એકાત્મભાવને એટલી-જ પ્રબળ શક્તિનો પ્રત્યાઘાત જગાડયા વિના શું તમે તેનો ત્યાગ કરી શકશો? એ ધાર્મિક જલપ્રવાહની મહાન સરિતાએ પોતાના

વેગવાન ઘસારાથી આર્યભૂમિના હૃદયપટપર હજારો વર્ષના વહનવડે જે મોટી ખાડી પાડેલી છે તેને પૂરી ભર્યા વિના શું તમે તમારી પ્રાચીન ભાવનાનો ત્યાગ કરી શકશો? પતિતપાવની ગંગાજી પોતાનો પ્રવાહ ઉલટાવીને પાછી હઠતી પોતાના હિમમય આદિ સ્થાનમાં ઠલવાઇને જુદી દિશામાં તે નવો પ્રવાહ ધારણ કરે એવી શું તમારી ઇચ્છા છે? છતાં કદાચ એવું પણ બની શકે, પરંતુ આપણો ધર્મપ્રાણ દેશ ધાર્મિક જીવનનો પોતાનો ખાસ પ્રવાહ બદલાવીને રાજનૈતિક અથવા એવીજ બીજી કોઇ નવીન કાર્યશ્રેણીના પ્રવાહમાં કદી પણ દાખલ થઇ શકે તેમ નથી. જે દિશામાં સર્વથી થોડી અડચણ હોય તેજ દિશામાં પ્રાણિમાત્રની પ્રવૃત્તિ થાય છે. કુદરતના એ નિયમને અલ્પ અવરોધમાં ગતિ કરનારો નિયમ કહે છે.

એ નિયમ અનુસાર આપણી સ્વાભાવિક ઉન્નતિની ગતિ ધર્મમાર્ગમાંજ વળી શકે તેમ છે, કેમકે એ માર્ગમાં આપણને અડચણ કે અવરોધ બહુજ થોડો આવી શકે તેમ છે. એ ધર્મમાર્ગનું અનુસરણ કરવામાંજ ભારતનું જીવન છે, તેમાંજ ભારતની ઉન્નતિ છે, અને એજ માત્ર ભારતના શાશ્વત કલ્યાણનો રાજમાર્ગ છે. બીજા દેશોમાં અને બીજી બધી પ્રજાઓમાં જીવનની બીજી અનેક જરૂરિયાતોમાંની ધર્મ પણ એક સામાન્ય જરૂરિયાત મનાય છે. અહીં હું એક સામાન્ય દૃષ્ટાંતવડે એ કથન વધારે સ્પષ્ટ કરવા માગું છું. એ ઉદાહરણ ઠામ ઠામ આપવાની મને ટેવ પડી ગઇ છે. કલ્પના કરો કે એક શ્રીમાન અમીરની પત્નીના સુસજ્જિત દીવાનખાનામાં વિવિધ વસ્તુઓનું એક નાનું સરખું પ્રદર્શન ભરેલું છે. ઠાઠમાઠમાં કંઇ પણ ન્યૂનતા નથી. આજકાલના જમાનાની એ એક રૂઢિજ બની ગઇ છે કે પ્રત્યેક ગૃહમાં જાપાનની બનાવટનો એકાદ સુંદર કળશ પણ હોવોજ જોઇએ! માટે એ કળશ પણ ત્યાં લાવી રાખવોજ જોઇએ! નહિ રાખવામાં

આવે તો તે ઘણું ખરાબ દેખાય! અમીરની પત્નીનું એ સુંદર ભુવન શોભા વગરનું બની જાય! માટે એ કળશ તો ગમે તેટલી કિંમત ખર્ચીને પણ ખરીદી લાવીને ગોઠવવોજ જોઇએ! એવીજ રીતે વિદેશી મોટા સાહેબો અને તેમની બીબી સાહેબાઓને પોતાના જીવન-ભુવનમાં અનેક કાર્યોરૂપી ફર્નીચર ગોઠવવાનાં છે! અને એ જીવન-મંદિરની સુંદરતા પરિપૂર્ણ કરવા માટે એકાદ જુનો પુરાણો ધર્મનો કકડો પણ બીજા બધા ધંધાઓની સાથેજ ગોઠવી દેવાની જરૂર છે! એટલા માટેજ—જગતમાં સારૂં દેખાડવા પૂરતાજ ધર્મનો શેઠ સાહેબ અને શેઠાણી સાહેબાને ઉપર ઉપરથી આદર કરવો પડે છે! પરંતુ સંક્ષેપમાં કહીએ તો પાશ્ચાત્ય પ્રજાનું આ જગતમાં પરમ લક્ષ્ય—પરમ પ્રાપ્તવ્ય માત્ર રાજનીતિ અને તેની સાથે થોડી સરખી સામાજિક સુધારણામાંજ સમાઈ રહ્યું છે! ઇશ્વર તથા ધર્મ તો તેમને સંસારનાં સુખસાધનો રૂપ મુખ્ય વસ્તુ મેળવવામાં મદદગાર વસ્તુઓજ છે! તેમનો ઇશ્વર તેમને માટે આ જગતને સ્વચ્છ બનાવી તેને સુખસાધનથી ભરી દેનારૂં એક વિચિત્ર પ્રાણીજ છે! તેમની દૃષ્ટિમાં દેખીતી રીતે ઇશ્વરનું આટલુંજ મૂલ્ય હોય એમ જણાય છે!

લગભગ છેલ્લાં એક બે સૈકાં થયાં કેટલાક અજ્ઞાન છતાં પોતાને પંડિત માનનારા મનુષ્યોને મ્હોડેથી હિન્દુધર્મ વિરૂદ્ધ જે જે આક્ષેપો લાવવામાં આવે છે તેમાંના મુખ્ય એ છે કે આપણો ધર્મ સાંસારિક સુખ તેમજ સાંસારિક સારી સ્થિતિ મેળવવા માટે જોઇએ તેટલો અનુકૂળ નથી. એ ધર્મના સિદ્ધાંતોને અનુસરવાથી મનુષ્યો અજ્ઞાન રહે છે. તેઓ કાંચન અને કીર્તિ મેળવી શકતા નથી. એ ધર્મ આપણને બીજી પ્રજાઓ ઉપર લૂંટ ચલાવનારા અને બીજાનો માલ ગેર-કાયદે લૂંટવી લેનારા બહાદૂર બનાવતો નથી. વળી તે ધર્મ બળવાન મનુષ્યોને નિર્બળ, ગરીબ તેમજ લાચાર મનુષ્યોપર ત્રાસ વર્તાવી

નિર્બળ અને લાચાર મનુષ્યોના લોહીનું પાન કરાવવા જેટલો સાહસિક-પશુઓ જેવો-જુસ્સો ઉત્પન્ન કરી શકતો નથી. તેઓ આપણા ધર્મને નિર્બળ ગરીબ ગાય જેવો કહીને તેની નિંદા કરે છે એ વાત ખરી છે. આપણો ધર્મ ઉપર દર્શાવ્યું એવું કોઈ પણ કાર્ય કરી શકતો નથી, તેમજ એવું કાર્ય કરવાની સલાહ પણ આપતો નથી. આપણા સાત્વિક અને સમદર્શી ધર્મમાં એવો ઉપદેશ બિલ્કુલ નથી, કે જેના પગ પડવાથી ધરતી ધ્રૂજી ઉઠે એવી ભયંકર સેનાઓવડે બીજી જાતિઓને લૂંટી તેમના વિનાશનું કાર્ય સહજમાં કરી શકાય ! એ ધર્મ અનાજ દળવાની ઘંટીવડે એકવાર દળાઈ ચૂકાયલો આટો ફરીફરીથી દળવાનું શીખવતો નથી. શરીરની માંસ-પેશીઓને મજબૂત બનાવતો નથી. સંસારના સુખ-વૈભવને પારણે ઝૂલાવતો નથી, અને અભિમાનથી ફાટીને ફૂલાઇ જવાનું શીખવતો નથી. એવા નબળા ધર્મમાં છેજ શું ? આવા વિચારથી તેઓ આપણા ધર્મની કિંમત છેકજ ઉતારી પાડે છે; પરન્તુ તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી કે તેમની પોતાનીજ યુક્તિવડે આપણા ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે. તેમની પોતાનીજ દલીલોથી તેમના હાથ અને મોં બંધ થાય છે. બંધુઓ ! આપણો ધર્મ આ સંસારને પકડીનેજ બેસી નથી રહ્યો અને એ મિથ્યા સંસારના ક્ષણિક સુખ-વૈભવમાં રચીપચી નથી રહ્યો, માટેજ તે સર્વોત્તમ છે. વાસ્તવિક રીતે આપણો ધર્મજ એક માત્ર સત્ય ધર્મ છે; કેમકે મેં કહ્યું તેમ આ ચાર દિવસની ચાંદની જેવા તુચ્છ વિષયસુખથી ભરેલા જગતની વિલાસિતામાંજ આપણા ધર્મનો ઉદાર હેતુ, આપણું પરમ લક્ષ અથવા આપણું પરમ પ્રાપ્તવ્ય સમાઇ રહ્યું નથી. આપણા બ્રહ્માંડ-વ્યાપી સનાતનધર્મની વિશાળ દૃષ્ટિ થોડા માઇલ લાંબી પહોળી આ પૃથ્વીની સીમામાંજ સમાપ્ત નથી થતી; પરન્તુ આપણો વિશાળ ધર્મ આ ક્ષુદ્ર જગતની પરિસીમાથી બહાર અતિ દૂર દૂરના જ્યોતિર્મય

પ્રદેશમાં પોતાની બ્રહ્માંડભેદી તીવ્ર દૃષ્ટિ તાકી રહ્યા છે. જે જ્યોતિના સામ્રાજ્યમાં આપણા ધર્મનું પરમ લક્ષ સમાયું છે ત્યાં વિષયવાસનાની તો છાયા પણ નથી. ક્ષણિક સુખભોગ નથી. ત્યાં દેશ, કાળ કે સ્થિતિનાં બંધન નથી. સંસારનો કોલાહલ અને ગડબડાધ્યાય નથી. એ જ્યોતિઃ પ્રદેશમાં પહોંચ્યા પછી સંસારના સુખ—દુઃખની છાયા પણ સ્પર્શ કરી શકતી નથી. આ નાશવંત જગતનું ચિહ્નમાત્ર પણ ત્યાં રહેતું નથી. એક માત્ર ગૌરવયુક્ત, સ્વચ્છ અને પારદર્શક દિવ્યતારૂપે આત્મસત્તાજ ત્યાં છવાઇ રહેલી છે. તેની તુલનામાં આ અનંત જણાતું બ્રહ્માંડ પણ એક બિન્દુતુલ્ય બની રહે છે. આપણોજ ધર્મ સત્ય ધર્મ છે, કારણ કે તે આપણને દિવ્ય આત્મશક્તિનો માર્ગ શિખવી સ્પષ્ટ સમજાવે છે કે, '**ब्रह्म सत्यं जगन्मिथ्या**' એક બ્રહ્મ—પરમાત્માજ સત્ય છે; આ સકળ સંસાર મિથ્યા—નાશવંત અને સતત સરી જનારો છે. વળી તે ઉપદેશ આપે છે કે તમારૂં કંચન પણ ખરૂં જોતાં માત્ર ધૂળ અને દેખાળાજ છે. તમે ગમે તેટલી શારીરિક શક્તિ મેળવો, પણ તે બધી ક્ષણિક અને પરિમિત છે; તે એટલે સુધી કે જીંદગી પણ દુઃખરૂપ અથવા એક પ્રકારના વિકારરૂપજ છે. માત્ર આત્મા અને તેની આધ્યાત્મિક સત્તાજ સત્ય સુખરૂપ છે. આવા દિવ્ય—ઉદાર ઉપદેશને લીધેજ આપણો ધર્મ સર્વોત્તમ છે. માત્ર આપણોજ ધર્મ સત્ય છે; કેમકે તત્ત્વજ્ઞાન ઉપરાંત તે આપણને 'ત્યાગ'નો મહામંત્ર શિખવે છે. અનેક યુગ અને અનેક સૈકાનાં એકત્ર કરેલાં જ્ઞાન અને ડહાપણવડે તે દૃઢ પગલે ઉભો રહીને, આપણા મહાજ્ઞાની પ્રાચીન પૂર્વજોની તુલનામાં જે જાતિઓ માત્ર એ દિવસનાં બાળક જેવીજ છે, તે સર્વ જાતિ અને પ્રજાઓને દૃઢ સ્વરે તેમજ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે કે, "બાળકો! તમે વિષયવાસનાના કીડા છો, ઇન્દ્રિયોના ગુલામ છો, પરંતુ એ ઇંદ્રિયોનો સુખભોગ સર્વથા નાશ-

ત્તંત અને ક્ષણિક છે; તથા તેમના ઉપભોગનું પરિણામ વિનાશજ છે! આ સંસારમાં આપણે બે દિવસનાજ મહેમાન છીએ. ધર્મ-કર્મને બદલે મિથ્યા મોજ-મજા અને વિલાસમાં ગાળેલું આયુષ્ય પરિણામે આપણો સર્વ નાશ કરે છે. એવા ક્ષણિક સુખને માટે અનંતકાલ સુધી પશ્ચાત્તાપ ભોગવવો પડે છે; અને સમય ચૂક્યા પછી આ દેવદુર્લભ માનવદેહ પુનઃ મળવો મુશ્કિલ છે; માટે ધર્મની અચલ શાંતિ સ્વીકારી સ્વસ્થ થાઓ. ઇંદ્રિયસુખોની દુષ્ટ વાસનાનો પરિત્યાગ કરો. મિથ્યા મોહમાયાના મહાલયરૂપ આ સંસારનો પણ ત્યાગ કરો, અને આધ્યાત્મિક ચિંતનમાં તમારૂં જીવન તલ્લીન બનાવી દો. એજ ધર્મનો યથાર્થ માર્ગ છે. એજ ધર્મનો ખરેખરો ભાવ છે.” ત્યાગજ આપણા પરમલક્ષ્યરૂપ મુક્તિનું મુખ્ય સોપાન છે. વિષયોપભોગ કંઈ મુક્તિનું અથવા નિત્ય સુખનું સાધન નથી. એપરથી સિદ્ધ થાય છે કે આપણો ધર્મજ આ જગતમાં એક માત્ર સત્યધર્મ છે. એ એક અતિ અદ્‌ભુત અને વિસ્મયકારક સત્ય છે કે આ સંસારની વિચિત્ર રંગભૂમિ ઉપર એક પછી એક ઉતરી આવતી અનેક મહાન પ્રજાઓ સતેજભાવે પોતપોતાનો પાઠ થોડી પળ સુધી ભજવીને પળમાં પાછી આ પૃથ્વીની સપાટીપરથી અદૃસ્ય બની ગઈ છે! સમયના અનંત મહાસાગરપર તેમાંની કોઈ પણ પ્રજાનો આછો ધ્વનિ-પ્રતિધ્વનિ પણ હવે સાંભળી શકાતો નથી! તેમના પ્રભાવનું એક ચિહ્‌ન અથવા તેમનું નામ-નિશાન પણ બાકી રહ્યું નથી! મહાકાલની કરાલ ઘંટીમાં દળાઇને તે બધી પ્રાચીન ભવ્ય પ્રજાઓ ચૂર્ણ-વિચૂર્ણ બની ગઈ છે! ત્યારે ત્યાગવીર, સહનશીલ, નમ્ર હિંદુસમાજ હજારો વર્ષનાં પ્રબલ તોફાનોને ઝીલતું આત્મબળના પાયાપર જેવાને તેવાજ સ્વરૂપમાં આજપર્યંત વિદ્યમાન છે! રોમ, ગ્રીસ અને ઇજીપ્તની મહાપ્રજાઓ, બે ચાર દિવસ જોર-શોરથી ગગનને ગજાવી, કાલના

અજસ્ર પ્રવાહમાં એક સામટી ઘસડાઇ ગઇ! ત્યારે આપણી ગરીબડી પ્રજા કાકભૂશુંડની પેઠે પોતાનાં બલવાન હૃદયપર તોફાની યુગોના ઝપાટા ઝીલતી જેવી ને તેવી—જીવતી—જાગતી આ જગતની આંખ-સામે ઉભેલી છે? આપણી પ્રાચીન જાતિને જાણે પરમાત્માએ શાશ્વત જીવન આપ્યું હોય ને! તેને જાણે અમરજ બનાવી હોય ને! એવી રીતે તે અખંડ ઉભેલી છે! એ સર્વ હિંદુજાતિના હિંદુધર્મનોજ પ્રભાવ છે.

આજકાલ પાશ્ચાત્ય તેમજ અન્યાન્ય સુધરેલી પ્રજાઓ કહે છે કે,—*"આ જગતમાં સર્વત્ર શ્રેષ્ઠતા મેળવવાનો જે મહાવિગ્રહ મચી રહ્યો છે તેમાં સર્વથી વિશેષ લાયક હશે તેજ ભૂમિના અધિકારી થઇને ચિરકાલ ટકી રહેશે." આવી નવીન વિચાર—પદ્ધતિ અને નવા મત-વાદો ઉપજાવી તેઓ માની લે છે કે શરીરનું બળ જેટલું વિશેષ, જડ સામર્થ્ય જેટલું અધિક તેટલો અધિક સમય તેઓ ટકી રહેશે! જો એ સત્ય હોય તો પ્રાચીન કાલની જે મહાન લડાયક પ્રજાઓએ યુદ્ધ—વિગ્રહમાં બીજી પ્રજાઓનો પરાભવ કરી તેમને દબાવીને પોતાની ગૌરવપતાકા ગગનમાં ફરકાવી હતી, અને તેમ કરીને પોતાના રાક્ષસી શરીરબળની જગતને એ વખતે પ્રતીતિ આપી હતી, તે સર્વ પ્રજાઓ પોતાનો મહિમા વિસ્તારીને આજ સુધી આ મહીતલપર અચલભાવે ટકીજ રહી હોત, પરન્તુ તેમનું તો કંઇ નિશાન પણ જણાતું નથી. આપણી આ દુર્બલ, ગરીબ, સહનશીલ હિન્દુપ્રજા જેણે આજ સુધીમાં પોતાના સહસ્રાવધિ વર્ષોના તેજસ્વી જીવનપ્રભાવ વખતે પણ જગ-તની બીજી કોઇ પણ પ્રજા ઉપર જીત મેળવી નથી કે વિદેશમાં જઇને પોતાના શરીરબળની કશી પણ પ્રતીતિ આપી નથી, તેમજ પરદેશમાં

* Struggle for Supremacy and Survival of the fittest."

પ્રયાણ કરી કોઈ પણ પ્રજા સાથે વિગ્રહ કર્યો નથી, તેનો વિનાશજ થયો હોત; પરન્તુ શરીરબળ ન બતાવ્યું હોવા છતાં આપણે તો ત્રીશ કરોડની મહાન સંખ્યામાં આજ સુધી જીવતા-જાગતા બેઠા છીએ ! એ શું આશ્ચર્ય નથી ? શું માત્ર શરીરબલ ઉપરજ પ્રત્યેક પ્રજાના ચિરજીવનનો આધાર છે ? વિલાયતનો એક પ્રસંગ મને યાદ આવે છે. હું જ્યારે ઈંગ્લાંડમાં હતો ત્યારે એક ઇંગ્રેજ યુવતીએ મને કહ્યું હતું કે-" હિન્દુઓએ શું કર્યું છે ? પૂર્વે તેમનો પ્રબલ પ્રભાવ હતો ત્યારે પણ શું તેમણે બીજી કોઈ પરદેશી પ્રજા ઉપર વિજય મેળવ્યો હતો ?" પાશ્ચાત્ય પ્રજાને મતે સ્થૂલ શક્તિ બતાવવામાંજ કોઇ પણ પ્રજાનું પ્રાબલ્ય અને પ્રભાવ સમાઇ રહ્યાં છે. તેઓ બિચારા શું જાણે કે એવાં અનંત સ્થૂલ સામર્થ્યને આત્મશક્તિની એક અલ્પેચ્છા માત્ર એક શ્વાસે ગળી જાય તેમ છે. બીજી પ્રજાપર વિજય મેળવ્યા વિના ચિરજીવન ભોગવવાનું સાક્ષાત્ ઉદાહરણ આપણી પ્રજા છે. આપણું અસ્તિત્વ આપણી ધર્મશક્તિનું પ્રત્યક્ષ પ્રમાણ છે. તેમનો ભ્રમમૂલક મતવાદ છેકજ નાપાયાદાર છે; અને માત્ર શરીરબળમાંજ સઘળું સમાઈ નથી રહ્યું તેની આપણે એ ઉપરથી સહજ કલ્પના કરી શકીએ તેમ છે. બીજી પ્રજાપર આપણે વિજય નથી મેળવ્યો એથી આપણી સઘળી શક્તિનો ક્ષય નથી થયો એમ કંઇ માનવાનું નથી. આપણી શાન્ત, પરવશ, સહનશીલ જાતિ વિરોધ-વિગ્રહને માટે અગ્રેસર નથી થતી એથી તેના પ્રચંડ શરીરપર અશુદ્ધ જડતાએ અધિકાર જમાવ્યો છે એવું કહેનારા મિથ્યાવાદી છે. માત્ર એટલુંજ નહિ પણ જ્યારે યોગ્ય સમય આવે છે અને જગતને તેની જરૂર જણાય છે, ત્યારે એ દિવ્ય જીવનશક્તિ ભારતના મર્મસ્થાનમાંથી બહાર નીકળીને મોટી રેલની પેઠે પ્રબળ પ્રવાહમાં વહેવા લાગે છે; અને શુષ્ક બની ગયેલા સમગ્ર જગતને પોતાના આધ્યાત્મિક હૃદયરસમાં નવડાવી તેની નિષ્ઠુરતાને

પીગળાવી રસમય તથા આર્દ્ર બનાવી દે છે. અતિ પ્રાચીન કાળથીજ આર્યપ્રજાએ સમગ્ર જગતને મનુષ્ય જીવનનું રહસ્ય સમજાવવા આમન્ત્રણ કર્યું છે. પાશ્ચાત્ય પ્રજા એજ યત્ન કરે છે કે સર્વથી અધિક ધન-સંપત્તિ મનુષ્ય કેવી રીતે મેળવી શકે ? ઐહિક ધન—સંપત્તિજ તેમના જીવનનું પ્રબલ રહસ્ય છે, તે કેમ વધારે મેળવવું એજ તેમનું જીવન-સૂત્ર છે; ત્યારે હિન્દુજાતિ એવોજ યત્ન કરતી રહી છે કે કેટલા અલ્પ સાધન ઉપર મનુષ્ય રહી શકે ? કેવી રીતે વધારેમાં વધારે ત્યાગ થઇ શકે ? એજ તેમનું જીવનસૂત્ર છે. પૂર્વ પશ્ચિમની બન્ને પ્રજાઓમાં વ્યાપી રહેલો આ વિરોધ અને મતભેદ હજી પણ કેટલાંક શતક સુધી ચાલ્યાજ કરશે; પરન્તુ ઇતિહાસમાં કંઇ પણ સત્ય હોય, વર્તમાન સ્થિતિનાં ચિહ્નો અને લક્ષણો ઉપરથી ભવિષ્યનું અનુમાન કરવાની પદ્ધતિમાં કંઈ પણ સત્ય હોય તો ભવિષ્યમાં જણાશે કે જે પ્રજા થોડામાં થોડાં સાધનથી પોતાનું જીવન ચલાવી શકે છે, અને પોતાની વાસનાઓ તેમજ ઇચ્છાઓ ઉપર અંકુશ રાખી આત્મસંયમ પાળવાનો યત્ન કરે છે, તેજ આખરે જીવનસંગ્રામમાં વિજય મેળવશે. જેઓ વિષયસુખ, મોજ—મજા અને ઇંદ્રિયોના વિલાસમાંજ સદા રચીપચી રહ્યા છે, અને મૃગજળ જેવાં ભાસમાત્ર ક્ષણિક સંસારનાં મિથ્યાસુખોની પાછળ મોહાંધ બનીને દોડાદોડી કરી રહ્યા છે, તેઓ ગમે તેવા બળવાન, તેજસ્વી અને સાહસિક જણાતા હશે તોપણ પરિણામે નષ્ટ થશે.

મનુષ્યના જીવનમાં તેમજ પ્રજાઓના જીવનમાં પણ કેટલીક વાર એવા પ્રસંગો આવે છે કે જ્યારે સમગ્ર જગત ઉપર કંટાળો ઉપજે છે, સાંસારિક સ્થિતિ ઉપર ધિક્કાર છૂટે છે, તેમજ કોઇ વખત તો એ અભાવ અને વૈરાગ્ય ભયકારક રીતે પ્રબલ થઇ પડે છે. સંસાર-તરફનો એવો વિરાગભાવ પાશ્ચાત્ય જગત ઉપર ભરતીનાં મોજાંની

પેઠે પોતાની પ્રબળ છોળો ઉછાળવા લાગ્યો હોય એમ જણાય છે. એ પ્રજામાં પણ થોડા મહાન પુરૂષો અને દૂરદર્શી મહાન વિચારકો ઉત્પન્ન થયા છે, અને તેઓ સમજવા પણ લાગ્યા છે કે આ સંસારમાં સુવર્ણ અને સ્થૂલ શક્તિના મૃગજલની પાછળ સરતના ઘોડાની પેઠે દિનરાત દોડાદોડી કરવાથી કંઇ પણ દહાડો વળે તેમ નથી, આત્માની તીવ્ર આધ્યાત્મિક તૃષાને ક્ષણિક જગતનાં જડ સાધનોવડે પરિતૃપ્ત કરી શકાય તેમ નથી, કેમકે અસાર સંસારનાં સઘળાં સાધનો પણ છેકજ સારહીન, મિથ્યા અને મૃગજળ જેવાં માત્ર ભાસરૂપ છે, એથી કદિ પણ આત્માને તૃપ્તિ મળવાની નથી. તેમાંનાં ઘણાં સુશિક્ષિત અને સંસ્કારી સ્ત્રી પુરૂષો પોતાના સમાજની વ્યાપારી સુધારણાની હરિફાઈ, પ્રાણુતોડ ઝગડા અને ક્રૂર હેવાનિયતના પશુભાવ જેવા દુર્ગુણોથી ત્રાસી ભયભીત બની રહ્યાં છે; અને એ સ્વાર્થદગ્ધ, શુષ્ક વ્યવહાર કરતાં કોઈ બીજી ઉન્નત, ઉદાર અને સાત્વિક વસ્તુ પ્રાપ્ત કરવાની આશાથી આતુર બની રહ્યાં છે. ત્યાં એક એવો વર્ગ પણ છે કે જે રાજનૈતિક અને સામાજિક પરિવર્તનનેજ યૂરોપની સઘળી ખરાબી અને અશુભ ભાવનાના રામબાણ ઉપાયરૂપે સમજી તેમનેજ વળગી રહે છે; પરન્તુ મહાન વિચારક અને બુદ્ધિશાળી મહાપુરૂષોના હૃદયમાં તો કંઇક બીજાજ આદર્શો વિકાસ પામવા લાગ્યા છે. તેઓ જાણી શક્યા છે કે રાજનૈતિક અથવા સામાજિક પરિવર્તન ગમે તેટલું કરવામાં આવે, પણ એથી માનવજીવનમાં જે જે દુઃખો અને વિઘ્નો ઉભાં થાય છે તેમનુ કદિ પણ નિવારણ થઇ શકે તેમ નથી. માત્ર હૃદયને ઉદાર બનાવી આધ્યાત્મિક ઉન્નતિ સાધવાથીજ આ ક્લેશાગાર સંસારના અપાર દુઃખ–પરિવારનો સર્વથા નિસ્તાર થઇ જશે. એ સિવાય સાંસારિક દુઃખોને દૂર કરવાનો બીજો કોઇ ઉપાયજ નથી. ગમે તેટલું બળ અજમાવવાથી, સરકારી સત્તાનો ઉપયોગ કરવાથી અને સખ્તમાં

સખ્ત કાયદાઓનાં બંધારણથી કોઈ પણ પ્રજાની સ્થિતિનું પરિવર્તન કરી શકાશે નહિ; પણ આધ્યાત્મિક શિક્ષણ અને નૈતિક કેળવણીના એક માત્ર પ્રભાવથીજ પ્રજાની નિકૃષ્ટ પ્રવૃત્તિ અને અધોગામી ગતિનું પરિવર્તન કરી તેમને સન્માર્ગમાં વાળી શકાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાં આવી સમજણ આવવા લાગી છે, એથીજ તેમાંનો મોટો ભાગ નવીન વિચારો અને નવીન દર્શનશાસ્ત્રોને માટે બહુ આતુર બની રહ્યા છે. આજ સુધી તેઓ જે ધર્મને માનતા આવ્યા છે તે ધર્મ અર્થાત્ ખ્રિસ્તીધર્મ કેટલીક બાબતોમાં સારો મહાન ભાવવાળો અને સુન્દર હોવા છતાં તે બરાબર સમજી શકાતો નથી; અને તેનો જેટલો મર્મ સમજાયો છે તે સંતોષકારક જણાતો નથી; તેમને ઘણે ઠેકાણે અપૂર્ણતા અને અસંબદ્ધપણું જણાય છે. આવી પરિસ્થિતિમાં મારા જાતિપરિચયથી મેં જોયું છે કે પશ્ચિમના કેટલાક વિચારવાન મનુષ્યો આપણાં પ્રાચીન દર્શનશાસ્ત્રોમાં, વિશેષ કરીને વેદાન્તના સિદ્ધાંતોમાં આજસુધી તેઓ જે અમૂલ્ય વસ્તુને શોધતા હતા અને જે આધ્યાત્મિક ખાનપાનની ક્ષુધા—તૃષાથી તેઓ પીડાઈ રહ્યા હતા એજ જ્ઞાનપ્રચાર અને એજ ઉદાર વિચારપ્રવાહ વહેતો તેમને મળી આવ્યો છે. ઉદાર વેદાન્તસિદ્ધાંતોથી તેમના હૃદય અને આત્માની સંપૂર્ણ પરિતૃપ્તિ થાય એમાં કંઈ આશ્ચર્ય નથી.

આ જગતમાં જેટલા ધર્મો છે તેમાંના પ્રત્યેક ધર્મ અથવા સંપ્રદાયની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે તેમના અનુયાયીઓ તરફથી જે વિવિધ પ્રકારની યુક્તિઓ લડાવવામાં આવે છે અને પોતાનો આશ્ચર્યકારક દાવો તેઓ આગળ ધરે છે તેમાંની અનેક વાતો ઠામ ઠામ મારા સાંભળવામાં આવી છે. થોડાજ સમય અગાઉ મારા એક જ્ઞાની મિત્ર બેરોજે ખ્રિસ્તીધર્મને સમગ્ર જગતના સામાન્ય ધર્મ તરીકે પ્રચલિત કરવાનો અને તેનેજ સર્વથી ઉત્તમ સમજવાનો દાવો આગળ

ધર્યો હતો એ તમે સાંભળ્યું અથવા વાંચ્યું હશે? હવે અહીં સમગ્ર વિશ્વનો સામાન્ય ધર્મ વાસ્તવિક રીતે કયો ધર્મ થઇ શકે તેમ છે? એ બાબતનો થોડો વિચાર કરીએ. મારો અભિપ્રાય છે કે જો કોઈ પણ ધર્મ જગતની સઘળી પ્રજાઓને માટે સંપૂર્ણ યોગ્યતાવાળો અને સર્વાંશે હિતકર હોય તો તે એક માત્ર આર્યોનો વેદાન્તધર્મજ છે. આ સામાન્ય ધર્મના સર્વવ્યાપી સિંહાસન ઉપર પૃથ્વીના બીજા કોઇ અનુદાર અને સંકીર્ણ મત–પન્થને પગ મૂકવાનો અધિકારજ નથી. મારી આ ધારણાનાં હું તમને કેટલાંક કારણો કહી બતાવું છું. આપણા ધર્મ સિવાય જગતના બીજા બધા મુખ્ય ધર્મો પોતાના મુખ્ય ધર્મ-પ્રવર્તક અથવા વિશેષ ધર્મસ્થાપકોના જીવન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. એવા ધર્મોના સઘળા સિદ્ધાંતો, શિક્ષણ, અનુષ્ઠાન, પદ્ધતિ, આચાર–વિચાર અને તેમનું નૈતિક ધોરણ પણ તે તે ધર્મના સ્થાપક–વ્યક્તિ-વિશેષ મહા પુરૂષના જીવન સાથે અચ્છેદ્ય સંબંધ ધરાવે છે. એ ધર્મ-સ્થાપકનું વાક્ય હોય તોજ તે પ્રમાણ રૂપ ગણાય છે, સત્ય ગણાય છે; અને લોકોમાં તેનો પ્રભાવ પડે છે. એ સ્થાપકના વચનમાંજ ઈશ્વરી-વાણી અથવા માંત્રિક શક્તિ જેટલી મહત્તા તે તે ધર્મના અનુયાયીઓ માને છે. વિશેષ આશ્ચર્યકારક તો એ છે કે તે તે ધર્મોના પ્રવર્તક અથવા સંસ્થાપકના જીવનવૃત્ત અને ઐતિહાસિક પ્રમાણો ઉપરજ તે ધર્મનાં સઘળાં સિદ્ધાંતસૂત્રો ગુંથાયાં હોય છે. સ્થાપકના જીવનન પ્રસંગો અને તેનાં વચનોજ તે ધર્મના મુખ્ય પાયારૂપ છે. એ સ્થા-પકના જીવનવૃત્તનો કોઇ ઐતિહાસિક ભાગ અથવા કોઇ પ્રસંગ જો મિથ્યા ઠરે તો એ ધર્મની ભવ્ય ઈમારત છેક તેના મૂળમાંથી તૂટી પડીને જમીનદોસ્ત બની જાય તેમ છે! ધર્મના કહેવાતા એવા સ્થાપ-કોના સંબંધમાં આજકાલ ચાલી રહેલા ઈતિહાસ–સંશોધન અને વિજ્ઞાન–વિકાસને પરિણામે ઘણા પ્રસંગો અસંભવિત અથવા મિથ્યા

જણાયા છે! આપણે જાણીએ છીએ કે તેમના અદ્દભુત મનાતા જીવનની લગભગ અર્ધી ઘટનાઓને તો કલ્પિત સમજીને લોકો તેમાં બિલ્કુલ વિશ્વાસ કરતા નથી; અને બાકી રહેલા અર્ધા ભાગ ઉપર તેઓ વિશેષ શકની નજરે જુએ છે. એથી પરિણામે તેમનાં કહેવાતાં ઐતિહાસિક પરિમાણોની ભવ્ય ગિરિમાળાનું સંપૂર્ણ ઉન્મૂલન થઇ જાય છે, અને તેમના પુનરુદ્ધારનો કશો સંભવ રહેતો નથી; અર્થાત્ લોકોમાં દૃઢ વિશ્વાસ સ્થાપિત કરવા જેવું બળ એ સંપ્રદાયોને કદિ પણ પ્રાપ્ત થતું નથી. એથીજ અનેક સુધરેલા દેશોમાં અશ્રદ્ધા, જડવાદ અને નાસ્તિકતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જાય છે. માત્ર એક ભારતના વેદાન્તધર્મ સિવાયના જગતના મહાન સંપ્રદાયોમાંનો પ્રત્યેક મત આવીજ રીતે સ્થાપક અથવા તો પ્રચારકના ઐતિહાસિક જીવન ઉપરજ સ્થાપિત થયો છે. આપણો ધર્મ કોઇ પણ વ્યક્તિના વિચાર કે જીવનસાથે સંબંધ ન રાખતાં વિશ્વપ્રકૃતિનાં મહાન સત્યો અને આત્માના દિવ્ય સિદ્ધાંતો ઉપરજ રચાયો છે. કોઈ સ્ત્રી કે પુરૂષ વેદના પ્રણેતા હોવાનો દાવો કરી શકે તેમ નથી. અનાદિ અનંત વેદો તે કોઇ પણ વ્યક્તિના વિચારો અથવા વચનો નથી; પરન્તુ તેઓ જીવાત્મા–પરમાત્માનું સ્વરૂપ દર્શાવનારા સનાતન તત્ત્વસિદ્ધાંતોના અતૂટ વજ્રમય તારોથીજ ગુંથાયેલા છે. એ નિયમો અને એ સિદ્ધાંતો અનાદિ સૃષ્ટિની સાથે અનાદિ કાળથી પ્રચલિત છે. ઋષિઓ તો માત્ર તેમના દૃષ્ટા એટલે તેમને શોધીને–પ્રત્યક્ષ કરીને માનવસમાજને એ મહાન સિદ્ધાંતોનું લ્હાણું પીરસનારા છે. વૈદિક ગ્રંથોમાં સ્થાને સ્થાને એ ઋષિગણનાં નામોનો ઉલ્લેખ આવે છે; પરન્તુ તે ફક્ત નામ માત્રજ. તેઓ કોણ હતા? શું કરતા? વગેરે તેમના જીવનનો કશો પણ પ્રસંગ આપણે જાણતા નથી. અનેક સ્થળે તેમના પિતા અથવા પરિવારનું નામ પણ આપણા જાણવામાં આવતું નથી; તેમજ તેમના જન્મના

સમય અને સ્થળ પણ જાણવામાં આવતાં નથી. વાસ્તવિક રીતે એ કર્તવ્યપરાયણ ઉદાર ઋષિઓને પોતાના નામ-ઠામની પરવા પણ ક્યાં હતી ? પોતાના ગુણાનુવાદ ગવરાવવાની કે પૃથ્વીમાં પૂજાવાની તેમની વાસના નહોતી. તેઓ માત્ર સત્ય સિદ્ધાંતોના પ્રચારક હતા. માત્ર પ્રચારકજ નહિ પણ પોતાના જીવનમાં અને વર્તનમાં પણ એજ તત્ત્વ-સિદ્ધાંતોનું સર્વથા પાલન કરી જગતને પોતાનું દૃષ્ટાંત બતાવી પવિત્ર આદર્શ જીવન ગાળી ગયા છે.

એજ વખતે વિચારવાનો વિષય છે કે આપણા ધર્મમાં ઈશ્વરની ભાવનાને સાકારરૂપે તેમજ નિરાકારરૂપે સ્વીકારવામાં આવી છે, તેમ આપણા ધર્મનાં અંગ પ્રત્યંગો પણ છેકજ નિર્ગુણ અને ત્રિકાલાબાધિત સત્ સિદ્ધાંતોના સાહિત્યમાંથીજ યોજવામાં આવ્યાં છે; અર્થાત્ કોઇપણ વ્યક્તિ વિશેષના જીવન કે વચન ઉપર આપણા ઉદાર સનાતન ધર્મનો લેશ પણ આધાર નથી. છતાં પણ એજ ધર્મ-ક્ષેત્રમાં અનંત અવતારો અને મહાપુરૂષોનું યોગ્ય સ્થાન નજરે પડે છે. એ મહાત્મા અને દિવ્ય પુરૂષોનું અદ્‌ભુત લીલાક્ષેત્ર એજ સનાતન ધર્મ છે, કેમકે આપણા ધર્મમાં જેટલા અવતારો, મહાપુરૂષો, ઋષિ-મુનિઓ અને સિદ્ધાંતસ્થાપકો દૃષ્ટિગોચર થાય છે એટલા બીજા કયા ધર્મમાં મળી શકે તેમ છે ? એટલુંજ નહિ પણ વર્તમાન સમયમાં તેમજ અગોચર રહેલા ભવિષ્યના ગર્ભમાં પણ એવા કેટલા બધા મહાપુરૂષો અને અવતારોને સ્થાન મળવાનું છે તેની કંઇ ગણનાજ થઇ શકે તેમ નથી. કેવા ઉદાર વિચારનો વિશાળ ધર્મ ! જે કોઇ મહાત્મા આ મહીતલમાં પ્રકટ થઇને વેદ-વેદાન્તના પવિત્ર સિદ્ધાંતોને સ્પષ્ટ સમજાવી શકે, તેનાં ઊંડાં રહસ્યોને ઉકેલી શકે અને તેના દિવ્ય પ્રકાશનો પોતાના વર્તન તેમજ પ્રજાના જીવનમાં વિકાસ કરી શકે, તે સર્વનો ભારતના મહાપુરૂષોમાં સમાવેશ થાય છે. સ્વયં શ્રીકૃષ્ણના

મુખથી નિર્ગત થયેલી વેદવાણીમાં તેમજ શ્રીકૃષ્ણચરિતામૃતરૂપ *ભાગવતમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે, "અવતારો અસંખ્ય છે." આ રીતે વર્તમાન કે ભવિષ્યમાં જેટલા અવતાર અને મહાપુરૂષોની તમને આવશ્યકતા જણાય તે સર્વને માટે ભારતના સનાતન ધર્મમાં સંપૂર્ણ સ્થાન છે. એજ હેતુથી ભારતના ધાર્મિક ઇતિહાસમાં જે અવતારો અને મહાપુરૂષોનાં વૃત્તાંત આપેલાં છે, તેમાંનો કોઇ પ્રસંગ ઇતિહાસના પ્રમાણથી સિદ્ધ ન થઇ શકે તોપણ આપણા ધર્મને એક બિન્દુમાત્ર પણ આઘાત લાગી શકે તેમ નથી. તેના ગૌરવની લેશ પણ હાનિ કે ન્યૂનતા થાય તેમ નથી. એ તો આગળના જેવોજ અચળ અને દૃઢ રહેશે; કારણ કે તેનું બંધારણ માત્ર તત્ત્વસિદ્ધાંતો ઉપરજ થયું છે; અમુક વ્યક્તિ કે દેહધારી મનુષ્યો ઉપર નથી થયું. જગતની સર્વ પ્રજાને એક અમુક વ્યક્તિના વિચાર અને વચનને અનુસરવાની શિરજોરીથી ફરજ પાડવી અથવા કોઇ અમુક શરીરધારીને માનવાનો સર્વ લોકો ઉપર શિરજોરીથી આદેશ કરવો તે વ્યર્થ છે. એવા પ્રયત્નોનું કશું પણ સારૂં ફળ આવતું નથી. વાસ્તવિક રીતે જોતાં બધાની બુદ્ધિમાં ઉતરી શકે એવા વિશ્વવ્યાપી શાશ્વત સિદ્ધાંતો અને સત્યોને સ્વીકારવાનું અને સર્વ મનુષ્યો ઉપર તેમનો પ્રભાવ પાડવાનું કાર્ય અતિ કઠિન અને અસાધ્ય જેવું છે; ત્યારે વ્યક્તિવિશેષના વિચાર કે વચનોની તો વાતજ શી કરવી? કદાચ ભવિષ્યમાં એવો શુભ દિવસ આવે કે જ્યારે માનવજાતિના મોટા ભાગને એકજ પ્રકારના ધાર્મિક વિચારો સ્વીકારવાનો સંભવ જણાય તો તેનો કંઇક આધાર સત્ય સિદ્ધાંતોના બલ ઉપર રહે છે; પરન્તુ અમુક વ્યક્તિ કે મનુષ્યોના જીવન અથવા વચનના પાયા ઉપર લોકોનો એકમત કદિ પણ બની શકે તેમ નથી. છતાં પણ મેં તમને ઉપર કહ્યું તે પ્રમાણે

* "अवतारा ह्यसंख्येयाः" ભાગવત.

અમુક અવતાર કે મહાત્માના પ્રભાવ તેમજ પ્રમાણુનો આપણા ધર્મમાં સંપૂર્ણ રીતે સ્વીકાર કરી શકાય તેમ છે.

ઇષ્ટનિષ્ઠારૂપ જે અપૂર્વ મત આપણા ભારતવર્ષમાં પ્રચલિત છે, તેને યોગે એ બધા અવતારોમાંથી ઇચ્છાનુસાર આદર્શ પસંદ કરવાની તમને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. જે કોઇ અવતાર કે મહાપુરૂષના ઉપર તમને ભાવ હોય તેને તમારા આદર્શ અને ઉપાસ્ય રૂપે ગ્રહણ કરવામાં કશો બાધ નથી. વળી જે ઇષ્ટ દેવતા અથવા અવતારને તમારી માન્યતા અનુસાર તમે શ્રેષ્ઠ સમજતા હો તેને સર્વ મહાત્મા અને સર્વ અવતારો કરતાં સર્વોત્તમ સમજીને તમે તેની પૂજા-ઉપાસના કરો તેમાં કોઇને કશી આપત્તિ નથી; પરન્તુ ધર્મના મુખ્ય આધારરૂપ જે સનાતન તત્ત્વસિદ્ધાંતો વેદમાં દર્શાવેલા છે તેનેજ તમારે દૃઢતાથી વળગી રહેવું જોઇએ, તેનેજ તમારા ધર્મના પાયારૂપ સમજી સંપૂર્ણ ભાવપૂર્વક સ્વીકારવા જોઇએ. અહીં એક આશ્ચર્યકારક મહાન સત્ય દૃષ્ટિગોચર થાય છે તે એ છે કે આપણા અવતારોનું સામર્થ્ય–તેમનું જીવન જેટલે અંશે વૈદિક સિદ્ધાંતોના ઉદાહરણરૂપે બની રહેલું હોય તેટલેજ અંશે આપણે પ્રમાણરૂપ માનીએ છીએ. શ્રી કૃષ્ણ ભગવાનનું ગૌરવ એજ હેતુથી સર્વથી વિશેષ છે, કેમકે તેઓ આપણા સનાતન ધર્મના સર્વોત્તમ ઉપદેશક અને સાત્વિક સત્ય સિદ્ધાંતોનો વિશ્વમાં પ્રચાર કરનારા તેમજ પોતાના દિવ્ય જીવનના પ્રત્યેક અંશમાં એ સિદ્ધાંતોનો સાક્ષાત્કાર કરાવનારા અને ભારતમાં પ્રકટ થયેલા વેદાન્ત સિદ્ધાંતો ઉપર અતિ મનોરમ્ય અને સુંદર વ્યાખ્યા તેમજ ટીકા કરનારા હતા.

સમગ્ર જગતનું લક્ષ ખેંચવાનો વેદાન્તનો બીજો પ્રબળ દાવો એ છે કે, જગતના બધા ધર્મગ્રન્થોમાં વૈદિક ધર્મગ્રન્થોજ માત્ર એ પ્રકારના છે કે તેના યથાર્થ શિક્ષણ અને ઉત્તમ ઉપદેશની તેમજ એ

ધર્મ વિચારો અને તત્ત્વસિદ્ધાંતોની, આજની શાસ્ત્રીય શોધો તેમજ વિજ્ઞાનના વિકાસથી બાહ્ય પ્રકૃતિના ગુણ સ્વભાવરૂપે જે જે પરિણામો પ્રાપ્ત થયાં છે તેની સાથે સંપૂર્ણ સમાનતા જોવામાં આવે છે. શાસ્ત્રીય નવીન શોધો તેમજ વિજ્ઞાનના નવીન નિયમરૂપે જે જે પ્રાકૃતિક સિદ્ધાંતો સભ્ય જગતના જાણવામાં આવતા જાય છે, તે બધા વૈદિક ધર્મના સિદ્ધાંતોને બરાબર બંધ બેસતા થઇ પડે છે. હજારો વર્ષ પૂર્વેના ઋષિ-મુનિઓના સિદ્ધાંતો અને છેક ગઈ કાલે મળી આવેલાં વૈજ્ઞાનિક સત્યો વચ્ચે કશો પણ વિરોધ કે તફાવત નથી. દૂર દૂરના અતિ પ્રાચીન કાલમાં બે જુદી જુદી જાતિઓ એકજ પ્રકારની આકૃતિ, એકજ રક્તસંબંધ, એકજ પ્રકારના વિચારો અને લાગણી સહિત જુદે જુદે માર્ગે મહાન તત્ત્વોની શોધને માટે આગળ વધી હતી. એ બે જાતિમાંની એક આપણી પ્રાચીન હિન્દુજાતિ અને બીજી પ્રાચીન ગ્રીકજાતિ હતી. પ્રાચીન હિન્દુહૃદય અંતર જગતના નિયમો તેમજ સિદ્ધાંતોનું પૃથક્કરણ કરતું પોતાના કાર્યમાં આગળ વધ્યું, ત્યારે પ્રાચીન ગ્રીકહૃદય દૂર દૂરના પરમ લક્ષની શોધ માટે બહારના જગતનું અને તેના નિયમોનું પૃથક્કરણ કરવા લાગ્યું. તેમના એ પૃથક્કરણના ઇતિહાસની જુદી જુદી અવસ્થાઓ તપાસવામાં આવે તો એ બન્ને ભિન્ન ભિન્ન પ્રકારની વિચારપ્રણાલીનો એ પરમ લક્ષ માટે એકજ પ્રકારનો પ્રતિધ્વનિ શ્રવણગોચર થાય છે. એ ઉપરાંત અર્વાચીન વિજ્ઞાન અને રસાયન વિદ્યાની જે જે નવી શોધો થાય છે, અને તેને લીધે જે નવા નિયમો અને સિદ્ધાંતો બંધાય છે, તે બધા આજથી હજારો વર્ષ પૂર્વે વૈદિક યુગમાં બંધાયેલા સિદ્ધાંતોનીજ પ્રતિછાયારૂપ જણાય છે. માત્ર વિજ્ઞાનાદિ આધુનિક શાસ્ત્રોમાં એ સિદ્ધાંતોને જડત્વની શક્તિરૂપે સમજાવવામાં આવે છે, ત્યારે વેદાન્ત એ સર્વના અધિષ્ઠાનરૂપે એક માત્ર આધ્યાત્મિક શક્તિનેજ કારણરૂપે દર્શાવે છે. એ પરથી

સ્પષ્ટ સમજાય છે કે આધુનિક જડવાદના શાસ્ત્રીય સિદ્ધાંતો માત્ર હિન્દુ અથવા સ્પષ્ટ કહીએ તો વેદાન્તી જનોજ પોતાના ધાર્મિક વિચારો સાથે સંગતિ તથા સમાનતાવાળા સિદ્ધાંતો તરીકે સ્વીકારી શકે છે. વળી એ પણ સ્પષ્ટ દેખાય છે કે વર્તમાન જડવાદ પોતે શોધી કહાડેલા સિદ્ધાંતોનો લેશમાત્ર પણ ત્યાગ કર્યા વિના વેદાન્તના સત્ય સિદ્ધાંતોને ગ્રહણ કરે તો આધ્યાત્મિક ક્ષેત્રમાં કશી પણ તાણતોડ કર્યાવિના અનાયાસે તે પ્રવેશ કરી શકે તેમ છે; તે મને સ્પષ્ટ દેખાયા વગર રહેતું નથી.

આધુનિક પાશ્ચાત્ય પ્રજાના હૃદય ઉપર આ પ્રકારે સત્ય વિચારનો અર્થાત્ વેદાન્તના અદ્‌ભુત યુક્તિ પ્રભાવવાળા સત્ય વિચારોનો આ બીજો એક મજબુત દાવો છે. પાશ્ચાત્ય દેશના અનેક પ્રતિષ્ઠિત અને પ્રમાણરૂપ ગણાતા વિજ્ઞાનવાદી પુરૂષોએ મને પોતાને જણાવ્યું છે કે વેદાન્તના સિદ્ધાંતો આ વિચારયુગમાં પણ કેવા અપૂર્વ વિજ્ઞાનની કસોટીથી સિદ્ધ થઈ શકે તેવા અને યુક્તિ તેમજ વિચારવાદને આશ્ચર્યકારક રીતે અનુકૂળ રહેનારા છે! તેમાંના એક મહાન વિદ્વાન વિજ્ઞાનવાદી પંડિતની સાથે મારો ગાઢ પરિચય છે. એ પુરૂષ પોતાની વૈજ્ઞાનિક પ્રવૃત્તિમાં અને કામકાજની ધમાલમાં એટલો બધો મચી રહેલો છે કે તેને પોતાની પ્રયોગશાળામાંથી બહાર નીકળવાનો અથવા શાન્તિથી ભોજન લેવાનો પણ અવકાશ મળતો નથી. છતાં પણ તે ભાવ અને ઉત્સાહપૂર્વક કલાકના કલાકો સુધી મારાં વેદાન્તનાં વ્યાખ્યાનો બરાબર લક્ષથી સાંભળવાને હમેશ નિયમસર હાજર થતો. તેની એટલી બધી આતુરતાનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે વેદાન્તના સિદ્ધાંતો વિજ્ઞાન અને શાસ્ત્રીય શોધ–ખોળની સાથે એટલા બધા મળતા આવે છે કે વર્તમાન યુગના અભાવને અને અપૂર્ણતાને પણ એ વિચારો સુન્દર રીતે પૂર્ણ કરી દે છે! હાલનું વિજ્ઞાન અને શાસ્ત્રીય

શોધો તો એ વેદાન્ત-વિચાર આગળ અપૂર્ણ અને ઉતરતીજ જણાય છે. આધુનિક વિજ્ઞાન ક્રમે ક્રમે જે નવા સિદ્ધાંતો સ્થાપન કરતું જાય છે તે બધાની સાથે વેદાન્ત-વિચારોની એટલી બધી સમાનતા છે કે મારૂં હૃદય તેના પ્રભાવ તરફ મંત્રમુગ્ધ બનીને પ્રબળ વેગે આકર્ષાયા વગર રહેતું નથી.

ધાર્મિક વિચારો અને વૈજ્ઞાનિક વિચારોની તુલના કરી જોવાથી વિજ્ઞાનની દૃષ્ટિએ જે મુખ્ય બે સિદ્ધાંતો મને પ્રાપ્ત થયા છે તેના તરફ આપનું લક્ષ ખેંચવાની મારી ઇચ્છા છે. તેમાંનો પ્રથમ સિદ્ધાંત એ છે કે, જગતના સઘળા ધર્મોમાં એકસરખાંજ સત્યો સમાયેલાં છે. દેશ, કાળ, સ્થિતિને ભેદે ઉપજેલા માત્ર બાહ્યાચારના કિંચિત્ ફેરફાર સિવાય બધા ધર્મોમાં એકજ પ્રકારના ભાવ અને એકજ પ્રકારનાં સત્યોનો ઉપદેશ આપવામાં આવ્યો છે. બીજો સિદ્ધાંત એ પ્રાપ્ત થયો છે કે બહારની દૃષ્ટિએ જગતની સઘળી વસ્તુ જુદી જુદી જણાય છે; પરન્તુ ધર્મ તેમજ વિજ્ઞાનની દૃષ્ટિએ તો એ બધી માત્ર એક વસ્તુના વિકાસ રૂપજ છે. બાબિલોનિયન તેમજ યાહુદી લોકોના ધાર્મિક ઇતિહાસનું અવલોકન કરવાથી એક મહત્ત્વનો ધાર્મિક ચમત્કાર નજરે પડે છે. એ ઇતિહાસમાં આપણે સ્પષ્ટ જોઇએ છીએ કે બાબિલોનિયન અને યાહુદી પુરાતન પ્રજાઓમાંથી અનેક જુદી જુદી શાખાઓ તેમજ અનેક જુદા જુદા પેટાભાગો ઉત્પન્ન થયા હતા. તેમાંની દરેક શાખા અથવા દરેક વિભાગને ખાસ પોતાનો જુદો ઇશ્વર અથવા એક એક દેવ છે, તેમજ એ જુદી જુદી નાની શાખા રૂપ જાતિઓના નાના નાના દેવતાઓ છે, પરન્તુ એ દેવતાઓનાં નામ ઘણી ખરી શાખાઓમાં સામાન્ય અથવા એકસરખાંજ મળી આવે છે. બાબિલોનિયન જાતિના સઘળા દેવતાઓનું સામાન્ય નામ 'બાલ' છે, અને તે બધા 'બાલો'માં 'બાલમૅરોડૅક' દેવતા મુખ્ય છે. કાળક્રમે એ બધી શાખા-

આ અને પેટાજાતિઓમાંની એકાદ શાખા બહુજ બળવાન થઇને બીજી શાખાઓ ઉપર વિજય મેળવી પોતે જીતેલી બધી જાતિઓને પોતાના વર્ગમાં મેળવી દે છે, અને તેનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે વિજય મેળવનારી જાતિનો મુખ્ય દેવતા એવી એકઠી મળેલી બધી શાખાઓ અને પેટાજાતિઓના દેવતાઓનું શિરસ્થાન પ્રાપ્ત કરે છે; અને તે બધી જુદી જુદી શાખાઓના જુદા જુદા 'બાલ' દેવતાઓ વિજેતા જાતિના મુખ્ય દેવતા કરતાં ઉતરતા દરજ્જાના ગણાય છે. સેમાઇટ જાતિ જેને પોતાના એકેશ્વરવાદના ગૌરવરૂપ દેવતા માને છે, તેની ઉત્પત્તિ પણ આવી રીતેજ થઇ છે. અનેક દેવતાઓની માન્યતામાંથી તેમનો એકેશ્વરવાદ જાગૃત થયો છે. એવીજ રીતે યાહુદી જાતિના અનેક દેવતાઓનું સામાન્ય નામ 'મોલૉક' છે. એ યાહુદીઓની ઇઝરાયેલના નામથી ઓળખાતી એક શાખાના દેવતાનું નામ 'મોલૉક યહોવાહ' અથવા 'મોલૉક યાવા' છે. એ ઇઝરાયેલ જાતિ વખત જતાં ક્રમે ક્રમે બળવાન બની હતી. તેણે યાહુદી જાતિની અનેક શાખાઓના ઉપર વિજય મેળવ્યો હતો. જીતાયેલી યાહુદી જાતિઓના મોલૉક દેવતાનો તેમણે પ્રાયઃ નાશ કર્યો હતો; અને પોતાના 'મોલૉક યાવા'ને બીજા બધા મોલૉક દેવતાઓ કરતાં શ્રેષ્ઠ અને મુખ્ય મોલૉક તરીકે જાહેર કર્યો હતો. આ પ્રકારની ધાર્મિક જીત મેળવવા માટે ધર્મને નામે શરૂ થયેલા યુદ્ધમાં માનવજાતિનું કેટલું બધું લોહી વૃથા વહેવડાવવામાં આવ્યું છે, કેટલો બધો જુલ્મ અને ત્રાસ ગુજારવામાં આવ્યો છે, અને ભયંકર પશુઓના જેવી કેટલી બધી ક્રૂરતા અને નિર્દયતાથી પોતાની જાતિ પ્રત્યે વર્તવામાં આવ્યું છે, એ બધું તમારામાંના ઘણા શ્રોતાઓ સારી રીતે જાણે છે. ત્યારપછીના સમયમાં બાબિલોનીઆની પ્રજા જ્યારે બળવાન થઇ પડી ત્યારે એ મોલૉક યહોવાની શ્રેષ્ઠતાનો લોપ કરવા માટે તેણે અનેક યત્નો કર્યા

હતા; પરન્તુ પોતાના પ્રયત્નોમાં બાબિલોનિયનો સફળ નિવડ્યા નહોતા.

મને લાગે છે કે પ્રાચીન કાળે ધર્મક્ષેત્રમાં પોતાની મહત્તા અને પોતાના દેવતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાના પ્રયત્નો ભારતના સીમાંત પ્રદેશોમાં પણ અનેક જુદી જુદી જાતિઓએ કર્યા હોવા જોઇએ; ભારત પ્રદેશમાં પણ આર્યપ્રજાની જુદી જુદી શાખા અને પેટાજાતિઓ વચ્ચે પોતપોતાની જાતિના ખાસ દેવતાઓની મહત્તા સ્થાપન કરવા માટે પરસ્પર વિરોધ અને કલહ થયો હોવો જોઇએ; પરન્તુ ભારતનો ઇતિહાસ યાહુદીઓના ઇતિહાસ કરતાં જુદેજ પ્રકારે લખાવાને નિર્માણ થયો હતો, ભારતના ઇતિહાસનું ભાવી રક્તપાતથી કલંકિત ન થતાં બધાને આદર કરનારૂં, સાત્વિક અને સમભાવવાળું પ્રકટવાનું હતું. ભારતના ભાગ્યવિધાતાએ જાણે બીજા દેશો અને પ્રજાઓ કરતાં ભારતને ખાસ ઉદાર ધર્મક્ષેત્ર બનાવવાનો તેમજ પરધર્મ પ્રત્યે દ્વેષરહિત અને સહનશીલ બનાવવાનો સંકલ્પ કર્યો હોય તેમ આધ્યાત્મિક વિચારોનું ધર્મસાધના-પ્રધાન, વિરોધ–વિસંવાદ વગરનું પવિત્ર તીર્થક્ષેત્ર બનાવ્યું છે. એજ કારણથી જુદી જુદી જાતિ અને તેમના જુદા જુદા દેવતાઓને માટે ઉત્પન્ન થતાં યુદ્ધ–વિગ્રહો અને કલહ–કંકાસ અહીં લાંબો વખત ટકી શક્યા નહિ. એજ હેતુથી પ્રાપ્ત ઇતિહાસના પ્રદેશથી બહાર આવેલા દૂર દૂરના પ્રાચીન યુગમાં કે જ્યાં અન્ય દેશોની કિંવદન્તી અથવા દંત-કથાઓ પણ દૃષ્ટિપાત કરી શકતી નથી, એવા મહાપુરાતન સમ-યમાં એક ઉદાર ઋષિમહાત્માનો જન્મ થયો. તેમણે ભારતના સમગ્ર ધાર્મિક જગતને વેદવાણીના દિવ્ય ઘંટાનાદથી જાહેર કર્યું કે "**एकं सद्विप्रा बहुधा वदन्ति** ॥ સત્ય એકજ છે. પરમાત્મ શક્તિ એકજ છે. બધા ધર્મના ભિન્ન ભિન્ન જણાતા સિદ્ધાંતો પરસ્પર સમાનભાવ-વાળા છે; અને તેમનામાં કશો પણ ભેદ કે વિરોધ–વાંધો નથી. સ્થિતિ-ભેદે વિદ્વાન પુરૂષો એકજ સત્યને જુદે જુદે રૂપે અને જુદા જુદા

શબ્દોમાં વર્ણવે છે; પરંતુ એવી રીતે શબ્દો કે વર્ણનશૈલી જુદી હોવાથી કંઇ એકજ સત્યમાં અનેકપણું, ભેદબુદ્ધિ કે વિરોધ જરા પણ ઉદ્‌ભવી શકતો નથી." આ સિદ્ધાંત સર્વે ઉદાર અને સભ્ય સિદ્ધાંતોનો શિરોમણિ છે, અને તે ભારતનાં સાત્વિક, પવિત્ર તેમજ ઉદાર હૃદયનો પ્રબળ પૂરાવો રજુ કરે છે. આવી ચિરસ્મરણીય પવિત્ર દેવવાણીનો ઉચ્ચાર વેદધર્મ સિવાય બીજે કોઇ સ્થાને સાંભળી શકાતો નથી. એવું ભવ્ય સત્ય બીજા કોઇ પણ દેશ કે ધર્મમાં આજ સુધી શોધાયેલું જણાતું નથી. આપણી હિન્દુજાતિને માટે તો એ મહાન સત્ય આપણા પ્રજાકીય જીવનનો મૂળ પાયો છે, કેમકે ભારતની પ્રજાના અનેક યુગમાં વ્યાપી રહેલા આજ સુધીના દીર્ઘ જીવનમાં એક પછી એક જતા આવતા સૈકાઓના વાતાવરણમાં એજ મહાન વિચારનું ગુંજન એજ દિવ્યભાવનો વિજયઘોષ સંભળાયા કરે છે. '**एकं सद्विप्रा बहुधा वदन्ति।**' અખિલ વિશ્વમાં વાસ્તવિક સત્ય વસ્તુ એકજ છે. વિપ્રો, સાધુપુરૂષો તેને વિવિધભાવે અને વિવિધ રૂપે વર્ણવે છે. એ મહામંત્ર ઉપર જણાવ્યું તે પ્રમાણે અનેક સૈકાંઓમાં ઉત્તરોત્તર વિકાસ પામીને, આપણા વ્યાવહારિક જીવનમાં પણ પૂર્ણ રીતે પરિસ્ફુટ થઇને, આપણી પ્રજાના સમગ્ર અસ્તિત્વને પોતાના ઉદાર દિવ્ય ભાવથી ઓતપ્રોત કરી રહ્યો છે. એથી પણ આગળ વધીને એ મહાન વિચાર આપણી નસોમાં વહેતા લોહીની સાથે મળી ગયો છે; અને આપણા તન મન તેમજ આત્મા સાથે અભિન્ન બની રહ્યો છે. આપણે એ સર્વોત્તમ સત્યને અમૂલ્ય આત્મધન સમજીને ગ્રહણ કર્યું છે, આપણે આપણી નસેનસમાં તેને આદરથી સ્થાન આપ્યું છે, અને આપણું હૃદય તથા આપણો આત્મા તેને ચરણે સમર્પણ કર્યા છે. એ દિવ્ય સત્ય ઉપર આપણા પ્રાણાત્મા કરતાં પણ આપણો અધિક પ્રેમ છે; અને આપણે સમજતા આવ્યા છીએ કે એ મહાન સત્યજ

આપણા અનંત આત્માનો દિવ્ય પ્રકાશ છે. એજ સત્યને પ્રભાવે આપણો પવિત્ર દેશ પરધર્મો તરફ ઉદાર સમભાવથી વર્તીને ધાર્મિક સહિષ્ણુતાની ગૌરવભૂમિ બની રહ્યો છે. અહીં માત્ર આપણા ભારત દેશમાંજ વિદેશી લોકોના દ્વિધાભાવ અને વિરોધ વધારનારા ધર્મો આપણા પોતાના શાન્ત ધર્મનું ઉન્મૂલન કરવાના હેતુથી પ્રવેશ કરે છે, અને પોતાને માટે દેવળો, મસજીદો અને ગિરજા બાંધવાની સાનુકૂળતા મેળવે છે! અનિષ્ટ કરનારનો પણ આટલો આદર બીજા કયા દેશમાં અને બીજી કયી પ્રજામાં તમે બતાવી શકશો? બંધુઓ! સમગ્ર જગત આપણી પાસેથી ધર્મ અને તત્ત્વવિદ્યાના જે જે દિવ્ય સિદ્ધાંતો શિખવાને માટે આતુરતાથી રાહ જોઇ રહ્યું છે, તેમાંનો આ એક મોટામાં મોટો અને પવિત્રમાં પવિત્ર સર્વોત્તમ સિદ્ધાંત છે.

આપણા દેશની બહાર આવેલા વિશાળ જગતમાં કહેવાતી સભ્યતા અને કહેવાતા સમભાવ વચ્ચે પણ પરધર્મ પ્રત્યે અસહિષ્ણુતા તથા દ્વેષ કેટલાં બધાં વ્યાપી રહ્યાં છે, તેનો આપને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી. ધાર્મિક ભયંકર દ્વેષ, પરધર્મ પ્રત્યે વૈરબુદ્ધિ અને પરધર્મી પ્રત્યેના ત્યાં વ્યાપી રહેલા ભારે તિરસ્કારને યોગે એક એવી દયાજનક સ્થિતિમાં હું આવી પડયો હતો કે મારાં હાડકાં પરદેશના કિનારાઉપર રઝળતાં મૂકીને મારે એ વિષયની ફરિયાદ કરવા પ્રભુ પાસે પ્રયાણ કરવું પડશે એવું મને જણાયું! આહાહા! ધર્મદ્વેષને લીધે પોતાના માનવબન્ધુઓને તરફડાવી મારવા અને તેમનો હેતુપૂર્વક ઘાત કરવો, એ તો તેમને મન કંઇજ નથી! જો આજે કદાચ તેઓને હાથે એવું કાર્ય થતાં થતાં રહી ગયું હશે તો આવતી કાલે જે બહારથી ચળકતા સુધારાની તેઓ છાતી ફુલાવીને બડાઇ ગાઇ રહ્યા છે, તે પાશ્ચાત્ય સુધારાના બરાબર મધ્ય સ્થળમાંજ એવું ઘોર કૃત્ય જરૂર તેમને હાથે થશે! પોતે સ્વીકારેલા ધર્મની વિરૂદ્ધ એ દેશોમાં એક

શબ્દ પણ ઉચ્ચારવાનું સાહસ કરવું એ ઘણું ભયભરેલું છે. એવું સાહસ કરનારને સમાજથી બહિષ્કૃત કરી જેટલા ભયંકર પ્રયોગોવડે તેના ઉપર ત્રાસ વર્તાવી શકાય તેટલો વર્તાવવામાં ન્યુનતા રખાતી નથી. અહીં આપણા ગરીબ દેશમાંજ આપણા અતિ પ્રાચીન વર્ણાશ્રમ-ધર્મ અને જાતિભેદની વિરૂદ્ધ તેઓ તડાતડ માર્મિક ટીકાભરેલા કઠોર આક્ષેપો કરી શકે છે; આપણા આચાર વિચારની સહજમાં ફાવે તેવી નિંદા કરી શકે છે; અને આપણી આંખો સામે આપણા ધર્મ અને દેવનું પેટ ભરીને ઉપહાસ કરી શકે છે; પરન્તુ જો તમે પાશ્ચાત્ય દેશોમાં જાઓ અને હું જેવી રીતે ત્યાં રહ્યો હતો તેવી રીતે રહો તો તરતજ તમારા જાણવામાં આવશે કે ત્યાંના મોટા મોટા ગણાતા અધ્યાપકો પણ નિર્માલ્ય બીકણ હૃદયના છે. ધાર્મિક વિષયોમાં તેમને જણાતાં જે જે સત્યો પોતાના ધર્મથી જુદા પ્રકારનાં લાગે છે તે સંપૂર્ણ સમજવા છતાં પણ જાહેર પ્રજાના વિરોધના ભયથી શબ્દોચ્ચાર કરવાનું બળ કે સાહસ પણ તેમનામાં નથી.

એજ કારણથી ભેદબુદ્ધિ અને પરસ્પર વિરોધવડે કંટાળી ગયેલું જગત વિશ્વવ્યાપી સહિષ્ણુતા અર્થાત્ સર્વની પ્રત્યે સમભાવ દર્શાવવાનો મહાન સિદ્ધાંત આપણી પાસેથી શિખવાને આતુર બની રહ્યું છે. એ ઉદાર વિચાર—એ દિવ્ય સત્ય આધુનિક સુધારાને માટે ઘણુંજ હિતકારક, નવું જીવન આપનાર અમૃતરૂપ થઇ પડશે; એટલુંજ નહિ પણ જો એ અમૃતવાણી થોડાજ સમયમાં પ્રવિષ્ટ નહિ થાય તો જગતની કોઇ પણ સભ્યતા, જગતનો કોઇ પણ સુધારો આ પૃથ્વીતલપર લાંબો વખત ટકી શકશે નહિ. ઉન્મત્ત મિથ્યા ધર્માભિમાન, ધર્મને નામે ભયંકર રક્તપાત તેમજ પરધર્મનાં મૂળ ખોદવાની હેવાનિયત જ્યાં-સુધી દૂર નહિ થાય અને ભારતના ઉદાર વિચારો જ્યાં સુધી પોતાનો સંપૂર્ણ અધિકાર નહિ જમાવે ત્યાં સુધી જગતનો કોઈ પણ સુધારો

આગળ વધી શકે તેમ નથી. જ્યાં સુધી આપણે સર્વે એકજ પરમ પિતાનાં સન્તાનો એક બીજા પ્રત્યે પરસ્પર પ્રેમભાવ, અનુકમ્પા, અભેદ-ભાવ અને હૃદયની લાગણીથી જોતાં નહિ શીખીએ ત્યાં સુધી કોઇ પણ સુધારો આ પૃથ્વીના ગંદા કાદવમાંથી પોતાનું મસ્તક ઉંચું કરી શકે તેમ નથી. એવા પ્રકારની ઉદારતાનું પ્રથમ સોપાન બીજાના ધાર્મિક સિદ્ધાંત અને મંતવ્યો તરફ ઉદારતા, ક્ષમા અને પ્રેમદ્રષ્ટિથી જોવાનું છે, એટલુંજ નહિ પરન્તુ એથી પણ આગળ વધીને આપણે હૃદયપૂર્વક તેમને સહાય પણ કરવી જોઇએ. ધર્મભેદને લીધે તેઓ કંઇ આપણા બંધુ મટી જતા નથી, ત્યારે શા માટે તેમને બંધુભાવે સહાય ન કરવી ? બંધુઓ ! પૃથ્વીની સપાટી ઉપર માત્ર એક હિન્દુસ્તાનમાંજ હિન્દુજાતિએ મુસલમાનોને માટે મસજીદો અને ખ્રિસ્તીઓને માટે દેવળ બાંધી આપ્યાં છે અને હજી પણ બાંધી આપે છે. સમગ્ર જગ-તમાં આવાજ વિચારો પ્રવર્તવા જોઇએ. સઘળી પ્રજાનાં આવાંજ હૃદય થવાં જોઇએ.

તિરસ્કાર અથવા દ્વેષથી કોઈ પણ જાતિ દીર્ઘ જીવન ભોગવી શકતી નથી; માત્ર પવિત્ર પ્રેમ અને સેવાધર્મના બળવડેજ દીર્ઘાયુષ મેળવી શકાય છે, અધિકાર વિસ્તારી શકાય છે, અને વિજયપતાકા ફરકાવી શકાય છે. પશુભાવ અથવા શરીરબળ કદિ પણ વિજય મેળવીને લાંબો વખત ટકી શકતાં નથી; માત્ર ક્ષમા, ઉદારતા અને હૃદયની વિશુદ્ધ કોમળતાજ આ ભયંકર સંસારસંગ્રામમાં અદ્વિતીય વિજય મેળવી દરેક જાતિને ચિરકાલ ટકાવી રાખે છે. આપણો બીજો સર્વોત્તમ વિચાર કે જેની આજકાલ જગતને બહુ જરૂર છે, તેમાં પણ મુખ્યત્વે યુરોપના વિચારવાન મનુષ્યોને અને તેની સાથે જગ-તની સઘળી પ્રજાઓને જે મહાન સત્યની જરૂર છે, તે આધ્યાત્મિક એકતા અથવા વેદાન્તમાં દર્શાવેલી અભેદ ભાવના અર્થાત્ સમગ્ર

વિશ્વના એકાત્મકભાવનો સનાતન મહાન સિદ્ધાંત છે. કદાચ એ ઉદાર વિચારની જગતના ઉંચા વર્ગ કરતાં હલકા વર્ગને વિશેષ દરકાર છે. સુશિક્ષિત વિદ્વાન અને પંડિત વર્ગ કરતાં સામાન્ય પ્રજાને વિશેષ જરૂર છે. કેળવાયલા અને સાક્ષરો કરતાં નિરક્ષર સાદા લોકોને વિશેષ અગત્ય છે. દૃઢ અને બલવાન કરતાં, નિર્બળ તેમજ અશક્ત મનુષ્યોને વિશેષ જરૂર છે, કેમકે એ ઉદાર સિદ્ધાંત શ્રીમાન અને બલવાન કરતાં દીન, દુઃખી અને બલહીન મનુષ્યોને વિશેષ ઉપકારક છે. મદ્રાસ વિશ્વવિદ્યાલયના વિદ્વાન પુરૂષો ! આપને તો એ વાત વિદિતજ છે, માટે વિસ્તારથી સમજાવવાનું પ્રયોજન નથી કે યુરોપની અર્વાચીન વિજ્ઞાન તેમજ રસાયનવિદ્યા વગેરેની નવી શોધ–ખોળને પ્રભાવે જડતત્ત્વોના સ્થૂલ પ્રયોગોદ્વારા પાશ્ચાત્ય જગત હાલ સમગ્ર વિશ્વની અખંડ એકતાનું પ્રતિપાદન કરી રહ્યું છે. તેઓએ નવી શોધોથી સિદ્ધ કરી બતાવ્યું છે કે સ્થૂલ દૃષ્ટિએ જડતત્ત્વને ઇશારે તમે, અમે, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રો અને આ જગતનાં સર્વ પ્રાણી પદાર્થો એકજ છે. ઉપરની નજરે જોતાં ભિન્ન જણાય છે; પરન્તુ જડ તત્વોના એક અનંત મહાસમુદ્રમાં એ બધાં નાનાં મોટાં મોજાં રૂપે ઉદય થાય છે: અને લય પામે છે. ઉદિત સ્થિતિમાં તે ભિન્ન ભિન્ન દેખાય છે, પરન્તુ આદિ અને અંતના પરિમાણમાં એકજ જડ તત્ત્વના અભેદમાં તે બધાંના ભેદભાવનો લય થઇ જાય છે. આ જમાનાની તેમની નવી નવી શોધો આવી ભૌતિક એકતાને પ્રકાશમાં લાવવાનો યત્ન કરી રહી છે, ત્યારે આજથી હજારો યુગ પૂર્વે ભારતના મનોવિજ્ઞાન તેમજ આધ્યાત્મિક શાસ્ત્રોએ પશ્ચિમના વિજ્ઞાન કરતાં પણ ઘણા તેજસ્વીરૂપે સપ્રમાણ સિદ્ધ કરી બતાવ્યું છે કે, જગતનાં બધાં પ્રાણી–પદાર્થો અને સ્થૂલ શરીરોની સાથે મનુષ્યોનાં મન પણ માયાના મહાસાગરમાં ઉત્પન્ન થતાં નાનાં નાનાં મોજાંરૂપે એકજ

વસ્તુનાં અંગ—પ્રત્યંગ છે. માત્ર અધિકારભેદે તેમનાં નામજ જુદાં જુદાં છે; પરન્તુ સમષ્ટિરૂપે સકલ બ્રહ્માંડ એકજ પ્રકૃતિનું પરિણામ છે. ત્યાંથી આગળ વધતાં વેદાન્તના સૂક્ષ્મ સિદ્ધાતોમાં સુંદર અને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે, આ સમગ્ર જગતના એકજ વિરાટ સ્વરૂપ દૃશ્યની અભેદ ભાવનાની પાછળ પરમજ્યોતિરૂપ આત્મા અનંત ક્ષેત્રમાં, અનંત કાલને હસ્તામલકવત્ ધારણ કરીને પરમજ્યોતિ પ્રકાશતો એક સરખો વિલસી રહ્યો છે. સમગ્ર બ્રહ્માડમાં સર્વત્ર એ એકજ આત્મા અધિષ્ઠાન-રૂપે સર્વકાલ વિરાજે છે. સમગ્ર દૃશ્ય—અદૃશ્ય વિશ્વ એનુંજ કાર્ય છે. એની સત્તાજ માત્ર સર્વનું જીવન છે, અને તેના અસ્તિત્વમાંજ આ જડ—ચેતન સર્વનું અસ્તિત્વ પ્રતીત થાય છે. સમગ્ર બ્રહ્માંડના મૂળમાં આ પ્રકારની જે વાસ્તવિક એકતા રહેલી છે, તેનો એકાત્મવાદ શ્રવણ કરીને એ આશ્ચર્યકારક મહાન સિદ્ધાંત સાંભળતાંજ ઘણા વિદેશી લોકો એકાએક ભડકી જાય છે. આપણા દેશમાં પણ ઘણા લોકો ભય પામી જાય છે. એ મહાન સિદ્ધાંતનું નામજ વેદાન્તનો અદ્વૈતવાદ છે. જ્ઞાનની ખીલવણીનો પ્રયાસ આજના સભ્ય જગતમાં આટલો બધો વધવા છતાં આ વિચારપ્રધાન યુગમાં પણ એ દિવ્ય સિદ્ધાંતને સ્વીકારનારા કરતાં ધિક્કારનારાની સંખ્યા ઘણી વિશેષ મળી આવે છે. વેદાન્ત—સિદ્ધાંતોનો વિરોધ કરનારની સંખ્યા આ જગતમાં કંઇ નાની સૂની નથી. અદ્વૈત-વાદને માટે જગતમાં આટલો આટલો વિરોધ હોવા છતાં પણ હું તમને નિડરતાથી કહું છું કે, નવું જીવન આપનારો અને મનુષ્ય માત્રને અમરપદ પ્રાપ્ત કરાવનારો અદ્વૈતવાદનો એ મહાન સિદ્ધાંતજ આજના જગતને ઘણો જરૂરનો છે. કોઇપણ વસ્તુની જગતને જો ખરેખરી જરૂર હોય તો તે એ મહાસિદ્ધાંતનીજ છે. કોટિ કોહીનુરોવડે પણ એ સિદ્ધાંતરત્નનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. માત્ર વિદેશીને અથવા પાશ્ચાત્ય પ્રજાઓનેજ તે ઉપયોગી છે એમ

નહિ પરંતુ એ સિદ્ધાંતની આદિ જનની આપણી પુનીત ભારતભૂમિને પણ સાંપ્રતમાં ખાસ એ સિદ્ધાંતનીજ વિશેષ જરૂર છે, કેમકે એ પ્રબલ સિદ્ધાંતના પ્રભાવેજ મુંગા બની ગયેલા દીન, હીન અને દરિદ્રી ભારતવાસીઓને અવનતિની દુર્ગંધમય ખાણમાંથી ઉંચકી બહાર કહાડી ઉન્નતિના દિવ્ય શિખરપર આરૂઢ કરી શકાય તેમ છે. આપણા વ્યવહારમાં, વર્તનમાં અને સઘળાં કાર્યોમાં અદ્વૈતવાદના એ દિવ્ય એકાત્મવાદનો આદર્શ જ્યાં સુધી જાગૃત નહિ થાય, જ્યાં સુધી તેની અસરકારક શક્તિ આપણી સર્વ પ્રવૃત્તિમાં પ્રવિષ્ઠ થઇને આપણી રગેરગમાં નવીન ચેતન અને નવીન વિદ્યુત્પ્રવાહનો ઝરો નહિ રેલાવે, ત્યાંસુધી આપણી પતિત ભારતભૂમિનો કદિ પણ પુનરૂદ્ધાર થવાનો નથી; આપણી ભારતપ્રજાનો કદિ પણ પુનરૂત્કર્ષ થવાનો નથી.

યુક્તિ અને વિચારપ્રધાન પાશ્ચાત્ય જાતિ વિચારવાદને યોગે પોતાનાં સઘળાં તત્ત્વદર્શન અને નૈતિક શાસ્ત્રોની તપાસ કરવા લાગી છે. તર્ક અને વિચારની કસોટીમાં પોતાના સિદ્ધાંતોનું સુવર્ણ કેટલા ટચનું છે, તેની તેઓ બારિકીથી તજવીજ કરવા લાગ્યા છે. પરન્તુ તમે તો સારી રીતે જાણો છો કે કોઇ પણ અમુક એક વ્યક્તિની સંમતિ અથવા બુદ્ધિના આધારપર જગતના નૈતિક સિદ્ધાંતોનું બંધારણ સ્થિર કરી શકાય તેમ નથી. એ મનુષ્ય ગમે તેવો દિવ્ય અથવા મહાન હોય તોપણ જ્યારે તે દેશ અને કાળથી પરિમિત છે, આગલે દિવસે જન્મ ગ્રહણ કરી વળતેજ દિવસે મૃત્યુના મુખમાં જઇ પડે છે, ત્યારે તેના અલ્પ જીવનના અલ્પ અનુભવને યોગે તે જે કંઇ સિદ્ધાંતો બાંધે તેને, તેમજ તેનાં સઘળાં વચન અને અનુમોદનને, અનંત જગતની અનંત પ્રજાના દાર્શનિક સિદ્ધાંતો તેમજ નૈતિક સિદ્ધાંતોના પ્રમાણરૂપ માનવા, તેના જેવી બીજી કોઇ ભૂલ નથી. માત્ર એજ આધાર ઉપર દર્શન અને નીતિના સિદ્ધાંતોનું બંધન કરવામાં આવે તો જગતના મહાન વિચારકો

અને બુદ્ધિશાળી પુરૂષો કદિ પણ એવા પરિમિત વિચારોને મહાન સત્યરૂપે ગ્રહણ કરી શકશે નહિ. બુદ્ધિશાળી પંડિતો તો એવા વ્યક્તિગત અનુમોદન કરતાં કંઇક વિશેષ વજનદાર પ્રમાણોનેજ નૈતિક અને આધ્યાત્મિક નિયમો તેમજ વિચારોના બંધારણમાં વિશેષ મહત્ત્વ આપે છે. નૈતિક નિયમોના પ્રમાણરૂપે એવા બુદ્ધિશાળી પુરૂષો પોતાની બુદ્ધિ ગ્રહણ કરી શકે એવા મહાન સત્યના દિવ્ય સિદ્ધાંતોનીજ વિશેષ અપેક્ષા રાખે છે. અને એકજ અદ્વિતીય, અનંત્ આત્માની સત્યજ્યોતિ વિના બીજે કયે સ્થળે સનાતન સત્યનાં દિવ્ય પ્રમાણો મળી શકે તેમ છે ? એ મહાન સત્ય—એ અનંત આત્મજ્યોતિ તમારામાં, મારામાં અને આ સકળ સંસારમાં, વ્યક્ત તેમજ અવ્યક્તમાં, હૃદય તેમજ આત્મામાં, સમગ્ર બ્રહ્માંડમાં એકસરખી પ્રકાશી રહી છે. આત્માનો અનાદિ અનંત અભેદભાવજ સઘળા નૈતિક સિદ્ધાંતોનું સાક્ષાત્ શાશ્વત પ્રમાણ છે. એ અભેદભાવ સ્પષ્ટ સમજાવે છે કે તમે અને અમે માત્ર ભાઇઓજ નથી, પરન્તુ અભિન્ન એક આત્મરૂપજ છીએ. માનવજાતિને સ્વતંત્ર કરવાના પ્રાણતોડ પ્રયત્ન આદરતા પ્રત્યેક સાહિત્યસેવકના મુખમાંથી સર્વત્ર બંધુભાવ વિસ્તારવાનો ઉપદેશ તો આપણને ઠામ ઠામ મળે છે; નાનાં બાળકો પણ ભ્રાતૃભાવની બહુએ વાતો કરે છે; પરન્તુ વેદાન્તનો એકાત્મભાવ—વાસ્તવિક રીતે અમે, તમે અને બધા મનુષ્યો એકજ છીએ, અનાદિ અભિન્ન છીએ, જે કંઇ ભેદ જણાય તે માત્ર ભ્રમરૂપ છે; અંતર ચક્ષુ ઉઘડતાં પ્રાણી, પદાર્થ સર્વ જગતને પોતાના આત્મારૂપે અનુભવાય છે—એવો બ્રહ્માંડવિજયી સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત તો માત્ર ભારતનાજ દર્શનશાસ્ત્રમાં ઝળહળી રહ્યો છે ! સામાજિક કે વ્યાવહારિક, ઐહિક કે પારલૌકિક સર્વ પ્રકારની નીતિ અને સર્વોત્તમ ધર્મવિજ્ઞાનનો મજબૂત મૂળ પાયો એ સિદ્ધાંતશિરોમણિ અભેદવાદજ છે. આપણા દેશના સામાજિક અત્યાચારથી દુષ્ટ વહેમ અને

રૂઢિના પગ નીચે ચગદાતા સામાન્ય લોકોને એ દિવ્ય સિદ્ધાંત જેટલો ઉપયોગી અને ઉપકારક છે તેટલોજ યુરોપની સુધરેલી પ્રજાને પણ તે આવશ્યક અને ઉપકારક છે.

વાસ્તવિક રીતે જોતાં ઇંગ્લાંડ, જર્મની, ફ્રાન્સ અને અમેરિકામાં આજકાલ જે જે રાજનૈતિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો લેવામાં આવે છે, તે સર્વ સાંપ્રત પ્રયત્નોમાં અદ્વૈતવાદનો એ મહાન સિદ્ધાંતજ અજાણતી રીતે–અવ્યક્તભાવે તેના મૂળ પાયારૂપે સ્વીકારાતો જાય છે. મારા મિત્રો ! તમે લક્ષપૂર્વક જુઓ તો તમને જણાશે કે સાહિત્યક્ષેત્રમાં પણ સમગ્ર માનવજાતિને સ્વતંત્ર બનાવવાના વિચારવાળા–સમગ્ર વિશ્વમાં સ્વતંત્રતા ફેલાવવાની ઉદાર વૃત્તિવાળા સઘળા પાશ્ચાત્ય મહાપુરૂષોનાં વચન તેમજ લેખનમાં ઠામ ઠામ તમને વેદાન્તની અભેદભાવનાના ઉચ્ચ આદર્શો પ્રકટ થઇને જ્યોત ઝળહળાવી વિકાસ પામતા જણાશે. ઘણા પ્રસંગો અને ઘણાં ઉદાહરણોમાં લખનારા પોતે પોતાની પ્રેરણાનું મૂળ ક્યાં છે તે જાણી શકતા નથી, અનેક પ્રસંગોમાં લેખકો એવું સમજાવવાનો યત્ન કરતા જણાય છે કે તેઓ પોતેજ એવા ઉદાર વિચારોના શોધક અને પ્રતિપાદક છે; ત્યારે કેટલાક એવા સજ્જન, સાહસિક, મજબૂત મનના અને કૃતજ્ઞ પુરૂષો પણ મળી આવે છે કે જેઓ ભારતના વેદાન્તદર્શનનેજ પોતાના ઉદાર અભેદવાદના કારણરૂપે સ્વીકારી હિન્દના અદ્વૈતવાદ પ્રત્યે પોતાની ઉપકારવૃત્તિ જાહેર કરે છે.

બન્ધુઓ ! હું જ્યારે અમેરિકામાં હતો ત્યારે મારી સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી કે અદ્વૈતવાદનો હું સર્વત્ર બહુ વિશેષ પ્રચાર કરૂં છું, અને દ્વૈતવાદ કે ભક્તિમાર્ગનો હું ક્વચિતજ પ્રચાર કરૂં છું. એ તેમની ફરિયાદ ખરી છે. દ્વૈતવાદની પ્રેમલક્ષણા ભક્તિ, પ્રભુપ્રેમની પવિત્ર લીલા, અંતરના ઉંડાણમાંથી કરેલી ઉપાસના અને ભક્તિદર્શનની મહત્તા હું પૂરેપૂરી સમજું છું. ભક્તિમાર્ગદ્વારા પરમાત્માની જે ઉછળતા ભાવથી

પ્રેમપૂજા કરવામાં આવે છે તેનો પ્રભાવ અતિ વિશાળ છે. દ્વૈતવાદી પવિત્ર ભક્તિ પણ ઉછળતા આનંદ, સાત્વિક સુખ અને આન્તરિક આશીર્વાદોનું નિધાન છે. અલૌકિક પ્રેમનો મહિમા અપાર છે. તેનું ગગનવ્યાપી ગૌરવ મારાથી જરા પણ અજ્ઞાત નથી, અર્થાત્ તેનું મહત્ત્વ અને તેની ઉપયોગિતા મને સર્વાંશે વિદિત છે. છતાં પણ પ્રિય બન્ધુઓ ! મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે, આત્માનો અખંડાનંદ ભોગવતી વખતે ઘરના ખૂણામાં ભરાઇને રૂદન કરવાનો આપણને સમય નથી. પ્રભુપ્રેમની વિરહવેદનાથી રડી રડીને ઝુર્યા કરવું એ દિવસો હવે જતા રહ્યા છે. આપણે ઘણો લાંબો સમય રૂદન કર્યું છે. રાત્રિની સ્વામિસેવા પછી દિવસના પ્રકાશમાં પતિનાં વ્યવહાર—કાર્ય પણ સંભાળવાની એટલીજ જરૂર છે. દિવસનો જ્ઞાનભાનુ પ્રકાશ્યો છે. ગગનમંડળમાંથી પ્રચંડ રવિપ્રભા વર્ષવા લાગી છે. એ વખતે હૃદયના કોમલ ભાવને પકડીને ઘરના ખૂણામાં રડીને બેસી રહેવું એ યોગ્ય નથી. ભક્તિનો કોમલ પ્રેમભાવ સેવતાં સેવતાં અને પ્રભુના વિરહમાં શેકાતા શેકાતા આપણે રૂની પૂણી જેવા પોચા બની ગયા છીએ. આપણો જુસ્સો, આપણી શક્તિ, આપણું ચેતન અને આપણો પ્રભાવ પ્રેમના વિરહમાં પીગળીને પાણીનું રૂપ ધારણ કરી તેની પણ ક્રમે ક્રમે વરાળ બનીને આપણું સકળ સામર્થ્ય અદશ્ય થવા લાગ્યું છે. એવી કોમળતાને લીધેજ આપણે મુડદાં જેવા જડ અને નિષ્ક્રિય બની ગયા છીએ. સિંહરાશિનો ત્યાગ કરી આપણે તુલારાશિ અને કન્યારાશિ બનતા જઇએ છીએ. હવે જાગ્રત થઇને એ કોમલતા ઉપર લોખંડી કર્તવ્યનું કઠોર પાણી ચડાવો; કેમકે આ જમાનામાં **આપણા દીન દેશને વજ્રના જેવા મજબૂત શરીરની અને ગજવેલના તાર જેવા સખ્ત જ્ઞાનતંતુઓની જરૂર છે.** કોઇથી પણ ન દબાય એવી પ્રબલ અને અસામાન્ય ઇચ્છાશક્તિની આપણા દેશને હાલ ઘણી જરૂર

છે. આ વિશ્વના ગુપ્ત ભેદો તેમજ રહસ્યોને વિંધીને—જગતનું મર્મસ્થાન ભેદી આરપાર નીકળી જઇને પોતાનું કર્તવ્ય સફલ કરી શકે, તેમજ સાતમે પાતાળ ઉતરીને, સમુદ્રના તળીઆમાં પેસીને, ગગનની ટોચપર ચડીને અથવા મૃત્યુની સાથે સામે મ્હોંડે હસતે ચહેરે હાથ મેળવીને પણ પોતાની કાર્યસિદ્ધિ કરી શકે—પોતાની પરમ પ્રાપ્તવ્ય વસ્તુને સહજમાં સ્વાધીન કરી શકે:—એવા અજિત સંકલ્પબળની આપણા દેશને ખાસ જરૂર છે. આપણને અને આપણા દેશને આજની અધોગતિની છાયામાંથી બહાર કહાડવાને માટે જે વસ્તુની પૂરેપૂરી ખાસ જરૂર છે તે વસ્તુ બીજી કંઇજ નહિ પણ અડગ ઇચ્છાશક્તિ અને પ્રબલ આત્મશક્તિ છે. એ સર્વોત્તમ અનંતશક્તિ આપણને બીજે કોઇ ઠેકાણે મળી શકે તેમ નથી. વેદાન્તનો અદ્વૈતવાદજ તેનો ખરો ભંડાર છે. સર્વ પ્રાણી પદાર્થના અભેદભાવનો દિવ્ય આદર્શજ આપણા હૃદયમાં અતુલ શક્તિ ઉત્પન્ન કરી શકે છે, તેનો વિકાસ કરી શકે છે, અને તેને મેરૂના જેવી અચળ તથા મજબૂત બનાવી શકે છે. એ બ્રહ્માંડવ્યાપી અભેદભાવ વેદાન્તના અદ્વૈતવાદ સિવાય બીજે ક્યાં મળી શકે તેમ છે?

બન્ધુઓ! સંકલ્પબળ મેળવો. આત્મશક્તિની ઉપાસના કરો. આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા દૃઢ કરો. આત્મબળમાં સંપૂર્ણ ભરોસો રાખો. દૃઢ શ્રદ્ધા—દૃઢ વિશ્વાસ વધારો. પોતાની શક્તિમાં જેમ જેમ વિશ્વાસ વધતો જશે તેમ તેમ ઉન્નતિ તમારા પગનું પ્રક્ષાલન કરતી ધસી આવશે. મહાન પદ મેળવવાની, ઉન્નતિશિખરપર ચડવાની એજ માત્ર ગુપ્ત ચાવી છે. ભારતવાસી બધુંઓ! જો તમને તમારાં ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા તેત્રીશ કરોડ દેવતાઓમાં વિશ્વાસ હોય અને તે ઉપરાંત વિધર્મી વિદેશી લોકોએ જે જે વિદેશી દેવતાઓની આ દેશમાં આમદાની કરી છે તેમના ઉપર પણ તમને વિશ્વાસ હોય; જલ, વૃક્ષ અને કાષ્ઠ, પાષાણમાં વસતા મૌન ધારણ

કરી બેઠેલા દેવતાઓમાં પણ તમને વિશ્વાસ હોય; પરંતુ એ બધે વિશ્વાસ રાખવા છતાં પણ સર્વથી શ્રેષ્ઠ શક્તિમાન એવો તમારો જે આત્મા તેનામાં જો તમારો સંપૂર્ણ વિશ્વાસ ન હોય, તો નક્કી માનજો કે મુક્તિમાર્ગનાં બારણાં તમારે માટે સદા બંધજ રહેશે. મોક્ષ કે સ્વતંત્રતાના તમે કદિ પણ અધિકારી બની શકશો નહિ અને તમારી આત્મશ્રદ્ધાહીન સ્થિતિનું ભાવી પરિણામ વિનાશમાંજ આવશે. બન્ધુઓ ! જો મોક્ષદ્વાર ખોલવાની અને ઉદ્ધાર પામવાની ઇચ્છા હોય તો પ્રથમ તમારા પોતાનામાં વિશ્વાસ રાખો. તમારા આત્મામાં મેરૂના જેવો દૃઢ અને અડગ વિશ્વાસ રાખો. એ વિશ્વાસના વજ્રપાયા ઉપર પગ ટેકવી તમારા પોતાના પગપર, તમારા પોતાના બલપર ઉભા રહેતાં શીખો અને તન, મન તેમજ આત્માથી બલવાન થાઓ. તમારી નસેનસમાં પ્રબળ આત્મશક્તિનો પ્રવાહ રેલાવો. આ સમયે ખાસ તેનીજ આપણને જરૂર છે. આપણે ત્રીશ કોટિ ભારતસંતાન સહસ્રાવધિ વર્ષો થયાં નિશ્ચેષ્ટ—નિર્વીર્ય બનીને ભૂમિપર આળોટીએ છીએ અને એ સહસ્ર વર્ષોમાં એક મુઠ્ઠીભર વિદેશી જનો આપણા દેહને પદદલિત કરી ગયા તેનું કારણ શું ? તેનું કારણ માત્ર એટલુંજ છે કે એ બલવાન વિદેશી જનોને પોતાની આત્મશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હતો અને આપણને આપણા પોતાનામાં બિલકુલ વિશ્વાસ નહોતો. એથીજ આપણું અધઃપતન થયું છે. પાશ્ચાત્ય દેશોમાંથી હું શું શીખી આવ્યો છું ? ખ્રિસ્તીધર્મનો અભિપ્રાય મનુષ્યજાતિને મહાપાપી, પતિત અને સર્વદા પશ્ચાત્તાપને માટે લાયક જણાવે છે, છતાં એ ઉપર ઉપરનાં પોકળ વચનોની પાછળ પશ્ચિમની બળવાન પ્રજાના હૃદયમાં મેં શું જોયું ? યુરોપ અને અમેરિકાની પ્રજાના સર્વ મનુષ્યોને પોતાની શક્તિપર અડગ વિશ્વાસ રાખતાં મેં જોયા. ઇંગ્રેજનો એક નાનો છોકરો પણ તમને નિડરતાથી કહેશે કે—" હું ઇંગ્રેજ બચ્ચો છું, હું જે કંઇ

ચાહું તે કરી શકું તેમ છું." એવીજ રીતે યુરોપની અને અમેરિકાની બધી પ્રજા આબાલવૃદ્ધ સર્વ દૃઢ આત્મવિશ્વાસી છે. શું આપણા દેશના છોકરા એવાંજ નિડર વચનો કહી શકશે? આપણામાંથી કોઇ પણ મનુષ્ય એવો દૃઢ આત્મવિશ્વાસ બતાવી શકે તેમ છે? ના, જરા પણ નહિ. છોકરા તો શું પણ છોકરાના બાપદાદાના હૃદયમાં પણ એવું આત્મબળ નથી. આપણે નિર્માલ્ય બની ગયા છીએ. આપણો પોતાનો આત્મવિશ્વાસ આપણે ગુમાવી બેઠા છીએ. એટલા માટેજ વેદાન્તના અદ્વૈત વિચારોનો જોર–શોરથી પ્રચાર કરીને દુર્બલ માનવ-જાતિના હૃદયને જાગૃત કરવાની અને તેમના અજરામર આત્માનો મહિમા તેમની આંખ સામે પ્રકટ કરવાની હાલ ખાસ જરૂર છે. મારી માન્યતા પ્રમાણે **પ્રબલ અભેદભાવના વિચારો દૃઢ થયા વિના ભારતનો કદિ પણ ઉદ્ધાર થવાનો નથી.** એટલા માટેજ હું વેદાન્તનો પ્રચાર કરૂં છું. એટલા માટેજ હું અદ્વૈતનો ઉપદેશ આપું છું; અને લક્ષ્યમાં રાખજો કે શંકરના અદ્વૈત સંપ્રદાયની દૃષ્ટિથી નહિ પણ આત્મશક્તિનો સામાન્યભાવે સાક્ષાત્કાર કરાવવાની ઇચ્છાથીજ–સમગ્ર જગત તેને ગ્રહણ કરી શકે એ હેતુથીજ હું તેનો પ્રચાર કરૂં છુ. અદ્વૈતવાદનો પ્રચાર એવી સમાધાનકારક રીતે થઇ શકે એમ છે કે જેથી દ્વૈતવાદી તેમજ વિશિષ્ટવાદીને કશી પણ હાનિ ન પહોંચી શકે; અને સઘળા મત સંપ્રદાયોની પરસ્પર સમતા સારી રીતે જળ-વાઇ રહે. ભારતમાં એવો કોઇ પણ સંપ્રદાય નથી કે જે ઇશ્વરની વ્યાપકતાને માનતો ન હોય. પરમાત્મા ઘટઘટમાં વ્યાપી રહ્યા છે, તેમનીજ ઇશ્વરીશક્તિ સર્વે પ્રાણી–પદાર્થની ગતિ–સ્થિતિના કારણરૂપ છે, અને તે સર્વમાં ઇશ્વરનો નિવાસ છે, એવો હિન્દના પ્રાયઃ સઘળા સંપ્રદાયોનો અભિપ્રાય છે. તેમાં પણ જેટલા વેદાન્તી સંપ્રદાયો છે, તે સઘળા એકમતે સ્વીકાર કરે છે કે આત્મા તો પ્રથમથીજ પરમપવિત્ર,

અતુલ શક્તિવાન અને પરિપૂર્ણ છે. કોઇ કોઇ સંપ્રદાયનો એવો અભિપ્રાય છે કે જીવાત્માની એ સ્વાભાવિક પૂર્ણતા અમુક વખતે સંકુચિત થઈ જાય છે; અને અમુક વખતે પાછી સંપૂર્ણ વિકાસને પામે છે. આટલો મતભેદ હોવા છતાં વેદને પ્રમાણ માનનારા સઘળા સંપ્રદાયો એ તો નિશ્ચયપૂર્વક માને છે કે સકળ શક્તિઓની પૂર્ણતા આત્મામાંજ રહેલી છે. વેદાન્તના અદ્વૈતવાદ અનુસાર તેનો કદિ પણ સંકોચ થતો નથી તેમ વિકાસ પણ થતો નથી; પરન્તુ તેની શક્તિનો ક્રમાનુસાર આવિર્ભાવ અને તિરોભાવ થયા કરે છે. અજ્ઞાનના આવરણના યોગે અમુક સમય સુધી તેની સંપૂર્ણ શક્તિ અવ્યક્ત અને અપ્રકાશિત જણાય છે, અને આવરણ દૂર થતાં તે પુનઃ સંપૂર્ણ રૂપમાં પ્રકાશિત થાય છે. આ બન્ને ભિન્ન ભિન્ન અભિપ્રાયોની તુલના કરી જોવાથી જણાય છે કે પરિણામની દૃષ્ટિએ તો તે બન્ને મત લગભગ એકસમાન છે; અર્થાત્ દ્વૈતવાદ કે અદ્વૈતવાદમાં વિશેષ તફાવત જણાતો નથી. કદાચ એક સંપ્રદાયના સિદ્ધાંતો કંઇક વિશેષ વિચારયુક્ત અને યુક્તિસંગત જણાશે; પરન્તુ પરિણામની દૃષ્ટિએ તેના વ્યાવહારિક હાનિ—લાભમાં બન્નેની પ્રાયઃ સમાનતાજ છે. એ મહાન સત્ય તેમજ મધ્યબિન્દુરૂપ ઉદાર સિદ્ધાંતની જગતને આજે બહુ મોટી જરૂર છે. તેમાં પણ વિશેષ કરીને આપણી આ પુનીત માતૃભૂમિમાં તો સાંપ્રત દેશ—કાળ—સ્થિતિ અનુસારે તેની અનિવાર્ય આવશ્યકતા છે. મારા સન્મિત્રો ! તમને કેટલુંક કઠોર અને તીવ્ર સત્ય સંભળાવવાની પણ મારી ઇચ્છા છે. વર્તમાનપત્રોમાં હું અનેક વાર વાંચું છું કે જ્યારે આપણા ગરીબ દેશવાસીમાંથી કોઇની સાથે અમુક યુરોપિયનનો અસદ્વ્યવહાર જાહેરમાં આવે છે, અથવા કોઇ મગરૂર પાશ્ચાત્ય વ્યક્તિને હાથે આપણા કોઈ ગરીબ દેશવાસીનો વિના કારણે ઘાત થયેલો જાણવામાં આવે છે, ત્યારે આપણા લોકો સમગ્ર દેશમાં શોરબકોર અને ધાંધલ

મચાવી મૂકે છે. એવા પ્રસંગ જ્યારે હું વાંચું છું ત્યારે હું પુષ્કળ રડું છું, પણ બીજી પળે મારા અંતઃકરણમાં પાછો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એવા કુટિલ વ્યવહાર અને ત્રાસની જવાબદારી કોને શિર છે? એક વેદાન્તી તરીકે એ પ્રશ્નની જવાબદારી હું પોતે મારા માથાપર મૂકું છું. હિન્દુધર્મનો આન્તરિક સ્વભાવ વસ્તુમાત્રને આધ્યાત્મિક દૃષ્ટિથી જોવાનો છે, એથી હું એ પ્રશ્ન મને પોતાનેજ પૂછું છું કે, નિર્દોષની હત્યા તેમજ કુટિલ વ્યવહારને માટે વિશેષ દોષપાત્ર કોણ છે? તરતજ મારા અંતરાત્મામાંથી જવાબ મળે છે કે–" એવા બનાવના નિમિત્ત કારણરૂપ યુરોપિયન તેને માટે દોષપાત્ર નથી. આપણી સાથે કરવામાં આવતા અસદ્‌વ્યવહારને માટે તેઓ બિલ્કુલ જવાબદાર નથી. આપણી ભયંકર અધોગતિ, આપણી વિવિધ આપત્તિ અને આપણા વિષમ વિનિપાતને માટે આપણે ને આપણે પોતેજ મુખ્ય દોષપાત્ર છીએ." મધ્યકાલીન આપણા મદમસ્ત પૂર્વજો–પોતાની સત્તાના મદને-લીધે અંધ થયેલા આપણા પૂર્વ પુરૂષો આપણા દેશના સામાન્ય જન-સમાજને પોતાના ચરણતલ નીચે ચગદીને આજ સુધી તેમની સાથે એવો કુટિલ વ્યવહાર કરતા આવ્યા છે કે ગરીબ અને સામાન્ય પ્રજાવર્ગ છેકજ અસહાય, નિરાધાર હાલતમાં આવી પડ્યો, અને ચોમેર ચાલી રહેલા તુમુલ તોફાનમાં અસહ્ય ત્રાસ વેઠતા આપણા દીન દેશી-ઓનું એવું પ્રબલ પેષણ થવા લાગ્યું કે તેઓ પોતે મનુષ્ય પ્રાણી છે, એવું પણ તે ભૂલી ગયા! અનેક શતક સુધી તેઓ બિચારા વનમાંથી લાકડાં કાપી લાવવાનું અને કુવામાંથી પાણી ખેંચવાનું કામજ કરતા રહ્યા છે. ઉન્નત વ્યવહાર–જીવનનું તેમણે કદિ સ્વપ્ન પણ ભોગવ્યું નથી. તેઓ જન્મથીજ દાસાનુદાસ કે અધમ ગુલામ હોય અને પાણી ભરવા કે લાકડાં કાપવાનેજ તેઓ જન્મ્યા હોય, એવુંજ માનવાની તેમનાપર શિરજોરીથી ફરજ પાડવામાં આવે છે. આધુનિક

સમયની કેળવણીને માટે આપણે અભિમાનથી ગમે તેટલા ફુલાઇ જતા હોઇએ, પરન્તુ ઉચ્ચ શિક્ષણને પ્રતાપે હૃદયની જે ઉદારતા થવી જોઇએ તેનો આપણામાં એક અંશ પણ નથી. શૂદ્રાતિશૂદ્ર ગણાતા અસ્પર્શ્ય જાતિના આપણાજ દેશવાસી ગરીબ બંધુઓને માટે જ્યારે કોઇ પણ દિશામાં દયા, મમતા અને લાગણીના બે શબ્દ સાંભળવામાં આવે છે, ત્યારે તરતજ આપણા ધર્મઢોંગી મહાપુરૂષોને તિરસ્કારથી પાછા હઠતા જોઈ મારૂં હૃદય ચીરાઇ જાય છે. એ હલકી જાતિના મનુષ્યોને ઉન્નતિના માર્ગમાં આગળ વધારી ઉદ્ધાર કરવાના આપણા કર્તવ્યમાંથી—તેમને નિષ્કારણ ચરણતલ નીચે ચગદાઇ જતી સ્થિતિમાંથી બચાવી લઈ તેમનું કલ્યાણ કરવાના ઉદાર કર્તવ્યમાંથી, આપણા જે મનુષ્યો પાછા હઠે છે, તેઓજ આપણા ઉપર ચાલેલા વિદેશી અત્યાચારના મુખ્ય દોષ પાત્ર છે; એટલુંજ નહિ પણ વિશેષમાં મને જણાય છે કે જે પશુવૃત્તિવાળા રાક્ષસી વિચારોવડે વંશપરંપરાની શ્રેષ્ઠતાનો દાવો ધરવામાં આવે છે, અને એ પક્ષપાતી દુષ્ટ દાવાથી ઈશ્વરનાંજ સંતાનો અને ખાસ પોતાનાજ દેશબંધુઓને છેક હલકા ગણી તેમની છાયાથી પણ દૂર રહેવામાં આવે છે, એ મહાપાપનેજ પ્રતાપે બાહ્ય દેશોમાંથી પશુવૃત્તિ અને ત્રાસજનક અત્યાચારોના પ્રવાહ આવે છે. અમેરિકામાં જે મહાન ધાર્મિક પરિષદ્ ભરાઇ હતી ત્યાં વિવિધ ધર્મ અને વિવિધ જાતિના પ્રતિનિધિઓમાં આફ્રિકાની નીગ્રો જાતિનો એક યુવક મારી નજરે પડયો; અને આશ્ચર્યની વાત છે કે આફ્રિકાના એ કાળા નીગ્રોએ એ મહાસભામાં એક સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. એ ચંચલ અને ઉત્સાહી યુવક માટે મને કુતૂહલ ઉત્પન્ન થયું અને તેના વિશે કંઇક વિશેષ જાણવાની જિજ્ઞાસા પ્રદીપ્ત થઇ. વચ્ચે વચ્ચે થોડો સમય મેં તેની સાથે વાતચિત કીધી; પરન્તુ તેના જીવનવૃત્ત સંબંધી એક અક્ષાક્ષર પણ મારા જાણવામાં

આવ્યો નહિ. એ પ્રસંગને કેટલોક સમય વીતી ગયા પછી જ્યારે હું ઇંગ્લાંડમાં હતો ત્યારે કેટલાક અમેરિકાવાસી સદ્દગૃહસ્થોની સાથે મને મેળાપ થયો. તેમણે એ નીગ્રો યુવકના સંબંધમાં મને આ પ્રમાણે હકીકત જણાવીઃ—એ ચંચલ નીગ્રો યુવક એક નીગ્રો જાતિના અગ્રેસરનો પુત્ર હતો. તેમનું કુટુંબ મધ્ય આફ્રિકામાં રહેતું હતું. એ યુવકનો પિતા નીગ્રો જાતિના એક ટોળા ઉપર સરદારી ભોગવતો હતો. દૈવવશાત્ એક બીજા પ્રબળ નીગ્રો સરદાર સાથે તેના પિતાને વિરોધ થયો. બન્ને વચ્ચે અમુક સમય સુધી વૈર અને દ્વેષવડે પ્રકટેલા ક્રોધાગ્નિને પરિણામે યુવકનો પતા દુશ્મનના કાવા—દાવાનો ભોગ થઇ પડ્યો. રાક્ષસવૃત્તિના પ્રબલ નીગ્રો સરદારે તેના પિતાની સાથે, તેની માતાનું પણ ખૂન કર્યું અને એ દુષ્ટોના હાથમાં ભોગ થઇ પડેલાં દંપતીને એ દુષ્ટો કાપી રાંધીને ખાઇ ગયા. તેમના એકના એક છોકરાને પણ પકડી રાંધીને તેની મીજબાનીઓ ઉડાવવાની ગોઠવણ ચાલતી હતી, પરન્તુ પ્રભુકૃપાએ છોકરો તેમના હાથમાંથી નાશી છૂટયો અને અનેક વિષમ વિપત્તિઓ વેઠતો સેંકડો કોશના સખ્ત પ્રવાસનું ભયંકર સંકટ સહન કરતો કરતો, ઠામ ઠામ લપાતો—છૂપાતો સમુદ્રકિનારે આવી પહોંચ્યો. ત્યાં પ્રભુકૃપાથી અમેરિકાની એક આગબોટ ઉપર તેને ઉંચકી લેવામાં આવ્યો. એજ આગબોટમાં તેને અમેરિકા સુધી લાવવામાં આવ્યો હતો. મનુષ્યખાઉ ક્રૂર પશુજેવી નીચ જાતિમાંથી ઉત્પન્ન થયેલા એજ યુવકે અમેરિકાની ધર્મસભાની રંગભૂમિ ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. આવા પ્રસંગો જોયા પછી તમારી વંશપરંપરાની શ્રેષ્ઠતા માટે અને તમે પોતે પોતાને હાથે ધારણ કરી લીધેલી મહત્તાને માટે મારે શું વિચારવું ? જો વંશપરંપરાની ને જન્મથી માની લીધેલી શ્રેષ્ઠતાને યોગે એક ચંડાલ અથવા પેરિયા કરતાં વેદાધ્યયન કરવામાં બ્રાહ્મણોનો અધિકાર વિશેષ હોય તો એ બ્રાહ્મણોના શિક્ષણ-

માટે રાતી પાઇ પણ ખરચવી તે મહાપાપ છે; અને તેને બદલે પ્રભુના જ્ઞાન અને પ્રકાશથી વંચિત રહેલા, અતિ શૂદ્ર અને અધમ લાચાર લોકોને શિક્ષણ આપવામાં તથા તેમના પ્રત્યેક અપવિત્ર ઝુંપડાને પ્રભુના પ્રકાશથી પવિત્ર કરવામાં મહાન પુણ્ય સમાયેલું છે. જો દાન આપવુંજ હોય તો દીન અને દુઃખીનેજ આપો, કેમકે તેમને તમારા દાનની ખાસ જરૂર છે. તેઓ તમારા દાનનો ઉત્તમ ઉપયોગ કરી શકશે અને તેમના હૃદયના આશીર્વાદથી તમારૂં પરમ કલ્યાણ થશે. બ્રાહ્મણ જન્મથીજ વેદનો અધિકારી હોવાથી અને માતાના ગર્ભમાંથીજ બુદ્ધિ—શક્તિ સાથે લાવેલો હોવાથી તમારી સહાય કે તમાર દાન વગરજ પોતાના સ્વાભાવિક શક્તિપ્રભાવે યથેચ્છ શિક્ષણ લઇ શકશે. હલકી જાતિમાં જન્મ પામનારા જન્મથીજ એવા બુદ્ધિશાળી ન હોય તથા ઉત્તમ અધિકાર લઇને જન્મ્યા ન હોય તેથી તો તેમનેજ શિક્ષણ અને શિક્ષકની વિશેષ આવશ્યકતા છે. એ બન્ને સાધન તેમને વિશેષભાવે હૃદયપૂર્વક પૂરાં પાડો. મારી સમજણ પ્રમાણે એજ યોગ્ય વિચાર અને ન્યાય છે. આપણા દેશના હલકી જાતિના ગરીબ અને દુઃખી લોકો, પક્ષપાત અને ત્રાસ નીચે ચગદાતા આપણી ભારતમાતાનાં દીન સંતાનો, તેમને યોગ્ય શિક્ષણ આપી, સંપૂર્ણ સહાય કરી, તેમનું યથાર્થ સ્વરૂપ સમજાવી તેમનો ઉદ્ધાર કરવામાં જે પુણ્ય સમાયેલું છે, તેની સાથે જગતના બીજા કોઇ પુણ્યને સરખાવી શકાય તેમ નથી. બંધુઓ ! જન્મના કે જાતિના, ધર્મ કે દેશના કશા પણ મતભેદવિના, નિર્બલ કે સબલ, શ્રીમાન તેમજ ગરીબ, પ્રત્યેક સ્ત્રી, પુરૂષ કે બાલકને ખુલ્લા હૃદયથી સંભળાવો ને શિખવો કે, સબળ તેમજ નિર્બળની પાછળ, ઉંચ તેમજ નીચની પાછળ, અમીર તેમજ ફકિરની પાછળ, મનુષ્ય માત્રની પાછળ, તેના સ્થૂલ શરીરના પડદા પાછળ એજ સર્વવ્યાપી અનંત આત્મા વિલસી રહ્યો છે; અને એ આત્માને

પ્રભાવે પ્રાણિમાત્રને શ્રેષ્ઠ અને મહાન થવાનો સંપૂર્ણ અધિકાર છે. પ્રભુપદની પૂર્ણતાને પામવાનો પ્રાણિમાત્રને એક સરખો હક્ક છે. આત્મશક્તિ અને ચેતનસત્તાનો વારસો નિષ્પક્ષપાત પરમાત્મા તરફથી સર્વને એકસરખોજ મળેલો છે. એ નિષ્પક્ષપાત પ્રભુના નિષ્પક્ષપાત આદર્શને અંતરમાં ઉતારી પ્રત્યેક આત્માને નિષ્પક્ષપાત બુદ્ધિવડે ઉદ્ઘોષ કરી મહાન વેદમંત્ર સંભળાવો કેઃ—"**उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत.**" ઉઠો, જાગ્રત થાઓ અને પરમ પ્રાપ્તવ્યની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ઉત્સાહથી આગળ વધો. જડ નિદ્રાને લાત મારી દૂર કરો. પ્રમાદના યોગમાં પુરૂષાર્થ બલથી ઉપાડો અને દીનતા તેમજ દુર્બલતાની જાદુઇ નિદ્રામાંથી જાગી ઉઠો. જાગીને તમારી અનંત શક્તિ તરફ નજર કરો. વાસ્તવિક રીતે કોઇ પણ નિર્બળ અથવા નિર્માલ્ય નથી. પ્રત્યેક વ્યક્તિના અંતરાત્મામાં સર્વોત્તમ, સર્વવ્યાપી અનંત આત્મશક્તિ સ્વાભાવિક રીતેજ ભરપુર રહેલી છે, માટે નિદ્રાને ખંખેરી ઉત્સાહભેર જાગ્રત થાઓ. તમારા પોતાના પગ પર ઉભા રહો. તમારા સ્વરૂપનો નિશ્ચય કરો. તમારી પોતાની પ્રબલ શક્તિની અજમાયશ કરો અને પ્રબલ ઘોષપૂર્વક તમારા હૃદયમાં વિરાજતા પરમાત્માને પ્રકટ કરો. પાછા હઠીને, દીનતા બતાવીને, ભીરૂ બનીને તમારી પોતાની આત્મશક્તિનો અસ્વીકાર ન કરો. આપણી પ્રજામાં બહુ લાંબા સમય થયાં પ્રબલ પ્રમાદ, અનંત આલસ્ય, નિષ્ક્રિય જડતા, અપાર દુર્બલતા, દીનતા અને પ્રબળ મોહવિકાર પોતાનો અધિકાર જમાવી રહ્યાં છે. આધુનિક હિન્દુ બંધુઓ તમારા ઉપર ફેલાએલી મોહજાલને કાપી નાખો. જડ પ્રમાદની મોહક મંત્રશક્તિએ તમારા હાથ—પગમાં અશક્તિની જે લોહમય બેડીઓ નાખેલી છે તેને કર્તવ્યના વજ્રથી છિન્ન ભિન્ન કરી નાખો અને આ સંસારમાં પૂર્ણ સ્વતંત્ર—મુક્ત બનીને સનાતન ધર્મના દિવ્ય માર્ગમાં આગળ વધો. તમારાં સર્વ બંધનોને દૂર કરવાનો ઉપાય

તમારાં પોતાનાં પવિત્ર શાસ્ત્રોમાંજ છે. પ્રથમ તમે પોતે આત્મવિશ્વાસ-પૂર્વક આત્મસ્વરૂપ પ્રાપ્ત કરો; અને પછી વ્યાવહારિક આત્મજ્ઞાની બનીને હિન્દુ જનસમાજને સર્વશક્તિપૂર્ણ આત્મસ્વરૂપ તેમજ આત્મસ્વભાવનો ઉપદેશ આપો. એ આત્મશક્તિ કેવી રીતે જાગી ઉઠે છે તેની દિવ્ય-જ્યોતિનાં દર્શન કરાવવા માટે પ્રબલ નિદ્રાના ઘોર ઘેનમાં ઘેરાયેલા દેશવાસીઓને જાગ્રત કરો. વેદાન્તના ડંકા વગાડી તેમની કુંભકર્ણના જેવી ઘોર નિદ્રાનો ભંગ કરો. જ્યારે જાગ્રતિ આવશે અને પ્રમાદની નિદ્રામાં પ્રસુપ્ત થયેલો દેશનો આત્મા પ્રબુદ્ધ બનીને પોતાના સ્વરૂપનો પ્રભાવ સંપૂર્ણ સમજી શકશે, ત્યારેજ પૂર્વનું ગૌરવ પાછું પ્રાપ્ત થશે; ત્યારેજ સર્વ પ્રકારની મહાશક્તિઓ પોતાની મેળે પાછી આવશે; અને ત્યારેજ મહી-તલમાં આ ભારતવર્ષ પોતાનો મહિમાધ્વજ પુનઃ ફરકાવશે. સાધુતા અને સાત્વિકતા, પવિત્રતા અને ઉદારતા, તેમજ જે કંઇ સાર સાર છે, જે કાંઇ સાત્વિક સુખરૂપ સર્વનું કલ્યાણસાધક છે, તે પોતાની મેળેજ સમગ્ર બ્રહ્માંડમાંથી ખેંચાઇ એકઠું થઇને તમારી આત્મશક્તિના કેન્દ્ર-સ્થાનમાં અનાયાસે હાજર થશે. તમારી જે જે ઉચ્ચ ભાવના છે, તે સર્વ સફલ થશે; તમારી સઘળી માગણીઓ તમને પોતાની મેળે મળી રહેશે. ઉપનિષદના સર્વોત્તમ સારરૂપ શ્રી કૃષ્ણની ઉપદેશવાણી ગીતાજીમાં પણ સત્વ અને સારરૂપ આ બે શ્લોકો પ્રબળ જુસ્સાથી સર્વોત્તમ પદપરથી ધસી આવતા મને જણાય છે. એ શ્લોકો કેવા બલપ્રદ અને કેવા સાહસિક ઉદારભાવને જગાડનારા છે, તેનો તમે પોતેજ વિચાર કરી લો. સાંભળોઃ—

" **समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्**
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति
समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम्
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् "

અર્થાત્ 'સર્વ નાશવંત પ્રાણિ–પદાર્થોમાં, જે મનુષ્ય અવિનાશી પરમેશ્વરને સમભાવે વ્યાપી રહેલા જુએ છે, તેજ યથાર્થ જોઇ શકે છે; કારણ કે સર્વત્ર–સર્વ જડ ચૈતન્યમય બ્રહ્માંડમાં–ઇશ્વરને સમાનભાવે વ્યાપી રહેલા જોઇને આત્માદ્વારા તે આત્માની હિંસા કરતો નથી, અને એવી અહિંસાયુક્ત સમાન વૃત્તિથી તે અનાયાસે પરમ ગતિને પામે છે, અંતિમ લક્ષની સહજમાં પ્રાપ્તિ કરી શકે છે.'

આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે વેદાન્તવિચારદ્વારા આ દેશમાં તેમજ અન્યત્ર વિશાળ રીતે લોકહિત તેમજ જનસેવા સાધી શકાય છે. આ લોક તેમજ પરલોકની સદ્ગતિ સહજમાં મેળવી શકાય છે. માનવજાતિનું આ જગતમાં હિત કરવાનો વેદાન્ત જેવો બીજો કોઇ પ્રબળ માર્ગ નથી. આ દેશમાં તેમજ બીજા સર્વ દેશોમાં માનવજાતિના ત્રિવિધ તાપ દૂર કરવા માટે અને તેમનો ઉત્તરોત્તર ઉત્કર્ષ કરવા માટે સર્વશક્તિમાન પરમાત્માની સર્વત્ર એકસરખી રીતે વ્યાપી રહેલી આત્મસત્તાના અદ્ભુત સિદ્ધાંતયોગે પ્રાણિમાત્રના કલ્યાણનો વેદાન્તધર્મ સર્વત્ર વિસ્તારવો જોઇએ. જ્યાં જ્યાં દુષ્ટતા અથવા અનિષ્ટ નજરે પડે, જ્યાં જ્યાં અજ્ઞાનનો અંધકાર ફેલાયલો હોય, તેમજ જે જે સ્થળે દુઃખ, દરિદ્રતા અને દીનતા વ્યાપી રહ્યાં હોય, ત્યાં ત્યાં એ બધી દુર્દશા માત્ર ભેદબુદ્ધિ, પરસ્પરના અભાવ, વિરોધ અને કુસંપને લીધેજ થયેલી હોય છે, એવું આપણાં શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેલું છે, અને મારા જાતિ અનુભવથી આપણા એ સિદ્ધાંતને પરિપૂર્ણ પુષ્ટિ મળી છે. બીજી તરફ સર્વત્ર સમાનભાવ અને અભેદબુદ્ધિ રાખવાથી તેમજ ભિન્ન ભિન્ન જણાતા આ સકલ પ્રાણિ–પદાર્થોમાં વાસ્તવિક એકજ પરમસત્તા વ્યાપી રહી છે, એવો દૃઢ વિશ્વાસ ધારણ કરવાથી ત્રણે પ્રકારના તાપ–સંતાપ નષ્ટ થાય છે, દુઃખ, દીનતા અને દારિદ્ર દૂર થાય છે, અને સર્વ પ્રકારનાં સર્વના પરમ કલ્યાણનાં દ્વાર

ઉઘડી જાય છે. વેદાન્તનો આજ ઉંચામાં ઉંચો આદર્શ છે. વેદાન્ત-ભાવનાનું આજ સર્વોત્તમ ફલ છે.

બન્ધુઓ ! માત્ર ધાર્મિક શ્રદ્ધા કે વિશ્વાસથી ઉંચો આદર્શ ધારણ કરવો એ એક સામાન્ય વાત છે, પણ પોતાના હમેશના ચાલુ જીવનની ઝીણી—મોટી પ્રત્યેક બાબતોમાં એજ ઉચ્ચ આદર્શ અનુસાર વર્તન કરવું, મનસા, વાચા, કર્મણા, ઉન્નત આદર્શના ઉચ્ચ-તમ શિખરપર ચડવાનો નિયમિત પુરૂષાર્થ કરવો એજ ઘણી મહત્ત્વની વાત છે. પ્રતિભા અથવા કલ્પનાના યોગે એકાદ ઉંચો આદર્શ આંકી બતાવવો એજ સારી વાત છે. એવી પ્રતિભા ખરેખર પ્રશંસાપાત્ર છે. આપણી પ્રજા એવા ઉંચા આદર્શો આજે હજારો વર્ષથી આંકતી આવી છે; પરન્તુ તેમની દિવ્ય ચેતનાને પોતાના જીવન અને વર્તનમાં નસે નસમાં વહેતી કરી આરંભેલા ઉચ્ચ આદર્શોને પહોંચી વળવાના વ્યાવહારિક પ્રયત્નો કયાં છે ? પોતાના કર્તવ્યોમાં એજ આદર્શોને ખડા કરવાનો દૃઢતાપૂર્વક ઉપાય કોણ કરે છે ?

અહીં સ્વાભાવિક રીતે ગુંચવણ ભરેલો અને કઠિન પ્રશ્ન ઉપ-સ્થિત થાય છે. એ પ્રશ્ન આપણા દેશમાં હજારો વર્ષથી ચર્ચાતો સામાજિક સુધારાનો અને જ્ઞાતિવ્યવસ્થાનો છે. હું તમને અહીં સ્પષ્ટ અને નિખાલસ ભાવથી કહું છું કે હું એ પ્રકારનો સામાજિક સુધારક નથી, તેમ જ્ઞાતિબંધનનો વિરોધી પણ નથી. તમારી જ્ઞાતિઓના ઝગડા સાથે અથવા તમારા કહેવાતા સામાજિક સુધારાના પ્રયત્નો સાથે મારે વિશેષ સંબંધ નથી. જે જ્ઞાતિ અથવા જે વર્ણસ્થિતિમાં તમારી ઇચ્છા હોય તેમાં સુખેથી રહો, કોઇ તમને પ્રતિબંધ કરતું નથી; પણ એથી બીજી જ્ઞાતિ કે બીજા મનુષ્યોનો તિરસ્કાર કરવાનું તમને શું કારણ છે ? તમારી જ્ઞાતિ, તમારો ધર્મ, તમારો મત અને તમારૂં સ્વાભિમાન જેમ તમને પ્રિય છે, તેમજ દરેક મનુષ્યને પોતપોતાનું

મંતવ્ય અને સામાજિક બંધારણ પ્રિય હોય છે. તમારા દૃષ્ટિબિંદુથી જેમ તમે પોતાની પરિસ્થિતિ ઘડો છો, તેમજ દરેક પ્રાણી પોતાના દૃષ્ટિબિંદુથી પોતાનું જગત રચે છે. તમારૂં તમારે માટે સારૂં છે, મારૂં મારે માટે સારૂં છે, અને બીજાનું બીજાને માટે સારૂં છે. મારૂં સારૂં અને તમારૂં નઠારૂં એમ કહેવાનો મને શો હક્ક છે? મિથ્યાભિમાનથી દૂર રહો, અભાવ અને ધિક્કારથી પણ દૂર રહો; કારણ કે ધિક્કારથી ધિક્કારજ મળશે અને પ્રેમથી પ્રેમજ મળશે. સમગ્ર જગતમાં હું માત્ર પ્રેમ અને અભેદભાવનોજ પ્રચાર કરૂં છું. પ્રેમનો પ્રચાર એજ મારો મહદ્ધર્મ છે. મારા ઉપદેશ અને ધર્મશિક્ષણનો પાયો આત્માની વિશ્વવ્યાપકતા, સમભાવ અને અભેદભાવના મહાન વેદાન્તસિદ્ધાન્તોના આધારપરજ રચાયો છે. લગભગ સો વર્ષ થયાં આપણા દેશ ઉપર કપોલકલ્પિત, તેમ કોઇ ઠેકાણે શાસ્ત્રીય સામાજિક સુધારણાનાં વિવિધ સ્વરૂપોની ભરતી ચઢવા માંડી છે. ઠામ ઠામ નવા નવા રૂપમાં સામાજિક સુધારાની દરખાસ્તો રજુ થાય છે, અને અનુકૂલ–પ્રતિકૂલ સંયોગોમાં વિકાસ કે સંકોચ પામતી જાય છે. આજના એ સુધારકોનો કંઇ પણ દોષ કાઢવાનું મારે કંઇ અંગત કારણ નથી. મારી માન્યતા પ્રમાણે તેમાંના ઘણા શુદ્ધ હૃદયથી કામ કરનારા, દેશની દાઝ ધરાવનારા અને પોતે હાથ ધરેલા કાર્યને સારી રીતે સમજનારા છે, અને અમુક અંશે તેમના હેતુ અને ઉદ્દેશો પ્રશંસાપાત્ર પણ છે; પરન્તુ એ સો વર્ષ દરમિઆન સામાજિક સુધારાને નામે જે અગણિત યત્નો થયા છે અને થાય છે, તેનું કંઈ સ્થાયી, ઉપકારક અને મૂલ્યવાન પરિણામ સમગ્ર દેશના કોઇ પણ ભાગમાં આજ સુધી પ્રકટયું હોય એમ જણાતું નથી, તેમ એવા પ્રયત્નોને જન–સમાજ વધાવી લેવાને તત્પર હોય એમ પણ જણાતું નથી. જાહેર અથવા સાંપ્રદાયિક રંગભૂમિઉપર ખુલ્લી હવામાં અથવા કોઈ સંસ્થાના મંદિરમાં ઠામ ઠામ હજારો

સભાઓ ભરાય છે; જોરશોરથી જાહેર ભાષણોના ધ્વનિ કર્ણપટ પર અથડાય છે કે નવું જણાતું જે કંઇ વિદેશી તે બધું સારૂં, સંગ્રહવા લાયક અને હૈયાનો હાર કરી રાખવા લાયક છે; પરંતુ મારે સખેદ કહેવું પડે છે કે આપણી આજની ઘણી ખરી સુધારક ચળવળો વિચાર વગરના તારતમ્યહીન પાશ્ચાત્ય અનુકરણમાંજ સમાઇ રહી છે. આપણા દેશ, કાળ અને સ્થિતિને ઘણી રીતે લાગુ ન પડે તેવા પશ્ચિમના કાર્યના માર્ગો અને આચાર–વિચારોને આંખ મીચી સ્વીકારીને આપણા પ્રજાવર્ગમાં પ્રચલિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, પરન્તુ ભારતમાં એવા વિચાર વગરના આચાર–વિચારના પ્રયત્નો કદી પણ ચાલી શકશે નહિ; તે સ્થાયી રૂપ કદી પણ ધારણ કરી શકશે નહિ. દૂરદર્શિતાથી દેશ–કાળ–સ્થિતિ તપાસી, હિતાહિત પરિણામનો પૂર્ણ વિચાર કરીને, આપણા ગરીબ દેશ અને આપણી સારી સ્થિતિને બંધબેસતા આવે એવાજ સુધારા અને રિવાજો જ્યાંસુધી હાથ ધરવામાં નહિ આવે ત્યાં સુધી આપણાં બધાં આધુનિક સામાજિક આંદોલનો વંધ્યત્વ સ્થિતિમાંજ રહેશે. એનું સારૂં કે સ્થાયી પરિણામ આવે એવી આશા રાખવી એ મૃગજળ સમાન છે. બીજી વાત એ લક્ષમાં રાખવાની છે કે પ્રજાવર્ગને ઉતારી પાડી તિરસ્કાર અને નિષેધથી સુધારાના હવાઈ મહેલને સ્થાયી કરવાનો ખ્યાલ કરવો તે સર્વથા વ્યર્થ છે. આપણા જનસમાજમાં–ત્રીસ કરોડ જનસંખ્યાના આપણા વિશાળ હિંદવાસીઓમાં અનેક દોષો આજે દીર્ઘ સમયથી ઘર ઘાલી બેઠા છે, તે એક બાલક પણ સ્પષ્ટ રીતે જોઇ શકે છે; પરન્તુ દોષો અથવા ન્યૂનતા જગતની કયી પ્રજા અને કયી જાતિમાં નથી ? કયો જનસમુદાય સર્વ વાતે સંપૂર્ણ અને સર્વજ્ઞ છે? મારા સ્વદેશી બન્ધુઓ ! મારા આ જગત સાથેના દીર્ઘ પરિચય ઉપરથી આ પ્રસંગે હું નિઃસંકોચ રીતે કહી શકું છું કે, આ જગતના વિવિધ દેશોમાં વસતી વિવધ પ્રજા અને જાતિઓ સાથે

આપણી હિંદુપ્રજાની તુલના કરી જોતાં મને સંપૂર્ણ ખાતરી થઇ છે કે ઉચ્ચ પ્રકારની નીતિ, પવિત્રતા, સરલતા અને દિવ્યતાનું દર્શન જેટલે અંશે આપણી જાતિમાં થઇ શકે છે, તેમજ માનવજાતિને સર્વાંશે સુખી બનાવવાના ઉપર્યુક્ત હેતુ અને યોજનાઓ પૂર્વક જે સંસ્થા અને પ્રથાઓ આપણા દેશમાં પ્રચલિત છે, તે સર્વથા સર્વોત્તમ છે. ખરૂં પૂછો તો મને કોઇ પણ પ્રકારના સુધારા કે સંશોધનની કશી પણ આવશ્યકતા જણાતી નથી. આજના કહેવાતા સુધારાનું નામ સાંભળતાં પણ મને કમકમાટી છૂટે છે! મારો આદર્શ આપણી પોતાની પ્રથાઓને પ્રજાકીય દૃષ્ટિથી નિર્મલ, પરિપૂર્ણ તેમજ વિકસિત બનાવી દેશ–કાલના કુસંસર્ગથી તેમનામાં જે મલિનતા પેઠી હોય તેનું માત્ર સંમાર્જન કરી પ્રાચીન ઉજ્જવલ સ્વરૂપમાં તેનો પુનરુદ્ધાર કરવાનોજ છે. આપણા દેશના પ્રાચીન ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરતાં અનાયાસે જોઇ શકાય છે કે માનવજાતિના વિકાસ અને સુધારાને માટે સ્વાર્થરહિત ઉદાર વિચારપૂર્વક જેટલો પરિશ્રમ આપણા દેશે કરેલો છે, તેટલો જગતના બીજા કોઇ પણ દેશ તરફથી થયો નથી. ધર્મશાસ્ત્રોના અને પ્રાચીન ઇતિહાસના સૂક્ષ્મ અવલોકનને યોગે એ વિષયમાં મારી સંપૂર્ણ ખાતરી થઈ ચૂકેલી છે. એથીજ મારા દેશની પ્રથા અને મારી પ્રજાના રીતિ-રિવાજો માટે મારી પાસે અભાવ અથવા તિરસ્કારનો શબ્દ નથી. બહુ વધારે કહું તો એટલુંજ તમને કહેવા જેવું છે કે આજ સુધી તમે ઘણું સારૂં કાર્ય કરેલું છે; પરન્તુ એથી પણ વધારે સારૂં કરવાનો યત્ન આદરો. દૂર દૂરના ભૂતકાલમાં ભારતભૂમિએ ઘણાં મહાન કાર્યો સિદ્ધ કરી પોતાનો શ્રેષ્ઠ પારમાર્થિક પાઠ ભજવી બતાવ્યો છે; અને ભાવીના ગર્ભમાં એથી પણ વધારે ઉત્તમ કાર્યોને માટે સ્થળ તેમજ સમયનો સંપૂર્ણ અવકાશ છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આ કર્મભૂમિ ભારતમાં વસનારા આપણે સુસ્ત બનીને કદિ પણ સ્થિર કે નિષ્ક્રિય રહી શકીએ

તેમ નથી. ધર્માન્ધ જુના વિચારના હિંદુવર્ગ ઉપર ઉપહાસપૂર્વક કરવામાં આવતા આક્ષેપોનાં મહાભારત જેવડાં પુસ્તકો રચાય છે, અને બિચારી અધઃપતિત હિંદુજાતિનો ઉદ્ધાર કરવાને આજનો સુધારક ભારતના વાતાવરણને ધમધમાવી રહ્યો છે; છતાં પણ શોચનીય વાત એજ છે કે તેનું કંઇ શાશ્વત વ્યાવહારિક સારૂં પરિણામ જણાતું નથી. આ પ્રમાણે પાણીપર કરેલા લીસોટાની પેઠે સુધારાના પ્રબલ પ્રયત્નો છેકજ વ્યર્થ નીવડે છે તેનું કારણ શું? દોષનું મૂળ ક્યાં રહેલું છે? જરા દીર્ઘ વિચાર કરી જોઇશું તો તેનું કારણ આપણને સહજ મળી શકે તેમ છે. એ કારણ હિંદુપ્રજાના ચાલુ રિવાજો અથવા પ્રાચીન વિચારોપ્રતિ તિરસ્કાર અથવા અભાવ દર્શાવવાથીજ ઉત્પન્ન થાય છે. મેં તમને પૂર્વે કહ્યું તે પ્રમાણે એક પ્રજા તરીકે—એક દેશના એકત્ર સમુદાય તરીકે ઐતિહાસિક દૃષ્ટિથી આપણા સ્વભાવ તેમજ વર્તનની ચોક્કસ મર્યાદા બાંધવાની પ્રથમ જરૂર છે. હું કબુલ કરૂં છું કે બીજી પ્રજાઓ પાસેથી આપણે ઘણી ચીજો લેવાની છે; હિંદની સરભૂમિથી બહારના પ્રદેશમાં પણ આપણા ભાવી બંધારણ માટે જે જે ઉપકારક અને ઉપયુક્ત આચાર—વિચાર તેમજ પ્રથાઓ આપણને હિતાવહ જણાય તે ગ્રહણ કરવાની પણ આપણને જરૂર છે; પરન્તુ તેથી એમ નથી ઠરતું કે આપણું જુનું તે બધું સડેલું અને ફેંકી દેવા લાયક છે. આપણી આંખે જે ક્ષણે આપણે કર્મહીન, નિષ્ક્રિય અથવા પ્રમાદની જડતાવાળા થઇશું તેજ ક્ષણે આપણો સર્વનાશ થવાનો છે. ભાવીની અવ્યક્ત રપાટી ઉપર આપણે માટે માત્ર બેજ માર્ગો નિર્માણ થએલા જણાય છે. પહેલો માર્ગ સાત્વિક પુરુષાર્થદ્વારા આગળ વધવાનો અને બીજો માર્ગ કર્મહીન દશાદ્વારા વિનાશની અંધારી ખીણમાં વિલુપ્ત થવાનો. વિકાસ અથવા સંકોચ, પ્રગતિ અથવા અધોગતિ, એવાં સાપેક્ષ ગુણસ્વભાવવાળાં દ્વન્દ્વો આપણી દૃષ્ટિ સામે ખડાં છે. જે માર્ગ

પસંદ કરવો હોય તેની જવાબદારી આપણે પોતાને શિર છે. આપણા પુનીત પૂર્વજોએ ભૂતકાલના વિશાળ અંતરાયમાં અનેક મહાન કાર્યો કરેલાં છે, પરન્તુ આપણે તેમનાથી પણ વિશેષ વિકાસવાળી ચેતનમય દિવ્ય જીવનદશામાં આગળ વધી આપણા પિતૃઓએ પ્રાપ્ત કરેલી મહત્તાને પણ કૂદાવી વિશેષ આગળ વધવાનું છે. બન્ધુઓ ! આપણે પાછા હઠીને આપણા અધઃપાતના તિમિરાવૃત્ત ગર્તમાં આંખો મીંચીને કેવી રીતે પડી શકીએ ? તે કદી પણ બની શકે તેમ નથી. કદી બનવાનુંજ નથી. પાછા હઠવું એ તો આપણી પ્રજાને માટે ક્ષય અને વિનાશમાંજ લઇ જનારૂં છે; માટે દૃઢતાથી આગળ–વધારે આગળ–વધો, અને મહાન પરાક્રમોદ્વારા ભારતનો ગૌરવધ્વજ ગગનમંડળમાં ફરકાવો. મારે તમને ખાસ એજ કહેવાનું છે. હું કોઈ ક્ષણસ્થાયી સામાજિક સુધારાનો પ્રચારક અથવા ઉપદેશક નથી, આપણી સમાજના દોષો હું જોઈ શકતો નથી એટલે તેમનું નિવારણ કરવાના ઉપાયો ક્યાંથી સૂચવી શકું ? હું તો તમને માત્ર એટલીજ સૂચના કરૂં છું કે તમારા શાશ્વત વૈદિકમાર્ગમાં–તમારા નિઃસ્વાર્થ આચાર–વિચારોની સાર્થકતામાં આગળ વધીને માનવજાતિની પ્રગતિની માટે જે ઉત્તમ વ્યાવહારિક યોજનાઓ તમારા પ્રબલ પૂર્વજોએ શોધેલી છે તેને પરિપૂર્ણ કરો. એ યોજનાઓ તમારા બહુશ્રુત અને દીર્ઘદર્શી પૂર્વજોએ સર્વોત્તમ વ્યવસ્થા અને નિયમપૂર્વક ઘડેલી છે. તેનામાં એક પણ ખીલી વધારે ઠોકવાની કે તેના પાયામાંથી એક પણ કાંકરી ખેંચી કાઢવાની બીલકુલ જરૂર નથી. એવો યત્ન કરવા જતાં લાભને સ્થાને હાનિ થવાનોજ વધારે સંભવ છે. માત્ર તેની દિવાલોને લૂણો લાગેલો હોય, તેને વ્યાવહારિક વેદાન્તના સિદ્ધાન્તોથી પાછી સ્વચ્છ બનાવીને કેટલેક અંશે તેનો પુનરુદ્ધાર કરવાનો છે. હું તમને મનુષ્યના મહત્ત્વ અને તેના આંતરિક દિવ્ય સ્વભાવને કેળવીને વેદાન્તના ઉચ્ચ આદર્શનો

આ જીવનમાંજ સાક્ષાત્કાર કરવાને માટે પ્રયત્નશીલ રહેવાનું કહું છું. જો મારી પાસે વિશેષ વખત હોત તો આપણે હવે જે જે કરવાનું છે, અર્થાત્ આપણું ભવિષ્યનું જે કંઇ કર્ત્તવ્ય છે તે સર્વ, આપણા પ્રાચીન ત્રિકાલદર્શી સ્મૃતિકારો અને નિયમપ્રવર્તકોએ આજથી હજારો વર્ષ પૂર્વે જ્યારે પાશ્ચાત્ય સુધારાનું નામ—નિશાન પણ ન હતું, ત્યારે કેવા સ્પષ્ટ અક્ષરે આંકી બતાવેલું છે, તે વિસ્તારપૂર્વક અહીં દર્શાવી શકત. વિશેષ*આશ્ચર્યકારક તો એ છે કે આપણા રાષ્ટ્રિય બંધારણમાં તેમજ આપણી સામાજિક સંસ્થાઓમાં ગત સહસ્રાવધિ વર્ષ દરમિઆન જે જે ફેરફારો થયા છે, થાય છે, અને ભવિષ્યમાં થવાના છે, તે સર્વનું જાણે તેમને સંપૂર્ણ જ્ઞાનજ ન હોય, એવી રીતે ત્રિકાલની પરિસ્થિતિ તેમજ તેના અવલંબન માટેના ઉપાયોની આપણા દિવ્ય ઋષિઓ આગળથીજ સવિસ્તર સૂચનાઓ આપી ગયા છે. તેઓમાં પણ જ્ઞાતિબંધનની લોહશૃંખલાને છિન્ન—વિચ્છિન્ન કરનારા ઘણા હતા, પરન્તુ તેઓ આજના સુધારકો માફક લેભાગુ ન હતા. એ દૂરદર્શી પૂર્વજોના જ્ઞાતિબંધન વિચ્છિન્ન કરનારા ઉપાયો તેમણે એવી રીતે દર્શાવ્યા ન હતા કે એક શહેરના બધા મનુષ્યોએ ગોમાંસનું ભોજન અને શેમ્પેનનું મદિરાપાન સાથે બેસીને કરવું, અથવા સમગ્ર દેશમાં જેટલા મૂર્ખ, ગાંડા અને ગધેડાઓ હોય તે સર્વને તેમની ઇચ્છામાં આવે તેની સાથે સ્વચ્છંદ વૃત્તિપૂર્વક સ્વચ્છંદ સ્થળે પરણાવી, લાકડે માંકડાં વળગાડી, સમગ્ર દેશને એક દીવાનાશાળા સમાન બનાવી દેવો ! તેમની એવી પણ માન્યતા ન હતી કે દેશનો ઉદ્ધાર, દેશની વિધવાઓને બજારમાંથી ધણીઓ શોધી આપીને તેમને સધવા બનાવવામાંજ સમાઇ રહ્યો છે! આજના સુધારક જેવી—એ પ્રકારની તેમની એક પણ માન્યતા ન હતી; અને એ પ્રકારે આબાદ થતી ઉન્નતિશીલ પ્રજા હજુ સુધી તો મેં કોઇ જોઇ નથી. ભવિષ્યમાં જોવાનો પ્રસંગ આવશે કે કેમ તે હરિ જાણે !

આપણી ભારતભૂમિમાં આપણા પૂર્વજોના આદર્શરૂપ બ્રાહ્મણ હતા. આપણા સર્વ શાસ્ત્રગ્રંથોમાં એ આદર્શરૂપ બ્રાહ્મણનું ઉજ્જવલ ચરિત્ર ભવ્યતાપૂર્વક આંકવામાં આવ્યું છે. યુરોપમાં કાર્ડિનલની સંજ્ઞાથી ઓળખાતા સર્વોત્તમ ધર્માચાર્યો પણ પોતાના પૂર્વજો ઉચ્ચ કુલના હતા એવું પૂરવાર કરવાને હજારો સુવર્ણમુદ્રાનો ખર્ચ કરે છે; અને પોતાના પૂર્વજ તરીકે, પર્વતની ટેકરીપર રહેનારા અને સમય આવ્યે રસ્તે જનારા નિર્દોષ મુસાફરોને ભયંકર રીતે ઘેરી લઇ નિર્દયતાથી લૂંટી લેનારા, ઘોર અત્યાચારી પુરુષોની શોધ ન કરે ત્યાં સુધી સંતોષ પામ્યા વિના પ્રાણુતોડ મહેનત કરી રહ્યા છે! ઉત્તમ કુલ અને ખાનદાનીની બક્ષિસ કરનારા પૂર્વજોનો આવો ધંધો હતો; અને માનવન્તા કાર્ડિનલ સાહેબ એવાજ કોઇ ખાનદાન પુરૂષો પોતાના પૂર્વજ તરીકે પૂરવાર ન કરે ત્યાં સુધી સંતોષ પામી જંપીને બેસી શકતા નથી; ત્યારે બીજા હાથપર ભારતભૂમિના મહાન રાજકુમારો પણ પોતાના વંશની ઉત્પત્તિ કોઇ કોપીનધારી અરણ્યવાસી ફલમૂલ આહારી વેદ-પાઠી પ્રાચીન ઋષિ અથવા સંતપુરુષના વંશમાંથી સિદ્ધ કરવામાં ગૌરવ સમજે છે; અને તેને માટેજ યત્ન કરી રહ્યા છે. હિન્દના રાજા–મહારાજા પણ પોતાના એવા પૂર્વજને માટે ગૌરવ ધારણ કરે છે. તમારા પૂર્વજો કોઈ ઋષિના વંશમાંથી ઉતરી આવેલા છે, એવું પૂરવાર થાય ત્યારેજ તમે ખાનદાન કુટુંબના અથવા ઉચ્ચ કુળના ગણાઓ છો. ભારતમાં ઉચ્ચ કુળની ગણના એ સિવાય બીજી રીતની નથી થતી; એથી આપણી કુલીનતા અને આપણી ઉચ્ચ ખાનદાનીનો આદર્શ બીજા દેશ કે બીજી પ્રજાઓના આદર્શથી તદ્દન જુદીજ પ્રકારનો છે. આપણો આદર્શ પુરુષ આધ્યાત્મિક જ્ઞાનથી વિભૂષિત મહા ત્યાગી બ્રહ્મજ્ઞાતા બ્રાહ્મણ છે. બ્રાહ્મણને આદર્શ કહેવામાં કયો ભાવ અથવા અર્થ સમન્વય છે, તે તમે જાણો છો? મારી માન્યતા પ્રમાણે

આદર્શરૂપ બ્રાહ્મણત્વ એજ છે કે જેને આ તુચ્છ જગત અથવા તેની સાથે કશો સંબંધ નથી. જગતની ત્યાગભાવના અતિ પ્રબલ હોઇને યથાર્થ જ્ઞાન, ડહાપણ તેમજ પરમપવિત્ર ઉદારબુદ્ધિ જ્યાં વિશાળભાવે વસી રહ્યાં હોય ત્યાંજ ખરૂં બ્રાહ્મણપણું છે. હિન્દુજાતિનો એજ ખરો આદર્શ છે. આપણાં શાસ્ત્રોમાં દર્શાવેલું છે કે બ્રાહ્મણવર્ગને માટે કોઈ કાયદોજ નથી. કાયદાનું ધારા—ધોરણ તેને બાંધી શકતું નથી. રાજાઓનો પણ તેમનાપર અધિકાર ચાલતો નથી. એ પવિત્ર બ્રાહ્મણના શરીરને હાથ અડકાડવા પણ કોઈ સમર્થ નથી. એ શું તમે સાંભળ્યું નથી ? એ મિથ્યા કે પક્ષપાતની વાત નથી; પરન્તુ તે સંપૂર્ણ સત્ય છે. સ્વાર્થી અને જ્ઞાનહીન મૂર્ખાઓ એ વાત જેવી રીતે સમજાવે છે તે પ્રકારે એ સિદ્ધાન્તની વ્યાખ્યા સમજવી ન જોઇએ; પરન્તુ તેજસ્વી વેદોક્ત મુખ્ય વેદાન્તિ—ભાવથી તેનો ખરો અર્થ સમજવાનો યત્ન કરો. જેમણે સ્વાર્થવૃત્તિનો મૂળમાંથી ઉચ્છેદ કરી નાખ્યો છે, અને જેમનું ઉદાર અને પવિત્ર જીવન માત્ર જ્ઞાન, ડહાપણ અને પ્રેમ પ્રાપ્ત કરવામાં તેમજ તેને ચારેમેર પાથરવામાંજ રોકાયેલું છે, એવા સતસ્વભાવવાળા, ધર્મપરાયણ, નીતિમાન, ભલા, પવિત્ર અને પરોપકારી બ્રાહ્મણ સ્ત્રી—પુરુષોથી જે દેશ વસાયેલો છે, તે સાત્વિક દેશમાં કઠોર કાયદા કે ધારા—ધોરણની કશી પણ જરૂર ન હોય તેમાં શું આશ્ચર્ય છે ? આવા નિર્દોષ અને પવિત્ર મનુષ્યોના ઉપર પોલીસ, સૈન્ય કે સિપાહીઓના અધિકારનું શું પ્રયોજન છે ? એવા પવિત્ર પુરુષો ઉપર બીજા કોઇએ પોતાની સત્તા શા માટે ચલાવવી જોઇએ ? કોઈ પણ પ્રકારના રાજ્યતંત્રને અથવા બીજી કોઈ સત્તાને તેઓ શા માટે આધીન રહે ? કેમકે તેઓ પરોપકારી છે, ભલા છે, સાધુચરિત્ર મહાપુરુષો છે. તેઓ ઇશ્વરના અંશસ્વરૂપ છે. આવા પવિત્ર બ્રાહ્મણોજ આપણા આદર્શ પુરુષો છે. આપણે ધર્મશાસ્ત્રોમાં

વાંચીએ છીએ કે સત્વપ્રધાન સત્યયુગમાં ભારતભૂમિમાં માત્ર એકજ જાતિ હતી; અને તે બ્રાહ્મણજાતિ હતી. મહાભારતમાં વ્યાસ ભગવાન લખે છે કે પ્રારંભમાં આ પૃથ્વી બધી બ્રાહ્મણોથીજ વસેલી હતી. પછી ક્રમે ક્રમે જેમની અધોગતિ થતી ગઇ, અધર્મમાં જેમની પ્રવૃત્તિ થવા લાગી તેમ તેમ જુદી જાતિઓ ઉત્પન્ન થઇ. સ્વકર્માનુસાર તેઓ એ જાતિઓમાં વહેંચાઇ ગયા; અને યુગનું ચક્ર ફરતું ફરતું જ્યારે પાછું ઉપર આવશે અને સત્યયુગનો જ્યારે પાછો ઉદય થશે ત્યારે તેઓ બધા પુનરુદ્ધાર પામીને પાછા બ્રાહ્મણપદની પ્રાપ્તિ કરશે. આ સમયે યુગચક્ર ફરવા લાગ્યું છે, યુગનું પરિવર્તન થાય છે, સત્ય યુગના અભ્યુદયની નિશાનીઓ સ્પષ્ટ દેખાવા લાગી છે. એ સત્ય પ્રસંગ તરફ હું તમારૂં ધ્યાન ખેંચુ છું. કુલીનતા અને સદ્‌વ્યવહારમાં જેઓ ઉંચે ચડેલા છે તેમને નીચા ઉતારી પાડવાથી, સાંસારિક તુચ્છ સુખોને માટે ઉત્તમ વર્ણાશ્રમ ધર્મની મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી જ્ઞાતિભેદના સવાલનું કદિ પણ નિરાકરણ થવાનું નથી. એ નિરાકરણ તો આપણામાંની પ્રત્યેક વ્યક્તિ આપણા પવિત્ર વેદાન્તધર્મનું યથાર્થ પાલન કરશે, ધાર્મિક અને આધ્યાત્મિક જીવનને દૃઢતાથી વળગી રહેશે અને જ્યારે ખરેખરા આદર્શ બ્રાહ્મણ થવાના યત્નમાં સરળતા મેળવશે ત્યારેજ થવાનું છે. તમે ભલે આર્ય હો કે અનાર્ય હો, ઋષિ, બ્રાહ્મણ અથવા અન્ય કોઈ વર્ણ હો, અથવા અતિ નીચ અત્યંજ જાતિ હો, પરન્તુ તમે બધા ભારતવાસીઓ ઉપર તમારા પૂર્વજોએ એક કાયદો લાગુ પાડેલો છે, તે કાયદાની મુખ્ય આજ્ઞા એ છે કે, શાન્ત બેસી ન રહેતાં તમારે બધાએ પ્રગતિના પ્રદેશમાં આગળ વધવું જોઇએ. ઉત્તરોત્તર તમારી ઉન્નતિ કરવી જોઇએ. સર્વથી ઉચ્ચ કુળમાં જન્મ લેનારથી આરંભીને નીચમાં નીચ પારિયા અથવા ચાંડાલ પર્યંત આ દેશમાં રહેનારા પ્રત્યેક મનુષ્યને એજ આદેશ

મળેલો છે કે તેમણે સર્વેએ સદા આદર્શ બ્રાહ્મણ થવાનો યત્ન કરવો. વેદાન્તધર્મનો આ વિચાર માત્ર આપણા દેશનેજ નહિ પણ આખા જગતને લાગુ પડે છે. આપણી જ્ઞાતિવ્યવસ્થાનો એવો ઉંચો આદર્શ છે; અને તેનો અર્થ સમગ્ર માનવજાતિને ધીમે ધીમે અને ક્રમે ક્રમે પરમ ધાર્મિક આદર્શ બ્રાહ્મણસ્વરૂપ બનાવવાનો છે, કે જે બ્રાહ્મણ સ્વાભાવિક રીતેજ સહનશીલ, ક્ષમાશીલ, શાન્ત, દૃઢ, પવિત્ર, કૃતિ-પરાયણ, પરમ—ઉપાસક, વિચારશીલ અને સર્વનું હિત કરવાના ઉદાર વિચારવાળો હોય. આ પ્રકારના આદર્શને ધારણ કરવાથીજ માનવ-જાતિ ઇશ્વિરત્વ મેળવી શકે તેમ છે.

એ ઉદ્દેશને વ્યાવહારિક રીતે સફળ કરવાનો માર્ગ કયો છે? એ બધા ઉચ્ચ ગુણો કયે પ્રકારે વ્યવહારમાં મૂકી શકાય? તેને માટે મારે તમારૂં ફરીથી લક્ષ ખેંચવું જોઇએ કે, નિન્દા કરવાથી, ધિક્કાર વર્ષાવવાથી, શાપ આપવાથી કે ગાલિપ્રદાન કરવાથી કદિ પણ કોઇ સુધરી શકતું નથી. દુર્ભાવની અસર દુર્ભાવજ થાય છે; સદ્‌ભાવ કદિ પણ થઇ શકતી નથી. નિન્દા અને તિરસ્કારથી સુધારવાના પ્રયત્નો અનેક વર્ષો પર્યંત કરવામાં આવ્યા છે; પરન્તુ તેનું કદિ પણ સારૂં પરિણામ પ્રાપ્ત થયું નથી. માત્ર પ્રેમ, લાગણી અને સહાનુભૂતિથીજ સારૂં ફળ પ્રાપ્ત કરી શકાય છે. એ એક સૂક્ષ્મ વિચારભરેલો મહાન વિષય છે; અને દિવસે દિવસે તેના સંબંધમાં મને જે જે વિચારો ઉદ્‌ભવે છે, તેમજ જે જે યુક્તિ અને યોજનાઓ મારા મગજમાં ઘડાય છે, તેને સ્પષ્ટ રીતે સવિસ્તર સમજાવવા માટે મારે કેટલાંક વ્યાખ્યાનો આપવાની આવશ્યકતા છે. ટુંકા અવકાશમાં અને એકજ વ્યાખ્યાનમાં એ વિશાળ વિષયનો સમાવેશ થઇ શકે તેમ નથી. પ્રિય હિન્દુ બન્ધુઓ! તમને આ સત્યનું ફરીથી સ્મરણ કરાવી હું મારૂં વ્યાખ્યાન સમાપ્ત કરૂં છું. સનાતન કાળની સામે ટકી રહેલા

હિન્દુઓ! માત્ર તમારી પ્રજાકીય નૌકાજ સેંકડો શતાબ્દી થયાં આ ભવસાગરમાં બહુ ઉપયોગી કાર્ય બજાવતી પોતાનો વિશાળ ધર્મ–શઢ પસારીને સંસારસાગરની સપાટીપર તરતી રહી છે. આજે તેના તળિયામાં એકાદ ગાબડું પડયું છે. એ છિદ્રમાંથી થોડું ખારૂં પાણી આવતું હશે. જમાનાના આત્મરક્ષણથી વખતે તે જીર્ણ પણ બની ગઇ હશે. છતાં તેને દરિયામાં ડૂબાવી ન દેતાં તેનો પુનરુદ્ધાર કરવાની જરૂર છે. જો એમજ બન્યું હોય તો ભારતમાતાના પ્રત્યેક સન્તાનની એજ મુખ્ય ફરજ છે કે સુપુત્રને છાજે એવી રીતે તેણે ભારત-નૌકામાં પડેલાં છિદ્રો તન, મન, ધન સમર્પણ કરીને પૂરી દેવાં જોઇએ; અને એ દિવ્ય નૌકાનો યથેચ્છ જીર્ણોદ્ધાર કરવો જોઇએ. નહિ તો વિશેષ પાણી ભરાતાં એ નૌકા જળશાયી થશે; અને તેની સાથે સમગ્ર હિન્દુજાતિનું નામ–નિશાન પણ રસાતલમાં ડૂબી જશે! મારા સ્વદેશ-વાસી બન્ધુઓને આ મહાન ભય અને વિપત્તિની વાત સ્પષ્ટ જણાવી દેવાની જરૂર છે. પ્રત્યેક ભારતવાસીને જાગૃત કરવાની અને આપણી પ્રજાકીય નૌકાના જીર્ણોદ્ધારના પવિત્ર કાર્યમાં તેમની મદદ મેળવવાની ખાસ જરૂર છે. ભારતના એક પ્રાન્તમાંથી બીજા પ્રાન્ત-સુધી ઠામ ઠામ ફરીને, સર્વત્ર મારા દેશવાસીઓને મારો અવાજ ફાટી જાય ત્યાં સુધી મોટેથી પોકાર ઉઠાવીને, તેમને જાગૃત થવાનો, પોતાની અવસ્થાનો વિચાર કરવાનો અને પોતાના કર્તવ્યને હાથ ધરવાનો મહામંત્ર હું સંભળાવીશ. અજ્ઞાનવશ સ્થિતિમાં કદાચ તેઓ મારૂં કથન નહિ સાંભળે તો પણ હું તેમનો તિરસ્કાર નહિ કરૂં, તેમને શાપ અથવા ગાલિપ્રદાન નહિ કરૂં. ના કદિ તેમ નહિ કરૂં, કેમકે તેથી કશું સુધરવાનું નથી. આપણી પ્રજાએ ભૂતકાળમાં મહાન પરાક્રમો સંપાદન કર્યાં છે, એ સંતોષ કંઈ નાનો સૂનો નથી; અને ભવિષ્યમાં એથી પણ મહાન અને ઉજ્જ્વલ પરાક્રમો આપણે ન કરી શકીએ

તો આપણે બધા એક સાથે સર્વે બન્ધુઓને છાતીએ લગાડીને આપણી પ્રજારૂપ નૌકાની સાથે સંતોષપૂર્વક, શાન્તિથી ડૂબીને મરી જઇશું! મૃત્યુ પણ આપણી એકતાને, આપણી પરસ્પરની પ્રેમવૃત્તિને નષ્ટ કરી શકતું નથી! એ પણ આપણું એક આશ્વાસન છે. બન્ધુઓ! સ્વદેશહૈતેષી થાઓ! જે પ્રજાએ પ્રાચીન કાળે આપણે માટે આવાં મહાન કાર્યો અને પરાક્રમો બજાવેલાં છે તેનાપર હૃદયથી પ્રેમ રાખો. પવિત્ર પ્રેમપીયૂષથી એ પ્રજાના પુનીત પાદનું પ્રક્ષાલન કરો. પ્રિય બન્ધુઓ! જેમ જેમ હું બીજી પ્રજાઓ સાથે આપણી પ્રજાની ઉદારવૃત્તિની તુલના કરૂં છું તેમ તેમ તમારા પ્રત્યે મારો પ્રેમ વિશેષ વિશેષ ઉભરાતો જાય છે. વ્હાલા બન્ધુઓ! અનાદિકાળથી તમે કેવા શુદ્ધ, શાન્ત, સતસ્વભાવ અને ભલા છો! હજારો વર્ષથી તમારા-ઉપર અત્યાચારનું વર્ષણ થતું રહ્યું છે; અને આ મોહમાયાથી ભરેલા જડ જગતની એજ ભીષણ પ્રહેલિકા છે. અસ્તુઃ તમે તે જરા પણ લક્ષમાં લેતા નહિ. અધ્યાત્મવાદ આખરે જગત ઉપર જય મેળવશે; અને એ સમય આવે ત્યાં સુધી આવો, આપણે કર્તવ્યપરાયણ થઇને કાર્ય કરતા રહીએ. પ્રિય બન્ધુઓ! આપણા જીર્ણ દીન દેશને ગાળો આપતા નહિ. અનેક યુગના કાર્યથી થાકી કંટાળી ખરાબ દેશ—કાળથી અસ્વસ્થ બનેલી અને ઘસાઇને જીર્ણ થઈ ગયેલી આપણી પરમ પવિત્ર માતૃભૂમિને, પ્રાચીન સંસ્થા તેમજ પૃથા-ઓને શાપ આપતા નહિ; ગાલિપ્રદાન કરતા નહિ; તિરસ્કાર કે નિન્દા કરતા નહિ. અતિ વિચારશૂન્ય અને વહેમ ભરેલી પૃથા કે રૂઢીને પણ તમે ધિક્કારી કહાડશો નહિ; કારણ કે તેણે પણ જ્યારે તેનો વખત હતો ત્યારે ભૂતકાળમાં તમારી પ્રજાની સારી સેવા બજા-વેલી હશે—કંઈ નહિ ને કંઈ કલ્યાણ કરેલું હશે. સર્વદા હૃદયપટપર લખી રાખજો કે આપણી સર્વ સામાજિક પૃથા અને આપણા આચાર—વિચારનો

ઉદ્દેશ જેવો પવિત્ર મહાન અને ઉદાર છે, તેવો સમગ્ર જગતની બીજી કોઇ પણ પ્રજામાં નજરે પડતો નથી. જગતના પ્રાયઃ પ્રત્યેક દેશમાં મેં જ્ઞાતિભેદ અને વર્ણભેદનું અવલોકન કર્યું છે; પરન્તુ આપણા દેશની જ્ઞાતિવ્યવસ્થાની યોજના તેમજ તેના હેતુ જેવા ઉદાર અને ગૌરવ-યુક્ત છે, તેવા બીજા કોઈ દેશમાં દૃષ્ટિગોચર થતા નથી. આ પૃથ્વીમાં જાતિભેદ અનિવાર્ય છે, જાતિભેદ વગર કોઇ પણ પ્રજા રહી શકતી નથી, અને જ્યારે એમજ છે ત્યારે પૈસાને પૂજનારી જાતિ કરતાં પવિત્રતા, ઉચ્ચ સંસ્કાર, આત્મત્યાગ અને ઉદાર પરોપકારવૃત્તિના સિદ્ધાંત ઉપર સ્થપાયેલા જાતિભેદને હું વધારે પસંદ કરૂં છું. માટેજ તમને વિનવું છું કે, બન્ધુઓ ! તિરસ્કાર દર્શાવતા નહિ, નિન્દા વર્ષાવતા નહિ. તમારા હોઠ બન્ધ કરો; અને વિશાળ હૃદયદ્વાર ખુલ્લાં મૂકી દો. ઉદાર વૃત્તિથી કર્ત્તવ્યપરાયણ થઇને તમારામાંના પ્રત્યેક મનુષ્યે એમજ સમજી રાખવાનું છે કે આ દેશના ઉદ્ધારનો અને સમગ્ર જગતના ઉદ્ધારનો બોજો તમારા એકલાના ખભા ઉપર છે. એમ સમજી દિનરાત અખંડ કર્તવ્યસાધન કરતા રહો. જગતના પ્રત્યેક દ્વારપર વેદાન્તનું દિવ્ય જીવન અને વેદાન્તનો ઉજ્જવલ પ્રકાશ પહોંચાડો. મનુષ્યમાત્રના અંતરાત્મામાં જે ગુપ્ત દિવ્ય શક્તિ રહેલી છે તેને એ પ્રકારે જાગ્રત કરો, પ્રકટ કરો; અને પૃથ્વીપર તમારી આત્મસત્તા પ્રસારો. એ કાર્યમાં તમને ગમે તેટલી સફળતા કે યશ મળે, પરન્તુ એટલો સંતોષ તો જરૂર તમને પ્રાપ્ત થશે કે, એક મહાન ઉદ્દેશને સફળ કરવા માટેજ તમે જીવન સમર્પણ કર્યું છે, યથાસાધ્ય પુરૂષાર્થ કીધો છે, અને મૃત્યુ સ્વીકાર્યું છે. આ મહાન ઉદ્દેશની સફલતામાંજ સમગ્ર માનવજાતિનો ઉદ્ધાર અને પરલોકની દૃષ્ટિએ મોક્ષ સમાઇ રહેલો છે. કટિબદ્ધ થઇને એજ પવિત્ર ઉદ્દેશને સિદ્ધ કરવા માટેજ તમારા જીવનની પ્રત્યેક અમૂલ્ય પળ સમર્પણ કરો, અને જગતની સમગ્ર માનવ-જાતિના આ લોક તેમજ પરલોકને સુધારો. તથાસ્તુ ! ૐ **શાન્તિઃ શાન્તિઃ**

મદ્રાસ

'કુંભકોણમ'થી મદ્રાસ જવાને માર્ગે સ્વામીજી પોતાના અનુયાયિ-વર્ગ સહિત પ્રસ્થિત થયા. પૂર્વની પેઠેજ રસ્તે આવતાં પ્રાયઃ સઘળા સ્ટેશનો પર સ્વામીજીના સન્માનાર્થે વિશાળ જનસંખ્યા એકત્ર થઈને આદરપૂર્વક સત્કાર કરતી હતી. તેમાં પણ 'માયાવરમ'ના સ્ટેશન પર જનસમુદાય ઘણી મોટી સંખ્યામાં એકત્રિત થયો હતો. હૃદયના પ્રેમ અને પૂજ્યભાવપૂર્વક સ્વામીજીને સ્ટેશનના પ્લેટફોર્મ પર ઉતારી એક સુંદર માનપત્ર આપવામાં આવ્યું હતું. તેનો ઉત્તર સ્વામીજીએ સંક્ષેપમાં આપ્યો હતો, અને વિશેષમાં કહ્યું હતું કે પરમાત્મા અવકાશ આપશે તો બીજે કોઈ અવસરે હું માયાવરમ્ આવવાનો યત્ન કરીશ. વગેરે.

ત્યાર પછી પુષ્પના હારતોરા અર્પણ કર્યાં પછી સ્વામીજીને વિજય-ધ્વનિથી વિદાય કરવામાં આવ્યા. વિજય અને આનંદના મહાધ્વનિ વચ્ચે અગ્નિરથ પણ જાણે એ આનંદમાં યોગ આપતો હોય, તેવી રીતે હર્ષચિત્કારપૂર્વક આગળ ચાલતો થયો. માયાવરમ્ સ્ટેશનથી સ્વામીજી સીધા મદ્રાસ આવી પહોંચ્યા. ટ્રેઇન સ્ટેશને આવી પહોંચતાં સ્વામી-જીના સન્માન માટે જાણે કોઈ મહાન ઉત્સવ હોય તેમ સહસ્રાવધિ લોકોની મોટી સંખ્યા આનંદકોલાહલથી વાતાવરણને ભરી દેતી સ્ટેશ-નની રંગભૂમિપર જામી ગઈ હતી. સ્વામીજી ગાડીપરથી ઉતર્યા કે તરત પ્રચંડ હર્ષનાદ અને કરતલધ્વનિથી તેમને વધાવી લેવામાં આવ્યા. ત્યાર પછી તેમને માટે ખાસ લાવવામાં આવેલી ગાડીમાં તેમને બેસાડી વિશાળ જનસમુદાય તેમની સાથે સાથે ચાલવા લાગ્યો. રસ્તામાં ઠામ ઠામ સ્વામીજીના સત્કાર માટે મોટાં તોરણો તૈયાર કરીને લટકાવવામાં આવ્યાં હતાં, અને સનાતન આર્યધર્મની વિજયપતાકા ફરફરતી હતી. ગાડી થોડે

આઘે ગયા પછી તેના ઘોડાને છોડી નાખવામાં આવ્યા, અને શ્રદ્ધાળુ તેમજ ઉત્સાહી લોકો ચોમેરથી સ્વામીજીની ગાડીને વળગીને છેક 'કારણાન્ કેસલ' નામક વિશાળ મકાન પર્યંત તેને ખેંચી લાવ્યા. ત્યાં સ્વામીજીના ઉતારા માટેની ગોઠવણ કરવામાં આવી હતી.

જે દિવસે સ્વામીજી મદ્રાસ પહોંચ્યા તેને વળતે દિવસે રવિવારની સંધ્યા વખતે મદ્રાસના લોકોની સ્વામીજીને સન્માન આપનારી સભા મહાન સમારોહપૂર્વક એકત્રિત થઈ હતી, અને સ્વામીજીને એ સભામાં શ્રદ્ધાપૂર્વક સન્માનપત્ર વાંચી સંભળાવવામાં આવ્યું હતું. એ માનપત્રનો અનુવાદ હવે પછી આપવામાં આવે છે.



મદ્રાસનું માનપત્ર

પૂજ્યપાદ સ્વામીજી !

પાશ્ચાત્ય પ્રદેશોમાં ધર્મપ્રચારનું પવિત્ર કાર્ય કરી સ્વદેશની પવિત્ર ભૂમિમાં પધારતી વખતે અમે સર્વ મદ્રાસવાસી જનો, સમધર્માવલંબી હિંદુજનો તરફથી આપનું હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. રીતિને લઇને અભિનંદન કરવું જોઇએ એમ સમજીને માત્ર ઉપરના આદરથી કાંઇ દેખાદેખી અમે આપનો સત્કાર કરતા નથી; પરન્તુ આપ ભારતના ઉચ્ચ ધાર્મિક આદર્શોને જગજાહેર કરીને મહાન સત્યના પવિત્ર ઉદ્દેશને ચરિતાર્થ કરવામાં સફલ થયા છો, અને તેમ કરીને માનવજાતિની આપે જે મહાન સેવા બજાવી છે તેને માટે અમારી આંતરિક કૃતજ્ઞતાની ઉંડી લાગણી બતાવવાના હેતુથીજ અમે એકત્ર થયા છીએ. અમેરિકાના 'ચિકાગો' શહેરમાં મહાન ધાર્મિક પરિષદ્ એકત્ર થવાની હતી ત્યારે કેટલાક આપણા ભારતવાસી બંધુઓને પ્રબલ ઉત્કંઠા થઇ કે આપણા પ્રાચીન, ઉદાર અને પવિત્ર સનાતન ધર્મના મહાન સિદ્ધાન્તો અમેરિકાની સભ્ય પ્રજા સમક્ષ તેમજ એ પ્રજાદ્વારા વિશાલ પાશ્ચાત્ય જગત સમક્ષ સુયોગ્ય રીતે રજુ કરવાની અને વિસ્તારપૂર્વક સમજાવવાની ખાસ આવશ્યકતા છે, એજ પ્રસંગે આપના પ્રથમ પરિચયનો અમને યોગ મળ્યો; અને વિવિધ પ્રજાઓના આજ સુધીના વિશાળ ઇતિહાસમાં જે સત્ય અનેક સમય સિદ્ધ થઈ ચૂક્યું છે તે સત્ય અર્થાત "આવશ્યક યોગ્ય સમય આવતાં મહાપુરુષ ઉત્પન્ન થાય છે," તેનું અમને પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું. જ્યારે હિંદુધર્મના પ્રતિનિધિતરીકે એ ધાર્મિક મહાસભામાં હાજર થવાનું આપે સાહસ વોર્યું, ત્યારે અમારામાંના ઘણાખરાઓને તરતજ જણાયું હતું, કે જે દિવ્ય શક્તિની આપને ઇશ્વર તરફથી બક્ષીસ મળેલી છે, તેને યોગે હિંદુધર્મનું

ગૌરવ જરૂર આપ જગજાહેર કરી શકશો, અને અમેરિકાની ચિર-સ્મરણીય ધર્મ–મહાસભામાં સનાતન હિંદુધર્મનું પ્રતિનિધિત્વ આપ દીપાવી શકશો એમાં સંદેહ નથી.

હિંદુધર્મના સનાતન સિદ્ધાન્તોને સરલ, સ્પષ્ટ, ઉજ્જવલ તેમજ પરિપૂર્ણ સત્તાત્મકભાવે રજુ કરીને આપે એ ધાર્મિક મહાસભામાં અતિ અપૂર્વ અસર ઉત્પન્ન કરી છે; તેમજ પુરુષો અને સ્ત્રીઓની એક મોટી સંખ્યાને એ વિદેશી ભૂમિમાં પણ સ્પષ્ટ રીતે સમજાવી આપ્યું છે કે ભારતની આધ્યાત્મિકતાના અનંત ઝરામાંથી નવું જીવન પ્રેરનારાં, ચિરસ્થાયી પ્રેમ અને જીવનના પ્રવાહનાં જે અનેક ઝરણાં વહી રહ્યાં છે, તેના પુનીત જલનું પાન કરવાથી તેમના ગોલાર્ધ પર માનવ જાતિની જેટલી ઉત્ક્રાંતિ થઇ છે તેના કરતાં અતિ વિશાલ, અતિ પવિત્ર અને સોળે કળાપૂર્ણ ઉન્નતિ સહજ સાધી શકાય તેમ છે. વિશ્વના સમગ્ર ધર્મોમાં જે અન્તર્હિત એકવાક્યતા અને સમાનતા રહેલી છે, તેને ખાસ પ્રકટ કરનારો ઉદાર હિંદુ સિદ્ધાન્ત જગતના સઘળા મુખ્ય મુખ્ય ધર્મોના પ્રતિનિધિઓની સમક્ષ રજુ કરી, તેના સર્વશ્રેષ્ઠ તારતમ્ય પ્રત્યે એ સર્વ પ્રતિનિધિઓનું લક્ષ ખેંચવા માટે અમે આપના અત્યંત આભારી છીએ. સત્યાગ્રહી, સભ્ય અને વાસ્તવિક રીતે જ્ઞાન-ભૂષિત મનુષ્યો કદી પણ એવો દુરાગ્રહ નથી દર્શાવતા કે પવિત્રતા, ઉદારતા અને સત્યતા માત્ર કોઇ એક અમુકજ જાતિ, મંડળ, મન્તવ્ય, સમ્પ્રદાય કે ધાર્મિક સંસ્થામાંજ સમાઈ રહ્યાં છે. એવા જ્ઞાની પુરુષો એમ પણ નથી માનતા કે અમુક એકજ મત અથવા એકજ ફિલ-સુફી આ જગતમાં ચિરસ્થાયી રહેશે, અને જગતના બીજા બધા મત-સંપ્રદાયો, દર્શનશાસ્ત્રો તેમજ ફિલસુફીઓ સર્વથા વિલુપ્ત થશે. તમારી પોતાની આશ્વાસનદાયિની ભાષામાં ભગવદ્‌ગીતાની હાર્દિક મધુર એક-તાનો જે સંપૂર્ણ વિકાસ દૃષ્ટિગોચર થાય છે, તદનુસાર સમગ્ર ધાર્મિક

જગત માત્ર પ્રભુપ્રાપ્તિનો એક અનન્ત પ્રવાસજ છે, અને તે પ્રવાસનો મહાન હેતુ વિવિધ પુરુષો અને સ્ત્રીઓની વિવિધ સ્થિતિ—ગતિદ્વારા એકજ પરમ ધ્યેયરૂપ અંતિમ સ્થાને પહોંચવાનો છે. માત્ર એ એકજ મહાન પવિત્ર હેતુને પરિપૂર્ણ કરીને તમે બેસી રહ્યા હોત તો પણ તમારા સમધર્માવલંબી હિંદુ બન્ધુઓ તમારા સત્કાર્યની અમૂલ્ય કિંમત સમજી હર્ષ પામત; પરન્તુ તમારૂં ઉદાર હૃદય માત્ર એ કર્તવ્ય પૂર્ણ કરીનેજ સંતોષ ન પકડતાં પાશ્ચાત્ય દેશોમાં ધર્મોત્સાહથી આગળ વધ્યું છે. પાશ્ચાત્ય જગતને આપે આધ્યાત્મિક શાંતિનો દિવ્ય સંદેશો પહોંચાડી ભારતના સનાતન ધર્મના દિવ્ય સાત્વિક સિદ્ધાન્તોનો સમગ્ર માનવ જાતને પરિચય આપ્યો છે; તેમજ તેને નિત્યજ્ઞાન અને શાન્તિના સુખરૂપ મન્ત્રો પહોંચાડયા છે. ભારતનો વેદાન્તધર્મ તર્ક તેમજ યુક્તિની સામે વિશેષ ભાવે સમાધાન કરી શકે છે તેનું ઉચ્ચ પ્રમાણ આપવાનો આપે વિશેષ યત્ન કર્યો છે; તેને માટે આપને અમે હૃદયપૂર્વક ધન્યવાદ આપીએ છીએ. એથી પણ વિશેષ મહત્ત્વનું કાર્ય એ છે કે આપણા ધર્મ અને દર્શનશાસ્ત્રના વિચારો સમગ્ર જગતમાં ફેલાવવા માટે જુદે જુદે સ્થળે શાખાઓ સ્થાપીને એ મહાન સંસ્થા સ્થાપન કરવાનું મહાભારત કાર્ય ઉઠાવવાનો આપે સંકલ્પ કર્યો છે. જે મહાન કલ્યાણકર સાહસમાં આપે પોતાની સમગ્ર શક્તિ સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે, તે કાર્ય આપણા પ્રાચીન પૂર્વજોના કાર્યને અનુસરવા જેવું તેમજ જે વિશાળ ધર્મના તમે મુખ્ય પ્રતિનિધિ છો તેને સર્વથા યોગ્ય છે; તેમજ જે મહાન ગુરૂદેવે તમારા જીવનને દિવ્ય પ્રેરણા આપેલી છે, તેમને માટે પણ શોભારૂપ છે. એ સર્વોત્તમ મંગલ કાર્યમાં આપની સાથે જોડાવાની ઈશ્વર અમને યોગ્યતા અને શક્તિ આપે એવી શ્રદ્ધાપૂર્વક અમે આશા રાખીએ છીએ. અમે છેવટે સર્વશક્તિમાન અને દયામય પરમાત્માની હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે, જગદીશ્વર

આપને દીર્ઘ આયુષ્ય અને સંપૂર્ણ શક્તિ પ્રદાન કરીને, આપના ધર્મ-સેવાના પવિત્ર કાર્યને સ્થાપિત કરવા માટે સિદ્ધિ, ગૌરવ અને સફલતાના મુકુટથી વિભૂષિત કરે. તથાસ્તુ.

એ માનપત્ર પછી *ખેતડીના મહારાજા શ્રીમાન અજિતસિંહજી તરફથી તેમના પ્રાઇવેટ સેક્રેટરીએ અત્યંત ભક્તિભાવ અને આભાર-પૂર્ણ બીજું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

માનપત્રો વંચાઇ રહ્યા પછી સ્વામીજી એ ભવ્ય ખંડમાંથી ઉઠીને પાછળ તૈયાર રાખવામાં આવેલી એક ગાડીના કોચબોક્સ ઉપર ચડયા. ઓછામાં ઓછાં દશ હજાર માણસો એ ગાડીની આસપાસ એકત્ર થયાં હતાં. એ બધાં મનુષ્યો સ્વામીજીનું વ્યાખ્યાન બરાબર સાંભળી શકતાં નહિ હોવાથી સ્વામીજીની ગાડીની આસપાસ ધક્કમધક્કા કરી રહ્યાં હતાં; જેથી ધોરણસર સભાનો કાર્યક્રમ ચલાવી શકાય એમ નહિ હોવાથી સ્વામીજીએ ઉપરના માનપત્રોનો સંક્ષેપમાં ઉત્તર આપીને પોતાના વિચારો વિસ્તારથી દર્શાવવાનું અન્ય સમયપર રાખ્યું હતું. જે સંક્ષેપ ઉત્તર એ પ્રસંગે આપવામાં આવ્યો હતો તેનો સારાંશ હવે પછી આપવામાં આવે છે.

---

* ખેતડી, રાજપુતાનામાં જયપુરથી આશરે ૮૦ માઈલને અંતરે આવેલું છે. ત્યાંના રાજા શ્રીમન્નરેશ અજિતસિંહજી, સ્વામીજી અમેરિકા ગયા તે સમય અગાઉજ તેમના શિષ્ય થયા હતા. સ્વામીજી મદ્રાસમાં પધાર્યા છે, એવા સમાચાર મળતાંજ ખેતડી નરેશે પોતાના પ્રાઇવેટ સેક્રેટરી મુન્શી જગમોહનલાલને સ્વામીજીના ખાસ સત્કાર નિમિત્તે ઉક્ત માનપત્ર સહિત મદ્રાસ મોકલ્યા હતા.

મદ્રાસના માનપત્રનો સંક્ષેપમાં ઉત્તર

મદ્રાસવાસી માયાળુ મહોદયગણ !

એક કથન છે કે, " આદર્યાં અધૂરાં રહે અને હરિ કરે તે હોય." આજના માનપત્રનું તેમજ તેના પ્રત્યુત્તરનું કાર્ય ઇંગ્રેજી પદ્ધતિથી ચલાવવાની પ્રથમ ધારણા હતી; પરન્તુ ઇશ્વરને એ ધારણા નામંજુર હતી. જેથી પ્રબલ ઇશ્વિરી વિધાનુસાર આજનું કાર્ય જુદીજ રીતે સંપાદન થાય છે. ગીતાના પ્રસંગની પેઠે રથ ઉપર ચડીને આમતેમ વિખરાયેલા શ્રોતાજનો આગળ મારૂં કથન સંભળાવવાનો યોગ મળ્યો છે. આવી જુદીજ રીતે ભાષણ આપવાનો પ્રસંગ મળવા માટે હું ઇશ્વિરનો આભાર માનું છું. આ પ્રકારવડે વાણીને વિશેષ ઉત્તેજન અને જોર મળે છે; અને મારે તમને જે કહેવાનું છે, તે હું વિશેષ જુસ્સાથી અને વિશેષ ઉત્સાહથી કહી સંભળાવું છું. મારો અવાજ આ વિશાળ જનસમુદાયમાં સર્વને કાને પહોંચી શકશે કે કેમ, તે હું જાણતો નથી; છતાં મારાથી બનશે તેટલો યત્ન કરવામાં હું કશી કસર નહિ રાખું. આવી અતિ વિશાળ સભાને ખુલ્લી જગ્યામાં વ્યાખ્યાન સંભળાવવાનો મને આ પહેલોજ પ્રસંગ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં મારે ઉપહારના ભારથી નમેલા હૃદયપૂર્વક કહેવું જોઇએ કે, કોલમ્બોથી આરંભીને છેક આજ સુધી મારાપ્રત્યે જે આશ્ચર્યકારક દયા અને પ્રેમ દર્શાવવામાં આવ્યાં છે, અને જે અપૂર્વ ઉત્સાહભર્યા આનન્દથી અને હૃદયના ભાવથી મારૂં સર્વત્ર સ્વાગત કરવામાં આવે છે, તેટલા બધા સન્માન અને સત્કારની સ્વપ્ને પણ આશા રાખી નહોતી. મેં અનેક સ્થળે જણાવેલા સત્યની એથી વિશેષ પુષ્ટિ થાય છે. એ સત્ય અનુસાર પ્રત્યેક જાતિનું જીવનતત્ત્વ ખાસ અમુક વિશેષ આદર્શના

ઉપર આધાર રાખે છે. પ્રત્યેક પ્રજા અથવા જાતિને માટે તેણે પોતે નક્કી કરેલો તેનો પોતાનો અમુક આદર્શ અને તે આદર્શને પ્રાપ્ત કરવાનો માર્ગ હોય છે; અને તેજ માર્ગે પોતાના ખાસ આદર્શને લક્ષમાં રાખી પ્રત્યેક પ્રજા ગતિમાન થાય છે. ભારતવાસીઓનો ખાસ આદર્શ અને માર્ગ તેમના પોતાના ધર્મમાંજ સમાયેલો છે, કેમકે ધર્મજ ભારતનું જીવન છે. જગતના બીજા દેશોમાં ધર્મ પણ બીજાં અનેક કાર્યોના જેવું એકાદ સામાન્ય કાર્યજ ગણાય છે. દાખલા તરીકે ઇંગ્લાંડમાં ધર્મ તેમની પ્રજાની રાજનીતિનો એક સામાન્ય વિભાગજ મનાય છે. ઇંગ્લીશ ધર્મસંસ્થા ઇંગ્લાંડના રાજકર્તાઓના અધિકારમાં છે, જેથી પોતાના દેશની રાજ્યસત્તાએ સ્વીકારેલી ધર્મસંસ્થા તરીકે ત્યાંના બધા લોકો તેનું પાલન પોષણ કરે છે અને તેને સહાય કરે છે. પ્રત્યેક ગૃહસ્થ અને પ્રત્યેક સન્નારી એ ધર્મસંસ્થામાં સામીલ થવાંજ જોઇએ, એવી સામાન્યતઃ આશા રાખવામાં આવે છે, કેમકે એ પણ એક સભ્યતા અને ગૃહસ્થાઇનું લક્ષણ ગણાય છે. બીજા દેશોમાં પણ તેમની ધર્મભાવના તેમના જુદા જુદા પ્રજાપ્રિય આદર્શોને આધીન હોય છે. દરેક પ્રજામાં એક એક પ્રબલ શક્તિનું દર્શન થાય છે. કોઇ પ્રજામાં રાજનીતિરૂપે, કોઇ પ્રજામાં બુદ્ધિ શક્તિરૂપે, કોઇમાં વિદ્યાચર્ચારૂપે, કોઇમાં વિજ્ઞાન અથવા શાસ્ત્રની ઉન્નતિરૂપે, કોઇમાં યુદ્ધનીતિરૂપે અને કોઇમાં વ્યાપારનીતિરૂપે. એ રીતે પ્રત્યેક પ્રજાની શક્તિ વિકાસ પામે છે. એવો જે જે ખાસ આદર્શ પ્રત્યેક પ્રજાના મુખ્ય આધારરૂપ હોય છે, તેમાંજ એ પ્રજાનું જીવન અને પ્રાણ સમાઇ રહે છે, અને તે આદર્શમાંજ એ પ્રજાના હૃદયનો થડકાટ સાંભળવામાં આવે છે. એવી ભિન્ન આદર્શવાળી પ્રજાને માટે ધર્મ તો માત્ર ગૌણ આભૂષણ અને અનેક બાહ્ય સાધનોમાંના એકાદ સામાન્ય સાધનરૂપજ ગણાય છે; પરન્તુ અહીં ભારતમાં તો માત્ર ધર્મજ

પ્રજાના હૃદયનું ખાસ મર્મસ્થાન છે. ધર્મજ ભારતનો આત્મા અને ધર્મજ ભારતનો પ્રાણ છે. અહીંની પ્રજાનો ભવ્ય પ્રાસાદ ધર્મના મુખ્ય અને પ્રબળ પાયા ઉપરજ ઉભો કરવામાં આવેલો છે. અહીં રાજનીતિ, વિવિધ શક્તિ અને વિદ્યા—બુદ્ધિની ચર્ચા ગૌણ તેમજ ધર્મના કરતાં ઉતરતી પંક્તિની ગણાય છે; કેમકે ભારતનું એક માત્ર કાર્ય, ભારતનો સર્વથી મહાન વિચાર અને ભારતનૌકાનું પ્રાણાધારરૂપ સુકાન માત્ર ધર્મજ છે. * * * *

* * * * * * *

માત્ર એક ધર્મ અને આધ્યાત્મિકતાજ તેના જીવનનું મુખ્ય અવલંબન છે. તેના આધાર ઉપરજ ભારતવર્ષ આજ સુધી જીવતું રહ્યું છે; અને ઉન્નતિ તેમજ આબાદી પામ્યું છે. ભવિષ્યમાં પણ તેનીજ સહાયતાવડે ભારત પોતાનું જીવન ધારણ કરી શકશે.

જગતની બધી પ્રજાઓ પોતપોતાના આદર્શો અથવા પ્રશ્નો કરવા માટે દિનરાત મથી રહી છે. ભારતવર્ષ તેમાંના એક પ્રશ્નના પાછળ મથી રહ્યો છે, અને જગતની બીજી બધી પ્રજાઓ બીજા પક્ષ અને બીજા પ્રશ્નનું નિરાકરણ કરે છે. એ બન્નેમાંથી કોનો વિજય થશે? કયી જાતિ દીર્ઘ જીવન ભોગવશે? એવું કયું તત્ત્વ છે, અથવા એવું કયું કાર્ય છે, કે જેને યોગે એક પ્રજા ચિરકાલ જીવન ભોગવી શકે? આ સંસારના જીવનસંગ્રામમાં પ્રેમનો જય થશે કે તિરસ્કારનો? સદ્‌ભાવ વધારે ટકી રહેશે કે અભાવ? ભોગ-વિલાસનો જય થશે કે ત્યાગનો? જડ તત્ત્વ વધારે જીવન ભોગવશે કે ચૈતન્ય? જે સમયનો ઇતિહાસ પણ નથી મળી શકતો એવા દૂર દૂરના ભૂતકાળમાં આપણા પવિત્ર પૂર્વજોએ એ બાબતો સંબંધી જે જે સિદ્ધાન્તો બાંધ્યા છે તેમાંજ આપણો સંપૂર્ણ વિશ્વાસ છે. પ્રાચીન દંતકથાઓ પણ જે ભૂતકાળના પ્રગાઢ અંધકારને ભેદી શકતી

નથી, તેવા અતિ પ્રાચીન સમયે આપણા ગૌરવભૂષિત પૂર્વજોએ જીવનના મહાન પ્રશ્નને હાથ ધર્યો હતો–ઉકેલ્યો હતો, અને પોતાની માન્યતા તેમજ સિદ્ધાંતોને સમગ્ર જગત આગળ પૂરવાર કરી આપી તેના સંબંધમાં કોઇને કાંઇ પણ શંકા હોય તો તેનું નિવારણ કરવાનો અખંડ દાવો ધર્યો હતો. પોતાના સત્ય સિદ્ધાંતોને કંઇ પણ અંશે અસત્ય માનતા હોય તેમને પોતાના સંશયનું નિવારણ કરવાને માટે તેમણે સમગ્ર જગતને આમંત્રણ પાઠવ્યાં હતાં. તેની સત્યતા ઉપર એ સમયે કોઇ કશો પણ આરોપ મૂકી શક્યું ન હતું. આપણા પૂર્વજોનો એ સિદ્ધાંત ત્યાગ, પ્રેમ, દાન, પરહિતમાં સર્વસ્વ સમર્પણ અને સંપૂર્ણ નિર્ભયતામાં સમાયેલો છે. કોઇ પણ પ્રજાને એજ સદ્‌ગુણો લાંબો સમય ટકાવી રાખે તેમ છે. સર્વત્ર વિજય મેળવવાને એજ સદ્‌ગુણો સમર્થ છે. તુચ્છ વિષયસુખોનો અને ઇંદ્રિયોના ભોગવિલાસની વાસનાનો સર્વથા ત્યાગ કરનારી પ્રજાજ ચિરસ્થાયી અથવા દીર્ઘજીવી થઇ શકે છે. તેની પુષ્ટિનાં અનેક દ્રષ્ટાંત માનવજાતિનો ઇતિહાસ આપણી આંખ સામે રજુ કરે છે. દરેક સૈકામાં ઇતિહાસ જણાવે છે કે, અનેક નવી નવી જાતિઓ ઉત્પન્ન થઇને ચોમાસાના પતંગીઆની પેઠે ક્ષણભર પોતાનો પ્રભાવ બતાવી પાછી વિનાશ પામી ગઇ છે. શૂન્યમય સ્થિતિમાંથી તેઓ ઉત્પન્ન થયેલી હોય છે, થોડા દિવસ તેઓ પાપમય દુષ્ટ ક્રીડા કરે છે, અને ક્ષણમાં પાછી તેઓ પીગળીને શૂન્યમાં મળી જાય છે. માત્ર આ મહાન અલૌકિક બળવાળી હિન્દુપ્રજાજ અનેક તુમુલ તોફાનો, પ્રબલ આપત્તિ અને ભય, તેમજ જુદી જુદી કરૂણાજનક સ્થિતિ કે જેવી સ્થિતિ આ જગતમાં બીજી કોઇ પણ પ્રજાને ભોગવવી નહિ પડી હોય તેમાં સપડાવા છતાં દારૂણ વિદેશી ઝંઝાવાતને સહન કરતી આજ સુધી જીવિત દશા ભોગવતી અડગ ઉભેલી છે; કારણ કે એ પ્રજાએ ત્યાગનો મહામન્ત્ર સ્વીકાર્યો છે,

આત્મત્યાગના ઉજ્જવલ પક્ષનું અવલંબન કર્યું છે. નક્કી માનજો કે આત્મત્યાગ વિના કદિ પણ ધર્મનું રક્ષણ કરી શકાતું નથી.

યૂરોપ જીવનના પ્રશ્નને બીજી દિશામાં સફલ કરવા ચાહે છે. સારા—માઠા કોઈ પણ ઉપાયવડે મનુષ્ય કેટલા બધા પદાર્થો અને બળ પ્રાપ્ત કરી શકે, એજ તેની પ્રવૃત્તિનો હેતુ છે. યૂરોપનો મંત્ર આત્મત્યાગ નથી, પણ હરિફાઇ, ચડસાચડસી, દ્વેષ અને દયા કે લાગણી વગરની શુષ્ક સ્પર્ધાજ તેનો ઉન્નતિનો મૂળ મંત્ર છે. આપણું ઉન્નતિનું ધોરણ વર્ણાશ્રમ ધર્મદ્વારાજ છે. જેને યોગે દ્વેષ ભરેલી હરિફાઇ અથવા ઇર્ષ્યા અનાયાસે દૂર થાય છે. સર્વ બંડખોર શક્તિઓને એ ધર્મ અંકુશમાં રાખે છે, નિર્દયતાનો નાશ કરે છે, અને પોતાની ઉદાર, સરલ તેમજ અસંદિગ્ધ પદ્ધતિદ્વારા મનુષ્યના રહસ્યમય જીવનમાં જીવાત્માના ઉન્નતિ-માર્ગને સરલ, સુખરૂપ તેમજ શાન્તિમય બનાવી દે છે.

આવી રીતે પ્રખર ભાષામાં સ્વામીજીનું વ્યાખ્યાન ચાલતું હતું, પણ આસપાસ એકઠી મળેલી હજારો લોકોની ભીડમાં એટલો બધો કોલાહલ અને ગડબડ મચી રહ્યાં હતાં કે સ્વામીજીનું ભાષણ બરાબર સંભળાઇ શકતું નહોતું. એથી તેમણે છેવટના નીચે મુજબના શબ્દો કહીને પોતાના વ્યાખ્યાનની સમાપ્તિ કરી.

પ્રિય મિત્રો ! તમારો અદ્‌ભુત ઉત્સાહ અને ઉછાળા મારતો આનંદ જોઇને મારૂં હૃદય અતિ પ્રસન્ન થાય છે. આજનો સમા-રોહ ઘણોજ અસાધારણ અને અદ્‌ભુત જણાય છે. હું તમારા વ્યવહારથી અસંતુષ્ટ કે નાખુશ થયો છું એવું તમે બિલકુલ ધારતા નહિ. તમારો આનંદ—ઉત્સાહ જોઇને ઉલટો હું વિશેષ ખુશી થયો છું. એવાજ ઉત્સાહની હાલ આપણને બહુ જરૂર છે. પ્રબલ ઉત્સાહજ આપણી નસોના લોહીને ગરમ બનાવી કર્તવ્યમાર્ગમાં પ્રેરશે. માત્ર એ ઉત્સાહને ચિરસ્થાયી કરવાની જરૂર છે. યત્નપૂર્વક તેને હમેશાં

જાળવી રાખો. એ પ્રબલ પ્રેમ અને ઉત્સાહના અગ્નિને કદિ પણ બૂઝાઇ જવા દેતા નહિ. આપણી પુણ્ય ભારતભૂમિમાં આપણે અનેક મહાન કાર્યો કરવાનાં છે. એ કાર્યો સિદ્ધ કરવા માટે તમારી સહાયતા, લાગણી અને આવાજ ઉત્સાહથી ભરેલી સહાનૂભૂતિની જરૂર છે. આવા ઉત્સાહ કોલાહલમાં શાન્તિથી સભાનું કાર્ય ચાલવું સંભવિત નથી, માટે મારૂં બોલવું પૂરૂં કરતી વખતે હું ફરીથી તમારી દયા ભરેલી લાગણી માટે તેમજ તમારા ઉત્સાહ ભરેલા સ્વાગત માટે અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું. બીજે શાન્ત સમય મળશે ત્યારે આપણે ભવિષ્યના કાર્ય માટે વિસ્તારથી વિચાર કરીશું, અને ઉપયોગી વિચારોનો પરસ્પર વિનિમય કરીશું. મારા પરમ મિત્રો! આજને માટે તો હું તમારી વિદાય લઉં છું. * * * *



મારાં યુદ્ધની વ્યૂહરચના !

(મદ્રાસના વિકટોરીઆ હૉલમાં અપાએલું વ્યાખ્યાન.)

ગયે પ્રસંગે લોકોની પ્રબલ ભીડ જામવાથી મારૂં કથન હું પૂર્ણ કરી શક્યો નહોતો, તેથી આજે આ અવસરે પ્રારંભમાંજ હું મદ્રાસ-નિવાસી બંધુઓનો તેમણે મારા પ્રત્યે બતાવેલી દયા, મમતા અને પ્રીતિને માટે હૃદયપૂર્વક આભાર માનું છું. માનપત્રોમાં મારે માટે જે સુંદર વિશેષણો વાપરવામાં આવ્યાં છે તેને માટે આપ સર્વનો કયા શબ્દોમાં આભાર માનવો, તેની હું કલ્પના કરી શકતો નથી. પ્રભુ મને એ બધાં ઉદાર, સુંદર અને દયા ભરેલાં વિશેષણોને યોગ્ય થવાનું અને સમગ્ર જીવન સ્વધર્મ તેમજ સ્વદેશની સેવા કરવાનું સામર્થ્ય આપે.

ભદ્ર મહાશયો !

મારામાં અનેક દોષ હોવા છતાં હું ધારૂં છું કે કંઇક નિડરતાનો અને સાહસનો ગુણ છે. પશ્ચિમને મારે ભારતનો સંદેશો પહોંચાડવાનો હતો. ઇશ્વર તરફથી મને એ કાર્ય સોંપવામાં આવ્યું હતું. મેં નિડર-તાથી એ સંદેશો અમેરિકા અને ઇંગ્લાંડના લોકોને સંભળાવ્યો છે. આજનો વિષય શરૂ કર્યા પહેલાં હું તમને બધાને એવીજ નિડરતાથી—સાહસથી થોડા શબ્દો કહેવા માગું છું. સાંભળો. કેટલોક સમય થયાં મારી પ્રવૃત્તિમાં વિઘ્ન નાખવાના—મારા કામમાં અડચણો ઉભી કરવાના કેટલાક પ્રયત્નો થાય છે. મારી આસપાસ એવી તજવીજો—એવી પેર-વીઓ રચાતી જણાય છે કે જેથી હું આગળ વધી ન શકું. જો તેમનાથી બને તો તેઓ એકદમ મને પીલી કચરીને મારી હયાતીજ નાબુદ કરી નાખે ! પરંતુ પ્રભુની કૃપાથી એ બધી પેરવીઓ નિષ્ફળ નિવડી છે. એવા પાપી પ્રયત્નો ઘણે ભાગે વિફળજ જાય છે. લગભગ

છેલ્લાં ત્રણ વર્ષ થયાં મારા વિષે કેટલીક ગેરસમજ ફેલાયેલી છે, પરંતુ હું દૂરના વિદેશમાં હતો ત્યાં સુધી શાંતિ ધારણ કરીને મુંગો રહ્યો હતો, જાણે હું જાણતોજ ન હોઉં તેમ એક શબ્દ પણ એ બાબતમાં આજ સુધી બોલ્યો નથી; પણ હવે મારી માતૃભૂમિના ખોળામાં આવી પહોંચ્યા પછી સ્વદેશની જમીનપર ઉભો રહીને, એ બાબતમાં મારા તરફના ખુલાસાના થોડા શબ્દો કહેવાની મને જરૂર જણાય છે. મારા એ શબ્દોનું શું પરિણામ આવશે, એ શબ્દોથી તમારા મનમાં મારા માટે શા વિચારો ઉત્પન્ન થશે, તમારા હૃદયપર એ શબ્દોની શી અસર થશે, તેની મને કશી પણ ચિંતા નથી. એવી ચિંતા કે ભીતિ રાખે તે સંન્યાસીજ નથી. ચાર વરસ અગાઉ હાથમાં દંડ-કમંડલ લઇને સંન્યાસિ-વેશે મેં તમારા શહેરમાં પહેલવહેલો પ્રવેશ કર્યો હતો. હજી પણ હું તેજ સંન્યાસી છું, અને વિશાળ દુનિયા મારી સામે ખુલ્લી છે. વિશેષ પ્રસ્તાવવિના હવે હું મારૂં કથન શરૂ કરૂં છું.

પહેલાં તો મારે "થિયૉસોફીકલ સોસાઇટીના" સંબંધમાં થોડા શબ્દો કહેવાના છે. તે સંસ્થા તરફથી આજ સુધી ભારતના ક્ષેત્રમાં કંઇક સારૂં કામ થયું છે, અને તેને માટે એ સંસ્થાનો-વિશેષ કરીને મીસીસ બીસેંટનો ઘણો આભાર થયો છે. મિસીસ બીસેંટ સંબંધી હું જે કંઈ અલ્પ-સ્વલ્પ જાણું છું તેપરથી મારૂં માનવું થયું છે કે એ પરોપકારી બાઇ આપણા પવિત્ર દેશની નિષ્કામ શુભચિન્તક છે, અને તે આપણા પવિત્ર દેશની ઉન્નતિ કરવાને પોતાનાથી બની શકે તેટલો પોતાની સર્વશક્તિનો ઉપયોગ કરે છે. તેના એ પુણ્યપ્રયત્ન માટે હિંદનો પ્રત્યેક સુપુત્ર તેનો અત્યંત આભારી છે, તેમજ એ પ્રયત્ન માટે પ્રભુ તેનાપર તેમજ તેના સંબંધીઓપર શુભાશીર્વાદ વરસાવો; પરંતુ આ એક વાત છે, અને થિયૉસોફીકલ સોસાઇટીમાં જોડાવું એ બીજી-તેનાથી છેક જુદીજ વાત છે. સદ્ભાવ, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, વખાણ એ એક

વસ્તુ છે; અને બીજાનું કહેવું—બીજાનું મંતવ્ય કશો પણ વિચાર કર્યાવિના, કશો પણ તર્ક કર્યાવિના, કશી પણ ચર્ચાવિના આંખો મીંચીને મુંગે મોંએ કબુલ કરી લેવું એ બીજી વસ્તુ છે. આજકાલ ચારેમેર એવી વાત ફેલાવવામાં આવી છે કે અમેરિકા અને ઇંગ્લાંડમાં હું જે કંઇ કાર્ય સંપાદન કરી શક્યો છું, તેમાં મને એ સંસ્થા તરફથી મુખ્ય મદદ કરવામાં આવી છે! હું તમને સ્પષ્ટ જણાવું છું કે એ વાતનો એક શબ્દ પણ સત્ય નથી. એ બધા કપોળકલ્પિત ગપાટાજ છે. મતભેદ અને વિચારભેદ હોવા છતાં આપણે સહાનુભૂતિ દર્શાવવાના, પરસ્પર સારી લાગણી ધરાવવાના અને પરસ્પર સહાય કરવાના ઉદાર વિચારો સંબંધી આ જગતમાં લાંબાં લાંબાં ભાષણો સાંભળીએ છીએ એ ઘણી સારી વાત છે; પરંતુ વ્યવહારમાં—અનુભવમાં આપણે શું જોઇએ છીએ? જ્યાંસુધી એક મનુષ્ય બીજા મનુષ્યના બધા વિચારોને માને છે અને તેના મતનો બની રહે છે ત્યાંસુધીજ તેના તરફ બીજા મનુષ્યની સહાનુભૂતિ કે લાગણી રહે છે. એ મનુષ્યે પોતાનો જરાપણ મતભેદ બતાવ્યો કે થઈ ચૂક્યું! એ સહાનુભૂતિ તરતજ પાંખો ફડફડાવીને ઉડી જાય છે! લાગણી લાકડાપર લટકી રહે છે! પ્રેમ અને ભ્રાતૃભાવ એકાએક અદૃશ્ય થઇ જાય છે!

કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમને પોતપોતાના ધારી રાખેલા ક્ષેત્રમાં પોતાનો સ્વાર્થ સાધવાનો હોય છે. કોઇપણ દેશમાં એવા લોકોના સ્વાર્થને જ્યારે ધોકો પહોંચે છે, અથવા કોઇ પણ પ્રકારની અડચણ આવે છે, ત્યારે તેમનાં અંતઃકરણો બળવા લાગે છે. તેમની ઇર્ષ્યા અને દ્વેષભાવ એટલાં બધાં વધી પડે છે કે શું કરવું કે શું નહિ તે તેઓ જાણી શકતા નથી! ગરીબ હિંદુઓ જ્યારે પોતાને હાથેજ પોતાનું ઘર સ્વચ્છ કરવા લાગ્યા છે, ત્યારે તેમાં ખ્રિસ્તી પાદરીઓની શી હાનિ થાય છે, તે કંઈ સમજી શકાતું નથી.

તેમનાથી બીજી જાતિના આત્મસુધારણાના પ્રયત્નો પણુ સહી શકાતા નથી. હિંદુઓ પોતાની જાતિના સુધારા માટે ખરા અંતઃકરણથી પ્રયત્ન કરવા લાગ્યા છે, ત્યારે એથી બ્રહ્મોસમાજ અથવા બીજી કોઇ પણ સુધારાસમાજનું શું બગડે છે તેઓ શા માટે હિંદુસુધારકોનો વિરોધ કરે છે ? તેઓ શા માટે આવી હિતકારક ચળવળના કટ્ટા શત્રુઓ બની જાય છે ? હું પૂછું છું કે આ દુશ્મનાવટ શા માટે ? તેમનો દ્વેષ, તેમની ઈર્ષ્યા અને તેમનો તિરસ્કાર એટલું બધું પ્રબળ રૂપ ધરી બેઠાં છે કે તેનું કારણ પૂછવાનો અથવા તે બાબત કશો પ્રશ્ન કરવાનો યત્ન પણુ વ્યર્થજ નિવડે છે. આજથી ચાર વર્ષ અગાઉ જ્યારે મારા જેવો એક અજાણ્યો, નિર્ધન, સહાય વગરનો, મિત્ર વગરનો તેમજ અહીંથી કોઇ સદ્‌ગૃહસ્થનાં લખી આપેલાં ભલામણપત્ર કે પરિચયપત્ર વગરનો એકલો અટુલો ગરીબ સંન્યાસી, વિશાળ જળસિંધુની–સાત સમુદ્ર અને સીત્તેર નદીઓની પેલીપાર આવેલા દૂરદૂરના અમેરિકા દેશ તરફ જવાને તૈયાર થયો હતો–જે વિશાળ દેશમાં મારો કોઈ પરિચિત કે મિત્ર નહોતો, તે દેશમાં વસનારા પાતાળવાસી લોકોને પ્રભુનો પવિત્ર સંદેશો પહોંચાડવાને અહીંથી પ્રયાણ કરતો હતો, એ વખતે એકવાર હું આ દેશની થિયૉસોફીકલ સોસાઇટીની એક શાખાના અગ્રેસરને મળવા ગયો હતો. એ વખતે સ્વાભાવિક રીતેજ મેં ધાર્યું હતું કે તે અગ્રેસર હિંદનો હિતચિંતક અને અમેરિકાનો રહેવાસી હોવાથી જરૂર ત્યાંના કોઈ સદ્‌ગૃહસ્થ ઉપર મને એકાદ પરિચયપત્ર અથવા ભલામણપત્ર લખી આપશે, તો અજાણ્યા પ્રદેશમાં એ પત્ર મને ઘણો મદદરૂપ થઇ પડશે. હું જ્યારે મળવા ગયો ત્યારે તેમણે મને પૂછ્યું કેઃ–" તમે અમારી સંસ્થામાં સભાસદ તરીકે દાખલ થશો ? "

મેં ઉત્તર આપ્યોઃ–" ના, હું કેવી રીતે તમારી સોસાઇટીમાં દાખલ થઇ શકું ? સોસાઇટીના સિદ્ધાંતોમાં અને મારા સિદ્ધાંતોમાં

કેટલોક મતભેદ છે. એથી હું લાચાર છું." મારા આ શબ્દો સાંભળીને તરતજ તેમણે મને જણાવ્યું કે:–"હું દિલગીર છું, હું તમારામાટે કંઇ પણ કરી શકું તેમ નથી!" થિયૉસોફિકલ સોસાઇટી તરફથી જો મને કંઇ પણ સહાય કરવામાં આવી હોય તો તે આટલીજ હતી. શું આ રીતનું વર્તન તે મને માર્ગ આપ્યો કહેવાય? જો કોઇ થિયૉસોફિસ્ટ બંધુ આ સભામાં હાજર હોય તો હું તેને આગ્રહથી પૂછું છું કે શું આ મદદ આપી કે માર્ગ કરી આપ્યો કહેવાય? અસ્તુ. તમે બધા જાણો છો તેમ અહીં મદ્રાસના કેટલાક મિત્રોની મદદવડે હું અમેરિકા પહોંચ્યો હતો. એ મિત્રોમાંના ઘણા ખરા તો અહીં હાજર છે, માત્ર તેમાંનો એક મુખ્ય મિત્ર અહીં દેખાતો નથી. તે મિત્ર શ્રી. જસ્ટીસ સુબ્રામણ્ય આયર છે. એ સદ્‌ગૃહસ્થ મારા મુખ્ય સહાયક હતા. તેમના અનંત ઉપકારના બોજા તળે હું સદાય દબાયલો છું. તેઓ આ સભામાં અત્યારે હાજર નથી. એ મહાપુરૂષના પ્રત્યે આ સ્થળે હું મારી સંપૂર્ણ કૃતજ્ઞતા પ્રકટ કરૂં છું. એ સત્‌ પુરૂષના હૃદયમાં દિવ્ય પ્રતિભાનો પ્રકાશ હંમેશાં ઝળહળી રહેલો જણાય છે. મારા આજસુધીના જીવનમાં, મેં તેમના જેવા સાચા ને વિશ્વાસપાત્ર મિત્રો બહુજ થોડા જોએલા છે. તેઓ ઉદાર ચિત્ત, નિખાલસ, નિઃસ્વાર્થી અને હૃદયના સાચા મિત્ર છે. ગરીબ ભારતમાતાના તેઓ એક ખરેખરા સુપુત્ર છે. એમની તથા મદ્રાસના બીજા કેટલાક મિત્રોની મદદથી હું અમેરિકા જઇ પહોંચ્યો. એ વખતે મારી પાસે બહુજ થોડા પૈસા બચ્યા હતા. અમેરિકાની મહાન ધર્મપરિષદ્ ભરાવાને હજુ કેટલાક મહીનાની વાર હતી. એ વખત દરમિયાન મારા પૈસા, અમેરિકા જેવા ધનવાન અને ખર્ચાળ દેશમાં કેટલો વખત નીભી શકે? ખર્ચનું પ્રમાણ ત્યાં આપણા દેશથી ઘણું વિશેષ છે. શિયાળો નજીક આવી પહોંચ્યો, અને મારી પાસે તો માત્ર ઉનાળામાં ઉપયોગી થાય એવાં થોડાં પાતળાં

વસ્ત્રોજ હતાં. એક દિવસ ઠંડીથી મારો હાથ એકાએક અકડાઇ ગયો ! સખ્ત શિયાળાની સહન ન કરી શકાય એવી કડકડતી ઠંડીમાં, વિદેશી અપરિચિત લોકોથી વસેલા પારકા પરદેશમાં પૈસા વિના શું કરવું ? હું એ વખતે લાચાર થયો. હવે શું કરવું તે મને સમજાયું નહિ. હું ભિક્ષા માગવા જાઉં તો તરતજ મને પકડીને જેલમાં મોકલી દેવામાં આવે ! મારા ખીસામાં હવે માત્ર છેલ્લા થોડાજ ડૉલર રહેલા હતા. મેં એ વખતે મારા મદ્રાસના મિત્રોપર મદદને માટે તાર કર્યો. આ હકીકત થિયૉસોફિકલ સોસાઇટીના મેંબરોના જાણવામાં આવી. તેમાંનો એક સભાસદ પોતાના એ વખતના એક પત્રમાં લખે છે કેઃ–" હવે એ સેતાનનું મોત નજીક આવેલું જણાય છે. પ્રભુ આપણું રક્ષણ કરો !"

કેવી સરસ લાગણી ? શું આ રીતેજ મને રસ્તો કરી આપવામાં આવ્યો હતો કે ? જો એ સંસ્થા તરફથી મને મારા પ્રવાસસમયે કશી પણ સહાનુભૂતિ મળી હોય તો તે આ પ્રકારનીજ હતી !

આ બધી હકીકત બહાર પાડવાની મારી બીલકૂલ ઇચ્છા નહોતી, પરંતુ જ્યારે મને મદદ કરવાની મોટી મોટી વાતો અને સોસાઇટીએ બતાવેલી સહાનુભૂતિના મહાધ્વનિ ઠામ ઠામ પડી રહ્યા છે, ત્યારે એ બધામાં કેટલું સત્ય અને કેટલું અસત્ય છે, તે સ્પષ્ટ રીતે દર્શાવવા માટે, તેમજ એ બધું જાણવાને મારા જે જે દેશવાસી બંધુઓ આતુર છે, તેમની તૃપ્તિને માટે મારે દિલગીરી સાથે નિરૂપાયે જણાવવું પડે છે. ત્રણ વર્ષના લાંબા સમયસુધી મેં મારા મોંને એ વિષયને માટે તાળું લગાવી રાખ્યું હતું. કોઇનો પણ અપકાર પ્રકટ કરવામાં મૌનનેજ મેં મારો મુદ્રાલેખ બનાવી રાખ્યો છે, પણ આજે આ હકીકત મારા નિયમને કૂદીને અચાનક બહાર નીકળી આવી છે ! થિયૉસોફિકલ સોસાઇટીની સાથે મારો હિસાબ એટલેથીજ પતી જતો નથી. ચિકાગોની મહાન ધર્મ પરિષદના સભામંડપમાં કેટલાક થિયૉસોફિસ્ટ બંધુઓ

મારી નજરે પડયા. તેમની સાથે વાતચિત કરવાની અને મળવા હળવાની મને ઇચ્છા થઇ. હું તેમની પાસે ગયો, પણ એ વખતે તેમના ચ્હેરા-ઉપર મારા પ્રત્યેનો જે પ્રત્યક્ષ તિરસ્કાર સ્પષ્ટ દેખાઇ આવતો, એ બાબતનું મને પૂરેપૂરૂં સ્મરણ છે. જાણે તેઓ મુંગે મોંએ મારી અવજ્ઞા કરીને કહેતા હોયને કેઃ—"આ દેવતાઓના દરબારમાં તમારા જેવા ક્ષુદ્ર કીડાઓનું શું કામ છે?" આવી રીતની ઉદારતાથીજ થિયો-સોફિકલ સોસાઇટીએ મને ત્યાં માર્ગ કરી આપ્યો હતો! ત્યારપછી એ મહાન ધર્મસભામાં મારૂં નામ અને કામ આગળ આવ્યાં અને મારે માટે ઠેકઠેકાણે કીર્તિવાદ સંભળાવા લાગ્યો, ત્યારથીજ મારે માટે પ્રબળ પ્રયાસ શરૂ થયા! પ્રચંડ કામ આરંભાયું! હું જે જે ગામમાં, જે જે સ્થળે જતો, ત્યાં ત્યાં થિયૅાસોફિસ્ટો મને દબાવી દેવાને પોતાનાથી બને તેટલા યત્નો અજમાવતા! ત્યાંના બધા થિયૅાસોફિસ્ટ ભાઇઓને મારાં ભાષણો સાંભળવાની ખાનગી રીતે મનાઇ કરવામાં આવી હતી; કેમકે વખતે મારાં ભાષણો સાંભળીને તેમનાં મન બદલાઇ જાય અને થિયૅા-સોફિકલ સોસાઇટી તરફની તેમની લાગણી વિનાશ પામે તો! તેમને તેમજ ખ્રિસ્તી પાદરીઓને એ ભય બહુ હતો.

સોસાઇટીના એસૅાટેરિક (ગુપ્ત) વિભાગનો એવોજ મત છે કે જે જે સભાસદો એ ગુપ્તમંડળમાં દાખલ થાય તેમને માત્ર કુતહુમી અને મોરિયા જેવા મહાત્માઓ તરફથીજ શિક્ષણ મળવું જોઇએ. બીજા પાસેથી તેમનાથી શિક્ષણ લઇ શકાયજ નહિ! એ બન્ને મહા-ત્મા કેવા છે અને તેઓ ક્યાં નિવાસ કરે છે એતો પ્રભુ જાણે! પણ તેમની અદૃશ્ય રહેલી શક્તિ તેમના દૃશ્ય પ્રતિનિધિઓ મી. જજ્જ અને મિસીસ બીસેન્ટના શરીરમાં પ્રવેશ કરીને પોતાના શ્રદ્ધાળુ શિષ્યોને શિક્ષણ આપવાનું કામ કરતી! આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે જે કોઇ મનુષ્ય એ ગુપ્તમંડળમાં દાખલ થાય તેણે પોતાની સ્વતંત્ર વિચાર-

શક્તિનો સર્વથા ત્યાગ કરી, સોસાઇટીને સંપૂર્ણ ભાવે પોતાનું આત્મ-સમર્પણ કરવું પડે છે. અવશ્ય મારાથી આવું કોઇ કાળે થઇ શકે તેમ નહોતું. ક્ષુદ્ર અને ક્ષણિક સાંસારિક સુખ–સગવડને ખાતર પોતાની સ્વતંત્ર આત્મશક્તિ અને વિચારશક્તિ વેચી દેવાનું મારાથી કદિ પણ બની શકે તેમ નહોતું. જે મનુષ્ય એવી રીતે પોતાની આત્મસત્તા પારકા હાથમાં વેચવાને તૈયાર થાય છે, તેને હું હિંદુ પણ કહી શકું તેમ નથી.

ત્યારપછી થિયોસોફીકલ સોસાઇટીના પોતાના મંડળમાંજ ગડબડ ચાલુ થઈ. મી. જજ્જ અને મીસીસ બિસાંટ વચ્ચે વાંધો પડયો. છેવટે બન્ને છુટાં પડયાં ! સ્વ. મી. જજ્જને માટે મને ઘણું માન હતું. તે એક ગુણવાન, સરલ, નિષ્કપટ અને શ્રદ્ધાપાત્ર સદ્‌ગૃહસ્થ હતો. મારા મત પ્રમાણે થિઓસોફીકલ સોસાઇટીનો તે સર્વથી ઉત્તમ પ્રતિનિધિ હતો. જ્યારે મી. જજ્જ અને મિસીસ બિસાંટ બન્ને જણ એક સાથે એવોજ દાવો કરે છે કે, તેમના પોતપોતાના મહાત્મા ખરા છે; ત્યારે તેમની વચ્ચે કેવી રીતનો વાંધો ઉઠયો છે, અને શી ગડબડ ચાલે છે, તેની ચર્ચા કરવાનું આ સ્થળે મને વાજબી નથી જણાતું. તેઓ બન્ને પોતપોતાના મહાત્માનો ઉપદેશ સત્ય હોવાનો દાવો કરે છે ! વળી વિશેષ આશ્ચર્ય તો એજ છે કે તેમનો બન્નેનો દાવો અને વાંધો એકજ મહાત્માને લઈને ચાલે છે ! એકજ મહાત્માનાં એ બન્ને ઉપાસક છે, એ મહાત્માની આજ્ઞા પ્રમાણેજ તેઓ બન્ને કાર્ય કરે છે, ત્યારે એ બન્નેને જુદી જુદી શિક્ષા આપી, તેમને લડાવી મારવાનું એ મહાત્માને શું કારણ હશે તે તો પ્રભુ જાણે ! પરમાત્માજ સત્ય હકિકતના જ્ઞાતા છે. બન્ને પક્ષનાં ત્રાજવાં એકસરખાંજ નજરે પડે ત્યારે એ બાબતનો ન્યાય ચુકાવવાની પ્રભુ સિવાય બીજા કોઈની સત્તા નથી.

અહીં થિયોસોફીકલ સોસાઇટીની સાથેનો મારો સંબંધ પૂરો

થાય છે. મારી અમેરિકા અને ઇંગ્લાંડની મુસાફરીમાં તેમણે મને જો કોઇ પ્રકારની મદદ કરી હોય, અથવા મારા કાર્યનો માર્ગ તેમણે સરલ બનાવી દીધો હોય, તો તે ઉપલા પ્રકારેજ છે! તેઓ એટલે કે થિયોસોફીસ્ટો, મારી વિરૂદ્ધ પોકાર ઉડાવનારા ખ્રિસ્તી પાદરીઓની સાથે મારા માર્ગને વધારે કઠિન બનાવવા માટેજ મળી ગયા. એ બન્ને પક્ષ મારી વિરૂદ્ધ એકત્ર થયા! જગતમાં એવું કોઇ પણ હડહડતું જુઠાણું નહિ હોય કે જે ત્યાંના પાદરીઓએ મારી વિરૂદ્ધ ઉભું કરવામાં બાકી રાખ્યું હોય! દૂરના વિદેશમાં હું એક ગરીબ, મિત્ર વગરનો, અસહાય સાધુ આવી પડેલો હોવા છતાં, મારી ખોટી ખોટી નિંદા કરવામાં, મારે માટે ખોટા ખોટા ચારિત્રદોષ ઘડી કહાડીને ચારેમેર ફેલાવવામાં અને મને ગામ ગામ તેમજ ઠામ ઠામ વગોવવામાં તેમણે કશી પણ કચાશ રાખી નથી! દરેક ઘરમાંથી મને હાંકી કહાડવામાં આવે અને મારી મિત્રતા શોધવા આવનારો મનુષ્ય પણ મારો શત્રુ થાય, તેને-માટે પોતાનાથી બન્યા તેટલા બધા યત્નો તેમણે કરી જોયા! મને ભૂખમરો વેઠીને, ટાંટીયા ઘસીને મરી જવાનો વખત આવે, એવું કરવાની તેમણે પુષ્કળ મહેનત ઉઠાવી! મને વિશેષ દુઃખ અને દિલગીરી તો એટલા માટેજ થાય છે કે મારી સાથેની આ બધી નિષ્કારણ શત્રુતા ઉભી કરવામાં મારા એક સ્વદેશી બંધુએ પણ સારો ભાગ લીધો હતો! એ ગૃહસ્થ હિંદુસ્તાનની એક સુધારક સભાનો જાણીતો અગ્રેસર છે. એ ગૃહસ્થ જ્યાં જ્યાં સમય મળે ત્યાં હંમેશાં લોકોને કહેતો ફરે છે કેઃ—"ઇસુખ્રિસ્ત હિંદમાં આવી પહોંચ્યો છે." "તેનો અવતાર થયો છે." શું આવી ગપાષ્ટક વાતોથી ભારત છેતરાઇ જશે? શું એવો ખોટો ઢંઢેરો પીટવાથી ઇસુખ્રિસ્ત હિંદુસ્તાનમાં આવશે? હું તો જાણું છું કે આવતો હશે તોપણ પાછોજ ચાલ્યો જશે! હિન્દુસ્તાનને સુધારવાની શું આ ખરી રીત છે? એ ગૃહસ્થને હું

મારી બાળવયથી ઓળખુંછું. તે મારા ખાસ મિત્રોમાંનો એક હતો. એથી જ્યારે મેં તેને દૂરના વિદેશમાં–અમેરિકાના પ્રદેશમાં–પહેલવહેલો જોયો ત્યારે મને ઘણો અનંદ થયો, કેમકે દીર્ઘ સમય થયાં હું મારા કોઇ પણ દેશબંધુને મળી શક્યો નહોતો. મને સ્વર્ગના જેટલો આનંદ થયો, પરંતુ તેમના તરફથી તો મારૂં ઉલટી રીતેજ સન્માન કરવામાં આવ્યું. તે જેવી રીતે મારી સાથે વર્ત્યો તેવી રીતે મનુષ્ય, એક દુશ્મનની સાથે પણ કદી નહિ વર્તે ! જે દિવસે–જે ક્ષણે–અમેરિકાની ધર્મસભાએ મારૂં ભાષણ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું–મારે માટે આનંદના અવાજથી ચિકાગોનું વાતાવરણ ગાજી ઉઠયું–જે સમયથી હું એ પરદેશી ક્ષેત્રમાં એકાએક લોકપ્રિય બની ગયો, તેજ દિવસ અને તેજ ઘડીથી ઉપર જણાવેલા મારા જુના મિત્રની આંખમાં હું શૂળનીપેઠે ખૂંચવા લાગ્યો ! મારી સાથેની તેની રીતભાત–તેનું વર્તન–તેનો વ્યવહાર એ સઘળું એકાએક બદલાઇ ગયું ! ત્યારથી તે અનેક કાવાદાવા કરીને છૂપી રીતે મારી પીઠ પાછળ મને નુકસાન પહોંચાડવાનો પોતાનાથી બને તેટલો પરિશ્રમ કરવા લાગ્યો ! મને પોતાના રસ્તાના કાંટારૂપ ગણીને મૂળમાંથી ઉખેડી નાખવાના તેણે ઘણાએ પ્રયત્નો કર્યા !

આવી રીતેજ ઇસુખ્રિસ્ત હિંદુસ્તાનમાં આવશે કે ? એક સાથે વીસ વર્ષ સુધી ખ્રિસ્તના ચરણકમલમાં બેસીને તેણે છેવટ આજ શિક્ષણ મેળવ્યું હતું કે ? આપણા દેશમાં કેટલાક મહાન સુધારકો ઢંઢેરો પીટાવે છે કે, ખ્રિસ્તીધર્મ અને ખ્રિસ્તીશક્તિજ હિંદુસ્તાનની પ્રજાનો ઉદ્ધાર કરશે. શું હિંદુપ્રજાનો ઉદ્ધાર કરવાની આ રીતિ છે ? ઉપર જણાવ્યો તે મનુષ્ય જો તેમના ઉદ્ધાર કરનારાઓનો એક આદર્શજ હોય તો મને તેમના પુરૂષાર્થનું પરિણામ કંઇ વધારે આશાભર્યું જણાતું નથી !

અહીં એક બીજી વાતનો ખુલાસો કરવાની મને જરૂર જણાય છે. એજ પ્રકારની સમાજસુધારક સંસ્થાના એક વાજીંત્રમાં થોડા

સમય પહેલાં મારે માટે એક લેખ છપાવવામા આવ્યો છે. તેમાં મારા વાંચવામાં આવ્યું છે કે, હું શૂદ્ર છું, અને શૂદ્રને સંન્યાસ લેવાનો શું અધિકાર છે ? એવી મને ચેલેંજ કરેલી છે. તેમના એ પ્રશ્ન અને ચેલેંજના ઉત્તરમાં હું માત્ર એટલુંજ જણાવું છું કે, જો તમે તમારાં શાસ્ત્ર અને પુરાણો ઉપર શ્રદ્ધા રાખતા હો, જો તમારા ધર્મગ્રંથોને તમે ખરા માનતા હો તો મારી તેમજ મારા સંન્યાસની યોગ્યતાનો વિચાર મારા વંશપરથી કરી જુઓ. મેં એવા દેવતા—એવા મહાપુરૂષ—ના વંશમાં જન્મ લીધેલો છે કે જેનાં ચરણકમલપર " **यमाय धर्मराजाय चित्रगुप्ताय वै नमः ॥** " એ મંત્રના ઉચ્ચારણપૂર્વક પ્રત્યેક બ્રાહ્મણ પુષ્પો ચડાવે છે. એ મહાપુરૂષના મહાપવિત્ર ક્ષત્રીઓના વંશમાં મેં જન્મ લીધેલો છે. હિંદુસ્તાનના એ કહેવાતા સુધારકોએ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ કે મારી જાતિએ આજસુધી અનેક રીતે ભારત વર્ષની તન, મન અને ધનથી સેવાઓ ઉઠાવી છે, એટલુંજ નહિ પણ તેણે અનેક સેકાં સુધી અર્ધા હિંદુસ્તાન ઉપર પૂર્ણ સત્તાપૂર્વક રાજ્યાધિકાર ચલાવેલો છે. જો એ જ્ઞાતિને ગણત્રીમાંથી બહારજ કાઢી નાખવામાં આવે તો પછી આજના સુધરેલા વર્ગમાંથી કેટલો ભાગ બાકી રહે ? માત્ર એક બંગાળાનુંજ દૃષ્ટાંત લો. બંગભૂમિને એજ જ્ઞાતિએ સર્વ શ્રેષ્ઠ ફિલ્સુફો અને દાર્શનિક પંડિતો પૂરા પાડયા છે. મહાન કવિ, મહાન ઇતિહાસવેત્તા, પ્રાચીન તત્ત્વવિદ્, મહાન ધર્મોપદેશક અને મહાન જ્ઞાનવીર પુરૂષો એ જ્ઞાતિએજ પૂરા પાડયા છે. હાલના મોટામાં મોટા રસાયનશાસ્ત્રી અને વિજ્ઞાનવાદી પુરૂષ પણ એ ક્ષત્રિય લોહીમાંથીજ ઉત્પન્ન થયા છે. મારાપર ટીકાનું અસ્ત્ર ચલાવનારા નિંદાપ્રિય વિરોધીઓને આપણા પોતાના ઇતિહાસનાં થોડાં પાનાં ઉથલાવી જોવાની તેમજ આપણા ત્રણ વર્ણનો ઇતિહાસ જાણીને બ્રાહ્મણ, ક્ષત્રિય, તેમજ વૈશ્યને સંન્યાસી થવાનો એક સરખોજ હક્ક છે તે જાણવાની

ખાસ જરૂર હતી. આ સર્વે વાતો પ્રસંગ નીકળતાં માત્ર શ્રોતાઓની જિજ્ઞાસાને શાંત કરવાનેજ મેં સહજ જણાવેલી છે. મને તેઓએ શૂદ્ર કહ્યો હોય તો તેથી મારા હૃદયને કશું દુઃખ થવાનું નથી. પૂર્વે મારા પૂર્વજોએ દરિદ્ર અને ગરીબ લોકોપર જે જુલ્મ અને ત્રાસ વર્તાવ્યો છે, તેનો એથી થોડો ઘણો બદલો વળ્યો ગણાશે. જો હું સર્વથી અધમ જાતિનો એક નીચ ચંડાળ હોત તો ઉલટું એથી મને વિશેષ આનંદ થવાનો હતો, કેમકે હું જે મહાપુરૂષનો શિષ્ય છું તે એક શ્રેષ્ઠ બ્રાહ્મણ કુળમાં જન્મેલા હોવા છતાં તેમણે એક નીચ જાતિના ચંડાળનું ઘર સાફ કરવાની પોતાની પ્રબળ ઇચ્છા દર્શાવી હતી, પરંતુ તે માણસે વચ્ચે પડીને તેમને એવું કાર્ય કરવા ન દીધું. તે એવું અધમ કાર્ય એક મહાત્માને કેવી રીતે કરવા દે ? બ્રાહ્મણ અને તે પણ ત્યાગી સંન્યાસી આવીને તેનું સંડાસ સાફ કરે તે કદિ પણ તે સહન કરી શકે ? આમ હોવાથી તેઓ (શ્રી રામકૃષ્ણ પરમહંસ) અંધારી મધ્યરાત્રિએ ગુપચૂપ તેનું જાજરૂ સાફ કરતા અને પોતાના લાંબા હાથથી ગંદુ સ્થાન ઘસી ઘસીને સાફ કરતા ! તેઓ અનેક દિવસ સુધી આ પ્રમાણે કરતા રહ્યા; કેમકે એથી પોતાનું અધમ દેહાભિમાન નષ્ટ થઇને તેઓ સર્વના દાસ–સકલ સૃષ્ટિના સેવક બની શકશે એવી તેમની માન્યતા હતી. એ મહાપુરૂષનાં શ્રી ચરણો મેં મસ્તકપર ધારણ કર્યાં છે. તેઓજ અમારા જીવનના આદર્શ છે. હું પણ એજ આદર્શ પુરૂષનું યાવજ્જીવિત અનુકરણ કરીશ. ખરો હિંદુ પોતાનો ઉદ્ધાર, પોતાની ઉન્નતિ, કેવી રીતે કરે છે ? બધાનો–સકળ જગતનો સેવક બનીનેજ હિંદુ પોતાની ઉન્નતિ કરવાનો યત્ન આદરે છે. એજ પ્રકારે હિંદુઓએ પોતાની સમગ્ર પ્રજાવર્ગનો ઉદ્ધાર કરવો જોઇએ. તેમાં વિદેશી ભાવની સહાયતા લેવાથી કશો ઉદ્ધાર થવાનો નથી. વીસ વર્ષની પાશ્ચાત્ય સભ્યતા અને કેળવણીને યોગે કેવું ઉજ્જ્વલ ચરિત્ર ઘડાય છે, તેનું દૃષ્ટાન્ત મેં એક

મિત્રના વર્તનમાં બરાબર જોયું છે. જેનું કંઈક વર્ણન હું આગળ કરી ગયો છું. એ સુશિક્ષિત સદ્‌ગૃહસ્થે પોતાના વીસ વર્ષના એક જુના મિત્રને દૂરદૂરના અજાણ્યા વિધર્મી પ્રદેશમાં ભૂખમરાનો ભોગ બનાવવાની ઈચ્છા-પૂર્વક યત્નો કર્યા છે; કારણ કે એ મિત્ર એ પ્રદેશમાં લોકપ્રિય થયો હતો ! માત્ર એટલાજ કારણસર કે એ મિત્ર પોતાના પૈસા કમાવાના માર્ગમાં તેની આડે આવી પડ્યો હતો !

આપણા સુધારક ભાઈઓમાંથી એવા મનુષ્ય બતાવો કે જે નીચ જાતિ ચંડાળના ઘરના જાજરૂને સાફ કરવાને તૈયાર હોય ? જો કોઈ તૈયાર થાય તો તરત હું તેના ચરણમાં બેસીને, તેની ચરણરજ શિરપર સ્થાપી તેમનો ઉપદેશ ગ્રહણ કરીશ. **હજારો મણ ભારે લાંબી ચોડી મોટી મોટી વાતોને બદલે એક પાશેર જેટલું પણ પ્રત્યક્ષ કામ કરી બતાવે, તોજ કંઈક કર્યું કહેવાય.** આ તો ફોકટનું મ્હોંથી થુંકજ ઉરાડવામાં આવે છે, એથી શું લાભ ?

હવે હું મદ્રાસના સુધારક વર્ગ સંબંધી કંઈક કહેવા માગું છું. તેઓએ મારા તરફ ઘણી દયા અને મમતા બતાવી છે. તેમણે મને ઘણાં મિષ્ટ વચનો કહ્યાં છે, અને પ્રથમથીજ સ્પષ્ટ રીતે મારૂં ધ્યાન ખેંચ્યું છે કે, બંગાળાના સુધારકોમાં અને તેઓમાં ઘણો તફાવત છે. એ મતમાં હું તેમની સાથે મારા જાતિ અનુભવ પછી ખુલ્લા દિલથી એકમત થાઉં છું. તમારામાંના ઘણાને સ્મરણમાં હશે. મેં અનેક વાર તમને કહ્યું છે કે મદ્રાસ હાલ ઘણી સારી અવસ્થામાં છે. બંગાળામાં આજકાલ જેવી ક્રિયા અને પ્રતિક્રિયાની—આઘાત અને પ્રત્યાઘાતની—ઝેરી રમત ચાલી રહી છે, તેવી અહીં નથી. અહીં તો સર્વ વિષયોમાં ધીમે પણ દૃઢ પગલે સ્વાભાવિક પ્રગતિજ ચાલી રહી છે. અહીં તેનો સર્વત્ર વિકાસજ ચાલુ છે. કોઈ સ્થળે તેનો પ્રત્યાઘાત અથવા

વિરોધ જણાતો નથી. બંગાળામાં ઘણી બાબતોનો અમુક અંશે સ્પર્ધા-ભર્યો પુનરૂદ્ધાર થાય છે; અહીં મદ્રાસમાં એવી કોઇ પ્રકારની સ્પર્ધા કે ચડસાચડસી નથી, પણ સ્વાભાવિક સાત્વિક વિકાસક્રમજ છે. અહીં સર્વ વિષયમાં ધીરા નિશ્ચિત ભાવે ઉન્નતિ થતી રહી છે; આ પ્રમાણે અહીંના સુધારકો સૂચવે છે, તેવા એ બે જાતિઓ વચ્ચેના તફાવતને હું સર્વાંશે સંમત થાઉં છું. તેમ છતાં મારે કહેવું જોઇએ કે તેમનામાં એક પ્રકારનો તફાવત રહેલો છે તે તેઓના જાણવામાં નથી. અહીંની કેટલીક સુધારક સંસ્થાઓ મને ભય બતાવીને પોતાની સાથે જોડી દેવાની ધારણા રાખે છે, ઘણી તરફથી એવો યત્ન પણ થાય છે, એ તેમને પક્ષે મને ઘણું આશ્ચર્યકારક લાગે છે ! જે મનુષ્યે પોતાની જીંદગીનાં ચૌદ ચૌદ વર્ષ સુધી ભૂખમરાની સાથે લડત ચલાવી છે, જે માણસને આજ સુધીની જીંદગીમાં આવતી કાલે ખાવાનું શું અને ક્યાં મળશે અથવા ક્યાં સૂઇ રહેવું પડશે, તેનું કદિ પણ ઠેકાણું રહ્યું નથી, છતાં જેને કંઇ પણ ભય નથી ઉપજ્યો, તેને એવી સામાન્ય વાતોથી ભય દેખાડવો તદ્દન વ્યર્થ છે ! એવી રીતે એ લોકોનું કાર્ય કદિ પણ સરશે નહિ. જે માણસ થર્મોમીટરનાં શૂન્યની પેલી બાજુ-એ ત્રીસ ડીગ્રી પારો નીચે ઉતરી જતો એવા હિમથી પણ અધિક ઠંડા પ્રદેશોમાં, કપડાં-લત્તાં વગર, આવતી કાલે ખાવાનું મળશે કે નહિ, તેની ફીકર વિના નિડરતાથી પડી રહી શક્યો છે, તેને હિંદુસ્તાનમાં આવો ભય બતાવવો તે નકામુંજ છે. હું તેમને પ્રથમથીજ કહી રાખું છું કે, તેમણે જાણી રાખવું જોઇએ કે મારામાં એક પ્રકારની અમુક દૃઢતા છે. થોડો ઘણો અનુભવ પણ આજ સુધીમાં મેં મેળવ્યો છે અને મારે સમગ્ર જગતને જે દિવ્ય સંદેશો પહોંચાડવાનો છે તે હું નિડરતાથી તેમજ ભવિષ્યની કશી પણ ચિંતા વિના નિશ્ચય-પૂર્વક પહોંચાડીશ. સુધારકોને હું સૂચવું છું કે હું તમારા બધા કરતાં

પણ મોટો સુધારક છું; છતાં મારામાં ને તમારામાં એક જાતનો ભેદ છે, તમે માત્ર નાના નાના ટુકડાઓનેજ સુધારવા માગો છો, હું છેક મૂળથી તે શાખા સુધીના સમગ્ર દેશને સુધારવા માગું છું. તમારી પ્રણાલી ભાંગી-ફોડીને સઘળું ચૂર્ણ-વિચૂર્ણ કરી બધાનું મિશ્રણ બનાવી દેવાની છે, મારી પદ્ધતિ કશા પણ વિનાશ વિના સુદૃઢ બંધારણ કરવાની છે. હું સુધારામાં શ્રદ્ધા ધરાવતો નથી, હું માત્ર વિકાસના ક્રમનેજ માનું છું. હું પરમાત્માની ગાદીપર ચડીને જનસમાજને એવું કહેવાની હિમ્મત અથવા ધૃષ્ટતા નથી કરતો કે—"તમારે બસ, આ દિશામાંજ વળવું અને બીજી દિશામાં પગ પણ ન મૂકવો." હું એવો હુકમ ફરમાવી શકતો નથી. હું તો માત્ર 'રામચન્દ્રજીના' સમુદ્રપર સેતુ બાંધવાના મહત્કાર્યમાં પેલી ખિસકોલીઓએ જે પ્રમાણે પોતાનાથી ઉપડે તેટલી અંજલિભર રેતી પોતાના હાથમાં લાવી સેતુ-ઉપર મૂકીને રઘુકુલતિલકને સહાય કરવાનું પોતાનું કાર્ય સફળ થયું માન્યું હતું, તેનીજ પેઠે યથાશક્તિ એક અંજલિ અર્પણ કરીને સંતોષ માનવા ચાહું છું. આવી મારી સ્થિતિ છે. આ આશ્ચર્યકારક રાષ્ટ્રીયક્ષેત્ર યુગો થયાં ચાલ્યાજ કરે છે, અને આ વિસ્મયકારક વિચારોની નદી આપણી આંખ સામે જમાના થયાં ધોધબંધ વહી રહી છે.

ત્યારે કોણ એમ દૃઢતાથી કહેવાની હિમ્મત ધરી શકે તેમ છે કે તેનું પરિણામ સારૂં નિવડશે કે માઠું નિવડશે? અથવા કોણ જાણે છે કે તેની ગતિને કેવી રીતે નિયમિત કરી શકાય? હજારો પ્રસંગો અને ઘટનાઓ તેની ચોમેર ઘેરાય છે, તેઓ સર્વ તેના વેગને ખાસ ધક્કો મારતાં જાય છે, તેમના વેગથી કોઇ વાર એ નદીની ગતિ મંદ બની જાય છે ત્યારે કોઇ વાર વિશેષ વેગવતી બની જાય છે; પણ તેની ગતિને નિયમિત કરવાનું, તેનાપર અંકુશ રાખવાનું સાહસ કોણ

કરી શકે તેમ છે? ભગવતી ગીતાજી કહે છે તેમ આપણો ધર્મ તો ફળ તરફ નજર કર્યા વિના ફક્ત કર્મ કરવાનો છે. પ્રજાત્વના અગ્નિને પ્રજ્વલિત રાખવા માટે આવશ્યક ઇન્ધન પૂરાં પાડતા રહો. તેનો સંકોચ–વિકાસ તો તેની સ્વતંત્ર પ્રકૃતિ અનુસારજ થયા કરશે. તેમાં કોઇનું ડહાપણ કે બળ કામ નહિ લાગે. કોઇની પણ સત્તા નથી કે તેને અમુક પ્રકારે વિકાસ કરવાનો કે અમુક માર્ગે જવાનો ઉપદેશ અથવા આદેશ આપી શકે.

આપણી જાતિમાં, આપણા પ્રજાવર્ગમાં અનેક દોષો છે; પણ તે કંઇ માત્ર આપણી જાતિમાંજ નથી. દુનિયામાંની બીજી બધી જાતિયોમાં પણ તેમના પોતપોતાના અનેક દોષો રહેલા છે. આપણા દેશની ધરતી, ઠેકઠેકાણે દુઃખી વિધવાઓનાં અશ્રુઓથી ભીંજાયેલી છે. ત્યાં–પશ્ચિમમાં અનેક સ્થળે અપરિણીતા વયઃપ્રાપ્તા અભાગી કુમારિકાઓના નિશ્વાસ–વાયુથી ત્યાંનું વાતાવરણ વિષ રૂપ બની રહ્યું છે! અહીં દરિદ્રતા અને ગરીબાઇથી આપણા લોકોનું જીવન જર્જરિત અને તેજોહીન બની રહ્યું છે, ત્યારે ત્યાં મોજ–શોખ અને વિલાસની અતિમાત્રાવડે દુઃખ–શોકમાં ડૂબી ગયેલો પ્રજાનો મોટો ભાગ જીવિત છતાં મૃતવત્ બની ગયો છે! અહીં ગરીબ લાચાર મનુષ્યો ખાવાનું નહિ મળવાથી નિરૂપાયે આપઘાત કરે છે, ત્યારે ત્યાં ખોરાક અને ભોગવિલાસની હદબહાર વિશેષતા હોવાથી કેટલાક લોકોને આપઘાત કરવો પડે છે! આવી રીતે દોષ અને દુર્ગુણો આ દુનિયામાં સર્વત્ર વ્યાપી રહ્યા છે. આ દોષો આસુરી સંપત્તિ છે. એ જગતના મહા વ્યાધિરૂપ છે અને એ વ્યાધિ સંધિવાયુ જેવો છે. ઉપલક ઉપચારોવડે તેને પગમાંથી દૂર કરવામાં આવશે તો તરતજ તે માથામાં પોતાની ગાદી જમાવશે અને ત્યાંથી હાંકી કહાડવામાં આવતાં શરીરના કોઇ બીજાજ ભાગનો આશ્રય લેશે, પણ તેનો સમૂલો ધ્વંસ તો એવી રીતે કદિ

પણ નહિ થઇ શકે! પ્રિય બાળકો! એ દોષ અને અનિષ્ટમાંથી મુક્ત થવું હોય તો તેનો મૂળમાંથીજ નાશ કરવો જોઇએ. એજ દોષ નિવારણનો સર્વોત્તમ ઉપાય છે. આપણી આધ્યાત્મિક વિદ્યા અને આપણાં દર્શનશાસ્ત્રો આપણને શીખવે છે કે, ગુણ અને દોષ, દૈવી અને આસુરી સંપત્તિ બન્ને પ્રત્યેક સ્થાને સાથેજ રહે છે. એકજ શીક્કાની બે જુદી જુદી બાજુઓની પેઠે દરેક પદાર્થમાં ગુણ અને દોષ સાથેજ રહેલા હોય છે. જો તમારામાં તેમાંની એક વસ્તુ હોય તો તેની સાથે બીજી વસ્તુ પણ હોવીજ જોઇએ. જ્યાં ગુણ છે ત્યાં દોષ, અને દોષ છે ત્યાં ગુણની હયાતી દિવસ અને રાત્રિના ક્રમ જેવીજ અનિવાર્ય છે. સમુદ્રમાં એક સ્થાને ઉત્પન્ન થતાં મોજાં, બીજે સ્થાને જળમાં જરૂર એટલો ખાડો પાડીનેજ ઉત્પન્ન થાય છે. ખાવા માટે રોટલીનો ટુકડો પણ કોઇ નહિ ને કોઇની પાસેથી આપણે ઝૂંટાવી લઇએ છીએ! કેટલાક જંતુઓ અને જીવોનો વિનાશ કર્યા વિના આપણે એક શ્વાસ પણ લઇ શકતા નથી! આવું આપણું જીવન છે! આ કંઇ મ્હોડાની વાતો નથી, પણ એ પ્રકૃતિનો–કુદરતનો એક અચલ નિયમજ છે; એ એક દાર્શનિક સિદ્ધાંત છે.

એ કારણથી આપણે સમજી રાખવું જોઇએ કે આ જીવન અને સમાજનો મહાન વ્યાધિ કંઇ બહારના પ્રયત્નોથી દૂર કરી શકાય એવો નથી. તેને દૂર કરવા માટે તો આપણા પોતાના મન ઉપરજ વિશેષ પ્રયોગ કરવાની જરૂર છે. આપણે મ્હોડેથી ગમે તેવી મોટી વાતો કરીએ, પણ આ વિશ્વવ્યાપી દોષનું નિવારણ બહારના પ્રયત્નથી, વ્યવહારથી અથવા શારીરિક પુરૂષાર્થથી કદી પણ થવાનું નથી. શિક્ષણ અને અભ્યાસદ્વારા માનસિક ક્ષેત્રને સુધારવાનો યત્ન કરવાથીજ એ દોષો દૂર થાય તેમ છે, એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. સમાજના દોષો દૂર કરવા માટે ખાસ આ પ્રકારેજ કાર્ય કરવાની વાત

લક્ષમાં રાખીને આપણે ઘણા શાન્ત, ધીરા અને ઠંડા સ્વભાવના થવું જોઇએ. લોહીને ગરમ કરીને, ઉતાવળા તેમજ ધાંધલીઆ બની જવાથી, અથવા અણુઘટતી દોડાદોડીમાં ઉંધું–ચત્તું કરી બેસવાથી કશો દહાડો વળવાનો નથી. સાહસ કરવાથી કંઈ પણ સારૂં પરિણામ આવવાનું નથી.*

* * * * *

એથીજ હું આવી નિષેધ કરનારી મંડળીઓમાં કદી પણ દાખલ થઇ શકતો નથી. શામાટે નિષેધ કરો છો? શામાટે ભાંગફોડ કરો છો? દરેક મંડળ અને દરેક જાતિમાં દોષ તો રહેલા છે. આજનો નવો ઉછરતો દરેક બાળક રંગભૂમિપર ઉભો રહીને હિન્દુજાતિમાં ફેલાઇ રહેલા ભયંકર દોષો અને દુરાચારોના ઉપર અસરકારક ભાષણ આપી શકે છે! દરેક અશિક્ષિત પરદેશી પણ પૃથ્વીના ગોળાનો પ્રવાસ કરતો જ્યારે હિન્દની ભૂમિપર આવી પહોંચે છે ત્યારે આગગાડીમાં બેઠો બેઠો, જરા વધુ વિચારથી તરતજ અદૃશ્ય થાય એવા બહારના દેખાવો અને માની લીધેલા ભારતના ભયરૂપ ખરાબ રિવાજો ઉપર વિદ્વત્તા-ભરેલું છટાદાર ભાષણ આપવા લાગી જાય છે! તેની બધી વાતો આપણે આંખો મીંચીને માની લઇએ છીએ અને એ વિદેશી ગુરૂદેવના શીખવેલા પાઠ પ્રમાણે જુસ્સાથી અને ઉશ્કેરણીથી આપણા સામાજિક દોષોનું

* ગુલામી ધંધો બંધ પડાવવા માટે અમેરિકામાં યુદ્ધ થઈ તે ધંધો બંધ પડયા પછી સ્વતંત્ર બનેલા ગુલામોની સ્થિતિ ખરાબ થઇ પડવાનું વર્ણન આ બાબતના દાખલા તરીકે સ્વામીજીએ અહીં આપ્યું છે; પરંતુ બુકર ટી વૉશિંગ્ટન જેવાના પ્રયાસથી એ જાતિની સ્થિતિમાં પાછળથી જે સુધારો થયો છે તે જોતાં એ દ્રષ્ટાંત બંધબેસતું નહિ લાગવાથી તે આમાંથી પડયું મૂકી માત્ર તેમનો મૂળ વિચારજ આપવામાં આવ્યો છે.

મંત્રી. સ. સા.

નિવારણ કરવા માટે મહાભારત દોડાદોડી કરી મૂકીએ છીએ! હું કબૂલ કરૂં છું કે આપણા રીતિ–રિવાજો કેટલાક દોષરૂપ છે. **દોષ તો સર્વ કોઇ દર્શાવી શકે છે, પરન્તુ મુશ્કેલીમાંથી મહેનત લઇને જે માર્ગ કરી આપે તેજ માનવજાતિનો ખરો મિત્ર છે.** પેલા ડૂબતા છોકરાના દૃષ્ટાંતમાં જણાવ્યા પ્રમાણે જે વખતે કાંઠાપર ચડી આવેલો જ્ઞાની પુરૂષ એ છોકરાને ડૂબી જતો જોઇને લાંબુ ઉપદેશનું ભાષણ આપવા લાગે છે, ત્યારે તે છોકરો એકદમ બૂમ પાડી ઉઠે છે કે, “સાહેબ પહેલાં મને પાણીમાંથી ડૂબતો બહાર કાઢો. પછી હું તમારૂં ગમે તેટલું ભાષણ સાંભળીશ.” એ છોકરાની પેઠે આપણા દેશના લોકો પણ ચારેમેર બૂમો પાડે છે કે, “અમે ભાષણો બહુએ સાંભળ્યાં, સભા ને મંડળીઓ બહુએ જોઇ. છાપાંઓ ને ચર્ચાઓ બહુએ વાંચી. વર્તમાનપત્રો પણ બહુ નીકળ્યાં પણ એથી શું દળદર ફીટયું? અમારો હાથ ઝાલી તારીને અમને બહાર ખેંચી લાવે એવો મનુષ્ય ક્યાં છે? **માત્ર મ્હોડાની વાતોથી નહિ પણ હૃદયથી અમને ચ્હાતો હોય એવો પુરૂષ ક્યાં છે?** અમારા દુઃખમાં દુઃખ સમજનારો—અમારાં આંસુ લુછીને અમારી લાગણી ધરાવનારો પુરૂષ કયાં છે? અમારે ખાસ એવાજ મનુષ્યની જરૂર છે. આ સ્થળેજ સર્વ સામાજિક સુધારકોની સાથે અમારે સંપૂર્ણ મતભેદ છે. લગભગ એક સો વર્ષ થયાં આ સુધારકોની હીલચાલ ચાલુ થઇ છે, પરન્તુ એ આન્દોલનથી શું સારૂં ફળ બહાર આવ્યું? નિંદા અને દ્વેષ ભરેલું પરસ્પર વૈર–વિરોધ વધારનારૂં થોડુંક સાહિત્ય વધારવા ઉપરાંત તેમણે બીજું શું ભલું કર્યું છે? ઇશ્વરેચ્છાથી એવું ન બન્યું હોત તો ઉલટું વધારે સારૂં હતું. તેઓએ જુના વિચારવાળાની ઘણી સખ્ત ને કઠોર ટીકા કરી છે. તેમની નિંદાનું તીવ્ર વિષ ઘુંટયું છે, અને સઘળા દોષોનો ટોપલો તેમનેજ માથે નાખી છૂટે મોંએ તેમને

ગાળો દીધી છે ! છેવટે તેનું એજ પરિણામ આવ્યું છે કે જુના વિચારના માણસોએ પણ 'શઠં પ્રતિ શાઠ્યં' કરવાના ન્યાયે તેમના સૂરનું અનુસરણ કરી તેમનો વ્યાજ સુદ્ધાં બદલો વાળી આપ્યો છે. એ ઝગડાને યોગે દરેક દેશી ભાષામાં કેટલુંક એવું હલકું સાહિત્ય ફેલાયું છે કે આપણી સમગ્ર જાતિને તે શરમરૂપ છે. આપણા પ્રાચીન પવિત્ર દેશને માટે તે લજ્જારૂપ છે. શું આનું નામજ સુધારો ? શું આવા ઉપાયોવડેજ પોતાની પ્રજાને ઉન્નતિની ટોચપર ચડાવી મહિમાન્વિત કરવી છે કે ? કહો આ કોનો દોષ છે ?

બીજી પણ એક વિશેષ અગત્યની બાબત વિચારવાની છે. અહીં હિન્દુસ્તાનમાં પરાપૂર્વથી આપણા ઉપર રાજાઓનો અમલ ચાલે છે. રાજાઓએજ આપણા કાયદા અને નિયમો ઘડયા છે. એ પ્રાચીન રાજાઓ બધા ચાલ્યા ગયા છે, અને તેમાંનો કોઇ આગળ વધીને રસ્તો બતાવનાર નથી. આપણી હાલની નામદાર સરકાર એ પુરાણા કાયદા અને નિયમોમાં હાથ ઘાલવાનું સાહસ કરી શકતી નથી. સરકારને પ્રજા-વર્ગની મતિ–ગતિ તપાસીને તેના અભિપ્રાયની સાથે રહીને પોતાનો રસ્તો કરવાનો છે. જાહેર પ્રજાને માટે હાલ ઉભા થયેલા ગંભીર સવા-લોનું નિરાકરણ થઇ શકે, એવો મજબુત, નિર્દોષ અને જનસમાજને માટે કલ્યાણ કરનાર દૃઢ મત ઉભો કરવાનું કાર્ય કંઈ સહેલું નથી, તેમ એ થોડા વખતમાં સિદ્ધ થાય એવું પણ નથી. એ પ્રબલ પરિશ્રમનું અને ઘણા લાંબા સમયનું કામ છે. લોકમતની એવી સંપૂર્ણ પરિપક્વતા થાય ત્યાં સુધી આપણે રાહ જોવી જોઇએ. એટલી રાહ જોવાનું બળ અને ધીરજ આપણા આજના સુધારકોમાં નથી. એથી તેનું પરિણામ ઠામ ઠામ વિપરીત આવેલું જણાય છે. એપરથી સમાજ-સુધારાનો સમગ્ર સવાલ ત્યાંજ આવીને ઉભો રહે છે કે ખરા સુધારાને ચાહનાર મનુષ્યો ક્યાં છે ? પહેલાં તો તેમનેજ તૈયાર કરવા જોઈએ.

એવા સુધારાને ચાહનાર માણસો ક્યાં છે? જ્યાંસુધી થોડી સંખ્યાનાં માણસોનેજ અમુક રીતિ–રિવાજ દોષરૂપ લાગે છે અને પ્રજાનો મોટો ભાગ એ દોષને બરાબર જોઈ શકતો નથી ત્યાં સુધી પ્રજાવર્ગ એક પગલું પણ આગળ વધવાનો નથી. સઘળી પ્રજાની દૃષ્ટિએ એ દોષ કેમ નથી પડતો અને સમગ્ર હિન્દુજાતિ સુધારાના ક્ષેત્રમાં આગળ કેમ નથી વધતી? પહેલાં તો સમગ્ર પ્રજાને યોગ્ય શિક્ષણ આપો અને ઉદાર કેળવણીથી તેમનાં હૃદય સંસ્કારી કરો. તમે જેને દોષ કે ગુણ-તરીકે સમજો છો તે તેને પણ સ્પષ્ટ સમજાવો. વ્યવસ્થિત વ્યવહાર ચલાવનારી મોટી સંખ્યાની એક સંસ્થા ઉભી કરો. પ્રજાના હૃદયમાંથી એની મેળેજ સુધારણાનો અવાજ ઉઠવા દો, એટલે પછી કાયદા, નિયમ અને સુધારો પોતાની મેળેજ આગળ વધશે. પ્રથમ તો જે નવી શક્તિથી મંજુર થયા પછીજ આચાર–વિચાર અથવા નિયમોનો પ્રચાર થાય છે તે શક્તિનેજ પ્રકટ કરો અને ખિલવો. સ્મૃતિઓને બાંધ-નારા રાજાઓ અને તે સમયની પ્રજા બંને ચાલ્યાં ગયાં છે. તેમની જગ્યાએ નવી શક્તિ અને નવા અનુમોદનવડે તમે ધારેલી નવી વ્યવસ્થા ચલાવી શકાય એવી નવી લોકશક્તિ ક્યાં છે? પહેલાં તો એવી લોક-શક્તિનોજ સંચય કરો. સામાજિક સુધારો વ્યવહારિક રીતે ચાલુ કરવા માટેનું પહેલું પગલું અને પહેલી ફરજ તો લોકોને સંગીન કેળવણી આપીને સંસ્કારી કરવાની છે. કેળવણી લઈને લોકો યોગ્ય સંસ્કારી ન થાય ત્યાં સુધી તમારા નવા વિચારો અને તમારા સુધારાને યોગ્ય સમયની રાહ જોયા વિના છુટકોજ નથી.

ગયા અર્ધા શતકમાં જે જે સુધારાની હિલચાલો કરવામાં આવી છે તેમાંનો મોટો ભાગ માત્ર બહારના ઠાઠમાઠ અને આડંબર પૂરતોજ છે. તેમાંનો દરેક સુધારો માત્ર પહેલા બે વર્ણ (બ્રાહ્મણ તથા ક્ષત્રિય)-નેજ સ્પર્શ કરે છે. બીજા વર્ણો સાથે તેને કશો સંબંધ નથી!

વિધવાવિવાહનો સવાલ ભારતની સેંકડે સીત્તેર સ્ત્રીઓને કંઇ ઉપયોગનો નથી. જે જે જાતિઓમાં વિધવાવિવાહનો કશો બાધ નથી તેમનો એ પ્રશ્નની ચર્ચામાં કંઇ સ્વાર્થ નથી; અને એવા સઘળા પ્રશ્નો માત્ર ઉચ્ચવર્ણના સુશિક્ષિત હિન્દુવર્ગમાંજ ચર્ચાય છે. વિદેશી લોકોની નજરમાં પોતાને સુંદર દેખાડવા માટે બને તેટલા પ્રયત્નો કરવામાં આવે છે, પણ એ કંઈ ખરો સુધારો નથી. વાસ્તવિક સુધારો કરવા માટે તો વસ્તુના છેક મૂળ સુધી પ્રવેશ કરવો જોઈએ. સુધારો કરવો હોય તે બાબતમાં પાયા સુધી ઉંડા ઉતરીનેજ સુધારાનો સંગીન રસ તેમાં સીંચવો જોઇએ. તેનેજ હું વિચારપૂર્વક કરેલો ખરો સુધારો કહું છું. જે જે દોષ અથવા દુરાચાર દૃષ્ટિએ પડે તેના ઉંડા મૂળમાં અગ્નિ મૂકો. છેક ઉપર સુધી સઘળા દુરાચારને બાળી નાખવા દો; અને તેજ ઠેકાણે એક અખંડ હિન્દુપ્રજાની સંગીન રચના કરો.

આ સવાલ કંઈ નાનો–સુનો નથી. હિન્દની પ્રજા જેમ વિશાળ અને વિવિધ મતભેદવાળી છે તેમજ તેના પ્રમાણમાં આ કાર્ય પણ ઘણું વિશાળ અને મોટું છે. બહુ ઉતાવળા ન થાઓ. ધ્યાનમાં રાખજો કે આ શમસ્યા આપણા દેશના મહાપુરૂષોના જાણવામાં કેટલાં સૈકાંઓ થયાં છે. આજકાલ બૌદ્ધધર્મ અને તેના અજ્ઞેયવાદ સંબંધે ચર્ચા કરવી એ બાબત ખાસ કરીને આ દક્ષિણના પ્રદેશમાં એક શોખની વસ્તુ થઈ પડી છે, પરન્તુ તેઓ સ્વપ્ને પણ જાણતા નથી કે આપણી હાલ જે આટલી બધી અધોગતિ થઈ છે, તે બૌદ્ધધર્મજ આપણે માટે વારસારૂપે રાખી ગયો છે!

બૌદ્ધધર્મે હિન્દુસ્તાનમાં પોતાનો પ્રચાર કરીને પરિણામે આપણને અવનતિના ભાગી બનાવ્યા છે. જે લોકોએ કદિ પણ બૌદ્ધધર્મની ચડતી અને પડતીનો યથાસ્થિત ઇતિહાસ જાણ્યો નથી અથવા જેમણે એ ધર્મનો પૂરેપૂરો અભ્યાસ કર્યો નથી એવા લેખકોના હાથે લખાયલાં

પુસ્તકોમાં વાંચ્યું છે કે ગૌતમબુદ્ધની આશ્ચર્યકારક નીતિશિક્ષા અને તેના અસાધારણ ચારિત્રપ્રભાવથીજ બૌદ્ધધર્મ એટલો બધો વિસ્તાર પામી શક્યો હતો. મહાત્મા બુદ્ધમાટે મને સંપૂર્ણ માન અને પૂજ્યભાવ છે છતાં પણ મારા શબ્દો લક્ષ દઇને સાંભળો.

બૌદ્ધધર્મનો વિસ્તાર, એ મહાન ઉપદેશકની પોતાની ચરિત્ર-મહત્તાથી અથવા તેના ઉદાર સિદ્ધાંતોથી જેટલો ફેલાયો હતો તેના કરતાં જે ભવ્ય મંદિરો તે ધર્મવાળાઓએ બાંધ્યાં હતાં, જે સુંદર અનેક પ્રતિમાઓની તેમણે પ્રતિષ્ઠા કરી હતી, તેમજ જે આડંબર-ભરેલી ભવ્ય ક્રિયાઓ એ વખતે અજ્ઞાન પ્રજાવર્ગની આંખ સામે કરવામાં આવતી હતી, તેના ઠાઠમાઠના પ્રતાપે તે વિશેષ વિસ્તાર પામ્યો હતો. એ વખતની પ્રજાના ઘરમાં અગ્નિને આહુતિ આપવાની જે નાની યજ્ઞવેદીઓ હતી તેઓ આ ભવ્ય અને બાહ્યાડંબરવાળાં મહાન મંદિરો તેમજ ઠાઠમાઠવાળી ક્રિયાઓની સામે પોતાનો પ્રભાવ ટકાવી શકી નહિ. છેવટે એ બધી બૌદ્ધ ક્રિયાઓ બિભત્સાકાર ધારણ કરીને છેકજ અધમ બની ગઇ હતી. એ મંદિરો અને ક્રિયાઓએ છેવટ એવું ભ્રષ્ટરૂપ ધારણ કર્યું હતું કે તે સંબંધે સર્વ શ્રોતાએ આગળ લજ્જા મૂકીને બોલવું મને યોગ્ય જણાતું નથી. જે લોકો એ સંબંધમાં કંઇ વિશેષ જાણવા ઇચ્છતા હોય તેમણે હિન્દના આ દક્ષિણ દેશમાં ઠેકઠેકાણે જે ભવ્ય બૌદ્ધ મંદિરો આવેલાં છે તેમાંની કોતરેલી મૂર્તિઓ જોવી. બૌદ્ધ લોકો તરફથી એ મૂર્તિઓ અને તેના જેવીજ નીતિ—રીતિ આ ભારતવર્ષને વારસામાં મળેલી છે !

ત્યાર પછી ધર્મક્ષેત્રના મહાન સુધારક ભગવાન શંકરાચાર્ય અને તેના અનુયાયી વર્ગનો ઉદય થયો. તેમના સમયથી તે આજ સુધી સેંકડો વર્ષ થયાં હિંદની પ્રજાને વેદાન્તધર્મની પવિત્ર અને નિર્મળ કક્ષામાં લાવવાનો પ્રયત્ન ચાલ્યા કરે છે. એ સુધારકો હિન્દુજાતિમાં

જે જે દોષ અને ખામીઓ હતી તે સારી રીતે જાણતા હતા છતાં પણ ધિક્કાર કે નિંદાથી તેનો નિષેધ ન કરતાં ક્રમે ક્રમે તેમનું વલણ બદલાવીનેજ તેમને સુધારાના પક્ષમાં લાવવાની શરૂઆત કરી હતી. તેમણે કદિ પણ ધિક્કારથી એમ નથી કહ્યું કે, જે કંઇ તમે માનો છો તે બધુંજ ભૂલભરેલું છે, અને એ બધું તમારે ફેંકી દેવું પડશે. એવા તિરસ્કારથી કદિ પણ સુધારો થઇ શકે નહિ. આજે મેં એક લખાણ વાંચ્યું તેમાં મારા મિત્ર ડૉકટર એરોજ જણાવે છે કે, ત્રણસો વર્ષના પ્રયાસ પછી ખ્રીસ્તીધર્મે રોમ અને ગ્રીકધર્મના પ્રભાવને દૂર કર્યો છે; પરન્તુ જેમણે યૂરોપમાં જઇને ગ્રીસ અને રોમને પોતાની આંખે જોયાં છે તેઓ કદિ પણ એ વચનો કહી અથવા સ્વીકારી શકે તેમ નથી. રોમ અને ગ્રીક ધર્મનો પ્રભાવ હજુ પણ એટલો બધો છે કે પ્રોટેસ્ટંટ અર્થાત્ નવા ખ્રીસ્તધર્મને માનનારા દેશોમાં પણ જુના દેવતાઓ નવા આકારો અને નવી ફૅશનમાં માત્ર નવાં નામોજ ધારણ કરીને એટલે કે પોતાના જુના શરીરપર નવા સંસ્કારો ધારણ કરીને આજ સુધી વિદ્યમાન રહેલા છે. લોકો માત્ર તેમનાં નામજ બદલાવે છે. જેટલી પ્રાચીન દેવીઓની મૂર્તિઓ છે તેને માતા મેરીનું નામ આપવામાં આવે છે; અને જેટલી દેવની મૂર્તિઓ છે તેમને સાધુ મહાત્માનાં નવાં નામો આપવામાં આવે છે. માત્ર અનુષ્ઠાનની પદ્ધતિ અને ક્રિયાઓજ બદલાવીને નવા ધર્મ પ્રમાણે કરવામાં આવે છે. 'પૉન્ટીફેક્સ મેકસીમસ' નો જુનો ઇલ્કાબ પણ એવીજ રીતે કાયમનો કાયમ છે. ત્રણસો વર્ષના પ્રયાસ પછી પણ ખ્રીસ્તીધર્મમાંથી ગ્રીક અને રોમન છાયા તેમજ દેવ-દેવીઓ માનવાની પ્રાચીનતા હજી સુધી દૂર થઇ નથી. મારૂં કહેવાનું એજ છે કે મહાન સુધારા આથવા મોટા ફેરફારો એકાએક નથી કરી શકાતા. જુના સંસ્કારો ટળીને પ્રજાવર્ગના હૃદય ઉપર નવા સુધારાની સ્પષ્ટ

છાપ લાગે ત્યારેજ નવા સુધારાનો વિકાસ થાય છે. ભગવાન શંકરાચાર્ય એ બધું જાણતા હતા. રામાનુજાચાર્ય પણ જાણતા હતા. નવા પવિત્ર વિચારક્ષેત્રના ઉંચામાં ઉંચા આદર્શ સુધી સામાન્ય પ્રજાવર્ગને અને તે સમયના ચાલતા ધર્મને લઈ જવાનો માત્ર એ એકજ માર્ગ તેમના હાથમાં હતો. જો તેઓએ બીજી પદ્ધતિથી લોકોને પોતાના મતમાં વાળવાનો યત્ન કર્યો હોત અર્થાત્ જો તેમણે ચાલુ આચાર-વિચાર અને ધર્મ-કર્મને એક સાથે ઉલટાવી દેવાનો પ્રયત્ન કર્યો હોત તો એક તરફથી લોકોમાં અપ્રિય થઇ પડીને તેમનો યત્ન નિષ્ફળ જાત અને બીજી તરફ તેમને પોતાને નિંદ્ય કપટાચાર ધારણ કરવો પડત. ધર્મનો મુખ્ય સિદ્ધાંત અનુક્રમે પ્રાપ્ત થતી ઉત્ક્રાંતિને સ્વીકારવાનો છે. મનુષ્યના અનુભવમાં આવતી વિવિધ દશાઓ અને ધર્મની વિવિધ શ્રેણીઓમાં થઇનેજ તેનો આત્મા પોતાના ઉચ્ચતમ ઉન્નતિ શિખરપર ચડી શકે છે, માટે એ વચલાં પગથીયાં અને શ્રેણીઓ, એ વિવિધ દશાઓ અને અનુભવો, આત્માના ઉન્નતિક્રમમાં એક સરખાં સહાયકારક અને આવશ્યક છે. એ સર્વેનો નિષેધ કોણ કરી શકે તેમ છે?

મૂર્તિપૂજા ખરાબ છે અને દોષરૂપ છે, એવી વાર્તા આજકાલ જ્યાં ત્યાં ચાલેલી છે, અને કેટલાએકો શંકા કે પ્રશ્ન વિના એ વાતનો સ્વીકાર કરે છે. મારા વિચારો પણ એક વાર એવાજ હતા; પણ પાછળથી એભૂલભરેલા વિચારોનો દંડ મારે એક મહા પુરૂષના ચરણમાં બેસીને પૂરેપૂરો ભરી દેવો પડયો હતો. જે મહાપુરૂષે મૂર્તિઓદ્વારાજ દરેક વિષયનો સાક્ષાત્કાર કર્યો હતો તેમની પાસેથીજ મારે વિનીત ભાવે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું પડયું હતું. એ મહાત્મા પરમહંસ રામકૃષ્ણ દેવ હતા. જો મૂર્તિપૂજાના ક્રમદ્વારા મહાત્મા રામકૃષ્ણ પરમહંસ જેવા મહાપુરૂષો ઉત્પન્ન થઇ શકતા હોય તો પછી તમારે શું પસંદ કરવું જોઇએ? સુધારકોનો સૂકો ધર્મ કે સાક્ષાત્કારના પરિણામવાળી મૂર્તિ-

પૂજા ? હું મારા આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર માગું છું. હું કહું છું કે જો તમે મૂર્તિપૂજાદ્વારા પરમહંસ રામકૃષ્ણ દેવ જેવા મહાત્મા ઉત્પન્ન કરી શકતા હો તો હજારો મૂર્તિઓ તમારા મંદિરમાં પધરાવો અને તેમની શ્રદ્ધાપૂર્વક સેવા–પૂજા કરો. સિદ્ધિદાતા પરમાત્મા તમારૂં કાર્ય સત્વર સફળ કરો. આવા ઉમદા સ્વભાવવાળા મહાપુરૂષો કોઇ પણ ઉપાયે આજની તમારી નિર્માલ્ય પ્રજામાં ઉત્પન્ન કરો. મૂર્તિપૂજા આટલું આટલું કરી શકે છે છતાં નિર્દોષ દેવમૂર્તિઓને શા માટે ગાળો દેવામાં આવે છે ? કેટલાંક શતક પૂર્વે યાહુદી વંશમાંથી કુમારી માતાને પેટે યાહુદી લોહીથી ઉત્પન્ન થયેલા પુરૂષે મૂર્તિપૂજાનો નિષેધ કરીને તેને એટલાજ માટે ખોટી કહેલી જણાય છે કે તેણે માત્ર એક પોતાની મૂર્તિ સિવાય બીજી મૂર્તિઓને પૂજાવાનો નિષેધ કર્યો હતો. પરંતુ માત્ર પોતાનીજ પ્રતિમા પૂજાવવાનુ શું પ્રયોજન ? એ યાહુદી પુત્રે કહ્યું હતું કે, ઇશ્વરને જો કોઇ સુંદર અને ભાવપ્રકાશક મૂર્તિદ્વારા અથવા બીજા કોઇ સંજ્ઞાદર્શક આકારમાં દર્શાવવામાં આવે તો તે ઘણું ખરાબ કાર્ય છે, એ મોટું પાપ છે; પરન્તુ જો તેને પોતાને એક પેટીના આકારમાં પ્રદર્શિત કરીને તે પેટીની બન્ને બાજુએ દેવદૂતો બેસાડી તેના ઉપર એક ઝઝુમી રહેલા વાદળની છાયા બતાવીને ઇશ્વરીભાવ પ્રકાશિત કરવામાં આવે તો એવી મૂર્તિ પવિત્રમાં પવિત્ર છે ! વળી તે કહે છે કે, ઇશ્વરની મૂર્તિ એક પારેવાના રૂપમાં બતાવી હોય તો તે પવિત્ર છે; પરન્તુ જો તે એક પવિત્ર ગાયના રૂપમાં બતાવવામાં આવે તો તે સખ્ત નિષેધ કરવા જેવી છે ! ‘બાવા દુનિયાં આમજ ચાલે છે’ દુનિયાના આવા રંગ–ઢંગ જોઇને એક અંગ્રેજ કવિ કહે છે કે “What fools we mortals be” આપણે મનુષ્યો કેવા મૂર્ખ છીએ ? બીજાનીજ આંખોવડે જોવું એ કેટલું બધું વિચિત્ર છે ? માનવજાતિના વિકાસમાર્ગમાં અને તેની ઉન્નતિમાં આડે

આવનારો અંતરાય એજ છે. ઈર્ષા અને દ્વેષ, કંકાસ અને ક્લેશ તેમજ ભેદ અને ધિક્કારનો મૂળ પાયો એજ છે. જે છોકરાઓ હજુ કોમળ મૂછવાળાં બચ્ચાંજ છે અને જેમણે મદ્રાસની ભાગોળ બહાર હજી પગ પણ નથી મૂક્યો, તેઓ સહસ્રાવધિ સંસ્કારો અને દંત-કથાઓથી ઘડાયેલા હિન્દના ત્રીસ કરોડ માણસને સુધારાનો ધર્મ શીખવવા જાય છે! મુઠ્ઠીભર બીનઅનુભવી છોકરાઓ ભારતની વિશાળ છાતીપર પોતાનો કાયદો ચલાવવા નીકળ્યા છે! શું તમને શરમ નથી આવતી! પાછા ફરો આવા મહાદોષમાંથી, અને બીજાઓને કેળવવા પહેલાં તમારી જાતનેજ કેળવો. શ્રદ્ધાહીન છોકરાઓ! તમે માત્ર કાગળ-ઉપર થોડી લીટીઓ ઘસડી શકો છો અને કોઇ મૂર્ખ પાસે છપાવ-રાવીને તેને પ્રસિદ્ધ કરી શકો છો, તે ઉપરથીજ તમે માની લીધું કે તમે આખી દુનિયાના શિક્ષક છો? શું એપરથીજ તમે માની લો છો કે તમેજ સમગ્ર હિન્દનો જાહેર મત ધરાવનારા છો?

મદ્રાસના સમાજ—સુધારકોના ઉપર મને ઘણો પ્રેમ છે અને તેમને માટે મને ઘણું માન છે, એટલા માટેજ મેં તેમને એ કડવાં વચનો કહ્યાં છે. તેમના ઉદાર હૃદયને અને તેમના સ્વદેશપ્રેમને માટે, ગરીબો અને દીન દુઃખીઓ તરફની તેમની લાગણીને માટે હું તેમને મારા ખરા અંતઃકરણથી ચાહું છું; અને તેથીજ શુદ્ધ બંધુપ્રેમવડે હું તેમને કહું છું કે, તમારા સુધારાની પદ્ધતિ સાચી નથી. સેંકડો વર્ષ સુધી તેનો પ્રયોગ અજમાવવામાં આવ્યો છે અને તે છેક નિષ્ફળ નિવડી છે, માટેજ તમને કહું છું કે આપણે કોઈ નવી પદ્ધતિ પરિ-ણામના દૃઢ વિચારપૂર્વક અજમાવવી જોઇએ. ભારતમાં શું કોઇ પણ વખત સુધારકોની ખોટ હતી? શું તમે હિન્દનો ઇતિહાસ વાંચ્યો છે? રામાનુજ કોણ હતા? શંકરાચાર્ય કોણ હતા? નાનક કોણ હતા? ચૈતન્ય કોણ હતા? કબીર કોણ હતા? દાદુ કોણ હતા? એક પછી

એક ક્રમવાર ભારતવર્ષમાં ચળકતા ઉજ્જવલ નક્ષત્ર જેવા એ સઘળા મહાન ધર્મોપદેશકો પ્રકટ થઇને આ પુરાણપ્રસિદ્ધ ભારત દેશમાં જે દિવ્ય પ્રકાશ વેરી ગયા છે તેનો ઇતિહાસ તમે જાણો છો ? શું ભગવાન રામાનુજના હૃદયમાં હલકા વર્ગને માટે—અંત્યજ વગેરે અધમ જણાતી જાતિઓને માટે લાગણી નહોતી ? શું અધમમાં અધમ ચંડાળને પણ પોતાની જાતિમાં દાખલ કરવાનો તેમણે યત્ન નહોતો કર્યો ? શું તેમણે મુસલમાનોને પણ પોતાના સંપ્રદાયમાં દાખલ કરવાનો યત્ન નથી કર્યો ? એવીજ રીતે મહાત્મા નાનકે પણ હિન્દુ અને મુસલમાનો પ્રત્યે સમભાવ દર્શાવીને તેમના સંપ—સમાધાન વચ્ચે ઐક્યની નવી પરિસ્થિતિ ઉપજાવવાનો ભગીરથ પ્રયત્ન નહોતો કર્યો ? એ સઘળા મહાત્માઓ પોતાના વખતમાં યત્ન કરી ગયા છે, અને તેમનું મહાન કાર્ય હજુપણ ચાલુજ છે. તેમના વચ્ચે અને આજના સુધારકો વચ્ચે એજ તફાવત છે કે તેમનાં મગજ શાન્ત ધીર અને ગંભીર હતાં. તેમનાં ભેજાં આજના સુધારકો જેવાં વાહીયાત—ઉશ્કેરાયલા—વિચારોનાં કબ્રસ્તાન નહોતાં. આજના સુધારકોના હોઠમાં આભૂષણરૂપે ગાળ અને શાપ રમી રહ્યા છે, તેને બદલે તેમના હોઠમાંથી મધુર વચનો અને આશીર્વાદો ફૂલડાંરૂપે ઝરતા હતા.

તેઓ કોઇનો નિષેધ કરતા, નહોતા. નિન્દા કરતા નહોતા, કોઇને ગાળો દઇને ઉતારી પાડતા નહોતા. તેઓ લોકોને કહેતા કે, "દરેક જાતિ અને દરેક કોમનો વિકાસ થવોજ જોઇએ." તેમણે કહ્યું કે "હિન્દુભાઇઓ, તમે જે કર્યું છે તે સારૂંજ કર્યું છે, પણ આજથી આપણે એથી વિશેષ સારૂં કરીએ." તેમણે કહ્યું કે "તમે આજ સુધી ઘણું સારૂં વર્તન બતાવ્યું છે; પણ આવો, આપણે એથી વધારે ભલા થઇએ, આજથી આપણે એથી પણ વધારે સારાં કાર્યો કરીએ." તેમણે કદિપણ એમ નથી કહ્યું કે "આટલા દિવસ સુધી તમે ખરાબ

હતા અને હવે અમેજ તમને સારા કરીએ.” આજના સુધારકોમાં અને એ પ્રાચીન સુધારકોમાં આટલો મોટો તફાવત છે. આપણે આપણા સ્વભાવ અને પ્રકૃતિ અનુસારજ ઉન્નતિ કરવી જોઇએ. વિદેશી મંડળીઓ જેવી રીતે શિરજોરીથી પોતાના સુધારા અને પોતાની ધર્મ-પદ્ધતિઓ આપણા ઉપર ઠસાવવાનો યત્ન કરે છે તેમનું આપણે પણ અનુસરણ કરવું એ હાનિકારક, વ્યર્થ અને અસંભવિત છે. આપણે ચોળાઇ-ચૂંથાઇ ધાતુની પેઠે ભંગાઈ—કુટાઇને બીજી પ્રજા કે જાતિઓના આકારમાં નથી બની જતા તેને માટે આપણે ઇશ્વરનો મોટો આભાર માનવો જોઇએ. બીજી પ્રજા કે જાતિની સંસ્થાઓની હું કંઇ નિંદા કરતો નથી. તેમને પોતાને માટે તે બહુ સારી છે, પણ આપણા માટે નહિ. તેમને માટે જે અમૃતરૂપ હોય તેજ દેશ, કાળ, હવા અને પ્રકૃતિ ભેદે આપણે માટે અનેક વખત ઝેરરૂપ થઇ પડે છે. આપણે પ્રથમ તો એજ પાઠ શીખવાનો છે કે વિવિધ વિજ્ઞાન અને શાસ્ત્રો, વિવિધ સંસ્થાઓ અને સંસ્કારો, તેમજ વિવિધ દંતકથાઓમાં ઘડાઇને—એ બધાંની સાથે મિશ્રિત થઇને એ પ્રજાઓની વર્તમાનપદ્ધતિ તૈયાર થઇ છે; ત્યારે આપણે આપણી દંતકથાઓ, આપણા સંસ્કારો, આપણા શાસ્ત્રીય સિદ્ધાંતો અને હજારો વર્ષનાં આપણાં કર્મ સાથે લઇને જે આધુનિક સ્થિતિમાં આપણે ઘડાયા છીએ. માટે સ્થિતિના આપણા કુદરતી વલણ અને કુદરતી પ્રવાહમાંજ આપણે આગળ વધવું જોઇએ. આપણાં તપોવનો અને લતાકુંજો, આપણો આધ્યાત્મિક વાદ અને આપણો વેદાન્ત, એજ આપણી પ્રગતિનો ખરો માર્ગ છે. આપણે તેનુંજ અનુસરણ કરીશું.

મારી પ્રણાલી કેવી છે ? મારી પદ્ધતિ પ્રાચીન મહાન આચાર્યોના માર્ગનું અનુસરણ કરવાની છે. મેં તેમનાં કાર્યોનો ઉંડો અભ્યાસ કર્યો છે, અને તેઓ કેવી પ્રણાલીથી કામ કરતા તથા

કેવો કાર્યક્રમ તેમણે અખત્યાર કર્યો હતો તે હું ઈશ્વરકૃપાથી બરાબર શોધી શક્યો છું. તેઓ સમાજના મહાન સ્થાપક હતા. તેઓ જીવન, પવિત્રતા અને શક્તિનો લોકોમાં વિશેષ ભાવે સંચાર કરતા હતા. તેઓએ ઘણાં અદ્‌ભુત કાર્યો કર્યાં હતાં, અને તેવીજ રીતે આપણે પણ ઘણાં અદ્‌ભુત કાર્યો કરવાં પડશે. એ વખતની અને આ વખતની પરિસ્થિતિમાં કેટલોક ખાસ તફાવત હોવાથી આપણા હાલના કાર્યક્રમમાં કંઇક પરિવર્તન કરવું પડશે. એ સિવાય વિશેષ તફાવત નથી.

હું જોઉં છું કે પ્રત્યેક વ્યક્તિની પેઠે પ્રત્યેક પ્રજા અથવા જાતિનો પણ કંઈક અમુક ઉદ્દેશ હોય છે. એ ખાસ ઉદ્દેશજ એ પ્રજાના જીવનનું કેન્દ્ર હોય છે, અને તે કેન્દ્ર તે પ્રજાના જીવનરૂપ સંગીતના મુખ્ય સૂર જેવું હોય છે. એ મુખ્ય સૂરમાંજ તે પ્રજાના બીજા સઘળા પ્રકારના સૂરો મળી જઇને એક થઇ જાય છે, અને તે સર્વ સૂરો મળીને એકતાનો અદ્‌ભુત રસ પ્રવાહિત કરે છે. ઇંગ્લાંડ જેવા દેશોની પ્રજામાં રાજનૈતિક શક્તિજ તેનું મુખ્ય જીવનતત્ત્વ છે. બીજી પ્રજામાં કળા–વિદ્યાજ મુખ્ય પ્રાણરૂપે વહે છે. એવી રીતે જુદી જુદી પ્રજાઓનું જુદું જુદું કેન્દ્ર હોય છે. હિન્દુસ્તાનમાં પ્રજા જીવનનું કેન્દ્ર 'ધર્મ' છે. 'ધાર્મિક જીવન'જ તેના જીવનરૂપી મહાસંગીતનો મુખ્ય સૂર છે. કોઇ પણ પ્રજા સૈકાંઓ સુધી જે કેન્દ્ર અને જે જીવનતત્ત્વમાંથી પોતાનું જીવન પસાર કરતી આવી છે તે કેન્દ્રને દૂર કરવાનો જો તે પ્રયત્ન કરે તો એ પ્રજાનો વિનાશજ થાય. તમે પણ જો તમારા કેન્દ્રરૂપ ધર્મને દૂર ફેંકી દો અને બીજીજ કોઇ વસ્તુને તમારા કેન્દ્રરૂપે તેમજ તમારા જીવનના જીવનતત્ત્વરૂપે સ્વીકારો તો આ દુનિયાની સપાટીપરથી તમારૂં પણ નામ–નિશાન નાબૂદ થશે. આ ભાવિ વિનાશને અટકાવવા માટે તમારે જેટલો બની શકે તેટલો પ્રયાસ કરીને તમારા ધર્મરૂપ જીવનતત્ત્વદ્વારાજ સઘળું

કાર્ય કરવું જોઇએ. એ ધર્મનેજ તમારાં સઘળાં કર્મોના કેન્દ્રરૂપ બનાવી રાખવો જોઇએ. તમારા શરીરની સઘળી સ્નાયુ-તંત્રીઓ તમારા ધર્મરૂપ મેરૂદંડની સાથે દૃઢ સંબંધથી બાંધીને તમારા ધાર્મિક જીવનનો સૂર ગજાવી મૂકો ત્યારેજ તમારા જીવનની ખરી દિશા તમને પ્રાપ્ત થઇ છે એમ સમજવું.

સામાજિક જીવન ઉપર ધર્મની પણ વ્યાવહારિક અસર થાય છે, એમ દર્શાવ્યા વિના હું અમેરિકામાં ધર્મના વિષય ઉપર વ્યાખ્યાન આપી શકીશ નહિ, એવું મેં ત્યાં સ્પષ્ટ જોઇ લીધું હતું. તેવીજ રીતે જે મહાન આશ્ચર્યકારક રાજદ્વારી ફેરફારો વેદાંતના પ્રભાવવડે થઇ શકે છે તે કહી બતાવ્યા વિના ધર્મના વિષય ઉપર ઇંગ્લાંડમાં પણ ભાષણ આપવું અસંભવિત જણાયું હતું. એજ પ્રમાણે ભારતમાં જો સામાજિક સુધારાનો ઉપદેશ કરવો હોય તો એ સુધારાદ્વારા કેવું નવીન આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરી શકાય છે, એ બતાવી આપવાની ખાસ જરૂર છે. રાજનૈતિક વિચારોનો ઉપદેશ આપવો હોય તો પણ તેમાં દર્શાવવું જોઇએ કે પ્રજા જે એકજ મહાન વસ્તુની ચાહના રાખે છે તે આધ્યાત્મિક ઉન્નતિને માટે એ વિચારો કેવા સહાયક અને ઉપકારક થઇ પડશે. પ્રત્યેક મનુષ્ય પોતાનો માર્ગ પોતેજ પસંદ કરે છે, એવીજ રીતે પ્રત્યેક પ્રજા અથવા જાતિ પણ પોતાનો માર્ગ પોતે સ્વતંત્ર રીતેજ પસંદ કરી લે છે. આપણે અનેક યુગ પૂર્વે આપણી પસંદગી કરી લીધી છે. હવે આપણે તદનુસાર આપણા જીવનનો કાર્યક્રમ ચલાવવો જોઇએ. આપણી એ પસંદગી કંઇ મંદ અથવા કહાડી નાખવા જેવી નથી. જડને બદલે ચેતનનો વિચાર કરવાની, અને મનુષ્યને બદલે ઇશ્વરનો વિચાર કરવાની પસંદગી શું ખરાબ કહી શકાય ? પરલોકમાં દૃઢ વિશ્વાસ, આ લોકના ક્ષણિક સુખવૈભવપર સંપૂર્ણ તિરસ્કાર, આત્મત્યાગની દૃઢ અને જ્વલંત ભાવના, અને સર્વ-

શક્તિમાન પરમાત્મામાં, તેમજ અજરામર આત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા, એ બધા મહદ્ ગુણો પરાપૂર્વથી તમારામાં વિદ્યમાન છે. કોણ એ મહદ્‌ભાવોનો ત્યાગ કરી શકે તેમ છે? તમે કદિ પણ તેનો ત્યાગ કરી શકો તેમ નથી. તમે થોડો સમય જડવાદી થઇને, અથવા માત્ર મ્હોડેથીજ જડવાદની વાતો કરીને, થોડા મહીના સુધી અમારા હૃદયને ધક્કો લગાડવાનો યત્ન કરી શકો, પરંતુ તમે ખરેખરા કેવા સ્વભાવના છો તે હું બરાબર જાણું છું. તમારો ખરા ભાવથી હાથ ઝાલવામાં આવે કે તરતજ તમે પાછા પરમ આસ્તિક અને ઇશ્વરવાદી બની જાઓ તેમ છો, કેમકે આસ્તિકતા એજ તમારો જાતિ–સ્વભાવ છે. એ તમારો જન્મગત સંસ્કાર, એ તમારો માંસમજ્જાગત સ્વભાવ તમે કેમ બદલી શકશો ? તમે ધર્મપ્રાણ પ્રજાના પ્રજાજન છો, એ નિર્વિવાદ છે.

એજ કારણથી જો હિન્દુસ્તાનમાં કોઇ પણ સુધારો કરવો હોય તો પહેલ વહેલાંજ ધર્મનો વિશેષ ભાવે પ્રચાર કરવાની જરૂર છે. **સામાજિક વા રાજનૈતિક વિચારોનું આ દેશમાં પૂર રેલાવવું હોય તો પ્રથમ આધ્યાત્મિક વિચારોના અમૃતમાં આ દેશની ભૂમિને સારી રીતે ભીંજાવી દેવી જોઇએ.** પ્રથમજ આ કાર્ય કરવાની ખાસ જરૂર છે.

જે પ્રથમ કાર્ય આપણું લક્ષ ખેંચે છે તે એ કે આપણાં ઉપનિષદોમાં, આપણાં પુરાણોમાં, તેમજ આપણા બીજા શાસ્ત્રગ્રંથોમાં જે મહાન આશ્ચર્યકારક સત્યો ભરેલાં છે, તે બધાંને વિવિધ નાના મોટા ગ્રંથોમાંથી, સંત–મહંતના મઠ–મંદિરોમાંથી, વન અને અરણ્યના પ્રદેશોમાંથી, વિવિધ મત–સંપ્રદાયના આચાર્યો તેમજ અગ્રેસરોના સંગ્રહોમાંથી બહાર કાઢીને તેમનો આ સમગ્ર ભારતભૂમિમાં વિસ્તાર કરી દેવો જોઇએ. પ્રત્યેક ગામમાં, પ્રત્યેક ઘરમાં અને પ્રત્યેક મનુષ્યના

હૃદયમાં તેનો પ્રચાર કરવો જોઇએ કે જેથી એ મહાન સત્યો મહાન અગ્નિની પેઠે સમગ્ર દેશમાં વિસ્તાર પામીને પૂર્વથી પશ્ચિમ તેમજ ઉત્તરથી દક્ષિણ ચારે દિશામાં, હિમગિરિની ટોચથી સેતુબંધ રામેશ્વર સુધી અને મહાનદી સિંધુથી બ્રહ્મપુત્રા સુધી વેગથી ફેલાઇ જાય. ભારતવાસી પ્રત્યેક મનુષ્યે એ સત્યોને લક્ષપૂર્વક જાણવાં જોઇએ. કહ્યું છે કે–પ્રથમ તેનું '**શ્રવણ**' કરવું. પછી તેનું 'મનન' અને ત્યાર પછી તેનાપર સંપૂર્ણ વિચારપૂર્વક નિદિધ્યાસન કરવું જોઇએ. પ્રથમ લોકોએ એ સર્વ શાસ્ત્રવાક્યો અને સત્યો લક્ષ્યપૂર્વક સાંભળવાં. જે કોઇ મનુષ્ય પોતાનાં શાસ્ત્રનાં એ મહાન સત્યો લોકોને સંભળાવવામાં સહાય કરે છે, તેઓ આજે એવું પવિત્ર અને શુભ કર્મ કરે છે કે જેના કરતાં સારૂં બીજું કોઇ પણ કર્મ આ જગતમાં હોઇજ ન શકે. આપણા વ્યાસજી કહે છે કે,* આ કલિયુગમાં મનુષ્યને માત્ર એકજ કર્મ કરવાનું છે. બલિ આપીને યજ્ઞ કરવાથી અથવા કઠોર તપસ્યા કરવાથી આ યુગમાં કંઇ ફળ મળે તેમ નથી. કર્મમાં માત્ર એકજ રહ્યું છે અને તે કર્મ 'દાન' છે. અને એ+ સર્વ દાનોમાં પણ ધર્મનું દાન, આધ્યાત્મિક જીવન અને આધ્યાત્મિક જ્ઞાનનું દાન સર્વથી ઉત્તમ છે. ત્યાર પછી તેનાથી ઉતરતું વિદ્યાદાન, ત્રીજું પ્રાણદાન અને ચોથું અન્નદાન છે. આ અપૂર્વ દાનશીલ પુરાણપ્રસિદ્ધ હિંદુજાતિના તરફ જરા નજર કરો. આ દરિદ્ર, દીન, અતિદરિદ્ર દેશના ગરીબ દરિદ્ર લોકો કેટલા પ્રમાણમાં, કેવા પ્રેમથી દાન કરે છે, તેના ઉપર

---

* આ શ્લોક સ્વામીજીએ મૂળમાં વ્યાસજીનો કહ્યો છે પણ તે મનુ સંહિતાનો છે.

\+ तपः परं कृते युगे त्रेतायां ज्ञानमुच्यते ।
द्वापरे यज्ञमेवाहुः दानमेकं कलौ युगे ॥ ८६–१–मनु.
"सर्वेषामेव दानानां ब्रह्मदानं विशिष्यते ॥" मनु.

જરા લક્ષ્ય કરો. અહીં આ પુરાતન દેશમાં લોકોનું એવા ઉત્તમ પ્રકારે આતિથ્ય થાય છે કે કોઇ પણ મનુષ્ય હિંદના ઉત્તર છેડાથી તે છેક દક્ષિણ છેડા સુધી, કશાં પણ સાધન વિના સુખપૂર્વક પરિભ્રમણ કરી શકે છે. દરેક સ્થાને ઉત્તમમાં ઉત્તમ પદાર્થોવડે તેનું આતિથ્ય કરવામાં આવે છે. જાણે તે એક મિત્ર અથવા નજીકનો સંબંધી હોય, એવી રીતેજ દરેક મનુષ્ય તેની સાથે વર્ત્તે છે. આવો ભારતનો આદર-સત્કાર છે. વળી એજ દેશના દાન માટે એટલુંજ કહેવું બસ થશે કે, કોઈ પણ ઠેકાણે રોટલીનો ટુકડો હોય ત્યાં સુધી આ દેશમાં કોઇ પણ ભિખારી ભૂખે મરતો નથી.

આ ઉદારતા અને દાનની ભૂમિમાં આપણે પહેલા પ્રકારનું દાન અર્થાત્ આધ્યાત્મિક જ્ઞાનનો વિસ્તાર કરવાનું કાર્ય પહેલવહેલુંજ હાથ ધરવું જોઇએ. એ જ્ઞાનવિસ્તારનું કાર્ય ભારતની ચતુઃસીમામાંજ પૂરાઈ રહેવું ન જોઇએ, પણ તેનો સમગ્ર જગતમાં પ્રચાર કરવો જોઇએ. ભારતની આ એક જુની પૃથા છે. હિન્દુસ્તાન જ્ઞાનદાનનું પવિત્ર કાર્ય આજે યુગો થયાં કરતુંજ આવ્યું છે. જેઓ તમને કહે કે ભારતના વિચારો કદિપણ હિન્દની હદથી બહાર ગયા નથી, અથવા કોઈ તમને કહે કે પરદેશી ભૂમિપર ધર્મોપચાર કરનારો પહેલપહેલો સંન્યાસી હુંજ છું, તે બધા પોતાની જાતિનોજ ઇતિહાસ નથી જાણતા એમ સમજવું. એ આશ્ચર્યવ્યાપાર અનેક વાર વારંવાર બન્યો છે. જ્યારે જ્યારે જગતને જરૂર પડી છે ત્યારે ત્યારે અધ્યાત્મવિદ્યાનો એ અનંત પ્રવાહ વેગ સહિત દૂરદૂરના દેશોમાં રેલાયો છે, અને તેણે સમગ્ર જગતનું અધ્યાત્મ-જલથી સિંચન કર્યું છે. રાજકીય જ્ઞાનનું દાન અને રાજનીતિનો પ્રચાર રણશીંગાના અવાજથી અને લશ્કરની કૂચથી કરી શકાય છે, અને લૌકિક અથવા સામાજિક જ્ઞાનનું દાન તલવાર અને દારૂગોળાવડે વિસ્તારી શકાય છે; પરન્તુ આધ્યાત્મિક જ્ઞાનનું દાન તો જેમ

ઝાકળ અદૃશ્ય રીતે—કશો પણ અવાજ કર્યા વિના પડીને ગુલાબનાં પુષ્પોને ખીલવે છે એવીજ રીતે મુંગે મ્હોંડે કોઈ ન જાણે—ન જુએ તેમજ કરી શકાય છે. ભારતભૂમિએ જ્ઞાનનો ઉપહાર સમગ્ર જગતને ચરણે વારંવાર ધર્યો છે. જ્યારે કોઈ પ્રબલ દિગ્વિજય કરનારી મહાન જાતિ જાગ્રત થઈને જગતની જુદી જુદી જાતિઓને અને પ્રજાને તલવારના જોરથી એક સાથે જોડી દે છે અને માનવસમાજના રસ્તા વિશાળ કરી પરસ્પરનો વ્યવહાર સુગમ કરી દે છે; એજ વખતે ભારતભૂમિએ ઉભા થઈને જગતની ઉન્નત્તિના પાત્રમાં આધ્યાત્મિક શક્તિનો પોતાનો હિસ્સો મુંગે મ્હોડે સમર્પણ કર્યો છે. આવા બનાવ બુદ્ધના જન્મ અગાઉ અનેક યુગપૂર્વે બનેલા છે, અને તેનાં સ્મરણાવશેષ ચિહ્નો આજસુધી ચીન, એશિયામાઇનોર અને મલયદ્વીપકલ્પના મધ્ય ભાગમાં કાયમ છે. ગ્રીક લોકોનો મહાન દિગ્વિજયી પુરૂષ અલેકઝાંડર ધી ગ્રેટ જે વખતે ઉત્પન્ન થયો હતો અને જે વખતે લોકોની જાણમાં આવેલા દુનિયાના ચારે ખુણાને તેણે એક સાથે જોડી દીધા હતા, તે વખતે પણ હિન્દુસ્તાનનો અધ્યાત્મવાદ ધસી આવીને સમગ્ર જગતમાં વ્યાપી રહ્યો હતો. પશ્ચિમના ગર્વસ્વરૂપ તેનો આજનો સુધારો પણ એ વખતનાજ ભારતના મહાપ્રવાહનું ત્યાં બાકી રહેલું ચિહ્ન છે. હાલ બીજો એવોજ સુયોગ આપણે માટે આવી પહોંચ્યો છે. ઇંગ્લાંડની મહાશક્તિએ જગતની સર્વ પ્રજાઓને એકતાની સાંકળમાં બાંધી લીધી છે. એવો બનાવ આગળ કદિ બન્યો નહોતો. ઇંગ્લિશ પ્રજાના બીજી પ્રજાસાથે વ્યવહાર કરવાના રસ્તા અને જળમાર્ગો જગતના એક છેડાથી તે બીજા છેડા સુધી વિસ્તાર પામી ચૂક્યા છે. ઇંગ્લિશ બુદ્ધિ—શક્તિના પ્રભાવે આજની દુનિયાની સઘળી પ્રજાઓ વચ્ચે એવી કડીઓ જડાઇ ગયેલી છે કે જેવી આગળના જમાનામાં કદિ પણ જડાઇ નહોતી. આજકાલ વ્યાપારનાં જેવાં મુખ્ય મથકો ખોલવામાં આવ્યાં છે તેવાં

માનવજાતિના ઇતિહાસમાં આગળ કદિ પણ ખોલવામાં આવ્યાં નથી. એજ વખતે ભારતવર્ષ આવા સારા યોગનો લાભ લઇને જાણતાં અથવા અજાણતાં પોતાના આધ્યાત્મિક જ્ઞાનનું સમગ્ર જગતને દાન કરવા લાગ્યું છે. એ આધ્યાત્મજ્ઞાનના પ્રબળ પ્રવાહો આજના વિશાળ રસ્તા અને જળમાર્ગોદ્વારા ધસી જઇને જગતના ખુણે ખુણામાં પહોંચી જશે.

હું ભારતનો ધાર્મિક ઝુંડો હાથમાં લઈને અમેરિકા ગયો તે કંઈ મારૂં કામ નહોતું, તેમ તે કાર્ય કાંઇ મારી કે તમારી ઇચ્છાથી સિદ્ધ થયું નથી; પરંતુ ભારતના ભાગ્યની દોરી જેના હાથમાં છે તે ભગવાનેજ મને ત્યાં મોકલ્યો અને મારા જેવા સેંકડો મનુષ્યોને જગતની સઘળી પ્રજાઓમાં પોતાનો દિવ્ય સંદેશો સંભળાવવાને એજ પરમાત્મા મોકલશે. જગતની કોઈ પણ શક્તિ તેમનો અટકાવ કરી શકશે નહિ. આ પ્રમાણે ભારત બહારના બીજા દેશોમાં પણ ધર્મપ્રચારનું મહાન કાર્ય કરવાનું છે. તમારા ધર્મનો મર્મ સમજાવવાને અને ધર્મપ્રચાર કરવાને તમારે બહારના દેશોમાં જવું જોઇએ અને જગતની પ્રત્યેક પ્રજાને ઉપદેશ આપી પ્રભુનો ધર્મ–સંદેશ સંભળાવવો જોઈએ. ધર્મપ્રચારનું એજ પહેલું કાર્ય છે.

ધર્મપ્રચારની સાથેજ સામાન્ય વ્યાવહારિક વિદ્યા, સમાજનીત, રાજનીતિ, વગેરે અન્ય જે જે વિદ્યાઓની જરૂર છે તે સર્વ પોતાની મેળેજ આવશે; પરન્તુ જો ધર્મને વિદાય આપીને તમે વ્યાવહારિક વિદ્યા વિસ્તારવાનો યત્ન કરશો તો તમને હું સ્પષ્ટ કહી સંભળાવું છું કે હિન્દુસ્તાનમાં તો એ તમારો પ્રયત્ન વ્યર્થજ જશે. માત્ર લોકોના હૃદયપરજ પ્રભાવ પાડીને (અર્થાત્ બુદ્ધિમાં ઠસાવ્યા વિના) કદિપણ તેમનું અંતઃકરણ જીતી શકાશે નહિ. મહાન બૌદ્ધધર્મ પણ એજ કારણથી પોતાનો પ્રભાવ આ દેશમાં સ્થાયિરૂપે જમાવી શક્યો નથી અને તેનો પુરૂષાર્થ માત્ર આધ્યાત્મિક જ્ઞાનની ખામીને લીધેજ સર્વથા નિષ્ફળ થયો છે.

મારા મિત્રો ! એ પરથી મેં એવી યોજના કરી છે કે આપણા હિન્દદેશમાં આપણા યુવકોને ધર્મોપદેશકનું કાર્ય શિખવવા માટે ઠેકઠેકાણે શિક્ષણ–મંદિરો સ્થાપવાં, અને તેમાં તૈયાર થયેલા ઉપદેશકોને આપણા દેશમાં તેમજ હિંદબહારના સઘળા દેશોમાં આપણાં પ્રાચીન શાસ્ત્રોના મહાન સત્યનો પ્રચાર કરવા મોકલવા. પરંતુ મનુષ્યો ક્યાં છે ? બીજું તો બધું પોતાની મેળે તૈયાર થશે; પરંતુ મજબૂત, વીર્યવાન, તેજસ્વી, વિશ્વાસપાત્ર અને શ્રદ્ધાવાન મનુષ્યોની સર્વ પહેલાં જરૂર છે. જો આવા એક સો મનુષ્યો તૈયાર થાય તો આખા જગતની વિચારક્રાન્તિ કરવી એ તો સહજ વાત છે. બીજી બધી વસ્તુઓ કરતાં ઇચ્છાશક્તિનો પ્રભાવ વિશેષ છે. ઇચ્છાશક્તિની સામે બીજી સઘળી શક્તિઓ દબાઈ જાય છે. ઇચ્છાશક્તિ સીધી ઈશ્વર પાસેથીજ મનુષ્યોને મળે છે. પવિત્ર અને દૃઢ ઇચ્છાશક્તિજ બ્રહ્માંડમાં સર્વનો જય કરી શકે છે. શું તમને એ બાબતમાં વિશ્વાસ નથી ? તમારા પોતાના શાસ્ત્રમાં દર્શાવાયલો ઇચ્છાશક્તિનો પ્રભાવ જુઓ. તમારા ધર્મનાં મહાન સત્યો જગતને સંભળાવો. તમારી અધ્યાત્મવિદ્યાનું જગતને પ્રદાન કરો. જગત તમારા દાનની રાહ જુએ છે. તમારી ઇચ્છાશક્તિનો ત્યાંજ તમને પ્રભાવ જણાશે.

અનેક સૈકા થયાં મનુષ્યજાતિને પોતાની હીનતા અને દીનતાના પાઠ શીખવવામાં આવ્યા છે. તેમને અધઃપતનની પદ્ધતિનુંજ જ્ઞાન આપવામાં આવ્યું છે. તેમને કહેવામાં આવ્યું છે કે તેઓ કંઇજ નથી, તેમની શક્તિ, તેમનાં સાધન અને તેમનું જીવન બહુજ અલ્પ છે. આખા જગતની માનવ પ્રજાને આજ સુધી એવુંજ કહેવામાં આવ્યું છે કે તમે મનુષ્યોજ નથી. સૈકાંઓ થયાં તેમને એવોજ ભય બતાવવામાં આવ્યો છે, અને તેને પ્રતાપે તેઓ ખરેખરાં પશુજ બની ગયાં છે. તેઓને કદિ પણ આત્મા સંબંધી વાત સંભળાતી નથી. હવે તેને તમે

આત્મતત્ત્વ સમજાવો. આત્માની મહાન વાતો સમજાવો. તેમને જણાવો કે હલકામાં હલકા મનુષ્યમાં પણ એજ આત્મા રહ્યો છે કે જે કોઇ મરતો નથી તેમ જન્મ પણ ધારણ કરતો નથી. એ આત્માને તલવાર કાપી શકતી નથી, અગ્નિ બાળી શકતો નથી અને હવા સૂકાવી શકતી નથી. એ આત્મા અવિનાશી, અનાદિ, અનંત, અજરામર, શુદ્ધ, બુદ્ધ, મુક્ત–સ્વરૂપ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપક છે.

તેમને તેમના પોતાનામાં શ્રદ્ધા રાખતાં શીખવો. તમારામાં અને એક ઇંગ્રેજમાં શું તફાવત છે તે તમે જાણો છો? તેમને પોતાના ધર્મવિષે, કર્તવ્ય વિષે, તેમજ બીજી ત્રીજી બાબતો વિષે ગમે તેવી મોટી વાતો કરવા દો; પરન્તુ હું જાણી શક્યો છું કે તેનામાં ને તમારામાં તફાવત એટલોજ છે કે ઇંગ્રેજોમાં આત્મવિશ્વાસ છે, અને તમારામાં તે નથી. તેને દૃઢ વિશ્વાસ છે કે તેણે ઇંગ્લિશ જાતિમાં જન્મ લીધો છે, એટલે જે કંઇ તેની ઇચ્છામાં આવે તે સર્વ તે કરી શકે છે. આવો દૃઢ વિશ્વાસ, આવું પ્રબળ આત્મબળ તેની અંદરના ઇશ્વરને જાગૃત કરે છે, તેની શક્તિનો બહાર પ્રકાશ કરે છે, અને એ ઇશ્વરી આત્મીય શક્તિવડે પ્રત્યેક ઇંગ્રેજ બચ્ચો જે ચાહે છે તે કરી શકે છે. તમને એવુંજ કહેવામાં અને શિખવવામાં આવ્યું છે કે તમે કંઇ નથી; તમારાથી કંઇ બની શકે તેમ નથી. એ શિક્ષણને પ્રતાપે તમારો આત્મવિશ્વાસ નાશ પામે છે, અને દિવસે દિવસે તમે નિઃસત્વ અને નિર્માલ્ય બનતા જાઓ છો. આપણને મુખ્ય જરૂર બળનીજ છે, માટે તમારા આત્મામાં વિશ્વાસ રાખો. તમારી પોતાની શક્તિમાં શ્રદ્ધા રાખો. આપણે છેક નિર્બળ થયા છીએ તેથીજ વિદેશની ગુપ્ત વિદ્યાઓ, છુપી શક્તિઓ અને રહસ્ય વિદ્યા જેવી લુલી–લંગડી ચીજો આપણા દેશમાં ઘુસવા લાગી છે. એ બધી વિદ્યાઓમાં સત્ય સમાયલું હશે, પણ એટલું તો ચોક્કસ છે કે તેમણેજ લગભગ આપણો નાશ કર્યો છે. તમારી

ઇચ્છાશકિતના તાર ચડાવો. તમારી નસોને મજબૂત કરો. આ રસાકસીના જમાનામાં વજ્ર જેવા અવયવો અને ગજવેલ જેવા સ્નાયુ બનાવવાની જરૂર છે. ઘરના ખુણામાં ભરાઇને આપણે ઘણા સમય સુધી રડયા કીધું છે. હવે વિશેષ રડવાની જરૂર નથી. આંખો લુછીને તમારા પગપર ઉભા થાઓ, અને વજ્ર જેવા મજબૂત ખરા મનુષ્યો બનો. **આપણને હાલ એજ ધર્મની જરૂર છે કે જે આપણને ખરેખરા મનુષ્ય બનાવી શકે.** આપણને એવા મત અને એવી પદ્ધતિની જરૂર છે કે જેને યોગે આપણે મજબૂત મનના મનુષ્ય થઇએ. **જે કેળવણીવડે ખરા મનુષ્ય તૈયાર થઇ શકે એવી સર્વાંગસુંદર કેળવણીની આપણને જરૂર છે. જે ચીજ તમને શારીરિક રીતે, માનસિક રીતે અને આધ્યાત્મિક રીતે પોચા બનાવે એ ચીજને તમે ઝેર જેવી સમજીને તજી દો.** તેનામાં જીવજ નથી માટે તે સત્ય પણ ન હોઇ શકે. **સત્ય હમ્મેશ બલપ્રદ હોય છે.** મનુષ્યને તે મજબૂત બનાવે છે. સત્ય તે પવિત્રતા છે. સત્ય તે જ્ઞાનસમૂહ છે. સત્ય અવશ્ય મનુષ્યને બલવાન કરે છે. હૃદયના અંધકારને તે દૂર કરે છે. મનુષ્યને તે વીર્યવાન અને તેજસ્વી બનાવે છે. આજની બધી વિદેશી ગુપ્ત વિદ્યાઓ–તેમનામાં કંઇક સત્યનો કણ હોય તોપણ–મનુષ્યનાં મનને નબળાં અને બાયલાં બનાવનારી છે. મારા શબ્દોમાં વિશ્વાસ રાખો. મેં જીંદગી સુધી એ વાતનો અનુભવ કર્યો છે, અને હું એજ નિશ્ચય ઉપર આવ્યો છું કે તે અવશ્ય મનુષ્યને નિર્બળ બનાવે છે. મેં ભારતના સર્વ પ્રદેશોમાં ભ્રમણ કર્યું છે; આ દેશની લગભગ બધી ગુફાઓ હું શોધી વળ્યો છું અને હું હિમાલયમાં પણ રહ્યો છું, જેમણે પોતાની આખી જીંદગી ત્યાંજ ગાળી છે એવા લોકોને હું ઓળખું છું અને એ પરથી હું કહું છું કે એ બધી ગુપ્ત વિદ્યાઓ તો ઠીકજ છે. હું મારી જાતિ અને પ્રજાને ચાહું છું. હું તમારો

અધઃપાત મારી આંખે જોઇ શકું તેમ નથી, હમણાં તમે જેટલા નિર્બળ થયા છો તેથી તમારી વિશેષ નિર્બળ સ્થિતિ મારાથી સહી શકાય તેમ નથી, માટે તમારા હિતની અને સત્યની રક્ષાને ખાતર તથા મારી જાતિની વિશેષ અવનતિ ન થાય તેને ખાતર હું પોકારીને કહું છું કે, બસ કરો, સબુર કરો; આ બધી બાયલા બનાવનારી માર્મિક ગુપ્ત વિદ્યાઓને છોડી દો અને મજબૂત થાઓ. મારી જાતિનો અને મારા બંધુઓનો અધઃપાત અટકાવવાને હું એ વાત પોકાર કરીને કહી સંભળાવું છું. બન્ધુઓ ! જો ખરૂં બળ મેળવવું હોય તો તમારાં પ્રાચીન ઉપનિષદોનો આશ્રય લો. જે ઉપનિષદ્‌માં પ્રકાશિત, શક્તિવર્ધક અને જ્ઞાનવર્ધક દિવ્ય સત્ય ભરેલું છે, અને જેની અંદર ખરી તત્ત્વ-વિદ્યાનો ખજાનો ચળકાટ કરી રહ્યો છે, તે અખૂટ ધન—સંપત્તિને પ્રાપ્ત કરીને આ બધી ભેદભરેલી નિર્બળ બનાવનારી ગુપ્ત વિદ્યાઓને બહાર કહાડો. તેને બદલે આ અધ્યાત્મવિદ્યાને ગ્રહણ કરો. **જગતનાં સર્વથી મહાન સત્યો સર્વથી સાદાં અને સ્પષ્ટ હોય છે.** તમારી પોતાની હયાતી જેવાં સાદાં હોય છે. ઉપનિષદનાં મહાન સત્યો તમારી આંખ સામેજ છે, તમારી પાસેજ છે, તેનો સ્વીકાર કરો. તમારા વર્તનમાં અને તમારાં સર્વ કાર્યમાં એ સત્યોને ઉતારો. એથી તમારા ભારતનો ઉદ્ધાર તમે જોતજોતામાં કરી શકશો.

હવે એક વાત કહીને મારૂં વકતવ્ય પૂરૂં કરીશ. લોકો સ્વદેશ-ભક્તિની વાતો કરે છે, મને સ્વદેશભક્તિમાં વિશ્વાસ છે અને સ્વદેશા-ભિમાન સંબંધે મેં ખાસ આદર્શ ધારી રાખ્યો છે. સ્વદેશનું હિત કરવા માટે ત્રણ ચીજોની ખાસ જરૂર છે. પહેલી જરૂર લાગણીની છે. સ્વ-દેશના કલ્યાણ માટે તમારા હૃદયમાં લાગણી રાખો. બુદ્ધિ અથવા વિચારશક્તિનો શું ધર્મ છે ? તે થોડાંક પગલાં આગળ ચાલે છે અને પછી અટકી જાય છે; પરન્તુ હૃદયના દ્વારમાંથી ઈશ્વરીશક્તિની જે વિશુદ્ધ પ્રેમમય પ્રેરણા આવે છે તે, ઉઘડવા અસંભવિત એવા

વજ્ર જેવા મજબૂત દરવાજાને પણ ખોલી નાખે છે. આ વિશ્વના બધા ભેદ પ્રેમની ચાવીવડે ખોલી શકાય છે. વિશુદ્ધ પ્રેમવડે અસંભવિત સંભવિત બની જાય છે, અને દૃઢ સંકલ્પદ્વારા હરેક ઇચ્છા પૂરી પાડી શકાય છે, માટે હે ભાવી સુધારકો ! હે ભાવી સ્વદેશભક્તો ! હૃદયવાન થાઓ. ખરી લાગણી ને ખરી દાઝ રાખતાં શીખો. માતૃભૂમિના ચરણમાં હૃદયનો શુદ્ધ પ્રેમ સમર્પણ કરો. તમને લાગણી થાય છે? પૂજ્ય દેવતાઓ અને પ્રાચીન ઋષિઓનાં કરોડો સંતાનો આજે પશુ જેવાં બની રહ્યાં છે અને પશુ જેવું હીન જીવન ભોગવી રહ્યાં છે તે જોઇને તમારા હૃદયમાં લાગણી થાય છે? માતૃભૂમિનાં કરોડો પ્રિય સંતાનો આજે ભૂખે મરે છે અને કરોડો કંઇક જમાના થયાં ભૂખે મરતાં આવ્યાં છે એ જોઇને તમારૂં દિલ દાઝે છે? કાળાં વાદળાંના જેવો જે ગાઢ અજ્ઞાનાંધકાર આ દેશપર ફરી વળ્યો છે તે જોઇને તમારા દિલમાં કંઇ લાગણી થાય છે? એ દયાજનક દેખાવ તમને અસ્થિર બનાવે છે? એ વિચારથી નિદ્રાનો ત્યાગ કરીને તમે કદિ પણ જાગૃત થયા છો? એ વિચાર તમારા લોહીની સાથે મળીને તમારી નસ અને નાડીઓમાં વહેવા લાગ્યો છે? તમારા હૃદયના ધબકારામાં કોઇ વખત દેશની ખરી લાગણીનો થડકાટ થયો છે? એ વિચારે તમને કદિ પણ ગાંડા બનાવી દીધા છે? દુર્દશાના વિચારે તમારા હૃદયમાં ઘર કરીને કદિપણ તમારૂં બીજું બધું ભૂલાવી દીધું છે? એ વિચારમાં મસ્ત થઇને તમારાં નામ, કામ, ધામ, સ્ત્રી, પુત્ર, માલ, મિલ્કત અને છેવટે તમારાં શરીર અને જગતનું ભાન પણ કદિ તમે ભૂલી ગયા છો? તમને કદિ પણ એવો અનુભવ થયો છે? સ્વદેશભક્ત થવાનું એ તો પહેલુંજ પગથીયું છે, માત્ર પહેલ વહેલુંજ છે. તમારામાંના ઘણા મનુષ્યો જાણે છે તેવી રીતે હું કંઇ અમેરિકાની મહાસભામાં ભાગ લેવાને નહોતો ગયો, પણ આ દુઃખી દેશની લાગણીનું ભૂત મારા શરીર અને આત્મામાં ભરાઇ બેઠું હતું તેની

કંઇક તૃપ્તિ કરવાને માટેજ હું દૂરના વિદેશમાં ગયો હતો. મેં બાર વર્ષ સુધી આખા હિન્દુસ્તાનમાં મુસાફરી કરી, પરન્તુ મારા દેશબન્ધુઓની સેવા ઉઠાવવાનો મને અહીં કોઈ પણ માર્ગ નહિ મળવાથી વિદેશની ભૂમિમાં મારા દેશને માટે કંઇક કરવા સારૂં હું અમેરિકા ગયો હતો. તમારામાંના ઘણાખરા મનુષ્યો જેઓ એ વખતે મને ઓળખતા હતા તેઓ આ વાત જાણે છે. અહીં મારા પોતાના રક્ત–માંસ સ્વરૂપ દેશબન્ધુઓ દરરોજ દુર્દશામાં ડૂબતા જાય છે તેમની કોણે સંભાળ લીધી ? સ્વદેશની લાગણીનું આ મારૂં પહેલું પગથીઉં હતું.

સમજો કે તમને દેશને માટે લાગણી છે અને દેશની દુર્દશા જોઇને તમારૂં દિલ દાઝે છે; પરન્તુ એ દુર્દશાને દૂર કરવાનો તમે શું ઉપાય નક્કી કર્યો છે ? માત્ર મ્હોડાની લુખી વાતોમાંજ શક્તિનો ફોકટ ક્ષય ન કરતાં કોઇ વ્યાવહારિક માર્ગ તમે શોધી શક્યા છો ? ઉપહાસ, નિન્દા અથવા ગાળોથી તેમનો નિષેધ ન કરતાં તેમને કોઇપણ પ્રકારની મદદ કરવાનો તેમજ તેમનાં દુઃખી અને આળાં હૃદયો ઉપર મીઠું છાંટવાને બદલે મીઠાં વચનોનો ઠંડો મલમપટો લગાડવાનો અને તેમને અજ્ઞાનની મૃતદશાના ખાડામાંથી સજીવન–મંત્રવડે બહાર ખેંચી કહાડવાનો તમે કોઇ પણ ઉપાય શોધ્યો છે ? દેશસેવાને માટે એટલુંજ કંઇ બસ નથી. પહાડના જેવી ઉંચી અને કઠોર અડચણોને વટાવી જવાની શક્તિ તમે મેળવી છે ? આખી દુનિયા હાથમાં ખુલ્લી તલવાર લઇને તમારી સામે ઉભી રહે તોપણ તમને જે ખરૂં અને ન્યાયપુરઃસર લાગતું હોય તે કરવાની તમારામાં હિંમત છે ? તમારી સ્ત્રી અને તમારાં છોકરાં તમારાથી વિરૂદ્ધ થઇ જાય, તમારી લક્ષ્મી ચાલી જાય, તમારૂં નામ ભૂંસાઇ જાય, અને તમારી સઘળી સંપત્તિ ઘસડાઇને અદૃસ્ય થઇ જાય છતાં પણ તમે તમારા નિશ્ચયને વળગી રહો તેમ છો ? એ બધું સહન કરીને પણ તમે તમારા નિશ્ચયનું પાલન કરવા, દૃઢ પગલે તમારા ધ્યેય સુધી તમારી અંતિમ ઇષ્ટની

પ્રાપ્તિ સુધી તમે આગળ વધી શકો તેમ છો ? રાજર્ષિ ભર્તૃહરિ કહે છે તેમ નીતિનિપુણ પુરૂષો નિન્દા કરો કે સ્તુતિ કરો, લક્ષ્મીદેવી સ્વેચ્છાનુસાર આવો અથવા ચાલી જાઓ, મૃત્યુ આજેજ થાઓ કે યુગો પછી થાઓ, પરન્તુ ધીર વીર પુરૂષો ન્યાયના ખરા માર્ગમાંથી એક પગલું પણ પાછા હઠતા નથી. તમે એવી અચલ દૃઢતા ધારણ કરી છે ? તમારામાં જો એ ત્રણ ચીજો હશે તો તમારામાંનો દરેક મનુષ્ય અદ્‌ભૂત અને અલૌકિક કાર્યો કરી શકશે. વર્તમાનપત્રોમાં લેખો લખવાની તમારે કશી જરૂર નથી. ભાષણો આપતા ભટકવાની તમારે કશી પણ જરૂર નથી. તમારો ચ્હેરોજ અપૂર્વ તેજથી લખલખી રહેશે. એ વખતે તમે કોઈ પર્વતની નિર્જન ગુહામાં રહેશો તોપણ તમારા વિચારો મોટા ખડકો અને ટેકરીઓને ભેદીને બહાર આવશે અને સેંકડો વર્ષ સુધી તે સૂક્ષ્મ શરીર ધારણ કરીને સમગ્ર જગતમાં ઘૂમ્યા કરશે અને છેવટ એક દિવસ કોઇપણ પ્રબળ મસ્તકમાં પ્રવેશ કરીને પોતાની ચિરવાસના સફળ કરશે ત્યારેજ તેઓ સફલાર્થ થઇને વિરામ પામશે. વિચારનું, ખરી લાગણીનું અને પવિત્ર હેતુનું હમ્મેશાં એવું અસાધારણ બલ હોય છે.

હું તમને ઘણાં વખત થયાં ખોટી કરૂં છું એવો મને ભય લાગે છે, પણ હવે એકજ વાત કહીને મારૂં કથન પૂરૂં કરૂં છું. હે મારા સ્વદેશી બંધુઓ ! હે મારા મિત્રો ! હે મારાં બાળકો ! આપણી પ્રજારૂપ નૌકા સંસારનાં ઘેરાં પાણીની પેલી પાર કોટી મનુષ્યોને લઇ જાય છે. અનેક સૈકા થયાં આ જળમાં તે વહાણ ફર્યા કરે છે, અને એજ વહાણની મદદથી કરોડો આત્માઓ આ પાણીની પેલી પાર આવેલા પરમ સુખમય શાન્તિધામમાં પહોંચી ગયા છે. આજે કદાચ તમારા પોતાનાજ દોષથી એ નૌકાને થોડું ઘણું નુકસાન લાગીને તેમાં એક ગાબડું પડ્યું છે, તેને માટે શું તમે એને શાપ આપશો ? જગતના બીજા બધા પદાર્થો કરતાં જે વસ્તુ આપણા વિશેષ ઉપયો-

ગમાં આવી છે અને જેણે હજારો વર્ષ સુધી આપણી સેવા બજાવી છે તેને ઉભા થઇને ગાળો આપવી કે શાપ આપવા તે શું વાજબી કહેવાય ? આ નૌકામાં—આ આપણા હિન્દુ સમાજમાં છિદ્ર પડયાં હોય તો ચાલો આપણે બધા જઇને તે છિદ્રો પૂરી દઈએ; કેમકે આપણે સર્વ તેનાંજ સંતાનો છીએ; એ છિદ્રો આપણે આનંદપૂર્વક હૃદયના ગરમ રક્તથી પૂરી દેવાં જોઈએ, છતાં જો તે આપણાથી પૂરી ન શકાય તો એ છિદ્રવાળા જીવન કરતાં આપણે માટે મૃત્યુજ બહુ સારૂં છે. આપણે આપણાં મગજો કાઢીને એ છિદ્રોમાં તેની ફાચર મારીને તે પૂરી દઇશું, પરન્તુ કદિપણ તેની નિન્દા કે નિષેધ કરીશું નહિ. આપણા સમાજને—આપણી હિન્દુજાતિને એક પણ સખ્ત શબ્દ કહેશો નહિ. ભૂતકાળની તેની ભવ્યતા માટે હું તેને હૃદયથી ચાહું છું. હું તમને બધાને એટલાજ ચાહું છું, કેમકે તમે દેવ અને ઋષિનાં બાળકો છો. તમને હું વિશેષ ચાહું છું, કારણ કે મારા મહા પ્રતાપી પૂર્વજોનાં તમે સંતાનો છો. તમને હું હૃદયથી ચાહું છું ત્યારે શાપ તો કયેજ મુખે આપી શકું ? તમારે માટે મારી પાસે બિલકુલ શાપ નથી. મારા હૃદયના સર્વ આશીર્વાદ તમને સફળ થાઓ. પ્રિય બાળકો ! મારી સર્વ યોજનાઓ તમને કહી સંભળાવવાનેજ હું તમારી પાસે આવ્યો છું. જો તમે તેને પ્રેમથી સાંભળતા હો તો હું તમારી સાથે કામ કરવા તૈયાર છું; છતાં જો તમે તેને બિલકુલ નહિ સાંભળો અને મને પણ આ હિન્દુસ્તાનમાંથી લાત મારી બહાર કહાડી મૂકશો તોપણ હું પાછો તમારે આંગણે આવીશ અને તમને કહીશ કે, ભાઈઓ ! આપણે સર્વ ડૂબીએ છીએ. હું તમારી સર્વની વચ્ચે બેસવાને આવ્યો છું અને આપણે જો ડૂબવાનાજ હોઈએ તો ચાલો આપણે બધા એક સાથેજ ડૂબી જઇએ. શાપ કે નિંદાને આપણા હોઠ સુધી કદિ પણ આવવા ન દેશો; કોઇને પણ કટુ શબ્દ ન સંભળાવશો. ઇતિ ૐ

ભારતીય જીવનમાં વેદાન્તનો ઉપયોગ

આપણી જાતિ અને આપણા ધર્મને ઓળખાવવા માટે 'હિંદુ' શબ્દનો વ્યવહાર બહુ સામાન્ય થઇ પડયો છે. વેદાન્તવાદનો હું શું અર્થ સમજાવવા માગું છું, તે તમારી સમક્ષ કહેતી વખતે એ હિન્દુ શબ્દના સંબંધમાં મારે કંઇક ખુલાસો કરવાનો છે. પ્રાચીન પારસી લોકો સિન્ધુ નદીને હિન્દુ કહેતા હતા. સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં 'સ'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, ત્યાં ત્યાં પ્રાચીન ફારસી ભાષામાં 'હ' વાપરવામાં આવ્યો છે; એ પ્રમાણે સિન્ધુનો 'હિન્દુ' શબ્દ થયો છે. તમે સઘળા જાણો છો તેમ ગ્રીક લોકો હ નો સરલતાથી ઉચ્ચાર કરી શકતા નથી, એથી તેઓ જ્યારે પહેલવહેલા ભારતમાં આવ્યા ત્યારે તેમણે એ શબ્દમાંથી હ બિલકુલ ઉરાડી દીધો, એથી હિન્દિને બદલે આપણું નામ ઇન્ડીયન થયું. હવે સિન્ધુ નદીની આ તરફ રહેનારા લોકોને હિન્દુ કહેવામાં આવતા હોય અથવા પ્રાચીન કાળમાં તેનો કંઇ બીજો અર્થ થતો હોય, પરંતુ તેનો તેવો સઘળો અર્થ આ જમાનામાં જતો રહ્યો છે, કેમકે સિન્ધુ નદીને આ કિનારે હાલમાં જે લોકો રહે છે તેઓ હવે એકજ ધર્મને માનનારા નથી. એ પંચભેળ પ્રજામાં હવે અસલ હિન્દુ લોકો સિવાય મુસલમાન, પારસી, ખ્રીસ્તી, બૌદ્ધ, જૈન વગેરે અનેક જાતિના લોકો રહે છે. હિન્દુ શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ કરતાં સિન્ધુ નદીના આ બાજુમાં રહેનારા એ બધા લોકોને હિન્દુજ કહેવા જોઇએ, પણ એ શબ્દનો ધર્મ સાથે જે સંબંધ રહ્યો છે તેનો વિચાર કરતાં તેમને બધાને હિન્દુ કહેવા તે યોગ્ય નથી, કેમકે આપણો ધર્મ ઘણા ધર્મોના સંગ્રહસ્થાન જેવો, વિવિધ વિચારો, ક્રિયાઓ, ચિહ્નો અને અનુષ્ઠાનોની એક સાથે મળેલી નિશ્ચિત ધર્મપ્રણાલી-

વગરની અને દૃઢ બંધારણ વગરની એક મહાન મંડળીના નામ વગરના ધર્મરૂપ થઈ પડયો છે. આપણી બધી જાતિઓ જો કોઈ સ્થળે એકમત થતી હોય તો તે એજ છે કે આપણાં શાસ્ત્રોમાં અને આપણા વેદોમાં આપણો એક સરખો વિશ્વાસ છે. એ એક નિશ્ચિત વાત છે કે વેદનું સ્વતઃપ્રમાણ જે માણસ સર્વોત્તમ પ્રમાણરૂપે નથી માનતો તેને હિન્દુ નામ ધારણ કરવાનો અધિકાર નથી.

એ સઘળા વેદ મુખ્ય બે ભાગમાં વહેંચાયલા છે. એ બે ભાગ તે કર્મકાંડ અને જ્ઞાનકાંડ છે. કર્મકાંડમાં વિવિધ પ્રકારના યાગ, યજ્ઞ અને કેટલીક ક્રિયાઓ તેમજ અનુષ્ઠાનો સમાયલાં છે. એ ક્રિયા અને યજ્ઞો-માંનો મોટો ભાગ આજકાલ વ્યવહારમાં આવતો નથી. જ્ઞાનકાંડમાં વેદોના આધ્યાત્મિક જ્ઞાનનો સમાવેશ થાય છે. એ વેદોનું અધ્યાત્મ-જ્ઞાન, ઉપનિષદ્ અથવા વેદાન્તના નામથી ઓળખાય છે, અને આજ-સુધીના આપણા બધા ધર્મશિક્ષકો, તત્ત્વજ્ઞાનીઓ, આચાર્યો તેમજ ધાર્મિક લેખકો ગમે તો તે દ્વૈતવાદી હોય, વિશિષ્ટાદ્વૈતવાદી હોય કે અદ્વૈતવાદી હોય, પણ તે બધાને વેદનો એ ભાગ સર્વોત્તમ પ્રમાણરૂપે સ્વીકારવો પડયો છે. હિન્દુસ્તાનનાં સર્વ દર્શનો અથવા સઘળા સંપ્ર-દાયોમાંના દરેકને પોતાની સત્યતાનાં પ્રમાણ ઉપનિષદમાંથી બતાવવાં પડે છે; અર્થાત્ અધ્યાત્મવિદ્યાની સઘળી શાખાઓ તેમજ હિન્દુ-સમાજના સઘળા સંપ્રદાયોનો મૂળ પાયો એ વેદ અને ઉપનિષદોના પ્રમાણ ઉપર રચાયો છે. કોઈ પણ સંપ્રદાય અથવા કોઈ પણ દર્શન જો વેદ કે ઉપનિષદમાંથી પોતાનાં પ્રમાણો ન બતાવી શકે તો તેને અપ્રમાણ અથવા નાસ્તિક ગણવામાં આવે છે. શિષ્ટાચારથી તે વિરુદ્ધ ગણાય છે. એથીજ ભારતવાસી પ્રત્યેક હિન્દુને અથવા તેના ધર્મને કોઈ ખાસ સામાન્ય નામથી ઓળખાવવો હોય તો તેને વેદાન્તી અથવા વૈદિક એજ નામ આપી શકાય તેમ છે. વેદાન્તધર્મ અથવા

વેદાન્ત એ શબ્દોનો હું જ્યાં જ્યાં ઉપયોગ કરૂં છું ત્યાં એજ અર્થને લક્ષમાં રાખીને કરૂં છું.

આ વિષય હું જરા વિશેષ સ્પષ્ટ કરવા માગું છું. આજ કાલ ઘણા લોકો વેદાન્તદર્શનની અદ્વૈતવાદ નામની શાખાનેજ વેદાન્ત કહે છે, અને વેદાન્ત શબ્દમાં માત્ર અદ્વૈતવાદનો સમાવેશ થતો હોય એમ માને છે. આપણે બધા જાણીએ છીએ કે ઉપનિષદ ઉપરથી આધ્યાત્મિક દર્શનની જે અનેક શાખાઓ ઉત્પન્ન થઇ છે તેમાંની અદ્વૈતવાદ પણ માત્ર એક શાખાજ છે. વિશિષ્ટાદ્વૈતને માનનારાઓ પણ અદ્વૈતવાદીઓના જેટલુંજ ઉપનિષદ પ્રત્યે માન ધરાવે છે, અને વેદાન્તના પ્રમાણનો દાવો તેઓ પણ અદ્વૈતવાદીઓના જેવોજ ધરાવે છે. એજ પ્રમાણે દ્વૈતવાદીઓ પણ વેદ અને ઉપનિષદો પ્રત્યે એટલોજ પૂજ્યભાવ ધરાવીને પોતાના સિદ્ધાંતમાં પ્રમાણરૂપે તેમનેજ બતાવે છે. આ પ્રમાણે હિન્દુસ્તાનનો દરેક હિન્દુ સંપ્રદાય વેદ અને વેદાન્તને માનતો હોવા છતાં પણ 'વેદાન્તી' શબ્દ જાણે માત્ર અદ્વૈતવાદીનોજ પર્યાય હોય તેવી રીતે લોકોમાં તેનો વ્યવહાર થાય છે. તેનું પણ ખાસ કારણ છે. જો કે વેદ આપણું મુખ્ય શાસ્ત્ર છે, તથાપિ ત્યાર પછીનાં લખાયેલાં સ્મૃતિ, પુરાણ વગેરે જે જે ધર્મશાસ્ત્રો વેદના સિદ્ધાંતોનેજ વિસ્તારપૂર્વક સમજાવવા માટે અને વિવિધ દૃષ્ટાંતોથી તેમને સિદ્ધ કરવા માટે તૈયાર થયાં છે તે પણ પ્રમાણરૂપ છે; પરન્તુ તેમનાં પ્રમાણો વેદના જેટલાં વજનદાર નથી ગણાતાં. ધર્મશાસ્ત્રનો એક એવો નિયમ છે કે, જ્યાં શ્રુતિની સાથે સ્મૃતિ અથવા પુરાણનો કંઇ પણ વિરોધ જોવામાં આવે ત્યાં શ્રુતિની આજ્ઞાને ગ્રહણ કરવામાં આવે છે, અને સ્મૃતિ અથવા પુરાણવાક્યનો ત્યાગ કરવામાં આવે છે. હવે આપણે જોઇ શકીએ છીએ કે અદ્વૈતકેસરી અધ્યાત્મવાદી મહાત્મા શંકરાચાર્ય અને તેમના અનુયાયીઓ પોતાના સિદ્ધાંત અને પોતાની

વ્યાખ્યામાં મુખ્ય ભાગે વેદ અને ઉપનિષદનાંજ પ્રમાણ ગ્રહણ કરે છે. જે વિષયનો શ્રુતિ કે ઉપનિષદ્‌માં ઉલ્લેખ નજ કરેલો હોય તેની વ્યાખ્યા કરવાની હોય ત્યારેજ નિરૂપાયે કોઈ સ્થળે સ્મૃતિવાક્યનાં પ્રમાણ તેમણે દર્શાવ્યાં છે. બીજી બાજુએ અધ્યાત્મવિદ્યાની બીજી જે જે શાખાઓ છે તેમાં સ્મૃતિનાં પ્રમાણોનોજ વિશેષ આશ્રય લેવામાં આવ્યો છે, અને શ્રુતિનાં પ્રમાણોનો ઓછો આશ્રય લેવામાં આવ્યો છે. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ દ્વૈતવાદી સંપ્રદાયોના સિદ્ધાંતો અને વ્યાખ્યાનોમાં સ્મૃતિનાં એટલાં બધાં પ્રમાણો નજરે પડે છે કે એક વેદાનુયાયી વેદાન્તવાદની શાખામાં આપણે આશા રાખીએ તેના કરતાં ઘણો મોટો ભાગ સ્મૃતિ–પુરાણોમાંનો મળી આવે છે. હું ધારૂં છું કે એ બીજી શાખાઓએ પુરાણ અને સ્મૃતિનાં પ્રમાણોને એટલું બધું મહત્ત્વ આપ્યું હોવાથી અને અદ્વૈતવાદીઓએ માત્ર વેદનાં પ્રમાણોને મહત્ત્વ આપ્યું હોવાથીજ અદ્વૈતવાદીઓ 'વેદાન્તી' અર્થાત્ મુખ્ય વેદને આધારે પોતાના સિદ્ધાંત માનનારા તરીકે મનાયા છે.

ગમે તેમ થયું હોય પણ મેં પૂર્વે કહ્યું છે તેમ જ્યાં જ્યાં વેદાન્ત શબ્દનો ઉપયોગ કરવામાં આવે ત્યાં ત્યાં હિન્દુધર્મના સઘળા મત–સંપ્રદાયોનો તેમાં સમાવેશ થાય છે, અને તેના સિદ્ધાંતો વેદપ્રણીત હોવાથી તથા એ વેદો સર્વ વાદીઓના મત પ્રમાણે આપણાં સર્વથી પ્રાચીન ધર્મશાસ્ત્રો હોવાથી એ સિદ્ધાંતોને પણ મહત્ત્વ મળે છે. આજના વિદ્વાનોના મત ગમે તેવા હોય, પરન્તુ હિન્દુઓ કદિ પણ કબૂલ નહિ કરે કે વેદનો અમુક ભાગ અમુક વખતે લખાયો હતો અને તેના બીજા ભાગો ત્યારપછી જુદે જુદે વખતે લખાયા હતા. હિન્દવાસીઓ આજ સુધી દૃઢ વિશ્વાસ રાખતા આવ્યા છે કે સઘળા વેદ એક વખતે એક સાથે ઉત્પન્ન થયા છે. હું એથી પણ આગળ

વધીને કહું છું કે તેઓ નિશ્ચયથી માને છે કે તેમને કદિ પણ લખીને તૈયાર કરવામાં આવ્યા નથી; પરન્તુ પરમાત્માના મનમાં તે સર્વે વિદ્યમાન હતા. અસ્તુ.

મારો કહેવાનો હેતુ એ છે કે જ્યાં જ્યાં વેદાન્ત શબ્દનો ઉપયોગ થાય ત્યાં તેનો વિશાળ અર્થજ ગ્રહણ કરવો જોઇએ; અર્થાત્ દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને અદ્વૈતવાદ જેવાં બધાં વૈદિક દર્શનોનો તેમાં સમાવેશ થઇ જાય છે. કદાચ આપણે બૌદ્ધધર્મ તેમજ જૈનધર્મનો પણ કેટલોક ભાગ એ વેદાન્તના અંગમાં ગ્રહણ કરી શકીએ, કેમકે માત્ર શબ્દભેદ સિવાય સિદ્ધાંતોની જ્યાં જ્યાં જેટલે અંશે સમાનતા છે, ત્યાં તેટલે અંશે યથાર્થ વેદાન્તજ રહેલ છે. આપણા વેદાન્તીઓનાં હૃદય એટલાં વિશાળ હોય છે, પરંતુ એ ધર્મના લોકો વેદની છાયામાં નહિ આવે. બારીક પૃથક્કરણો કરવાથી તમને જણાશે કે બૌદ્ધધર્મનાં તત્ત્વો વેદ અને ઉપનિષદોના સિદ્ધાંતોમાંથીજ ગ્રહણ કરવામાં આવ્યાં છે. એ ધર્મમાં જેટલો સારભાગ દષ્ટિગોચર થાય છે તે બધો વૈદિક સિદ્ધાંતોનોજ અનુવાદ છે, અને તે એટલે સુધી કે આ જગતમાં બૌદ્ધધર્મના જે મહાન અને આશ્ચર્યકારક નૈતિક સિદ્ધાંતો મનાય છે, તે બધાજ શબ્દે શબ્દ એક અથવા બીજા ઉપનિષદમાંથી મળી આવે છે. એજ પ્રમાણે જૈનધર્મના જે સારા સારા સિદ્ધાંતો છે તેમનું મૂળ પણ ઉપનિષદ્ અને વેદમાં મળી આવે છે. માત્ર તેમની વિચિત્ર કલ્પનાઓ અને અસંભવિત વિચારસૃષ્ટિજ તેમની પોતાની છે. એજ ઉપનિષદોમાં ત્યાર પછીના ક્રમેક્રમે વિકાસ પામતા ભારતના સઘળા ધાર્મિક વિચારોનાં બીજ આપણને મળી આવે છે. વખતોવખત હેતુ જાણ્યા વિના અથવા કારણ બતાવ્યા વિના એવો આરોપ કરવામાં આવે છે કે ઉપનિષદ્ માત્ર જ્ઞાનકાંડ છે, અને તેમાં ભક્તિનો આદર્શ કોઇ પણ ઠેકાણે દષ્ટિએ પડતો નથી; પરંતુ ઉપનિષદોનો જેમણે સારી રીતે અભ્યાસ

કર્યો છે તેઓ જાણે છે કે એ તેમનું કથન બિલકુલ મિથ્યા છે. ખરી રીતે જોતાં પ્રત્યેક ઉપનિષદ્‌માં જોઇએ તેટલી ભક્તિ ભરેલી છે; પરન્તુ તેને માટે લક્ષપૂર્વક ઉપનિષદોમાં યથાર્થ અભ્યાસવડે તપાસ કરવી જોઇએ. બીજા કેટલાક વિચારો કે જે પાછળના સમયમાં સ્મૃતિ અને પુરાણ ગ્રંથોમાં પૂરેપૂરા વિકાસ પામ્યા છે, તેમાંના કેટલાક ઉપનિષદોમાં બીજરૂપ છે. ઉપનિષદમાંજ તેમની ચિત્રરેખાઓ અને તેમનું અસ્થિ–પિંજર રહેલાં હતાં અને છે. એ રેખાઓમાં સ્મૃતિ અને પુરાણોએ રંગ પૂર્યો છે અને એ અસ્થિ–પિંજરમાં રક્ત–માંસ પૂરી ચિત્ર સંપૂર્ણ કરવામાં આવ્યું છે, એમાં કંઇ પણ સંશય નથી. હિન્દુસ્તાનનો સંપૂર્ણ વિકાસ પામેલો કોઇ પણ આદર્શ એવો નથી કે જેનું મૂળ ઉપનિષદોમાં ન હોય. ઉપનિષદના યથાર્થ જ્ઞાન વગરના કેટલાક મનુષ્યોએ ભક્તિને વિદેશી વિચારોમાંથી આ દેશમાં આવેલી જણાવવાના હાસ્યપ્રદ પ્રયત્નો કર્યા છે; પણ એ બધા પ્રયત્નો ઇનામમાં ઉપહાસ મેળવીને નિષ્ફળજ નિવડયા છે. તમારે ભક્તિના જેટલા સિદ્ધાંતો આવશ્યક હોય તે બધા તમને ઉપનિષદમાંથી મળી શકશે. ઉપનિષદ્ તો શું પરન્તુ સંહિતામાંથી પણ તમને તેનાં અનેક પ્રમાણો મળી આવશે. ઉપાસના, પ્રેમ, પૂજા વગેરે સર્વ ભક્તિમાર્ગના સિદ્ધાંતો વેદ અને ઉપનિષદમાં સ્થળે સ્થળે મળી આવે છે. માત્ર એ સર્વથી પ્રાચીન ગ્રન્થોમાં ભક્તિનો આદર્શ વધારે ઉંચો નજરે પડે છે. સંહિતા ભાગમાં સ્થળે સ્થળે ભયરૂપ ધર્મનાં ચિહ્નો નજરે પડે છે. એ ભાગમાં ઉપાસક ભક્ત વરૂણ દેવતા અથવા બીજા કોઈ દેવતાની સામે ભયથી કમ્પાયમાન થયેલો દેખાય છે, અને ઠેક ઠેકાણે પોતાના પાપના વિચારોથી તેના હૃદયને બહુજ વેદના થતી જણાય છે; પરન્તુ ઉપનિષદમાં એ વાતના વર્ણનને સ્થાન નથી મળ્યું. ઉપનિષદનો ધર્મ, તે પરિપૂર્ણ પ્રેમનો અને ઉચ્ચતમ જ્ઞાનનો ધર્મ છે.

એ ઉપનિષદો કે જે આપણાં શાસ્ત્રો છે, તેમને જુદી જુદી રીતે સમજાવવામાં આવ્યાં છે. મેં તમને થોડા સમય પૂર્વે કહ્યું તે પ્રમાણે જ્યાં પણ વેદોમાં અને તેની પછીના પૌરાણિક ગ્રંથોમાં મતભેદ કે વિરોધ જણાય ત્યાં વેદના પ્રમાણનેજ સ્વીકારી પુરાણનાં પ્રમાણોને તજી દેવામાં આવે છે; પરન્તુ આપણા વ્યવહારમાં તો આપણે જોઇએ છીએ કે આપણે સેંકડે નવ્વાણું ટકા પૌરાણિક અને માત્ર દશ ટકાજ વૈદિક છીએ. એ દશ ટકા પણ વૈદિક હોઇશું કે નહિ તે પણ સંદેહાત્મક છે. વળી આપણે જોઇએ છીએ કે અનેક શાસ્ત્રવિરૂદ્ધ રીત–રીવાજો આપણામાં ચાલુ છે. કેટલેક ઠેકાણે તો એવા ધાર્મિક વિચારો ચાલી રહ્યા છે કે જેમનું હિન્દુશાસ્ત્રમાં કંઇ પણ પ્રમાણ મળી શકતું નથી. ઘણાક દાખલાઓમાં આપણે આશ્ચર્યથી જોઇએ છીએ અથવા વાંચીએ છીએ કે કેટલાક એવા મૂળવગરના રીતિ-રીવાજ અને આચારો આપણા જનમંડળમાં ફેલાઇ રહ્યા છે કે જેનું વેદમાં, સ્મૃતિમાં કે પુરાણમાં કશું પ્રમાણ મળી શકતું નથી. એવા વિચિત્ર રીવાજો અમુક દેશાચાર અથવા લોકાચારરૂપેજ ચાલતા જણાય છે, છતાં એ પ્રદેશમાં રહેનાર અજ્ઞાન મનુષ્યો એમજ ધારે છે કે જો એવા સામાન્ય દેશાચાર અથવા લોકાચાર નષ્ટ થાય તો તેમનો ધર્મ પણ નષ્ટ થશે અને પછી તે હિન્દુ રહેશે નહિ. તેના મનમાં વેદાન્તધર્મ અને આ નાના નાના દેશાચાર અથવા રીતિ-રિવાજો અભેદ રીતે પરસ્પર મળી ગયાં હોય છે. શાસ્ત્ર વાંચતી વખતે પણ તે જે અમુક કાર્ય કરતો હોય છે તે શાસ્ત્રસમંત નથી એમ સમજવાનું મુશ્કેલ થઇ પડે છે, તેમજ એવા ધર્મવિરૂદ્ધ આચાર-વિચારનો ત્યાગ કરવાથી તેને કશું પણ નુકસાન ન થતાં ઉલટો તેના ઉચ્ચ મનુષ્યત્વમાં ઉમેરો થશે એ વાત તેના ધ્યાનમાં ઉતરતી નથી. એક બીજી પણ મુશ્કેલી એમાં રહી છે. આપણાં શાસ્ત્રો અસંખ્ય

અને વિશાળ છે. આપણે મહાન શબ્દવિદ્યાના જ્ઞાતા પતંજલિ મુનિના મહાભાષ્યમાં વાંચીએ છીએ કે ફક્ત એક સામવેદનાજ હજાર શાખાઓ હતી. બીજા વેદોની પણ હજારો શાખાઓ હતી. એ બધી શાખાઓ આજ ક્યાં છે? તેનું શું થયું એ કોઇ જાણતું નથી. પ્રત્યેક વેદના સંબંધમાં એમજ બન્યું છે. એ વિશાળ ગ્રંથોનો મુખ્ય ભાગ લોપ થયો છે, માત્ર તેમનો નાનો સરખો ભાગજ આપણી પાસે રહ્યો છે. તેની પ્રત્યેક શાખાના રક્ષણનો ભાર એક એક ઋષિ–કુટુંબને સોંપવામાં આવ્યો હતો. એ ઋષિ–કુટુંબોમાંનો ઘણો ભાગ કુદરતના નિયમે વિનાશ પામ્યો છે, અથવા વિદેશી લોકોના આક્રમણ વખતે તેમના જુલ્મથી નાશ પામ્યો છે, અથવા એવાજ કોઇ પણ પ્રકારે તેમાંના ઘણા ઋષિઓનો વંશ લુપ્ત થયો છે; અને તેમની સાથે તેમણે વેદની જે જે શાખાઓ સાચવી રાખવાનો ભાર પોતાને માથે લીધો હતો તે બધી શાખાઓ પણ લુપ્ત થઇ છે.

આ બાબત આપણે ખાસ લક્ષમાં રાખવાની છે; કેમકે જે મનુષ્યો કોઇ નવીન વિષયનો પ્રચાર કરવા માગે છે અથવા તો કોઈ વેદવિરોધી બાબતને ટેકો આપવા માગે છે, તેમના હાથમાં આ બાબત એક મુખ્ય આધારરૂપ થઇ પડે છે.

ભારતમાં જ્યારે જ્યારે વેદશાસ્ત્ર તેમજ રૂઢી અથવા દેશાચાર વચ્ચે વિરોધ હોવાની ચર્ચા ઉભી થાય છે, ત્યારે એ રૂઢી અથવા દેશાચાર વૈદિક પુરૂષો શાસ્ત્રવિરૂદ્ધ જણાવે છે અને તે વખતે તેના જવાબમાં એવી તકરાર લાવવામાં આવે છે કે એ આચાર અથવા રૂઢી વેદવિહિતજ છે, પણ વેદની જે શાખામાં તેનાં પ્રમાણો દર્શાવેલાં હતાં તે શાખા હાલ લોપ પામી છે. લોકાચાર અને લોકરૂઢીનું રક્ષણ કરવાનો આવો એક રીવાજજ પડી ગયો છે. શાસ્ત્રની આ વિવિધ ટીકાઓ અને જુદી જુદી વ્યાખ્યાઓનાં વિશાળ કોકડાં એવાં ગુંચવાઈ

ગયાં છે કે તે બધાંમાંથી દોષોને શોધી કહાડવાનું કામ મુસ્કેલ થઇ ગયું છે. આ વિવિધ પ્રકારના ભાગ અને વિભાગોને એકજ પાયો હોવો જોઈએ, આ નાનાં નાનાં ઘર એક સાથે બાજુ બાજુમાં ઉભાં કરવામાં આવ્યાં હોવાં જોઇએ; તેમનો એકજ સામાન્ય પાયો અને એકજ સામાન્ય આદર્શ હોવો જોઈએ. આપણે જેને આપણો ધર્મ કહીએ છીએ, તે હિન્દુધર્મના અનેક જુદા જુદા મત–સંપ્રદાયોની ન ભેદી શકાય એવી વિશાળ જાળને ધારણ કરનારી સમાન ભૂમિરૂપ હોવો જોઇએ. એકતા અથવા સમાનતાના મહદ્‌ગુણ વગર તે બધા એક સાથે એકજ ઠેકાણે રહી ન શકે. જો એ બધા મત–સંપ્રદાયનો એકજ મૂળાધાર ન હોત તો, હિંદુધર્મ આટલો લાંબો વખત ટકી શકત નહિ; આટલી બધી આફતો સહન કરી શકત પણ નહિ.

આપણા ભાષ્યકારોના કાર્ય તરફ નજર કરતાં વળી બીજી મુસ્કેલી ઉભી થાય છે. અદ્વૈતવાદી ભાષ્યકાર જ્યારે પોતાના સિદ્ધાંતને પુષ્ટ કરનારાં શ્રુતિનાં પ્રમાણો ઉપર ટીકા કરે છે ત્યારે તેમના યથાર્થ અર્થને જાળવી રાખે છે, પરંતુ એજ ભાષ્યકાર જ્યારે દ્વૈતવાદને પુષ્ટ કરનારાં શ્રુતિ પ્રમાણો ઉપર વ્યાખ્યા કરે છે ત્યારે એ પ્રમાણને ચોળીને ચૂંથી નાખે છે, તેના અર્થને ઉલટપાલટ કરી દે છે, અને એ પ્રમાણમાંથી અતિ વિચિત્ર અર્થ ઉપજાવી કાઢે છે. કોઇ વખત ભાષ્યકાર પોતાના મતની ખેંચતાણમાં 'અજ' શબ્દનો અર્થ 'જન્મ-રહિત' ને બદલે 'બકરો' કરે છે! એવી રીતે મતોમત અર્થ કરવા માટે અજા એટલે જન્મ વગરની તેને બદલે અજાનો અર્થ બકરી બનાવી દે છે! આવીજ રીતે અને એથી પણ ખરાબ રીતે દ્વૈતમતવાદી ભાષ્યકારોએ શ્રુતિ અને વેદવચનોની સ્વચ્છંદી કપોલ-કલ્પિત વ્યાખ્યાઓ કરેલી છે! દ્વૈતવાદને સિદ્ધ કરનાર પ્રત્યેક શ્રુતિ-પ્રમાણ ખરા રૂપ અને અર્થમાં જાળવી રાખવામાં આવ્યું છે, અને

જે જે વેદપ્રમાણો પોતાના મતથી વિરૂદ્ધ એટલે અદ્વૈતવાદનાં પ્રતિપાદક હોય તે બધાંને પોતાની મરજી માફક ગુંચવીને ચુંથી નાખવામાં આવ્યાં છે ! આપણી સંસ્કૃત ભાષા એટલી બધી જટિલ અને ગુંચવણભરેલી છે, અને તેમાં પણ વેદનું સંસ્કૃત એટલું બધું પ્રાચીન વિવિધ અર્થથી પરિપૂર્ણ છે, તથા સંસ્કૃત શબ્દશાસ્ત્ર એટલું બધું સંપૂર્ણ અને ભવ્ય છે કે તેમાંના ફક્ત એકજ શબ્દના અર્થ સંબંધે વર્ષો સુધી વાદ–વિવાદ ચલાવી શકાય તેમ છે. જો કોઈ પંડિત ધારે તો કોઇ પણ માણસના અર્થહીન પ્રલાપને શાસ્ત્રનાં પ્રમાણો, વ્યાકરણના નિયમો, તેમજ તર્ક, યુક્તિ અને તકરારના બળવડે શુદ્ધ સંસ્કૃતરૂપે સિદ્ધ કરી શકે છે. આપણાં પ્રાચીન ઉપનિષદોને યથાર્થ રીતે સમજવામાં એજ કારણથી ઘણી મુશ્કેલી નડે છે. વિધાતાની ઇચ્છાથી મને એક એવા મનુષ્યના સત્સંગનો સુયોગ પ્રાપ્ત થયો છે કે જે મનુષ્ય એક તરફથી ચુસ્ત દ્વૈતવાદી અને બીજી તરફથી દૃઢ અદ્વૈતવાદી હતા. જે મનુષ્ય એક તરફથી પરમ ભક્ત અને બીજી તરફથી પરમ જ્ઞાની હતા. એ મનુષ્યના સહવાસના અને શિક્ષણના પ્રતાપે આપણા ઉપનિષદ્ અને શાસ્ત્રોનો પ્રાચીન તથા પ્રમાણરૂપ ભાગ હું સ્વતંત્ર રીતે સમજીને શીખી શક્યો છું. ઉપર દર્શાવ્યા જેવાં ભાષ્યકારોનાં ભ્રમરૂપ લખાણોને આંખો મીંચીને ગ્રહણ કરવા કરતાં એ સ્વતંત્ર શિક્ષણ મને ઘણું લાભકારી થયું છે. મારા અભિપ્રાય પ્રમાણે તેમજ મેં કરેલી શોધો ઉપરથી હું એવા નિશ્ચય ઉપર આવ્યો છું કે, આપણા પ્રાચીન ધર્મસાહિત્યનો ઉપનિષદ્, સંહિતા વગેરે જે મૂળ ભાગ છે, તેમાં પરસ્પર વિરોધ જેવો કશો પણ દોષ નથી. એથી તેનાં મૂળ પ્રમાણોને ચોળી ચૂંથીને તેમની વિકૃત વ્યાખ્યા કરવાનો અથવા તેના અર્થોમાં ઉલટપાલટ કરવાની કશી જરૂર નથી. વેદના વાક્યસમૂહ અતિ સુંદર, અતિ અદ્ભૂત, હૃદયસ્પર્શી અને પરસ્પર વિરોધી

હોવાને બદલે પરસ્પર અપૂર્વ સમાનતાવાળા છે. એક વિચાર જાણે બીજા વિચાર તરફ દોરી જનાર પગથીઉં હોય નહિ, એવી રીતે તેના બધા વિચારો સાંકળની કડીઓ પેઠે પરસ્પર જોડાયેલા છે. તેમાં મને જે એક મુખ્ય સત્ય મળી આવ્યું છે તે એ છે કે, સઘળાં ઉપનિષદના વિચારો પવિત્ર દ્વૈતભાવથી એટલે કે ભક્તિ—ઉપાસના વગેરે ભાવનાઓથી શરૂ થાય છે, અને છેવટે આગળ વધતે વધતે અદ્વૈત વિચારોના ભવ્ય પ્રવાહમાં સમાપ્ત થાય છે.

એટલાજ માટે એ મહાપુરૂષના જીવન—પ્રકાશમાં હું જોઇ શકું છું કે દ્વૈતવાદી તેમજ અદ્વૈતવાદીને પરસ્પર વિવાદ કે ઝગડો કરવાની કશી જરૂર નથી. પતિતપાવની શ્રુતિ—ભગવતીના ક્ષેત્રમાં દરેકને માટે સ્થાન છે.

પ્રજા—જીવનના વિશાળ ક્ષેત્રમાં તેમાંના દરેકને માટે ખાસ વિશેષ સ્થાન છે. દ્વૈતવાદી દીર્ઘાયુ થાઓ, કારણ કે પ્રજાના ધાર્મિક જીવનમાં તે પણ અદ્વૈતવાદી જેટલોજ અંગરૂપ અને આવશ્યક છે. એ બન્ને વાદ સાપેક્ષ છે. એક સિવાય બીજો રહીજ શકે નહિ. તેઓ એકબીજાની પૂર્ણતારૂપ છે. તેમાંનો એક ભવ્ય ઇમારતરૂપ છે, ત્યારે બીજો તેના શિખરરૂપ છે. રાષ્ટ્રીય ધર્મવૃક્ષનું એક મૂળ છે, અને બીજો તેનું ફળ છે. તેમનો પરસ્પર આવો નિકટ સંબંધ છે. એટલા માટે મૂળ વાક્યોને મારી મચડીને ઉપનિષદના વિચારોનો અનર્થ કરવો તે મને ઘણું હાસ્યાસ્પદ લાગે છે. પ્રથમ તો મને ઉપનિષદની ભાષાજ અપૂર્વ અને આશ્ચર્યકારક લાગે છે. સર્વોત્તમ ફિલસુફી અને દર્શનશાસ્ત્ર તરીકેનું તેમનું ગૌરવ બાજુએ રાખતાં, માનવજાતિના મુક્તિમાર્ગદર્શક ધર્મવિજ્ઞાન તરીકેનો તેનો અદ્દભૂત પ્રભાવ બાજુએ રાખતાં છતાં પણ એ ઉપનિષદના સાહિત્યમાં એક પ્રકારની અપૂર્વ સુંદરતાનું જે ચિત્ર જોવામાં આવે છે, તેવું આ જગતનાં બીજા કોઈ પણ સાહિ-

ત્યમાં કોઈ પણ સ્થાને નજરે પડતું નથી. એ ઉપનિષદોના પરમ સુંદર અને હૃદયહારક સાહિત્યમાંજ આપણને મનુષ્યના પ્રબળ મનનું વિશેષત્વ અને તેમાં પણ ખાસ કરીને અંતર્દ્રષ્ટિવાળા ઉદાર હૃદયના હિન્દુમતનો વિશેષ પરિચય મળી આવે છે.

જગતની બીજી બધી જાતિના ધાર્મિક સાહિત્યમાં એક પ્રકારની સુંદરતાનાં ચિત્રો મળી આવે છે, પરન્તુ એક પણ અપવાદ વિના તેઓ બધાં માત્ર બાહ્ય પ્રકૃતિના—સ્થૂલ શરીરના અવયવોનેજ આદર્શ-રૂપે ગ્રહણ કરવાનો યત્ન કરતાં જણાય છે. દાખલા તરીકે મિલ્ટન, ડેન્ટી, હોમર અથવા બીજા કોઈ પાશ્ચાત્ય કવિનું સાહિત્ય જુઓ. તેમની કૃતિમાં આશ્ચર્યકારક સુંદરતાવાળા ઉલ્લેખો સ્થળે સ્થળે મળી આવે છે; પરન્તુ તે બધામાં ઇંદ્રિયો ગ્રહણ કરે તેવા બાહ્ય પ્રકૃતિના ભાવોનુંજ ચિત્ર દ્રષ્ટિએ પડે છે. બાહ્ય પ્રકૃતિનો વિશાળ ભાવ અને દેશ–કાળનો અનન્ત ભાવજ વિશેષ કરીને તેમાં વર્ણવવામાં આવ્યો છે. વેદોના સંહિતાવિભાગમાં પણ એવોજ યત્ન આપણી દૃષ્ટિએ પડે છે. ઋગ્વેદના એવાજ આશ્ચર્યરૂપ સુંદરતાવાળા મંત્રો તમે સાંભળ્યા અથવા વાંચ્યા હશે. એ સુંદર ઋચાઓમાં અપૂર્વ સૃષ્ટિસૌંદર્ય આંકેલું છે; દેશ–કાળની અનંતતા અને સુંદરતાની પરમ અવધિને ઉંચામાં ઉંચી સુંદર ભાષાથી તેમાં વર્ણવેલી છે; પરન્તુ તેઓને થોડાજ સમયમાં જણાયું કે, જે અદ્રશ્ય અને અનંત તત્ત્વ એ સર્વની પાછળ રહેલું છે, તેને એવી રીતે બહારનાં ચિત્રો આંકવાથી પહોંચી શકાય તેમ નથી; અને દેશ–કાળ અને સૌંદર્યના તેમજ બાહ્ય પ્રકૃતિની અનંતતાના જે ભાવો તેમના હૃદયમાં રમી રહ્યા હતા અને જે મહાન વિચારો ઉચ્ચારદ્વારા બહાર આવવાને માટે ઉછાળા માર્યા કરતા હતા તે ભાવોને તેમની વાણી હજી પ્રકાશ કરી શકતી નથી; એથી તેઓએ આ વિશ્વના ગૂઢ રહસ્યનો પ્રકાશ કરવા માટે બીજોજ માર્ગ ગ્રહણ કર્યો.

એ માર્ગ તે સુંદર ઉપનિષદનો છે. એ વખતે ઉપનિષદની ભાષાએ નવી મૂર્તિ અને નવાં રૂપ ધારણ કર્યાં. એ ભાષા એક પ્રકારની નાસ્તિ-ભાવપ્રકાશક, સ્થળે સ્થળે અસ્પષ્ટ, સ્થળે સ્થળે અર્ધ પરિસ્ફુટ, કોઈ કોઈ વખત તમને ઇંદ્રિયોના પ્રદેશથી બહાર લઇ જનારી, જે વસ્તુને તમે ગ્રહણ કરી શકતા નથી અથવા ઝીલી શકતા નથી એવી અપૂર્વ અનિર્વચનીય વસ્તુ તરફ તમારૂં ધ્યાન ખેંચનારી, બુદ્ધિ અથવા અનુ-ભવમાં નહિ ઉતરી શકે એવી તે વસ્તુના અસ્તિત્વ સંબંધે તમને સંપૂર્ણ ખાત્રી કરાવનારી અને અદ્દભુત ભાવ—છટાથી ભરેલી છે. જગતમાં એવો શ્લોક અથવા એવી રચના ક્યાં મળી શકશે કે જેને હું કહી બતાવું છું તે શ્લોકની સાથે સરખાવી શકાય?

"न तत्र सूर्यो भाति न चन्द्रतारकम् ।
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥"

कठोपनिषद्

ત્યાં સૂર્યકિરણો પ્રકાશ પાડી શકતાં નથી. ચન્દ્ર અથવા તારા એ સ્થાનને પ્રકાશી શકતા નથી. વિદ્યુલ્લતાના ચમકાર ત્યાં પ્રકાશ પાથરી શકતા નથી. ત્યારે આ સામાન્ય અગ્નિની તો વાતજ શી ?

જગતમાં બીજે કયે સ્થળે સમગ્ર પૃથ્વીની સંપૂર્ણ ફીલસુફીવાળાં આવાં દર્શનશાસ્ત્રો અને ઉંચામાં ઉંચી આત્મદશાનું આવું સંપૂર્ણ શબ્દ-ચિત્ર તમે જોઇ શકશો ? હિન્દુજાતિના સઘળા દીર્ઘકાલીન વિચારોનો, માનવજાતિનાં મુક્તિ પ્રાપ્ત કરવાનાં, સઘળાં સ્વપ્નોનો અને જગતની સઘળી આધ્યાત્મિક ઉંચી કલ્પનાઓનો આવો સુંદર સારાંશ, ઉપ-નિષદ્દની ભાષા કરતાં વધારે અદ્દભુત અને રસાત્મક ભાષામાં, અથવા જે અલંકારોનાં સુંદર રૂપકોમાં એ ભાવનાને ઘટાવવામાં આવી છે એના કરતાં વધારે સરસ અલંકારોમાં, તમે આ જગતમાં બીજે ક્યાં જોઈ શકો તેમ છો ? સાંભળોઃ—

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति॥
समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः॥
यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्त्तारमीशं पुरुषं ब्रह्मयोनिम्।
तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति॥**

मुण्डकोपनिषद्

કહે છે કેઃ—"એકજ વૃક્ષ ઉપર સુંદર પાંખોવાળાં બે પક્ષિઓ બેઠાં છે. બન્ને પરસ્પર સરખા ભાવવાળાં છે. તેમનામાંથી એક પક્ષી એ વૃક્ષનાં ફળ ખાય છે. બીજું પક્ષી સ્થિરભાવે-મૌન ધારણ કરીને તે ફળ ખાધા વગરજ બેસી રહ્યું છે. નીચેની શાખાપર બેઠેલું પક્ષી કોઈ વખત મીઠાં અને કોઇ વખત કડવાં ફળ ખાય છે, અને તેથી કોઈવાર તે સુખી અને કોઇ વાર દુઃખી થાય છે; પરંતુ ઉંચી ડાળ-પર બેઠેલું પક્ષી સ્થિર-ગંભીર ભાવે બેઠું છે, તે મીઠા કે કડવા કોઇ પણ ફળને અડતું નથી અને સુખ કે દુઃખની કશી દરકાર કરતું નથી; અર્થાત્ તે સુખ-દુઃખથી રહિત છે, તે પોતાનાજ મહિમામાં નિમગ્ન થઇને બેઠું છે. આ એક રૂપક છે. આત્મા અને પરમાત્માનું ચિત્ર છે. મનુષ્યનો જીવાત્મા પુણ્ય-પાપરૂપ મીઠાં અને કડવાં ફળ ચાખે છે. તે કંચન અને કામિની આદિ ઇન્દ્રિય-પરિપોષક પાર્થિવ પદાર્થોની પાછળ દોડે છે. આ અસાર સંસારનાં મિથ્યા સુખોની પાછળ તે વિનાશને માર્ગે પોતાનું જીવન વૃથા ગુમાવતો, દુઃખી થતો, મરતો ગાંડાની પેઠે ધસે છે!" કેવું અલૌકિક ભાવના-ચિત્ર! કેવું સુંદર, મનોરમ્ય રૂપક!! બીજે એક સ્થળે ઉપનિષદમાં શરીરને રથની અને કાબૂમાં ન રાખી શકાય એવી ઇન્દ્રિયોને અસંવૃત-ઉન્મત્ત અશ્વોની, મનને લગામની, બુદ્ધિને સારથિની અને જીવાત્માને રથી એટલે કે રથમાં

બેસનારની ઉપમા આપેલી છે. મનુષ્યની કારકીર્દી જીંદગીનાં મિથ્યા સુખોની પાછળ દોડાદોડી કરવામાંજ સમાયલી છે, બાલ્યાવસ્થાથીજ તે અનેક પ્રકારના પદાર્થોનાં સોનેરી સ્વપ્ન જુએ છે, પાછળથી તેની ખાત્રી થાય છે કે એ બધાં સ્વપ્ન ખોટાંજ હતાં; ખાલી ભ્રમણાજ હતી. વૃદ્ધાવસ્થામાં તેનાં પોતાનાં આગલાં કર્મોનો હુમો આવે છે; તેની તે પુનરાવૃત્તિ કરે છે; પરન્તુ જગતની આ વિશાળ જાળમાંથી કેવી રીતે મુક્ત થવું ? તેનો કંઇ ઉપાય જાણી શકતો નથી. મનુષ્યોનું જીવન આવું છે. મિથ્યા સ્વપ્નરાજ્યજ તેમના ભાગ્યમાં નિર્માણ થયું છે. મૃગજળના જેવાં માત્ર ભાસરૂપ સુખોની પાછળ ભટકી મરવાનેજ તેઓ સર્જાયા છે. તેમ છતાં દરેક મનુષ્યની જીંદગીમાં કેટલીક એવી અમૂલ્ય સોનેરી ક્ષણો ચમકાર કરી રહે છે–ઉંડા ઘેરા શોકના સમયમાં તેમજ વખતે ગાઢ આનંદના સમયમાં પણ એવી સુભાગી ઘડીઓ મળી આવે છે, કે જે વખતે આત્મસૂર્યના પ્રકાશને ઢાંકી રાખનારી વાદળી દૂર સરી જાય છે. એ વખતે આપણી મર્યાદિત પરિસ્થિતિને જોવાને પલવારને માટે આ સર્વ દૃશ્ય જગતની પાર રહેલી દિવ્ય આત્મજ્યોતિ ઘડીભર મનુષ્યની દૃષ્ટિએ પડે છે. દૂર દૂર, આ ઇંદ્રિયોની મર્યાદિત સત્તાની પેલીપાર, આ જગતના મિથ્યા પદાર્થોની પેલીપાર, તેના ક્ષણિક સુખ અને દુઃખની પેલેપાર, એથી પણ દૂર, કુદરતના પ્રદેશની પણ પેલીપાર, આ લોક અથવા પરલોકના જે જે ભોગવિલાસ અને સુખ–વૈભવની આપણે કલ્પના કરીએ છીએ તે સર્વની પેલીપાર, ધનેષણા, લોકેષણા પુત્રેષણા અને બીજી કોઇ પણ એષણાની પેલીપાર બહુ દૂર દૂરના અગમ્ય અગોચર આત્મપ્રદેશમાંથી એ જ્યોતિનો ચમકાર થાય છે. એ વખતે મનુષ્ય એ દિવ્ય જ્યોતિના દર્શનથી ક્ષણવાર દિઙ્મૂઢ બની જાય છે, અને એજ વખતે તે એકજ વૃક્ષની શાખાપર બેઠેલા બીજા શાન્ત અને ભવ્ય પક્ષિને તે ઝાડનાં મીઠાં કે કડુ ફળોનો

સ્પર્શ પણ કર્યાવિના આત્મતૃપ્તિ સહિત પોતાના મહિમામાં અને આત્મસંતોષમાં તલ્લીન બની બેઠેલું જુએ છે. શ્રીમતી ગીતાજી કહે છે તેમઃ–

"यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥"

અર્થાત્ જેને પોતાના આત્મામાંજ રતિ છે, આત્મામાંજ તૃપ્તિ છે, આત્મા સિવાય બીજી કોઇ ચીજને જે ઇચ્છતો નથી અને પોતાના આત્મામાંજ જેને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થયો છે, તેનું કોઇ પણ કાર્ય આ સંસારમાં બાકી રહ્યું નથી એમ સમજવું.

પરમ પ્રાપ્તવ્ય પામી ચૂક્યા પછી તેને શું કરવાનું બાકી રહ્યું? આ નાશવંત સંસારનાં નાશવંત કાર્યોની તે શા માટે વેઠ કરે? આ પ્રમાણે મનુષ્ય પોતાના જીવનની સદ્‌ભાગી ક્ષણોમાં એ પરમ જ્યોતિનાં દર્શન કરે છે. અસીમ મહિમાવાન એવા, ઉપરની ડાળપર બેઠેલા ભવ્ય પક્ષિને તે ક્ષણભર જુએ છે, અને જોઇને મુગ્ધ બની જાય છે, પરંતુ પળવાર પછી વળી પાછો તે બધું ભૂલી જાય છે, અને સંસાર–વૃક્ષનાં મીઠાં અને કડવાં ફળ પાછો તે ખાવા લાગે છે! ત્યારે શું એ વિરલ દર્શનનું તેને કંઈ પણ સ્મરણ રહેતું નથી? કદાચ થોડા સમય પછી ફરીથી પણ તેને તે પરમજ્યોતિનાં દર્શન થાય છે, અને આ સંસારવૃક્ષની નીચલી ડાળપર જ્યારે તેની પીઠપર ફટકા ઉપર ફટકા પડે છે, ત્યારે એ નીચેની ડાળપર બેઠેલું પક્ષી ઉપરના ભવ્ય પક્ષિની નજીક અને નજીક જાય છે. જો તેનાં સદ્‌ભાગ્યે એ વખતે સંસારના તીવ્ર આઘાત એક પછી એક તેને લાગતા રહે તો તે પોતાના સોબતી, પોતાના જીવનપ્રાણસ્વરૂપ, પરમમિત્ર, શ્રેષ્ઠ સખારૂપ તે બીજા ભવ્ય પક્ષિની નજીક અને નજીક જતો જાય છે; અને તેમ કરતાં કરતાં તે જ્યારે એ ભવ્ય પક્ષિની વધુ સમીપ આવી પહોંચે છે, ત્યારે તરત તેને જણાય છે કે તે પક્ષિની દિવ્ય જ્યોતિ તેની પોતાની

પાંખોની ચોતરફ પણ પ્રસરવા લાગે છે. એથી પણ જ્યારે તે વધુ ને વધુ નજીક નજીક આવતો જાય છે ત્યારે અચાનક તેનું પોતાનું રૂપાન્તર થવા લાગે છે. હજુ વધારે નજીક આવતાં તે પોતાને પીગળી જતો જુએ છે. છેવટ તેનું એ જુનું રૂપ તદ્દન અદૃશ્ય થઇ જાય છે, અને તેને નિશ્ચય થાય છે કે એ જુના રૂપમાં ખરૂં જોતાં તેની હૈયાતીજ ન હતી. ખરી રીતે તે રૂપમાં તે પોતે હતુંજ નહિ, પણ એતો માત્ર આમતેમ હાલતાં અસ્થિર પાંદડાંઓમાં બેઠેલા આ શાન્ત અને ભવ્ય પક્ષિનું પ્રતિબિંબજ માત્ર હતું, એ ઉપરના પક્ષિનીજ એ બધી ચમત્કારિક લીલા હતી, એ તેનોજ મહિમા હતો. તેને હવે નિશ્ચય થાય છે કે સત્ય રીતે જોતાં હું એ દિવ્ય પક્ષિનુંજ રૂપ છું. તેને અનુભવ થાય છે કે તે પોતે પણ ઉપરના પક્ષિનોજ અંશ છે. એ વખતે તે પૂર્ણ નિર્ભય બની જાય છે, પરમ સંતોષ પામે છે, અને ધીર તથા શાન્ત બની જાય છે.

આ ચમત્કારિક રૂપકવડે ઉપનિષદ્ દ્વૈતભાવથી શરૂઆત કરી તમને અદ્વૈતભાવના ઉચ્ચતમ શિખરપર લઇ જાય છે.

ઉપનિષદ્નાં આવાં અગણિત ચમત્કારિક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે; પરન્તુ એ સર્વોત્તમ ગ્રન્થોનાં ભવ્ય અને સુંદર કવિત્વ, અપૂર્વ ભાવદર્શક ચિત્રો અને ઉદાત્ત ભાવનાઓના એવા સેંકડો દાખલા ટાંકી બતાવવાનો આ ભાષણમાં જોઇએ તેટલો સમય નથી. આમ છતાં પણ તેના સંબંધમાં હું મારો એક વિચાર જણાવીશ. ઉપનિષદની ભાષા, ભાવના અને વિચારો સર્વ સરલ, સચોટ અને આપણા ઉપર જાણે તલવારની ધાર પડતી હોય અથવા હથોડીના એક પછી એક સખત ફટકા લાગતા હોય એવી રીતે જોરથી તત્કાલ અસર કરનારા છે. કોઇ પણ ઠેકાણે અસ્પષ્ટતા કે કિલષ્ટતા નથી. તેના સ્પષ્ટ ઝળકી ઉઠતા અર્થમાં કશી પણ ભૂલ થવાનો સંભવ નથી.

તેના સંગીતનો પ્રત્યેક સૂર દૃઢ અને હૃદયભેદક છે; દરેક હૃદયને તે સંપૂર્ણ અસર કરે છે. તેમાં એક પણ ઠેકાણે અસંબદ્ધ પ્રલાપ કે પ્રમત્ત શબ્દો નથી. તેમાં એવો કોઇ જટિલ વાક્યપ્રયોગ નથી કે જેની અંદર આપણું મગજ ગુંચવાઈ જાય. અધઃપતન અથવા પડતીનું એક પણ ચિહ્ન એમાં નથી. હૃદ્મહાર રૂપક અને અલંકારની તાણુતોડ પણ તેમાં નથી. વિશેષણ ઉપર વિશેષણનો અમર્યાદિત ઢગલો ખડકીને કથનને વધારે ગુંચવણભરેલું બનાવીને કહેવાનો હેતુ અથવા ભાવ પણ નથી. ન સમજી શકાય એવી ક્લિષ્ટતા કરીને મનુષ્યનું મગજ અર્થ સમજતાં સમજતાં ચક્કર ખાઈ જાય અને સાહિત્યની ભૂલભૂલામણીની ગુંચવણીમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ ન મળે, એવો ગડબડાધ્યાય ઉપનિષદોમાં કોઇ પણ સ્થળે જણાતો નથી. એ સમગ્ર વેદવિભાગને હિન્દુઓ અપૌરૂષેય અર્થાત્ ઇશ્વરપ્રણીત માને છે. કદાચ તે મનુષ્યપ્રણીત સાહિત્ય હોય તો પણ તે એક એવી માનવજાતિનું ઉત્પન્ન કરેલું હોવું જોઇએ કે જે જાતિએ એ વખત સુધીમાં પોતાના પ્રજાના વીર્ય અને પ્રભાવનું એક બિન્દુ પણ ગુમાવ્યું નહોતું. તેના અકેક પાનામાં આપણે અપૂર્વ તેજ, વીર્ય અને પ્રભાવની વાતો વાંચી શકીએ છીએ.

બળવાન થાઓ, તેજસ્વી થાઓ, દુર્બળતા દૂર ફેંકી દો. અતુલ બળ અને આત્મશક્તિ એ તમારા પૂર્વજોનોજ વારસો છે. ઉપનિષદના પ્રત્યેક પાનામાંથી એજ અવાજ સંભળાય છે. હમ્મેશાં સ્મરણમાં નોંધી રાખવા જેવી આ એક મહાન વસ્તુ છે. મારા જીવનમાં મને જો મોટામાં મોટું શિક્ષણ મળ્યું હોય તો તે એજ છે. આત્મશક્તિનો ભવ્ય પાઠ હું આજ સુધી શીખતો આવ્યો છું. ઉપનિષદ્ પગલે પગલે કહે છે કે—"હે મનુષ્ય, બળ મેળવ. તમારા આત્મબળને વધારો. દુર્બલ અને નિર્માલ્ય ન બનો." મનુષ્ય દીનતાથી

પૂછે છે કેઃ—"શું માનવજાતિમાં દુર્બળતા નથી ?" ઉપનિષદ્ સ્પષ્ટ ઉત્તર આપે છે કે—તે છે, પણ વિશેષ દુર્બળતાવડે શું મનુષ્યમાં રહેલી દુર્બળતા દૂર કરી શકાશે ? દુર્બળતાની વાતો કર્યાથી બળ ક્યાંથી મળશે ? શું તમે કાદવવડે કાદવને ધોઇ શકશો ? શું પાપવડે પાપ દૂર થઇ શકશે ? એજ પ્રમાણે આપણે જો "બહુ દુર્બળ છીએ" એવા દુર્બલતાનાજ વિચારો કર્યા કરીશું તો તેથી શું દુર્બલતા દૂર થઇ શકશે ? માટે **નબળાપણાના વિચારો છોડીને હે મનુષ્યો ! તમે હૃદયબળ મેળવો, શક્તિવાન થાઓ, તેજસ્વી થાઓ, બળવાન બનો, દુર્બળતાની ગાદી ઉપરથી ઉઠીને ઉભા થાઓ અને વીર્યવાન તથા મજબૂત બનો.** જગતના તમામ સાહિત્યમાંના માત્ર એ એકજ તેજસ્વી સાહિત્યમાંથી—ઉપનિષદોમાંથીજ તમને '**अभी**' શબ્દ વારંવાર મળી આવશે. '**अभी**' એટલે ભય-રહિત. આ શબ્દનો ઉપનિષદમાં વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. જગતના બીજા કોઇ પણ શાસ્ત્રમાં ઇશ્વિરપ્રત્યે અથવા મનુષ્યપ્રત્યે આવું '**अभी**' વિશેષણ લગાડવામાં આવ્યું જણાતું નથી. માટે **ઉપનિષદ્નો ઉપદેશ ગ્રહણ કરી તમે પણ 'अभी'—ભય-રહિત—નિડર બની જાઓ.**

આ વખતે મારી અંતર્દ્રષ્ટિ સામે દૂરના ભૂતકાલમાંથી ગ્રીસના મહાન શહેનશાહ એલેકઝાંડર ધી ગ્રેટનું ભવ્ય ચિત્ર ખડું થાય છે. મને જાણે દેખાય છે કે એ મહાપ્રતાપી મહારાજા સિંધુ નદીને કિનારે ઉભો રહીને એક પત્થરપર બેઠેલા સર્વાંગનગ્ન—છેક વસ્ત્રરહિત અરણ્ય-વાસી એક વિચિક્ષણ હિન્દુ સંન્યાસીની સાથે વાત કરતો ઉભો છે ! સંન્યાસીની અપૂર્વ બુદ્ધિશક્તિ અને તેનું વિશાળ ડહાપણ જોઇને આશ્ચર્ય પામી તે તેને પૈસા અને પદવીની લાલચ બતાવી પોતાની સાથે ગ્રીસ દેશ ચાલવાને માટે યત્ન કરી રહ્યો છે ! સંન્યાસી તેની પૈસા અને

પ્રલોભનની વાતો સાંભળીને હસી પડયો ! એલેકઝાંડર જેમ જેમ તેને વધારે લલચાવવા લાગ્યો તેમ તેમ તે વધારે ને વધારે હસવા લાગ્યો ! શહેનશાહની સાથે ગ્રીસ જવાની તે ચોખ્ખી ના કહે છે ! એથી એલેકઝાંડર રોષે ભરાઇને પોતાની શહેનશાહ તરીકેની રાજસત્તા બતાવી ક્રોધિત સ્વરે બોલી ઉઠયો કે–" જો તમે મારી સાથે નહિ ચાલો તો હું તમને મારી નાખીશ." એ સાંભળીને સંન્યાસી ખડખડાટ હસી પડે છે ! અને નિર્ભયતાથી કહે છે કે–" શહેનશાહ, તમે આવા મોટા માણસ થઇને જુઠું શા માટે બોલો છો ? " એલેકઝાંડર તે સાંભળીને વિસ્મિત થયો. સંન્યાસીએ કહ્યું–" તમે જેવું જુઠું અત્યારે બોલ્યા છો એવું હડહડતું જુઠું તમારી જીંદગીમાં કદિ પણ બોલ્યા નહિ હશો. મને કોણ મારી શકે તેમ છે ? નાશવંત જડ જગતનો તું એક શહેનશાહ શું મને મારી શકશે ? ના, ના, તેમ કદિ પણ બની શકશે નહિ. ઓ શરીરોના શહેનશાહ ! મને કોઈ પણ મારી શકે તેમ નથી. હું તો આત્મા છું, ચૈતન્યસ્વરૂપ છું, અજર, અમર અને અક્ષય છું. હું અનન્ત સર્વવ્યાપી અને સર્વજ્ઞ છું. મારો કદિ જન્મ થયો નથી અને મૃત્યુ પણ થવાનું નથી. મને–વિશ્વવ્યાપી આત્માને તારા જેવું એક નાનકડું બાળક કેમ કરીને મારી શકશે ? "

બંધુઓ ! એજ ખરૂં તેજ છે, એજ જ્ઞાનનો ખરો પ્રભાવ છે, અને એજ આત્માની શક્તિ અને સત્તા છે. એ વચનોમાં ઉપનિષદના જ્ઞાનનું વીર્ય વેગસહિત વહી રહ્યું છે. હે મિત્રો ! જેમ જેમ હું એ ઉપનિષદો વધારે ને વધારે વાંચતો જાઉં છું, તેમ તેમ મને તમારે માટે વિશેષ ને વિશેષ રડવું આવે છે. તમારી નિર્બળતા માટે, તમારી નિર્માલ્યતા માટે, તમારી દીનતા અને દરિદ્રતા માટે મને નિરંતર રડવું આવે છે. એ રડવું એટલાજ માટે આવે છે કે ઉપનિષદમાં વર્ણવેલી એ આત્મશક્તિનો વ્યાવહારિક ઉપયોગ કરવાની મને

વિશેષ જરૂર જણાય છે. ઉપનિષદમાં બળ-વીર્યનો વ્યાવહારિક ઉપયોગ જ ભરેલો છે. શક્તિ, વીર્ય અને નિડર પ્રભાવ, તેનીજ આપણને અત્યારે વિશેષ જરૂર છે. એ મહાશક્તિનું આપણને કોણ દાન કરશે? એ આત્મબળ આપણને કોણ આપી શકશે? આપણને દુર્બળ કરનારી આ જગતમાં હજારો બાબતો છે, વાર્તાઓ પણ આપણે ઘણી વાંચી-સાંભળી છે, આપણાં પુરાણોમાં એટલી બધી વાર્તાઓ ભરેલી છે કે, જગતની લાયબ્રેરીઓનો પોણો ભાગ એ વાર્તાઓથી ભરાઇ જાય તેમ છે! એક જાતિ અથવા એક પ્રજાને નિર્બળ બનાવનારી આ જગતમાં જેટલી બાબતો છે, તે બધીજ બાબતો આપણને છેલાં હજાર વર્ષમાં આવી મળી છે!

એ લાંબા સમય દરમિયાન આપણા પ્રજા-જીવનના પ્રવાહનો માત્ર આ એકજ હેતુ બની રહેલો જણાય છે કે આપણે પોતાને વધારે ને વધારે નિર્બળ કેમ બનાવી શકીએ? અને તે પણ એટલે સુધી કે આપણે છેવટ જમીનના તુચ્છ કીડાજ બની ગયા છીએ! જેની ઇચ્છામાં આવે તે આપણા ઉપર પગ દઇને ચાલ્યા ગયા છે, અને તે સમયે આપણે તેજ પગને પરમ આશ્રયરૂપ સમજીને વળગી રહ્યા છીએ! એથીજ આપણે જરા પણ ઉંચે ચ્હડી શકતા નથી, આગળ વધી શકતા નથી. હે બંધુઓ! મારો ને તમારો એક લોહીનો સંબંધ છે; મારાં જીવન અને મરણ, તમારાં જીવન અને મરણની સાથે નિર્માણ થઇ ચૂક્યાં છે; માટેજ તમને ઉપર જણાવેલાં બધાં કારણો લક્ષમાં રાખીને હું કહું છું કે, આપણને બળનીજ ખાસ જરૂર છે. શરીરનું બળ, મનનું બળ, હૃદયનું બળ અને આત્માનું બળ આપણે મેળવવાનું છે. દરેક વખતે દરેક સ્થળે બળનીજ જરૂર છે. આપણાં ઉપનિષદો સર્વ પ્રકારના બળની મોટી ખાણ છે. ઉપનિષદોમાં એટલી બધી શક્તિ ભરેલી છે કે તે સમગ્ર જગતને બળવાન

અને તેજસ્વી બનાવી શકે તેમ છે. તેમનાવડે જગતની સઘળી પ્રજાઓને તેજસ્વી, બળવાન, સ્ફૂર્તિવાળી, પુનરુજ્જીવિત અને વીર્યશાળી કરી શકાય તેમ છે. દરેક જાતિ, દરેક પ્રજા, દરેક ધર્મ અને દરેક કોમના દુર્બળ, દુઃખી અને પદદલિત સર્વ લોકોને એ **ઉપનિષદો પોતાના ભેરીનાદથી કહે છે કે–"તમારા પગપર ઉભા થાઓ! દુર્બળતાને દૂર ફેંકી દો અને સ્વતંત્ર થાઓ!** સ્વતંત્રતા–શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને એવી સર્વ પ્રકારની **સ્વતંત્રતાજ ઉપનિષદનો મુદ્રાલેખ છે. સ્વતંત્રતા ઉપનિષદનો મૂળમંત્ર છે!** જગતનાં બધાં શાસ્ત્રોમાં આજ એવું એક શાસ્ત્ર છે કે જે સંસારમાં ઉદ્ધાર (Salvation) પામવાની વાતો નથી સંભળાવતું, પરન્તુ સ્વતંત્રતા (Freedom) નાજ મંત્રો સંભળાવે છે. પ્રકૃતિનાં–કુદરતનાં બંધનોમાંથી મુક્ત થાઓ; અને સર્વ પ્રકારની દુર્બળતામાંથી મુક્ત થાઓ."

ઉપનિષદો તમને બતાવી દે છે કે,–**"એ મુક્તિ, એ સ્વતંત્રતા સ્વભાવથીજ તમારામાં વિદ્યમાન છે, બહારથી મેળવવી પડે તેમ નથી."** બીજાં શાસ્ત્રો કરતાં ઉપનિષદની આ બીજી વિશેષતા છે. હું દ્વૈતવાદીને સંબોધીને કહું છું કે—" તમે દ્વૈતવાદી છો તેની કંઇ ફિકર નહિ, પણ તમારે એટલું તો જરૂર કબૂલ કરવું પડશે કે આત્મા પોતાના સ્વભાવથીજ સંપૂર્ણ છે–પૂર્ણસ્વરૂપ છે, અને માત્ર પોતાનાં કેટલાંક કાર્યોવડેજ તે સંકુચિત બન્યો છે. આધુનિક ઉત્ક્રાંતિવાદને માનનારા પરિણામવાદીઓ, (Evolutionists) **જેને ક્રમ–વિકાસ (Evolution) અને ક્રમ–સંકોચ (Atavism) કહે છે, તેનેજ દ્વૈતવાદ–પ્રચારક રામાનુજાચાર્યની ફિલસુફીમાં સંકોચ–મત અને વિકાસ–મત કહેલા છે. આત્મા પોતાની પૂર્ણતામાંથી પાછો હઠે છે, પદભ્રષ્ટ થઇને સંકોચ પામે છે,**

અને તેની સઘળી શક્તિઓ સંકુચિત થઇને અવ્યક્ત ભાવ ધારણ કરે છે. તે પાછો સત્કર્મ અને સદ્‌વિચારવડે ફરીથી વિકાસ પામે છે, અને પોતાના સ્વાભાવિક પરિપૂર્ણ સ્વરૂપને પ્રકાશે છે. અદ્વૈતવાદીની સાથે તેમનો એટલોજ મતભેદ છે કે, અદ્વૈતવાદીઓ પ્રકૃતિના સંકોચ વિકાસને અર્થાત્ પરિણામને સ્વીકારે છે, પણ આત્માનો સંકોચ વિકાસ થાય છે, અથવા આત્મા પરિણામી છે એવું માનતા નથી. કલ્પના કરો કે અહીં આપણી વચ્ચે એક મોટો પડદો છે, અને તે પડદામાં એક નાનું સરખું છિદ્ર છે. હું એ પડદાની પાછળ ઉભો રહીને પેલા નાના સરખા છિદ્રમાંથી તમારી મોટી સભાને જોનારો માણસ છું. એ નાના છિદ્રમાંથી હું ઘણા થોડા માણસોના ચ્હેરા જોઈ શકું છું. હવે કલ્પના કરો કે તે છિદ્ર મોટું થતું જાય છે; અને મોટું થતું જાય છે તેમ તેમ હું તમારામાંના વિશેષને જોઇ શકું છું. તે વધારે મોટું થાય છે ત્યારે હું સમગ્ર સભાને જોઇ શકું છું. છેવટે એ પડદો અને એ છિદ્ર બન્ને એક થઈ જાય છે. એ છિદ્ર વધી વધીને છેક પડદાની કોર સુધી પહોંચી જાય છે ત્યારે મારી અને તમારી વચ્ચે કશો પણ પડદો કે અંતરાય રહેશે નહિ, આપણે પરસ્પર એક બીજાને ખુલ્લી રીતે જોઈ શકીએ છીએ, પણ તેથી કરીને મારા કે તમારામાં કશો ફેરફાર થયો નથી. જે કંઇ ફેરફાર થયો છે તે માત્ર પડદામાંજ થયો છે. તમે તો પ્રથમ હતા તેવા અને તેટલાજ છેવટે પણ રહ્યા છો. મારી દૃષ્ટિએ થોડા કે વધારે દેખાતા હતા તે માત્ર આડે રહેલા પડદાને લીધેજ. એ પડદામાં ફેરફાર થયો છે, તેજ માત્ર આપણી વચ્ચેથી દૂર થયો છે. હું અને તમે તો જેવા હતા તેવાજ રહ્યા છીએ. ઉત્ક્રાંતિવાદ કે વિકાસના સંબંધમાં અદ્વૈતવાદીનો મત આ પ્રકારનો છે. પ્રકૃતિનું પરિણામ બહારના જગતમાં અને સ્વરૂપનું જ્ઞાન આત્મામાં થાય છે, પણ આત્મામાં એથી કરીને કોઇ પ્રકારે સંકોચ કે વિકાસ થઇ

શકતો નથી, કેમકે તે અવિકારી, અપરિણામી, એક અને અનન્ત છે. એ આત્મા માયાના પડદાથી જાણે ઢંકાઇ રહ્યા જેવો હતો, તે માયાનો પડદો ક્રમે ક્રમે પાતળો અને ક્ષીણ બનતો જાય છે તેમ તેમ તેનો (આત્માનો) સ્વાભાવિક મહિમા પ્રકાશિત થતો જાય છે, અને તેને અંતઃકરણભાવે પોતાના મૂળ ખરા સ્વરૂપનું જ્ઞાન થતું જાય છે.

આ મહાન સિદ્ધાંત ભારત પાસેથી શીખવાને સમગ્ર જગત રાહ જોતું બેઠું છે. તે ગમે તેવી મોટી મોટી વાતો કરે, ગમે તેવી પોતાની મોટાઇ અને બડાઈ ગાય, પણ જેમ જેમ દિવસો જતા જશે તેમ તેમ જગતના એ બધા લોકોના જાણવામાં આવશે કે, **ભારતના એ મહા સિદ્ધાંતનો સ્વીકાર કર્યા વિના કોઇ પણ સમાજ કે કોઇ પણ જાતિ આ ધરતીની સપાટી-પર ટકી શકશે નહિ.** દરેક બાબતમાં કેવું પ્રબળ પરિવર્તન ચાલી રહ્યું છે તે તમે શું જોઇ શકતા નથી ? દરેક ચીજને જ્યાં સુધી તે સારી છે એવું પૂરવાર ન થાય ત્યાં સુધી, તે ખરાબજ છે એવું માની લેવાનો પૂર્વે લોકોમાં સામાન્ય રિવાજ પડી ગયો હતો તે શું તમે જાણતા નથી ? કેળવણીમાં, ગુન્હેગારોને શિક્ષા કરવામાં, ગાંડા માણ-સોની સારવાર કરવામાં અને રોગોની સામાન્ય ચિકિત્સા કરવામાં પણ પહેલાં લોકોનો એજ મત હતો; અને હમણાંનો નિયમ શું છે ? આધુનિક નિયમ કહે છે કે શરીર સ્વાભાવિક રીતે તંદુરસ્તજ હોય છે, તે પોતાના સ્વભાવથી—પોતાના કુદરતી ક્રમથીજ દર્દને દૂર કરે છે. રોગને દૂર કરીને દવાઓ કંઇ નવું તત્ત્વ આપી શકતી નથી, પણ એ શરીરની સ્વાભાવિક શક્તિને રોગોને દૂર કરી શરીરમાં સારાં તત્ત્વોને સંગ્રહી રાખવાના કામમાં મદદ કરે છે. આધુનિક નવા નિયમો અને આધુનિક કાયદા ગુન્હેગારોને માટે શું કહે છે ? તેઓ પ્રથમ-થીજ માને છે કે ગુન્હેગાર ગમે તેવો નીચ અને અપરાધી હોય, પરન્તુ

તેનામાં જે મનુષ્યભાવ અથવા ઇશ્વરનો અંશ રહેલો છે, તે કદિપણ નાશ પામતો કે બદલાઇ જતો નથી માટે ગમે તેવા ગુન્હેગારની સાથે પણ આપણે તદનુસારજ સદ્‌વ્યવહાર કરવો જોઇએ. એવીજ રીતે જગતની બધી ચીજો અને બધા વિચારો ક્રમે ક્રમે બદલાવા લાગ્યા છે. કેદખાનાંને દયા અને સદ્‌ભાવથી વિભૂષિત કરવામાં આવ્યાં છે. આગળના અંધારા ત્રાસરૂપ કારાગારને બદલે ગુન્હેગારોને સુધારનારી ઉદ્યોગશાળાઓ, સંશોધનશાળાઓ અને પશ્ચાત્તાપમંદિરો સ્થપાવા લાગ્યાં છે. દરેક બાબતમાં હાલ એવુંજ થવા લાગ્યું છે. આવી રીતે જાણતાં કે અજાણતાં પણ પ્રત્યેક મનુષ્યમાં ઇશ્વરત્વ રહેલું હોવાનો વિચાર જગતના દેશોમાં વિવિધ પ્રકારે પ્રકટ થવા લાગ્યો છે. જગતની પ્રજાઓને તમારા પ્રાચીન પુસ્તકોની એ ઉદાર વ્યાખ્યા સ્વીકારવીજ પડશે. મનુષ્યનો બીજા મનુષ્ય સાથેનો વ્યવહાર, બીજા મનુષ્યસાથેની તેની રીતભાત તદ્દન બદલાઇ જશે. બધાને એકસરખા ઇશ્વરભાવથી જોવાનો વખત આવી પહોંચશે, અને મનુષ્યજાતિની દુર્બલતા દર્શાવનારા જુના જમાનાના જુના વિચારોને વિદાય થવું પડશે. આ સૈકામાંજ એ સાંકડા વિચારોનાં મૂળ ઉખડી જશે. આ વખતે લોકો ભલે ઉભા થઇને અમારી ટીકા કરે, ભલે અમને ગાળો દે. આ જગતમાં પાપ નથી એવો ભયંકર પૈશાચિક વિચાર ફેલાવનાર તરીકે દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી મારી સખ્ત ખબર લેવામાં આવી છે. નિન્દા કરવામાં, હાથ પછાડવામાં અને ગાળો દેવામાં તેમણે કંઇ બાકી રાખી નથી. બહુ સારી વાત છે કે એજ મનુષ્યોના વંશમાં જન્મ લેનારી તેમની ભાવી પ્રજા, મેં ધર્મ અને સદ્‌ગુણનો પ્રચાર કર્યો છે અને પાપ કે અધર્મનો પ્રચાર કર્યો નથી, એટલા માટે મને આશીર્વાદ આપશે. હું સદ્‌ગુણ અને સાત્વિકતાનો શિક્ષક છું; તામસિકતા અને પાપનો પ્રચારક નથી. પ્રકાશ અને સદ્‌ભાવના પ્રચારક તરીકેજ હું મારૂં પોતાનું ગૌરવ સમજું છું.

આપણા ઉપનિષદના ઉપદેશોમાંથી જે બીજો મહાન વિચાર ગ્રહણ કરવાને જગત તૈયાર થઈ રહ્યું છે, તે વિચાર આ બ્રહ્માંડની અખંડ એકતાનો છે. ભેદભાવ અને પાર્થક્યના જુના જમાનાના વિચારો હવે ત્વરિત ગતિએ અદૃશ્ય થવા લાગ્યા છે. વિદ્યુત્શક્તિ અને વરાળશક્તિ જગતના જુદા જુદા ભાગોને એકઠા કરી એક બીજાના સંબંધમાં લાવે છે, અને તેના પરિણામ તરીકે આપણે હિન્દુઓ પણ આંખો ઉઘાડીને દુનિયાને જોવા લાગ્યા છીએ. આગળની પેઠે આજે હવે આપણે એમ કહી શકતા નથી કે, આપણા દેશ સિવાયની બીજી બધી ભૂમિમાં બધે માત્ર ભૂત, પ્રેત, રાક્ષસ અને પિશાચજ રહે છે! તેમજ યૂરોપ અમેરિકાના ખ્રીસ્તી દેશોની પ્રજા પણ હવે એવું કહી શકતી નથી કે, હિન્દુસ્તાનમાં માત્ર માણસ ખાઉ જંગલીઓજ રહે છે! આપણો દેશ છોડીને જ્યારે આપણે બહારના દેશમાં જઇએ છીએ ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે ત્યાં પણ આપણા માનવબંધુ પોતાનો હાથ લંબાવીને આપણને સહાય કરે છે, અને મ્હોડેથી મધુર વચનો ઉચ્ચારી આશીર્વાદ આપી આપણો ઉત્સાહ વધારે છે. કોઇ કોઇ વખત એ બહારના માનવબન્ધુઓ આપણે જે દેશમાં જન્મ્યા છીએ તે દેશના બન્ધુઓ કરતાં પણ સારા જણાય છે. વળી એ વિદેશવાસી જનો જ્યારે આપણા દેશમાં આવે છે ત્યારે તેઓ પણ અહીં એવોજ ભ્રાતૃભાવ, ઉત્સાહ, આદર—સત્કાર અને આશીર્વાદ આપણે આંગણે મેળવે છે. આપણાં ઉપનિષદો કહે છે કે અજ્ઞાનજ સર્વ દુઃખોનું કારણ છે, અને આપણા જીવનની દરેક આધ્યાત્મિક અથવા સામાજિક સ્થિતિમાં જ્યારે એ સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેની સંપૂર્ણ સત્યતા સહજ સિદ્ધ થાય છે. અજ્ઞાનને લીધેજ આપણે એક બીજાને ઓળખી શકતા નથી અને હૃદયથી ચહાઇ શકતા નથી. જેવા આપણે એક બીજાને ઓળખતાં શીખીએ છીએ કે તરતજ

આપણા વચ્ચે પરસ્પર પ્રેમ પ્રકટી ઉઠે છે. સ્વાભાવિક રીતે તે પ્રકટવોજ જોઇએ. કેમકે આધ્યાત્મિક દૃષ્ટિએ શું આપણે બધા એક નથી ? આ પ્રમાણે સમગ્ર બ્રહ્માંડનો એકત્વભાવ પોતાની મેળેજ વિસ્તાર પામતો જાય છે. રાજનીતિ અને સમાજનીતિના ક્ષેત્રમાં પણ આજથી વીસ વર્ષ પૂર્વે દરેક પ્રજાના સવાલો પોતપોતાના ક્ષેત્રમાંજ સમાઇ રહ્યા હતા, પરંતુ હવે તેમનો માત્ર તેટલાજ ક્ષેત્રમાં સમાસ થઇ શકતો નથી; એ સવાલોનું સ્પષ્ટીકરણ કરવા માટે બીજી પ્રજાના અભિપ્રાયોને પણ પોતાની સાથે જોડવાની જરૂર હવે જણાવા લાગી છે, અને તેથી એ સામાજિક અને રાજનૈતિક વિચારો પણ વિશાળ આકાર અને પ્રમાણ ધારણ કરતા જાય છે. એકત્ર પ્રજાસમૂહના વિશાળ ક્ષેત્રમાં અનેક જનોના વિચારરૂપ વિશાળ પ્રકાશમાં હવે એ ગહન સવાલોની સારી રીતે મીમાંસા કરી શકાય છે. વિવિધ પ્રજાઓનું એકત્ર બંધારણ, વિવિધ પ્રજાઓનો પરસ્પર સંબંધ અને વિવિધ પ્રજાઓનાં મિશ્ર ધારા—ધોરણ વગેરે અનેકને તોડીને એક કરવાની, એટલે કે જગતની બધી પ્રજાના વિચારોને સાથે જોડી દેવાની બૂમ આજે ચારેમેર સંભળાઇ રહી છે. ચાલુ જમાનાની મુખ્ય ઇચ્છા અને તેનો મૂળ મંત્ર એજ છે. સર્વ પ્રજાઓમાં એકત્વભાવ ધીમે ધીમે કેવો વિસ્તાર પામતો જાય છે તેનું એ પ્રત્યક્ષ પ્રબળ પ્રમાણ છે. રસાયનશાસ્ત્ર અને વિજ્ઞાનમાં પણ જડતત્ત્વ સંબંધે એવાજ વિશાળ વિચારો લોકોમાં ફેલાતા જાય છે. જેમ જેમ શાસ્ત્ર, વિજ્ઞાન અને સુધારો આગળ વધે છે, તેમ તેમ જ્ઞાનના દિવ્ય પ્રકાશવડે એકતાનો સર્વવ્યાપી ભાવ આગળ ફેલાતો જાય છે. વિજ્ઞાન—વિદ્યાના વિકાસથી આજે તમે સઘળી જડ વસ્તુઓને—સમગ્ર જગતને એક અખંડ વસ્તુરૂપે અથવા જડ તત્ત્વોના એક મહાન સમુદ્રરૂપે વર્ણન કરો છો. તમે, અમે, સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીના આ બધા પ્રાણિ—પદાર્થો એ મહાન જડ તત્ત્વના સમુદ્રમાં

જુદા જુદા તરંગ અને આવર્ત્તરૂપે એક સાથે રહેલા છે; માત્ર એ સર્વેને જુદાં જુદાં નામોજ આપવામાં આવેલાં છે. એ સિવાય એ જડ તત્ત્વોમાં પરસ્પર કોઇ જાતનું જુદાપણું નથી. માનસિક દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં આ બધું જગત વિચારોના એક વિશાળ સાગર જેવું જણાય છે, અને તમે, અમે તથા બીજા સર્વ એ સમુદ્રના નાના-મોટા તરંગો જેવા લાગીએ છીએ; પરન્તુ આત્મદૃષ્ટિથી નજર કરતાં આ સમગ્ર જગત એકજ આત્મારૂપ, અવિકારી અને અચલ જણાય છે. સર્વત્ર શાશ્વત, અચ્છેદ્ય, અભેદ્ય, અવિકારી અને અપરિણામી સત્તારૂપ આત્માજ વ્યાપી રહેલો જણાય છે. આ જમાનાની બીજી જે માગણી સાંભળવામાં આવે છે તે નીતિની છે. એ નીતિ પણ આપણા પ્રાચીન ગ્રંથોમાં યથેષ્ટ ભાવે મળી આવે છે. નીતિશાસ્ત્રના મુખ્ય સિદ્ધાંતો અને તેમનું સ્પષ્ટીકરણ આજના જગતને આવશ્યક જણાય છે, એ પણ તેમને આપણાં શાસ્ત્રોમાંથી સંતોષકારક રીતે મળી શકશે.

અત્યારે આપણને હિંદુસ્તાનમાં કયી વસ્તુની જરૂર છે ? પરદેશીઓને એ ચીજની જરૂર છે, તે કરતાં આપણને તેની વીશગણી જરૂર છે એમ સમજવું; કારણ કે આપણે ઉપનિષદની ગમે તેવી મહત્તા ગાઇએ, આપણા પૂર્વજો મહાન ઋષિ–મહર્ષિ હતા તેનું ગમે તેટલું ગૌરવ ધરાવીએ, પરન્તુ **દુનિયાની અનેક જાતિઓ સાથે સરખાવી જોતાં આપણે આજે ઘણા નિર્વીર્ય, નિર્માલ્ય અને કંગાલ છીએ; એવું મારે સ્પષ્ટ કહેવું પડશે.** પ્રથમ તો આપણી શારીરિક નબળાઇજ આપણને મોટી અડચણરૂપ છે. એ શારીરિક નબળાઇજ આપણે આજે જે દુઃખો ભોગવીએ છીએ તેના ત્રીજા ભાગના કારણરૂપ છે. એ નબળાઇને લીધેજ આપણે આળસુ બની ગયા છીએ; કામ કરી શકતા નથી; નિયમ જાળવી શકતા નથી; એકબીજાની સાથે એકત્ર થઈ શકતા નથી; પરસ્પર એક

બીજાને વ્હાતા નથી અને અધમ સ્વાર્થી બની ગયા છીએ. **આપણામાંના ત્રણ માણસો પણ એકબીજાના તરફ ધિક્કાર દર્શાવ્યા વિના અથવા એકબીજાની તીવ્ર અદેખાઇ કર્યા વિના સાથે મળી કે રહી શકતા નથી.** આવી દુઃખરૂપ સ્થિતિમાં આપણે આવી પડયા છીએ. કશા પણ ઢંગધડા કે બંધારણની આશા વગરના, અસ્તવ્યસ્ત પશુઓનાં ટોળાં જેવા અને છેકજ આપમતલબી બની ગયા છીએ. કપાળમાં ઉભું તિલક કરવું જોઇએ કે આડું કરવું જોઇએ ? ત્રિપુંડ્ર ખરૂં છે કે ઊર્ધ્વપુંડ્ર ખરૂં છે ? એવા તુચ્છ અને નજીવા વિષયો માટે સેંકડો વર્ષથી સમય, પૈસો અને જીંદગીને બરબાદ કરી આપણે લડતા અને ઝગડતા રહ્યા છીએ. જમતી વખતે અમુક માણસની નજર પડશે તો મારો ખોરાક અભડાઇ જશે, એવા એવા વિષયો ઉપર આપણે મોટાં મોટાં મહાભારત પુસ્તકો લખીને શાહી, કાગળ અને સમયનું સત્યાનાશ કહાડીએ છીએ. છેલ્લાં કેટલાંએક સૈકાં થયાં આપણે આવાંજ મહાભારત (!) પરાક્રમો કરતા આવ્યા છીએ. જે પ્રજાની સઘળી મગજશક્તિ આવા આશ્ચર્યકારક સુંદર સવાલોમાં અને આવી મહાભારત શોધખોળોમાંજ સંપૂર્ણ રોકાઇ રહી છે, તે દીન-હીન પ્રજા પાસેથી બીજી કયી ઉંચી વસ્તુની આશા રાખી શકાય ? આ બધાં પરાક્રમોને માટે, આપણે પોતાને માટે તેમજ આપણી તુચ્છ જીંદગીને માટે શું આપણને શરમ નથી ઉપજતી ? હા, ઘણી વખત આપણને શરમ ઉપજે છે, આપણે આ બધી બાબતોને નાલાયક, તુચ્છ અને ત્યજી દેવા જેવી જાણીએ છીએ; પરંતુ દુર્ભાગ્યે તેનો ત્યાગ કરી શકતા નથી. આપણે ઘણી સારી સારી વાતોનો વખતોવખત વિચાર કરીએ છીએ, પણ તે માત્ર વિચારજ. કમનસીબે જે ધારીએ છીએ તે કદિ પણ કરી શકતા નથી. પોપટની પેઠે વિચારો કરવાની આપણને ટેવજ પડી ગઇ છે-સ્વભાવજ

થઇ ગયો છે. આપણે એ વિચારોને કદિ આચારમાં મૂકતાજ નથી. વાતો મોટી મોટી કરીએ છીએ, પણ કામ જરા પણ કરી શકતા નથી ! આનું શું કારણ છે ? આ બધી અસ્વસ્થતા થવાનું કારણ માત્ર શારીરિક નબળાઈજ છે. દુર્બળ ખાલી મગજ કંઇ પણ કરી શકે તેમ નથી. આપણે તેને મજબૂત બનાવવો જોઇએ. પહેલાં આપણા યુવકોને બળવાન બનાવવા જોઇએ. ધર્મ પાછળથી આવશે. **મારા જુવાન મિત્રો ! તનથી, મનથી અને આત્માથી બળવાન થાઓ.** મારી તમને એજ શિખામણ છે. **દુર્બળ અને નિર્વીર્ય શરીરવડે ગીતાનો અભ્યાસ કરવા કરતાં તો ફુટબોલની રમતથી તમે સ્વર્ગની વિશેષ નજીક જઈ શકશો.** આ ઘણા સાહસભરેલા શબ્દો છે, પણ હું તમને હૃદયથી ચાહું છું તો તે મારે કહેવાજ જોઇએ. જોડો કયાં ખૂંચે છે અને દુઃખકારક થઇ પડે છે તે હું જાણું છું; મેં કંઇક અનુભવ લીધો છે; અને તે ઉપરથી પણ હું એજ વાત કહું છું કે **તમારૂં શરીર મજબૂત હશે તોજ તમે ગીતાને સારી રીતે સમજી શકશો.** તમારા શરીરની માંસપેશીઓ મજબૂત અને બળવાન હશે તોજ ગીતાનાં તત્ત્વો તમારા મગજમાં ઠરી શકશે. **તમારા શરીરનું લોહી તાજું, મજબૂત અને વધારે તેજસ્વી હશે તોજ કૃષ્ણ ભગવાનનું અતુલ બલ અને તેમની પ્રબળ પ્રતિભા તમે વધારે સારી રીતે સમજી શકશો.** જ્યારે તમારૂં શરીર તમારા પોતાના પગપર દૃઢતાથી ઉભું રહી શકશે અને જ્યારે તમે તમને પોતાને બરાબર ઓળખી શકશો ત્યારેજ આત્માનો મહિમા અને ઉપનિષદનું જ્ઞાન સારી રીતે તમારા સમજવામાં આવશે. આ પ્રમાણે વેદાન્તના સિદ્ધાંતોને આપણાં વ્યવહારિક કાર્યોમાં લગાડવા જોઇએ—આપણા જીવનવ્યવહારમાં તેમનો ઉપયોગ કરવો જોઇએ.

લોકો ઘણી વખત અદ્વૈતવાદપરનાં મારાં ભાષણો સાંભળીને કંટાળી જાય છે. અદ્વૈતવાદ, દ્વૈતવાદ કે બીજા કોઇ પણ વાદનો આ દુનિયામાં પ્રચાર કરવાનો મારો હેતુ નથી. જે ખાસ વાદની આપણને હાલ જરૂર છે તે આપણા આત્માની પ્રબળ શક્તિ, તેનું અનન્ત બળ, તેની શાશ્વત પવિત્રતા અને તેની પરિપૂર્ણતાનો પૂરેપૂરો વિચાર કરી, તે વિચારને ખાસ આચારમાં મૂકવાની છે. જો મને એકાદ બાળક હોત તો જન્મથીજ હું તેને કહેવાનો આરંભ કરત કેઃ–**त्वमसि निरंजनः** તું નિરંજન એટલે કે વિકારરહિત–પરમપવિત્ર છે.

આપણા પુરાણગ્રંથોમાંનું રાણી મદાલસાનું સુંદર ઉપાખ્યાન તમે વાંચ્યું હશે. એ જ્ઞાનવતી રાણીને જ્યારે સંતાન પ્રાપ્ત થતું ત્યારે તે પોતાને હાથેજ બાળકને પારણામાં મૂકી તેને ઝુલાવતી ઝુલાવતી વેદાન્તનું કેવું મધુર હાલરડું ગાઇ સંભળાવતી હતી કે,*–**॥शुद्धोऽसि बुद्धोऽसि निरंजनोऽसि, संसारमायापरिवर्जितोऽसि** । અર્થાત્

---

* રાણી છતાં પણ પોતાનાં બાળકોને ક્યાં આમ સ્વહસ્તે ઝુલાવવાં તથા જન્મભર માટે પરમ હિતાવહ થઇ પડે એવી ભાવનાઓથી ભરપૂર હાલરડાં ગાવાં; અને ક્યાં હાલનાં સુધરેલાં ટચાક શેઠ–શેઠાણીઓ તથા રાજા–રાણીઓની હલકટ દાસ–દાસીઓને બાળકો ઝુલાવવા, ધવરાવવા, રમાડવા અને ફરવા લઇ જવા માટે સોંપી દેવાની મહામૂર્ખતાભરી નીતિ! કુળમાં હલકી અને બિભત્સ ભાવનાઓ, સંસ્કારો, શબ્દો તથા પરિણામે તેવાજ આચારો વિના તે બાળકોને બીજું શું મળે? મંદવાડમાં અને મરવા સમયે એજ બાળકો એવાજ નોકરો પાસે પાણી ટોવરાવી તેઠુંજ ટચાકપણું ભજવી બતાવે છે ત્યારે પછી ગાળો ને શાપ આપી ભલે તેમને નરકમાં મોકલે ને તેમના પહેલાં તેમને માટે જગ્યા તૈયાર કરવા સારૂ તે માબાપ પોતે પણ ત્યાંજ સિધાવી જાય (!) પણ એથી કાંઈ બગાડેલું સુધરવું નથી.

મંત્રી–સ. સા.

તું પરમ પવિત્ર છે. તું પાપરહિત, કલંકરહિત, બલવાન આત્મા છે, તું મહાન આત્મા છે. આ ઉપાખ્યાનમાં—આ સુંદર દૃષ્ટાંતમાં ઘણો અર્થ સમાયેલો છે; તેમાં મહાન સત્ય રહેલું છે. 'તમે મહાન છો' એવી ભાવના કરો તો તમે જરૂર મહાન થશો. મેં આખા જગતમાં પ્રવાસ કરીને શું અનુભવ મેળવ્યો ? એ એક પ્રશ્ન છે. પાશ્ચાત્ય લોકો 'અમે પાપી છીએ' એવું બોલ્યા કરે છે ખરા, પણ જો બધા યુરોપવાસી મનથી પણ એવું સમજતા હોય કે તેઓ ખરેખર પાપીજ છે, તો પછી આપણા દેશના હાલના અંત્યજવર્ગ કરતાં તેઓ જરા પણ સારા થઇ શકે નહિ. ઇશ્વરની કૃપાથી માત્ર તેઓ મ્હોડેથીજ કહે છે કે 'અમે પાપી છીએ' પણ હૃદયથી તો તેઓ એ વાત જરાએ માનતા નથી. હૃદયથી તો તેઓ એમજ માને છે કે દુનિયાના તે સરદાર છે. હૃદયથી તો તે માને છે કે તે પોતે મહાન છે, આ જગતમાં જે કંઇ ધારે તે કરી શકે છે, અને પોતાની ઇચ્છા હોય તો તે સૂર્યલોકમાં તથા ચન્દ્રલોકમાં પણ જઇ શકે છે. તેના હૃદયમાં દૃઢ વિશ્વાસ છે કે તે પોતે ઇચ્છાનુસાર કાર્ય કરી શકે છે. એ આત્મવિશ્વાસ, એ દૃઢ સંકલ્પ, એ પોતાની અચલ માન્યતાને લીધેજ તેઓ (જગતના પદાર્થો અને વિદ્યાઓની બાબતમાં) ખરેખરા મહાન થયા છે. જો તેઓ પોતાના ધર્મગુરૂ પાદરીના વચનમાં શ્રદ્ધા રાખીને દૃઢ વિશ્વાસથી એવુંજ માનતા હોત કે તેઓ તુચ્છ અને પાપી છે, અને અનન્તકાળ-સુધી ભયંકર નરકાગ્નિમાં દગ્ધ થવું પડશે, તો આજે આપણે તેમને જોઇએ છીએ એવા મહાન તેઓ કદિ થઇ શકત નહિ. એવીજ રીતે દરેક પ્રજાના હૃદયમાં જે દિવ્ય શક્તિ, જે ઇશ્વરી સામર્થ્ય રહેલું છે, તે કદિ પણ દૂર થતું નથી. તે પોતેજ તેના સ્વતઃપ્રમાણરૂપ બને છે. ભલે ગમે તેટલા પાદરી કે પુરોહિતો અને ગમે તેટલા વહેમો આત્મશક્તિના તેમના ભાનને ભૂલાવવાના યત્ન કરે,

પરંતુ તેમનો એ આત્મવિશ્વાસ દૂર નથી થયો; અને એથીજ તે પ્રજાઓ વિજયી, બલવાન તથા સફલમનોરથ બની શકી છે. આપણે ગમે તેવા મહાન ગ્રંથો ધરાવવા છતાં અને મહર્ષિઓ તથા આર્યોના સંતાન હોવા છતાં આપણે એ આત્મવિશ્વાસ ગુમાવ્યો છે, આપણી આત્મશ્રદ્ધા ઉડી ગઇ છે. તમે મારી વાત ખરી માનો છો? તમને મારાં વચનોમાં વિશ્વાસ છે? તો હું તમને કહું છું તે સાંભળો. આપણે ઇંગ્રેજ પુરૂષો અને સ્ત્રીઓ કરતાં ઘણોજ ઓછો આત્મવિશ્વાસ રાખીએ છીએ, તેમના આત્મવિશ્વાસના પ્રમાણમાં એક હજારમો હિસ્સો પણ આપણામાં આત્મવિશ્વાસ નથી. આ સ્પષ્ટ શબ્દો છે. આ સાચી વાત છે. એ મારે તમને કહેવીજ જોઇએ, કારણ કે સત્ય કહીને તમારી આંખો ઉઘાડયા સિવાય બીજો ઉપાયજ નથી. શું તમે જોઈ શકતા નથી કે ઇંગ્રેજ પુરૂષો અને સ્ત્રીઓ પણ જ્યારે આપણા ધર્મનું તત્ત્વ અને તેના ઉચ્ચ આદર્શ કંઇક અંશે પણ જાણી શકે છે—જ્યારે તેનો મહિમા થોડો ઘણો પણ તેમના ધ્યાનમાં ઉતરે છે—કે તુરતજ તેઓ તેની પાછળ ગાંડાં બની જાય છે; તે એટલે સુધી કે તેઓ રાજકર્તી પ્રજા હોવા છતાં, આપણા ઉપર અધિકાર ચલાવવા માટે સર્જાયા હોવા છતાં પણ, અનેક કષ્ટ વેઠીને, તેમના પોતાના સ્વદેશી ભાઇઓની હાંસી—મસ્કરી સહન કરીને પણ આપણા ધર્મનો પ્રચાર કરવા સારૂ અને આપણા પોતાના ધર્મનું મહત્વ આપણને સમજાવવા સારૂ આ દૂરના હિન્દુસ્તાન સુધી આવે છે! તમારામાંના કેટલા માણસો એમ કરી શકે તેમ છે? ધર્મપ્રચારને માટે તમે શું કરો છો? તમે શા માટે કંઇ નથી કરી શકતા? શું તમે તે નથી જાણતા તેથી નથી કરી શકતા? ના એમ કંઈજ નથી. તેઓના કરતાં તમારા પોતાના ધર્મ સંબંધી તમને વધારે સારૂં જ્ઞાન છે; એથીજ તમે તેમના જેટલું કરી શકતા નથી! તમારા માટે જેટલા જ્ઞાન અને ડહાપણની

જરૂર છે તેના કરતાં તમે વધારે જ્ઞાની અને ડાહ્યા છો, એથીજ મુશ્કેલી ઉભી થઈ છે ! આ બધી આપત્તિ, મુસ્કેલી અને અધોગતિનું કારણ એજ છે કે તમારૂં લોહી બગડીને પાણી જેવું થઇ ગયું છે. તમારો મગજ બલહીન અને અસ્થિર બની ગયો છે. તમારાં શરીર નિર્માલ્ય અને નબળાં થઇ ગયાં છે. તમારે એવાં જીર્ણ–શીર્ણ શરીરોને બદલવાં જોઇએ. તેજસ્વી, બલવાન, કાર્યપરાયણ નવાં શરીરો ધારણ કરો. શારીરિક નબળાઇ તે શાપ છે, મહા પાપ છે, પડતીનું અતિ અગત્યનું કારણ છે. આજે સો સો વર્ષ થયાં સુધારાની, ઉંચા આદર્શોની, તીવ્ર કર્ત્તવ્યની, સમાજ અને ધર્મના ઉદ્ધારની અને એવી અનેક સારી સારી વાતો મ્હોંડેથી બકો છો, પણ જ્યારે એ વાતોને કામમાં લગાડવાનો વખત આવે છે, જ્યારે એ બધા ઉંચા વિચારોનો વ્યવહાર અને આચારમાં ઉપયોગ કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે તો તમારો બિલ્કુલ પત્તોજ મળતો નથી ! ક્રમે ક્રમે સમગ્ર જગત તમારા કામકાજથી કંટાળી ગયું અને સુધારાનું નામ પણ વગોવાઇને આખી દુનિયામાં ઉપહાસને પાત્ર ઠર્યું, તેનું શું કારણ છે ? શું તમે તે નથી જાણતા ? તમે કેમ નહિ જાણો ! તમે તો મહા જ્ઞાની છો ! ભાઇ એ સઘળાં અનિષ્ટનું મૂળ તમારી પોતાની નબળાઇ છે. એ બધાં દુઃખોનું કારણ એજ છે કે તમે નિર્બળ છો, નિર્બળ છો, નિર્બળ છો. તમારૂં શરીર નિર્બળ છે, તમારૂં મન નિર્બળ છે, તમારૂં હૃદય દુર્બળ છે, તમને તમારા પોતાનો વિશ્વાસ નથી અને આત્મવિશ્વાસનું અમૂલ્ય ધન તમે ગુમાવી બેઠા છો. મારા બંધુઓ ! સૈકાં ઉપર સૈકાં વીતી ગયાં. જ્ઞાતિભેદો, રાજાઓ અને વિદેશીઓના બરાબર એક હજાર વર્ષના કચરી નાખનારા જુલ્મથી અને તમારા પોતાના માણસોના અત્યાચારથી તમારી બધી શક્તિ હરાઇ ગઇ છે. તમારૂં બધું બળ હણાઇ ગયું છે. બન્ધુઓ ! એ વિચ્છેદ અને અત્યાચારથી તમારા બર-

ડાનું હાડકું તૂટી ગયું છે, અને પગ નીચે કચડાતા કીડા જેવા તમે ભગ્નદેહ બની ગયા છો. બધું બળ ગુમાવી બેઠા છો અને પરમ દુઃખી બની રહ્યા છો. એ દુઃખ–દર્દને દૂર કરનારી દવા 'શરીર બળ' છે. તમને તે બળનીજ મુખ્ય જરૂર છે. પણ આ વખતે તમને બળ કોણ આપશે ? તપાસો, વિચાર કરો. એટલું તો ચોક્કસ છે કે આ વખતે આપણને મોટામાં મોટી જરૂર તો બળની છે; માટે તનબળ, મનોબળ, આત્મબળ એ બધાં બળનો સંચય કરો.

હું તમને દૃઢતાથી કહું છું કે બળ પ્રાપ્ત કરવાનો પહેલો ઉપાય એજ છે કે આપણાં ઉપનિષદમાં આપણે દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ. આપણે દૃઢ નિશ્ચયથી સમજવું જોઇએ કે "હું અમર આત્મા છું, તલવારની તીવ્ર ધાર મને છેદી શકે તેમ નથી, હથીયાર મને ભેદી શકે તેમ નથી, અગ્નિ મને બાળી શકે તેમ નથી, અને વાયુ મને સૂકાવી શકે તેમ નથી; કેમકે હું સર્વ શક્તિમાન સર્વજ્ઞ આત્મા છું." આ ઉત્તેજક, આશાપ્રદ, ઉદ્ધાર કરનારાં વિરલ વાક્યોનું સર્વદા ઉચ્ચારણ કરતા રહો. અમે નિર્બળ છીએ, તુચ્છ છીએ, એવું કદિ કહેતા નહિ. જે કંઈ ધારીએ તે દરેક કામ અમારાથી થઇ શકે તેમ છે, અમે શું નથી કરી શકતા ? નિશ્ચય દરેક અમારાથી થઇ શકે તેમ છે; કેમકે આપણી સર્વની પાસે પ્રબળ શક્તિવાન અને મહિમાવાન આત્મા છે. એ આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ રાખો; ઋષિકુમાર નચિકેતાના જેવો પ્રબલ આત્મવિશ્વાસ રાખો. તેના પિતા યજ્ઞ કરતા હતા તે સમયે પ્રબલ આત્મવિશ્વાસે નચિકેતાના હૃદયમાં પ્રવેશ કર્યો. હું ઇચ્છું છું કે તમારામાં દરેકના હૃદયમાં એવો દૃઢ આત્મવિશ્વાસ જાગૃત થાઓ. તમારામાંનો દરેક રાક્ષસી બળ પ્રાપ્ત કરીને, વીરમદથી ઉન્મત થઇને પ્રબલ બુદ્ધિબળથી આંગળીને ઇસારે આ જગત ચલાવનારો નિવડો. અનંત બળવાન ઇશ્વરતુલ્ય મહાપુરૂષ તમે થાઓ; અને સર્વ પ્રકારની

દુર્બળતાને દૂર હઠાવીને દુનિયામાં ભારતીય આત્મજ્ઞાનના ડંકા વગડાવો. હું તમને સઘળાને એવાજ પ્રતાપી, બલવાન અને પરાક્રમી બનેલા જોવા ઇચ્છું છું. ઉપનિષદમાંથી તમે એવુંજ બળ મેળવી શકશો. *બધી શક્તિ અને બધાં સામર્થ્યોનો તેઓ એક અખૂટ ભંડાર છે. એજ ઉપનિષદમાંથી ઉપર જણાવ્યો તેવો આત્મવિશ્વાસ તમે પ્રાપ્ત કરી શકશો. સર્વ સામર્થ્ય ઉપનિષદમાં ભર્યું છે.

ભાઇઓ ! પણ લોકો એમજ માને છે કે એ તો માત્ર સંન્યાસીઓને માટેજ છે ! સંસાર ત્યાગ કર્યા વિના અને વનવાસ લીધા વિના ઉપનિષદને અડકાયજ નહિ ! પરંતુ શંકરાચાર્ય મહાન દયાળુ હતા; તેમણે કહ્યું છે કે,–"ગૃહસ્થાશ્રમી પણ ઉપનિષદનું અધ્યયન કરી શકે છે; ઉપનિષદનો અભ્યાસ તેમને પણ લાભકારક થશે અને એથી તેમનું કંઇ અનિષ્ટ થવાનું નથી." શંકરાચાર્યે આમ કહ્યું છે છતાં પણ લોકોમાં હજી એવાજ વિચારો જામી રહ્યા છે કે ઉપનિષદમાં માત્ર સંન્યાસીઓની, ત્યાગી પુરૂષોની, વનવાસી જીવનનીજ વાતો છે. મેં આગળ એક વખત કહ્યું હતું તે પ્રમાણે આપણા વેદોની ટીકા–તેની ખરેખરી પ્રમાણરૂપ ટીકા–આજ સુધીમાં માત્ર એકજ વખત થયેલી

---

*સર્વ મુખ્ય મુખ્ય ઉપનિષદો દૂરથી વંચાય તેવા મોટા અક્ષરે અને સીધા, સાદા તથા ખેંચતાણ કે લંબાણ વિનાના અર્થ સાથે પ્રસિદ્ધ કરવા લાંબા સમયથી વિચાર છે; પણ પંડિતાઈનાં પૂંછડાં ઘુસાડી કઠિનાઇમાં કાર્યગૌરવ માનનારાં ભાષાંતર કર્તાઓને બદલે ચકલાંની પેઠે ચાવી તૈયાર કરીને બાળ (નવા અભ્યાસી) જીવોને પચી જાય તેવું સાદું ભાષાંતર તૈયાર કરી શકનાર કોઇ યોગ્ય વિદ્વાન હજુ સુધી સહજે નહિ નિકળી આવવાથી તથા તે ખાતે પ્રયાસથી શોધ કરવા અવકાશ નહિ મળવાથી તે કાર્ય હજી થઇ આવ્યું નથી. ઈશ્વર હવે તેવી અનુકૂળતા સત્વર આપે એજ પ્રાર્થના. **મંત્રી–સ. સા.**

છે. વેદોના સ્વયં પ્રકાશક ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ વેદોની બરાબરની યથાર્થ ટીકાસ્વરૂપ અમૃતવાહિની શ્રીમતી ભગવદ્‌ગીતા કરી છે, તેની ઉપર બીજી કોઇ ટીકા કે ટીપ્પણ ચાલી શકે તેમ નથી. એ ગીતાના ઉપદેશમાં દરેક મનુષ્યને વેદાન્તનું યથાર્થ જ્ઞાન બોધવામાં આવ્યું છે. તમે ગમે તે કાર્ય કરતા હો પણ વેદાન્તનું જ્ઞાન તમારે માટે પરમ આવશ્યક છે. વેદાન્તનાં એ સઘળાં મહાન તત્ત્વો અને મહાન સત્યો વનમાં અથવા ગિરિગુહાઓમાં ભરાઇ રહેવાને માટે સર્જાયાં નથી, પણ ન્યાયમંદિરમાં, રાજમંદિરમાં, ધર્મસભામાં, ભજનમંદિરમાં, ગરીબની ઝુંપડીમાં, મચ્છીમારના ઘરમાં અને વિદ્યાર્થીના અભ્યાસગૃહમાં–સર્વત્ર વેદાન્તના સિદ્ધાંતોની ચર્ચા થવી જોઇએ; અને વ્યવહારમાં તેને ઉપયોગી બનાવવા જોઇએ. પ્રત્યેક નર–નારી, પ્રત્યેક બાલક–બાલિકા ગમે તે કાર્ય કરતાં હોય, ગમે તેવી તેમની સ્થિતિ હોય, ગમે તેવો તેનો ઉદ્યોગ–ધંધો હોય અને ગમે ત્યાં તેઓ રહેતાં હોય; ત્યાં સર્વત્ર વેદાન્તનો પ્રભાવ જમાવી દેવાની ખાસ જરૂર છે. એ વિષયમાં ભય રાખવાનું કંઇ પણ કારણ નથી. ઉપનિષદના આદર્શોને મચ્છીમાર અને એવાજ હલકા લોકો કેવી રીતે પોતાના કાર્યમાં ઉપયોગી કરી શકશે, તેના વિશાળ માર્ગો બતાવવામાં આવ્યા છે. એ માર્ગો પણ અનંત છે. ધર્મ અતિ વિશાળ અને અનંત છે; કોઇ તેના ઉપર પગ મૂકીને ચાલી શકે તેમ નથી. તમે જે કંઇ હૃદયપૂર્વક કરો છો તે તમારે માટે ઉત્તમ અને લાભકારક છે. એક **નાનામાં નાનું કાર્ય પણ જો હૃદયપૂર્વક યથાર્થ રીતે કરવામાં આવે તો તેનું અદ્‌ભુત ફળ પ્રાપ્ત થાય છે;** માટે જેનાથી જેટલું બને તેટલું દરેક મનુષ્યે કરવું જોઇએ. જો મચ્છીમાર પણ પોતાને આત્મારૂપે ઓળખી શકશે તો તે એક સારો મચ્છીમાર થઇ શકશે. જો એક વિદ્યાર્થી વિચારી શકશે કે તે

પોતેજ આત્મા છે, તો તે એક સારો વિદ્યાર્થી બની શકશે. જો કોઇ ધારાશાસ્ત્રી કે વકીલ સમજશે કે તે આત્મા છે, તો તે એક સારો વકીલ થઇ શકશે. એવીજ રીતે બધાનું સમજી લેવું. આનું પરિણામ એ આવશે કે જ્ઞાતિસંસ્થાઓની વ્યવસ્થા સદાને માટે જળવાઇ રહેશે. જનસમાજનો એ સ્વભાવજ છે કે નાનાં નાનાં મંડળમાં વહેંચાઇ જવું. ત્યારે માત્ર જતું શું રહેશે? માત્ર માની લીધેલા અયોગ્ય હક્ક અને અધિકારોજ. જ્ઞાતિસંસ્થા એ એક પ્રાકૃતિક નિયમ છે. સામાજિક જીવનમાં હું એક પ્રકારનું કર્તવ્ય કરી શકું છું અને તમે બીજા પ્રકારનું કરી શકો છો; તમે દેશ ઉપર રાજ્ય ચલાવી શકો છો, અને હું જુના જોડા સીવવાનુંજ કામ કરી શકું છું; પરંતુ એ કારણથી કંઇ તમે મારા કરતાં મોટા થઇ શકો તેમ નથી. શું તમે જોડા સીવવાનું મારૂં કામ કરી શકો તેમ છો? ત્યારે શું મારાથી તમારી પેઠે રાજ્ય ચલાવી શકાય તેમ છે? હું જોડા સીવવામાં કાર્યદક્ષ છું, તમે વેદોના પાઠમાં દક્ષ છો; એથી કંઇ તમે અમારા માથાપર પગ દઇને ચાલી શકો તેમ નથી; એથી કંઇ તમે ખૂન કરો તોપણ તમારી પ્રશંસા કરવામાં આવે અને અમે જો એક શેબફળની ચોરી કરીએ તો તેને માટે અમને ફાંસીને લાકડે લટકાવવામાં આવે, એવું બની શકે તેમ નથી. એવો કલ્પિત અધિકારજ માત્ર એથી ટળી જશે. આપણા જીવનનું રહસ્ય બરાબર સમજવાનો અને તેનો સંકેત પાર ઉતારવાનો એજ એક માત્ર સ્વાભાવિક ઉપાય છે. લોકો પોતાનાં જુદા જુદાં મંડળ જરૂર સ્થાપશે; અને પોતપોતાની અનુકૂળતા પ્રમાણે તેમના જુદા જુદા જથ્થા બંધાઇ જશે. તેમને અટકાવવાનો અથવા દૂર કરવાનો તમારી પાસે કંઇજ ઉપાય નથી; તમે જ્યાં જ્યાં જશો, ત્યાં ત્યાં કોઇ નહિ ને કોઇ રૂપે, જાતિવિભાગ તો કાયમજ જણાશે! પણ જાતિવિભાગ છે, એમ કહેવાથી કંઇ તેનો એવો અર્થ નથી થતો કે

અયોગ્ય કલ્પિત હક્ક પણ કાયમજ રાખવા ! ના, તેમનો તો મૂળમાંથીજ ઉચ્છેદ કરવો પડશે. જો તમે મચ્છીમારને બરાબર વેદાંતસિદ્ધાંતોનું શિક્ષણ આપશો તો, તે કહેશે કે—“ તમે જેવા મનુષ્ય છો, તેવોજ હું પણ મનુષ્ય છું; હું એક મચ્છીમાર છું અને તમે એક ફિલસુફ છો; જેવા તમારામાં છે, તેવાજ—એના એજ ઇશ્વર મારામાં પણ છે. ” આ પ્રમાણે અધિકારની સમાનતા જાગૃત થશે. આપણને એની પણ ખાસ જરૂર છે. કોઇ પણ વર્ણને, જાતિને, કે મનુષ્યને ખાસ અધિકાર શા માટે હોવો જોઇએ ? ઇશ્વરની દૃષ્ટિએ, મનુષ્યની દૃષ્ટિએ તેમજ આત્માની દૃષ્ટિએ બધાનો અધિકાર સમાનજ છે. બધાને એકસરખાજ સંયોગો મળશે; પ્રત્યેક મનુષ્યને પોતાની ઉન્નતિ કરવાની એકસરખીજ સગવડ મળશે.

દરેક મનુષ્યને એવું શિક્ષણ આપો કે પરમાત્માની દિવ્ય શક્તિ તેમના અંતરમાંજ છે; એથી પ્રત્યેક મનુષ્ય પોતાના મોક્ષનો માર્ગ પોતેજ મેળવી લેશે. એ વિકાસનું પ્રથમ પગલું સ્વતંત્રતા છે. જો તમારામાંનો કોઇ મનુષ્ય સાહસપૂર્વક કહે કે—“ હું અમુક સ્ત્રી અથવા બાળકને મુક્તિ અપાવી શકીશ ” તો તે કથન ખોટું છે; એક હજારવાર ખોટું છે. મને વારંવાર પૂછવામાં આવે છે કે વિધવાના પ્રશ્નસંબંધી તેમજ સમગ્ર નારીજાતિની ઉન્નતિ કરવાના ઉપાયોસંબંધી તમારા શું વિચાર છે ? હું એ બધા પ્રશ્નોનો અહીં છેલ્લો ઉત્તર આપું છું કે, ભાઇઓ, હું શું એક વિધવા છું કે મને તમે આવો અર્થવગરનો પ્રશ્ન પૂછો છો ? શું હું એક સ્ત્રી છું કે સ્ત્રીજાતિની ઉન્નતિ વિશેનો પ્રશ્ન વારંવાર મને પૂછો છો ? સ્ત્રીજાતિના સવાલોનો નિવેડો લાવનારા તમે કોણ ? પ્રત્યેક વિધવા અને પ્રત્યેક નારીના વ્યવહાર ઉપર અધિકાર ભોગવવા નીકળેલા તમે શું તેમના ભાગ્યવિધાતા ભગવાન છો ? તમારા હાથ દૂર રાખો. પોતાના સવાલોનો

ખુલાસો તેઓ પોતેજ કરી લેશે. કેવી આફત, ઓ સ્વેચ્છાચારી જુલ્મીઓ ! તમે શું એમ ધારો છો કે સર્વને માટે તમે સઘળું કરી શકો તેમ છો ? જાઓ દૂર થાઓ, ઇશ્વરની મહાશક્તિ—જગન્નિયંતાની પ્રબળ ઇચ્છા સર્વની સંભાળ લે છે. પોતાને સર્વજ્ઞ માની લેનારા તમે કોણ ? તમારી શી તાકાત ? ઓ નાસ્તિક પુરૂષો ! મીયાંની સામે મીંદડી બાંધનારા તમે, ઇશ્વરના ઉપર પણ તમારો અધિકાર છે એવું કયા સાહસથી વિચારી શકો છો ? પ્રત્યેક આત્મા ઇશ્વરનોજ આત્મા છે; પરમાત્મસ્વરૂપજ છે, એ શું તમે નથી જાણતા ? તમારૂં પોતાનું કર્મ સંભાળો. કર્મોનો એક ભારી બોજો તમારા માથાપર લટકે છે તેને પ્રથમ પાર ઉતારો, પછીજ કાજી બનીને આખા ગામની ચિન્તા કરવા જાઓ. પગ નીચે બળે છે અને લંકા ઓલવવા ન દોડો ! બીજાના કામમાં માથું ન મારો. તમારાં એવાં દોઢ ચતુરાઇનાં કાર્યો-માટે પ્રજા ભલે તમને ઝાડની ટોચ ઉપર ચડાવે, તમારી સમાજ અથવા જ્ઞાતિ ભલે તમને તાળીયોથી વધાવીને આકાશ ગજાવી દે અને અક્કલવિહોણા બબુચકો ભલે તમારાં વખાણનાં બણગાં ફુંકયા કરે; પણ સકળ જગતને ચલાવનારો ઇશ્વર કંઇ ઉંઘી ગયો નથી ! તે જરૂર તમને પકડશે અને આ લોકમાં અથવા પરલોકમાં તમારા કર્મનો બદલો—તમારા સાહસની શિક્ષા—તે તમને બરાબર આપશે; અવશ્ય આપશે; તેના મજબૂત હાથમાંથી તમે છૂટી શકનાર નથી !

પ્રત્યેક પુરૂષ અને પ્રત્યેક નારીને તેમજ પ્રત્યેક મનુષ્ય અને પ્રાણીને ઇશ્વરરૂપે જુઓ. તમે કોઇનો ઉદ્ધાર કરી શકો તેમ નથી. તમે કોઇને સહાય કરી શકો તેમ નથી. તમે માત્ર સેવાજ કરી શકો તેમ છો. **પરમાત્માનાં પ્રિય સંતાનોની—એ સંતાન રૂપે સ્વયં પરમાત્માની-તમારા સૌભાગ્યમાં સર્જ્યું હોય તો સ્નેહથી સેવા કરો.** પરમાત્માના અનુગ્રહવડે તમે તેના કોઇ પણ સંતાનની

જો સારી રીતે સેવા કરી શકશો તો તમારૂં જીવન સફળ થશે અને તે પરમાત્માનો આશીર્વાદ મળશે કે જેમની પ્રબળ ઇચ્છાવડેજ આ જગતનો સઘળો વ્યવહાર ચાલે છે. તમારા પોતાને માટે બહુ મોટા મોટા વિચારો રાખો નહિ. છે તેના કરતાં તમારી પોતાની અધિક કિમ્મત સમજો નહિ. સેવા કરવાનો એ અધિકાર બીજા કોઇને ન મળ્યો અને તમને મળ્યો તેને માટે તમને પોતાને ભાગ્યશાળી સમજો. એ સેવા પ્રભુની પૂજા સમજીને કરો. હું ગરીબ દુઃખી લોકોમાં ઇશ્વરને જોઇ શકું, અને તેમની પાસે જઇ પ્રભુની પૂજારૂપે **જે કંઇ સેવા કરૂં તે મારા પોતાનાજ મોક્ષને માટે છે;** એ મારા પોતાનાજ લાભનું કામ છે; એથી હું કોઇનાપર ઉપકાર નથી કરતો કે કોઇનો ઉદ્ધાર કરતો નથી; **ઉલટાં ગરીબ અને દુઃખી મનુષ્યોજ આપણા પોતાના ઉદ્ધારના સાધનરૂપ છે.** આપણે રોગી, દુઃખી, ગાંડા, કોઢીયા અથવા પાપીનું રૂપ ધારીને પધારેલા પ્રભુની—એ બધા દુઃખી લોકોની સેવાદ્વારા—ખુદ પ્રભુનીજ આપણે પૂજા કરીએ છીએ. બીજાના ઉપર અધિકાર ચલાવીને તમે તેમનું કલ્યાણ કરી શકો છો એવી ખોટી ધારણા છોડી દો. તમે એક રોપાના સંબંધમાં જેટલું કરી શકો છો તેટલુંજ મનુષ્યના સંબંધમાં તમારાથી થઇ શકે તેમ છે. જેવી રીતે અંકુર પામતા બીજને તેના સંપૂર્ણ વિકાસને માટે જે જે સાહિત્યોની જરૂર છે તે પૂરાં પાડવાથી, અર્થાત્ જળ, મૃત્તિકા, વાયુ વગેરે તેની જરૂરની ચીજો પૂરી પાડવાથી એ બીજમાં રહેલું વૃક્ષ પોતાની પ્રકૃતિ અને નિયમાનુસાર વિકાસ પામીને પોતાની જરૂર જેટલી ચીજો ગ્રહણ કરીને કુદરતી રીતેજ વધવા લાગે છે; એવીજ રીતે તમે માનવરૂપી રોપાઓની સેવા કરી તેમને સાધનો પૂરાં પાડી બીજાનું કલ્યાણ કરી શકો છો; તેમને જે કંઇ જોઇએ તે પોતાની મેળેજ તેઓ લેશે; પોષણ પામીને કુદરતી રીતેજ તેઓ પોતાની પ્રકૃ-

તિનુસાર વધવા લાગશે. **તેમની સેવા એજ તમારી ખરી પ્રભુપૂજા છે.**

જગતમાં જ્ઞાનનો પ્રકાશ પાથરો. પ્રકાશ તમારામાં લાવો અને બીજાઓમાં પાથરો. પ્રત્યેક મનુષ્યને પ્રકાશ આપો. એ જ્ઞાનપ્રકાશ પૂરૂં પાડવાનું કાર્ય જ્યાંસુધી તેઓ બધા પ્રભુને પ્રાપ્ત નથી કરી શક્યા ત્યાં સુધી પરિપૂર્ણ નથી થયું એમજ સમજવું. **દીન–દરિદ્ર લોકોની પાસે પ્રકાશ લાવો અને ધનવાન લોકોની પાસે એથી પણ વિશેષ પ્રકાશ લાવો. ગરીબ કરતાં ધનવાનને જ્ઞાનના પ્રકાશની વિશેષ જરૂર છે; કારણ કે તેમના હૃદયમાં વિશેષ અંધકાર હોય છે અશિક્ષિત અજ્ઞાન મનુષ્યોને જ્ઞાનરૂપી પ્રકાશનાં લ્હાણાં આપો અને સુશિક્ષિત વિદ્વાન ગણાતા મનુષ્યોને માટે એથી પણ વિશેષ પ્રકાશ આપો; કારણ કે આજકાલના ભણેલા લોકોમાં વિદ્યા અને જ્ઞાનનું મિથ્યાભિમાન બહુ ભયંકરરૂપ ધારણ કરી બેઠું છે. આ પ્રમાણે જગતના સર્વ મનુષ્યોની સમીપ પ્રકાશ પહોંચાડો એટલે બાકીનું કામ પ્રભુ પોતેજ કરી લેશે.** સ્વયં પ્રભુ કહી ગયા છે કે—

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन

અર્થાત્ તમારો અધિકાર માત્ર કર્મ કરવામાંજ સમાયેલો છે, તેનાં ફળ ઉપર તમારો અધિકાર નથી. તમે એવી રીતે કર્મ નહિ કરતા કે જેથી તેનાં ફળ તમારેજ ભોગવવાં પડે. તેમ છતાં કર્મત્યાગ કરીને તમે કદિ પણ કર્મહીન સ્થિતિમાં રહેશો નહિ.

જે પરમાત્માએ અનેક યુગપૂર્વે આપણા પૂજ્ય પૂર્વજોને આવા ભવ્ય અને મહાન વિચારો શીખવ્યા છે, તેઓજ તેમના પોતાના આદેશને આપણા કાર્યમાં, આપણા જીવનમાં અને આપણા વ્યવહારના

ઉપયોગમાં લાવીને તેમનું યથાર્થ પાલન કરવાનું બળ આપો અને તેમના પોતાના શુભ કાર્યમાં તેમની પરમ શક્તિ આપણી સહાયક થાઓ. ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ

સમાપ્ત

ઉત્તમ દાન માટેની એક ખાસ તક.

સ્વામી વિવેકાનંદ અને તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસના આદર્શ તથા બોધને અનુસરીને લોકસેવા અર્થે અનેક સુશિક્ષિત મનુષ્યોએ સંન્યાસ ધારણ કર્યો હતો. તેમના એ શિષ્યોએ હરદ્વાર, કાશી, મદ્રાસ, વંદ્રાવન, કલકત્તા ૪૦ સ્થળોએ દુઃખી તથા રોગી મનુષ્યોની સેવા માટે ગુરૂદેવ રામકૃષ્ણ પરમહંસના નામથી સેવાશ્રમો ખોલેલાં છે. આમાંના હરદ્વારવાળા આશ્રમવિષે આ લખનારને કેટલોક જાતિ પરિચય છે. લોહી પરૂથી ભરેલા ગરીબ રોગી મનુષ્યોના હાથ પગ જરા પણ અચકાયા વિના પોતાને હાથે ધોતા શિક્ષિત સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓને આ લખનારે ત્યાં જોએલા છે. એ સેવાશ્રમના સ્થાપક અને અધિષ્ઠાતા સ્વામી શ્રી કલ્યાણાનંદજી એક સારા ડૉક્ટર પણ છે. ૧૯૬૦ ના વર્ષમાં આ લખનારે તેમને હરદ્વાર પાસેના કનખલ સ્થાનમાં બે ત્રણ ઘાસનાં ઝુપડાંમાં રહીને રોગીઓને દવા તથા માંદા સાધુઓને દવા સાથે પથ્ય ખોરાક પૂરો પાડતા જોયા હતા. એ પછી જનસમાજ તરફથી સહાય મળતી ગઇ તેમ તેમ કાર્ય તથા સ્થળમાં વૃદ્ધિ થતી ચાલી, અને ગયા ૧૯૭૧ ના વર્ષમાં આ લખનારનું તે તરફ જવું થતાં એ આશ્રમમાં દવાખાના-માટે, સેવકવર્ગને રહેવા માટે, તથા માંદા ત્યાગી સાધુઓને રહેવા માટે વિશાળ જમીન તથા પચ્ચીસેક હજારનાં પાકાં મકાનો બંધાયલાં જણાયાં હતાં. આ સેવાશ્રમનો હજારો રૂપીઆનો વાર્ષિક ખર્ચ છે. આ ખર્ચનો આધાર દરદીઓ પાસેથી કાંઇ પણ ફી ન લેતાં માત્ર બહારથી જે કાંઇ સહાય મળે તે ઉપરજ રહેતો આવ્યો છે.

આ સેવાશ્રમમાં ગરીબ સ્થિતિના અતિપીડિત ગૃહસ્થાશ્રમીઓને તેમજ યાત્રાળુ ગૃહસ્થોને રહેવાની સગવડ પણ આપી શકાય તેટલા

માટે સ્વામી કલ્યાણાનંદજી એ સ્થળમાં ચાર પાકા ઓરડા બંધાવવા ઇચ્છે છે. આ દરેક ઓરડા પાછળ રૂ. ૧૨૫૦નો ખર્ચ થશે. આમાંના બે ઓરડા બંધાવનાર સખી ગૃહસ્થો મળી ચૂક્યા છે, અને બેને માટે મળવાની જરૂર છે. ઓરડા બંધાવનારના નામની તેમાં તખ્તી ચોડવાની યોજના રાખી છે.

પ્રત્યેક ઉદાર હૃદયી વાચકબંધુનું ઉપલી બાબત તરફ ખાસ લક્ષ્ય ખેંચી જણાવવાનું કે આવાં આશ્રમોને ખાસ સહાયપાત્ર સમજીને જે કાંઇ બને તે સહાય વખતોવખત તેમજ સારા માઠા પ્રસંગે મોકલતા રહેવી જોઇએ.

"હાથે તે સાથે" નો મહિમા સમજીને નાશવંત લક્ષ્મીનો રોગી અને ગરીબ લોકોની સેવામાં સદુપયોગ કરી સ્થાયી પુણ્યની પ્રાપ્તિ કરવા ઇચ્છનાર ઉદારાત્માઓ માટે ઓરડાઓ બંધાવી આપવાની ઉપર જણાવેલી તક અમૂલ્ય ગણાવી જોઇએ.

વાચકોની વિશેષ માહિતીને માટે ઉપલા આશ્રમના થોડા માસ-ઉપર અંગ્રેજીમાં પ્રસિદ્ધ થએલા ઇ. સ. ૧૯૧૫ ના રિપોર્ટનો સારાંશ નીચે આપવામાં આવે છે.

રામકૃષ્ણ સેવાશ્રમના વાર્ષિક રિપોર્ટનો સારાંશ.

આ સેવાશ્રમના ઇ. સ. ૧૯૧૫ ના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એ વર્ષમાં તે તરફના ગરીબ લોકોએ તેમજ બહારના યાત્રાળુઓએ મળીને ૧૩૫૨૨ મનુષ્યોએ આશ્રમની સેવાનો લાભ ઉઠાવ્યો હતો. જેમાં સ્ત્રીઓની સંખ્યા લગભગ સાડાત્રણ હજાર જેટલી હતી. આગલા વર્ષના આંકડા સાથે સરખાવતાં આ આંકડાઓ દર્દીઓની સંખ્યામાં દોઢો વધારો થએલો દર્શાવે છે. અશક્તિ અથવા નિર્ધનતાને લીધે આશ્રમમાંજ રહીને દવા, ખોરાક તથા સર્વ પ્રકારની સારવાર મેળવ-નારા દર્દીઓની ૩૦૯ ની સંખ્યા પણ આગલા વર્ષ કરતાં તેટલોજ વધારો બતાવે છે.

મદદ મેળવનારાઓમાં હિંદુ ૧૧૨૮૯, મુસલમાન ૧૦૫૮, ખ્રીસ્તી ૨, ચમાર ૯૫૫, કુંજરો ૯ અને ઝાડુ કહાડનારા ભંગીઓ ૨૦૯ હતા. હિંદુઓમાંના લગભગ ૪૩ ટકા ઉંચ વર્ણના હતા.

યાત્રાળુ દર્દીઓ તરીકે બ્રીટીશ હિંદ તેમજ દેશી રાજ્યોના દરેક ભાગના લોકોએ આશ્રય મેળવ્યો હતો; અને આશ્રમ તરફથી તેઓની કાળજીપૂર્વક સારવાર કરવામાં આવી હતી.

એ વર્ષમાં હરદ્વાર ખાતે કુંભનો મોટો મેળો હોઇને તેમાં લાખો યાત્રાળુઓ ભેગા થએલા હોવાથી આશ્રમના કાર્યકર્તાઓ ઉપર કામનું દબાણ ઘણું પડ્યું હતું. આ દબાણને પહોંચી વળવા માટે કામ કરનારાઓને જુદું જુદું કામ સોંપવામાં આવ્યું હતું.

કુંભ મેળા વખતે જાત્રાળુઓને મદદ કરવા માટે ડા૦ જમીંદ્રનાથ, એક કંપાઉંડર, એક પાટાપીંડી કરનાર તથા કેટલીક નર્સોનું એક ખાતું સ્થાપવામાં આવ્યું હતું; અને તેઓને હસ્તક એક કાયમની હોસ્પીટલ સોંપવામાં આવી હતી, જેમાં કૉલેરા સિવાયના બધા દર્દીઓની સારવાર કરવામાં આવી હતી.

કૉલેરાના દર્દીઓની સારવાર માટે એક અલાહેદું ખાતું રાખવામાં આવ્યું હતું. મેળા દરમીઆન આ ખાતામાં ૨૮ કૉલેરાના કેસોની સારવાર કરવામાં આવી હતી.

આ ખાતા તરફથી ગરીબ લોકો માટે એક રાત્રિશાળા ચલાવવામાં આવે છે. તે શાળાના વિદ્યાર્થિઓની સંખ્યા એ વર્ષમાં ૪૦ ની હતી. સરકારી ડે૦ ઇન્સ્પેક્ટરે આ શાળાની મુલાકાત લઇને તેને માટે સારો અભિપ્રાય આપ્યો હતો. **મંત્રી સ. સા.**

વિગતે રિપોર્ટ મંગાવવા માટે તેમજ પત્રવ્યવહાર માટે આ આશ્રમનું શિરનામું નીચે પ્રમાણેઃ—

રામકૃષ્ણ સેવાશ્રમ, મુ. કનખલ–હરદ્વાર.

માત્ર અરધા કલાકમાં ત્રણ તીજોરી તુટી!

એક મહીના ઉપર દેવલાલીની લશ્કરી છાવણીની ઑફીસની ત્રણ તીજોરીની ચાવી ખોવાઈ જવાથી ગોદરેજના કારીગરે ત્રણે તીજોરી અરધા કલાકમાં તોડી તે ઉપરથી સઘળી તીજોરીઓ રદ કરી તેની જગ્યાએ ગોદરેજની ખરીદવામાં આવી છે.

તીજોરીઓનું જોડકામ ફક્ત રેવીટ યા સ્ક્રુથી કરવામાં આવે તો આવી રીતે તીજોરીઓ તોડી શકાય. હાલની સુધરેલી રીત મુજબ અગત્યનું જોડકામ લોખંડને વિજળીથી તાવીને કરવામાં આવે છે, અને આવું કામ આખા હિંદુસ્તાનમાં ફક્ત ગોદરેજના કારખાનામાંજ થાય છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.

શાખા—રીચીરોડ, ફુવારા સામે—અમદાવાદ.

પહેલું પગથીયું.

હે ભાવી સુધારકો ! હે ભાવી સ્વદેશભક્તો ! હૃદયવાન થાઓ. ખરી લાગણી ને ખરી દાઝ રાખતાં શીખો. માતૃભૂમિના ચરણમાં હૃદયનો શુદ્ધ પ્રેમ સમર્પણ કરો. તમને લાગણી થાય છે? પૂજ્ય દેવતાઓ અને પ્રાચીન ઋષિઓનાં કરોડો સંતાનો આજે પશુ જેવાં બની રહ્યાં છે, અને પશુ જેવું હીન જીવન ભોગવી રહ્યાં છે, તે જોઇને તમારા હૃદયમાં લાગણી થાય છે? માતૃભૂમિનાં કરોડો પ્રિય સંતાનો આજે ભૂખે મરે છે, અને કરોડો કંઇક જમાના થયાં ભૂખે મરતાં આવ્યાં છે, એ જોઇને તમારૂં દિલ દાઝે છે? કાળાં વાદળાંના જેવો જે ગાઢ અજ્ઞાનાંધકાર આ દેશપર ફરી વળ્યો છે તે જોઇને તમારા દિલમાં કંઇ લાગણી થાય છે? એ દયાજનક દેખાવ તમને અસ્થિર બનાવે છે? એ વિચારથી નિદ્રાનો ત્યાગ કરીને તમે કદિ પણ જાગૃત થયા છો? એ વિચાર તમારા લોહીની સાથે મળીને તમારી નસ અને નાડીઓમાં વહેવા લાગ્યો છે? તમારા હૃદયના ધબકારામાં કોઈ વખત દેશની ખરી લાગણીનો થડકાટ થયો છે? એ વિચારે તમને કદિ પણ ગાંડા બનાવી દીધા છે? દુર્દશાના વિચારે તમારા હૃદયમાં ઘર કરીને કદિપણ તમારૂં બીજું બધું ભૂલાવી દીધું છે? એ વિચારમાં મસ્ત થઇને તમારાં નામ, કામ, ધામ, સ્ત્રી, પુત્ર, માલ, મીલ્કત અને છેવટે તમારાં શરીર અને જગતનું ભાન પણ કદિ તમે ભુલી ગયા છો? તમને કદિ પણ એવો અનુભવ થયો છે? સ્વદેશભક્ત થવાનું એ તો પહેલુંજ પગથીયું છે, માત્ર પહેલ વહેલુંજ છે. "આ ગ્રંથમાંથીજ"